મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત

ષોડશ ગ્રંથ

(શ્રીમદ્ વલ્લભાચાર્ય રચિત)

પૂજ્યપાદ ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી કૃત
વ્રજભાષા ટીકાનો ગુર્જર અનુવાદ

પ્રકાશક :

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

પ્રકાશક :
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ
કંસારા બજાર, માંડવી–કચ્છ.
ફોન : ૦૨૮૩૪–૨૩૧૪૬૩

email : gosharad@rediffmail.com
web : www.pushtimarg.net

પ્રથમ આવૃત્તિ : સને ૨૦૦૭, પ્રત ૧૦૦૦
સુધારેલ આવૃત્તિ : સને ૨૦૧૫, પ્રત ૧૦૦૦

મુદ્રક
પૂર્વી પ્રેસ પ્રા. લી., રાજકોટ.

:: અનુક્રમણિકા ::

૧.	શ્રીયમુનાષ્ટકમ્	૧
૨.	બાલબોધ	૧૭
૩.	સિદ્ધાંતમુક્તાવલી	૩૭
૪.	પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ	૫૯
૫.	સિદ્ધાંત રહસ્યમ્	૮૭
૬.	નવરત્નમ્	૧૦૧
૭.	અંતઃકરણપ્રબોધ	૧૧૬
૮.	વિવેકધૈર્યાશ્રય	૧૩૧
૯.	શ્રીકૃષ્ણાશ્રય	૧૫૬
૧૦.	ચતુઃશ્લોકી	૧૭૧
૧૧.	ભક્તિવર્ધિની	૧૭૭
૧૨.	જલભેદ	૧૯૦
૧૩.	પંચપદ્યાનિ	૨૧૫
૧૪.	સંન્યાસનિર્ણય	૨૨૫
૧૫.	નિરોધલક્ષણમ્	૨૫૫
૧૬.	સેવાફલમ્	૨૮૦

ષોડશગ્રંથ – સોળ કલગીના રૂપી ચંદ્રકો

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીને ‘શ્રીસર્વોત્તમસ્તોત્ર’માં શ્રીભાગવત-પીયૂષસમુદ્રમથનક્ષમઃ કહ્યા છે.

શ્રીમદ્ ભાગવત વસ્તુતઃ ભક્તિરસનો છલકાતો સાગર છે. અનેક પ્રકારના રસભાવોને પ્રકટ કરતી, ભગવાનની વિવિધ લીલાઓ રૂપી જે લહેરીઓ તેમાં ઊછળે છે, તેવી લહરીઓ બીજા કોઈપણ ભક્તિશાસ્રમાં સહજ-સુલભ નથી. તેથી જ કહેવામાં આવ્યું છે કે ‘‘પિબત ભાગવતં રસમ્ આલયમ્’’ ભાગવતની રસલહરીઓમાં હિલોરા લેતા ભક્તોને સંસારસાગરના સામા કિનારે-મુક્તિના કિનારે પહોંચવું અતિ તુચ્છ લાગે છે. તો આ બાજુ સંસારના કિનારે ચોંટી રહેવાની ય ઈચ્છા નથી.

આવા ભાગવત-રસામૃત-સાગરનું મંથન કરીને શ્રીમહાપ્રભુજીએ સોળ કલા-નિધિ ચંદ્રને પ્રકટ કર્યો. તેનું નામ ‘‘ષોડશગ્રંથ’’

આ સોળ નાના-નાના ગ્રંથો શ્રીમહાપ્રભુજીએ પોતાના અંતરંગ સેવકોને, પોતાના તરફથી અંગત વિશ્વાસ અને આશ્વાસન આપવા માટે કયારેક ઉપદેશાત્મક શૈલીમાં તો કયારેક આદેશાત્મક શૈલીમાં રચ્યા છે.

આ જે જે ક્રમમાં આ ગ્રંથો આપણને પ્રાપ્ત છે, તે ક્રમ શ્રીમહાપ્રભુજીએ નક્કી કરેલો છે કે કેમ, તે આપણે નિશ્ચિત રૂપે કહી શકતા નથી. શ્રીમહાપ્રભુજીના પછીના સમયમાં આ ક્રમ ક્યારે નિર્ધારિત થયો તે કહેવું પણ મુશ્કેલ છે. ક્રમસંગતિ બાબતમાં ષોડશગ્રંથના વ્યાખ્યાકારોમાં જે થોડોઘણો પણ મતભેદ જોવા મળે છે, તે પરથી સમજાય છે કે આ ક્રમ સર્વમાન્ય ન હતો.

શ્રીપુરુષોત્તમજી ‘‘ષોડશ પ્રકરણ ગ્રંથોની સંગતિ : (જુઓ પુષ્ટિસુધા માસિક : શ્રીવલ્લભાબ્દ : ૪૩૬ - કારતક/માગશર) માં નીચે પ્રમાણે ક્રમસંગતિ સમજાવે છે.

‘‘શાસ્રોને સારી રીતે સમજીને મન, વાણી અને દેહથી શ્રીકૃષ્ણની સેવા કરવાનો સિદ્ધાંત શ્રીજગન્નાથપુરીના પ્રસિદ્ધ શાસ્ત્રાર્થમાં નક્કી થયો. તેને

અનુસરીને બધાં શાસ્ત્રોના પરમ તાત્પર્ય – વિષય રૂપે ભગવત્ સેવાના ઉપદેશ માટે સર્વ પ્રથમ –

(૧) 'યમુનાષ્ટક' ના સ્તોત્રપાઠથી બધાં પાપોને ક્ષય થાય છે અને ભગવાન મુકુંદમાં સ્નેહરૂપા ભક્તિ દઢ થાય છે, તે બતાવવામાં આવ્યું.

(૨) 'બાલબોધ' માં સંક્ષેપમાં બધાં મોક્ષશાસ્ત્રોનો નિચોડ આપવામાં આવ્યો.

(૩) 'સિદ્ધાંતમુક્તાવલી'માં કૃષ્ણસેવા જ આપણું કર્તવ્ય છે, એ સૈદ્ધાંતિક નિર્ણય રજૂ થયો.

(૪) 'નવરત્ન'માં આંતર–સેવાના અંગભૂત પદાર્થોની શુદ્ધિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૫) 'અંતઃકરણપ્રબોધ'માં આ આંતરિક શુદ્ધિ અથવા ચિત્તના સ્વાસ્થ્યનું નિરૂપણ છે.

(૬) 'વિવેકધૈર્યાશ્રય'માં બાહ્ય અને આંતર સેવાની સંપૂર્ણ સિદ્ધિ માટે વિવેક, ધૈર્ય અને આશ્રયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૭) 'કૃષ્ણાશ્રય'માં વિવેક, ધૈર્ય અને આશ્રય પૈકી આશ્રયને સ્થિર કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

(૮) 'ચતુઃશ્લોકી' માં ઉપર રહેલી સર્વ બાબતો અતિ સંક્ષેપમાં બતાવી છે.

(૯) 'પુષ્ટિપ્રવાહમર્યાદા' માં પુષ્ટિજીવ અને મર્યાદા જીવનાં સ્વરૂપ સાધન અને ફળનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૦) 'ભક્તિવર્ધિની'માં પુષ્ટિભક્તિની વૃદ્ધિ માટે ત્યાગ, સેવા, શ્રવણ વગેરે અંગોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૧૧) 'જલભેદ' માં ભક્તિવર્ધક અંગ એવા શ્રવણની સિદ્ધિ માટે વક્તાનું આદર્શ સ્વરૂપ સમજાવ્યું છે.

(૧૨) 'પંચપદ્યાનિ' માં ભક્તિ શ્રોતાનું આદર્શ સ્વરૂપ સમજાવ્યું છે.

(૧૩) 'સંન્યાસનિર્ણય'માં વ્રજભક્તોની ભાવનાનું અનુસરણ કરતાં, ભક્તિવર્ધિનીમાં પ્રતિપાદિત ત્યાગનું સ્વરૂપ બતાવ્યું છે.

(૧૪) 'નિરોધલક્ષણ'માં આ વ્રજભક્તોની ભાવનાનું અનુસરણ કરતાં, ભક્તિવર્ધિનીમાં પ્રતિપાદિત ત્યાગનું સ્વરૂપ બતાવ્યું છે.

(૧૫) 'સિદ્ધાન્તરહસ્ય' માં બ્રહ્મસંબંધની આજ્ઞા અને

(૧૬) 'સેવાફલ'માં સેવાનાં ત્રણ ફળનું નિરૂપણ છે.

આ ક્રમસંગતિ ઉપરાંત, ક્રમસંગતિનો એક બીજો પ્રકાર પણ જોવા મળે છે :

(૧) 'યમુનાષ્ટક' દ્વારા સ્વરૂપયોગ્યતાવાળા અધિકારીઓને માટે સ્વકીયતા અથવા પુષ્ટિમાર્ગીયતાના સંપાદનનો પ્રયાસ છે.

(૨) 'બાલબોધ'માં આવા સ્વરૂપયોગ્યતાવાળા અધિકારીઓને માટે સ્વકીયતા અથવા પુષ્ટિમાર્ગીયતાના સંપાદનનો પ્રયાસ છે.

(૩) 'સિદ્ધાન્તમુક્તાવલી' માં આવા સ્વકીયોને પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૪) 'પુષ્ટિપ્રવાહમર્યાદા'માં પુષ્ટિમાર્ગીય સૃષ્ટિનું તેનું સ્વરૂપ, સાધન, પ્રયોજન, ફળ વગેરેનો પરિચય કરાવવામાં આવ્યો છે.

(૫) 'સિદ્ધાંતરહસ્ય'માં પુષ્ટિભક્તને તેના કર્તવ્ય ભગવત્‌સેવાના અનુષ્ઠાનનો પ્રકાર સમજાવવામાં આવ્યો છે.

(૬) 'નવરત્ન' દ્વારા ભગવત્સેવામાં પ્રવૃત્ત જીવનને નિશ્ચિત બનાવવાનો પ્રયાસ છે. જીવ તો ભગવાનની સેવા કરે છે, પરંતુ ભગવાનજ તેની સેવા તથા સેવકના રૂપમાં ભક્તનો પોતે અંગીકાર કરે છે કે નહિ, તેની વ્યર્થ ચિંતા ન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

(૭) 'અંતઃકરણપ્રબોધ'માં અંતરાત્માને સંબોધીને ઉપદેશ આપવામાં આવ્યો છે.

(૮) 'વિવેકધૈર્યાશ્રય'માં અંતર આત્માપ્રબોધનના અંગરૂપે વિવેક-ધૈર્ય

અને આશ્રયનું નિરૂપણ છે.

(૯) 'કૃષ્ણાશ્રય'માં વિવેક અથવા ધૈર્ય સિદ્ધ ન થાય તો પણ આશ્રયનો કદાપિ ત્યાગ ન કરો તેમ સમજાવ્યું છે.

(૧૦) 'ચતુઃશ્લોકી' માં કૃષ્ણાશ્રય માટે અન્ય કોઈ કર્તવ્ય ન હોવાથી ભ્રમણા દૂર કરવામાં આવી છે.

(૧૧) 'ભક્તિવર્ધિની'માં ભક્તિની વૃદ્ધિના ઉપાયની સાથે ત્યાગ શ્રવણાદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

(૧૨) 'જલભેદ' અને

(૧૩) 'પંચપદ્યાનિ' માં શ્રવણ યોગ્ય વક્તા અને શ્રોતાની પરીક્ષા બતાવવામાં આવી છે.

(૧૪) 'સંન્યાસનિર્ણય'માં એ બતાવ્યું કે ભક્તિવર્ધિનીમાં ત્યાગનું જે વિધાન કરવામાં આવ્યું તેના માટે યોગ્ય સમય કયો હોય ?

(૧૫) 'નિરોધલક્ષણ' માં તે ત્યાગનાં સાધનોનું સ્વરૂપ બતાવવામાં આવ્યું.

(૧૬) 'સેવાફલ' માં આપણે પુષ્ટિમાર્ગ પર ચાલનારાઓને થનારી ફળની અનુભૂતિનું વર્ણન કરવામાં આવ્યું.

આમ, શ્રીપુરુષોત્તમજી વિરચિત ષોડશ ગ્રંથોની ક્રમ સંગતિના બંને પ્રકાર આપણે જોયા.

આ ક્રમસંગતિ ઉપરાંત આ સોળ ગ્રંથનો વિષય વસ્તુની સંગતિ શ્રીભાગવતના બાર સ્કંધોના અર્થ સાથે કરવામાં આવી છે. તે આપણે જોઈએ.

આ સોળ ગ્રંથોમાં નિરૂપાયેલ વિષયવસ્તુની સંગતિ શ્રીભાગવતના સ્કંધાર્થ સાથે પણ છે. શ્રીમહાપ્રભુજીએ ભાગવતના બાર સ્કંધના વિશિષ્ટ સ્કંધાર્થ સમજાવ્યા છે. તે સ્કંધાર્થ સાથે આ ષોડશગ્રંથની સંગતિ વધતા-ઓછા પ્રમાણમાં જોવા મળે છે. વ્યાકરણમાં તત્સમ અને તદ્‌ભવ શબ્દો હોય છે. મૂળ સંસ્કૃત શબદ ગુજરાતીમાં પણ વપરાય ત્યારે તેને 'તત્સમ' શબ્દ કહેવાય,

દા.ત. પૃથ્વી, પુષ્પ, વન. મૂળ સંસ્કૃત શબ્દ કુંભકાર-ગુજરાતી તદ્ભવ શબ્દ કુંભાર. તેવી રીતે શ્રીમદ્ભાગવતના સ્કંધાર્થ સાથે 'ષોડશગ્રંથ' પૈકી કેટલીક તત્સ્થાનીય હોવાથી આપાતતઃ સંબંધ ધરાવે છે. જેમ કે-

ભાગવત	વિષય	ષોડશગ્રંથ
૧. સ્કંધ-અધિકાર	શ્રોતા-વક્તાનું સ્વરૂપ	પંચપદ્યાનિ,જલભેદ
૨. સ્કંધ-અંગનિર્ણય	તત્ત્વજ્ઞાન, હૃત્પ્રસાદ,મનન	યમુનાષ્ટક
૩. સ્કંધ-સર્ગલીલા	બંધસૃષ્ટિ અને મુક્તસૃષ્ટિ	પુષ્ટિપ્રવાહમર્યાદા
૪. સ્કંધ-વિસર્ગલીલા	ધર્મ, અર્થ, કામ, મોક્ષ	બાલબોધ
૫. સ્કંધ-સ્થાનલીલા	દેશકાલરૂપ પ્રાકૃત પદાર્થ જય તથા આત્મજય	અંતઃકરણપ્રબોધ
૬. સ્કંધ-પોષણલીલા	નામ-ધ્યાન-અર્ચનાદિ દ્વારા અનુગ્રહની અભિવ્યક્તિ	સિદ્ધાંતમુક્તાવલી ભક્તિવર્ધિની
૭. સ્કંધ-ઊતિલીલા	કર્મવાસના	વિવેકધૈર્યાશ્રય
૮. સ્કંધ-મન્વતન્તરલીલા	સદ્ધર્મનિરૂપણ	ચતુઃશ્લોકી
૯. સ્કંધ-ઈશાનુકથાલીલા	ભક્તિ(દુઃખનિવારણ તથાસુખપ્રાપ્તિ)	નવરત્ન, સિદ્ધાંત-રહસ્ય
૧૦. સ્કંધ-નિરોધલીલા	પ્રપંચવિસ્મૃતિપૂર્વક દેહન્દ્રિય-સર્વનો પ્રભુમાં નિરોધ	નિરોધલક્ષણ
૧૧. સ્કંધ-મુક્તિલીલા	મોક્ષસ્વરૂપ (અન્યથા સ્વરૂપસ્થિતિ)	સંન્યાસનિર્ણય
૧૨. સ્કંધ-આશ્રયલીલા	આશ્રય ભગવદ્-ભાવાપત્તિ	કૃષ્ણાશ્રય સેવાફલ

દ્વાદશ ગોવર્ધનધરના નામાત્મક અંગરૂપ શ્રીભાગવતના બાર સ્કંધોને પુષ્ટિમાર્ગીય સંદર્ભમાં સમજવા માટે ષોડશગ્રંથ વસ્તુતઃ કેટલા બધા ઉપયોગી છે!

શ્રીભાગવતાર્થ નિબંધ અને શ્રીસુબોધિનીમાં અન્ય વિષયો સાથે સાકાર બ્રહ્મવાદ અને નિર્ગુણ ભક્તિમાર્ગનું પ્રતિપાદન શ્રીમહાપ્રભુએ વ્યાખ્યાન શૈલીમાં કર્યું છે. તે સાકાર બ્રહ્મવાદ તથા નિર્ગુણ ભક્તિમાર્ગને આપે ષોડશગ્રંથોમાં પોતાના સેવકોને પૂર્ણરૂપે, ક્યારેક ઉપદેશ શૈલીમાં તો ક્યારેક આદેશ શૈલીમાં સમજાવ્યા છે. ષોડશગ્રંથની રચના વખતે શ્રીમહાપ્રભુજી સમક્ષ કોઈ પૂર્વપક્ષી કે ટીકા કરવા માટે કોઈ ગ્રંથ ન હતાં. આપની સન્મુખ હતા આપના અનુયાયી જેઓ સાકાર બ્રહ્મવાદની દાર્શનિક માન્યતાની કોઈને કોઈક સૈદ્ધાન્તિક બાબત પરત્વે શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય જાણવા માટે જિજ્ઞાસુ હતા. જાણે આ સેવકો પુષ્ટિભક્તિના માર્ગ પર ચાલતાં, અચાનક કોઈ વળાંક અથવા ચાર રસ્તે આવી પહોંચ્યા છે કે હવે કઈ દિશા બતાવવા પૂછી રહ્યા છે. તેથી શ્રીમહાપ્રભુજી પોતાના સેવકોને પોતાનો અભિપ્રાય, પોતાનાં નિજ પ્રમાણો અને આશ્વાસન સાથે, આ ષોડશગ્રંથોમાં સમજાવી રહ્યા છે !

ષોડશગ્રંથ પૈકીના લગભગ બધા ગ્રંથોમાં - ''વદતિ વલ્લભઃ શ્રીહરેઃ'' (શ્રીયમુનાષ્ટક) 'વદામિ સુવિનિશ્ચિતમ્' (બાલબોધ), 'સ્વસિદ્ધાંત વિનિશ્ચિતમ્' (સિદ્ધાંત મુક્તાવલી), 'સ્વશાસ્ત્ર સર્વસ્વમ્' (સિદ્ધાંત મુક્તાવલી), 'સાક્ષાદ્ ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે'' (સિદ્ધાંતરહસ્ય) ''ઈત્યેવ મે મતિઃ'' (નવરત્ન), 'ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ' (અંતઃકરણ પ્રબોધ), 'ઈતિ મે મતિઃ' (ચતુઃશ્લોકી), 'ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્' (સંન્યાસનિર્ણય) 'અહં નિરુદ્ધો રોધેન નિરોધં વર્ણયામિ તે' (નિરોધલક્ષણ), 'ગુણક્ષોભેપિ દ્રષ્ટવ્યમેતદેવેતિ મે મતિઃ' (સેવાફલ) = આશ્વાસન પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી પોતાના કોઈને કોઈ અનુયાયીને આશ્વાસન આપવા માંગે છે કે મારો આ નિર્ણય છે, મારો આમાર્ગનિર્દેશ છે. હવે તમારે વધારે વિચાર કે સંશય કરવાની જરૂર નથી. તમારા હૃદયમાં સિદ્ધાંતને દઢ કરી, તેની વૃદ્ધિ કરો અને પુષ્ટિભક્તિના પ્રશસ્ત માર્ગ પર આગળ વધો.

ચોર્યાસી વૈષ્ણવની વાર્તા અને તેના ઉપરના ભાવ પ્રકાશમાં સોળ પૈકી

લગભગ દસેક ગ્રંથોનો પ્રથમ ઉપદેશ કર્યાનો ઈતિહાસ પ્રાપ્ત થાય છે. કેમ કે, 'બાલબોધ' ગ્રંથ નારાયણદાસ અંબાલાવાળાને શીખવ્યો. (જુઓ ભાવપ્રકાશઃ વાર્તા ૫૭) 'સિદ્ધાંતમુક્તાવલી' ગ્રંથ અચ્યુતદાસ સનોઢિયાને શીખવાડયો. (જુઓ ભાવ પ્રકાશ : વાર્તા ૫૪) 'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથ સર્વ પ્રથમ દામોદરદાસ હરસાનીને સંભળાવ્યો. (જુઓ ભાવપ્રકાશ : વાર્તા ૩૪) 'ચતુઃશ્લોકી' ગ્રંથ રાણાવ્યાસને શીખવ્યો. (જુઓ ભાવપ્રકાશઃ વાર્તા ૩૦) 'સંન્યાસનિર્ણય' ગ્રંથ નરહરિ સંન્યાસી માટે રચ્યો. (જુઓ ભાવ પ્રકાશઃ વાર્તા ૭૨) 'નિરોધલક્ષણ' ગ્રંથ રાજા દૂબે માટે લખ્યો. (જુઓ ભાવપ્રકાશઃ વાર્તા ૩૫) 'સેવાફલ' ગ્રંથ વિષ્ણુદાસ છીપા માટે રચ્યો (જુઓ ભાવપ્રકાશ : વાર્તા ૫૦).

શ્રીસર્વોત્તમસ્તોત્ર માં ભક્ત્યાચારોપદેશાર્થ નાનાવાક્યનિરૂપકઃ ની વ્યાખ્યામાં શ્રીગોકુલનાથજી કહે છે : **એવં પૂર્વોક્તપ્રકારેણ ભક્તપરાયણત્વં નિરૂપ્ય, સ્વરૂપ્રકટિત ભક્તિમાર્ગીયાચારજ્ઞાપકમગ્રિમં નાનાહુર્ભક્ત્યા-ચારોપદનાશાર્થ નાનાવાકયનિરૂપકઃ ઈતિ ભક્તિમાર્ગીયો ય આચારઃ આચરણં તદુપદેશાર્થ નાનાવિધાનિ યાનિ વાકયાનિ નવરત્ન ભક્તિવર્ધિન્યાદિની તેષાં નિરૂપકઃ તદર્થવિબોધકઃ ઈત્યર્થઃ'**

અર્થાત્ શ્રીમહાપ્રભુજીએ ભક્તપરાયણ થઈને, પુષ્ટિભક્તિનાં આચરણોનાં ઉપદેશ 'નવરત્ન' ભક્તિવર્ધિની' આદિ જુદા જુદા ગ્રંથોમાં કર્યો છે. આ સમયે આપની સમક્ષ આપના અનુયાયી છે, જેઓ આપનો ઉપદેશ, આપનો આદેશ સાંભળવાની પ્રતીક્ષા કરી રહ્યા છે. તેથી શ્રીમહાપ્રભુજી લગભગ સર્વત્ર 'ઈતિ મે મતિઃ', સ્વસિદ્ધાંતવિનિશ્ચયમ્' 'વલ્લભસ્ય હિતં વચઃ' કહે છે.

મજાની વાત તો એ છે કે આપનાં આ વચનો સંદહેનાશક છે. છતાં આ વચનોએ અનેક વિદ્વાનોને અનેક પ્રકારનાં સંદેહમાં નાખી દીધા છે. જ્યારે શ્રીમહાપ્રભુજીની માન્યતાઓમાં પરિવર્તન આવતું ગયું છે. ષોડશ ગ્રંથમાં પ્રતિપાદિત સિદ્ધાંતો આપે આપના જીવનના ઉત્તરાર્ધમાં સ્થાપિત કર્યા હતા. બીજા વિદ્વાનોની ધારણા છે કે જુદા જુદા પ્રકારના અધિકારવાળા જીવોને

લક્ષમાં રાખીને શ્રીમહાપ્રભુજીએ ભિન્ન સિદ્ધાંતો કહ્યા હતા.

વાસ્તવમાં આવી બધી ધારણાઓ શ્રીમહાપ્રભુજીના ગ્રંથો અને સિદ્ધાંતોના અપૂર્ણ અભ્યાસ - ચિંતના પર આધારિત છે. તેથી હવે આપણે શ્રીમહાપ્રભુજી વિરચિત સાહિત્યની રૂપરેખા સૌ પ્રથમ જોઈશું.

શ્રીમહાપ્રભુવિરચિતસાહિત્ય

- (૧). તત્ત્વાર્થદીપ નિબન્ધ
- (૨). ભાષ્ય
- (૩). ભાગવત વ્યાખ્યા
- (૪). પ્રકરણ ગ્રન્થ
- (૫). પ્રકીર્ણ ગ્રન્થ

(૧). તત્ત્વાર્થદીપનિબન્ધ

- શાસ્ત્રાર્થપ્રકરણ
- સર્વનિર્ણયપ્રકરણ
- ભાગવતાર્થપ્રકરણ

(૨). ભાષ્ય

- પૂર્વમીમાંસાભાષ્ય
  - ક). કારિકાત્મક
  - ખ). ગદ્યાત્મક
- બ્રહ્મસૂત્રભાષ્ય
  - ક). કારિકાત્મક
  - ખ). ગદ્યાત્મક
- ગાયત્રીભાષ્ય

(૩). ભાગવત વ્યાખ્યા

- સૂક્ષ્મટીકા
- સુબોધિની

(૪). પ્રકરણગ્રન્થ

- યમુનાષ્ટકઆદિ ષોડશગ્રન્થ
- શિક્ષાશ્લોકી તથા પંચશ્લોકી

(૫). પ્રકીર્ણગ્રન્થ

- ભક્ત્યંગ
  - નામપાઠાર્થ પુરુષોત્તમ-સહસ્રનામ, ત્રિવિધ-નામાવલી તથા કૃષ્ણપ્રેમામૃત
  - રૂપવર્ણનાર્થ સ્તુત્યર્થ પરિવૃઢાષ્ટક, મધુરાષ્ટક ગિરિરાજધાર્યાષ્ટક, શ્રીકૃષ્ણાષ્ટક, ગોપીજનવલ્લભાષ્ટક આદિ
  - લીલાચિન્તનાર્થ દશમસ્કન્ધાનુક્રમણિકા
- વાદાંગ
  - પત્રાવલમ્બન

આ વિશાળ સાહિત્યના વર્ગીકરણ પરથી એક વાત તો સ્પષ્ટ સમજાય છે કે તેમની રચનામાં પુનરુક્તિ નથી જ. શૈલીગત ભેદ અને વિવેચ્ય વિષયવસ્તુનો ભેદ છે જ. એક વ્યાપક સિદ્ધાંતના ચોકઠામાં આ બધું સાહિત્ય જાણે મઢાયેલું ન હોય !

શ્રીમહાપ્રભુજીના દાર્શનિક સિદ્ધાંતનો પાયો સાકાર-બ્રહ્મવાદનો સિદ્ધાંત છે. શ્રીમહાપ્રભુજીના મતે ‘બ્રહ્મવાદ’નું તાત્પર્ય એ છે કે જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રક્રિયા કેવળ બ્રહ્મ પરજ આધારિત છે. પ્રકૃતિ, પરમાણુ, માયા, અદૃષ્ટ, કર્મવાસના, અભાવ, કાળ, કર્મ કે સ્વભાવ જેવાં બ્રહ્મથી ભિન્ન કોઈપણ તત્ત્વ પર તે પ્રક્રિયા આધારિત નથી. શ્રીમહાપ્રભુજીના વ્યાપક બ્રહ્મવાદી દૃષ્ટિકોણમાં પ્રકૃતિ, પરમાણુ, માયા, અદૃષ્ટ આદિ વિભિન્ન દર્શનોએ માન્ય કરેલ તત્ત્વો પદાર્થોની સમષ્ટિ છે. બ્રહ્મ સર્વ પદાર્થરૂપ હોવા છતાં આ બધાં દર્શનશાસ્ત્રો અંધહસ્તી ન્યાયથી બ્રહ્મ દ્વારા પ્રકટેલાં આ વિભિન્ન રૂપોને સ્વતંત્ર પદાર્થ માને છે.

તેથી શ્રીમહાપ્રભુજીના બ્રહ્મવાદી દર્શનમાં સાંખ્યમતની પ્રકૃતિમાં બ્રહ્મના સદ્રૂપના રૂપે સ્થાન છે. ન્યાયમતના પરમાણુઓનું પણ સૂક્ષ્મ સદંશના રૂપે સ્થાન છે. શાંકરમતની માયાનું સ્થાન બ્રહ્મના સર્વભવન સામર્થ્યની અંતર્ગત એક સામર્થ્યના રૂપે છે. ન્યાયવૈશિષિકોના આ ભાવોનું સ્થાન બ્રહ્મની આવિર્ભાવ તિરોભાવ શક્તિમાં છે. કાલ અથવા સ્વભાવ જેવા પદાર્થોને પણ બ્રહ્મનાં અન્યતમ રૂપો તરીકે માન્ય કર્યાં છે. શ્રીમહાપ્રભુજી ‘સર્વ ખલુ ઈદં બ્રહ્મ’ એ ઉપનિષદના વચનમાં કેવલ સમગ્ર બ્રહ્માંડનો જ નહીં પરંતુ દાર્શનિક ચિંતનનો સમન્વય પણ, સ્વયં બ્રહ્મના વિરુદ્ધધર્માશ્રયના સ્વભાવના આધાર પર આપે છે.

‘બ્રહ્મવાદ’ ની સાથે લાગેલ ‘સાકાર’ વિશેષણ બ્રહ્મના કૃષ્ણાકારની ઘોષણા કરે છે. વેદ, ઉપનિષદ અને બ્રહ્મસૂત્રમાં પ્રતિપાદિત બ્રહ્મ અને ગીતા તથા ભાગવતમાં પ્રતિપાદિત ભગવાન શ્રીકૃષ્ણ બે અલગ તત્ત્વો નથી, બાકીની બધી વાતો આ સાકાર બ્રહ્મવાદના ફલક પર ચિત્રિત થયેલી છે.

આ સાકાર બ્રહ્મવાદ અનુસાર બ્રહ્મને જાણવો તે આપણી

માહાત્મ્યજ્ઞાનરૂપી જમીનની સુધારણા છે. તે બ્રહ્મને શ્રીકૃષ્ણના મધુર આકારમાં ઓળખવા તે પરમાત્મા પ્રત્યેના સુદૃઢ અને સર્વતોધિક સ્નેહના બીજાનું સિંચન છે. તેથી સાકાર બ્રહ્મવાદી દર્શનનું પ્રયોજન 'માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ, સર્વતોધિક સ્નેહ જ છે.'

બ્રહ્મના માહાત્મ્યને જાણીને તે સ્તબ્ધ થઈ જાય છે, તે જ્ઞાની છે. તેમને જ્ઞાનમાર્ગીય મુક્તિ-બ્રહ્માનંદ-મળે છે.

શ્રીમહાપ્રભુજીનું આ સાકાર બ્રહ્મવાદી દર્શન જીવોના ઉદ્ધાર માટે કોઈ એકમાત્ર સંકુચિત પગદંડી તરફ અંગુલિનિર્દેશ કરતું નથી. શ્રીમહાપ્રભુજીના મતે સાંખ્ય અને યોગના આત્મજ્ઞાન અને યમનિયમઆદિ યોગથી પણ મોક્ષ મળી શકે છે. શિવ અથવા વિષ્ણુની શરણાગતિ અથવા ભક્તિથી મોક્ષ મળી શકે છે. શાસ્ત્રે બતાવેલ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણેય મોક્ષ આપનાર છે. શ્રીમહાપ્રભુજી કોઈ પણ શાસ્ત્રસિદ્ધ માર્ગ કે સિદ્ધાંતને અમાન્ય કરતા નથી. તેઓ કેવળ પુષ્ટિજીવો માટે શ્રીકૃષ્ણની શરણાગતિ અને ભક્તિની આવશ્યકતાનું પ્રતિપાદન કરે છે. જેઓ શ્રીકૃષ્ણની ભક્તિ (માહાત્મ્ય-જ્ઞાનપુર્વક સુદૃઢ સર્વતોધિક સ્નેહ) કરવામાં સમર્થ નથી. તેમને વિવેક-ધૈર્ય-આશ્રયપૂર્વક શ્રીકૃષ્ણની શરણાગતિનો ઉપદેશ આપે છે.

શ્રીમહાપ્રભુજીના મતે બધા જીવોમાં આત્મોદ્ધારની એક જ પ્રકારની સંભાવના નથી. કેટલાક જીવ પુષ્ટિજીવ હોય છે. જેમને બ્રહ્મ શ્રીકૃષ્ણ સ્વરૂપમાં સોહાય છે. કેટલાક જીવ પુષ્ટિજીવ હોય છે, જેમને શાસ્ત્રે બતાવેલા કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અથવા ભક્તિમાર્ગ દ્વારા મુક્તિ મળે છે. આ પુષ્ટિજીવો અને મર્યાદાજીવોને શ્રીમહાપ્રભુજી દૈવી જીવ માને છે. જેમને સંસારમાં જ રચ્યા પચ્યા રહેવું ગમે છે. તેમને જબરદસ્તીપૂર્વક ધાર્મિક બનાવવાનો શ્રીમહાપ્રભુજીનો સિદ્ધાંત નથી. શ્રીમહાપ્રભુજીના મતે આવા જીવો પ્રવાહી જીવ હોય છે.

આપણે આપણા માર્ગ ઉપર સારી રીતે ચાલવું જોઈએ. પરંતુ બીજાઓને છળ અથવા બળથી હઠપૂર્વક આપણા માર્ગ પર ચલાવવાની મનોવૃત્તિને શ્રીમહાપ્રભુજીના સાકાર-બ્રહ્મવાદી દર્શનમાં કોઈ સ્થાન નથી.

આવા વ્યાપક દષ્ટિકોણથી શ્રીમહાપ્રભુજી પુષ્ટિમાર્ગની અનેક પગદંડીઓનું નીચે પ્રમાણે નિરૂપણ કરે છે.



પુષ્ટિમાર્ગની આ ચારે પગદંડીઓ નિબંધ, ભાષ્ય, સુબોધિની તથા પ્રકરણાદિ ગ્રંથોમાં ક્યાંક વિસ્તારથી તો ક્યાંક સંક્ષેપમાં બતાવી છે.

જ્યાં સુધી દેહાભિમાન છે, ત્યાં સુધી વૈદિક આશ્રમધર્મનું યથાશક્તિ

પાલન કરવું જ જોઈએ. પરંતુ કલિકાલના પ્રભાવથી વૈદિક ધર્મનું સાંગોપાંગ અનુષ્ઠાન સંભવિત નથી. તેથી વેદોકત પ્રકાર હવે અલભ્ય બનતો જાય છે. ગીતોકતપ્રકારથી પ્રપત્તિમાર્ગ (શરણમાર્ગ) સર્વજનસુલભ છે. તેમાં અધિકાર વર્ણાશ્રમના ભેદ પર આધારિત નથી. તંત્રોક્ત ભક્તિનો પ્રકાર પણ આપણે માટે યથાશક્તિ સંભવિત છે જ. ગીતાની જેમ તે પણ સર્વને સુલભ છે. તેમાં સર્વનો અધિકાર છે. આ બધાં કરતાં ભાગવતોક્ત ભક્તિના પ્રકાર પર શ્રીમહાપ્રભુજી સૌથી અધિક ભાર મૂકે છે. તે દુર્લભ હોવા છતાં તેમાં સર્વનો અધિકાર છે.

આમ ટૂંકમાં આપણે જોયું કે શ્રીમહાપ્રભુજીનો દષ્ટિકોણ દૈવી જીવોના ઉદ્ધાર માટે કેટલો બધો સહૃદયતાપૂર્ણ છે. શાસ્ત્રની મર્યાદાઓ સાથે મન ફાવે તેમ છેડછાડ કર્યા વિના કેવી રીતે બધા જીવો માટે આપે પુષ્ટિનો પ્રશસ્ત પથ પ્રકાશિત કર્યો છે ! જે શાસ્ત્ર અને ધર્મમાં સર્વનો અધિકાર છે. તેમને તથા જે શાસ્ત્ર અને ધર્મ વર્ણાશ્રમના અધિકાર પરત્વે છે તેમને શ્રીમહાપ્રભુજીએ વ્યવસ્થિત કર્યા છે. પ્રાચીન અથવા સનાતન વર્ણાશ્રમધર્મની મર્યાદાઓને અમાન્ય કર્યા વિના અથવા તેમનું ઉલ્લંઘન કર્યા વિના, ભાગવતોક્ત ભક્તિમાર્ગ અને ગીતોકત પ્રપત્તિમાર્ગનો જ ઉપદેશ આજ પર્યંત પુષ્ટિમાર્ગમાં અષ્ટાક્ષર અને બ્રહ્મસંબંધની દીક્ષાઓ દ્વારા આપવામાં આવે છે.

વસ્તુતઃ પુષ્ટિના આ પ્રશસ્ત પથને આ ષોડશગ્રંથોના સોળ કલાનિધિરૂપી ચંદ્રો પ્રકાશિત કરે છે, જેની શીતળ, સુખદ ચાંદનીમાં પ્રત્યેક પુષ્ટિજીવ યોગેશ્વર, વૃંદાવનવિહારી, વ્રજાધિપ શ્રીકૃષ્ણની નજીક પહોંચવાનો માર્ગ શોધી શકે છે !

પૂજ્ય ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી

(કિશનગઢ-પાર્લા)

ઉપોદ્ઘાત

એક દિવસ શ્રીગુસાંઇજી શ્રીનવનીતપ્રિયજીને શૃંગાર ધરાવતા હતા. તે વખતે બધા બાળકો પાસે બેઠા હતા. શૃંગાર કરતા શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી ''મઞ્જુષામ્ આનય''. ત્યારે શ્રીરઘુનાથજી બોલ્યા ''જો આજ્ઞા''. આમ કહીને તેઓ શૈયામન્દિરમાં પધાર્યા. શ્રીરઘુનાથજી તો ખૂબ નાની વયના હતા. તેમનાથી મોટા બીજા બધા ભાઇઓ એક-બીજામાં વાતો કરવા લાગ્યા કે'' જોઇએ શ્રીરઘુનાથજી શું લાવે છે.''

શ્રીરઘુનાથજી તો શૈયામન્દિરમાં વિચાર કરવા લાગ્યા કે ''હું શું લઇ જઉં! જો ખાલી હાથે જઇશ તો બધા ભાઇઓમારી મશ્કરી કરશે.'' આમ વિચાર કરતાં-કરતાં શ્રીરઘુનાથજીનાં નેત્રોમાં ઝળઝળિયા આવી ગયાં. અત્યન્ત વિરહ થયો. એવામાં તેમને શ્રીમહાપ્રભુજીનાં દર્શન થયાં. આપે આજ્ઞા કરી કે ''શૃંગાર પેટી મંગાવી છે તે લઇને જાઓ.'' અને પોતાના મુખનું ચર્વિત તામ્બૂલ શ્રીરઘુનાથજીના મુખમાં આપ્યું. પછી આપ અન્તર્ધાન થયા. શ્રીરઘુનાથજી શૃંગાર પેટી લઇને 'નામરત્નાખ્યસ્તોત્ર'નો પ્રથમ શ્લોક બોલતાં-બોલતાં પધાર્યા. આ સાંભળીને શ્રીગુસાંઇજી અને બધા બાળકો આશ્ચર્યચકિત થઇ ગયાં. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે 'આમના ઉપર કૃપા થઇ છે.''

ઉપરોક્ત ઘટના પછીથી આચાર્યકુળમાં સંસ્કૃતને ઠેકાણે વ્રજભાષાનું ચલણ વધ્યું એવી કિંવદન્તી છે.

આ પ્રસંગમાં ત્રણ વાતો ધ્યાન આપવાયોગ્ય છે : તત્પરતા, સન્તાપ, અને કૃપા.

તત્પરતા : ''મઞ્જુષામ્ આનય'' એ શ્રીગુસાંઇજીની આજ્ઞાને સાંભળીને ''જો આજ્ઞા'' કહી તરત આજ્ઞાપાલનાર્થ ઊભા થઇને પધારવું એ શ્રીરઘુનાથજીની આજ્ઞાપાલનમાં તત્પરતાનું દ્યોતક છે.

સન્તાપઃ શૈયામન્દિરમાં જઇને આજ્ઞાના અર્થનો વિચાર કરવો અને તે ન સમજાતાં આજ્ઞાનું પાલન નહીં કરી શકવાને કારણે થયેલ સન્તાપ.

કૃપા : શ્રીમહાપ્રભુજીનાં દર્શન થવાં, આજ્ઞાનો અર્થ સમજાવવો અને ચર્વિત તમ્બૂલ આપવા દ્વારા પ્રકટ થતી શ્રીઆચાર્યચરણોની કૃપા.

શ્રીમહાપ્રભુનું તો પ્રાકટ્ય જ નિઃસાધન દૈવી પુષ્ટિ જીવોને ભગવન્માર્ગ

દેખાડવા માટે થયું છે. તેથી જ તો પરમદયાળુ શ્રીમહાપ્રભુજીએ દૈવીજીવોના ઉદ્ધાર માટે ભગવદ્ધામમાંથી ભૂતલ ઉપર પધારીને ન કેવળ પરિશ્રમસાધ્ય વિસ્તૃત પર્યટન કરી હાથ પકડીને અનેક પુષ્ટિજીવોને ભગવત્સેવા-સ્મરણના માર્ગે ચઢાવ્યા, અપિતુ પોતાની ગેરહાજરીમાં ભાવી પુષ્ટિજીવોને પુષ્ટિમાર્ગને અનુસરવામાં કોઇ પણ જાતની મુશ્કેલી ન પડે તે માટે ષોડશગ્રંથ વગેરે અનેક સિદ્ધાંતગ્રન્થોની રચના પણ કરી. આપના ચરિત્રનું અવગાહન કરવામાં આવે તો તેમાં સર્વત્ર કૃપા જ જોવા મળે છે. આમ છતાં શ્રીરઘુનાથજી ઉપર અને તે જ પ્રમાણે તત્કાલીન અનેક શિષ્યો ઉપર પણ જેવો આપની કૃપાનો પ્રત્યક્ષ અનુભવ આધુનિક પુષ્ટિમાર્ગીઓ ઉપર કેમ દેખાતો નથી?

અહીં, પરન્તુ, બે વાત વિચારણીય છે : ૧. 'પુષ્ટિમાર્ગી એટલે શું અને ૨. કૃપાનો સિદ્ધાન્ત.

પ્રથમ વિષયમાં સૌથી પહેલાં તો એ ભ્રમ કાઢી નાખવો જોઇએ કે કંઠી ગળામાં પહેલી લેવાથી કોઇ પુષ્ટિમાર્ગી બની જાય છે. ન અષ્ટાક્ષર-પઞ્ચાક્ષરનો નિત્ય જપ, ન સ્તોત્રાદિ ગ્રન્થોનો નિત્ય પાઠ, ન ભગવદ્વાર્તાનું નિત્ય વાંચન, ન ષોડશગ્રંન્થોનું અધ્યયન કે, ન ઘરમાં ભગવત્સેવા, તેમ છતાં ''માન ન માન મૈં તેરા મહેમાન'' ની માફક કોઇ પોતાને અથવા તો આવાને કોઇ પુષ્ટિમાર્ગી માની લે તો પછી સવાલ એ ઊભો થાય છે કે આ જગતમાં એવું કોણ છે કે જેને પુીષ્ટમાર્ગી ન માનવો? વરણના સિદ્ધાન્તથી એ સ્પષ્ટ છે કે પ્રભુ જે જીવનું પુષ્ટિમાર્ગીય ફળ આપવામાટે વરણ કર્યું હોય તેવો પુષ્ટિ મેળવેલ જીવને જ્યારે પુષ્ટિમાર્ગનું અનુસરણ કરવાની તીવ્ર રુચિ થાય અને પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તાનુસાર પાત્રતા મેળવીને તે પ્રભુને શરણે જઇ પ્રભુને સમર્પિત થઇ નિષ્કામ ભાવે સેવા-સ્મરણ કરતો થાય છે ત્યારે તે ખરેખર 'માર્ગી' થયો કહેવાય છે. તેથી જ જે વ્યક્તિ પર પ્રભુએ તેવી કૃપા વિચારી ન હોય અને તેથી જ જે 'માર્ગી પણ બન્યો ન હોય તેવા આધુનિક તથાકથિત કે બની બેઠેલા પુષ્ટિમાર્ગી ઉપર મહાપ્રભુની કૃપા ન થાય તેમાં આશ્ચર્ય શું?'

બીજા વિષયમાં એ ધ્યાનમાં લેવું જોઇએ કે કૃપા કરનાર પણ જ્યારે કૃપા મેળવવા ઇચ્છનાર પાસે કંઇક સાધન-શ્રમ-પ્રયત્ન કરાવીને કૃપા કરવા માંગતો હોય ત્યારે હાથ ઊપર હાથ મૂકીને બેસી રહેનારને ઠાલી વાટ જોવા સિવાય બીજું કંઇ ફળ મળતું નથી. કૃપાના પણ કંઇક સિદ્ધાન્તો હોય છે. કૃપા

પણ ગમે તેના ઊપર નથી થતી, કૃપા મેળવવા માટે પણ પાત્રતા તો મેળવવી જ પડે છે.

શ્રીરઘુનાથજીના ઉપરોક્ત દૃષ્ટાન્તથી એ સ્પષ્ટ થાય છે કે ગુરુ-આજ્ઞા પાલનમાં તત્પરતા અને આજ્ઞાના આશયને સમજવા માટેનો હૃદયમાં તાપ જો હોય તો આચાર્યચરણોની કૃપા પુષ્ટિમાર્ગી ઉપર અવશ્ય વરસે છે. દાતા તો દાનને હાથમાં લઇને ઊભો જ છે પરન્તુ યાચકે ઓછામાં ઓછી દાતાના હાથની નીચે પોતાનો હાથ મૂકવાની તસ્દી તો લેવી જોઇએ કે નહીં!

સમ્પ્રદાયમાં આજે એવા અસંખ્ય લોકો છે જેઓ પોતાની કુલપરમ્પરાના અનિવાર્ય કર્મકાંડના ભાગરૂપે બીજાની દેખા-દેખી અથવા તો કંઇક મળે છે માત્ર એટલા વિચારે જ્યાંથી પણ મળી જાય ત્યાંથી પુષ્ટિમાર્ગની કંઠી પહેરી લેતા હોય છે. પુષ્ટિમાર્ગ સાથે કંઇ લેવા-દેવા ન હોવા છતાં. આવા કુપાત્રોને સમ્પ્રદાયની દુર્લભ દીક્ષા-કંઠી આપવામાં ઉત્સાહિત થનાર લોકો, મોટે ભાગે તો ડૉકટરના સમ્પર્કનો લાભ લઇને પોતાનો સ્વતન્ત્ર ધંધો ચલાવવાના ખ્વાબ દેખનાર લાલચી કંપાઉન્ડર જેવા લેભાગુઓ જ હોય છે. લાલચુ કંપાઉન્ડરના ફેરામાં પડનાર માણસ જેમ ડૉકટર સુધી પહોંચી શકતો નથી. તેમ ખરેખર જેમનું સ્થાન અને સ્વરૂપ પુષ્ટિમાર્ગના એકમેવ ગુરુ એવા શ્રીમહાપ્રભુજી સુધી પહોંચાડનાર ફક્ત દ્વાર તરીકેનું છે છતાં શ્રીમહાપ્રભુજીના સમ્બન્ધનો ગેરલાભ લઇને, સમ્પ્રદાયસિદ્ધાન્તની મર્યાદાનું ઉલ્લંઘન કરીને પોતાના ચેલાઓની ફોજ વધારતા રહેવાની મનોવૃત્તિવાળા લોકો પાસેથી દીક્ષા લેનાર પેલા કંપાઉન્ડરના ફેરામાં પડેલા દરદીઓની માફક કદી શ્રીમહાપ્રભુજી સુધી પહોંચી શકતા નથી. જે વ્યક્તિ શ્રીમહાપ્રભુજી સુધી પહોંચી ન શકે એના માટે પુષ્ટિમાર્ગ અને પુષ્ટિપ્રભુ એટલા જ અગોચર રહે છે જેટલા અગોચર આંધળાને માટે સૂર્ય હોય છે. દિવસ હોય કે રાત બધું સરખું! તેથી એવા લોભી-લાલચી લોકોની તો ચર્ચા જ અહીં અપ્રાસંગિક છે.

ઉપરોકત લોકોની ચર્ચા ન કરવામાં આવે તો પણ સમ્પ્રદાયમાં આજે એવા પણ અસંખ્ય લોકો છે કે જેઓ અનેક વિઘ્નો-પ્રતિબંધોનો સામનો કરીને જેમ-તેમ શોધતા-ખોળતા શ્રીમહાપ્રભુજીની સાક્ષાત્ વાણીરૂપી ગ્રન્થો, ષોડશગ્રન્થ વગેરે, સુધી પહોંચવામાં સફળ રહ્યાં છે. આમાંના ઘણા એવા પણ લોકો છે કે જેઓ વર્ષોથી આચાર્યચરણોના ગ્રન્થોનો પાઠ તેના એક શબ્દનો

પણ અર્થ સમજ્યા વિના રૂઢિ માત્રથી નિત્ય-નિયમ-પૂર્વક કરતા આવ્યા છે. વિડમ્બના એ છે કે આચાર્યચરણોની વાણીનો અર્થ તાત્પર્ય સમજવામાં ન આવતો હોવા છતાં પણ અધિકાંશ પાઠ કરનાર આધુનિક પુષ્ટિમાર્ગીને અર્થજ્ઞાનરહિત પાઠ કરતાં ન તો ગુંગળામણ અનુભવાય છે, ન અર્થ-તાત્પર્યને સમજવાનો તાપ થાય છે કે ન તે દિશામાં તેવી કોઈ તત્પરતા દેખાય છે. વાત બિલકુલ સ્પષ્ટ છે કે તેઓને આચાર્યચરણોની આજ્ઞાને સમજવામાં કોઈ પણ જાતની રુચિ નથી. રુચિ તો ત્યારે થાય કે જ્યારે અનુસરણ કરવું હોય. આ જ સ્થિતિ જો હોય તો આચાર્યચરણની કૃપા રુચિ-નિષ્ઠા વગરના આધુનિક પુષ્ટિમાર્ગી પર શા માટે થાય!

શ્રીરઘુનાથજી ઉપર આચાર્યચરણોની જેવી કૃપા થઈ તેવી કૃપા તો ત્યારેજ થાય જ્યારે આપણામાં (ગુરુ-સવૈષ્ણવ પાસે ગ્રન્થો લઈ જઈને વારંવાર વિનન્તી કરવી, જાતે ગ્રન્થોના અનુવાદ-વિવેચનનું અધ્યયન કરવું, સિદ્ધાન્તચર્ચા કરવી, નિયમથી નિત્ય જપ-પાઠાદિ કરવા વગેરે રૂપ) તત્પરતા તથા (જ્યાં સુધી ગ્રન્થનો અર્થ-તાત્પર્ય સમજમાં ન આવે ત્યાં સુધી ચિત્તમાં ચેન ન પડે, સતત તેના પાછળ પડયા જ રહેવાનું મન થયા કરે-આવી સતત જિજ્ઞાસુતા બનેલી રહે એવા) તાપ બન્ને થાય. ૮૪ વૈષ્ણવોની વાર્તામાં આવ અનેક દૃષ્ટાંતો જોઈ શકાય છે.

દિનકરદાસ શેઠની આચાર્યચરણનાં વચનામૃત સાંભળવામાં એટલી તત્પરતા હતી એટલો તાપ હતો કે આપ વચનામૃત કરવા બિરાજી ગયા છે એવા સમાચાર મળતાં કાચો કાચો રોટલો પાણી સાથે ગળે ઉતારીને વચનામૃત સાંભળવા દોડી ગયા. આવી શ્રવણોત્સુકતાને કારણે તેમના ઉપર આચાર્યચરણોએ કૃપા કરી કે જ્યાં સુધી દિનકરદાસ આવી ન જાય ત્યાં સુધી આપ વચનામૃત શરૂ ના કરતા.

આચાર્યચરણોના સ્વધામ પધાર્યા પછી શ્રીગુસાંઈજીને આચાર્યચરણોના ગ્રન્થોનો અભ્યાસ કરવાની તાલાવેલી થતાં માતૃચરણોદ્વારા આપને જાણવા મળ્યું કે આચાર્યચરણોના ગ્રન્થો આગ્રાના વૈષ્ણવ કન્હૈયા શાલને ત્યાં બિરાજે છે. શ્રીગુસાંઈજી પોતાના ગુરુપદનો લેશમાત્ર વિચાર કર્યા વિના કન્હૈયા શાલને ત્યાં આગ્રા સામે ચાલીને પધાર્યા અને તેમની પાસેથી આચાર્યચરણોના ગ્રન્થોનો અભ્યાસ કર્યો.

એક દિવસે શ્રીગુસાંઈજીએ તુલસાને પૂછ્યું કે શું શ્રીઠાકરોજી તમને સાનુભાવ જતાવે છે? તુલાસએ સારગર્ભિત ઉત્તર આપ્યો કે ''હવે તો અમે પેટ ભરીને પ્રસાદ લઈએ છીએ અને ભરપૂર ઊંઘ લઈએ છીએ. પરન્તુ શ્રીઆચાર્યચરણોના ગ્રન્થોનો પાઠ નિત્ય કરીએ છીએ.''

કાશીમાં વિદ્યાભ્યાસ કરીને પંડિત થયેલા આચાર્યાચરણના શિષ્ય રઘુનાથદાસ શ્રીગુસાંઈજી સામે શ્રીસુબોધિની ભણવા બેઠા. પણ કંઈ ગમાગમ ન પડી. પોતાનું અજ્ઞાન સ્વીકારતા બોલ્યા ''સાચું કહું તો હું કંઈ સમજતો નથી. શ્રીમહાપ્રભુજીના માર્ગની પરિપાટી અને માર્ગની વાતો જાણતો નથી.'' શ્રીગુસાંઈજીએ કૃપા કરીને તેમને સિદ્ધાન્તરહસ્ય, કૃષ્ણાશ્રય નવરત્ન અને સેવાફલ ગ્રન્થો ભણાવ્યા. તે પછી તેઓ બધું સમજવા લાગ્યા.

શ્રીઆચાર્યજીકે ગ્રન્થ સુબોધિની-નિબન્ધ શ્રીગુસાંઈજીકે રહસ્ય ગ્રન્થ સો સબ ગોપાલદાસ અનવસરમેં દેખ્યો કરતે. સમય પર ભગવત્સેવા કરતે.

વસ્તુતઃ જોઈએ તો કોઈ પણ ધર્મસમ્પ્રદાયનો આધાર જડ ભવનો, સ્મારકો કે મન્દિરો નથી હોતાં. તેનો સાચો આધાર હોય છે તે ધર્મશાસ્ત્રો અને તેના અધ્યયન-અધ્યાપનની પરમ્પરા કે જે ધર્મશાસ્ત્રોમાં સિદ્ધ આચાર્યદ્વારા નિરૂપિત ધર્મના તત્ત્વ, સિદ્ધાન્તો, ભાવનાઓ અને દિવ્ય અનુભુતિઓને તેના સન્નિષ્ઠ સાધકના જીવનમાં સ્થાપિત કરીને ધર્મસમ્પ્રદાયને જીવન્ત રાખે છે. તેથી જ વૈદિક ધર્મની આશ્રમ વ્યવસ્થામાં જીવનનો એક ચતુર્થાંશ ભાગ, બ્રહ્મચર્યાશ્રમ, શાસ્ત્રના સઘન અધ્યયન માટે ફાળવવામાં આવ્યો હતો. લોકિક જીવનમાં પણ સ્વમાનભેર જીવન વીતાવવાની મહેચ્છા રાખનાર પોતાના જીવનના આરમ્ભિક ૨૦-૨૨ વર્ષ અર્થોપાર્જનના ઉપાયો શીખવામાટે આજે પણ ભજે જ છે. મહર્ષિ મનુ તો ત્યાં સુધી કહે છે કે વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કર્યા વિના મોક્ષ પ્રાપ્ત કરવાના ખ્વાબ જોનાર અધઃપતિત જ થાય છે. તેથી જ ભગવાન્ અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરે છે :

અજ્ઞશ્ચાશ્રદ્દ્ધાન્શ્ચ સંશયાત્મા વિનશ્યતિ,

ત્સ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ,

જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્ત્તુ મિહાર્હસિ.

જ્ઞાનરહિત, અશ્રદ્ધાવાન્ તથા શંકાશીલ મનુષ્યનો સમૂળ નાશ થાય

છે. તથી, શાસ્ત્રનાં વિધાનોને જાણીને કર્મ કરવું યોગ્ય છે. કારણ કે શું કરવું અને શું ન કરવું તે બાબતમાં શાસ્ત્ર જ સર્વોપરી માર્ગદર્શક-પ્રમાણ છે.

અજ્ઞાન, અશ્રદ્ધા અને સંશય આ ત્રણેય એક બીજાની સાથે એટલી હદે વણાયેલ છે કે કોના કારણે બાકીના બે ઉત્પન્ન થાય છે તે ચોક્કસપણે કહી શકાતું નથી. અર્થાત્ જે વ્યક્તિ અજ્ઞાની છે તેની અંદર અશ્રદ્ધા અને સંશયની શક્યતા નકારી શકાતી નથી. તે જ પ્રમાણે જેમાં શ્રદ્ધાની કમી હશે તે વ્યક્તિમાં જ્ઞાનપ્રાપ્તિમાટે પ્રયત્ન નહીં જ હોય. જ્ઞાન નહીં હોય તો નિઃસન્દિગ્ધ ક્યાંથી હોવાનો! અને સંશય તો અજ્ઞાન અને અશ્રદ્ધાનું પરિણામ હોય છે તે એક નિર્વિવાદ હકીકત છે જ. આ પરથી ફલિત થાય છે કે શ્રેયસાધનમાં પ્રવૃત્ત થયેલ કોઈ પણ સાધકના માટે અજ્ઞાન અશ્રદ્ધા અને સંશય આ ત્રણેય અથવા તો એમાંથી કોઇ એક પણ દુર્ગુણ તેની શ્રેયસાધનાની વિફળતાનું કારણ બની શકે છે. આ સાથે ''જે ધન્ધામાં વળતર જેટલું વધારે હોય તેમાં જો નુકશાની થાય તો તે પણ એટલીજ વધારે થવાની'' એ ન્યાયે જે શ્રેયસાધના જેટલું ઊંચું લક્ષ્ય પ્રાપ્ત કરાવતી હોય તેમાંથી જો સાધકનું પતન થાય તો તે પટકાશે પણ એટલાજ ઊંચેથી એ વાત ભૂલવી ન જોઈએ.

તેથી જ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય પણ પુષ્ટિમાર્ગીઓને ચોખ્ખો આદેશ આપે છે :

''શાસ્ત્રમ્ અવગત્ય મનો-વાગ્દેહૈ કૃષ્ણઃ સેવ્ય''

અર્થ : શાસ્ત્ર અર્થ-તાત્પર્યનું યથાર્થ નિર્ધારિણ કર્યા પછી મન-વાણી-દેહથી શ્રીકૃષ્ણની સેવા કરવી.

આચાર્યચરણોના આદેશનો હાર્દ સમજાવતાં શ્રીદ્વારકેશજીએ યમુનાષ્ટકની પોતાની ટીકાના શ્લોકપક્રમમાં ષોડશગ્રન્થોનું જે માહાત્મ્ય વર્ણવ્યું છે તે દરકે પુષ્ટિમાર્ગીએ આત્મસાત કરવું જોઈએ. શ્રીદ્વારકેશજી લખે છે :

શ્રીમદાચાર્યચરણા સ્વીયાનાં ભક્તિસિદ્ધયે ।
અકાર્ષુઃ ષોડશગ્રન્થાન્ સ્વસિદ્ધાન્તાર્થબોધકાન્ ।।૧।।

તદ્વ્યાખ્યાનં કૃતં પૂર્વૈ : પ્રભુભિશ્ચ પૃથક્ ક્વચિત્ ।।
યમુનાષ્ટકમ્ આરભ્ય સેવાફલમ્ ઉદાહૃતાઃ ।।૨।।

એવં ષોડશભિર્ ગ્રન્થૈઃ પુરુષોત્તમ-સેવનમ્ ।।
પ્રતિપાદ્ય ફલત્વેન ચકે જીવોદ્ધૃતિં વિભુઃ ।।૩।।

અવતારદશાયાન્તુ ઉદ્ધૃતી રૂપદર્શનાત્ ।।
ઇહ નામાત્મકૈર ગ્રન્થૈ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ।।૪।।

તસ્માત્ સર્વપ્રયત્ને ન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ।।
સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ।।૫।।

ભાવાર્થ : શ્રીઆચાર્યચરણોએ સ્વકીયજનોને ભગવદભક્તિ પ્રાપ્ત થાય તેના ઉપાય રૂપે સ્વામાર્ગીય સિદ્ધાન્તોના અર્થને જણાવનાર યમુનાષ્ટકથી શરૂ કરીને સેવાફલ પર્યન્ત ષોડશગ્રન્થોની રચના કરી. આચાર્યચરણોના આશયને સમજાવવા માટે શ્રીગુસાંઇજી સહિત અનેક પૂવાચાર્યએ તે ગ્રન્થો પર વિવેચન કર્યું છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સેવા એ જ ઉત્કૃષ્ટ ફળ છે એ ષોડશગ્રન્થોદ્વારા પ્રતિપાદન કરીને આચાર્યચરણોએ ખરેખર કલિના જીવોનો ઉદ્ધાર જ કરી દીધો છે. અવતારકાળમાં તો શ્રીકૃષ્ણાસ્ય સ્વરૂપ સ્વમુખનાં દર્શન માત્રથી પણ મહાપ્રભુ કૃષ્ણભક્તિનું દાન કરી દેતા હતા. પરન્તુ અવતારકાળ તો સીમિત સમય પૂરતો જ હોય છે તેથી અવતારકાળમાં સદાય બિરાજતા મહાપ્રભુના નામાત્મક સ્વરૂપ એવા ષોડશગ્રન્થો દ્વારા સ્વકીય જનોનો સદાય ઉદ્ધાર થતો રહેશે. તેથી પૂરું જોર લગાવીને ગ્રન્થોનો અર્થાનુસન્ધાન પૂર્વક પાઠ કરવો જ જોઇએ.

જેને પુષ્ટિમાર્ગ વિશે કંઇક સમજવું છે અને જેને પુષ્ટિમાર્ગી તરીકે કંઇક કરવું છે તેના માટે આનાથી સારા બીજા કોઇ શબ્દોમાં પ્રેરણા આપી શકાતી નથી.

પુષ્ટિમાર્ગની ખરી સમસ્યા :

આજે પુષ્ટિમાર્ગની વાસ્તવિક સમસ્યા પુષ્ટિમાર્ગીઓનું ઉપરોક્ત સ્વાભાવિક અજ્ઞાન કરતાં પણ વધુ ભયંકર મુઠ્ઠીભર સ્વાર્થી ઉપદેશક વર્ગ દ્વારા સુનિયોજિત કાવતરું રચીને પુષ્ટિમાર્ગીઓને શ્રીમહાપ્રભુજીની સાક્ષાત્ વાણીરૂપ ષોડશગ્રન્થોથી દૂર રાખવામાં આવ રહ્યા છે એ છે.

પહેલા કરતાં આજના પુષ્ટિમાર્ગીય ઉપદેશકો ઘણું હરતા-ફરતા અને ભાષણ-પ્રવચન કરતા થયા છે એ સત્ય છે. પરન્તુ વિચિત્ર વાત એ છે કે કોઇ વલ્લભાખ્યાન પર ભાષણ કરી રહ્યું છે, તો કોઇ શ્રીયમુનાજીનાં ૪૧ પદો પર પ્રવચન આપી રહ્યું છે. કોઇ વળી ભાગવતની કથા વેચી રહ્યો છે તો કોઇ ગોપીગીત જેવા વિષયપર જાહેરમાં ભાષણબાજી કરી રહ્યો છે. કોઇ ટાંટિયાપર ટાંટિયા ચઢાવીને ખુરશી ઉપર બેઠેલા શ્રોતાઓનું સ્ટેજ ઊપર અલૌકિક કીર્તનો

ગાઈને મનોરંજન કરી રહ્યું છે. પરન્તું, આ જ વકતાઓને જ્યારે ષોડશગ્રન્થ-સાધનપ્રકરણ-ભક્તિહંસ વગેરે ગ્રન્થો ભણાવવા માટે વારંવાર વિનન્તી કરવામાં આવે છે ત્યારે તે માટે તેમને કદી સમય જ મળતો નથી ! આખી દુનિયામાં રખડપટ્ટી કરવામાટે, ધંધાકીય પાપપૂર્ણ મનોરથોના આયોજનમાટે, બેઠકોની ટૂર માટે, તદ્દન અર્થહીન યજ્ઞો માટે, હસ્તમેળાપ-ઉદ્ઘાટનો માટે, કંઠી પહેરાવવા માટે... જોઈએ તેટલો સમય એમની પાસે છે પરન્તુ જેને પુષ્ટિમાર્ગનો એકડો કહી શકાય તેવા ષોડશગ્રન્થો ભણાવવા માટે ઉપદેશકોને ફુરસદ નથી.

કારણ બિલકુલ સ્પષ્ટ છે : હવેલી-મન્દિરોના માધ્યમથી સ્વધર્મરૂપા ભગવત્સેવાને પોતાની આજીવિકાનું અને ભોગ-વિલાસની સામગ્રી એકઠી કરવાનું સાધન બનાવીને બેઠેલા ઉપદેશકોના કૃત્યોને પાપપૂર્ણ કહેનાર (જુઓ સિદ્ધાન્તમુક્તાવલી-ભક્તિહંસ) અને ભાગવત કથાના માધ્યમથી પૈસા કમાનાર કેટલાક આધુનિક વલ્લભવંશજોની તેવી પાપપૂર્ણ ભાગવતકથાના શ્રવણને ગટરનું પાણી પીવા સમાન લેખાવનાર (જુઓ જલભેદ) અને તેવી પાપપૂર્ણ આજીવિકા કરવા કરતા ભૂખ્યા મરી જવું બહેતર છે એવું ચોખ્ખે ચોખ્ખું કહેનાર (જુઓ સાધનપ્રકરણ) શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઇજીના ગ્રન્થોને સ્વાર્થી ઉપદેશકો ક્યા મોઢે ભણાવે કે તેના પર પ્રવચન કરે!!!

આ જ કારણ છે કે મોટા ભાગના પુષ્ટિમાર્ગી ઉપદેશકનોને આજે સૌથી વધુ અપ્રિય અને ભયંકર કોઈ વસ્તુ લાગતી હોય તો તો તે છે શ્રીમહાપ્રભુજી-શ્રીગોપીનાથી-શ્રીગુસાંઈજીના સિદ્ધાન્તમુકતાવલી, પુષ્ટિપ્રવાહમર્યાભેદ, સિદ્ધાંતરહસ્ય, કૃષ્ણાશ્રય, ચતુઃશ્લોકી, જલભેદ, સાધનપ્રકરણ, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી, સાધનદીપિકા, ભક્તિહંસ વગેરે ગ્રન્થો જ્યારે ખુદ શ્રીવલ્લભ-વિટ્ઠલની વાણી તેમને અપ્રિય થઈ પડી હોય ત્યારે તેમની વાણી પર બોલનાર, લખનાર કે તેને પ્રકાશિત કરનાર લોકો અપ્રિય લાગે તેમાં આશ્ચર્ય શું?

કોઈ ધર્મસમ્પ્રદાયમાં તે જ ધર્મસમ્પ્રદાયના પ્રવર્તક આદ્ય આચાર્યોની વાણી તે જ સમ્પ્રદાયના જોરે પોતાની રોજી-રોટી રળતા અને પૂજાતા ઉપદશકોને અણગમતી બની જવી એ સમ્પ્રદાયમાટે ડૂબી મરવા જેવી વાત ગણાય. પુષ્ટિસમ્પ્રદાયમાં, પરન્તુ, આ એક દુઃખદ અને નક્કર હકીકત છે. નીચે વર્ણવેલ સમ્પ્રદાયની વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરતાં સ્થિતિ ધાર્યા કરતાં

ઘણી ગમ્ભીર જણાય છે.

"ષોડશગ્રન્થો વૈષ્ણવો માટે નથી, વૈષ્ણવોએ તો વાર્તાઓ વાંચવી" આવી બાલીશ આજ્ઞાઓ ગો.બાળકો કરતા સાંભળવા મળે છે.

જાત મહેનતે ષોડશગ્રન્થો ભણનારા વૈષ્ણવો પ્રત્યે ઓરમાયું વર્તન ગુરુજનોદ્વારા કરવામાં આવે છે.

શ્રીવલ્લભના ગ્રન્થો ભણનારને અભિમાની-નિન્દક-બહિર્મુખ જેવા બિરુદોથી બદનામ કરવામાં આવે છે.

પોતાના અંગત ગણાતા શિષ્યોના ઘરમાં ગ્રન્થો નજરે ચઢી જાય તો "આ પુસ્તક જરા મારે વાંચવું છે." એવી વાક્યચાતુરીમાં ફોસલાવીને તેના ઘરમાંથી ગ્રન્થો ગાયબ કરી દેવામાં આવે છે.

ભૂલે ચૂકે જો કોઈ ગ્રન્થો નિરૂપણ કરનાર વિનામૂલ્યે વિતરિત થતા પુસ્તકોને થોકમાં મેળવી લઈને ગાયબ કરી દેવામાં આવે છે.

ભૂલે ચૂકે જો કોઈ ગ્રન્થો ભણાવવામાટે વિનન્તી કરી બેસે તો જાણે બહુ મોટો અપરાધ તેણે કરી દીધો હોય તેવો વ્યવહાર શિષ્ય સાથે કરવામાં આવે છે.

કોઈપણ જાતની ભેટ-પધરામણી-દીક્ષાની પ્રણાલીમાં ઉતર્યા વિના જિજ્ઞાસુ લોકોની વારંવાર વિનન્તીને માન આપીને સિદ્ધાન્તગ્રન્થો પર પ્રવચન કરનારાઓને બીજાના એરિયામાં સિદ્ધાન્તો ન બોલવાની ચેતવણી આપવામાં આવે છે.

"એરિયા તો ગામસિંહોના હોય છે ધર્મોપદેશકોના નહીં." એવી શિખામણ કોઈ હિતચિંતક વડીલદ્વારા આપતાં સિદ્ધાન્તગ્રન્થો ભણાવનારને વધુ કઠોર ધાક-ધમકી આપવામાં આવે છે.

પોતાના હીન સ્વાર્થને સાધવાની હલકી મુરાદથી સમ્પ્રદાયમાં ગણતરીપૂર્વક ઉપજાવી કાઢેલ સિદ્ધાંત વિપરીત ધંધાકીય સેવા-મનોરથો-કથા-કીર્તન વગેરે પ્રણાલીઓની શ્રીમહાપ્રભુજી આદિ આચાર્યોના જ શબ્દોમાં યથાર્થ નિન્દા કરનારાઓ આજે બ્લેકલિસ્ટેડ થઈ ગયા છે.

ધંધાકીય સેવા-મનોરથ કરનારાઓ ધંધાકીય ભાગવતકથા કીર્તન સિદ્ધાન્ત વિપરીત પ્રણાલીની નિન્દા કરવાનો પોતાનો જ જન્મસિદ્ધ અધિકાર

માને છે પરન્તુ જો કોઈ ધંધાકીય સેવા-મનોરથની પ્રણાલીની નિન્દા કરે છે તો ખુલાસામાં પોતાની મજબૂરીનું બહાનું આગળ ધરી દે છે.

તે જ પ્રમાણે ધંધાકીય કથા કરનારાઓ ધંધાકીય સેવા-મનોરથોની નિન્દા કરાતાં તાળીઓ પીટે છે જો પરન્તુ, ધંધાકીય કથાની નિન્દા કરવામાં આવે છે તો તેમાં તેમને સિદ્ધાન્તનો ભંગ ન દેખાઈને પોતાની મજબૂરી દેખાય છે.

તુલના કરો શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની સાથે કે જેઓ વીજળી-ફોન પ્રિંટિંગપ્રેસ-છાપ-જાહેરખબર-વાહન જેવી સુવિધા વિનાના અને ધર્મ દ્વેષી મ્લેચ્છ આક્રાન્તાઓના ક્રૂર શાસનના કપરા કાળમાં ભગવત્સેવા-સ્મરણ, શ્રૌત-સ્માર્ત કર્મો, ગ્રન્થલેખન, સતત પર્યટન અને પંડિતો સાથે શાસ્ત્રાર્થ આમ અનેકવિધ કાર્યોમાં વ્યસ્ત રહેતા હોવા છતાં પોતાના નાનામાં નાના અને પાંચસો-હજારની સંખ્યાનો આગ્રહ રાખ્યા વિના એક શિષ્યને પણ પુષ્ટિમાર્ગ પર ચઢાવવા માટે તેની પાસે બિરાજીને જાતે ગ્રન્થો ભણાવતા હતા. ક્યાં તો ‘‘પ્રગટ હ્વે મારગ રીતિ સિખાઈ’’ સીંચત વચન સુધાકર સેવક મારગ રિપુ દાહે વચનાનલ’’ ‘દમલા પ્રભુદાસ બડભાગી તિનકોં પુન-પુન આપ સિખાવે’ નામ નિવેદન સેવા સબવિધિ આપ સિખાવત નમો નમો’’ વગેરે પદોમાં વર્ણિત આપણો પ્રાચીન આદર્શ અને ક્યાં તો તેનાથી તદ્દન વિપરીત આધુનિક ઉપદેશકોની દુરવસ્થા! આ બે પરિસ્થિતિ વચ્ચેનો ભયંકર વિરોધાભાસ જોઈને ઘણા સુજ્ઞ લોકોને સમ્પ્રદાયની બેજવાબદાર વર્તમાન ગુરુપરમ્પરા સમ્પ્રદાય ઊપર ઠાલા બોજરૂપ લાગવા લાગી છે.

સમ્પ્રદાય સાથે દઢતાથી કંટાળીને યોગ્ય પોષણના અભાવે પુષ્ટિમાર્ગીઓ ધંધાકીય સેવા-કથાની પ્રણાલીથી કંટાળીને યોગ્ય પોષણના અભાવે પોતાની અતૃપ્ત જ્ઞાન-ભક્તિને સન્તોષવા માટે પુષ્ટિમાર્ગને છોડીને જેને જે સમ્પ્રદાય-કથાકાર-પથ હાથ લાગ્યા તેને પકડવા લાગ્યા છે. આવું કરવા પછી પણ પાછી તેમની સ્થિતિ ‘‘ભક્ષિતેપિ લશુને ન શાન્તો વ્યાધિ’’ જેવી જ છે. કારણ કે પુષ્ટિમાર્ગી તરીકેની જ છે. તેથી જે પોષણના અભાવે તેઓ પુષ્ટિમાર્ગી છોડીને બીજે ગયા ત્યાં તેમનું શોષણ ગેરપુષ્ટિમાર્ગી કથાકારો-વક્તાઓ દ્વારા તેમને ફરી તે જ પુષ્ટિમાર્ગીય મધુરાષ્ટક, યમુનાષ્ટક, કૃષ્ણાશ્રય, સુબોધિની વગેરે ગ્રન્થોના મનગમતા અર્થો સંભળાવીને કરવામાં આવી રહ્યું છે.

જેઓ, પરન્તુ, સમ્પ્રદાયમાં જ લાંબા સમયથી કુપોષિત અને શોષિત હોવા છતાં સમ્પ્રદાયનિષ્ઠાને કારણે બીજે ક્યાંય ગયા નથી, સાથોસાથ સમ્પ્રદાયની વર્તમાન દુરવસ્થાને સહન કરવાની ધીરજ પણ ગુમાવી ચૂક્યા છે તેવા અનેક લોક-સમ્પ્રદાયના સત્ય સિદ્ધાન્તોથી સોએ સો ટકા વાકેફ હોવા છતાં તેનાથી સદન્તર વિપરીત આચરણ કરીને અને પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોથી સદંતર વિપરીત ઉપદેશો દ્વારા અબુધ શ્રદ્ધાળુ પુષ્ટિમાર્ગીઓને સિદ્ધાન્તવિરુદ્ધ આચરણ કરવા માટે પ્રેરિત કરીને પોતાની સ્વચ્છન્દતા અને શ્રીમહાપ્રભુજી પ્રત્યે વિશ્વાસઘાતનું જે પ્રદર્શન આધુનિક ગુરુજનો કરી રહ્યા છે તેને, પોતાના હીન સ્વાર્થને સાધવામાટે, શ્રીમહાપ્રભુજી વિરુદ્ધ, સમ્પ્રદાય, વિરુદ્ધ અને શ્રદ્ધાળુ અનુયાયીઓ વિરુદ્ધ, એક સુનિયોજિત ષડયન્ત્ર રચવાની તેમની આપરાધિક મનોવૃત્તિ તરીકે જોતા થઈ ગયા છે.

આ પરિસ્થિતિ સમ્પ્રદાય માટે અત્યન્ત ચિન્તાજનક છે. આમ છતાં બધી વિપત્તિઓમાંથી બહાર આવવાનો ઉપાય તો બહુ સરળ અને સીધો છે :

ઇહ નામાત્મકૈર્ ગ્રન્થૈઃ સ્વદાસાનાં સદોદ્ધૃતિઃ ।
તસ્માત્ સર્વપ્રયત્નેન દૈવૈઃ કર્તવ્યમેવ હિ ।
સેવનં શ્રીવ્રજેશસ્ય તદ્ગ્રન્થાનાં ચ પાઠનમ્ ॥

પ્રાસ્તાવિક :

સમ્પ્રદાયના પ્રાચીન વિદ્વાન્ અને ષોડશગ્રન્થ પ્રેમી આચાર્ય શ્રીનૃસિંહલાલજી લિખિત ષોડશગ્રન્થોની વ્રજભાષા વિવૃતિના ગુજરાતી અનુવાદના પુનઃપ્રકાશન માટે પ્રકાશકોને હાર્દિક શુભકામના. અંદર-બહારના શત્રુઓથી સમ્પ્રદાય અને સમ્પ્રદાયીઓની રક્ષા કરવાનો અને સમ્પ્રદાયને શ્રીમહાપ્રભુજીની દિશામાં ચલાવવાનો આ જ એક ઉપાય છે. તેથી સમ્પ્રદાયના હિતચિંતકોએ બીજા બધાં કામો છોડીને શ્રીમહાપ્રભુની સાક્ષાત્ વાણીરૂપ ષોડશગ્રન્થ-પ્રવચનમાલાનું આયોજન, ષોડશગ્રન્થોનું તુલનાત્મક અધ્યયન, ષોડશગ્રન્થો પરની વિભિન્ન પ્રાચીન સંસ્કૃત ટીકાઓનું અધ્યયન-અધ્યાપન, તેનું પુનઃપ્રકાશન, તેના અનુવાદોનું પુનઃપ્રકાશન-વિતરણ વગેરે કાર્યો આ દિશામાં કરી શકાય. પુનઃગ્રન્થના પ્રકાશકોને અભિનંદન સહ....

વિ.સં.૨૦૬૪ **ગોસ્વામી શરદ્**

।।શ્રીકૃષ્ણાય નમઃ ।।
।।શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ।।

।। શ્રીયમુનાષ્ટકમ્ ।।

નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા ।
મુરારિપદપંકજસ્ફુરદમંદરેણૂત્કટામ્ ।।
તટસ્થનવકાનનપ્રકટમોદપુષ્પાંબુના ।
સુરાસુરસુપૂજિતસ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ।।૧।।

અન્વયાર્થ : સકલસિદ્ધિહેતુમ્ = સકલ સિદ્ધિઓના કારણરૂપ, મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ = જલમાંના દોષાત્મક મુરના શત્રુ (શ્રીકૃષ્ણ)ના ચરણકમલના ચળકતાં અમંદ રેણુઓ જ્યાં ઉત્કટ (જલથી પણ અધિક) છે, તટસ્થ-નવ-કાનન-પ્રકટમોદ-પુષ્પામ્બુના= કિનારા પર રહેલા નવા વનોમાં પ્રકટ તેવા આનંદ જેના વડે છે તેવા પુષ્પોવાળા જલ વડે, સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ= સુર અને અસુર વડે સારી રીતે પૂજાએલા સ્મરણને ઉત્પન્ન કરનાર (શ્રીકૃષ્ણ)ની, શ્રિયં= શોભાને, બિભ્રતીમ્= ધારણ કરનારા, યમુના= શ્રીયમુનાજીને, અહં= હું, મુદા= હર્ષપૂર્વક, નમામિ= નમું છું.

ભાવાર્થ : શ્રીયમુનાજીને હું વંદન કરું છું. શ્રીયમુનાજીસર્વ સિદ્ધિઓના કારણ છે. મુરારી જે શ્રીકૃષ્ણ તેમના ચરણારવિંદની રજ જલથી અધિક જેમાં સ્ફુરાયમાન થાય છે એવા - આપના તટઉપર ઉગેલા પુષ્પોથી સુગંધીત વનને કારણે-સુગંધયુક્ત જલ વડે સુરભાવ અને અસુરભાવવાળા ભક્તોને પ્રભુનું સ્મરણ થાય એવી શોભાને ધારણ કરે છે. તે બેઉ પ્રકારના ભક્તો ભગવાનની પ્રાપ્તિ માટે શ્રીયમુનાજીનું પૂજન કરે છે.૧

ટીકા : શ્રીયમુનાજીને હું નમન કરું છું. શ્રીયમુનાજી આપ કેવા છે? તેનું નિરૂપણ કરતાં કહે છે. સર્વ પ્રકારની સિદ્ધિના કારણરૂપ આપ છે. ભક્તોમાં ભગવદ્‌ભાવનું આપ વૃદ્ધિ કરે છે. ભગવાનનો (સાક્ષાત્) સમ્બન્ધ

થવામાં જે જે પ્રતિબંધો હોય તે સર્વને દૂર કરીને (ભક્તને) ભગવાનનો (સાક્ષાત્ સંબંધ) કરવામાં જેટલી જે પ્રકારની શુદ્ધિની આવશ્યકતા છે તેટલી શુદ્ધિ આપ કરે છે. વિના આયાસ ભગવાનનો સમ્બન્ધ કરાવે છે, ભગવાનનું પ્રિયત્વ સિદ્ધ કરે છે. કલિની નિવૃત્તિ કરે તે પ્રકારની ભગવદીયોની બડાઈ ધારણ કરે છે (અર્થાત્ મહાપુરુષોના અનુભવમાં શ્રીયમુનાજીનું કલિ નિવર્તકપણું =દૂર કરવાપણું રહેલું છે તેથી મહાપુરુષોની વાણીહૃદયમાં આપનું સ્વરૂપ મહત્તાભર્યું છે.) નૂતન સેવોપયોગી દેહ સંપાદન કરે છે ઈત્યાદિક અષ્ટવિધ ઐશ્વર્યની સિદ્ધિ છે. વળી પ્રભુની લીલાના દર્શન કરાવે છે, પ્રભુની લીલાના આનંદનો અનુભવ કરાવે છે. સર્વાત્મભાવની સિદ્ધિ કરે છે, ભગવાનના વિયોગમાં પણ ભગવદ્આવેશયુક્ત દેહ સિદ્ધ કરે છે. જેઓની લૌકિક સર્વ વિષયોમાં દૃષ્ટિ ન હોય પરંતુ ભીતર દૃષ્ટિ હોય તેમને પ્રભુની લીલાના દર્શનની સિદ્ધિ કરાવે છે, પ્રભુનો વિરહ હોય ત્યારે જેવો સર્વાત્મભાવ જરૂરી હોય તેવા સર્વાત્મભાવને સિદ્ધ કરે છે. ઈત્યાદિક અનેક સિદ્ધિઓ છે. તે સર્વ સિદ્ધિઓના કારણભૂત શ્રીયમુનાજી છે. મુરારિ જે શ્રીકૃષ્ણ તેઓના ચરણારવિંદની રજ, જલથીય અધિક જેમાં સ્ફુરાયમાન છે. પ્રભુના ઘણા નામો છે તેમાં મુરારિ નામ લખવાનો અભિપ્રાય એવો છે કે જેમ ભૌમાસુરે સોળ હજાર રાજકન્યાઓને રોકી હતી તેમાં તેઓને ભગવાનની પ્રાપ્તિ થવામાં પ્રતિબંધરૂપ જલનો દોષાત્મક મુર દૈત્ય હતો તેને મારીને ભગવાને સર્વનો અંગીકાર કર્યો તે રીતે પ્રભુની પ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ જે દોષ હોય તેને મીટાવીને પ્રભુ આપ ભક્તોનો અંગીકાર કરે છે જ, એવા પ્રભુના ચરણારવિંદની રજ શ્રીયમુનાજીમાં સ્ફુરાયમાન છે તે દર્શાવવા માટે મુરારિ નામ કહ્યું છે. તટ ઉપર જે નવા વન છે તેની સુગંધ જેના પુષ્પોથી પ્રકટ થઈ રહી છે તેથી સુગંધયુક્ત જલને કારણે સુરભાવ તથા અસુરભાવવાળા ભક્તોને પ્રભુનું સ્મરણ થઈ આવે તેવી શોભાને (આપ શ્રીયમુનાજી) ધારણ કરે છે. આમાં દૈન્યભાવવાળા ભક્તો છે તે સુરભાવવાળા તથા માનભાવવાળા ભક્ત છે તે અસુરભાવવાળા છે એવા ઉભય પ્રકારના ભક્તો, ભગવાનની પ્રાપ્તિ માટે શ્રીયમુનાજીનું પૂજન કરે છે. ।।૧।।

હવે શ્રીયમુનાજીના આવિર્ભાવનો પ્રકાર જણાવે છે :

કલિંદગિરિમસ્તકે પતદમંદપૂરોજ્જવલા ।
વિલાસગમનોલ્લસત્પ્રકટગંડશૈલોન્નતા ।
સઘોષગતિદંતુરા સમધિરૂઢદોલોત્તમા ।
મુકુંદરતિવર્દ્ધિની જયતિ પદ્મબંધોઃ સુતા ।।૨।।

અન્વયાર્થ : કલિન્દ-ગિરિ-મસ્તકે= કલિન્દ પર્વતના શિખર ઉપર, પતમન્દ-પુરોજ્જવલા= પડતા અત્યંત વેગવાળા જલપ્રવાહથી ઉજ્જવલતાવાળા, વિલાસ-ગમનોલ્લસત્-પ્રકટ-ગંડ-શૈલોન્નતા= વિલાસપૂર્વક ગમનમાં શોભા પ્રાપ્ત, પ્રવાહવેગથી ઉંચેથી પડેલી, પ્રકટ દેખાતી મોટી પર્વતશિલાઓ વડે ઉન્નત, સઘોષ-ગતિ-દન્તુરા= ઘોષસહિત ગતિથી વિવિધ વિકારરૂપ રસાનુરૂપ ભાવવાળા, સમધિરૂઢ-દોલોત્તમા= ઉત્તમદોલામાં (જાણે) વિરાજ્યાં ન હોય તેમ ચરણ ચલાવતાં, અથવા ઉત્તમ દોલામાં વિરાજવા છતાં પ્રિયના દર્શનની ઉત્કંઠાથી દોલામાંથી ઊંચા-નીચાં થતાં, અથવા આધિભૌતિક સ્વરૂપ ઉત્તમ દોલામાં આધ્યાત્મિક અને આધિદૈવિકરૂપથી આવિષ્ટ સુંદર રીતે વિરાજેલા, મુકુન્દ-રતિ-વર્ધિની= મુકુન્દની સ્વામિનીજીઓમાં રતિને વધારનારા, પદ્મબન્ધોઃ સુતા= રસાકર (કમલ)ના મિત્ર (સૂર્ય)ના પુત્રી (હોવાથી) જયતિ= જય પામે છે.

ભાવાર્થ : સૂર્યમંડલથી કલિન્દપર્વતની ઉપર પડવાને કારણે ફીણ બહુજ થવાથી પૂર ઘણું આવે છે, તેના વડે ઉજ્જવળ છે. ઊંચા-નીચા પર્વતઉપર ચઢવું-ઉતરવું છે તે વિલાસગતિરૂપમાં સુશોભિત છે. જલપ્રવાહનો વેગ પાષાણને ઉંચે ફેંકે છે તેથી તે પાષાણ પ્રકટ દેખાય છે. તેના વડે શ્રીયમુનાજીનો પ્રવાહ ઉંચો જોવામાં આવે છે. શબ્દસહિત પ્રવાહની ગતિથી વિલાસયુક્ત ઉત્તમ હિંડોળામાં બિરાજતા હોય એવા અનુભવાય છે. મુકુન્દ શ્રીકૃષ્ણની પ્રીતિ ભક્તોમાં વધારે છે અને ભક્તોની પ્રીતિ ભગવાનમાં વધારે છે અને કમળના બન્ધુરૂપ સૂર્યના પુત્રી છે. એવા શ્રીયમુનાજી બધાથી મોટાઈવાળા બિરાજિત છે. ૨

ટીકા : સૂર્યમંડલમાં જે નારાયણ છે તેમના આનંદાત્મક હૃદયથી

દ્રવિભૂત રસાત્મક પ્રકટ થઈને સૂર્યમંડલથી કલિંદપર્વતની ઉપર પડે છે (પધારે છે) અને ત્યાં કાલિંદીને પોતામાં મેળવી લે છે. અત્યંત ઊંચેથી પડવાથી ફીણ વધારે થાય છે તેથી ખૂબ પૂર આવે છે તે કારણે આપ ઉજ્જવલ જણાય છે. પર્વત ઉપર ઊંચે નીચે ચડવા ઉતરવાની ગતિ વિલાસરૂપ છે. તેમાં સુશોભિત અને પ્રવાહનો વેગ પાષાણને ઊંચે ઉછાળે છે તેથી તે પાષણ જલથી બહાર પ્રકટ દેખાય છે. આથી શ્રીયમુનાજીનો પ્રવાહ ઊંચો જોવામાં આવે છે. શબ્દસહિત પ્રવાહની ગતિથી આપ વિલાસયુક્ત જણાય છે અથવા સર્વ વ્રજવાસી જ્યાં જાય છે ત્યાં વ્રજને સંગે લઈને જાય છે એવા વ્રજસહિત વ્રજવાસીઓની ગતિથી વિલાસયુક્ત છે. જો કે હિંડોલામાં વિરાજેલા ન હોવા છતાં પ્રવાહ ઊંચા નીચા સ્થળો પર ચાલતો હોવાથી (ગતિ કરતો હોવાથી) અર્થાત્ પ્રવાહની ઊંચા નીચા સ્થલો પરથી ગતિ હોવાથી તે કારણે ઉત્તમ હિંડોલામાં વિરાજેલા હોય એવું જણાય છે. અત્રે 'ઉત્તમદોલા' કહેવાનો આશય એ છે કે દોલાનો સ્વભાવ આવવા-જવાનો હોય છે અને શ્રીયમુનાજીનો પ્રવાહ ભગવાનના દર્શનની આતુરતા હોય તે રીતે સન્મુખ જ જાય છે, તેથી ઉત્તમ દોલામાં અધિરૂઢ છે એવું કથન છે. મુકુંદ જે મોક્ષ આપવાવાળા શ્રીકૃષ્ણ તેમની પ્રીતિની ભક્તો પ્રતિ વૃદ્ધિ કરે છે. વળી કમલના બંધુરૂપ સૂર્યના પુત્રી એવા શ્રીયમુનાજી સર્વથી અધિકતાથી-શ્રેષ્ઠતાથી વિરાજેલા છે. ।।૨।।

હવે શ્રીયમુનાજી ભૂમિ ઉપર પધાર્યા તે પછીના ધર્મનું નિરૂપણ કરે છે :

ભુવં ભુવન-પાવનીમધિગતામઅનેક-સ્વનૈઃ ।
પ્રિયાભિરિવ સેવિતાં શુકમયૂરહંસાદિભિઃ ।।
તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા- ।
નિતંબ-તટ-સુદરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ।।૩।।

અન્વયાર્થ : ભુવન-પાવનીં= સર્વ ભુવનને પાવન કરનારા, ભુવં= ભૂતલ ઉપર, અધિગતાં= પધારેલાં, અનેક-સ્વનૈઃ=

(પોતપોતાની જાતિ પ્રમાણે વિશિષ્ટ) અનેક પ્રકારના કૂજનોવાળા, શુક-મયૂર-હંસાદિભિઃ= પોપટ, મોર, હંસ વગેરે વડે, પ્રિયાભિઃ= પ્રિય સખીઓ, ઈવ= (ની) જેમ, સેવિતાં= સેવાએલા, તરંગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-નિતમ્બ-તટ-સુંદરીં = તરંગો જ (શ્રીયમુનાજીની) ભુજાઓ છે, તેમાં જે કંકણો છે, તેમાં પ્રકટ જે મોતી છે, તે જ વાલુકા જેવા દેખાય છે, તેથી યુક્ત નિતંબ જ ઊંચા સ્થાનરૂપ તટ છે, તેથી સુંદર, કૃષ્ણ-તુર્ય-પ્રિયાં= શ્રીકૃષ્ણના ચતુર્થ પ્રિયાજી (શ્રીયમુનાજી)ને, નમત= નમો.

ભાવાર્થ : શ્રીયમુનાજી પૃથ્વીપર પધારીને ભક્તોના શરીરરૂપી ભુવનની ભગવત્સેવાને યોગ્ય શુદ્ધિ કરે છે. બધા શ્રીગોપીજનો જેમ શ્રીયમુનાજીનું સેવન કરે છે તેવી રીતે અનેકપ્રકારના કલરવ-શબ્દ કરનારા પોપટ, મોર અને હંસ વગેરે બધા પક્ષીઓ વડે શ્રીયમુનાજી સેવિત છે. શ્રીયમુનાજીના શ્રીહસ્તરૂપી તરંગ જ્યારે તીર ઉપર આવે છે ત્યારે શ્રીહસ્તમાં ધારણ કરેલા કંકણમાં મુકતાફળરૂપી વાલુકા પ્રકાશિત થાય છે. ઉભરેલા નિતંબરૂપ તટવાળા શ્રીયમુનાજી પ્રભુના ચતુર્થપ્રિયા છે. એવા શ્રીયમુનાજીને તમે સહુ નમન કરો. ૩

ટીકા : પૃથ્વી ઉપર પધારેલા શ્રીયમુનાજી, ભક્તોને ભગવદ્‌ભાવ સંપાદન કરાવીને અન્યભાવથી રહિત કરે છે તથા ભગવદ્‌સેવાને યોગ્ય શારીરિક શુદ્ધિ કરે છે તે રીતે લોકને પવિત્ર કરે છે. જેવા પ્રકારે સર્વગોપીજનો શ્રીયમુનાજીનું સેવન કરે છે તેવી રીતે અનેક શબ્દવાળા શુક, મયૂર, હંસ વગેરે સર્વ પક્ષીઓથી પણ શ્રીયમુનાજી સેવિત છે. તરંગ કિનારા ઉપર આવતાં જ પ્રસરી જાય છે તે સમયે વાલુકા પ્રકાશિત થાય છે તે વાલુકા નથી, પરંતુ તરંગ તો શ્રીયમુનાજીના શ્રીહસ્ત છે તે ઉપર જે કંકણ ધારણ કરેલા છે તેમાં જે મુક્તાફલ=મોતી લાગેલા છે તે પ્રકાશિત દેખાય છે તથા ઉંચા તટ નિતંબરૂપ છે તેમાં તરંગના બલથી વાલુકા લાગે છે તે, શ્રીહસ્ત નિતંબ પર લગાવ્યા હોય તેવી રીતે શોભે છે તેમાં વાલુકા જે પ્રકાશે છે તે કંકણના મુક્તાફલ છે. ભક્તોના ચારયુથ

મુખ્ય છે તેમાં ચતુર્થયૂથના મુખ્ય શ્રીયમુનાજી છે તેવા આપને નમન સિવાય બીજું જીવ કરી પણ શું શકે? તેથી શ્રીઆચાર્યજી સર્વસેવકોને આજ્ઞા કરે છે આવા શ્રીયમુનાજીને તમો સર્વ પણ નમન કરો (નમત કૃષ્ણતુર્યપ્રિયામ્) ।।૩।।

હવે ચોથા શ્લોકમાં શ્રીયમુનાજીના ભગવાન્ સમાન જ ધર્મો છે તે દર્શાવવા ઉભયના સમાનધર્મપણાનું નિરૂપણ કરે છે :

અનંત-ગુણ-ભૂષિતે શિવ-વિરંચિ-દેવ-સ્તુતે ।
ઘનાઘન-નિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।
વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે ।
કૃપા-જલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।૪।।

અન્વયાર્થ : અનંત-ગુણ-ભૂષિતે= (સંખ્યા અને વિશાલમાં) અનંત નિત્ય ગુણોથી ભૂષિત પ્રભુમાં, (હે અનંત ભગવાનના ગુણોથી ભૂષિત,) શિવ-વિરંચિ-દેવ-સ્તુતે= શિવ બ્રહ્મા વગેરે દેવો વડે સ્તુતિ કરાયેલા પ્રભુમાં, (હે! શિવ બ્રહ્માદિ વડે સ્તુતિ કરાયેલા) સદા= હમેશાં, ઘનાઘનનિભે= મેઘ સમૂહ જેવા શ્યામ પ્રભુમાં, (હે! મેઘસમૂહ જેવા શ્યામ) ધ્રુવ-પરાશરાભીષ્ટદે= ધ્રુવજી, પરાશરજીને ઈચ્છેલું દેનારા પ્રભુમાં, (હે! ધ્રુવ પરાશરને ઈચ્છેલું દેનારા) વિશુદ્ધ-મથુરાતટે= વિશુદ્ધ મથુરા જેની નિકટમાં છે તેવા પ્રભુમાં, (હે! જેના તટે વિશુદ્ધ મથુરા છે તેવા) સકલ-ગોપ-ગોપી-વૃતે= સકલ ગોપ ગોપીજનોથી વીંટળાયેલા પ્રભુમાં (હે! સકલ ગોપ ગોપીજનથી વીંટળાયેલા) કૃપા-જલધિ-સંશ્રિતે= નિરવધિ કૃપાયુક્ત હરિમાં, (હે! કૃપાસાગરના આશ્રયે રહેલા) મમ= મારા, મનઃસુખં= મનમાં (ભગવત્ સ્વરૂપાનંદરૂપ) સુખને, ભાવય= વિચારો!

ભાવાર્થ : અનંતગુણોથી ભુષિત, શિવ બ્રહ્મા વગેરે દેવતાઓ દ્વારા સ્તુતિ કરવામાં આવેલા, સઘનમેઘ સમાન કાન્તિવાળા, ધ્રુવ પરાશર વગેરે ઋષિઓને સકલ મનોરથ દેનારા, વિશુદ્ધ મથુરાજી જેમના તટ

ઉપર છે એવા, સઘળા ગોપ-ગોપાંગના-ઓથી શોભાયમાન તેમજ કૃપાસાગર શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેનારા હે શ્રીયમુનાજી ! મારા મનને સુખ થાય એમ કરો. ૪

ટીકા : આ શ્લોકમાં ષડ્ધર્મયુક્ત સપ્તમ ધર્મીનું નિરૂપણ હોવાથી તે દર્શાવવા સાત વિશેષણો છે. તેમાં ભગવાનમાં વિશેષણોને યોજતાં સપ્તમી વિભક્તિનો અર્થ કરવો અને શ્રીયમુનાજીમાં વિશેષણોને યોજતાં સંબોધનનો અર્થ લેવો.

શ્રીઠાકોરજી અસંખ્ય ગુણો વડે અલંકૃત છે તો રાસોત્સવાદિકમાં અનંતરૂપ ધરવાવાળા ભગવાનના ગુણો વડે શ્રીયમુનાજી અલંકૃત છે.

શિવ બ્રહ્મા પ્રભૃતિ, સર્વ દેવ ભગવાનની તેમજ શ્રીયમુનાજીની સ્તુતિ કરે છે (ઐશ્વર્ય) =વગેરે ઉભય મંદમંદવર્ષાયુક્ત શ્યામમેઘ જેવી શોભાવામાં છે (વીર્ય.) ધ્રુવ તથા પરાશરને હમેશાં-નિરંતર સર્વ પ્રકારના ઈચ્છિત દેવાવાળા ભગવાન્ તથા શ્રીયમુનાજી છે. શ્રીઠાકોરજીની સમીપમાં અત્યંત શુદ્ધ શ્રીમથુરાજી છે તથા શ્રીયમુનાજીના (તો) તટ ઉપર (જ) શ્રીમથુરાજી છે સમગ્ર ગોપ તથા ગોપીજનોના સમૂહથી વીંટળાયેલા શ્રીઠાકોરજી છે તેમ શ્રીયમુનાજીના કિનારે ગોપગોપીજનોને પ્રથમ શ્રીઠાકોરજીના સમ્બન્ધનો અનુભવ થયો છે તેથી સઘળા ગોપગોપીજનો વડે શ્રીયમુનાજી પણ વીંટળાયેલા (ઘેરાયેલા) છે. કૃપારૂપ સમુદ્રના આશ્રયનું સુંદર સ્થાન શ્રીઠાકોરજી છે તેથી કૃપારૂપ સમુદ્ર શ્રીઠાકોરજીનો જ આશ્રય કરીને રહે છે એવાજ ષડ્ધર્મયુક્ત હે શ્રીયમુનાજી ! આપ પણ અપાર કરૂણાસાગર શ્રીઠાકોરજીમાં ઓતપ્રોત છે જેથી આપમાં જે ઓતપ્રોત થાય છે-મળે છે તે આપના બળથી જ શ્રીઠાકોરજીમાં મળે છે. માટે આવા ષડ્ધર્મયુક્ત તથા કૃપાના સાગર જેમાં નિવાસ કરી રહે છે તેવા શ્રીઠાકોરજીમાં મારું મન ભાવસહિત આનંદનો અનુભવ કેવી રીતે કરી શકે? તે આપ વિચારો અથવા ભગવત્સ્વરૂપના અનુભવનું મારા મનમાં જે પ્રકારે સુખ થાય તેવી ભાવના આપ આપના મનમાં કરો કે જેથી આપના મનમાં એ વિચાર થતાં જ તે સુખ મને

મળશે ।।૪।।

હવે ભગવદીઓની બડાઈ (ઉત્કર્ષ) કરવાવાળા શ્રીયમુનાજીના ઉત્કર્ષને (બડાઈને) કહેવામાં કોણ સમર્થ છે? તેનું નિરૂપણ કરે છે :

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયંભાવુકા ।
સમાગમનતોઽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ।।
તયા સદશતામિયાત્ કમલજા સપત્નીવ યદ્ ।
હરિપ્રિય-કલિંદયા મનસિ મે સદા સ્થીયતામ્ ।।૫।।

અન્વયાર્થ : યયા= જેની સાથે, સમાગમનતઃ= સંગમથી, ચરણ-પદ્મજા= ચરણકમલમાંથી ઉત્પન્ન થયેલા ગંગાજી, મુરરિપોઃ= શ્રીકૃષ્ણનું, પ્રિયં= પ્રિય, ભાવુકા= ભાવન કરનાર, સેવતાં= સેવનારાઓને, સકલ-સિદ્ધિદા= સકલ સિદ્ધિ દેનારા, અભવત્= થયા, તયા= તેવા (તે આપની) સાથે, સદશતાં= સમાનતામાં, સપત્ની= શોક્ય, ઈવ= જેવાં, યત્= કારણથી, કમલજા= કમલમાંથી પ્રકટેલા લક્ષ્મીજી, ઈયાત્= પ્રાપ્ત થાય, હરિ-પ્રિય-કલિન્દયા= શ્રીહરિના પ્રિયજનોના દોષોને દૂર કરનારા, મે= મારા, મનસિ= મનમાં, સદા= હમેશાં, સ્થિયતાં= વિરાજો !

ભાવાર્થ : ગંગાજી પણ શ્રીયમુનાજીની સાથે મળેલા છે તેથી મુરરિપુ ભગવાનને અત્યંત પ્રિય બન્યા છે અને સેવન કરનારને સમગ્ર સિદ્ધિ આપવાવાળા બન્યા છે. આવા શ્રીયમુનાજીની બરોબરીને કોઈ મેળવી શકે છે તો તે શ્રીલક્ષ્મીજી હોઈ શકે છે. કેમ? તો શ્રીલક્ષ્મીજી શ્રીયમુનાજીના સપત્ની (શોકય) થાય છે. આવા શ્રીયમુનાજી ભક્તોના દુઃખ તથા પાપને હરવાવાળા છે એમની મારા મનમાં સ્થિતિ થાય. ૫

ટીકા : ભગવાનના ચરણકમલમાંથી પ્રકટ થયેલા, ભક્તિમાર્ગીય તથા નિર્દોષગુણપૂર્ણ એવા ગંગાજી પ્રયાગમાં શ્રીયમુનાજી સંગે મળે છે તેથી ભક્તોના પ્રતિબંધ દૂર કરવાવાળા જે હરિ-ભગવાન્ છે તેમને અત્યંત પ્રિય બન્યા છે. તેમજ પોતાનું સેવન કરવાવાળાને પણ

(શ્રીયમુનાજી સંગથી) સમગ્ર સિદ્ધિ દેવાવાળા બન્યા છે એવા શ્રીયમુનાજીની બરાબરીને શું કોઈ પ્રાપ્ત કરી શકે છે? કદાચિત્- અગર કોઈ હોય તો તે શ્રીલક્ષ્મીજી હોય, કેમકે શ્રીલક્ષ્મીજી પણ ભગવાનના પત્ની છે તેથી તે શ્રીયમુનાજીના સપત્ની થાય છે. અત્રે શ્રીલક્ષ્મીજીને શ્રીયમુનાજીના સપત્ની છે એમ કહેવામાં આશય એ છે કે જે જેની સપત્ની હોય તે તેના સ્વભાવથી વિરુદ્ધ વિપરીત સ્વભાવવાળા છે તેવું સૂચિત કર્યું છે. તેથી કહે છે કે ભક્તોના દુઃખ તથા પાપને હરવાવાળા, ભગવાનના ભક્તોના કલિના દોષોનું ખંડન કરવાવાળા શ્રીયમુનાજી છે તેમની મારા મનમાં સ્થિતિ થાય- મારા મનમાં આપ હમેશાં બિરાજે- આમ શ્રીલક્ષ્મીજી ભક્તોને (તો) અનુકૂળ નથી જ્યારે શ્રીયમુનાજી ભક્તોને તો સર્વપ્રકારે અનુકૂળ છે ।।૫।।

આવા ભક્તોને અનુકૂળ શ્રીયમુનાજી, ભગવાનને અત્યંત પ્રિય છે તેમને નમન સિવાય બીજું કશું જ કરી શકાય નહિ એવા અભિપ્રાયથી હવે કહે છે :

નમોઽસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્ભુતમ્ ।
ન જાતુ યમયાતના ભવતિ તે પયઃપાનતઃ ।।
યમોઽપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ ।
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ।।૬।।

અન્વયાર્થ : યમુને= હે યમુને! નમઃ= (આપને) નમન, અસ્તુ= હો! તવ= તમારું, ચરિત્રં= ચરિત, અત્યદ્ભુતં= અતિશય અદ્ભુત (છે,) તે= તમારા, પયઃપાનતઃ= જલપાનથી, યમ-યાતના= યમ સમ્બન્ધી દુઃખો, જાતુ= ક્યારેય પણ, ન ભવતિ= થતાં નથી, યમઃ= યમરાજા, અપિ= પણ, ભગિની-સુતાન્= ભાણેજોને, દુષ્ટાન્= દુષ્ટ, અપિ= (હોવા છતાં) પણ, કથં= કઈ રીતે, ઉ= અહો ! હન્તિ= મારે?! તવ= તમારી, સેવનાત્= સેવાથી, હરેઃ= (જીવ) હરિનો, પ્રિયઃ= પ્રિયજન, ભવતિ= થાય છે, યથા= જેમ, ગોપિકાઃ= શ્રીગોપીજનો !

ભાવાર્થ : હે શ્રીયમુનાજી! આપને સદા નમસ્કાર હો. આપનું ચરિત્ર અતિશય અદ્‌ભુત છે. આપનાં જલનું પાન કરવાથી ક્યારેયપણ યમસંબંધી પીડા થતી નથી. કેમ? તો બહેનના પુત્ર કદાચ દુષ્ટ હોય તો પણ યમરાજ તેને દંડ કેવી રીતે આપે? આપની સેવા કરવાથી શ્રીગોપીજનોની જેમ (જીવપણ) શ્રીહરિના પ્રિય બને છે.

ટીકા : એવું છે કે ભગવાનનું માહાત્મ્ય તો બધાંજ શાસ્ત્રોમાં અતિ પ્રસિદ્ધ છે તેથી ભગવાનને તો નમન થઈ શકે છે જ્યારે શ્રીયમુનાજીનું માહાત્મ્ય તો લીલાસૃષ્ટિમાં પ્રવેશ પામ્યા પછી તેવા પ્રકારનો ભાવ પ્રાપ્ત થાય ત્યારે જ જાણી શકાય અને તે પછી જ નમન થાય તેથી નમન માટેની પ્રાર્થના કરે છે કે હે શ્રીયમુનાજી! આપને સદા જ સદા નમન! આપના પયપાનથી યમયાતના તો ક્યારેય થાય જ નહિ આ આપનું ચરિત્ર અતિ અદ્‌ભુત છે. જેવી રીતે ભગવાન્ અદ્‌ભુતકર્મવાળા છે. કારણ : કામ, ભય, દ્વેષ વગેરે જે ભગવાનને મળવાના- સાધન તો નથી પરંતુ ઉત્તમ ગતિ માટે ય પ્રતિબંધક છે છતાં પણ જૂઓ કે શ્રીગોપીજનો કામથી, કંસ ભયથી, તથા શિશુપાલ આદિ દ્વેષથી ભગવાનને પ્રાપ્ત થયા છે! અર્થાત્ જ્યાં કામાદિક જેવા અસાધનોને પણ ભગવાને સાધનરૂપ (પોતાની પ્રાપ્તિ માટે) કરી દીધા- તેવી રીતે જ માત્ર તૃષા-તરસ મીટાવવા માટે પણ શ્રીયમુનાજીના જલનું પાન કોઈ કરે તો તે કાંઈ ઉત્તમગતિ મળવા માટેનું કે યમયાતના ટળવા માટેનું સાધન તો નથી છતાં પણ તેવા પાનથી ય યમયાતના ટળી જાય છે, ઉત્તમગતિ (પણ) મળે છે. શ્રીયમુનાજીના આવા અદ્‌ભુત ચરિત્ર છે. શ્રીયમુનાજીના પયપાનથી યમયાતના ટળી જાય છે તેમાં યુક્તિ કહે છે કે બહેનના પુત્ર કદાચિત દુષ્ટ હોય તો પણ તેઓને તેમના ભાઈ યમ દંડ કેવી રીતે આપે? કારણ : બહેનના પુત્ર=ભાણેજ તો સદાસર્વદા માનપાત્ર છે. વળી યમ ઉત્પન્ન થયા પછી જ તેમના દોષની નિવૃત્તિ માટે શ્રીયમુનાજી પ્રકટ થયા છે, તેથી તે યમને મન અતિ આદરપાત્ર છે. વળી પયઃ શબ્દનો અર્થ દૂધ તથા જલ બંને પ્રકારનો થાય છે. તેથી

શ્રીયમુનાજીનું પયપાન કરવાવાળા તેમના પુત્ર થયા તથા યમના તો ભાણેજ થયા તો તેઓને યમ કેવી રીતે દંડ દઈ શકે?

આવા દોષનિવારક અદ્ભુત ચરિત્રનું નિરૂપણ કરીને હવે ફલસંપાદક અદ્ભુત ચરિત્રનું નિરૂપણ કરે છે. જેમ શ્રીગોપીજનો હરિને પ્રિય થયા છે તેમ તમારા સેવનથી જીવ પણ હરિને પ્રિય બને છે. અન્ય કોઈકના સેવનથી અન્ય કોઈક પ્રસન્ન થાય તેવું તો લોકમાં પણ બનતું નથી જોવા મળતું નથી જોયું નથી, જ્યારે અત્રે તો શ્રીયમુનાજીના સેવનથી પ્રભુ પ્રસન્ન થાય અર્થાત્ સેવો શ્રીયમુનાજીને અને પ્રસન્ન થાય ભગવાન્! જેમકે કાત્યાયની વ્રતના પ્રસંગમાં કુમારિકાઓના શ્રીયમુનાજીના સેવનથી પ્રભુ પ્રસન્ન થયા છે. આ શ્રીયમુનાજીના અદ્ભુત ચરિત્ર છે. ।।૬।।

દેહનો અવશ્ય ધર્મ એ છે કે જે જેવું કર્મ કરે તેવો બીજો દેહ તેને મળે. આવા આવશ્યક દૈહિક ધર્મમાં પણ જ્યાં તમારો (શ્રીયમુનાજીને) સમ્બન્ધ થયો ત્યાર પછી મુક્તિથીય અધિક એવી ભક્તિની પ્રાપ્તિ થાય છે ત્યાં યમયાતના જેવી વસ્તુનો અભાવ થાય તેમાં શું શંકા છે? તેનું નિરૂપણ કરે છેઃ

મમાસ્તુ તવ સન્નિધૌ તનુનવત્વમેતાવતા ।
ન દુર્લભતમા રતિઃ મુરરિપૌ મુકુંદપ્રિયે ।।
અતોઽસ્તુ તવ લાલના સુરધુની પરં સંગમાત્ ।।
તવૈવ ભુવિ કીર્તિતા ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ।।૭।।

અન્વયાર્થ : તવ= તમારા, સન્નિધૌ= નિકટમાં, મમ= મારું, તનુ-નવત્વં= શરીરનું નવીન પણું, અસ્તુ= થાવ, એતાવતા= આટલાથી, મુર-રિપૌ= મુરના શત્રુ (ભગવાન્ શ્રીકૃષ્ણમાં) રતિઃ= પ્રીતિ= ભક્તિ, દુર્લભતમા= અત્યંત દુર્લભ, ન= નથી, અતઃ= આથી, મુકુન્દ-પ્રિયે= હે મોક્ષદાતા ભગવાન્ શ્રીકૃષ્ણના પ્રિયે! તવ= તમારાં, લાલના= લાડ, અસ્તુ= હો, સુરધુની= ગંગાજી, ભુવિ= પૃથ્વી ઉપર,

કીર્તિતા= સ્તવાયેલા, પરં= પરંતુ, તવ= તમારા, એવ= જ, સંગમાત્= સંગમથી, પુષ્ટિ-સ્થિતૈઃ= પુષ્ટિભક્તિમાર્ગમાં રહેલાઓ વડે, તુ= તો, કદા= ક્યારેય, અપિ= પણ, ન= નહિ.

ભાવાર્થ : હે હરિપ્રિય શ્રીયમુનાજી! આપના સાન્નિધ્યમાં મારું શરીર દિવ્ય-નવીન થઈ જાય, એટલે કે લીલામાં પ્રવેશ કરવા લાયક અલૌકિક બની જાય. આટલાથીજ મુરદાનવને મારનારા શ્રીકૃષ્ણમાં પ્રીતિ થવી અતિદુર્લભ નથી, તે કારણથી આપના (સ્તુતિરૂપ) લાડ-કોડ થાય. શ્રીગંગાજીની આપના જ સમાગમથી ભૂતલ ઉપર સ્તુતિ કરવામાં આવી છે, પરંતુ પુષ્ટિસ્થિત જીવોએ આ વિષયમાં આપના સાન્નિધ્ય વિનાના એમની સ્તુતિ નથી કરી, કેમ? તો એમના દ્વારા મુક્તિ તો મળે છે પરંતુ લીલામાં યોગ્ય એવો દેહ નથી મળતો. ૭

ટીકા : મને આપના સાન્નિધ્યમાં લીલોપયોગી નવીન દેહસંપત્તિ પ્રાપ્ત થાય. લૌકિક દેહ મટે અને અલૌકિક દેહ પ્રાપ્ત થતાં જ મુરરિપુ (ભગવાન)માં પ્રાપ્તિ લેશ પણ દુર્લભ નથી. કદાચિત્ પ્રતિબંધક થશે તો પણ તમારા સમ્બન્ધથી ભગવાન્ આપજ તેને દૂર કરી ઘરમાં જ મોક્ષસુખ (ભજનાનંદ સુખ) પ્રાપ્ત થાય તેવા ચતુર્વિધ પુરુષાર્થના સુખનો અનુભવ થશે. આ દર્શાવવા માટે જ 'મુરરિપુ' પદનો પ્રયોગ છે. તથા 'મુકુંદપ્રિયે'! એવું સંબોધન આપ્યું છે. તેમજ તમારા સન્નિધાનમાં જ અલૌકિક દેહની પ્રાપ્તિ થવાનું કહ્યું છે. તેથી જ્યાં દુષ્ટોના સન્નિધાનમાં શ્રીયમુનાજીનો તિરોભાવ છે, ત્યાં અલૌકિક દેહની પ્રાપ્તિ નહિ થાય એવું સૂચન કર્યું છે. તમારા સન્નિધાનમાં જ જ્યાં અલૌકિક દેહની પ્રાપ્તિ થાય ત્યાં યમયાતનાનો અભાવ થવામાં શંકા જ ક્યાં છે? એવું દર્શાવ્યું છે. તેથી જ્યાં સુધી આધુનિક શરીરની નિવૃત્તિ ન થાય ત્યાં સુધી જેવી રીતે માતા બાળકને લાડ કરતી વેળા બાળકની પ્રશંસા (સ્તુતિ) કરે છે તે ગુણ વર્ણન નથી, તેમ તમારી આ સ્તુતિ પણ લાલના રૂપ થાય (અર્થાત્ પ્યારભરી ભાષારૂપ થાય).

જેમની ખૂબ બડાઈ છે એવા ગંગાજીનું કીર્તન જે નિઃસાધન

અનુગ્રહમાર્ગવાળા પૃથ્વી ઉપર કરે છે તે તમારા સંગમથી કરે છે. કારણ : ગીતાજીમાં વિભૂતિના અધ્યાયમાં ગંગાજી ભગવાનના વિભૂતિ છે એમ કહેલું છે. તેનું જ્ઞાન ના હોય અથવા જે વિભૂતિના ઉપાસક હોય તે તો કદાચિત્ વિભૂતિરૂપ ગંગાજીની સ્તુતિ કરે, પરંતુ પુષ્ટિમાર્ગીય ભક્ત તો પૂર્ણપુરુષોત્તમના ઉપાસક છે તે વિભૂતિરૂપ કેવળ ગંગાજીની સ્તુતિ કરે જ નહિ. એ તો અગર સ્તુતિ કરે તો તે પણ તમારા (શ્રીયમુનાજીના) સંગને કારણે જ= સંગમથી જ ગંગાજીની સ્તુતિ કરે છે.।।૭।।

(આમ) સર્વને વંદન કરવા યોગ્ય એવા ગંગાજીની સ્તુતિ પણ આપના સમ્બન્ધથી થાય છે ત્યાં આપની સ્તુતિ કરવામાં કોણ સમર્થ છે? એવા અભિપ્રાયથી કહે છે :

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ પ્રિયે ।
હરેર્યદનુસેવયા ભવતિ સૌખ્યમામોક્ષતઃ ।।
ઈયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સંગમ- ।
સ્મર-શ્રમજ- લાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સંગમઃ ।।૮।।

અન્વયાર્થ : કમલજા સપત્ની= હે લક્ષ્મીજીના સપત્ની! પ્રિયે= હે પ્રિયે! તવ= તમારી, સ્તુતિં= સ્તુતિ, કઃ= કોણ, કરોતિ= કરી શકે છે? હરેઃ= હરિ (પુરુષોત્તમ શ્રીકૃષ્ણની) યદનુસેવયા= (જેની) અનુ (સેવા પછી) સેવા વડે, આમોક્ષતઃ= મોક્ષ પર્યંતના (સાલોક્યાદિ) સૌખ્યં= સુખ, ભવતિ= થાય છે, તવ= તમારી, ઈયં= આ, કથા= વાત, અધિકા= અધિક, સકલગાત્રજૈઃ= સર્વાંગમાંથી ઉત્પન્ન થતાં, સકલ-ગોપિકા-સંગમ-સ્મર-શ્રમ-જલાણુભિઃ= બધાં શ્રીગોપીજનોના સંગમથી સ્મર સમ્બન્ધી શ્રમથી ઉત્પન્ન થયેલા જલબિંદુઓ વડે, સંગમઃ= સમાગમ (છે.)

ભાવાર્થ : લક્ષ્મીજીના સપત્ની અને હરિને પ્રિય એવા હે શ્રીયમુનાજી! આપની સ્તુતિ કરવા કોણ સમર્થ છે? કેમ? તો શ્રીહરિના પછી લક્ષ્મીજીની પણ સેવા કરે તો મોક્ષસુધીનું સુખ મળે છે, પરંતુ

આપનું તો ચરિત્ર એટલું અધિક છે કે સમસ્ત ગોપીજનોના સંગમથી સ્મરસંબંધી જે શ્રમ થાય છે તેના કારણે જે સ્વેદજલના બિંદુ સઘળા શરીરમાંથી ઉત્પન્ન થાય છે તેનો સંગ આપની સાથે છે. તેથી તેનો સંબંધ આપ ભક્તોને કરાવો છો. ૮

ટીકા : લક્ષ્મીજીના સપત્ની, હરિને પ્રિય એવા હે શ્રીયમુનાજી! આપની સ્તુતિ કોણ કરી શકે? (અર્થાત્ આપની સ્તુતિ કરવાના અધિકારી કોણ?) કોઈ ના કરી શકે. કેમ? કે આપ લક્ષ્મીજીના સમાન સૌભાગ્યવાળા છે, તો પણ હરિને વિશેષ પ્રિય (તો) આપ છે. ભક્ત મુખ્યતાથી હરિનું સેવન કરીને, તેમની અનુકૂળતાથી જ્યારે ગૌણભાવથી લક્ષ્મીજીનું સેવન કરે ત્યારે મોક્ષપર્યંત= મોક્ષ સુધીનું સુખ મળે છે. કેવળ (વિભૂતિરૂપ) લક્ષ્મીજી તો ધનાદિ સંપત્તિ દ્વારા વિષયાસક્તિ કરાવીને મોક્ષનો વિઘાત કરે છે. જ્યારે તમારી તો કથા અધિક છે. આપ મોક્ષના સુખનો અનુભવ કરાવો છો તેમજ સમસ્ત શ્રીગોપીજનોના સંગમને કારણે સ્મરસમ્બન્ધી શ્રમ થતાં. સકલ અંગમાંથી ઉદ્ભવેલા સ્મરશ્રમજલબિંદુઓનો સંગમ જેઓને પ્રાપ્ત થયેલ છે. તેવાઓનો સમ્બન્ધ ભક્તોને કરાવો છો. આ રીતે આપની (શ્રીયમુનાજીની) કથા તો અધિક છે, તેથી લક્ષ્મીજીની સ્તુતિ કદાચિત્ કરી શકાય પરંતુ આપની સ્તુતિ કોણ કરી શકે? કોઈ જ નહિ. ।।૮।।

હવે આવા શ્રીયમુનાજીની સ્તુતિ કરીને સ્તોત્રના પાઠનું ફલ કહે છે :

તવાષ્ટકમિદં મુદા પઠતિ સૂરસૂતે સદા ।
સમસ્ત-દુરિત-ક્ષયો ભવતિ વૈ મુકુંદે રતિઃ ।।
તયા સકલ-સિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ ।
સ્વભાવ-વિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ।।૯।।

અન્વયાર્થ : સૂર-સૂતે= હે સૂર્યપુત્રી! તવ= તમારું, ઈદં= આ, અષ્ટકં= અષ્ટક, સદા= હમેશાં, મુદા= હર્ષપૂર્વક, પઠતિ= (જે) પાઠ કરે છે, સમસ્ત-દુરિત-ક્ષયઃ= (તેના) બધાં જ પાપ-દોષ-

દુર્બલતાઓનો નાશ, ભવતિ= થાય છે, મુકુન્દે= મોક્ષદાતા પ્રભુમાં, રતિઃ= પ્રેમ=ભક્તિ, વૈ= ખરેખર, ભવતિ= થાય છે, તયા= તે (રતિ) વડે, સકલ સિદ્ધયઃ= સઘળી સિદ્ધિઓ (મળે છે.) મુર-રિપુઃ= મુરના શત્રુ (ભગવાન્ શ્રીકૃષ્ણ) ચ= અને, સન્તુષ્યતિ= સંતોષ માને છે, સ્વભાવવિજયઃ= વાસના સહિત સ્વભાવનું બદલાવું, દુષ્ટ સ્વભાવનું ઉત્તમ સ્વભાવપણું, લૌકિક કામભાવરૂપ જીવ સ્વભાવનું બદલાવું, સર્વાત્મભાવ થવો તે, પ્રાકૃત સ્વભાવને લીલોપયોગી ગુણાતીતરૂપ, માનાદિ સ્વભાવને બદલે દીનભાવસિદ્ધિ, ભવેત્= થાય (એમ) શ્રીહરેઃ= નિઃસાધનજન ઉદ્ધારક-સાકાર-સુંદર રસાત્મક, સાક્ષાત્ પુષ્ટિ પુરુષોત્તમ સમ્બન્ધી, વલ્લભઃ= પ્રિય શ્રીવલ્લભ, વદતિ= કહે છે.

ભાવાર્થ : હે સૂર્યપુત્રી શ્રીયમુનાજી! આપના આ અષ્ટકનો પ્રસન્નતાથી જે નિત્ય નિરંતર પાઠ કરે છે તેના સમસ્ત દુરિત- પાપનો ક્ષય થાય, મોક્ષ આપવાવાળા ભગવાનમાં નિશ્ચય પ્રીતિ થાય, તેનાથી આરંભમાં દર્શાવી છે તે સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય, પ્રતિબંધ નિવૃત્ત કરવાવાળા ભગવાન્ પ્રસન્ન થાય, અંતઃકરણની વાસના સહિત (લૌકિકતાના અવશેષ બાબતે) સ્વભાવ પલટાઈ જાય અને જેના ઉપર એકમાત્ર વ્રજભક્તોનો જ અધિકાર છે તેવો આનંદ જે આપ અન્યને આપતા નથી તેવો ભગવાનનો જે સ્વભાવ છે તે સ્વભાવ પણ ફરી જાય છે (પલટાઈ જાય છે.) આમ પ્રભુને પ્રિય શ્રીઆચાર્યજી મહાપ્રભુજી કહે છે.

ટીકા : આમ આ સ્તોત્રના પાઠ કરવાવાળાને આપ આ આનંદનું દાન કરે છે. એવું ભક્તોના દુઃખ તથા પાપને હરવાવાળા, પ્રભુને પ્રિય વલ્લભ શ્રીઆચાર્યજી મહાપ્રભુ કહે છે :

જોકે શ્રીયમુનાજીના અન્ય સ્તોત્ર છે. તો પણ આ સ્તોત્રના પઠનથી જે સર્વ ફલ પ્રાપ્તિ થાય છે તેવા ફળ અન્ય સ્તોત્રના પઠનથી-પાઠથી મળતાં નથી. એવું કેમ? અન્ય સ્તોત્રમાં આ પ્રકારના સ્વરૂપનું નિરૂપણ જ નથી. (અર્થાત્ આ સ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીએ શ્રીયમુનાજીના

જે પ્રકારના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે તે પ્રકારના સ્વરૂપનું નિરૂપણ અન્ય સ્તોત્રમાં નથી-ક્યાંથી હોય?) તેથી પ્રસન્નતાથી સદા પાઠ કરે ત્યારે ફળ મળે કેમકે તેમ કરતાં અર્થનું જ્ઞાન થાય ત્યારે આનંદ પ્રાપ્ત થાય અને સદા પાઠ કરવાથી આસુરાવેશ ન થાય. તેવા શ્રીયમુનાજીના આ સ્તોત્રથી જ આ ફળ મળે છે, બીજાઓના સ્તોત્રથી નથી મળતાં ભગવાને પોતાનું અષ્ટવિધઐશ્વર્ય શ્રીયમુનાજીને સોંપ્યું છે અર્પણ કર્યું છે. તેથી શ્રીયમુનાજીના આ અષ્ટકનું અર્થાનુસંધાનપૂર્વક= અર્થને બરાબર સમજીને પ્રસન્નતાથી ઉમંગથી અહર્નિશ= હમેશાં પાઠ કરે તો સર્વફળ પ્રાપ્ત થાય. ||૯||

|| ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત ''શ્રીયમુનાષ્ટક'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ||

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| શ્રીગોપીજનવલ્લભાય નમઃ ||

|| બાલબોધઃ ||

અન્ય મતોમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થને જ ફલરૂપથી એવા પ્રકારે કહ્યા છે જેનાથી જીવોની પ્રવૃત્તિ પુરુષાર્થ સિદ્ધ કરવામાં જ થાય છે. પરંતુ ભક્તિમાં જે મહાનતા છે ઉત્કર્ષ છે તે જીવ જાણતો નથી તે દર્શાવવા માટે પુરુષાર્થના સ્વરૂપના નિરૂપણપૂર્વક આપણા (પુષ્ટિમાર્ગના) સિદ્ધાંતરૂપ મંગલાચરણ કરે છે :

નત્વા હરિં સદાનંદં સર્વ-સિદ્ધાન્ત-સંગ્રહમ્ ।
બાલ-પ્રબોધનાર્થાય વદામિ સુવિનિશ્ચિતમ્ ।।૧।।

અન્વયાર્થ : હરિં= હરિ, સદાનન્દં= કૃષ્ણને, નત્વા= નમન કરીને, સુવિનિશ્ચિતં= સારી રીતે વિશેષ પ્રકારે એકાગ્રતાથી નિર્ધારિત, સર્વ-સિદ્ધાન્ત-સંગ્રહં= બધા (પુરુષાર્થ પ્રતિપાદક ઉપયોગી-નિરુપયોગી શાસ્ત્રોના ફલસાધનના સારરૂપ) સિદ્ધાંતોનું સરખી રીતે જ્ઞાન થાય તેવો સંગ્રહ-ગ્રંથ, બાલ-પ્રબોધનાર્થાય= બાલકોને (અન્ય સાધન-ફલ-ભ્રમ દૂર કરીને યથાધિકાર પ્રપત્તિ (શરણ) કે ભક્તિમાં પ્રવેશરૂપ) જ્ઞાન માટે, વદામિ= કહું છું.

ભાવાર્થ : ભક્તોના દુઃખ તથા પાપ હરવાવાળા સદાનંદ (શ્રીકૃષ્ણ) ભગવાનને નમન કરીને, બાલકોને સુંદર રીતે બોધ થાય તે માટે, સર્વ પ્રમાણોથી નિશ્ચિત કરવામાં આવેલા સર્વસિદ્ધાંતોનો સંગ્રહ હવે હું કહીશ. ૧

ટીકા : ભગવાન્ 'હરિ' છે તેથી દુઃખની નિવૃત્તિ કરે છે અને સદાનંદ છે તેથી સુખની પ્રાપ્તિ કરાવે છે. શ્રીઆચાર્યજીએ હરિને નમન કરીને તેઓને એવું દર્શાવ્યું કે જીવોએ અગર દુઃખની નિવૃત્તિ તથા સુખની પ્રાપ્તિની ઈચ્છા હોય તો દીનતાપૂર્વક ભગવાનને નમન કરવું.

તેમ કરીને સર્વસિદ્ધાંતનો સંગ્રહ કહીશ એમ કહ્યું છે. એટલે પુરુષાર્થનું પ્રતિપાદન કરવાવાળા જે શાસ્ત્રો છે તેઓનો જેમાં નિચોડ-નિષ્કર્ષ-સાર છે એવો ગ્રંથ કહું છું.

આ ગ્રંથ બાળકોને શિક્ષાબોધ કરવાને માટે છે. પોતાનું હિત શું છે? અહિત શામાં છે? એ જાણતા નથી અને ભાવ શુદ્ધ છે તેથી દયાને પાત્ર છે તે બાલક કહેવાય છે. તેઓને અન્યફલસાધન વિષયક ઉપાય ગ્રહણ કરવાનો ભ્રમ દૂર કરીને અર્થાત્ ભક્તિ સિવાયના અન્ય જે ફલો છે તે બાબતે તથા તેને મેળવવાના સાધનો બાબતમાં, તેને પ્રાપ્ત કરવાના જે ઉપાયો છે તે અંગેના તેઓના ભ્રમને દૂર કરીને જેવો અધિકાર તે પ્રમાણે ભક્તિમાં અથવા શરણાગતિમાં પ્રવેશ પામવાને સમર્થ થાય એવો બોધ ઉત્પન્ન કરવા માટે આ ગ્રંથ છે. ।।૧।।

આ રીતે અન્ય ફલનો સમ્બન્ધ દર્શાવીને પ્રથમથી જ પુરુષાર્થોના વિષય બાબતે શંકાઓ (સંદેહો) નિર્મૂળ કરવા માટે સંક્ષેપથી તેનો નિશ્ચય કહે છે :

'ધર્માર્થ-કામ-મોક્ષા'ખ્યાઃ ચત્વારો-ऽર્થા મનીષિણામ્ ।।
જીવેશ્વર-વિચારેણ દ્વિધા તે હિ વિચારિતાઃ ।।૨।।

અન્વયાર્થ : મનીષિણાં= બુદ્ધિવાળાઓના, ધર્માર્થ-કામ-મોક્ષાખ્યાઃ= ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ નામના (કહેવાતા) ચત્વારઃ= ચાર, અર્થાઃ= પુરુષાર્થો (છે) તે= તે, જીવેશ્વર-વિચારેણ= જીવો અને ઈશ્વર (વેદ) વડે કરેલા વિચારથી, દ્વિધા= બે પ્રકારના, હિ= જ, વિચારિતા= (નિર્ધારિત) વિચારેલા (છે.)

ભાવાર્થ : ધર્મ, અર્થ, કામ, મોક્ષ આવા નામના ચારેય અર્થ (પુરુષાર્થ) બુદ્ધિમાનોના છે. (એટલે કે સાધારણને= કેવળ લૌકિક બુદ્ધિવાળાને) પ્રાપ્ત થાય તેવા નથી. વળી તે જ અર્થ-ચારેયપુરુષાર્થ જીવવિચારિત તેમજ ઈશ્વરવિચારિત એમ બે પ્રકારના છે. ૨

ટીકા : તેમાં વેદાદિકમાં કરવાયોગ્ય તથા નહિ કરવાયોગ્ય એમ

બંને પ્રકારનું પાલન કરે તેવી આજ્ઞા છે, તે **ધર્મ** કહેવાય. માલા, ચંદન, સ્ત્રી, પુત્ર, દેહ, પ્રાણ, આભરણ, ગૃહ, ધન વગેરે સર્વ (ઇન્દ્રિયો સહિત) **અર્થ** કહેવાય. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ વગેરે વિષયોમાં ઇંદ્રિયોની અનુકૂળતાથી પ્રવૃત્તિ થાય તે કામનાઓ **કામ.** તથા અહંતામમતાત્મક સંસારની નિવૃત્તિ થઈને પોતાના જ સ્વરૂપમાં જે સ્થિતિ થાય તે **મોક્ષ.** આ ચારેય-નામથી પુરુષાર્થ-અર્થ કહેવાય (પુરુશેતિ-પુરુષ=નર તથા નારી ઉભય. તેઓથી પ્રાપ્ત થાય તે પુરુષાર્થ.) વસ્તુતઃ તો ભક્તિ જ મુખ્ય પુરુષાર્થ છે. તેથી જ મૂલમાં પુરુષાર્થ છે તેવું ન કહેતાં 'અર્થ' છે તેવી રીતે આપે કહ્યું છે. અને આ પુરુષાર્થ વિશે જીવે તથા ઈશ્વરે વિચાર કર્યો છે. આમ બંને પ્રકારથી એ વિચારિત છે. ।।૨।।

આવી રીતે પુરુષાર્થના બેઉ પ્રકારનું પ્રતિપાદન કરી હવે તેમાંના ઈશ્વર વિચારિત પુરુષાર્થનું સ્વરૂપ કહે છે :

અલૌકિકાસ્તુ વેદોક્તાઃ સાધ્ય-સાધન-સંયુતાઃ ।।
લૌકિકા ઋષિભિઃ પ્રોક્તાઃ તથૈવેશ્વર-શિક્ષયા ।।૩।।

અન્વયાર્થ : સાધ્ય-સાધન-સંયુતાઃ= સાધ્ય સાધનથી સારી રીતે યુક્ત, અલૌકિકાઃ= અલૌકિક, તુ= તો, વેદોક્તાઃ= વેદોમાં કહેલા (છે,) લૌકિકાઃ= લૌકિક, ઋષિભિઃ= ઋષિયો વડે, ઈશ્વર- શિક્ષયા= ઈશ્વરની શિક્ષા વડે, તથા= તેમ, એવા= જ, પ્રોક્તાઃ= કહેલા છે.

ભાવાર્થ : સાધ્ય અને સાધન વડે યુક્ત અલૌકિક પુરુષાર્થ તો વેદમાં કહેલા છે તે ઈશ્વરવિચારિત પુરુષાર્થ છે. અને તેવા જ નિરુપણ કરવાની ઈશ્વરની આજ્ઞા છે તેથી ઋષિઓ નિરૂપિત પુરુષાર્થ લૌકિકપુરુષાર્થ (જીવવિચારિત) છે. ૩

ટીકા : સાધ્ય (જે મેળવવું છે તે) તથા સાધન (મેળવવા માટેના ઉપાયો) વડે યુક્ત અલૌકિક પુરુષાર્થ તો વેદમાં કહ્યા છે. જેમકે અમુક સાધન કરવાથી અમુક યજ્ઞાદિક ધર્મ સિદ્ધ થાય છે. અમુક સાધન વડે

અમુક અર્થ સિદ્ધ થાય છે. અમુક સાધન કરીને અમુક કામ સિદ્ધ થાય છે. તેમજ અમુક સાધન કરવાથી મોક્ષ સિદ્ધ થાય છે એમ વેદમાં નિરૂપણ કર્યું છે, અને વેદ ઈશ્વર પ્રોક્ત હોવાથી વેદમાં કહ્યા છે તે અલૌકિક પુરુષાર્થ છે. (સ્મૃતિ વગેરેમાં ઋષિઓ વડે કહેવાયેલા પુરુષાર્થો) લૌકિક(જીવ વિચારિત) પુરુષાર્થ છે. જો કે સર્વ ઋષિ વેદના જાણવાવાળા છે તો પણ તે પ્રમાણે જ નિરૂપણ કરવાની ઈશ્વરની આજ્ઞા છે તેથી ભિન્ન નિરૂપણ કર્યું છે. ।।૩।।

ઋષિવિચારિત લૌકિક પુરુષાર્થોનું નિરૂપણ કરનારા શાસ્ત્રોની પરિગણના :

લૌકિકાંસ્તુ પ્રવક્ષ્યામિ વેદાદાદ્યા યતઃ સ્થિતાઃ ।
ધર્મશાસ્ત્રાણિ નીતિશ્ચ કામશાસ્ત્રાણિ ચ ક્રમાત્ ।।૪।।

ત્રિવર્ગ-સાધકાનીતિ ન તન્નિર્ણય ઉચ્યતે ।।૪ $^{૧}/_{૨}$ ।।

અન્વયાર્થ : લૌકિકાન્= લૌકિક પુરુષાર્થોને, તુ= તો, પ્રવક્ષ્યામિ= વિવેકથી કહીશ, યતઃ= કારણકે, આદ્યાઃ= પ્રથમના, વેદાત્= વેદથી, સ્થિતાઃ= રહેલા છે, ધર્મ-શાસ્ત્રાણિ= ધર્મશાસ્ત્રો, ચ= અને, નીતિઃ= નીતિશાસ્ત્રો, ચ= અને, કામ- શાસ્ત્રાણિ= કામશાસ્ત્રો, ક્રમાત્= ક્રમશઃ, ત્રિવર્ગ સાધકાનિ= ધર્મ, અર્થ, કામ (ત્રિવર્ગ)ને સિદ્ધ કરનારા (છે,) ઈતિ= આથી, તન્નિર્ણયઃ= તેનો નિર્ણય, ન ઉચ્યતે= કહેવાતો નથી.

ભાવાર્થ : અલૌકિક પુરુષાર્થ તો વેદથી સ્થિત છે. તેનો વિચાર કરવાની આવશ્યકતા નથી. તેથી લૌકિક પુરુષાર્થને તો કહીશ. મનુસ્મૃતિ વગેરે ધર્મનિરુપણ કરનારા શાસ્ત્ર, કામન્દકીય વગેરે નીતિશાસ્ત્ર (અર્થશાસ્ત્ર) તથા વાત્સ્યાયન વગેરે કામશાસ્ત્ર ક્રમથી ધર્મ, અર્થ અને કામ આ ત્રિવર્ગના સાધક છે. તેથી તેનો નિર્ણય અમે નથી કરતા. ૪-૪$^{૧}/_{૨}$

ટીકા : અલૌકિક પુરુષાર્થ તો વેદથી સ્થિત છે, તેનો વિચાર

કરવાની આવશ્યકતા નથી. કેમકે જેઓને અલૌકિક પુરુષાર્થ સિદ્ધ કરવાની ઈચ્છા હોય તેઓ વેદમાં લખ્યા પ્રમાણે કરે; પરંતુ તે થઈ શકે તેવું નહિ હોવાથી તે દર્શાવવા માટે 'સ્થિત' એમ કહ્યું છે એટલે પ્રચલિત નથી. તેથી લૌકિક પુરુષાર્થને તો કહીશ. તેમાં ધર્મશાસ્ત્ર 'ધર્મને' સિદ્ધ કરવાવાળા છે, નીતિશાસ્ત્ર 'અર્થ'ને સિદ્ધ કરવાવાળા છે તથા કામશાસ્ત્ર 'કામ'ને સિદ્ધ કરવાવાળા છે. ધર્મ અર્થ તથા કામ ત્રણેય ત્રિવર્ગ કહેવાય છે. તે શુદ્ધભાવવાળા અનન્યભક્તોને તો પ્રભુ જ સિદ્ધ કરે છે તથા સાધારણ ભક્તોને સિદ્ધ કરે તો તે એટલામાં જ લટકી જાય-અટકી જાય (ભક્તિરૂપી સ્વાભાવિક પુરુષાર્થ અટકી જાય) તેથી તેમાં પ્રભુ શ્રમનો નાશ કરે છે. તેથી તેનો નિર્ણય અત્રે કહેવામાં નથી આવતો. તેથી સાધારણ ભક્તોના ત્રિવર્ગ પ્રાપ્તિ માટેના પ્રયત્નોરૂપ શ્રમને સફળ થવા દેતા નથી. તેથી સાધારણ ભક્તોના ભક્તિમાર્ગીય હિત માટે આપશ્રી આ ત્રણ શાસ્ત્રોમાં કહેલી બાબતે બાલબોધમાં નિર્ણય કહેતા નથી. ।।૪।।

આ પ્રમાણે ત્રિવર્ગની વ્યવસ્થાનું સૂચન કરીને મોક્ષરૂપ ફળ એક છે કે અનેક છે? તેવું જાણવાની ઈચ્છા હોય ત્યાં કહે છેઃ

મોક્ષે ચત્વારિ શાસ્ત્રાણિ લૌકિકે પરતઃસ્વતઃ ।।૫।।
દ્વિધા દ્વે-દ્વે સ્વતસ્તત્ર સાંખ્યયોગૌ પ્રકીર્તિતૌ ।।
ત્યાગાત્યાગ-વિભાગેન સાંખ્યે ત્યાગઃ પ્રકીર્તિતઃ ।।૬।।

અન્વયાર્થ : લૌકિકે= લૌકિકમાં, મોક્ષે= મોક્ષમાં, ચત્વારિ= ચાર, શાસ્ત્રાણિ= શાસ્ત્રો છે. પરતઃ= બીજાથી, સ્વતઃ= પોતાનાથી, (એમ) દ્વિધા= બે પ્રકારના (છે) (તેમાં પણ એક એક મોક્ષમાં) દ્વે= બે (૨) (શાસ્ત્રો છે,) તત્ર= તેમાં, સ્વતઃ= પોતાનાથી, ત્યાગાત્યાગ-વિભાગેન= ત્યાગ અને અત્યાગના વિભાગ વડે, સાંખ્ય- યોગૌ= સાંખ્ય અને યોગ, પ્રકીર્તિતૌ= કહેલા છે. સાંખ્યે= સાંખ્યમાં, ત્યાગઃ= ત્યાગ (કહેલો છે.)

ભાવાર્થ : લૌકિક મોક્ષમાં બે શાસ્ત્ર પરતઃ (બીજાના

માધ્યમથી) મોક્ષસિદ્ધ કરવાવાળા છે તથા બે શાસ્ત્ર સ્વતઃ (પોતાના થકી) મોક્ષ સિદ્ધ કરવાવાળા છે. આમ સ્માર્ત (શ્રુતિ-વેદ સિવાયના શાસ્ત્રોમાં) મોક્ષ વિષયક ચાર શાસ્ત્ર છે. તેમાંથી સ્વતઃ (જીવને સ્વાધીન) મોક્ષમાં ત્યાગ અને અત્યાગના ભેદથી સાંખ્ય અને યોગ શાસ્ત્ર કહ્યા છે.

ટીકા : જેમાં શાસ્ત્રમાં કહ્યા પ્રકારે સાધન કરવાથી જીવ કૃતાર્થ થાય તે સ્વતઃ મોક્ષસાધક શાસ્ત્ર છે. અને જે શાસ્ત્રમાં કહેલી રીતી પ્રમાણે સાધન કરવાથી જીવ કૃતાર્થ થાય તે સ્વતઃ મોક્ષસાધક શાસ્ત્ર છે. અને જે શાસ્ત્રમાં કહેલી રીતી પ્રમાણે સાધન કરવાથી કોઈકના પ્રસાદથી (અનુગ્રહથી-કૃપાથી) જીવ કૃતાર્થ થાય તે પરતઃ મોક્ષસાધક શાસ્ત્ર છે. તેમાં સ્વતઃ (જીવને સ્વાધીન) મોક્ષમાં ત્યાગ તથા અત્યાગના ભેદથી, સાંખ્ય તથા યોગશાસ્ત્ર કહે છે. ત્યાગ કરવાથી મોક્ષ સિદ્ધ થાય તેવું પ્રતિપાદન કરવાવાળું એક શાસ્ત્ર છે. તેમાં સાંખ્યશાસ્ત્રમાં ત્યાગ કહ્યો છે એટલે નિત્ય અનિત્ય વસ્તુનો વિવેક સમજાતાં વૈરાગ્ય થવાથી ત્યાગ કરે ત્યારે મોક્ષ થાય. આમ ત્યાગ કરવાથી પ્રાપ્ત થતો મોક્ષ જીવને સ્વાધીન છે એવું દર્શાવવાવાળું સાંખ્ય શાસ્ત્ર છે. ।।૫,૬।।

હવે દેહાદિક સંઘાત વિદ્યમાન છે ત્યારે ત્યાગમાત્રથી મુક્તિ કેવી રીતે થાય? એવી શંકા ઉઠાવીને મુક્તિનો પ્રકાર કહે છેઃ

અહંતા-મમતા-નાશે સર્વથા નિરહંકૃતૌ ।
સ્વરૂપસ્થો યદા જીવઃ કૃતાર્થઃ સ નિગદ્યતે ।।૭।।

અન્વયાર્થ : અહંતા-મમતા-નાશે= અહંતા મમતાનો નાશ થતાં, સર્વથા= સંપૂર્ણ રીતે, નિરહંકૃતૌ= અહંકાર રહિત થતાં, જીવઃ= જીવાત્મા, યદ્ય= જ્યારે, સ્વરૂપસ્થઃ= પોતાના રૂપમાં સ્થિત, (થાય છે ત્યારે) સઃ= તે, કૃતાર્થઃ= મુક્ત, નિગદ્યતે= કહેવાય છે.

ભાવાર્થ : અહંતા મમતાનો નાશ થવાથી, સર્વથા અહંકાર શૂન્ય થવાથી, જ્યારે જીવ પોતાના સ્વરૂપમાં રહે ત્યારે તે જીવ કૃતાર્થ કહેવાય છે.

ટીકા : આમ સ્થૂલ શરીર તથા લિંગ શરીર (વાસનાત્મક સૂક્ષ્મ દેહ)ની અહંતા તથા તેનો પરિકર જે ગૃહાદિક તથા પ્રાણ, ઈન્દ્રિય વગેરે છે તેમાં મમત્વનો ત્યાગ થાય ત્યારે બુદ્ધિ તત્ત્વમાં જે (જીવનું) પ્રતિબિંબ રહ્યું છે તેમાં અભિમાન મટી જાય ત્યારે કર્તાપણું તથા ભોક્તાપણું મટી જાય ત્યારે જીવ પોતાના સ્વરૂપમાં જ પ્રકાશમાન થાય, તે જીવ મુક્ત થયો એમ સાંખ્યાચાર્યોએ કહ્યું છે. ।।૭।।

ગૌતમ વગેરે ઋષિના મનમાં જેમ વેદવિરુદ્ધ અંશ છે તેમ સાંખ્યમાં પણ વેદવિરુદ્ધ અંશ છે. ત્યારે સાંખ્યમાં જે મોક્ષનું પ્રતિપાદન કર્યુ છે તેમાં શિષ્ટોનો આદર કેવા પ્રકારે છે? અને ગૌતમ વગેરેએ જે મોક્ષનું પ્રતિપાદન કર્યું છે તેમાં શિષ્ટોનો-શિષ્ટજનોનો અનાદર શાથી છે એ જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છેઃ

તદર્થંપ્રક્રિયા કાચિત્ પુરાણેડપિ નિરૂપિતા ।।
ઋષિભિર્બહુધા પ્રોક્તા ફલમ્ એકમ્ અબાહ્યતઃ ।।૮।।

અન્વયાર્થ : તદર્થં= તે માટે, કાચિત્= કોઈક, પ્રક્રિયા= પદ્ધતિ, પુરાણે= પુરાણમાં, અપિ= પણ, નિરૂપિતા= નિરૂપણ કરેલ છે, ઋષિભિઃ= ઋષિઓ વડે, બહુધાઃ= અનેક પ્રકારે, પ્રોક્તા= કહેવાયેલ છે. અબાહ્યતઃ= (વેદ) બાહ્ય સિવાયના (સાંખ્ય)માં, ફલે= ફલ, એકં= એક (સરખું જ છે.)

ભાવાર્થ : અન્યથારૂપ (અર્થાત્ અહંતા મમતાને કારણે જીવનું પોતાનું વિસ્મૃત થયેલું રૂપ)નો ત્યાગ કરીને, પોતાના સ્વરૂપથી જે સ્થિતિ છે તે મુક્તિ છે. આવા મોક્ષને માટે કોઈક પ્રક્રિયાનું પુરાણમાં પણ નિરૂપણ કર્યું છે. અનીશ્વર સાંખ્યને બાદ કરતાં બધાનું ફલ એક જ થાય છે. ૮

ટીકા : પુરાણ છે તે વેદના અર્થનો વિસ્તાર કરીને સ્પષ્ટ નિર્ણય કરવાવાળા છે. તેને અનુકૂળ (પુરાણોમાં બતાવેલા) સાંખ્યના મોક્ષમાં શિષ્ટજનોનો આદર છે અને ગૌતમાદિકોએ મોક્ષનું પ્રતિપાદન કર્યું છે. તે

પુરાણથી અનુકૂળ નથી. તેથી તેમાં શિષ્ટજનોનો આદર નથી. જો કે ઋષિઓએ ઘણા પ્રકારની સાંખ્યની પ્રક્રિયા કહી છે તો પણ નિરીશ્વર સાંખ્ય સિવાય બીજા બધામાં આત્મવ્યતિરિક્ત સર્વનો ત્યાગ કરવો એ અંતરંગ સાધન એક છે તથા પોતાના સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ ફલ પણ એક છે. તેથી બાહ્યસાંખ્ય (અનિશ્વરવાદી સાંખ્ય) સિવાય સર્વ સાંખ્ય શિષ્ટજનોને આદર કરવા યોગ્ય છે. અથવા પુરાણોથી સાંખ્યમાં આત્મદર્શનરૂપ પ્રથમ એક ફળ થાય છે અને તે પછી જ્ઞાનદ્વારા મોક્ષરૂપ બીજું ફળ થાય છે. તેમાં ઋષિઓએ જે વિચાર કર્યો છે તેનું આત્મદર્શનરૂપ એક ફળ થાય છે તે ફળ નિરીશ્વર સાંખ્યસિવાયના સાંખ્યનું ફળ છે. નિરીશ્વર સાંખ્યનું ફળ તો નર્ક પ્રાપ્તિરૂપ જ છે. ||૮||

આમ સ્વતઃ (સ્વાધીન) મોક્ષના સાધક એક શાસ્ત્રનું નિરૂપણ કરીને બીજા શાસ્ત્રનું નિરૂપણ હવે કરે છેઃ

અત્યાગે યોગમાર્ગો હિ ત્યાગોઽપિ મનસૈવ હિ ||
યમાદયસ્તુ કર્ત્તવ્યાઃ સિદ્ધે યોગે કૃતાર્થતા ||૯||

અન્વયાર્થ : અત્યાગે= ત્યાગના અભાવમાં, યોગ- માર્ગઃ= (ચિત્તવૃત્તિના નિરોધથી આત્મબોધક) યોગ માર્ગ, હિ= યુક્ત, હિ= કારણકે, ત્યાગ= ત્યાગ, અપિ= પણ, મનસા= મનથી, એવ= જ (છે.) તુ= વળી, યમાદયઃ= યમ વગેરે, કર્તવ્યાઃ= કરવા જોઈએ, સિદ્ધે યોગે= યોગ સિદ્ધ થતાં, કૃતાર્થતા= કૃતાર્થતા છે.

ભાવાર્થ : ત્યાગ ન કરવામાં યોગમાર્ગ કહેવામાં આવે છે, આ વાત નિશ્ચિત છે. અને ત્યાગ પણ મનથી કરવો; એટલે કે માનસિક ત્યાગ કરવો. અને યોગમાર્ગમાં પણ યમ, નિયમ વગેરે (આઠ) અંગ તો અવશ્ય સાધવા જોઈએ. યોગ સિદ્ધ થાય ત્યારે આત્માના સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ સિદ્ધ થાય છે. ૯

ટીકા : ત્યાગ કરવો ન પડે તેવું સાધન કરવું હોય તો તેમાં યોગમાર્ગ છે. તેમાં ચિત્તવૃત્તિનો નિરોધ કરીને આત્માનો બોધક માર્ગ છે.

તે પુરાણથી અનુકૂલ છે. તેમાં ત્યાગ પણ મનથી જ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા તથા સમાધિરૂપ સાધન (આ આઠે યોગના અંગ માનવામાં આવ્યા છે) તો કરવા, ત્યારે યોગ સિદ્ધ થતાં આત્માના પોતાના સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ સિદ્ધ થાય.।।૯।।

આમ સ્વતઃ (જીવને સ્વાધીન) મોક્ષમાં બીજા શાસ્ત્રનો નિર્ણય કર્યો. હવે પરતઃ (પરાધીન) મોક્ષના બેય શાસ્ત્રનો નિર્ણય કરવા માટે તેમાં મોક્ષનું જે સ્વરૂપ છે તેના નિરૂપણ સહિત વિસ્તારથી દર્શાવે છેઃ

પરાશ્રયેણ મોક્ષસ્તુ દ્વિધા સોઽપિ નિરૂપ્યતે ।
બ્રહ્મા બ્રાહ્મણતાં યાતસ્ તદ્રૂપેણ સુસેવ્યતે ।।૧૦।।

અન્વયાર્થ : પરાશ્રયેણ= (જે તે શાસ્ત્રોક્ત) શ્રેષ્ઠના આશ્રય વડે, મોક્ષઃ= મોક્ષ, તુ= તો, દ્વિધા= બે પ્રકારનો (છે.) સઃ= તે, અપિ= પણ, નિરૂપ્યતે= નિરૂપવામાં આવે છે. બ્રહ્મા= (રજોગુણયુક્ત અભિમાની કે અનભિમાની) બ્રહ્મા, બ્રાહ્મણતાં= બ્રાહ્મણતાને, યાતઃ= પ્રાપ્ત થાય છે, તદ્રૂપેણ= તે રૂપ, સુસેવ્યતે= સારી રીતે સેવાય છે.

ભાવાર્થ : બીજાના આશ્રય (પરાશ્રય) દ્વારા મોક્ષ તો શિવ તથા વિષ્ણુના આશ્રયથી થાય છે. તેથી બંને પ્રકારનો નિરૂપિત કરવામાં આવે છે. બ્રહ્માજી વેદ અથવા પરબ્રહ્મના જાણવાવાળા હોવાથી અથવા બ્રાહ્મણજાતિના અભિમાનવાળા દેવતાપણાને પ્રાપ્ત થયા છે તેથી તેમની સેવા બ્રાહ્મણસ્વરૂપથી થાય છે. ૧૦

ટીકા : પરાશ્રય વડે મોક્ષ તો શિવ તથા વિષ્ણુના આશ્રયથી થાય છે. તેથી બે પ્રકારનો નિરૂપિત કરવામાં આવે છે. જો કે ગુણાવતારમાં બ્રહ્મા પણ છે અને ગુણાભિમાનીપણાથી તો ત્રણેય (વિષ્ણુ-શિવ-બ્રહ્મા) સમાન છે. તો પણ સરસ્વતીના શાપાદિકથી બ્રહ્માનું પૂજ્યત્વ મટી ગયું છે. તેથી વેદના જાણવાપણાને અથવા પરબ્રહ્મ જાણવાવાળાને અથવા બ્રાહ્મણની જાતિના અભિમાનવાળા દેવતાપણાને પ્રાપ્ત થયા છે.

તેમની સેવા બ્રાહ્મણરૂપથી થાય છે.

આથી વેદાદિક જાણવા માટે અથવા બ્રહ્મજ્ઞાનને માટે અથવા બ્રહ્મતેજની પ્રાપ્તિ માટે બ્રહ્માજીની સેવા બ્રાહ્મણ સ્વરૂપથી થાય છે. મોક્ષને માટે બ્રહ્માજીનું સેવન નથી. કેમકે બ્રહ્માજીનું કાર્ય સૃષ્ટિ કરવાનું છે અને મોક્ષ છે તે સૃષ્ટિકાર્યથી વિરુદ્ધ છે. તેથી બ્રહ્માજી મોક્ષ આપતા નથી. ।।૧૦।।

બ્રહ્માજી મોક્ષ આપતા નથી, તેમાં હવે પ્રમાણ કહે છે :

તે સર્વાર્થા ન ચાદ્યેન શાસ્ત્રં કિંચિદુદીરિતમ્ ।।
અતઃ શિવશ્ચ વિષ્ણુશ્ચ જગતો હિતકારકૌ ।।૧૧।।
વસ્તુનઃ સ્થિતિસંહારૌ કાર્યૌ શાસ્ત્રપ્રવર્તકૌ ।।૧૧ ૧/૨।।

અન્વયાર્થ : ચ= અને, તે= તે, સર્વાર્થાઃ= બધા પુરુષાર્થો, આદ્યેન= પહેલા (બ્રહ્મા) વડે, નઃ= નથી. શાસ્ત્રં= મોક્ષશાસ્ત્ર, કિંચિત= કાંઈક, ઉદીરિત= કહેલ છે, અતઃ= આથી, શિવઃ= શંકર, ચ= અને, વિષ્ણુઃ= વિષ્ણુ, ચ= અને (ભજન) જગતઃ= સર્વ (જગત)નું, હિતકારકૌ= હિતકારક-હિત કરનારા, વસ્તુનઃ= વસ્તુના, સ્થિતિસંહારૌ= સ્થિતિ અને સંહાર, કાર્યો= જેના અવશ્ય કર્તવ્ય છે તે વિષ્ણુ તથા શિવ, શાસ્ત્ર- પ્રવર્તકૌ= શાસ્ત્ર પ્રયોજક છે.

ભાવાર્થ (ટીકા સાથે) : આ (ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ) સર્વ અર્થ બ્રહ્માજીથી પ્રાપ્ત નહિ થાય. અર્થાત્ બે- ત્રણ અર્થ પ્રાપ્ત થાય અથવા બ્રહ્માજીને સેવવાવાળા સર્વ અર્થવાળા થતા નથી. પરંતુ યત્કિંચિત અર્થવાળા થાય છે. વળી તેમણે વૈખાનસમંત્રરૂપ (વિખનસ= બ્રહ્મા, બ્રહ્માજીએ કરેલા) શાસ્ત્ર કંઈક કંઈક કહ્યાં છે. તેથી શિવ તથા વિષ્ણુ જગતના હિતકરવાવાળા છે અને વસ્તુનું (સૃષ્ટિનું) પાલન વિષ્ણુનું અવશ્ય કર્તવ્ય છે. તથા વસ્તુનો સંહાર શિવજીનું અવશ્ય કર્તવ્ય છે. તે રીતે ચતુર્વર્ગ વિષયક શાસ્ત્રોના પ્રવર્તક આ બંને છે. તેમાં જેવો જેનો અધિકાર છે તે પ્રમાણે પ્રવૃત્તિ થાય તેવા શાસ્ત્ર કરવાવાળા આ બેઉ છે.

||૧૧ ૧/૨||

શિવજીના શાસ્ત્રમાં શિવજીનું સર્વાત્મકપણું (સર્વાધિકારત્વ) (તેઓને જ સર્વરૂપ અથવા બ્રહ્મરૂપ ગણાવ્યા છે) કહ્યું છે તો વિષ્ણુના શાસ્ત્રમાં વિષ્ણુનું સર્વાત્મકપણું કહ્યું છે. (સર્વના આત્મા જે છે તે સર્વરૂપ, બ્રહ્મરૂપ) ત્યારે વિષ્ણુનું પાલનરૂપ એક કાર્ય છે તથા શિવજીનું સંહારરૂપ એક કાર્ય છે એમ કેવી રીતે સંભવે? એવી શંકા થાય ત્યાં કહે છેઃ

બ્રહ્મૈવ તાદશં યસ્માત્ સર્વાત્મકતયોદિતૌ ||૧૨||
નિર્દોષ-પૂર્ણ-ગુણતા તત્-તચ્છાસ્ત્રે તયોઃ કૃતા ||

તેમાં શિવ તથા વિષ્ણુના ભજનનું ફળ એક જ છે કે ભિન્નભિન્ન છે એવું જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છે કેઃ

ભોગ-મોક્ષ-ફલે દાતું શક્તૌ દ્વાવપિ યદ્યપિ ||૧૩||
ભોગઃ શિવેન મોક્ષસ્તુ વિષ્ણુનેતિ વિનિશ્ચયઃ ||૧૩ ૧/૨||

અન્વયાર્થ : બ્રહ્મ એવ= બ્રહ્મ જ, તાદશં= તેવું છે, યસ્માત્= જે કારણથી, તત્તચ્છાસ્ત્રે= તેમના તેમના શાસ્ત્રોમાં, સર્વાત્મકતયા= સર્વાત્મકરૂપપણાથી, ઉદિતૌ= કહેલા છે, તયોઃ= તે બેઉનું, નિર્દોષ પૂર્ણ ગુણતા= નિર્દોષપણું તથા પૂર્ણગુણપણું. કૃતા= કહેલ છે. ભોગ-મોક્ષ-ફલે= ભોગ તથા મોક્ષરૂપ ફળ, દાતું= આપવાને માટે, યદ્યપિ= જોકે, દ્વૌ= (વિષ્ણુ તથા શિવ) બંને, અપિ= પણ, શક્તૌ= સમર્થ છે. (છતાં), ભોગઃ= ભોગ, શિવેન= શિવથી, મોક્ષઃ= મોક્ષ, તુ= તો, વિષ્ણુના= વિષ્ણુથી (સુલભ છે) ઈતિ= આ પ્રકારે, વિનિશ્ચયઃ= વિશેષ રીતે નિર્ણય છે.

ભાવાર્થ : બ્રહ્મ જ વિષ્ણુ અને શિવ રૂપ બન્યા છે તેથી શાસ્ત્રમાં એ બંનેને સર્વ જગત્ના મૂલકારણ કહેલા છે. અને એ બંનેના શાસ્ત્રોમાં પોતપોતાનું દોષરહિતપણું અને સર્વગુણસમ્પન્નપણું કહેવાયું છે.

એટલે કે ગુણાવતાર વિષ્ણુ અને શિવને જે તે-તેના શાસ્ત્રોમાં સર્વાત્મકપણું વગેરે પરબ્રહ્મના ગુણ કહેવાયા છે તે બધા ગુણ પરબ્રહ્મના જ છે એમના નથી. ભોગ તથા મોક્ષ આપવામાં જો કે બંને સમર્થ છે છતાં પણ શિવજીના ભજનથી ભોગ અને વિષ્ણુના ભજનથી મોક્ષ મળે છે, એમ વિશેષ નિશ્ચય છે. ૧૨-૧૩$^{૧}/_{૨}$

ટીકા : અથર્વશિર, શ્વેતાશ્વતર વગેરે ઉપનિષદોમાં શિવરૂપથી તથા મહાનારાયણોપનિષદ્ પ્રભૃતિ ઉપનિષદોમાં વિષ્ણુરૂપથી બ્રહ્મનું જ પ્રતિપાદન કરેલું છે. તેનાથી અવિરુદ્ધતાથી પાશુપત તથા પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં સર્વાત્મકપણાથી અર્થાત્ સૃષ્ટિની તમામ સત્તાના રૂપે પૃથક્ પૃથક્ બેઉનું બેઉ શાસ્ત્રોમાં નિરૂપણ છે કારણકે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પોતે તે રૂપ ધારણ કરે છે.

શિવજીના (પાશુપતાદિક) શાસ્ત્રમાં શિવજી નિર્દોષપૂર્ણગુણ છે એમ નિરૂપણ કર્યું છે તથા વિષ્ણુના (પાંચરાત્રાદિક) શાસ્ત્રમાં વિષ્ણુ નિર્દોષપૂર્ણગુણ છે એમ નિરૂપણ કર્યું છે. તેમાં શિવરૂપથી તથા વિષ્ણુરૂપથી પરબ્રહ્મનું જ નિરૂપણ છે, ગુણાવતારના અભિપ્રાયથી નથી. તેથી જ મહાભારતમાં મોક્ષધર્મમાં કહ્યું છે કે સાંખ્ય, યોગ, પંચરાત્ર, વેદ તથા પાશુપત આ પાંચેયની નિષ્ઠા (મૂળ આધાર) અંતે તો નારાયણપ્રભુ જ છે. પરંતુ આ અભિપ્રાયને- આશયને (નિર્દોષપૂર્ણ ગુણવાળા બ્રહ્મ કહેવાય) નહિ જાણવાવાળા અજ્ઞાની છે. તેથી તેમાં જે જે દેવતાનું પ્રતિપાદન છે તે તે દેવતા જ અંતે નિષ્ઠારૂપ છે એવું માને છે. તેથી તેઓને ફળ પણ તે તે દેવતાઓમાં સાયુજ્યાદિક થાય છે. પરંતુ ભગવાનનો આનંદ અર્થાત્ ભજનાનંદ નથી મળતો- આ જીવ વિચારિત લૌકિક મોક્ષનું નિરૂપણ કર્યું.

ભોગ તથા મોક્ષ આપવામાં જો કે બેઉ સમર્થ છે તથાપિ શિવજીના ભજનથી ભોગ તથા વિષ્ણુના ભજનથી મોક્ષ મળે છે એવો વિશેષ નિશ્ચય છે.

તે શ્રીમદ્ભાગવત દશમસ્કંધના ૮૮મા અધ્યાયમાં કહ્યું છે જે શિવજી શક્તિયુક્ત છે તથા ગુણોથી આવૃત્ત છે. તેથી શિવજીના ભજનથી ગુણોની વિભૂતિઓના ભોગ મળે છે અને હરિ સાક્ષાત્ નિર્ગુણ- ત્રણે ગુણોથી-માયાથી પર છે. તેમના ભજનથી નિર્ગુણ અર્થાત્ મોક્ષ મળે છે. તેથી શ્રુતિઓમાં, તથા પુરાણાદિકમાં કોઈક કોઈક સ્થળે શિવજી મોક્ષ આપે છે તથા વિષ્ણુ ભોગ આપે છે, એવું જે લખ્યું છે તે એવું સામર્થ્ય દર્શાવવા માટે છે. આપવાના આશયથી નહિ. ||૧૩ ૧/૨||

હવે શિવજી ભોગ દે છે અને વિષ્ણુ મોક્ષ આપે છે તે વિષયમાં બાળકોને પણ સમજવામાં આવે તેવી યુક્તિ કહે છેઃ

લોકેઽપિ યત્ પ્રભુર ભુંક્તે તન્ન યચ્છતિ કર્હિચિત્ ||૧૪||

અન્વયાર્થ : લોકે= લોકમાં અપિ= પણ, યત્= જે, પ્રભુઃ= સ્વામી, ભુંક્તે= ભોગવે છે, તત્= તે, કર્હિચિત્= ક્યારેય, ન= (બીજાને) નથી, યચ્છતિ= આપતા.

ભાવાર્થ : લોકમાં જે વસ્તુ સ્વામી પોતે ભોગવે છે તે વસ્તુને ક્યારેય કોઈને આપતા નથી. ૧૪

ટીકા : લોકમાં પણ એવો પ્રકાર છે કે જે સ્વામી હોય તે પોતાની ભોગવવાની જે વસ્તુ હોય તે બીજાને આપતા નથી. તેવી રીતે શિવજી સદા વૈરાગ્યયુક્ત રહીને મોક્ષને ભોગવે છે અને વિષ્ણુ સર્વદા લક્ષ્મીજીના સંગમાં ભોગ ભોગવે છે. તેથી મોક્ષ શિવજીનો ભોગ્ય છે, તે અન્યને આપતા નથી અને ભોગ, વિષ્ણુનું ભોગ્ય હોવાથી તે અન્યને ભોગ આપતા નથી. (અર્થાત્ પોતાને ભોગ્ય વસ્તુ તે અન્યને આપતા નથી.) લૌકિક યુક્તિ દર્શાવી પરંતુ વાસ્તવિક આશય એવો છે કે શિવજી ઘોર શક્તિ સહિત ફરે છે, ઘૂમે છે તથા તેમના ઉપાસક તામસ હોય છે. તેથી શિવજી મોક્ષ આપતા નથી; તથા ભગવદ્ભક્ત નિર્ગુણ છે તેને લૌકિક સમૃદ્ધિ આપવાથી તેમનો વિનિપાત (પતન) થાય એમ જેને જાણે તેમને ભગવાન્ ભોગ આપતા નથી, તથા જેઓને સમૃદ્ધિનો મદ

થાય નહિ એમ જાણે તેમને (સુદામાની જેમ) ભોગ પણ આપે છે જ. તે બાબત આગળ આવશે જે પોતાને "અતિપ્રિય હોય તે પોતાનાને આપે છે."

અથવા વૈષ્ણવજનને મોક્ષની તો ઈચ્છા હોતી નથી તેથી તે વિષ્ણુનું ભજન તો કરશે નહિ અને ભગવદ્‌સેવામાં ભોગ સિદ્ધ થાય તેવી સમૃદ્ધિની ઈચ્છા હોય છે તેથી શિવજીનું ભજન કરશે એવી શંકા થાય ત્યાં કહે છે કે જો લોકમાં પણ પ્રભુ (સેવકના પ્રતિ) શ્રીકૃષ્ણ, ભકત સમ્બન્ધી જે વસ્તુનો અંગીકાર કરે છે તે વસ્તુ કોઈપણ સમયે-કાલે શિવજી આપતા નથી. કેમ? કે ભગવાન્ ભકતકામપૂરક છે અને તેની ભક્તિ કલ્પવૃક્ષ સદશ છે. તેથી (ભકતની) સર્વ ઈચ્છા પૂર્ણ કરે છે. તેવી રીતે પ્રભુની ભક્તિથી જે પ્રાપ્ત થાય છે તેનું અલૌકિકપણું છે તથા અલૌકિકને જ પ્રભુ અંગીકાર કરે છે. તેથી લોકમાં પણ પ્રભુને અંગીકાર કરવાની વસ્તુ અલૌકિક છે જે શિવજી આપતા નથી, પ્રભુ જ પરંતુ આપે છે. ।।૧૪।।

શિવજી મોક્ષ ન આપતા હોય તથા વિષ્ણુ ભોગ ન આપતા હોય તો "પુત્ર, ધન, સ્ત્રી, હાર, મહેલ, ઘોડા, હાથી, સ્વર્ગ તથા મોક્ષ હરિ-ભકતથી દૂર નથી" ઈત્યાદિક વાક્યોમાં ભગવદ્‌ભક્તિથી ઐહિક-પારલૌકિક સર્વ સુખ મળવાનું જે લખ્યું છે. તેમાં બાધ આવશે એવી શંકા થાય તેની નિવૃત્તિ માટે કહે છેઃ

અતિપ્રિયાય તદપિ દીયતે ક્વચિદેવ હિ ।।
નિયતાર્થ-પ્રદાનેન તદીયત્વં તદાશ્રયઃ ।।૧૫।।
પ્રત્યેકં સાધનં ચૈતદ્ દ્વિતીયાર્થે મહાન્ શ્રમઃ ।।૧૫ ૧/૨।।

અન્વયાર્થ : અતિપ્રિયાય= પરમ પ્રીતિ-પાત્રને, તત્= તે (સ્વભોગ્ય,) અપિ= પણ, હિ= જે કારણે, ક્વચિત્= ક્યાંક, એવ= જ, દીયતે= આપે છે, નિયતાર્થ-પ્રદાનને= નિયત અર્થના પ્રદાનથી, તદીયત્વં= તદીયપણું (વૈષ્ણવત્વ કે શૈવત્વ,) તદાશ્રયઃ= તેમનો આશ્રય,

એતત્= આ, પ્રત્યેકં= એકએકના પ્રત્યે, સાધનં= સાધન, ચ= અને, દ્વિતીયાર્થે= બીજા અર્થ માટે, મહાન્= મોટો, શ્રમઃ= શ્રમ (થાય છે.)

ભાવાર્થ : શિવજીને તો મોક્ષ અત્યંત પ્રિય હોય તેને કોઈક સમયે જ આપે છે. અને વિષ્ણુ જે અત્યંત પ્રિય હોય તેને ભોગ આપે છે, આ વાત પણ લોકપ્રસિદ્ધ છે. શિવભજન ભોગને સિદ્ધ કરે છે અને વિષ્ણુ ભજન મોક્ષને સિદ્ધ કરે છે; આ પ્રત્યેક સાધન છે (ભોગ અને મોક્ષના) બીજા-બીજા પુરુષાર્થને આપવામાં શિવ અને વિષ્ણુને (ગુણપરિવર્તન કરવાના કારણે) અતિશ્રમ થાય છે. ૧૫.૧૫ ૧/૨

ટીકા : શિવજીને જે અત્યંત પ્રિય હોય તેને શિવજી કોઈક સમય મોક્ષ આપે છે તથા વિષ્ણુને જે અત્યંત પ્રિય હોય તેને વિષ્ણુ ભોગ આપે છે. આ વાત પણ લોકપ્રસિદ્ધ છે. તેથી શિવ તથા વિષ્ણુ ઉભયમાં ભોગ તથા મોક્ષ બેઉ આપવાની શક્તિ છે. કેમકે જે તેમના ભક્ત હોય તથા તેમના જ અનન્ય આશ્રયથી (તેઓ) જ્યારે અતિ પ્રિય થાય ત્યારે શિવજી તથા વિષ્ણુ બંને તે ભક્તને (જેવો તેનો અધિકાર) અધિકારાનુસાર ભોગ તથા મોક્ષ આપે છે. અથવા શિવજી ભોગ જ આપતા હોય ત્યારે વિષ્ણુના ભક્તોને પણ ભોગને માટે શિવજીની ભક્તિ તથા આશ્રય કરવો પડે તથા શિવજીના ભક્તોને મોક્ષને માટે વિષ્ણુનો પણ આશ્રય કરવો પડે. અને વિષ્ણુ જો મોક્ષને જ આપતા હોય ત્યારે શિવજીના ભક્તોને માટે વિષ્ણુનો આશ્રય કરવો પડે. તેથી એવું ન થાય તેથી જે અત્યંત પ્રિય હોય તેમને બેઉ પદાર્થ બેઉ દેવ આપે છે.

ભગવદ્ભક્ત ના હોય તેવાને (અગર) ભોગની ઈચ્છા થાય તો શિવજીનું ભજન કરે તથા મોક્ષની ઈચ્છા થાય તો વિષ્ણુનું ભજન કરે. અને જે ભગવદ્ભક્ત હોય તેને તો સર્વપદાર્થ ભગવાનથી જ સિદ્ધ થાય. તેથી પ્રત્યેકનું અતિપ્રિયપણું થાય તેવી રીતે તદીયપણું તથા તેમનો આશ્રય કરવો એ જ સાધન છે. તે જ સાધનથી (તદીયપણું તથા તદાશ્રયથી) સર્વ સિદ્ધ થાય. (તદીયપણું એટલે મન વાણી ક્રિયાથી અનન્યતાથી તે દેવના જ થઈ

રહેવું તે તથા તદાશ્રય એટલે લૌકિક અલૌકિક કોઈપણ પ્રકારની પ્રાપ્તિ કે સંરક્ષણ માટે તે દેવમાં જ નિષ્ઠા રાખવી તે).

પરંતુ મોક્ષ આપવામાં શિવજીને તથા ભોગ આપવામાં વિષ્ણુને મહાન્ શ્રમ થાય છે અથવા શિવભજન ભોગને સિદ્ધ કરે છે તથા વિષ્ણુભજન મોક્ષને સિદ્ધ કરે છે. આ પ્રત્યેક સાધન અર્થાત્ ભિન્ન ભિન્ન વસ્તુ માટે ભિન્ન ભિન્ન સાધન છે. આ રીતે લૌકિક મોક્ષની વ્યવસ્થા કહી તથા અલૌકિક મોક્ષ ભક્તિમાર્ગીય છે તેને માટે જ શ્રમ છે. તે તો સાધનથી, ફલથી તથા સ્વરૂપથી ત્રણેય રીતે અતિ ઉત્તમ છે.।।૧૫ ૧/૨।।

મોક્ષ આપવામાં શિવજીને તથા ભોગ આપવામાં વિષ્ણુને મહાન્ શ્રમ છે એવું જે કહ્યું તેનું કારણ હવે કહે છેઃ

જીવાઃ સ્વભાવતો દુષ્ટા દોષાભાવાય સર્વદા ।।૧૬।।
શ્રવણાદિ તતઃ પ્રેમ્ણા સર્વં કાર્યં હિ સિદ્ધ્યતિ ।।૧૬ ૧/૨।।

અન્વયાર્થ : જીવાઃ= જીવો, સ્વભાવતઃ= સ્વભાવથી જ, સાહજિક ધર્મથી, દુષ્ટા= દોષવાળા (છે,) દોષાભાવાય= દોષો દૂર કરવા માટે, સર્વદા= હંમેશા, શ્રવણાદિ= શ્રવણ વગેરે, તતઃ= પછી, પ્રેમ્ણા= પ્રેમ વડે, સર્વં= બધું, કાર્યં= કાર્ય, હિ= નિશ્ચયપૂર્વક, સિદ્ધ્યતિ= સિદ્ધ થાય છે.

ભાવાર્થ : જીવ ભગવાનનો અંશ હોવાથી, સ્વરૂપથી દુષ્ટ નથી, પરંતુ સ્વભાવથી દુષ્ટ થયો છે. તે દોષની નિવૃત્તિ માટે સર્વદા શ્રવણ મનન, ચિંતન, કીર્તન વગેરે કરવા. તેમ કરવાથી પ્રેમ થાય તથા પ્રેમથી સર્વકાર્ય સિદ્ધ થાય છે.

ટીકા : એથી શ્રુતિમાં લખ્યું છે-જે ''સ્વભાવથી દેહ, મનુષ્ય, તથા અસુર એવા ત્રણ પ્રકારના જીવ છે'' તેમ મત્સ્યપુરાણમાં સંકીર્ણ, સાત્વિક, રાજસ તથા તામસ એવા ચાર પ્રકારના કલ્પ દર્શાવીને, ''તામસમાં અગ્નિ તથા શિવનું માહાત્મ્ય અધિક કહ્યું છે, રાજસમાં

બ્રહ્માનું માહાત્મ્ય, સંકીર્ણમાં સરસ્વતી તથા પિતૃનું માહાત્મ્ય, તથા સાત્વિકમાં હરિનું માહાત્મ્ય અધિક કહેલું છે'' આ રીતે ચારેયના લક્ષણ દર્શાવીને સાત્વિકોને મોક્ષ ફલ સહજમાં પ્રાપ્ત થાય છે, તે રીતે ''વિષ્ણુભક્તિ કરવાવાળા સાત્વિક છે તથા શિવભક્તિ કરવાવાળા તામસ છે'' એવું વામનપુરાણમાં દશમાધ્યાયમાં લખ્યું છે. તેથી વિષ્ણુભક્તિ કરવાવાળા સાત્વિક હોય છે. તેઓને સત્વગુણની નિવૃત્તિ થઈને શીઘ્ર જ ગુણાતીતપણું થવાથી મોક્ષ થાય તેથી તેમાં વિષ્ણુને શ્રમ ના થાય, પરંતુ ભોગ આપવામાં તો તેનો શાંત સ્વભાવ હોય તે પલટવો (બદલવો) પડે. તેમાંય ભોગમાં આસક્તિ થઈને દોષ ઉત્પન્ન ના થાય એવો સ્વભાવ કરવામાં પણ વિષ્ણુને શ્રમ થાય.

તે જ રીતે શિવજીના ભક્ત તામસ હોય છે. તેઓના તો તમોગુણના રજોગુણના તથા સત્વગુણના ધર્મ મીટાવી દે ત્યારે ગુણાતીતપણું થાય ને ત્યારે મોક્ષ થાય. તેમ કરવામાં શિવજીને શ્રમ પડે જ. અને વળી તામસ સ્વભાવવાળાને ભોગ આપવામાં ભક્તોનો સ્વભાવ પલટવો પડે નહિ, તેથી શિવજીને તેમાં શ્રમ થતો નથી. તેથી જીવોએ પોતાના દોષની નિવૃત્તિને માટે શ્રવણાદિક સર્વદા કરવું જોઈએ. તેથી પ્રેમ પ્રગટતાં તેમ કરીને તદીયત્વ તથા તદાશ્રયત્વ સિદ્ધ થાય. અથવા જીવ ભગવાનના દાસ છે. તેઓને તો ભગવત્સેવા કરવી તે જ સ્વધર્મ છે. તે તો કરતા નથી તેથી દોષયુક્ત થયા છે. તે દોષની નિવૃત્તિને માટે શ્રવણાદિક કરવા જેથી ભગવાન્ પ્રતિ પ્રેમ થતાં પ્રેમને કારણે સર્વકાર્ય સિદ્ધ થાય છે. ।।૧૬ ૧/૨।।

આ રીતે સામર્થ્ય તથા સાધનની વ્યવસ્થા દર્શાવીને તેના વડે જે સિદ્ધ થયું તે કહે છેઃ

મોક્ષસ્તુ સુલભો વિષ્ણોઃ ભોગશ્ચ શિવતસ્તથા ।।૧૭।।
સમર્પણેન-આત્મનો હિ તદીયત્વં ભવેદ્ ધ્રુવમ્ ।।૧૭ ૧/૨।।

અન્વયાર્થ : મોક્ષઃ= મોક્ષ, તુ= તો, વિષ્ણોઃ= વિષ્ણુથી,

સુલભઃ= સુલભ (છે,) ચ= અને, ભોગઃ= ભોગ, શિવતઃ= શિવથી (સુલભ છે,) તથા= તેવી રીતે, આત્મનઃ= આત્માના, સમર્પણેન= સમર્પણથી, તદીયત્વં= તદીયપણું, ધ્રુવં= નિશ્ચિતપણે, ભવેત્= થાય, હિ= (આ) સ્પષ્ટ (છે.)

ભાવાર્થ : મોક્ષ તો વિષ્ણુથી સુલભ છે, તેવી રીતે ભોગ શિવથી સુલભ છે. આત્મીય સર્વ વસ્તુ સહિત આત્માને ભગવચ્ચરણારવિંદમાં અર્પણ કરવાથી નિશ્ચિત નિશ્ચલ તદીયપણું થાય છે. ૧૭-૧૭।।

ટીકા : ઉપર બીજા અર્થમાં શ્રમ બતાવ્યો છે. તેથી મોક્ષ તો વિષ્ણુથી સુલભ છે તથા ભોગ શિવથી સુલભ છે તથા અતિપ્રિયત્વ થવા માટે આત્માનું સમર્પણ કરે. તેમ કરીને નિશ્ચિત તદીયપણું થાય. કેમકે જે મારું તથા મારા મમતાવિષયક જેટલા પણ પદાર્થ છે તેઓને પ્રભુ ઈચ્છાપ્રમાણે વિનિયોગ કરું એવી બુદ્ધિ આત્મસમર્પણમાં કારણ છે (અર્થાત્ આવી બુદ્ધિથી જે જે સર્વ ચેષ્ટાઓ થાય તે આત્મસમર્પણ કહેવાય.) તે (તેવી બુદ્ધિ) જ્યારે થાય ત્યારે તદીયપણું નિશ્ચિત થાય. ।।૧૭ ૧/૨।।

આત્મસમર્પણ કરવાથી તદીયપણું થાય એવું જે કહ્યું ત્યારે આત્મસમર્પણ ન પણ કર્યું હોય અને કેવળ આશ્રય માત્ર જ હોય તેમાં ઉપર દર્શાવ્યું તેવી બુદ્ધિ જેઓની થઈ ના હોય, તેથી તદીયપણું પણ ના થયું હોય તેઓને ફલસિદ્ધિ કેવી રીતે થાય? એવું જાણવાની ઈચ્છા હોય ત્યાં કહે છેઃ

અતદીયતયા ચાપિ કેવલશ્ ચેત્ સમાશ્રિતઃ ।।૧૮।।
તદાશ્રય-તદીયત્વ-બુદ્ધ્યૈ કિંચિત્ સમાચરેત્ ।।
સ્વધર્મમ્ અનુતિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા ।।૧૮ ૧/૨।।

અન્વયાર્થ : ચ= અને, અતદીયતયા= તદીયપણા વગર, અપિ= પણ, કેવલ= કેવલ (એકમાત્ર,) સમાશ્રિતઃ= બધી રીતે આશ્રયે

રહેલો, ચેત્= જો, તદાશ્રય-તદીયત્વ-બુદ્ધ્યૈ= તદાશ્રય અને તદીયત્વ (પોતાનામાં થાય તેવી) સમજ માટે, સ્વધર્મ= પોતાના વર્ણાશ્રમ ધર્મને, અનુતિષ્ઠન્= આચરતો, કિંચિત્= કાંઈક, સમાચરેત્= યથાર્થ પ્રકારે આચરે, અન્યથા= નહિ તો, વૈ= નિશ્ચયપૂર્વક, ભાર- દ્વૈગુણ્યં= (ધર્મનો આચાર ન કરવાથી અધર્મનો અને સ્વભાવનો) બેવડો ભાર થાય.

ભાવાર્થ : તદીયપણું થયું ના હોય અને કેવલ (પ્રભુ જ મારા રક્ષક છે એવા અનુસંધાનવાળો) આશ્રયવાળો હોય તો પણ પોતાના વર્ણાશ્રમ ધર્મનું આચરણ કરે તથા આશ્રય તથા તદીયપણાની બુદ્ધિ થવા માટે કંઈક શ્રવણાદિક કરે. અન્યથા બેવડો ભાર થાય.

ટીકા : શાથી? કે જો વર્ણાશ્રમ ધર્મ ના કરે તો તેને અધર્મનો દોષ તથા ઉપર દર્શાવ્યા પ્રમાણે "જીવ સ્વભાવથી દુષ્ટ છે" તે સ્વભાવજન્ય દોષ એ બેઉ મળીને દ્વિગુણ-બેવડો દોષ થાય ત્યારે તેનો ઉદ્ધાર કરવાવાળા (પ્રભુ)ને અત્યંત શ્રમ થાય.

અથવા "વર્ણાશ્રમ ધર્મ છોડીને-તજીને પ્રભુના ચરણારવિંદનું ભજન કરતો હોય તે અપૂર્ણ રહે તો પણ તેનું અકલ્યાણ કદીય ન થાય. પરંતુ ભગવદ્ચરણારવિંદનું ભજન કરતો ના હોય તેને વર્ણાશ્રમના ધર્મથી તો ક્યા અર્થની પ્રાપ્તિ થાય? કશી જ નહિ." (ભા.પુ.૧|૫|૧૭). એવી રીતે પ્રથમ સ્કંધમાં નારદજીનું વાક્ય છે. તેથી વર્ણાશ્રમ ધર્મ કરતાં કરતાં પણ આશ્રય તથા તદીયપણાની બુદ્ધિને માટે શ્રવણાદિક અવશ્ય કરવા જોઈએ. તેમ ના કરે અને કેવળ વર્ણાશ્રમ ધર્મ જ કરે તો તેથી કશુંજ ફળ પ્રાપ્ત ના થાય અને આશ્રય તથા તદીયપણાની બુદ્ધિને માટે શ્રવણાદિક કરે જ નહિ એટલે તો પ્રભુ પણ તેનો ઉદ્ધાર ન જ કરે. આમ બેવડો દોષનો ભાર થાય.

અથવા ભક્તિમાર્ગમાં શ્રીઆચાર્યજી દ્વારા પ્રભુની શરણાગતિ કરવી તે જ જીવનો સ્વધર્મ છે તે સ્વધર્મ તો કરે અને આશ્રય તથા તદીયપણાની બુદ્ધિને માટે શ્રવણાદિક કરે તો ફલસિદ્ધિ થાય. અને તેમ

ના કરે તો બેગણો દોષનો ભાર થાય. આમ શ્રવણાદિક સાધન કરે તેનું ફળ ના થાય તથા ભક્તિમાર્ગીય ધર્મનું આચરણ નહિ કરવાથી ઉપરથી પ્રત્યવાય (પાપ) થાય. ||૧૮ ૧/૨||

આ રીતે બાળકોને બોધ થાય તે માટે સંક્ષેપમાં નિરૂપણ કરીને હવે ઉપસંહાર કરે છેઃ

ઇત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ ||૧૯||

અન્વયાર્થ : ઈતિએવં= આ પ્રમાણે, કથિતં= કહેલું, સર્વં= સર્વ (પોતાના અને અન્યના સિદ્ધાંતના સંગ્રહરૂપ છે,) એતદ્જ્ઞાને= આનું જ્ઞાન થાય ત્યારે, પુનઃ= ફરીથી, ભ્રમઃ= (પુરુષાર્થ વગેરે વિષયક) અન્યથા જ્ઞાન, ન= (થતું) નથી.

ભાવાર્થ : આ રીતે પૂર્વોક્ત પ્રકારથી પોતાના તથા અન્યના સિદ્ધાંતોના સંગ્રહરૂપ સર્વ કહ્યું છે તેનું જ્ઞાન થાય તો પુરુષાર્થોનું સ્વરૂપ સમજવામાં અન્યથા જ્ઞાન પુનઃ નહિ થાય. ૧૯

ટીકા : તેમજ પ્રથમ જે અન્યથા જ્ઞાન હોય તે આમાં લખ્યા પ્રમાણે સમજે તો પછીથી પુનઃ અન્યથા જ્ઞાન રહે નહિ (અન્યથા જ્ઞાન થાય નહિ રહે નહિ.) ||૧૯||

|| ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ''બાલબોધ'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ||

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| સિદ્ધાન્તમુક્તાવલી ||

નિબંધમાં ભગવાનની પ્રાપ્તિ માટે વૈદિકમાર્ગ (વેદમાં બતાવેલા સાધનો વડે શ્રેય પ્રાપ્તિનો માર્ગ) તથા ભક્તિમાર્ગનું નિરૂપણ કરેલું છે, અને દશમસ્કંધના શ્રીસુબોધિનીજીમાં સ્વતંત્રભક્તિમાર્ગનું નિરૂપણ કરેલું છે, તો ભગવત્પ્રાપ્તિને માટે આ ત્રણેય માર્ગમાંથી અમુકને (અમુક સ્વભાવ અધિકારવાળા) માટે અમુક માર્ગ મુખ્ય છે તે બતાવવા માટે છે અથવા ત્રણેય માર્ગમાં અમુક માર્ગ મુખ્ય છે તે જણાવવા માટે છે? (માર્ગોના સ્વરૂપ બાબતે) એવી શંકા પોતાના ભક્તોને થાય. તેમજ તે પ્રસંગમાં (વિચારના પ્રસંગમાં) સેવાનું સ્વરૂપ શું છે? અને તેના અધિકારી કોણ છે? ઈત્યાદિક સંદેહ પણ થાય તેની નિવૃત્તિને માટે આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે.

નત્વા હરિં પ્રવક્ષ્યામિ સ્વસિદ્ધાન્તવિનિશ્ચયમ્ ||
કૃષ્ણસેવા સદા કાર્યા માનસી સા પરા મતા ||૧||

અન્વયાર્થ : હરિં= હરિને, નત્વા= નમીને, સ્વસિદ્ધાંતવિનિશ્ચયં = સ્વસિદ્ધાંતના વિશેષ નિશ્ચયને, પ્રવક્ષ્યામિ= હું (શ્રીવલ્લભાચાર્યજી) કહીશ, કૃષ્ણ-સેવા= કૃષ્ણની સેવા, સદા કાર્યા= સદાય કરવી જરૂરી છે, માનસી= માનસી, સા= તે, પરા= ફલરૂપા, મતા= માનેલી છે.

ભાવાર્થ : સર્વ દુઃખ દૂર કરવામાં સમર્થ શ્રીહરિને નમન કરીને, મારા સિદ્ધાન્તના નિશ્ચયને હું કહીશ. શ્રીકૃષ્ણની સેવા સર્વકાલમાં કરવી જોઈએ. તે સેવા જો માનસી થાય તો ફલરૂપા માનવામાં આવે છે. ૧

ટીકા :ભક્તોના દુઃખ તથા પાપને હરવાવાળા પ્રભુને નમન કરીને આપણા (માર્ગના) સિદ્ધાંતનો વિશેષ કરીને જે નિશ્ચય કર્યો છે તે હવે કહીશ. અત્રે 'વિશેષ કરીને નિશ્ચય કર્યો છે' એ કહેવાનો આશય એવો છે જે શ્રીભાગવત દ્વિતીયસ્કંધમાં કહ્યું છે કે ''ભગવદ્ રૂપ બ્રહ્માએ

ત્રણ વખત વેદ જોઈને આ નિશ્ચય કર્યો કે પોતાના આત્મરૂપ ભગવાનમાં પ્રીતિ થાય એવા સાધન કરવા તે જ સમગ્ર વેદનો અભિપ્રાય છે.'' તે નિશ્ચય દર્શાવતાં કહે છે શ્રીકૃષ્ણની સેવા સદા કરવી, જે સેવાના બે પાસા છે, તેમાં માનસી ફળરૂપા છે અને તનુવિત્તજા સાધનરૂપા છે. શ્રીકૃષ્ણ ફલાત્મક છે તેમની સેવા સદા કરવી એમ કહ્યું છે. તેનો અભિપ્રાય એ છે કે સેવા વડે અન્ય કોઈ ફલની અપેક્ષા નહિ રાખવી કારણકે સેવા જ સ્વતઃ ફલરૂપ છે. સદા સેવા કરવાનું લખ્યું છે તેનો આશય એવો છે કે પોતાનામાં દાસપણાનું સતત અનુસંધાન રાખીને, સેવા છે તે સ્વતંત્ર ફલરૂપ છે તથા જીવોએ અવશ્ય કરવા યોગ્ય છે એમ સમજીને સર્વકાળ સેવા કરવી ।।૧।।

'સદા સેવા કરવી' આમ લખ્યું છે તો રાજાની અથવા ગુરુની સેવા શરીરથી મનુષ્ય કરે છે તે જ પ્રમાણે પ્રભુની સેવા પણ શરીરથી જ કરવાનું સિદ્ધ થાય છે તો તે સર્વકાળ કેવી રીતે બની શકે? એવી શંકા થાય ત્યાં જણાવે છેઃ

ચેતસ્તત્પ્રવણં સેવા તત્સિદ્ધયૈ તનુવિત્તજા ।।
તતઃ સંસારદુઃખસ્ય નિવૃત્તિર્બ્રહ્મબોધનમ્ ।।૨।।

અન્વયાર્થ : ચેતઃ=ચિત્ત, તત્પ્રવણં= તે (શ્રીકૃષ્ણ)માં એકતાન (થયેલું તે,) સેવા= સેવા, તત્‌સિદ્ધયૈ= તેની સિદ્ધિનેમાટે, તનુ-વિત્તજા= શરીર તથા ધનથી (સેવા કરવી જરૂરી છે) (પોતાનું તન અને પોતાનું ધન,) તતઃ= તેથી, સંસાર-દુઃખસ્ય= સંસારથી થતાં દુઃખની, નિવૃત્તિઃ= નિવૃત્તિ, બ્રહ્મબોધનમ્= (અક્ષર) બ્રહ્મજ્ઞાન (થાય છે.)

ભાવાર્થ : શ્રીહરિમાં ચિત્તનું એકતાન થવું તેને જ સેવા કહેવામાં આવે છે. તેવી સેવાની સિદ્ધિને માટે શરીરથી અને દ્રવ્યથી સેવા (ભક્તિ) કરવી જોઈએ. તે માનસિક ભક્તિથી, અહંતા-મમતાત્મક સંસારની નિવૃત્તિ અને ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન, આ બે અવાંતર ફલ મળે છે. ૨

ટીકા : સેવા કોને કહેવાય? શ્રીકૃષ્ણમાં ચિત્ત પ્રથમ કાંઈક નિરુદ્ધ થાય, પછી શ્રીકૃષ્ણને આધીન થાય, અને ત્યાર પછી શ્રીકૃષ્ણમાં એકતાનરૂપને પ્રાપ્ત થાય (તલ્લીન થાય) તેને સેવા કહીએ. આવી સેવા સિદ્ધ થઈ શકે તે માટે તનુવિત્તજા સેવા છે, અર્થાત્ શ્રીકૃષ્ણમાં ચિત્તની એકતાનતા થવાને માટે તનુજા=શરીરથી તથા વિત્તજા=ધનથી સેવા છે. અત્રે 'તનુજા' તથા 'વિત્તજા' એમ ભિન્ન ભિન્ન પદ ન કહેતાં 'તનુવિત્તજા' એવું સમસ્તપદ કહેલું છે તેનો અભિપ્રાય એવો છે કે જે બીજાને મૂલ્યરૂપ ધન આપીને સેવા કરાવે તે વિત્તજા સેવા થઈ, પરંતુ તેમ કરવાથી રાજસપણું આવી જાય જેથી માનસી સેવા સિદ્ધ ના થાય. તેમજ મૂલ્યરૂપ ધન લઈને શરીરથી સેવા કરે તે તનુજા સેવા થઈ પરંતુ તે પણ માનસી સેવાને સિદ્ધ કરતી નથી. જેમ યજ્ઞમાં જેટલા બ્રાહ્મણોનું વરણ હોય તેઓને યજ્ઞનું ફળ થતું નથી. તે જ પ્રકારે મૂલ્ય લઈને સેવા કરે તેને તનુજા સેવાનું ફળ (માનસી) સિદ્ધ નથી થતું. તેથી ભગવાનમાં નિષ્કામ સ્નેહ હોય તથા શરીરથી તથા ધનથી સંગમાં જ જો સેવા કરે, તેને માનસી સિદ્ધ થાય (અર્થાત્ પોતાના જ તનથી તથા પોતાના જ ધનથી સેવા કરે તેને માનસી સિદ્ધ થાય.) તેથી અહંતામમતાત્મક સંસારના દુઃખની નિવૃત્તિ થાય તથા પોતાના આત્મા તથા આ પ્રપંચ સર્વ અક્ષરબ્રહ્માત્મક છે તેવું જ્ઞાન થાય. જોકે ભગવત્સેવામાં જેનો અભિનિવેશ છે તેને આ ફલોની ઈચ્છા નથી હોતી, તથાપિ માનસી સેવા જ એવી છે જે સંસારના દુઃખની નિવૃત્તિ તથા સર્વ અક્ષરબ્રહ્મરૂપ છે તેવું જ્ઞાન આ બંને અવાંતર ફલ છે તેને તો તે સિદ્ધ કરે જ છે. ।।૨।।

હવે અક્ષરબ્રહ્મ એ જ પરબ્રહ્મ છે એમ કોઈના મનમાં આવે તો ત્યાં કહે છે:

પરં બ્રહ્મ તુ કૃષ્ણો હિ સચ્ચિદાનંદકં બૃહત્ ।।
દ્વિરૂપં તદ્ધિ સર્વં સ્યાત્ એકં તસ્માદ્વિલક્ષણમ્ ।।૩।।

અન્વયાર્થ : હિ= તેથી (નિશ્ચિતપણે,) પરં= પર, બ્રહ્મ=

બ્રહ્મ, તુ= તો, કૃષ્ણઃ= કૃષ્ણ (છે,) હિ= જ, સચ્ચિદાનંદકં= સત્-ચિત્ત-આનંદરૂપ, ગણી શકાય તેવા (ન્યૂન) આનંદવાળું, બૃહત્= અક્ષરબ્રહ્મ છે. તત્= તે, દ્વિરૂપં= બે રૂપવાળું, હિ= જ, એકં= એક, સર્વં= સર્વ(જગદ્) રૂપ, સ્યાત્= થાય (છે,) તસ્માત્= તે રૂપથી (બીજું) (એકરૂપ,) વિલક્ષણં= જુદું છે.

ભાવાર્થ : તૈત્તિરીય ઉપનિષદ્‌ની આનંદ-બ્રહ્મ-વલ્લીમાં અક્ષરબ્રહ્મના આનંદની ગણના કરી છે. પરંતુ તેનાથી આગળ કહ્યું છે કે, પરબ્રહ્મના આનંદમાં મનવાણી પણ પહોંચી શકતા નથી. તેથી શાસ્ત્રમાં શ્રીકૃષ્ણને જ પરબ્રહ્મ કહેલા છે. તેથી પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ જ છે. સત્-ચિત્-ગણિતાનંદઅક્ષરબ્રહ્મ છે. તે અક્ષરબ્રહ્મ નિશ્ચિત બે પ્રકારનું છે. એક સર્વજગતરૂપ છે અને બીજું તે જગતરૂપથી જુદું છે, જેનો જ્ઞાની વિચાર કરે છે. ૩

ટીકા : શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે; શાથી? જે આપ તો પૂર્ણાનંદ છે જ્યારે અક્ષરબ્રહ્મનો આનંદ તો ગણી શકાય તેવો છે. તૈત્તિરીયોપનિષદમાં આનંદની ગણતરી કરી છે તેમાં મનુષ્યોના આનંદથી લઈને અક્ષરબ્રહ્મ સુધી સોગણા આનંદને ગણ્યો છે. તે અક્ષરબ્રહ્મ સુધી ગણ્યો છે ત્યાર પછી મન તથા વાણીમાં ન આવી શકે એવો (અગણિત) આનંદ લખ્યો છે. તેથી શ્રીકૃષ્ણમાં અગણિત આનંદ છે અને અક્ષરબ્રહ્મમાં ગણતરી કરી શકાય તેટલો જ આનંદ છે. તે અક્ષરબ્રહ્મ બે રૂપવાળું છે, તેમાં સર્વ પ્રપંચાત્મક જગતમાં જેટલા નામરૂપ છે તે અક્ષરબ્રહ્મનું જ એક રૂપ છે અને અન્ય બીજુંરૂપ પ્રપંચથી વિલક્ષણ છે. અર્થાત્ શ્રુતિઓમાં જેનું પ્રતિપાદન છે, જ્ઞાની જેની ઉપાસના કરે છે, જ્ઞાનીઓની મુક્તિનું જે સ્થાન તથા શ્રીપુરુષોત્તમને રહેવાનું જે સ્થાન છે તે તો અક્ષરબ્રહ્મનું બીજું સ્વરૂપ છે. ।।૩।।

હવે વિરોધ દૂર કરવા માટે તથા પોતાના સિદ્ધાંત કહેવા માટે અન્યના મતોનું જે સ્વરૂપ છે તે દર્શાવે છેઃ

અપરં તત્ર પૂર્વસ્મિન્ વાદિનો બહુધા જગુઃ ।।
માયિકં સગુણં કાર્યં સ્વતંત્રં ચેતિ નૈકધા ।।૪।।

અન્વયાર્થ : તત્ર= તેમાં, પૂર્વસ્મિન્= પહેલાના, (જગદ્રૂપ થયેલા અક્ષરબ્રહ્મ)માં, વાદિનઃ= વાદ કરનારાઓએ, અપરં= બીજો (મત) બહુધા= બહુ પ્રકારે, જગુઃ= કહેલ છે, માયિકં, સગુણં= માયિક સગુણ, કાર્યં= કાર્ય, સ્વતંત્રં= સ્વતંત્ર, ચ= અને, ઈતિ= આ પ્રકારે, એકધા= એક પ્રકારે, ન= નહિ.

ભાવાર્થ : અક્ષરબ્રહ્મના એ બંને રૂપોમાંથી પહેલા જગતરૂપ બ્રહ્મના વિષયમાં વાદી અનેક પ્રકારથી કહે છે. કેટલાક આ જગતને માયાથી દેખાતું કહે છે. કેટલાક ત્રિગુણાત્મક એટલે કે સત્ત્વ્-રજસ્-તમસ્ આ ત્રણ ગુણોથી બન્યું છે એમ કહે છે અને કોઈ કહે છે કે આ જગત્ ઈશ્વરે પરમાણુંથી બનાવ્યું છે એટલે કે ઈશ્વરનું કાર્ય છે. કેટલાક કહે છે કે પ્રવાહની જેમ આ જગત્ અનાદિકાલથી સ્વતંત્ર જ ચાલ્યું આવે છે આમ એક પ્રકારથી નથી કહેતા. ૪

ટીકા : જગતના રૂપમાં પ્રકટ થયેલ અક્ષરબ્રહ્મ બાબતે ઘણા વાદી લોકો વેદમતથી ભિન્નમત દર્શાવે છે. રસ્સી(દોરડા)માં જેમ સર્પની ભ્રાંતિ થાય છે તેમજ સીપ(છીપ)માં ચાંદીની ભ્રાંતિ થાય છે, તે રીતે નિર્ગુણ બ્રહ્મમાં જગતની ભ્રાંતિ થઈ છે અથવા માયાયુક્ત ઈશ્વરે જગત્ બનાવ્યું છે એવું માયાવાદીઓ માને છે. સાંખ્યમતવાળા એવું માને છે કે સત્વગુણ, રજોગુણ તથા તમોગુણ આ ત્રણ ગુણોવડે જગત્ બન્યું છે. સાંખ્યમત કહેતાં પાતંજલ (યોગશાસ્ત્ર) મત પણ તેમાં આવી ગયો અને વળી તર્કશાસ્ત્રવાળા એવી રીતે કહે છે કે પૃથ્વી, જલ, તેજ, તથા વાયુ આ સર્વના પરમાણુઓ (અત્યંત ઝીણા ઝીણા કણ)નો સંયોગ ઈશ્વરની ઈચ્છાથી તેમાં ક્રિયા ઉત્પન્ન થઈને થયો છે, ત્યારે આપસમાં મળવાથી કાર્યરૂપ આ જગત્ બન્યું છે. તાર્કિકમત કહેવાથી જે ''જગતમાં ૧૬ જ પદાર્થ છે'' એવું પ્રતિપાદન કરે છે, જેના પ્રવર્તક ગૌતમ ઋષિ છે એવો

ન્યાયમત તથા "જગતમાં સાત જ પદાર્થ છે" એવું જે પ્રતિપાદન કરે છે જેના પ્રવર્તક કણાદ્ મુનિ છે એવો વૈશેષિકમત પણ તેમાં આવી ગયો. વળી કર્મમાર્ગવાળા મીમાંસકો એવું કહે છે કે આ જગત્ જેવું જણાય છે તેવું જ જગત્ સદાકાળથી ચાલ્યું આવે છે, તેના કર્તા કોઈ જ નથી મૂળમાં 'ચ' કાર છે તેનાથી બૌદ્ધ, આહર્ત (જૈન,) લોકાયતિક (નાસ્તિક) વગેરે નામવાળા મત તથા વામ શાક્તાદિ મત પણ આવી ગયા. આમ અનેક પ્રકારથી સર્વ કહે છે. ।।૪।।

પરંતુ આ મત વેદથી ભિન્ન છે. તેથી એવા વેદમતથી ભિન્નતાનું નિરૂપણ જે કરે છે તેવાઓનું ખંડન તો વેદના બળથી જ થઈ જાય છે. તેથી અલગ રીતે ખંડન કરવાનું પ્રયોજન જ નથી એવા અભિપ્રાયથી વેદના સિદ્ધાંતરૂપ સ્વસિદ્ધાંતનું નિરૂપણ કરે છેઃ

તદેવૈતત્પ્રકારેણ ભવતીતિ શ્રુતેર્મતમ્ ।।
દ્વિરૂપં ચાપિ ગઙ્ગાવજ્જ્ઞેયં સા જલરૂપિણી ।।૫।।

માહાત્મ્યસંયુતા નૃણાં સેવતાં ભુક્તિમુક્તિદા ।।
મર્યાદામાર્ગવિધિના તથા બ્રહ્માઽપિ બુધ્યતામ્ ।।૬।।

અન્વયાર્થ : તત્= તે (અક્ષરબ્રહ્મ,) એવ= જ, એતત્= એ, પ્રકારેણ= પ્રકારથી (જગત્રૂપ,) ભવતિ= થાય છે, ઈતિ= એમ, શ્રુતેઃ= શ્રુતિનો, મતં= મત (છે,) ચ= અને, દ્વિરૂપં= (અક્ષરબ્રહ્મને) બે રૂપવાળું અપિ= પણ, ગંગાવત્= ગંગાજીની જેમ, જ્ઞેયં= જાણવું, સા= તે (ગંગાજી), જલ-રૂપિણી= જલરૂપવાળા, માહાત્મ્ય-સંયુતા= માહાત્મ્યુક્ત, મર્યાદા-માર્ગવિધિના= મર્યાદા માર્ગના વિધિપ્રમાણે, સેવતાં= સેવનાર, નૃણાં= મનુષ્યોને, ભુક્તિ-મુક્તિદા= ભોગ અને મોક્ષ દેનારા છે, તથા= તેમ, બ્રહ્મ= અક્ષરબ્રહ્મને, અપિ= પણ, બુદ્ધ્યતામ્= જાણવું.

ભાવાર્થ : તે અક્ષરબ્રહ્મ જ આ જગત્પ્રકારથી થાય છે આ વેદનો મત છે. અને બંને રૂપવાળું અક્ષરબ્રહ્મ પણ ગંગાની જેમ જાણવું.

એક ગંગા જલરૂપ છે; અને બીજી માહાત્મ્યસંયુકત તીર્થરૂપ, જે મર્યાદામાર્ગની રીતિથી સેવન કરવાવાળા મનુષ્યોને ભોગ અને મોક્ષ આપનારી છે. તેવી જ રીતે અક્ષરબ્રહ્મ પણ બેય પ્રકારનું જાણવું. ૫-૬

ટીકા : જેનું વેદમાં પ્રતિપાદન છે તે જ અક્ષરબ્રહ્મ નામરૂપાત્મક જગતના પ્રકારથી થાય છે. અર્થાત્ પ્રપંચથી ભિન્ન જે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઉપર કહ્યું છે તે જ અક્ષરબ્રહ્મ આ જગત્ રૂપે થાય છે. જેવી રીતે ગંગાજીના આધિભૌતિક તથા આધ્યાત્મિક બેઉ રૂપ છે. તેમાં જે વૃષ્ટિ(વરસાદ)થી વધે છે અને ધૂપ (તાપ)થી ઘટે છે તે જલરૂપ ગંગાજીનું આધિભૌતિકરૂપ છે. અને જે તીર્થરૂપ છે તથા જે રૂપના માહાત્મ્યનું નિરૂપણ શાસ્ત્ર કરે છે તે ગંગાજીનું આધ્યાત્મિકરૂપ છે. તે મર્યાદામાર્ગની વિધિ (શાસ્ત્રીય વિધિ) વડે સેવન કરવાવાળાઓને ભોગ તથા મોક્ષ આપે છે. એટલે તીર્થરૂપ છે આધ્યાત્મિક સ્વરૂપ છે તે પ્રવાહમાં જ રહે છે (અર્થાત્ આધિભૌતિક જલરૂપ ગંગાજીમાં જ અભિન્નરૂપે આધ્યાત્મિકરૂપ રહે છે). તેથી પ્રવાહમાંથી જલ ભરીને કોઈને અન્ય દેશમાં લઈ જાય તો જલમાં તો તારતમ્ય નથી, જલ તો તે જ છે, છતાં પણ ત્યાં (બીજા દેશમાં) તે જલથી, સ્નાનાદિકથી તીર્થ સ્નાનાદિકનું ફલ થાય એવું તો કોઈજ ગ્રંથમાં જોવામાં આવતું નથી, તેથી તેને લીધે તે જ પ્રકારનું ફલ મળતું હોત તો રાજા તથા દ્રવ્યપતિ વગેરેને ત્યાં (ગંગાજી પર) જવાનું કોઈ પ્રયોજન ન રહેત. તેથી ગંગાજીના પ્રવાહમાં જ તીર્થસ્થાન ફલ લખેલું છે. તે તીર્થરૂપ ગંગાજી જલરૂપથી ભિન્ન છે. તે જ રીતે અક્ષરબ્રહ્મ જગતરૂપ છે તથા આ જગતથી ભિન્ન પણ છે એ પ્રકારે સમજવું ।।૫-૬।।

હવે આધિદૈવિક રૂપનું નિરૂપણ કરે છેઃ

તત્રૈવ દેવતા મૂર્ત્તિર્ભક્ત્યા યા દૃશ્યતે ક્વચિત્ ।।
ગંગાયાં ચ વિશેષેણ પ્રવાહાભેદબુદ્ધયે ।।૭।।

પ્રત્યક્ષા સા ન સર્વેષાં પ્રાકામ્યં સ્યાત્તયા જલે ।।
વિહિતાચ્ચ ફલાત્તદ્ધિ પ્રતીત્યાऽપિ વિશિષ્યતે ।।૮।।

અન્વયાર્થ : તત્ર= ત્યાં, એવ= જ, યા= જે, દેવતામૂર્તિઃ=

દેવીસ્વરૂપ, સા= તે, ભક્ત્યા= ભક્તિ વડે, ક્વચિત્= ક્યાંક, વિશેષેણ= વિશેષ કરીને, પ્રવાહાભેદબુદ્ધયે= પ્રવાહમાં અભેદ બુદ્ધિવાળાને, ગંગાયાં= ગંગા-જલ-પ્રવાહમાં, ચ= પણ , પ્રત્યક્ષા= પ્રત્યક્ષ, દશ્યતે= દેખાય છે, સર્વેષાં= સૌને, ન= નહિ, જલે= (ગંગા) જલમાં, તયા= તે (ગંગાદેવી) વડે, પ્રાકામ્યં= પ્રકૃષ્ટકામ તેનું કર્મ (અનિષિદ્ધ-સ્નાનાદિ), સ્યાત્= થાય (છે,) વિહિતાત્= શાસ્ત્ર પુરાણાદિમાં કહેલા, ફલાત્= ફલથી, ચ= અને, પ્રતીત્યા= પ્રતીતિ વડે, અપિ= પણ, તત્= તે (ગંગાજલ,) હિ= નિશ્ચયપૂર્વક, વિશિષ્યતે= (બીજા જલથી) વિશેષ છે.

ભાવાર્થ : તે તીર્થરૂપ અને જલરૂપ ગંગામાંજ જે દેવતારૂપ ગંગાની મૂર્તિ છે તે ગંગા, (ગંગાજી પ્રત્યે) ભક્તિનો ઉત્કર્ષ થવાથી અને વિ્શેષ કરીને જેને પ્રવાહ અને મૂર્તિમાં અભેદબુદ્ધિ થાય તે ભક્તનેજ કોઈક વખતે ગંગામાં દેખાય છે. તે દેવમૂર્તિ ગંગા બધાને પ્રત્યક્ષ નથી દેખાતા. તે ગંગાથીજ જલમાં સ્નાન, આચમન વગેરે ઉત્તમ કાર્ય કરવા સિદ્ધ થાય છે. કારણ કે તે જલ, શાસ્ત્રમાં કહેલા ફળને આપવાથી તથા મહાત્માઓના વિશ્વાસથી જ અન્ય જલની સરખામણીમાં ઉત્તમ સમજવામાં આવે છે. ૭-૮

ટીકા : ઉપર ગંગાજીનું જે આધિભૌતિક તથા આધ્યાત્મિક રૂપ કહ્યું તેમાંજ દેવતારૂપ ગંગાજી (જે ત્રીજું રૂપ છે) ભિન્ન છે જે મૂર્તિરૂપ છે. એટલે ભીષ્મપિતામહના માતા જે થયા હતાં તથા ભગીરથ રાજાને જેમનું દર્શન થયું હતું તે ગંગાજી આધિદૈવિક મૂર્તિરૂપ છે તે ભક્તિ કરીને, કોઈ ગંગાદ્વારાદિ સ્થળમાં અથવા ગૃહાદિકમાં ભક્તિની વૃદ્ધિ થાય ત્યારેજ દર્શનીય બને છે, (જોવામાં આવે છે). તે દેવતારૂપ ગંગાજી પ્રવાહ (રૂપ ગંગાજીથી) ભિન્ન નથી એવી જેની બુદ્ધિ સમજ છે દઢ શ્રદ્ધા છે તેને તે પ્રવાહમાં જ દેવતારૂપ ગંગાજી પ્રત્યક્ષ થાય છે. તેમ થવાથી શાસ્ત્રમાં નિષિદ્ધ નહિ તેવો ઘણો બધો વ્યવહાર તે જલમાં થાય છે. તેજ રીતે જગતમાં પણ ભગવાનના સ્વરૂપ તથા ભગવદ્ભક્તમાં

વિશેષ સ્નેહ થાય ત્યારે ''આ ભગવાનથી ભિન્ન નથી'' તેવી જેની બુદ્ધિ સમજ શ્રદ્ધા દૃઢ થઈ હોય તેવાને માટે ભગવાન્ ત્યાંજ પ્રકટ થાય છે ત્યારે પોતાને ઈચ્છિત પ્રભુનું આ જ સ્થાન છે એવું જ્ઞાન થાય ત્યારે સર્વ સ્થળમાં ભગવદ્ભાવ સ્ફુરાયમાન થાય છે, આમ તે પ્રકારે ભક્તિ કરીને ગંગાજીના દર્શન થયા ત્યાર પછી, શાસ્ત્રમાં કહ્યાં છે તેવા સ્વર્ગ તથા મોક્ષરૂપ ફળ વડે અને વિશેષ પ્રતીતિ વડે જ પ્રવાહરૂપનું દર્શન તે (ભક્ત)ને વિશેષ અનુરૂપ જાણવામાં આવે છે. તે જ રીતે જગતમાં ભગવાનનો સાક્ષાત્કાર થયા પછી જ્ઞાનીનું ફળ જે મોક્ષ છે તેનાથી (જગતમાં) સર્વત્ર ભગવાનનું આ અધિષ્ઠાન છે એવું જ્ઞાન વિશેષ છે તે જાણવામાં આવે છે ત્યારે સર્વત્ર ઈચ્છાનુકૂળ અનિષિદ્ધ વ્યવહાર થાય છે. ।।૭,૮।।

(**નોંધ :** મૂર્તિરૂપ ગંગાજીના દર્શન થયા છે તેને ત્યાર પછી તેના પ્રવાહરૂપમાં પણ શાસ્ત્રમાં કહેલા મોક્ષ તથા સ્વર્ગરૂપ ફલ કરતાંય સવિશેષ અનુભૂતિ થાય છે.)

યથા જલં તથા સર્વં યથા શક્તા તથા બૃહત્ ।।
યથા દેવી તથા કૃષ્ણસ્તત્રાપ્યેતદિહોચ્યતે ।।૯।।

જગત્તુ ત્રિવિધં પ્રોક્તં બ્રહ્મવિષ્ણુશિવાસ્તતઃ ।।
દેવતારૂપવત્પ્રોક્તા બ્રહ્મણીત્થં હરિર્મતઃ ।।૧૦।।

અન્વયાર્થ : યથા જલં= જેમ (આધિભૌતિક) જલ, તથા સર્વં= તેમ બધું (જગત્) છે. યથા શક્તા= જેમ સમર્થ (આધ્યાત્મિક તીર્થરૂપ છે) તથા બૃહત્= તેમ અક્ષરબ્રહ્મ (છે,) યથા દેવી તથા કૃષ્ણઃ= જેમ (આધિદૈવિક) દેવી (ગંગાજી) તેમ કૃષ્ણ (છે,) તત્રાપિ= તેમાં પણ, એતત્= એ, ઈહ= અહીં, ઉચ્યતે= કહેવાય છે. જગત્ તુ= જગત તો, ત્રિવિધં પ્રોક્તં= ત્રિગુણાત્મક કહેલું છે, તતઃ= તેથી, બ્રહ્મ-વિષ્ણુ-શિવાઃ= બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, દેવતારૂપવત્= આધિદૈવિકપણાથી, પ્રોક્તાઃ= કહેલા છે, ઈત્થં= આ પ્રકારે, બ્રહ્મણિ=

અક્ષરબ્રહ્મમાં, હરિઃ= હરિ, મતઃ= (આધિદૈવિક રૂપ) માનેલા છે.

ભાવાર્થ : તેથી જેમ ઓછું-વધુ થતું ગંગાનું જલ છે તેવી જ રીતે આ જગત્રૂપ બ્રહ્મ પણ આવિર્ભાવ-તિરોભાવ ધર્મવાળું છે. અને જેમ પવિત્ર કરવાના સામર્થ્યરૂપ ગંગા છે તેમ સર્વશક્તિમાન અક્ષરબ્રહ્મ છે. તથા જેમ આધિદૈવિક દેવીરૂપ ગંગા છે. તેવી જ રીતે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ આધિદૈવિક સ્વરૂપ છે. તેમાં પણ અહીં એટલું વધારે કહેવામાં આવે છે. જગત્ તો સત્ત્વવગેરે ગુણોના ભેદથી ત્રણ પ્રકારનું છે, તેથી તે જગત્ના અધિષ્ઠાતા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ, લોકમાં ઉપાસ્ય દેવતા કહ્યા છે. અને અક્ષરબ્રહ્મમાં શ્રીકૃષ્ણ જ સેવ્ય દેવતા માનેલા છે. એટલે કે બ્રહ્મજ્ઞાની મુક્ત જીવને ભજવા લાયક તો શ્રીકૃષ્ણ છે. ૯-૧૦

ટીકા : જેવી રીતે ગંગાજીનું પ્રવાહરૂપ જલ છે તેવી જ રીતે આ સઘળું જગત્ છે. જેવી રીતે (પાપ દૂર કરવાવાળા તથા ફળ આપવામાં) સમર્થ તીર્થરૂપ ગંગાજી છે તે પ્રકારે અક્ષરબ્રહ્મ છે, અને જેમ મૂર્તિવાળા ગંગાજી દેવી છે તે જ રીતે શ્રીકૃષ્ણ છે.

એટલે ગંગાજીનું દર્શન જેને થયું હોય તેમને જેવી રીતે જલ, ગંગાજીનું અત્રે સ્થાન છે એવું જ્ઞાન અને તેથી (તેવા જ્ઞાનથી) અનિષિદ્ધ ઈચ્છાનુસાર વ્યવહાર થાય છે તથા તીર્થના દર્શનમાં અન્ય કરતાં અધિકપણાથી જ્ઞાન થાય છે તે જ પ્રકારે ભગવત્સ્વરૂપ તથા ગુરુ વગેરે વડે જેઓને જગતમાં ભગવાનના દર્શન થયા છે તેઓને સમસ્ત જગતમાં, પ્રાણીમાત્રમાં ભગવદ્ભાવની સ્ફૂર્તિ થાય છે. તેથી જ અક્ષરબ્રહ્મમાં જ્ઞાનીઓના મોક્ષથી ય અધિક ભગવદ્ભાવપણાનું જ્ઞાન થાય છે, ફલ થાય છે. અને જેને ગંગાજીના જ દર્શન નથી થયા છતાં પોતે શ્રદ્ધાવાળા છે તેઓને જેવી રીતે જલમાં શ્રદ્ધાસહિત સ્નાનાદિ વ્યવહાર કરે છે તથા તીર્થ વડે જલમાં બીજા કરતાં અધિકતાનું જ્ઞાનરૂપ ફળ ક્રમશઃ થાય છે. તે જ પ્રકારે જેઓને જગતમાં ભગવાનના દર્શન નથી થયા છતાં પોતે શ્રદ્ધાવાળા છે તેઓને ભગવાનના સ્વરૂપાદિકમાં

શ્રદ્ધાપૂર્વક સેવાદિ વ્યવહાર થાય છે તથા અક્ષરબ્રહ્મમાં જ્ઞાનીઓના મોક્ષથીય અધિકપણાથી ભગવાનના ધામપણાનું પરોક્ષ જ્ઞાન થાય છે. તેમાં આધિદૈવિકના દૃષ્ટાંતના વિચારમાં જે આ સિદ્ધાંતમાં આ કહેવામાં આવે છે કે જગતને તો ત્રિગુણાત્મક કહ્યું છે કેમકે તે ત્રણ સ્વભાવવાળું પ્રકટ થયેલ છે. તેથી અક્ષરબ્રહ્મના અંશરૂપ બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ આ ત્રણેયને ત્રણ ગુણોના નિયામક ભગવાને કર્યા છે. તે કૂર્મપુરાણાદિમાં આધિદૈવિકપણાથી કહ્યાં છે. પરંતુ ભગવાને જ આધિદૈવિક જેવા કર્યા છે, તેથી તેઓના નિયામક તો ભગવાન્ જ એકમાત્ર છે. ત્રિગુણાત્મક જગતના, જેવી રીતે ત્રિગુણાભિમાની બ્રહ્માદિ ત્રણેયને ભગવાને જ નિયામક કર્યા છે તે પ્રકારે અક્ષરબ્રહ્મમાં નિયામક ભગવાન્ જ થાય છે એમ યુક્તિથી નિશ્ચય કરવામાં આવ્યો છે. ॥૧૦॥

ગંગાજીના દૃષ્ટાંતથી એવું સિદ્ધ થયું કે જલરૂપ તથા તીર્થરૂપનું નિયામકપણું જેમ માત્ર દેવીરૂપ ગંગાજીને જ છે; પરંતુ ભક્તોને આપ ફલ આપી શકતાં નથી. તે પ્રકારે તેવી જ રીતે શ્રીકૃષ્ણથી પણ થયું તો પછી તેમની સેવાનો ઉપદેશ શા માટે કરો છો? એવી શંકા કોઈને થાય ત્યાં કહે છેઃ

કામચારસ્તુ લોકેऽસ્મિન્ બ્રહ્માદિભ્યો ન ચાન્યથા ॥
પરમાનંદરૂપે તુ કૃષ્ણે સ્વાત્મનિ નિશ્ચયઃ ॥૧૧॥

અતસ્તુ બ્રહ્મવાદેન કૃષ્ણે બુદ્ધિર્વિધીયતામ્ ॥
આત્મનિ બ્રહ્મરૂપે તુ છિદ્રા વ્યોમ્નીવ ચેતનાઃ ॥૧૨॥

અન્વયાર્થ : અસ્મિન્ લોકે= આ લોકમાં, કામચારઃ= (ઈચ્છેલા) પ્રાપ્તિ કે ભોગ, તુ= તો, બ્રહ્માદિભ્યઃ= બ્રહ્મા વગેરેથી (થાય છે,) ચ= પુનઃ, અન્યથા= બ્રહ્માદિ વગર અથવા બ્રહ્માદિકની ઈચ્છા કરતાં વિરુદ્ધ પ્રકારે, ન= (સિદ્ધ) નથી. તુ= પુનઃ, સ્વાત્મનિ= (ભક્તોના) પોતાના માટે, પરમાનંદરૂપ= નિત્ય-નિરવધિ-સુખરૂપ, કૃષ્ણે= કૃષ્ણમાં, નિશ્ચયઃ= નિશ્ચયરૂપ (કામચાર-સિદ્ધ થાય છે.)

અતઃ= આથી, તુ= જ, બ્રહ્મવાદેન= બ્રહ્મવાદ વડે, કૃષ્ણે= પરબ્રહ્મમાં, બુદ્ધિઃ= અંતઃકરણ, વિધીયતાં= વિશેષ રીતે ધારણ કરવું. આત્મનિ= આત્માના વિષયમાં (કહે છે,) તુ= તો, બ્રહ્મરૂપે= બ્રહ્મરૂપ જીવમાં, ચેતનાઃ= (અન્યથા) બુદ્ધિ (જીવને સંસારીપણું પ્રાપ્ત કરાવનાર ઉપાધિભૂત) વ્યોમ્નિ= આકાશમાં, છિદ્રા= ભેદાત્મક છિદ્રો, ઈવ= જેમ લાગે છે (તેમ જીવમાં અવિદ્યાથી દુઃખીત્વ વગેરે પ્રતીત થાય છે.)

ભાવાર્થ : આ સાત્વિકવગેરે ત્રણ પ્રકારના લોકમાં તે-તેના ભક્તોના લૌકિક મનોરથોની પૂર્તિ તો બ્રહ્માવગેરે ત્રણે દેવતાઓથી જ થાય છે; બીજા પ્રકારથી થઈ શકતી નથી. અને પોતાના આત્માને માટે તો નિત્ય નિરવધિક આનંદરૂપ શ્રીકૃષ્ણમાંજ સઘળા મનોરથપૂર્તિનો સમૂહ હોય છે. ૧૧

તેથી સર્વવસ્તુ બ્રહ્માત્મક છે. આવા ભાવથી શ્રીકૃષ્ણમાં અંતઃકરણ લગાવો. બ્રહ્મનોઅંશ હોવાથી બ્રહ્મરૂપ આત્મામાં પણ, આકાશમાં છિદ્રની જે, અનેક પ્રકારની (બ્રહ્મભિન્નતાની) બુદ્ધિ માલુમ પડે છે. એટલે કે આકાશમાં ચારણી વગેરે આડી આવવાથી જેમ છિદ્ર ન હોવા છતાંપણ છિદ્ર દેખાય છે તેવી જ રીતે આત્મામાં અન્યથા બુદ્ધિ પણ ઔપાધિક અને વિવિધ પ્રકારની છે, અને તેનાથી જ જીવને બંધન થઈ રહ્યું છે. ૧૨

ટીકા : આ લોકમાં ઈચ્છાનુકૂળ ભોગાદિકની પ્રાપ્તિ બ્રહ્માદિકથી થાય છે, તેઓ સિવાય થતી નથી. તે પ્રમાણે ઈચ્છાનુકૂળ મળે છે, ઈચ્છાથી વિરુદ્ધ મળતું નથી અને ભક્તોને તો પોતાના અર્થમાં પરમાનંદરૂપ કૃષ્ણમાં નિશ્ચય કામચાર છે. એટલે ભક્તોને તો સર્વ કામનાઓના સમૂહમાંથી નીકળી વેગળા થઈ કેવળ પ્રભુ વિષયક જ કામચાર (ઈચ્છાનુસાર પ્રાપ્તિ તથા ભોગ) થાય છે. અથવા ભક્તોને તો ભગવાનમાં અત્યંત સ્નેહ હોય છે, તેથી ભગવાન્ પોતાના આત્મા છે એવી સ્ફૂરણા થવાથી સર્વ રીતથી તેમની પ્રાર્થના કરવામાં શંકા થતી નથી. તેથી સર્વ બ્રહ્મરૂપ છે એવા સિદ્ધાંતથી પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાં બુદ્ધિ કરવી.

જેમ આકાશમાં ચાળણી વગેરેથી છિદ્ર(કાણાં)ની બુદ્ધિ થાય છે તેવી રીતે બ્રહ્મરૂપ આત્મામાં દોષવાળી બુદ્ધિ થાય છે, જેથી જીવ પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણતો નથી (પરંતુ) સંસારી જાણે છે. ખરેખર આકાશમાં છિદ્ર નથી જ. આકાશ તો સર્વત્ર વ્યાપ્ત સમાન જ છે; પરંતુ ચાળણી આદિ ઉપાધિથી ‘‘આકાશમાં છિદ્રો છે’’ એવી બુદ્ધિ થાય છે. તેવી રીતે જીવ અક્ષરબ્રહ્મના અંશરૂપ અણુ છે. પરંતુ અવિદ્યાના અંતરાયથી પોતાનું અક્ષર બ્રહ્માત્મકપણું જાણતો નથી. તેથી પોતામાં ક્ષુદ્રત્વાદિક ધર્મ જોવામાં આવે છે, તેને બ્રહ્મધર્મ દેખાતા નથી-જણાતા નથી. ।।૧૨।।

આમ બન્ધનું નિરૂપણ કરીને હવે મોક્ષનું નિરૂપણ કરે છે :

ઉપાધિનાશે વિજ્ઞાને બ્રહ્માત્મત્વાવબોધને ।
ગંગાતીરસ્થિતો યદ્વદ્ દેવતાં તત્ર પશ્યતિ ।।૧૩।।
તથા કૃષ્ણં પરં બ્રહ્મ સ્વસ્મિન્ જ્ઞાની પ્રપશ્યતિ ।।૧૩ $^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : યદ્વદ્= જેમ, ગંગા-તીર-સ્થિતઃ= ગંગાજીના કિનારે રહેલો, (ભક્ત) તત્ર= તેમાં, દેવતાં= દેવતાને, પશ્યતિ= જૂએ છે, તથા= તેમ, ઉપાધિનાશે= ઉપાધિનો નાશ થતાં, બ્રહ્માત્મત્વાવબોધને= (સર્વનું) અક્ષરબ્રહ્મરૂપે જ્ઞાન થતાં, વિજ્ઞાને= અનુભવ થતાં, જ્ઞાની= જ્ઞાની (ભક્ત,) સ્વસ્મિન્= પોતાનામાં, પરં= પર, બ્રહ્મ= બ્રહ્મ, કૃષ્ણં= કૃષ્ણને, પ્રપશ્યતિ= ઉત્તમ રીતે જૂએ છે.

ભાવાર્થ : જેમ ગંગાજીના તીર ઉપર રહેતો, અને પ્રવાહ-તીર્થ-મૂર્તિ વગેરે ગંગાજીમાં એકભાવવાળો ગંગાજીનો ભક્ત, પ્રવાહરૂપ ગંગાજીમાં જ દેવતારૂપ ગંગાજીના દર્શન કરે છે તેવી જ રીતે જે જીવને પ્રભુ આ પ્રકારથી ઉદ્ધાર કરવા ઈચ્છે તેની અવિદ્યારૂપ ઉપાધિનો નાશ થવાથી; અને ‘‘સર્વ વસ્તુ બ્રહ્મરૂપ છે’’ એવો યથાર્થ જ્ઞાનરૂપ અનુભવ થવાથી, જ્ઞાની પણ પોતાના આત્મામાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણના દર્શન કરે છે. કેમકે આત્માસહિત સર્વ જગત્ અક્ષરરૂપ છે અને અક્ષર તો પ્રભુના

રહેવાનું ધામ છે તેથી આવા અક્ષરજ્ઞાનીને આત્મામાં પ્રભુના દર્શન થવા સહજ છે. ૧૩-૧૩।।

ટીકા : જેટલા જીવ છે તેમાંથી જે જીવનો જે પ્રકારથી ઉદ્ધાર કરવાની પ્રભુની ઈચ્છા હોય તે પ્રકારે ગુરુના ઉપદેશાદિથી અવિદ્યારૂપ ઉપાધિનો નાશ થાય ત્યારે નામ-રૂપ સહિત (જડ જીવાત્મક) સર્વ જગત્ અક્ષરબ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થાય ત્યારે ગંગાજીના તીરપર રહેવાવાળો ગંગાજીનો ભક્ત, ભક્તિના ઉદ્રેકથી જેવી રીતે પ્રવાહમાં મૂર્તિરૂપ ગંગાજીના દર્શન કરે છે તેવી રીતે જગત્ તથા પોતાના આત્માને અક્ષર બ્રહ્માત્મક જાણવાવાળો જ્ઞાની પોતામાં પરબ્રહ્મરૂપ શ્રીકૃષ્ણને નિહાળે છે કેમકે અક્ષરબ્રહ્મ છે તે પુરુષોત્તમનું નિવાસ સ્થાન છે. તેથી નિવાસસ્થાનરૂપ અક્ષરબ્રહ્મના જ્ઞાનથી તેમાં રહેવાવાળા પુરુષોત્તમના દર્શન સહજમાં થાય છે. ।।૧૩ ૧/૨।।

જે સેવાને દઢ આગ્રહી ન હોય અને લૌકિક ઈચ્છાવાળો હોય તેને શું ફલ થાય તે કહે છે :

સંસારી યસ્તુ ભજતે સ દૂરસ્થો યથા તથા ।।૧૪।।
અપેક્ષિતજલાદીનાં અભાવાત્તત્ર દુઃખભાક્ ।।૧૪ ૧/૨।।

અન્વયાર્થ : સંસારી= સંસારમાં આસક્તિ જેને છે તેવો, યઃ ભજતે= જે ભજે છે, સઃ તુ= તે તો, યથા દૂરસ્થઃ= જેમ દૂર રહેલો, અપેક્ષિત જલાદીનામ્= ઈચ્છિત જલ વગેરેના, અભાવાત્= અભાવથી, દુઃખભાક્= દુઃખી થાય છે, તથા= તેમ (ઈચ્છેલ ભગવદ્ દર્શન વગેરે ન મળતાં સંસારી દુઃખી થાય છે.)

ભાવાર્થ : જેમ ગંગાજીથી દૂર રહેતો મનુષ્ય, ઈચ્છિત જલ અને દર્શન ન મળવાથી ત્યાં દુઃખી થાય છે, તેવી જ રીતે જે અહંતા-મમતામાં બંધાયેલો જીવ કૃષ્ણનું પણ ભજન કરે તો તે ભગવદ્દર્શન ન થવાથી કેવળ દુઃખી જ થાય છે. ૧૪-૧૪।।

ટીકા : સંસારી એટલે જેની અહંતા મમતા છૂટી નથી તેવો, જે પ્રભુનું ભજન કરે છે તે જેવી રીતે ગંગાજીથી દૂર રહ્યો હોય તેને ઈચ્છિત જલાદિનો અભાવ થાય તેથી દુઃખ જ ભોગવે છે તેવી રીતે પોતે (સંસારપતિત)ભક્તિમાર્ગમાં રહ્યો હોય તેને સાક્ષાત્ સ્વરૂપ સમ્બન્ધી અર્થની અપેક્ષા હોય છતાં તે મળે નહિ ત્યારે તે ક્લેશ અનુભવે છે. તથાપિ તેની સેવાનો જો પ્રભુએ અંગીકાર કર્યો હોય તો તે ભજનને છોડતો નથી અને કાલાન્તરમાં પ્રભુ તેની સંસારાસક્તિ છોડાવી દે છે. અને પ્રભુએ જો તેની સેવાનો અંગીકાર જ કર્યો ન હોય તો મધ્યમાં જ પ્રતિબંધ થાય, તો પણ જે ભજન કર્યું છે તે તો વ્યર્થ થતું નથી. તેથી જન્માંતરમાં જ ફલ થાય ।।૧૪ ૧/૨।।

નિરૂપાધિક ભાવથી ભગવત્સેવા કરવાવાળાને ઉપદેશ આપે છે :

તસ્માત્ શ્રીકૃષ્ણમાર્ગસ્થો વિમુક્તઃ સર્વલોકતઃ ।।૧૫।।
આત્માનન્દસમુદ્રસ્થં કૃષ્ણમેવ વિચિન્તયેત્ ।।૧૫ ૧/૨।।

અન્વયાર્થ : તસ્માત્= તે કારણથી, સર્વલોકતઃ= સર્વલોકથી, વિમુક્તઃ= વિશેષ રીતે મુક્ત થયેલો, શ્રીકૃષ્ણમાર્ગસ્થઃ= શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલો (પુષ્ટિભક્ત,) આત્માનંદ-સમુદ્રસ્થં= પોતાના નિરવધિ આનંદોમાં વિહરતા, કૃષ્ણં= કૃષ્ણને, એવ= જ, વિચિંતયેત્= વિશેષ રીતે ચિંતવે (ચિંતન કરે.)

ભાવાર્થ : તેથી શ્રીભગવન્માર્ગમાં રહેનારા પુરુષે (જીવે) તો અહંતા-મમતારૂપ સંસારથી અલગ રહીને, નિજ આનંદસમુદ્રમાં વિહાર કરતા શ્રીકૃષ્ણનું જ સ્મરણ કરવું. એટલે કે લૌકિક ઈચ્છાઓનો પરિત્યાગ કરીને કેવળ પ્રભુસેવા કરવી. ૧૫-૧૫।।

ટીકા : અહંતા- મમતાત્મક સંસારયુક્ત ભજન જે કરે છે તે ક્લેશ જ પામે છે એમ ઉપર કહ્યું છે. તેથી શ્રીકૃષ્ણનો માર્ગ જે પુષ્ટિમાર્ગ છે તેમાં જે રહેલા છે (અર્થાત્ તેમાં જેમની સ્થિતિ છે) તથા સર્વલોકથી જે વિમુક્ત છે તે આત્માના આનંદરૂપ સાગરમાં રહેલા એવા

શ્રીકૃષ્ણનું જ ચિંતન કરે, અત્રે શ્રીકૃષ્ણનું જ ચિંતન કરવાનું જે કહ્યું છે તેનો અભિપ્રાય એવો છે જે પુષ્ટિમાર્ગીય ભક્તોનો નિરવધિ આનંદ જ્યાં પ્રકટ થાય છે ત્યાં વિહાર કરવાવાળાનું ચિંતન કરવું. આથી વ્રજભક્તોમાં વિહાર કરવાવાળા શ્રીકૃષ્ણનું ચિંતન કરવાથી વ્રજભક્તોની જેમ લૌકિકમાંથી મનોવૃત્તિ નીકળીને શ્રીકૃષ્ણમાંજ લાગે ।।૧૫ ૧/૨।।

લોકાર્થી ચેદ્ ભજેત્ કૃષ્ણં ક્લિષ્ટો ભવતિ સર્વથા ।।૧૬।।
ક્લિષ્ટોઽપિ ચેદ્ ભજેત્ કૃષ્ણં લોકો નશ્યતિ સર્વથા ।।૧૬ ૧/૨।।

અન્વયાર્થ : લૌકાર્થી= લૌકિક પદાર્થોના પ્રયોજનવાળો, ચેત્= જો, કૃષ્ણં= કૃષ્ણને, ભજેત્= ભજે, (તે) સર્વથા= બધી રીતે, ક્લિષ્ટઃ ભવતિ= ક્લેશવાળો થાય છે, ક્લિષ્ટઃઅપિ= આમ ક્લેશવાળો પણ, ચેત્= જો, કૃષ્ણં ભજેત્= કૃષ્ણનું ભજન કરે (તો,) સર્વથા= બધી રીતે, લોકઃ નશ્યતિ= લોક નાશ પામે છે (જન્માંતરમાં કૃપાપાત્ર બને છે.)

ભાવાર્થ : જે જીવ લૌકિક કામનાઓના પ્રયોજનથી કદાચિત્ શ્રીકૃષ્ણની સેવા કરે તો તે બધા પ્રકારથી ક્લેશ પામે છે. અને ક્લેશ સહન કરીને જીવ જો ભગવદ્ભજન છોડે નહીં તો તેનો બધા પ્રકારથી અહંતા-મમતારૂપ સંસાર દૂર થાય છે. ૧૬-૧૬ $^{૧}/_{૨}$

ઉપર જે સંસારી= અહંતા- મમતાવાળાની વ્યવસ્થા લખી છે તેમાંય જે હીન અધિકારી છે તેની વ્યવસ્થા આ શ્લોકમાં છે.

ટીકા : લૌકિક અર્થની ઈચ્છા રાખીને જે ભગવદ્ભજનમાં પ્રવૃત્ત થાય છે તે સર્વથા ક્લેશ જ પ્રાપ્ત કરે છે. એથી કંઈક લાભને માટે પૂજાદિકમાં પ્રવૃત્ત થાય તે તો 'પાખંડી' તથા 'દેવલક' કહેવાય છે, તેથી લાભપૂજાર્થ યત્ન સિવાય જેમાં નિષેધ નથી એવી રીતથી 'મારું લૌકિક સિદ્ધ થાય' એવી ઈચ્છાથી જે ભજનમાં પ્રવૃત્ત થયો હોય તે 'લોકાર્થી' કહેવાય છે. તે શ્રીકૃષ્ણનું ભજન કરે ત્યારે તેની ઉપર પ્રભુનો અનુગ્રહ

થાય. તેથી લૌકિકમાંથી આસક્તિ છોડાવવા માટે પ્રભુ તેવી ઉપેક્ષા કરે ત્યારે સર્વ પ્રકારથી ક્લેશ પ્રાપ્ત થાય, (છતાંય) ક્લેશને પ્રાપ્ત થવા છતાં ય જો કૃષ્ણને ભજતો જ રહે છે તેનો આંતર બાહ્ય લૌકિક આગ્રહ નષ્ટ થઈ જાય છે.

સંસારી જે ભજે છે તેની વ્યવસ્થા અગાઉ લખી છે, તેમાં ત્રણ ભેદ છે : એક તો સંસારની નિવૃત્તિની ઈચ્છાવાળો, બીજો લૌકિક ઈચ્છાયુક્ત સેવાનો આગ્રહી અને ત્રીજો સેવાનો અનાગ્રહી. આમ ત્રણેયના ફલ અહીં સુધી કહેવામાં આવ્યા. ।।૧૬ ૧/૨।।

પોતાનું સ્વરૂપ તેમજ ભગવાનનું સ્વરૂપ નહિ જાણવાવાળા ભક્તો પણ પુષ્ટિ તથા મર્યાદાના ભેદથી બે પ્રકારના છે, તે બેઉનું ચિત્ત ચંચલ ન થાય તે માટે કહે છેઃ

જ્ઞાનાભાવે પુષ્ટિમાર્ગી તિષ્ઠેત્પૂજોત્સવાદિષુ ।।૧૭।।

મર્યાદાસ્થસ્તુ ગંગાયાં શ્રીભાગવત્તત્પરઃ ।।
અનુગ્રહઃ પુષ્ટિમાર્ગે નિયામક ઈતિ સ્થિતિઃ ।।૧૮।।

અન્વયાર્થ : જ્ઞાનાભાવે= (પોતાના તેમજ પ્રભુના સ્વરૂપનું) જ્ઞાન ન હોય તો, પુષ્ટિમાર્ગી= પુષ્યિમાર્ગીય, શ્રીભાગવત- તત્પરઃ= શ્રીભાગવતમાં પરાયણ (થઈને,) પૂજોત્સવાદિષુ= પૂજાનો પ્રવાહ અને પર્વોમાં થતા ઉત્સવ વગેરે જ્યાં ચાલુ હોય તેવા સ્થાનમાં, તિષ્ઠેત્= રહે, મર્યાદાસ્થઃ= મર્યાદામાર્ગમાં રહેલો (જ્ઞાની કે ભક્ત) તુ= તો, ગંગાયાં= ગંગા કિનારે (શ્રીભાગવતમાં તત્પર થઈને રહે,) પુષ્ટિમાર્ગે= પુષ્ટિમાર્ગમાં, અનુગ્રહઃ નિયામકઃ= કૃપા જ નિયામક છે, ઈતિ= એવી, સ્થિતિઃ= મર્યાદા (છે.)

ભાવાર્થ : પુષ્ટિમાર્ગીય ભક્ત જ્ઞાનના અભાવમાં એટલે કે પોતાના સ્વરૂપનું અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય તો, શ્રીભાગવતમાં તત્પર રહીને એકાદશ સ્કંધમાં કહેલી પૂજાની રીતિ અને પર્વોમાં અનેક

ઉત્સવ જ્યાં થતા હોય ત્યાં રહે. અને મર્યાદામાર્ગીય ભક્ત તો જ્ઞાનના અભાવમાં શ્રીભાગવતમાં તત્પર રહીને શ્રીગંગાજીના તટ ઉપર રહે. અનુગ્રહમાર્ગમાં ભગવાનનો અનુગ્રહ જ સ્થાન વગેરેનો નિયમ કરવાવાળો છે. આ ભગવન્માર્ગની મર્યાદા છે. ૧૭-૧૮

ટીકા : પોતાના સ્વરૂપનું તથા ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ના હોય તો પણ પુષ્ટિમાર્ગીય ભક્ત છે તે શ્રીભાગવતમાં તત્પર થઈને પૂજા તથા ઉત્સવાદિકમાં સ્થિતિ બનાવી રાખે. શ્રીભાગવતમાં એકાદશસ્કંધના ઓગણીસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પોતાના ધર્મ કહ્યા છે : "જે મારું સ્મરણ કરે, તમામ કાર્ય મારા માટે કરે, (જે કંઈ કરે તે મારે માટે કરે,) મારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા રાખે" ઈત્યાદિક ધર્મ કહ્યા છે તેમાં રહે અને જે મર્યાદામાર્ગીય ભક્ત છે તે તો ભગવાનના ચરણરજના સમ્બન્ધવાળા ગંગાજીના તીરે શ્રીભાગવતપાઠમાં તત્પર રહે એટલે જ્યાં પરીક્ષિતને તથા વિદુરજીને શ્રીભાગવતથી સિદ્ધિ થઈ છે ત્યાં રહે. જો કે પુષ્ટિમાર્ગીય ભક્તને રહેવામાં કોઈ દેશનો-સ્થાન વિશેષનો નિયમ નથી. જ્યાં પણ પ્રભુ અનુગ્રહ કરીને (તેવા ભક્તોને) રાખે ત્યાં રહે એટલે જે કે જ્યાં રહીને ભગવદ્ભજનાદિકમાં સુંદર રીતે પ્રવૃત્તિ બની રહે તેમાં પ્રતિબંધાદિક કશાં જ ન આવે તેવા સ્થાનમાં રહે. ।।૧૮।।

મર્યાદામાર્ગીય જ્ઞાની તથા ભક્ત હોય તેના ઉપર પ્રભુ વિશેષ અનુગ્રહ કરે તો મર્યાદામાર્ગીય જ્ઞાની તથા ભક્ત એ બેઉ પુષ્ટિમાર્ગને પ્રાપ્ત કરીને, પુષ્ટિમાર્ગીય ભક્તિને પ્રાપ્ત થાય છે (સિદ્ધ કરી શકે છે) તે હવે કહે છેઃ

ઉભયોસ્તુ ક્રમેણૈવ પૂર્વોક્તૈવ ફલિષ્યતિ ।।
જ્ઞાનાધિકો ભક્તિમાર્ગ એવં તસ્માન્નિરૂપિતઃ ।।૧૯।।

અન્વયાર્થ : ઉભયોઃ =(મર્યાદાસ્થ ભક્ત અને જ્ઞાની) બન્નેને, ક્રમેણ= ક્રમથી (પુષ્ટિમાં અંગીકારથી) એવ= જ, તુ= પુનઃ, પૂર્વોક્તા= પહેલા કહેલી (તનુવિત્તજા પછી) (માનસી સેવા,) એવ= જ,

ફલિષ્યતિ= ફળશે (જો મર્યાદામાં અંગીકાર હોય તો મુક્તિ જ મળશે,) એવં= આ પ્રકારે, ભક્તિમાર્ગઃ= ભક્તિમાર્ગ, જ્ઞાનાધિકઃ= જ્ઞાનમાર્ગથી ઉત્તમ (છે,) તસ્માત્= તેથી, એવં= આ પ્રકારથી, નિરૂપિતઃ= નિરૂપિત કરેલો (છે.)

ભાવાર્થ : મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય ભક્તોને ક્રમથી પહેલા કહેલી માનસી સેવા જ પ્રાપ્ત થશે. ભેદ એટલો જ છે કે મર્યાદામાર્ગીયને અનુગ્રહમાર્ગમાં આવવાથી પ્રાપ્તિ થશે. કેમ કે "ક્લેશોધિકતરમ્ તેષાં" (ભગ.ગીતા ૧૨|૫) વગેરે વચનોથી આ સિદ્ધ છે. અને એટલા માટે જ ભક્તિમાર્ગ જ્ઞાનમાર્ગથી અધિક છે તેથી જ આવું નિરૂપણ કર્યું છે.૧૯

ટીકા : મર્યાદામાર્ગીય જ્ઞાની તથા મર્યાદામાર્ગીય ભક્ત હોય તેઓનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થશે તો ક્રમથી માનસી સેવાનું ફળ પણ મળશે અને જો મર્યાદામાં જ તેઓનો અંગીકાર થશે તો સાયુજ્ય મુક્તિ મળશે. આમ ભક્તિમાર્ગ છે તો શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરવાવાળો છે. તેથી જ્ઞાનમાર્ગથી ઉત્તમ છે તે ગંગાજીના દૃષ્ટાંતથી નિરૂપણ કર્યું છે.

એટલે લોકમાં કેટલાક કહે છે કે જે ભક્તિથી જ્ઞાન મળે તથા જ્ઞાનથી મુક્તિ મળે; પરંતુ આત્મા તથા અક્ષરબ્રહ્મની એકતાનું જ્ઞાન તથા સર્વજગત્ અક્ષરબ્રહ્મરૂપ છે એવું જાણવું તે 'જ્ઞાન' કહેવાય છે. તેથી જ્ઞાન હોય તો પણ શ્રીપુરુષોત્તમનો સમ્બન્ધ તો અતિ દૂર રહે છે કારણકે શ્રીપુરુષોત્તમતો અક્ષરાતીત છે. તેથી જ ગીતાના બારમા અધ્યાયમાં લખ્યું છે કે અક્ષરની ઉપાસનાવાળાઓને ક્લેશ અધિક છે અને "જે સર્વકર્મોને મારામાં અર્પણ કરીને મારા પરાયણ થઈને, મારી ઉપાસના કરે છે તેઓનો ઉદ્ધાર હું શીઘ્ર જ કરું છું." એવું શ્રીકૃષ્ણે કહ્યું છે. તેથી જ્ઞાનથી ભક્તિમાર્ગ અધિક છે (શ્રેષ્ઠ છે). ।।૧૯।।

એ ગંગાજીનું જે દૃષ્ટાંત આપ્યું છે તેનું બીજું તાત્પર્ય જણાવે છે :

ભક્ત્યભાવે તુ તીરસ્થો યથા દુષ્ટૈઃ સ્વકર્મભિઃ ।।
અન્યથાભાવમાપન્નઃ તસ્માત્સ્થાનાચ્ચ નશ્યતિ ।।૨૦।।

અન્વયાર્થ : યથા તીરસ્થઃ= જેમ (ગંગા) કિનારે રહેલો, ભક્ત્યભાવે= ભક્તિ વગર, તુ= તો, દુષ્ટૈઃ= દોષવાળા, સ્વકર્મભિઃ= પોતાના કર્મો વડે, અન્યથા ભાવં= અન્યથા ભાવને, આપન્નઃ= પ્રાપ્ત થયેલો, તસ્માત્= તે, સ્થાનાત્= સ્થાનથી, ચ= પણ, નશ્યતિ= નાશ પામે છે.

ભાવાર્થ : જેમ ગંગાતીર ઉપર રહેતો પુરુષ, (ગંગાજી પ્રત્યે) ભક્તિ ન હોય તો પોતાના દુષ્ટકર્મોથી પાખંડીપણાને પ્રાપ્ત થઈને અને તીર્થરૂપ સ્થાનથી જ નષ્ટ થઈ શકે જાય છે તેમ ભક્ત પણ ભક્તિના અભાવમાં પોતાના દુષ્ટકર્મોથી તે (ભક્તના) સ્થાનથી ભ્રષ્ટ થઈને નીચ યોનિઓમાં જન્મ લે છે. ૨૦

ટીકા : ગંગાજીના તીર પર રહે અને પોતાના દુષ્ટ કર્મોથી વિપરીત ભાવને પ્રાપ્ત થયો હોય તે જેમ સ્થાનથી નષ્ટ થાય છે તે જ રીતે ભક્તિનો અભાવ હોય તો ભગવાનના સન્નિધાનવાળા સ્થાનમાં (દેશમાં) રહેતો હોય તો પણ પોતાના દુષ્ટ કર્મો કરીને પાખંડીપણાને પ્રાપ્ત થયો હોય તે આરૂઢપતિત થાય છે. એટલે જેમ કોઈ ઊંચે સ્થળે ચઢીને પડે છે તેવી રીતે ભક્તિમાર્ગમાં આવ્યો હોય અને ભક્તિ જ ના હોય તેથી દુષ્ટ કર્મોથી પાખંડી થઈને તે માર્ગથી ભ્રષ્ટ થાય છે. ।।૨૦।।

આમ ભક્તિનું અવશ્યપણું નિરૂપણ કરીને ઉપસંહાર કરે છે :

એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્ ।।
એતદ્ બુધ્વા વિમુચ્યેત પુરુષઃ સર્વસંશયાત્ ।।૨૧।।

અન્વયાર્થ : એવં= આ પ્રકારે, ગુપ્તં= ગુપ્ત, સ્વશાસ્ત્રં-સર્વસ્વં= પોતાના શાસ્ત્રનું સર્વસ્વ, મયા= મારા વડે (મેં,) નિરૂપિતં= નિરૂપણ કર્યું છે, એતત્= એને, બુદ્ધ્વા= જાણીને, પુરુષઃ= પુરુષ, સર્વ

સંશયાત્= બધા સંશયોમાંથી, વિમુચ્યેત= વિશેષ રીતે મુક્ત થઈ જાય (છે.)

ભાવાર્થ : આ પ્રકારથી મેં પોતાના શાસ્ત્રનો ગોપ્ય (ગુપ્તરહસ્યરૂપ) સિધ્ધાન્ત કહ્યો. આને જાણીને પુરુષ બધા જ સન્દેહથી મુક્ત થાય છે. ૨૧

ટીકા : આમ પોતાના (પુષ્ટિમાર્ગીય) શાસ્ત્રનું જે ગુપ્ત સર્વસ્વ હતું તે મેં નિરૂપણ કર્યું છે. આ જે નિરૂપણ કર્યું છે તેને બરાબર જાણીને સમજીને પુરુષ સર્વપ્રકારના સંશયો (જે ભ્રમિત કરનારા છે)થી મુક્ત થઈ જાય અર્થાત્ સંશયરહિત થાય.

આ ગ્રંથમાં એટલું સિધ્ધ થયું કે તનુવિત્તજા સેવા જ પ્રથમ સાધન છે, તે યથાર્થ બને તો પ્રભુમાં ચિત્ત લીન થઈ જાય એવી માનસી સિધ્ધ થાય. ત્યારે પ્રભુ સમ્બન્ધી જ સર્વકામના થાય. તેથી સર્વ બ્રહ્માત્મક છે એવા જ્ઞાનથી ભગવાનમાં બુદ્ધિ રાખવી તે સાધનની પ્રથમ (મુખ્ય) કક્ષા છે. તેમાં અધિકાર ના હોય તો જે મર્યાદાપુષ્ટ છે તેવાઓએ અક્ષરબ્રહ્માત્મક પોતાનું સ્વરૂપ છે અને અક્ષરબ્રહ્મમાં શ્રીકૃષ્ણ બિરાજે છે એવું જ્ઞાન જે રીતે થાય તેવો યત્ન કર્યા કરવો તે સાધનની દ્વિતીય (મધ્યમ) કક્ષા છે. આમાંય જેનો અધિકાર નથી તે શરીર, પુત્ર ધનાદિકમાં અભિમાનવાળો 'સંસારી' કહેવાય છે. આવો પુરુષ સેવા કરતો હોય તેમાં ભગવાનને ઉપયોગી પદાર્થ મળે નહિ ત્યારે દુઃખ પામે ત્યારે સેવા પણ સમુચિત પ્રકારથી ન બને. તેવાઓને સંસારથી આસક્તિ છૂટે તે માટે લીલાવિશિષ્ટ ભગવાનનું ચિંતન કરવું તે સાધનની ત્રીજી (હીન) કક્ષા છે. અને જેને લૌકિકની ઈચ્છા નિવૃત્ત ન થાય અને તનુવિત્તજા સેવા કરતો હોય ત્યારે તેની પરીક્ષા માટે અથવા પ્રારબ્ધ ભોગ માટે પ્રભુ વિલંબ કરે ત્યારે લૌકિકથી ક્લેશ થાય તો પણ ભગવત્ સેવા છોડે નહિ તો સમય જતાં લૌકિક આસક્તિ છૂટી જાય. આવો જે પુષ્ટિમાર્ગીય હોય તો તેને શ્રીભાગવતના પાઠ શ્રવણાદિકમાં તત્પર થઈને ઈચ્છાનુકૂલ દેશમાં રહીને પૂજોત્સવાદિક કરવા અને આવો જો

મર્યાદામાર્ગીય હોય તો ગંગાજીના તીરે રહીને શ્રીભાગવતના શ્રવણ તથા પાઠ વારંવાર કર્યા કરે તે સાધનની ચોથી (અતિહીન) કક્ષા છે. હવે જે તનુવિત્તજા સેવા કરતો હોય તેમાં ભક્તિ પણ ના હોય તે તો પાંચમો આરૂઢપતિત કહેવાય છે. તે વારંવાર જન્મમરણને પ્રાપ્ત થઈને સંસારનો અભિનિવેશ શિથિલ થાય ત્યારે મુક્ત થાય અને સંસારનો જો અત્યંત અભિનિવેશ રહેતો હોય તો મુક્તિ પણ થાય નહિ. તેથી સંસારાવેશ છોડીને ભક્તિને માટે તનુવિત્તજા સેવામાં પ્રયત્ન કર્યા કરવો.

।। ।। ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ''સિદ્ધાન્તમુક્તાવલી'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઇ ।।

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| પુષ્ટિપ્રવાહમર્યાદાભેદઃ ||

આ જગતમાં જેટલા જીવ છે તેટલા સર્વ ચિદંશરૂપથી તથા ભગવદ્અંશપણાથી સમાન છે. તેમાંથી કેટલાકને શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે, કેટલાકને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે, કેટલાકને સ્વર્ગાદિકની પ્રાપ્તિ થાય છે અને કેટલાકને અંધતમની પ્રાપ્તિ થાય છે. એ પ્રકારે ફલમાં ભેદ શાથી થાય છે? તથા સ્વભાવમાં ભેદ શાથી છે? વળી કેટલાકને સ્વભાવથી વિરુદ્ધ દેહ તથા ક્રિયા હોય છે, કેટલાકને સ્વભાવને અનુકૂળ દેહ તથા ક્રિયા હોય છે, ઈત્યાદિક ભેદ શાથી છે? આવા સંદેહવાળાઓના સંદેહ દૂર કરવા માટે તેના (આવા સંદેહોના) ઉપાયભૂત માર્ગ તથા માર્ગનું સાંકર્ય (આ પ્રકારે માર્ગોના પરસ્પર મળવાથી ઉદ્ભવતા ભેદનું) નિરૂપણ કરવા માટે, સર્વના ભેદ જાણવાથી સર્વ પ્રકારના સંદેહોની નિવૃત્તિ થશે એવું વિચારીને ત્રણેય માર્ગના ભેદનું નિરૂપણ કરે છે :

પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્ પૃથક્ ||
જીવદેહક્રિયાભેદૈઃ પ્રવાહેણ ફલેન ચ ||૧||

વક્ષ્યામિ સર્વસંદેહા ન ભવિષ્યન્તિ યચ્છ્રુતે : ||
ભક્તિમાર્ગસ્ય કથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ||૨||

અન્વયાર્થ : પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાઃ= પુષ્ટિપ્રવાહ મર્યાદાને, વિશેષેણ= વિશેષથી, જીવ-દેહ-ક્રિયા-ભેદૈઃ= જીવ દેહ ક્રિયાના ભેદો વડે, પ્રવાહેણ= પ્રવાહથી, ચ= અને, ફલેન= ફલથી, પૃથક્-પૃથક્= જુદા જુદા, વક્ષ્યામિ= હું (શ્રીમહાપ્રભુજી) કહીશ, યત્= જે, શ્રુતેઃ= સાંભળવાથી, સર્વ-સંદેહાઃ= બધા સંદેહો, ભવિષ્યન્તિ= થશે, ન= નહિ. ભક્તિમાર્ગસ્ય= ભક્તિમાર્ગ, કથનાત્= કહેલો હોવાથી, પુષ્ટિઃ= કૃપા (પુષ્ટિમાર્ગ,) અસ્તિ= છે, ઈતિ નિશ્ચયઃ= એવો નિશ્ચય છે.

ભાવાર્થ-ટીકા : પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા આ ત્રણેય જુદા જાણી શકાય, એવા એમના ધર્મવડે, જીવાદિકોના ભેદોથી સૃષ્ટિની પરંપરા અપરિચ્છિન્ન ચાલી આવે છે તેથી અને તેઓને ફલ મળે છે તેમ કરીને ભિન્ન ભિન્ન સમજવામાં આવે તે પ્રકારે કહીશ, જેના શ્રવણથી સંદેહો થશે નહિ. આથી તેઓના ધર્મ, જીવનું સ્વરૂપ, દેહ અને ક્રિયાના ભેદો તેમજ સૃષ્ટિ તથા તેના ફલનું જ્ઞાન થશે ત્યારે સર્વ સંદેહો નિવૃત્ત થશે. ।।૧।।

આ લોકની તથા પરલોકની કામના છોડીને પ્રભુમાં મન લગાવવું તે ભક્તિ કહેવાય છે. તે ભક્તિ પ્રભુના અનુગ્રહથી મળે છે. તેથી જ પંચમ સ્કંધમાં ઋષભદેવજીના ચરિત્રની સમાપ્તિમાં કહ્યું છે જે ''મોક્ષ દેવાવાળા ભગવાન્ ભજન કરવાવાળાઓને મુક્તિ આપે છે પરંતુ ક્યારેય ભક્તિયોગ આપતા નથી'' (ભાગ.પુ.૫।૬।૧૮) તેમ શ્રીદેવકીજીએ સ્તુતિ કરી ત્યારે પ્રભુના માહાત્મ્યનું જ્ઞાન હતું તેથી સર્વમાહાત્મ્યનું વર્ણન કર્યું. ત્યારબાદ સુદૃઢ સ્નેહ થયો, ત્યારે માહાત્મ્યને ભૂલીને કહ્યું ''આપને માટે મારી બુદ્ધિમાં ધૈર્ય રહી શકતું નથી, હું કંસથી ડરૂં છું.'' આમ જે કહ્યું છે તે સુદૃઢ સ્નેહનું સ્વરૂપ છે. આમ પ્રભુનો જ્યારે અનુગ્રહ થાય છે ત્યારે આવી ભક્તિ મળે છે, તે અનુગ્રહનું નામ જ 'પુષ્ટિ' છે. જેમકે કોઈએ પાપ કર્યું હોય તેનું નિવારણ પ્રાયશ્ચિત કષ્ટથી બને તેવું હોય પરંતુ તેને માટે વિદ્વાનોની સભાભરી હોય (અને) તે અનુગ્રહથી સુગમ પ્રાયશ્ચિત કહે તો તેમ થઈ શકે છે. જેમ કર્મમાર્ગમાં પણ અનુગ્રહની પ્રાર્થના થાય છે તે ફલસિદ્ધિ થવા માટે છે તેમ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રતિ સાધનરૂપ ભક્તિમાર્ગ કહ્યો છે, તેથી તે માર્ગના નિરૂપણમાં મૂળભૂત પુષ્ટિ છે એવો નિશ્ચય છે. ।।૨।।

આમ પુષ્ટિની વિદ્યમાનતાનું નિરૂપણ કરીને પ્રવાહ તથા મર્યાદાની વિદ્યમાનતાનું નિરૂપણ કરે છે :

''દ્વૌ ભૂતસર્ગૌ''વિત્યુક્તેઃ પ્રવાહોપિ વ્યવસ્થિતઃ ।।
વેદસ્ય વિદ્યમાનત્વાત્ મર્યાદાપિ વ્યવસ્થિતા ।।૩।।

અન્વયાર્થ : દ્વૌ= બે, ભૂત-સર્ગૌ= પ્રાણીઓના સર્ગ (છે,) ઈતિ= આમ, ઉક્તેઃ= (ગીતાજીમાં) કહેલું છે તેથી, પ્રવાહઃ= પ્રવાહ, અપિ= પણ, વ્યવસ્થિતઃ= વ્યવસ્થાપૂર્વક રહેલો (છે,) વેદસ્ય= વેદનું, વિદ્યમાનત્વાત્= અસ્તિત્વ હોવાથી, મર્યાદાપિ= મર્યાદા પણ વ્યવસ્થિતા= વ્યવસ્થાપૂર્વક સ્થાપિત છે.

ભાવાર્થ : ગીતાજીમાં શ્રીકૃષ્ણએ અર્જુનને કહ્યું છે કે ''આ લોકમાં દૈવ અને આસુર એવા ભેદથી પ્રાણીઓની બે પ્રકારની સૃષ્ટિ છે.'' (આ વચનમાં આસુર જીવોની પૃથક્ ગણના કરી છે) તેથી પ્રવાહમાર્ગ પણ સિદ્ધ છે. અને કર્મ વગેરેની વ્યવસ્થા કરનારો વેદ વિદ્યમાન છે તેથી સિદ્ધ છે કે મર્યાદામાર્ગ પણ અનાદિકાળથી ચાલ્યો આવે છે. ૩

ટીકા : ગીતાજીમાં કહ્યું છે કે ''દેવ તથા અસુર એવા બે પ્રકારના ભૂતસર્ગ છે.'' તેથી દેવ તથા આસુર એવા વિભાગથી સૃષ્ટિની પરંપરા અવિચ્છિન્ન (સતત) ચાલી આવે છે તેનું નામ 'પ્રવાહ' છે. જેમકે નદીનો પ્રવાહ જેવી રીતે આરંભથી અંતસુધી ચાલે જાય છે તેમ દેવ તથા આસુર આ બેઉ પ્રકારની સૃષ્ટિનો પ્રવાહ પ્રલય પર્યંત ચાલ્યો જાય છે. નહિતર શ્રીકૃષ્ણે બેઉનો વિભાગ કર્યો છે તે વ્યર્થ થઈ જાય. તેથી પ્રવાહ પણ રહ્યો છે. કર્મ, જ્ઞાનાદિકના પ્રકારનો જે નિયમ છે તેનું નામ મર્યાદા છે. તે પૂર્વકાંડ તથા ઉત્તરકાંડરૂપ વેદજગતમાં વિદ્યમાન છે. તેથી કર્મ તથા જ્ઞાનાદિકના પ્રકારનો નિયમ ટકી રહ્યો છે, તેથી મર્યાદા પણ રહી છે.

અત્રે એમ સમજવું જે ભગવાનના અનુગ્રહથી પ્રયુક્ત જેટલા પણ ભક્તિમાર્ગ છે તે સર્વનો અંતર્ભાવ પુષ્ટિમાર્ગમાં છે. તથા આલોક અને પરલોકની કામનાવાળા સર્વમાર્ગ જે સૃષ્ટિની પરંપરાને તોડતા નથી તે સર્વ માર્ગ પ્રવાહમાં અંતર્ભૂત છે અને જેટલા માર્ગ વેદની મર્યાદાઓનું ઉલ્લંઘન કરતા નથી તેટલા સઘળા માર્ગ મર્યાદામાં અંતર્ભૂત છે. આમ જગતમાં જેટલા માર્ગ છે તે બધાનો અંતર્ભાવ આ ત્રણેય માર્ગમાં છે. ।।૩।।

બધા માર્ગમાં જુદાજુદા પ્રકારથી ભજન તો રહ્યું જ છે, તેથી ભજનનો પ્રકાર ભિન્નભિન્ન છે પરંતુ (તે જુદાજુદા પ્રકારથી ભજન કરવું તે) ''બધું ભક્તિમાર્ગ જ છે'' એવું કોઈ કહે ત્યાં કહે છે :

કશ્ચિદેવ હિ ભક્તો હિ ''યો મદ્‌ભક્ત'' ઈતીરણાત્ ।।
સર્વત્રોત્કર્ષકથનાત્ પુષ્ટિરસ્તીતિ નિશ્ચયઃ ।।૪।।

અન્વયાર્થ : હિ= જે હેતુ માટે, યઃ= જે, મદ્‌ભક્તઃ= મારો ભક્ત (છે તે મને પ્રિય છે,) ઈતિ= આ પ્રકારે, ઈરણાત્= કહેલું હોવાથી, હિ= નિશ્ચયપૂર્વક, કશ્ચિત્= કોઈક, એવ= જ, ભક્તઃ= ભક્ત (હોય છે,) સર્વત્ર= બધામાં, ઉત્કર્ષ-કથનાત્= ઉન્નતિ કહેલી હોવાથી, પુષ્ટિઃ અસ્તિ= પુષ્ટિમાર્ગ છે, ઈતિ નિશ્ચયઃ= એવો નિશ્ચય છે.

ભાવાર્થ : ગીતાજીમાં ભગવાને ''જે મારો ભક્ત છે તે મને પ્રિય છે.'' આમ કહેલ છે તેથી; અને સર્વશાસ્ત્રોમાં ભક્તિનો ઉત્કર્ષ કહેલો છે તેથી પણ પુષ્ટિમાર્ગ ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. ''ભક્ત કોઈક જ હોય છે, બધા નથી હોતા'' તેનાથી જ પુષ્ટિમાર્ગ પ્રવાહમાર્ગથી ભિન્ન છે આ નિશ્ચય છે. ૪

ટીકા : ''સંતોષવાળા, હંમેશાં પ્રભુમાં જેઓએ (પોતાનું) ચિત્ત જોડ્યું છે, મન જેઓને સ્વાધીન છે, પ્રભુ પોતાના સ્વામી છે એવો જેનો દઢ નિશ્ચય છે અને મારામાં જેણે મન તથા બુદ્ધિ અર્પણ કરી છે, એવો મારો જે ભક્ત છે તે મને પ્રિય છે'' (ભ.ગી.૧૨।૧૪) એમ ગીતાજીમાં કહ્યું છે તેમાં ''મારો જે ભક્ત છે'' એવું કહેવાથી કોઈક ભક્ત છે એવું જણાય છે. જો ઘણા ભક્ત હોય તો ''જે મારો ભક્ત છે તે મને પ્રિય છે'' એમ ના કહેત. વળી ગીતાજીમાં ''તપસ્વી, જ્ઞાની તથા કર્મમાર્ગીઓથી'' યોગીને અધિક દર્શાવી ''સઘળા યોગીઓમાં પણ જે અંતઃકરણપૂર્વક શ્રદ્ધાયુક્ત થઈને મને ભજે છે તેને અત્યંતયુક્ત માન્યો છે'' (ભ.ગી.૬।૪૭) આ પ્રમાણે શ્રીકૃષ્ણએ કહ્યું છે. તેમ પુનઃ પણ પંદરમા અધ્યાયમાં કહ્યું છે ''સારી રીતે મોહરહિત જે પુરુષ, હું

પુરુષોત્તમ છું એમ જાણે છે તે સઘળું જાણવાવાળો છે, તે સર્વભાવ કરીને મને જ ભજે છે'' (ભ.ગી.૧૫।૧૯) એવું કહ્યું છે. તેથી સર્વભાવથી ભજન પુષ્ટિમાર્ગમાં જ છે અને એવા ભજનને સર્વ સ્થળોમાં ઉત્તમ કહ્યું છે. તેથી પુષ્ટિ છે તે બાબત નિશ્ચિત છે. ।।૪।।

(બીજી શંકા) ઉપર કહ્યા એવા ત્રણેય માર્ગ વિદ્યમાન છે એવું કહેવાથી જ ત્રણેય માર્ગનો પરસ્પર ભેદ સિદ્ધ નહિ થાય, કેમકે ''સર્વ ફલ ભગવાનથી જ થાય છે'' એમ વ્યાસસૂત્રા(બ્રહ્મસૂત્રા)દિક વડે સિદ્ધ છે. તેથી બીજા દેવોનું ભજન કરવાવાળા પ્રવાહમાર્ગીય પણ ફલ પ્રાપ્તિ માટે (તો) પ્રભુનું જ ભજન કરે છે; કેમકે બ્રહ્મવાદની રીતિથી ચૈતન્યમાં તો ભેદ છે નહિ અને ફલ તો પ્રભુથી જ પ્રાપ્ત થાય છે. તેથી પ્રાવાહિકો પણ ભક્ત છે એમ કહેવું તો જોઈએ અને અનુગ્રહયુક્ત સર્વ ભક્તિમાર્ગ પુષ્ટિમાર્ગમાં અંતર્ભૂત છે એમ ઉપર કહ્યું છે તે અનુગ્રહ તો સર્વને માટે સમાન છે. તેથી પ્રવાહથી પુષ્ટિમાર્ગ ભિન્ન નહિ થઈ શકે તથા મર્યાદામાર્ગ તો વેદોક્ત નિયમથી છે તેથી ભિન્ન જ છે. આમ જોતાં બે જ માર્ગ છે એમ કહેવું જોઈએ એવી શંકા કોઈ કરે તો ત્યાં કહે છે :

ન સર્વોઽતઃ પ્રવાહાદ્ધિ ભિન્નો વેદાચ્ચ ભેદતઃ ।।
''યદા યસ્યેતિ'' વચનાત્ નાહં વેદૈરિતીરણાત્ ।।૫।।

અન્વયાર્થ : સર્વઃ= બધા (ભક્ત,) ન= નથી, અતઃ= આથી, હિ= નિશ્ચિત રીતે, પ્રવાહાત્= પ્રવાહથી (પુષ્ટિમાર્ગ,) ભિન્નઃ= જુદો છે, યદા= જ્યારે, યસ્ય= જેનો, ઈતિ= એવા, વચનાત્= વચનથી, અહં= હું, વેદૈઃ= વેદો વડે, ઈતિ= આ પ્રકારે, ઈરણાત્= કહેલું હોવાથી, વેદાત્= વેદથી, ચ= અને (લોકથી,) ભેદાત્= જુદો હોવાથી, (પુષ્ટિ માર્ગ જુદો) (છે.)

ભાવાર્થ : ''જ્યારે ભગવાન્ અનુગ્રહ કરે છે ત્યારે ભક્ત લોકમાર્ગ અને વેદમાર્ગમાં બુદ્ધિ લગાવતો નથી.'' આ ભાગવતના વચનથી તથા ''મારા આવા દર્શન વેદવગેરેથી થતા નથી.'' આ

ભગવાનના વચનથી જ આ નિશ્ચય થાય છે કે પુષ્ટિમાર્ગ મર્યાદામાર્ગથી પણ ભિન્નતયા સ્થિત છે, એટલે કે ભિન્ન છે. ૫

ટીકા : ઉપરના શ્લોકમાં ગીતાજીનું પ્રમાણ આપીને, 'ઘણા ભક્તો નથી પરંતુ કોઈ એક ભક્ત છે' એમ નિરૂપણ કર્યું છે તેથી બધા ભક્તો નથી. ત્યારે જે માર્ગમાં આ ભક્ત છે તે પુષ્ટિમાર્ગ પણ પ્રવાહથી ભિન્ન છે એમ અર્થથી સિદ્ધ થાય છે.

ત્યાં એવી શંકા હોય કે પ્રવાહથી પુષ્ટિમાર્ગ ભિન્ન છે એમ સિદ્ધ થયું પરંતુ પુષ્ટિમાર્ગનું પ્રતિપાદન કરનારા જે જે વાક્યો છે તે તે વેદ, સ્મૃતિ અથવા પુરાણાદિકમાં છે. તે વેદવિધિમાં જ આવી જાય છે, તેથી મર્યાદાથી પુષ્ટિમાર્ગ ભિન્ન નહિ થઈ શકે એવી શંકાની નિવૃત્તિને માટે કહે છે કે ''આત્માથી જેમની ભાવના કરી છે એવા ભગવાન્ જેના ઉપર અનુગ્રહ કરે છે તે લોકમાં તથા વેદમાં લાગી રહેલી એવી બુદ્ધિને છોડી દે છે'' એ પ્રકારે શ્રીભાગવતમાં કહ્યું છે. વળી ''વેદથી, તપથી, દાનથી, અને જ્ઞાનયજ્ઞ કરીને પણ મારું દર્શન થઈ શકતું નથી, પરંતુ એકમાત્ર અનન્યભક્તિથી જ મારું દર્શન થઈ શકે છે'' (ભ.ગી.૧૧।૫૩-૫૪)એમ ગીતાજીમાં કહ્યું છે. આમ સર્વ સ્થળોમાં પુષ્ટિમાર્ગનું પ્રતિપાદન છે તો પણ જીવથી વિધિપૂર્વક કરવામાં આવતાં સાધનોમાં પુષ્ટિમાર્ગનો પ્રવેશ નથી, પરંતુ ભગવાનના અનુગ્રહરૂપ જ ભક્તિમાર્ગ છે. તેથી વેદના નિયમરૂપ મર્યાદાથી પણ પુષ્ટિમાર્ગ ભિન્ન છે ।।૫।।

જેમાં ભગવદ્ભક્તિ ન હોય એવા ધર્મ, કર્મ તથા જ્ઞાનની નિંદા તો સઘળા શાસ્ત્રોમાં લખી છે, પરંતુ ભક્તિસહિતની નિંદા ક્યાંય નથી, તેથી ગીતાજીમાં ''નિબંધાયાસુરીમતા'' (ભગ.ગી.૧૬।૫) ઈત્યાદિક વાક્યોથી પ્રાવાહિક જીવોની નિંદા લખી છે તે ભક્તિરહિતની છે. ભક્તિસહિત પ્રાવાહિક તો દૈવી (સૃષ્ટિ)માં ગણ્યા જાય છે, તેથી સર્વમાર્ગ ભક્તિમાર્ગના અંગભૂત છે એવી મૂલમાં જ શંકા કરીને હવે તેનું સમાધાન કરે છે :

માર્ગૈકત્વેઽપિ ચૈદંત્યૌ તનૂ ભકત્યાગમૌ મતૌ ।।
ન તદ્‌યુક્તં સૂત્રતો હિ ભિન્નો યુક્ત્યા હિ વૈદિકઃ ।।૬।।

અન્વયાર્થ : માર્ગની એકરૂપતામાં, અપિ= (શંકા અયોગ્ય હોવા છતાં) પણ, અન્ત્યૌ= છેલ્લા બે (મર્યાદા અને પ્રવાહ,) ભકત્યાગમૌ= ભક્તિનો આગમ જેનાથી છે તેવા, તનૂ= અંગભૂત (કે ન્યૂન,) ચેત્= જો, મતૌ= માનેલા (છે તો) તત્= તે, યુક્તં= યોગ્ય, ન= નથી, હિ= કારણકે, વૈદિકઃ= વૈદિક (માર્ગ,) સૂત્રતઃ= (પૂર્વોત્તરમીમાંસાના) સૂત્રથી, યુક્ત્યા= યુક્તિ વડે, હિ= નિશ્ચયપૂર્વક, ભિન્નઃ= (પુષ્ટિમાર્ગ) જુદો (છે.)

ભાવાર્થ : ભક્તિમાર્ગ એકજ છે અને પ્રવાહ તથા મર્યાદા, ભક્તિના અંગરૂપ છે અને ભક્તિની પ્રાપ્તિના સાધનરૂપ છે એવું શાસ્ત્રમાં માનેલું છે - આમ વાદી કહે તો ત્યાં કહે છે કે એમ કહેવું સૂત્ર અને યુક્તિથી જ યુક્ત નથી. તેથી વૈદિકમાર્ગ ભિન્ન છે અને અનુગ્રહપ્રયુક્ત માર્ગ ભિન્ન છે. ૬

ટીકા : ભક્તિમાર્ગ એક જ છે અને પ્રવાહ તથા મર્યાદા ભક્તિના અંગરૂપ છે ને ભક્તિની પ્રાપ્તિના સાધનરૂપ છે એમ શાસ્ત્રમાં માન્યું છે. એ પ્રકારે વાદી કહે ત્યાં કહે છે કે એમ કહેવું સુત્ર અને યુક્તિથી પણ યુક્ત નથી. તેથી વૈદિકમાર્ગ ભિન્ન છે અને અનુગ્રહપ્રયુકતમાર્ગ ભિન્ન છે. કેમ કે ભક્તિમાર્ગમાં પ્રાપ્ત થવા યોગ્ય, ‘‘પુરુષોત્તમમાં નિષ્ઠાવાળાને અમૃતપણું થાય છે’’ એવું ભક્તિસૂત્રમાં લખ્યું છે તેમ જૈમિની સૂત્રમાં પણ લખ્યું છે કે જ્યોતિષ્ટોમાદિક યજ્ઞરૂપ કર્મ, સ્વર્ગાદિક ફલને ઉત્પન્ન કરીને નિવૃત્ત થાય છે, તેથી તે કર્મ ભક્તિના અંગભૂત થઈ શકે નહિ. તે જ રીતે જ્ઞાનમાર્ગ પણ મોક્ષરૂપ ફલને પ્રાપ્ત કરે છે, ભક્તિને પ્રાપ્ત કરતો નથી એમ (‘‘તન્નિષ્ઠસ્ય મોક્ષોપદેશાત્’’)વ્યાસસૂત્રમાં લખ્યું છે, તેથી તે (જ્ઞાનમાર્ગ) પણ ભક્તિના અંગભૂત થઈ શકે નહિ. તેથી વૈદિકમાર્ગ ભિન્ન છે તથા અનુગ્રહપ્રયુક્ત માર્ગ ભિન્ન છે તેમ દૈવસર્ગરૂપ પ્રવાહ

પણ મોક્ષ ફલ દેવાવાળો છે તથા આસુરસર્ગરૂપ પ્રવાહ બંધન કરવાવાળો છે તે પણ ભક્તિના અંગરૂપ થઈ શકે નહિ.

તે રીતે પ્રવાહમાર્ગ ભક્તિના અંગરૂપ હોય તો શ્રીકૃષ્ણ ભગવાને દૈવીસંપત્તિનો ભાવ કહીને આસુરી સંપત્તિનો ભાવ કહ્યો છે તે કહેત જ નહિ.

તે પ્રમાણે ગીતાજીમાં બારમા અધ્યાયમાં કહ્યું છે ''અક્ષરબ્રહ્મના ઉપાસકોને ક્લેશ અધિકતર છે'' તથા ''પૂર્ણપુરુષોત્તમના ઉપાસકનો ઉદ્ધાર પ્રભુ શીઘ્ર જ કરે છે'' તેમ શ્રીભાગવત દશમસ્કંધમાં કહ્યું છે કે ''શ્રીયશોદાનંદન શ્રીકૃષ્ણ, ભક્તિવાળાઓને સુખેથી જે રીતે પ્રાપ્ત થાય છે તે રીતે દેહધારીઓને તથા બ્રહ્મને આત્મારૂપ માનવવાળા જ્ઞાનીઓને, સુખેથી પ્રાપ્ત થતા નથી.'' વગેરે યુક્તિઓથી પણ પ્રવાહમાર્ગ તથા મર્યાદામાર્ગ, પુષ્ટિમાર્ગથી ભિન્ન છે (તેમ સિદ્ધ કર્યું છે.) ||૬||

આ રીતે પ્રવાહ તથા મર્યાદામાર્ગથી પુષ્ટિમાર્ગ ભિન્ન છે તે સૂત્ર (પૂર્વમીમાંસા તથા ઉત્તરમીમાંસા) તથા યુક્તિથી સિદ્ધ કરીને તે માર્ગોના જીવ, દેહ તથા કૃતિના ભેદનું નિરૂપણ કરે છે :

જીવદેહકૃતીનાં ચ ભિન્નત્વં નિત્યતા શ્રુતેઃ ||
યથા તદ્વત્પુષ્ટિમાર્ગે દ્વયોરપિ નિષેધતઃ ||૭||

પ્રમાણભેદાદ્ ભિન્નો હિ પુષ્ટિમાર્ગો નિરૂપિતઃ ||૭ ૧/૨||

અન્વયાર્થ : યથા= જેમ, પુષ્ટિમાર્ગે= પુષ્ટિમાર્ગમાં, જીવ-દેહ-કૃતીના ભિન્નત્વં= જીવ-દેહ-કૃતિનું જુદાપણું, ચ= અને, તદ્વત્= તેમ, નિત્યતા= નિત્યત્વ, શ્રુતેઃ= શ્રુતિથી (સિદ્ધ થાય છે,) દ્વયોઃ= (પ્રવાહ અને મર્યાદામાર્ગ) બંનેમાં, અપિ= પણ, નિષેધતઃ= (સુખથી પ્રભુપ્રાપ્તિના) નિષેધથી, પ્રમાણભેદાત્= પ્રમાણના ભેદથી, પુષ્ટિમાર્ગઃ= પુષ્ટિમાર્ગ, હિ= નિશ્ચયપૂર્વક, ભિન્ન= જુદો (છે, તેમ,) નિરૂપિતઃ= નિરૂપણ કર્યું (છે.)

ભાવાર્થ : જેમ ત્રણેયના જીવ, દેહ તથા કૃતિ જુદા-જુદા છે તેમ શ્રુતિના પ્રમાણથી બ્રહ્મવાદમાં જીવોની નિત્યતા છે તેવી નિત્યતાને પ્રવાહ તથા મર્યાદામાર્ગી જીવોના વિષે નિષેધ હોવાથી પ્રમાણના ભેદથી જ પુષ્ટિમાર્ગ બંને માર્ગોથી ભિન્ન છે. ૭-૭||

ટીકા : પ્રવાહમાર્ગવાળા જીવો આસુર છે. તેઓના દેહ ભગવદ્ભજનથી પ્રતિકૂળ છે. તેઓની ક્રિયા સ્વાર્થ માટે અને બીજાઓને દુઃખ દેવા માટે જ હોય છે.

મર્યાદામાર્ગીય જીવો દૈવ છે. તેઓના દેહ વૈદિક ધર્મ તથા ભગવત્પૂજાદિક શાસ્ત્રોક્તધર્મમાં અનુકૂળ છે તેઓની કૃતિ(કાર્ય) અગ્નિહોત્રાદિક શ્રૌતસ્માર્ત કર્મ કરવાની તથા જ્ઞાનાદિકને અનુકૂળ ત્યાગાદિક કરવાની હોય છે.

તથા પુષ્ટિમાર્ગીય જીવો છે તે દૈવી છે (મર્યાદામાર્ગીય જીવો પણ દૈવી છે પણ વિધિને આધીન છે જ્યારે પુષ્ટિમાર્ગીય દૈવી જીવો ભગવાનના અનુગ્રહને આધીન છે) તથાપિ ભગવાનના અનુગ્રહવિશિષ્ટ (યુક્ત) છે. તેઓના દેહ ભગવત્સેવામાં અનુકૂળ તથા ભગવત્ સ્વરૂપમાં જ આસક્ત રહે છે. તેઓની કૃતિ લૌકિક-વૈદિક ફલોની ઈચ્છા રહિત થઈને ભગવત્ સેવા કરવાની તથા સાક્ષાત્ પુરુષોત્તમ સમ્બન્ધી ફળ મેળવવાની હોય છે.

આમ ત્રણેયના જીવ, દેહ તથા કૃતિ જેમ ભિન્ન-ભિન્ન છે તેમ શ્રુતિના પ્રમાણથી બ્રહ્મવાદમાં જીવોની નિત્યતા છે, વિશિષ્ટાદ્વૈત તથા દ્વૈતમાર્ગમાં અનિત્યતા છે તથા માયાવાદમાં માયિકત્વ છે. જો કે આ પ્રમાણે પોતપોતાના મતાનુસાર સર્વ જીવને સર્વ સમાન જ માને છે તો પણ ''ભગવાનનું કીર્તન કરવાવાળો જીવ ધ્રુવ (નિત્ય) છે'' એમ શ્રુતિમાં લખ્યું છે તથા ''જેવી રીતે ભક્તિવાળાઓને ભગવાન્ સુખેથી પ્રાપ્ત થાય છે તે પ્રકારે અન્ય દેહધારીઓને તથા જ્ઞાનીઓને પ્રાપ્ત થતા નથી'' તેમ શ્રીભાગવતમાં લખ્યું છે. તેથી પ્રવાહી તથા જ્ઞાનીઓનો

નિષેધ કરીને ''જેમને (ભગવાન્) સુખથી પ્રાપ્ત થાય છે'' એમ લખ્યું છે આમ અનુગ્રહવિશિષ્ટ પુષ્ટિમાર્ગીય જીવ ભિન્ન છે એમ સિદ્ધ થાય છે. આ પ્રકારે પ્રમાણના ભેદથી પુષ્ટિમાર્ગ ભિન્ન નિરૂપિત કર્યો છે તે જ રીતથી પ્રવાહ તથા મર્યાદાનો પણ ભેદ સમજી લેવો. ।।૭ ૧/૨।।

હવે પ્રમાણબલના આધારે તથા સાધનના ભેદ વડે ત્રણેય માર્ગનો ભેદ સિદ્ધ કરવા માટે ઉપર બતાવ્યું તેમ જીવ વગેરેના ભેદને કારણે અવિચ્છિન્ન (નિરંતર ચાલતા આવેલા સર્ગના-સૃષ્ટિના) જે ભેદ છે તેના આધારે પુષ્ટિનો ભેદ સિદ્ધ કરવા માટે સામાન્યપણે (સરખાપણું દર્શાવતા) સર્ગ ભેદનું નિરૂપણ કરે છે :

સર્ગભેદં પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતમ્ ।।૮।।

ઈચ્છામાત્રેણ મનસા પ્રવાહં સૃષ્ટવાન્હરિઃ ।।
વચસા વેદમાર્ગં હિ પુષ્ટિં કાયેન નિશ્ચયઃ ।।૯।।

અન્વયાર્થ : સ્વરૂપાંગ-ક્રિયા-યુતં= સ્વરૂપ, અંગ અને ક્રિયાથી યુક્ત, સર્ગભેદં= સર્ગના ભેદને, પ્રવક્ષ્યામિ= હું કહીશ, ઈચ્છા માત્રેણ= ઈચ્છા માત્રથી, મનસા= મન વડે, પ્રવાહં= પ્રવાહને, હરિઃ= હરિએ, સૃષ્ટવાન્= સર્જ્યો, વચસા= (ઈચ્છામાત્રથી મન પૂર્વક) વાણી વડે, વેદમાર્ગ= વેદમાર્ગને, હિ= નિશ્ચયપૂર્વક, કાયેન= (ઈચ્છામાત્રથી મનોવાણી પૂર્વક) (આનંદમય) સ્વરૂપથી, પુષ્ટિં= પુષ્ટિ (સૃષ્ટિ)ને (સર્જી,) નિશ્ચયઃ= તેવો નિશ્ચય (છે.)

ભાવાર્થ : હવે સ્વરૂપ, અંગ તથા ક્રિયાયુક્ત સૃષ્ટિનો ભેદ કહીશ. એટલે કે જીવ, દેહ, કૃતિને અનુસાર સર્ગનો ભેદ કહીશ. જેમનો સહજ એકભાવ છે એવા જે હરિ-ભગવાન્ છે તેઓએ ઈચ્છામાત્રથી મનવડે પ્રવાહમાર્ગને, વચનવડે વેદમાર્ગને (મર્યાદામાર્ગને) તથા કાયા વડે પુષ્ટિમાર્ગને પ્રકટ કર્યા.

ટીકા : એકાદશસ્કંધમાં ''વૈકારિક અહંકારના કાર્યરૂપ મનથી

સૃષ્ટિ થઈ છે'' એમ લખ્યું છે. તે પ્રમાણે વેદમાં પણ ''મનથી સૃષ્ટિ થઈ છે'' તેમ લખ્યું છે તે પ્રવાહ સૃષ્ટિ છે. તેમાં સાથે માયા પણ કારણભૂત છે. તે આસુરરૂપ માયિકસૃષ્ટિ છે તે સૃષ્ટિના અભિપ્રાયથી જ જગત્ માયિક છે એવું કેટલાક માને છે.

વચનથી મર્યાદાસૃષ્ટિ થઈ છે તે માંડૂક્યોપનિષદમાં લખ્યું છે કે ''ૐકારથી જ સઘળાની ઉત્પત્તિ છે. ભૂત, ભવિષ્ય તથા વર્તમાન જે કંઈ છે તે સઘળું ૐકારનો જ ઉપવ્યાખ્યાન (વિસ્તૃત વિવરણ) છે'', તેમ અગીઆરમા સ્કંધમાં પણ પરા, પશ્યન્તી, મધ્યમા તથા વૈખરી આ ચારેય પ્રકારની વાણીની ઉત્પત્તિ લખીને તેનાથી જગતની ઉત્પત્તિ લખી છે. પ્રભુની વાણી વેદરૂપ છે અને વેદ છે તે સાક્ષાત્ નારાયણ છે, તેથી વેદથી સૃષ્ટિ થઈ છે તે મર્યાદામાર્ગની સૃષ્ટિ છે.

તથા પુરુષવિધબ્રાહ્મણની શ્રુતિમાં ''એક આત્માના બે વિભાગ કર્યા, તેમાંથી પતિ અને પત્ની થયાં'' તેમ લખ્યું છે. તેથી આનંદાયક સ્વરૂપથી જ અનેક પ્રકારના થયાં તે કાયાથી સૃષ્ટિ થઈ છે અને તે જ પુષ્ટિ સૃષ્ટિ છે.

એક વખત પ્રભુને વીરરસનો અનુભવ કરવાની ઈચ્છા થઈ ત્યારે પોતાનો અંશ હોય તો પોતાની વિરુદ્ધ થાય નહિ, તેથી માયામાંથી આસુરી જીવ ઉત્પન્ન કર્યા તે પ્રવાહી સૃષ્ટિ થઈ. તથા જીવોના દુઃખની નિવૃત્તિ માટે વેદમાર્ગ પ્રકટ કર્યો તેમાં (તે વેદમાર્ગમાં) પ્રીતિવાળા જીવો અક્ષરબ્રહ્મથી થયા તે મર્યાદાસૃષ્ટિ થઈ. તથા જીવોને ભજનાનંદનું (સેવાનું) દાન કરવાના હેતુથી પોતાના આનંદાત્મક સ્વરૂપથી જીવ ઉત્પન્ન કર્યા તે પુષ્ટિ સૃષ્ટિ થઈ.

વિશેષ : ૧. (સહજ આસુર તથા આસુરાવેશી) એમ બે પ્રકારના પ્રાવાહિક જીવ છે. તેમાં આસુરવેશી મુક્ત થાય છે તથા સહજ આસુર છે તે અંધન્તમમાં જાય છે. ૨. સંકર્ષણ છે તે વેદરૂપ છે તથા શબ્દબ્રહ્મ તથા અક્ષરબ્રહ્મ સંકર્ષણનું જ સ્વરૂપ છે તેથી અક્ષરબ્રહ્મથી

સૃષ્ટિ છે તે વેદથી જ સૃષ્ટિ થઈ છે એમ સમજવું. ॥૮,૯॥

પ્રાવાહિક સૃષ્ટિનું ઉપાદાનકારણ માયા છે તથા મર્યાદા સૃષ્ટિનું ઉપાદાનકારણ અક્ષરબ્રહ્મ છે તથા પુષ્ટિસૃષ્ટિનું ઉપાદાનકારણ પ્રભુનું સ્વરૂપ છે. આમ ત્રણેય સૃષ્ટિના ઉપાદાન કારણ ભિન્ન-ભિન્ન છે તો પણ જેવી રીતે તાંબુ-રૂપુ તથા સુવર્ણરૂપ ભિન્ન-ભિન્ન ઉપાદાન કારણથી ત્રણ ઘટ સિદ્ધ થતા હોય પરંતુ જલલાવવારૂપ કાર્ય તો ત્રણેય ઘટનું સમાન જ હોય છે. તથા વ્રીહિ અને યવના પુરોડાશથી સિદ્ધ થતા યજ્ઞ તથા તેના ફલ સમાન જ હોય છે તેવી રીતે ત્રણેય સૃષ્ટિનું ફલ સમાન જ હશે એવી કોઈ શંકા કરે ત્યાં કહે છે :

મૂલેચ્છાતઃ ફલં લોકે વેદોક્તં વૈદિકેપિ ચ ॥
કાયેન તુ ફલં પુષ્ટૌ ભિન્નેચ્છાતોऽપિ નૈકધા ॥૧૦॥

અન્વયાર્થ : મૂલેચ્છાતઃ= મૂળ ઈચ્છાથી, ફલં= (જન્મ મરણ રૂપ) ફલ, લોક= લોકમાં, ચ= અને, વૈદિકે= વૈદિકમાર્ગમાં, અપિ= પણ, વેદોક્તં= વેદમાં કહેલું (સ્વર્ગ-મોક્ષ-વગેરે ફલ થાય છે,) પુષ્ટૌ= પુષ્ટિમાં, તુ= તો, કાયેન= સ્વરૂપથી, ફલં= ફલ (થાય છે,) (આમ) ભિન્નેચ્છાતઃ= જુદી ઈચ્છાથી (અને,) અપિ= (ફલ ભેદથી) પણ, એકધા= (ત્રણે માર્ગો) એક પ્રકારના, ન= નથી.

ભાવાર્થ-ટીકા : અવિચ્છિન્ન-નિરંતર-સૃષ્ટિ ચાલે જાય તેવી મૂલ ઈચ્છાથી પ્રાવાહિક જીવોને લૌકિક ફલ થાય છે. તેમાંય સહજ આસુરી જીવ છે તે જન્મમરણ લેતાં લેતાં છેવટે અંધન્તમ (અંધન્તમરૂપી નારકીગતિ)માં જાય છે અને જે આસુરાવેશી છે તે કામનાઓમાં આસક્ત થઈને ધૂમમાર્ગમાં (વાસના સહિત જીવના દેહ છોડ્યા બાદ નિર્ગમનનો એક પ્રકાર જેને શાસ્ત્રમાં ધૂમમાર્ગ તરીકે ઓળખાવવામાં આવ્યો છે) યજ્ઞાદિક વડે આવાગમન કરતાં-કરતાં આસુરાવેશ દૂર થઈ જાય ત્યારે મુક્ત થાય છે તથા મર્યાદામાર્ગીય જીવોને વેદમાં કહ્યું છે તે ફલ મળે છે. તેમાંય નિષ્કામ યજ્ઞાદિક કરવાવાળાઓને

આત્મસુખ મળે છે તથા સકામ કર્મ કરવાવાળાઓને સ્વર્ગાદિલોકનું સુખ મળે છે. તથા પુષ્ટિમાર્ગીય જીવોને પ્રભુના સ્વરૂપવડે ફલ મળે છે. એથી વેણુગીતમાં શ્રુતિરૂપા શ્રીસ્વામિનીઓએ ઇંદ્રિયવાળાઓને ભજનાનંદરૂપ જે ઉત્કૃષ્ટ ફલ કહ્યું છે તે ફલ મળે છે. આ પ્રકારે ઇચ્છા પણ જુદી-જુદી છે તથા ફલનોય ભેદ છે. તેથી એક પ્રકારની સૃષ્ટિ તથા એક પ્રકારનો માર્ગ નથી. મૂલમાં ''નૈકતા'' એવો પણ પાઠ છે તેનો અર્થ એવો છે કે સર્ગ તથા માર્ગોની એકતા નથી. ।।૧૦।।

(૧.ઉપાદાન કારણ એટલે તાત્વિક રીતે જેમાંથી કાર્ય પ્રગટ થયું હોય. જેમ માટીમાંથી ઘડો ઘડારૂપી કાર્યમાં માટી તાત્વિક રીતે વિદ્યમાન છે.

૨. આ રીતે ભિન્ન ભિન્ન ઉપાદાનની વ્યવસ્થા બતાવી. કોઈક વ્યક્તિને શંકા થાય તે શંકાનું રૂપ પૂર્વપક્ષના રૂપે બતાવે છે કે ભલે ત્રણેય સૃષ્ટિના ઉપાદાન કારણ ભિન્ન હોય જેમકે સોના ચાંદી અને તાંબાથી બનેલા ઘડાઓના ઉપાદાન કારણ ક્રમશઃ સોના ચાંદી તથા તાંબાના રૂપમાં ભિન્ન ભિન્ન છે, છતાંય ત્રણેય પ્રકારના ઘડામાં જલ લાવવારૂપી કાર્ય એક જેવું જ સિદ્ધ થાય છે. તેમજ વ્રીહિ અર્થાત્ ચોખા અને જવની સિદ્ધ થયેલી આહૂતિ માટેની સામગ્રી યજ્ઞ તથા ફલ બેઉ સમાન રીતે સિદ્ધ થાય છે. જો કે સામગ્રી તરીકે વપરાતા ચોખા અને જવનો ભેદ છે. તેમજ ભલે ત્રણેય સૃષ્ટિમાં ઉપાદાનનો ભેદ હોવા છતાંય તેઓનું ફલ તો એક જ પ્રકારનું હશે તેવી શંકાનું સમાધાન તેઓનું ફલ એક પ્રકારે નથી હોતું તેમ કરીને આપે છે.)

ત્રણે માર્ગોના જીવોનું ચૈતન્યરૂપ પણું તો પણ ત્રણેયના જુદા જુદા ધર્મ છે તેથી ફલમાં ભેદ છે એમ સિદ્ધ કરવું છે. તેમાં પ્રાવાહિક જીવોનો ધર્મ અત્યંત ભિન્ન છે તેથી પ્રથમ પ્રાવાહિકોનું નિરૂપણ કરે છે :

''તાનહં દ્વિષતો'' વાક્યાદ્ ભિન્ના જીવાઃ પ્રવાહિણઃ ।।
અત એવેતરૌ ભિન્નૌ સાન્તૌ મોક્ષપ્રવેશતઃ ।।૧૧।।

અન્વયાર્થ : ''તાનહં દ્વિષતઃ''= તે દ્વેષ કરનારાઓને હું (એ,) વાક્યાત્= (ગીતા) વાક્યથી, પ્રવાહિણઃ= પ્રવાહના, જીવાઃ= જીવો, ભિન્નાઃ= જુદા (છે,) અતઃ= આ (દ્વેષીઓ)થી, એવ= જ, ઈતરૌ=

બીજા બે, (મર્યાદા અને પુષ્ટિના જીવો) મોક્ષ-પ્રવેશતઃ= (અક્ષર-પ્રાપ્તિ-રૂપ) મોક્ષ (અને પુરુષોત્તમમાં) પ્રવેશથી, સાન્તૌ= (જીવ ભાવના) અંતવાળા (છે,) (તેવા,) ભિન્નૌ= (પ્રવાહના જીવોથી અને પરસ્પર) જુદા (છે.)

ભાવાર્થ : ગીતાજીમાં કહ્યું છે જે "દ્વેષ કરવાવાળા ક્રૂર તે પ્રવાહી છે. મનુષ્યોમાં અધમ, અશુભ તે પ્રવાહીઓને હું સંસારમાં સર્વદા આસુરીયોનિમાં પટકું છું" (ભગ.ગી.૧૬।૧૯) તેથી પ્રાવાહિક જીવ મર્યાદામાર્ગીય તથા પુષ્ટિમાર્ગીય જીવોથી ભિન્ન છે. અને મર્યાદામાર્ગીય જીવોને અક્ષરબ્રહ્મપ્રાપ્તિરૂપ મોક્ષ થાય છે તથા પુષ્ટિમાર્ગીય જીવોને પુરુષોત્તમમાં પ્રવેશ થાય છે. તેથી તે અંતસહિત છે; આમ તે બંનેનો જીવભાવ નિવૃત્ત થાય છે.

ટીકા : એટલે ભગવાનનો દ્વેષ કરવો તે જ જેઓનો ધર્મ છે તે આસુરીજીવ છે. તેઓનો અંતમાં તો અંધન્તમમાં પ્રવેશ છે. એક મૂળરૂપ તથા અવતારરૂપનો દ્વેષ, બીજો વિભૂતિ વગેરેનો દ્વેષ તથા ત્રીજો જગતરૂપનો દ્વેષ, આમ ત્રણ પ્રકારનો ભગવાન્ પ્રત્યે દ્વેષ છે. તેમાં મૂલરૂપ તથા અવતારરૂપનો દ્વેષ કરવાવાળાઓને ઘણું કરીને ભગવાન્ જ મારે છે તેથી તે મુક્ત થાય છે. તથા વિભૂતિ આદિના દ્વેષ કરવાવાળા દ્વેષનો ત્યાગ કરે ત્યારે મુક્ત થાય. આ બેઉ આસુરાવેશી છે; અને જગતરૂપનો દ્વેષ કરવાવાળા તો સહજ-આસુર છે તે કોઈ દિવસ મુક્ત થતા નથી. તેઓનો તો અંધન્તમમાં જ પ્રવેશ થાય છે કેમકે જગતનો દ્વેષ કરવામાં ભગવદ્‌ભક્તોનો પણ દ્વેષ થાય છે. તેથી જ દશમ સ્કંધમાં અક્રુરજીએ ધૃતરાષ્ટ્રને કહ્યું "અધર્મ કરીને જેનું પોષણ કરે છે તેઓ પોષણ કરવાવાળાને છોડી દે છે" તેનો શ્રીસુબોધિનીજીમાં નિર્ણય કર્યો છે. જે "પ્રાણ, સ્ત્રી, પુત્રાદિકનું અધર્મથી પોષણ કર્યું હોય તે સઘળા પોષણ કરનારને છોડી દે છે અને કેવળ તે જીવ અંધન્તમમાં જાય છે." એવા દ્વેષ કરવાવાળા પ્રવાહી જીવ છે. તેથીજ મર્યાદામાર્ગીય તથા પુષ્ટિમાર્ગીય જીવ છે તે ભિન્ન છે અને મર્યાદામાર્ગીય જીવોને

અક્ષરબ્રહ્મપ્રાપ્તિરૂપ મોક્ષ થાય છે તથા પુષ્ટિમાર્ગીય જીવોનો પુરુષોત્તમમાં પ્રવેશ થાય છે. માટે તે અંત-ઉત્તમફલરૂપ-સહિત છે. આમ તે બેઉનો જીવભાવ નિવૃત્ત થાય છે ||૧૧||

આમ ત્રણેય માર્ગોના લક્ષણ તથા ફલના ભેદનું નિરૂપણ કર્યું. તેમ કરવાથી જે સિદ્ધ થયું છે તે હવે કહે છે :

તસ્માજ્જીવાઃ પુષ્ટિમાર્ગે ભિન્ના એવ ન સંશયઃ ||
ભગવદ્રૂપસેવાર્થં તત્સૃષ્ટિર્નાન્યથા ભવેત્ ||૧૨||

અન્વયાર્થ : તસ્માત્= તે (જીવોના લક્ષણ અને ફલભેદના) કારણથી, પુષ્ટિમાર્ગે= પુષ્ટિમાર્ગમાં, જીવાઃ= જીવો, ભિન્નાઃ= (પ્રવાહ અને મર્યાદાથી) જુદા, એવ= જ (છે) (તેમાં,) ન સંશયઃ= સંશય નથી, ભગવદ્રૂપ સેવાર્થં= ભગવાનના સ્વરૂપની સેવા માટે, તત્સૃષ્ટિઃ= તે (પુષ્ટિ) સૃષ્ટિ (છે,) અન્યથા= બીજી રીતે, (સ્વરૂપ સેવા,) ન= ન, ભવેત્= થાય.

ભાવાર્થ-ટીકા : તેથી પુષ્ટિમાર્ગીય જીવ છે તે બીજા માર્ગોના જીવથી ભિન્ન છે તેમાં સંશય નથી. વારાહપુરાણમાં કહ્યું છે ‘‘બ્રહ્માજીની સૃષ્ટિથી જુદી આ પુષ્ટિ સૃષ્ટિ કોઈક અન્ય જ છે (ભિન્ન જ છે)’’ આવું વાક્ય છે, તેથી પુષ્ટિમાર્ગીય જીવ સર્વથી ભિન્ન જ છે. જો પુષ્ટિમાર્ગીય જીવ ભિન્ન ન હોય તો ભગવદ્રૂપની સેવાને માટે પુષ્ટિમાર્ગીય જીવોની સૃષ્ટિ પણ ના જ હોત, અર્થાત્ ‘‘પ્રભુ એકલા આત્મરમણમાં જ હતા. ત્યારે બહાર અન્ય કોઈ જ નહોતું, તેથી રમણ થતું નહોતું, કેમકે એકલા જ હોવાથી રમણ થતું નહોતું, તેથી રમણ કરવા માટે બીજાની ઈચ્છા કરી’’ આમ શ્રુતિમાં કહ્યું છે. તેથી ઈચ્છા કરવાથી સર્વ જગતરૂપ થયા છે, નહિતર પોતે સર્વ જગતરૂપ ન થાત. અર્થાત્ મર્યાદાસૃષ્ટિ પણ નામસેવા તો કરે છે પરંતુ રૂપસેવા તેઓથી બરાબર ન થઈ શકે, તેથી રૂપસેવાને માટે જ પુષ્ટિસૃષ્ટિ છે. પુષ્ટિસૃષ્ટિ જો પ્રવાહ અને મર્યાદાથી ભિન્ન ન હોય તો તેને કરવાનું પ્રયોજન સિદ્ધ

થયું ન હોત. તેથી જ સ્વયં ભગવાન્ સર્વજગદ્રૂપ થયા. ત્યારે પુષ્ટિસૃષ્ટિ જ ન હોત તે સ્થિતિમાં "રમણ કરવા માટે પ્રભુ જગતરૂપ થયા છે" એમ શ્રુતિમાં કહ્યું છે તે વ્યર્થ થાય, તેથી પ્રભુના રમણને માટે જ આ પુષ્ટિસૃષ્ટિ છે, તેથી તે સર્વથી ભિન્ન છે ।।૧૨।।

આ પ્રમાણે સૃષ્ટિના ભેદથી સર્વના સાધન ભિન્ન ભિન્ન છે તેથી એકબીજાના સાધન મળતાં આવતાં નથી. (સૃષ્ટિના ભેદથી સૃષ્ટિના સાધન જુદા જુદા હોય) તો પણ લીલાસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા એવા ભક્તોના સ્વરૂપ, દેહ, તથા ક્રિયામાં કોઈ ભિન્નતા-તફાવત જોવામાં આવતો નથી. ત્યારે ઉપર જે સૃષ્ટિનો સ્વરૂપ, દેહ તથા ક્રિયા વગેરેથી જે ભેદ સિદ્ધ કર્યો છે તે તો વ્યર્થ જ થઈ જાય. આ પ્રમાણેની કોઈને શંકા થાય તેની નિવૃત્તિ માટે હવે (લીલાસૃષ્ટિમાં) તારતમ્ય જણાવે છે :

સ્વરૂપેણાવતારેણ લિંગેન ચ ગુણેન ચ ।।
તારતમ્યં ન સ્વરૂપે દેહે વા તત્ક્રિયાસુ વા ।।૧૩।।

તથાપિ યાવતા કાર્યં તાવત્ તસ્ય કરોતિ હિ ।।૧૩ ૧/૨।।

અન્વયાર્થ : સ્વરૂપેણ= સ્વરૂપથી, અવતારેણ= અવતારથી, લિંગેન= (ધ્વજાદિ) ચિહ્નોથી, ચ= અને, ગુણેન= (ઐશ્વર્યાદિ) ગુણોથી, ચ= પણ, તારતમ્યં= તર-તમ-ભાવ, ન= નથી, તથા= તેમ, અપિ= પણ, યાવતા= જેટલાથી, કાર્યં= (લીલારૂપ) કાર્ય, (સિદ્ધ થાય) હિ= તે, કારણથી, તાવત્= તેટલું, (તારતમ્ય) તસ્ય= તે (જીવ)ના, સ્વરૂપે= સ્વરૂપમાં, વા= અથવા, દેહે= દેહમાં, વા= અથવા, તત્-ક્રિયાસુ= તેની ક્રિયાઓમાં, કરોતિ= (ભગવાન્) કરે છે.

ભાવાર્થ : ભક્તોના સ્વરૂપ, દેહ અથવા ક્રિયાઓમાં સ્વરૂપ વડે, અવતારથી, ચિહ્નોની રીતે તથા ગુણોથી ભગવાનની જોડે તારતમ્ય નથી, તો પણ જેટલા તારતમ્યથી રમણાત્મક કાર્ય સિદ્ધ થાય તેટલું તારતમ્ય ભગવાન્ કરે છે. ૧૩-૧૩ ૧/૨

ટીકા : આમ જેવી રીતે ભગવાન્ આનંદરૂપ રસઘન છે તેવા ભક્તો પણ છે. જેવી રીતે અલૌકિક રીતિથી શુદ્ધ સત્વમાંજ ભગવાનનો અવતાર થાય છે તે જ પ્રકારે ભક્તોનો અવતાર છે. જેવી રીતે ધ્વજ, વજ્ર, યવ, અંકુશ, કમલ આદિ ભગવાનના ચિહ્ન છે તે જ રીતે ભક્તોને હોય છે જેવી રીતે ભગવાનના ઐશ્વર્ય વગેરે તથા સુકુમારતા વગેરે ગુણ છે તેવા જ ભક્તોને હોય છે. તેથી આ સર્વ ધર્મો વડે ભગવાનના સ્વરૂપથી ભક્તોના સ્વરૂપમાં તથા ભગવાનના દેહથી ભક્તોના દેહમાં તથા ભગવાનની ક્રિયાથી ભક્તોની ક્રિયામાં તારતમ્ય નથી. અર્થાત્ ભગવાનના સમાન જ આ સઘળું હોય છે. તોપણ જેટલા તારતમ્યથી સર્વ પ્રકારની લીલા સિદ્ધ થાય તેટલું તારતમ્ય ભગવાન્ ભક્તોમાં કરે છે.॥૧૩-૧૩ $^{૧}/_{૨}$॥

આ રીતે સ્વભાવના ભેદ વગેરે અંગેના સર્વ સંદેહો દૂર કરીને કેટલાકની ભગવાને કહેલા ભક્તિમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે, કેટલાકને ભગવાને કહેલા જ્ઞાનમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે અને કેટલાકને ભગવાને કહેલા કર્મમાર્ગમાં પ્રવૃત્તિ તથા આસક્તિ થાય છે. તેમાંય કેટલાકને ‘શાસ્ત્રમાં કરવાનું લખ્યું છે તેથી તેમાં અવશ્ય પ્રવૃત્તિ કરવી જોઈએ’ આમ શાસ્ત્રની વિધિના બલથી પ્રવૃત્તિ થાય છે અને કેટલાકને સ્નેહથી પ્રવૃત્તિ થાય છે. તેવી રીતે કેટલાકને સ્વભાવથી વિરુદ્ધ દેહાદિક હોય છે તો કેટલાકને સ્વભાવને અનુકૂળ દેહાદિક હોય છે. આવું કેમ છે? શાથી છે? વગેરે પ્રકારના સંદેહો દૂર કરવા માટે પુષ્ટિ જીવનો વિભાગ હવે કહે છે :

તે હિ દ્વિધા શુદ્ધમિશ્રભેદાન્મિશ્રાસ્ત્રિધા પુનઃ ॥૧૪॥
પ્રવાહાદિવિભેદેન ભગવત્કાર્યસિદ્ધયે ॥
પુષ્ટ્યા વિમિશ્રાઃ સર્વજ્ઞાઃ પ્રવાહેણ ક્રિયારતાઃ ॥૧૫॥
મર્યાદયા ગુણજ્ઞાસ્તે શુદ્ધાઃ પ્રેમ્ણાતિદુર્લભાઃ ॥૧૫ $^{૧}/_{૨}$॥

અન્વયાર્થ : તે= તે, હિ= જે (હેતુથી), ભગવત્કાર્યસિદ્ધયે= ભગવાનના કાર્ય (રૂપ લીલા)ની સિદ્ધિ માટે, શુદ્ધ-મિશ્ર-ભેદાત્= શુદ્ધ

અને મિશ્ર ભેદથી, દ્વિધા= બે પ્રકારના (છે,) પુનઃ= વળી, મિશ્રાઃ= મિશ્ર, પ્રવાહાદિ વિભેદેન= પ્રવાહ (મર્યાદા પુષ્ટિ) વગેરે વિભેદ વડે, ત્રિધા= (લીલા માટે) ત્રણ પ્રકારના (છે.) પુષ્ટ્યા વિમિશ્રાઃ= પુષ્ટિથી વિમિશ્રિત, સર્વજ્ઞાઃ= (ભગવદ્ ઈચ્છાથી) સર્વ જાણનારા, પ્રવાહેણ= પ્રવાહથી, ક્રિયારતાઃ= (ભગવદ્ ઈચ્છાથી) કર્મ પરાયણ (છે,) મર્યાદયા= મર્યાદા વડે, ગુણજ્ઞાઃ= ગુણોને જાણનારા, શુદ્ધાઃ= શુદ્ધ, પ્રેમ્ણા= નિરૂપધિ પ્રેમ વડે તે, અતિ દુર્લભાઃ= અતિ દુર્લભ છે.

ભાવાર્થ : તે પુષ્ટિજીવો, શુદ્ધપુષ્ટિ તથા મિશ્રપુષ્ટિ એવા ભેદથી બે પ્રકારના છે. તેમાં પુનઃ ભગવાનના કાર્યની સિદ્ધિમાટે પ્રવાહાદિકના ભેદ વડે મિશ્રપુષ્ટિ ત્રણ પ્રકારની છે. તેમાં પુષ્ટિ વડે મિશ્ર જે પુષ્ટિજીવ (પુષ્ટિપુષ્ટિ) છે તે સર્વજ્ઞ છે અર્થાત્ ભગવાનના અભિપ્રાયને જાણવાવાળા છે. પ્રવાહ કરીને મિશ્રપુષ્ટિ (પ્રવાહપુષ્ટિ) જીવ છે તે તો ક્રિયામાં પ્રીતિવાળા હોય છે અને મર્યાદા વડે મિશ્ર જે પુષ્ટિજીવ (મર્યાદાપુષ્ટિ) છે તે ભગવાનના ગુણને જાણવાવાળા છે અર્થાત્ ભગવાનના ગુણોમાંજ આસક્ત રહે છે. આ રીતે મિશ્રપુષ્ટિના ત્રણ ભેદ છે. હવે શુદ્ધપુષ્ટિ જીવ છે તે તો કેવળ પ્રેમસહિત છે પ્રેમી છે અર્થાત્ શુદ્ધપુષ્ટિજીવોનો ભગવાનમાં અત્યંત પ્રેમ હોય છે. એવા ભક્તો અતિ દુર્લભ છે.

ટીકા : એટલે મિશ્રપુષ્ટ તથા શુદ્ધપુષ્ટ એવા બે પ્રકારના પુષ્ટિજીવ છે. તેમાં મિશ્રપુષ્ટિના ત્રણ ભેદ છે.

અર્થાત્ જેઓના ઉપર અનુગ્રહ છે એવા જીવ ઉપર પુનઃ બીજો અનુગ્રહ-વિશેષઅનુગ્રહ થાય ત્યારે તે 'પુષ્ટિમિશ્ર પુષ્ટિજીવ' કહેવાય છે (પુષ્ટિમિશ્ર પુષ્ટિજીવોને તો ભગવાનનો અનુગ્રહ મળે એવા જ કાર્યોમાં તેઓ પ્રવૃત્ત હોય છે. તથા અનુગ્રહયુક્ત જે જીવ હોય તે શાસ્ત્રોક્ત જ્ઞાનાદિ મર્યાદામાં પ્રીતિવાળા હોય છે તે 'મર્યાદામિશ્ર પુષ્ટિજીવ' કહેવાય છે તથા પ્રવાહવડે મિશ્રિત જે પુષ્ટિ જીવ છે તે ક્રિયામાં જ પ્રીતિવાળા હોય છે. અર્થાત્ પંચરાત્રાદિક તંત્રોમાં જે પૂજાનો પ્રવાહ કહ્યો છે તે જ

પ્રકારવડે પૂજા વગેરે ક્રિયાઓ કરવામાં પ્રીતિવાળા જે જીવ છે તે 'પ્રવાહમિશ્ર પુષ્ટિજીવ' કહેવાય છે.

આમ પ્રથમથી સામાન્યરીતથી જે જીવો ઉપર અનુગ્રહ થાય છે તે ફરી વિશેષ અનુગ્રહને પ્રાપ્ત થાય છે તે 'પુષ્ટિમિશ્ર પુષ્ટિજીવ' જાણવા, તે ભગવાનના અભિપ્રાયસુધી સર્વ જાણવાવાળા હોય છે. હવે પુષ્ટિજીવ મર્યાદામિશ્રિત હોય તે ભગવાનના ધર્મ જાણવાવાળા હોય છે. તથા પુષ્ટિજીવ પ્રવાહમિશ્રિત હોય તે ભગવદ્ધર્મને કંઈક અંશે જાણીને તીર્થાટનપરાયણ થાય છે.

પ્રવાહીજીવ પુષ્ટિમિશ્રિત છે તે ભગવાનના ભજનને અનુકૂળ ક્રિયાને અનુસરવાવાળા હોય છે. તથા પ્રવાહીજીવ મર્યાદામિશ્રિત છે તે કર્મ કરવાવાળા હોય છે તથા પ્રવાહીજીવ પ્રવાહમિશ્રિત હોય છે તે કેવળ લૌકિક ક્રિયામાં પ્રીતિવાળા હોય છે, તે જ આસુરી જીવ કહેવાય છે.

અને મર્યાદામાર્ગીય જીવ પુષ્ટિમિશ્રિત છે તે ભગવાનના માહાત્મ્યને જાણીને, ભગવાનની પ્રીતિને માટે કર્મ કરવાવાળા હોય છે. મર્યાદાજીવ મર્યાદામિશ્રિત છે તે સ્વર્ગાદિક ફલને માટે કર્મ કરવાવાળા હોય છે તથા મર્યાદામાર્ગીય જીવ પ્રવાહમિશ્રિત છે તે લૌકિક ફલને માટે કર્મ કરવાવાળા હોય છે.

આમ મિશ્રજીવના નવ ભેદ છે. તથા અત્યંત પ્રેમવડે ભગવાન્ સિવાય અન્ય સ્ફૂર્તિરહિત જે જીવ છે તે શુદ્ધ પુષ્ટિજીવ છે, એવો ભક્ત અતિ દુર્લભ છે. ભગવાનના રમણનું પાત્ર આ જગત્ છે. તેથી રમણરૂપ ભગવાનનું કાર્ય સિદ્ધ થવા માટે આવી ભિન્ન-ભિન્ન પ્રકારની સૃષ્ટિ કરી છે રચી છે. કેમકે વિચિત્રતાવિના-વૈવિધ્યવિના રમણ સિદ્ધ થાય નહિ. તેથી વિચિત્ર જીવોની ભિન્નભિન્ન સૃષ્ટિ રચી છે. ।।૧૫ ૧/૨।।

આમ જીવોમાં જુદા-જુદા ભેદ છે, તેથી તેઓના દેહ તથા ક્રિયાઓમાં પણ જુદો-જુદો ભેદ જોવામાં આવે છે. તેમાં પુષ્ટિ જીવોનું ફળ કાયાવડે છે તેમ નિરૂપણ કર્યું છે. તેમાં કેટલાક ભક્તોને ભગવાનની

બાલવસ્થાનું સુખ મળે છે, કેટલાકને પૌગંડાવસ્થાનું સુખ મળે છે તથા કેટલાકને કિશોરાદિક અવસ્થાનું સુખ મળે છે, એ રીતે શુદ્ધપુષ્ટિ જીવોને પણ જુદા જુદા પ્રકારનું ફળ જોવામાં આવે છે તો શુદ્ધપુષ્ટિજીવોને આમ ભિન્ન ભિન્ન પ્રકારે ફળ શાથી થાય છે? એવી શંકા દૂર કરવા માટે કહે છે

એવં સર્ગસ્તુ તેષાં હિ ફલં ત્વત્ર નિરૂપ્યતે ।।૧૬।।

ભગવાનેવ હિ ફલં સ યથાવિર્ભવેદ્ ભુવિ ।।
ગુણસ્વરૂપભેદેન તથા તેષાં ફલં ભવેત્ ।।૧૭।।

અન્વયાર્થ : એવં= આ પ્રકારે, તેષાં= તે (જીવો)ની, સર્ગઃ= સૃષ્ટિ, તુ= તો, અત્ર= અહીં, હિ= નિશ્ચિત, (છે તે કહીને) ફલં નિરૂપ્યતે= ફલનું નિરૂપણ કરાય છે, ભગવાનેવ હિ ફલં= ભગવાન્ જ નિશ્ચિત રીતે ફલ છે (પુષ્ટિમાર્ગમાં,) સઃ યથા ભુવિ આવિર્ભવેદ્= તે (ભગવાન્) જેવી રીતે પૃથ્વી પર (હૃદયમાં) પ્રકટ થાય, ગુણ-સ્વરૂપભેદેન= ગુણ અને સ્વરૂપના ભેદથી જે પ્રકારે (નૃસિંહ, વામન, રામાદિરૂપે) તેમાં= તેમને, તથા= તેવા (ગુણ-સ્વરૂપ-ભેદથી) ફલં= ફલરૂપ, ભવેત્= થાય.

ભાવાર્થ : આ પ્રમાણે જીવોની સૃષ્ટિ જુદી જુદી છે ત્યાં પુષ્ટિમાર્ગીય જીવોના ફલનું નિરૂપણ કરે છે. પુષ્ટિમાર્ગમાં ગુણ તથા સ્વરૂપના ભેદો વડે ભગવાન્ જેવા પ્રકારે પ્રકટ થાય તેવી રીતે પુષ્ટિજીવોને ફલ થાય. ૧૬-૧૭

ટીકા : ભગવાનના સ્વરૂપમાં જ આસક્તિવાળા જે પુષ્ટિજીવો છે તેઓના હૃદયમાં અથવા ગૃહમાં અથવા વૃન્દાવનાદિક સ્થાનમાં તેઓને પોતાના સ્વરૂપનો આનંદ આપવા માટે બાલ્યકિશોરાદિ અવસ્થાયુક્ત સ્વરૂપથી ભગવાન્ જે રીતે પ્રકટ થાય છે તેવું સુખ તેઓને (ભક્તોને) પ્રાપ્ત થાય છે. પરંતુ સર્વ પુષ્ટિભક્તોને ભગવાનનું સ્વરૂપાનન્દાત્મક જ ફલ પ્રાપ્ત થાય છે. ।।૧૬,૧૭।।

આ રીતે પુષ્ટિમાર્ગનું ફલ અન્યમાર્ગથી મળતું નથી એવું સિદ્ધ થયું. હવે મિશ્રપુષ્ટિજીવોને કોઈ સ્થળમાં શાપ થયો હોય એવું જોવામાં આવે છે. તે ગર્ભસ્તુતિમાં કહ્યું છે જે "જ્ઞાનમાર્ગીય જીવ જેવી રીતે ઉત્તમપદને પ્રાપ્ત કરીને પુનઃ ત્યાંથી પડે છે તેવી રીતે આપના ભક્ત ક્યારેય પડતા નથી." આવું લખ્યું છે તો પુષ્ટિમાર્ગીય જીવોને શાપ થવાથી પતન યોગ્ય નથી, તેથી તેઓ કેમ પડે છે? એવી શંકાનો નિરાસ કરતાં કહે છે :

આસક્તૌ ભગવાનેવ શાપં દાપયતિ ક્વચિત્ ।।
અહંકારેઽથવા લોકે તન્માર્ગસ્થાપનાય હિ ।।૧૮।।

અન્વયાર્થ : આસક્તૌ=આસક્તિમાં, અથવા= અથવા, અહંકારે= જ્યારે અહંકાર થયો હોય ત્યારે, લોકે= લોકમાં, હિ= નિશ્ચયપૂર્વક, તન્માર્ગ-સ્થાપનાય= તે (મર્યાદા વગેરે) માર્ગોનું સ્થાપન કરવા માટે, ભગવાનેવ= ભગવાન્ જ, ક્વચિત્ શાપં દાપયતિ= ક્યારેક-ક્યાંક શાપ અપાવે છે.

ભાવાર્થ : મિશ્રપુષ્ટિજીવોને અન્યમાં આસક્તિ થાય અથવા અહંકાર થાય તો કોઈક વખત ભગવાન્ જ શાપ અપાવે છે. તેમજ કોઈક સમય લોકમાં મર્યાદાના સ્થાપનના હેતુથી પણ ભગવાન્ શાપ અપાવે છે. ૧૮

ટીકા : જેમકે નલકુબેર મણિગ્રીવને અપ્સરામાં આસક્તિ થઈ ત્યારે નારદજી દ્વારા શાપ અપાવ્યો. તે જ રીતે ચિત્રકેતુને તથા પરીક્ષિતને અહંકાર થયો ત્યારે ચિત્રકેતુને પાર્વતીદ્વારા અને પરીક્ષિતને શમીકના પુત્ર શૃંગીદ્વારા શાપ અપાવ્યો તથા ઈંદ્રદ્યુમ્ન રાજાને અગસ્ત્ય મુનિ આવ્યા ત્યારે ઉભા થઈને આદર ન આપ્યો ત્યારે લોકમાં મર્યાદાના સ્થાપન માટે અગસ્ત્ય દ્વારા શાપ અપાવ્યો એ પ્રકારે જ્યાં મિશ્રપુષ્ટિ જીવોને શાપાદિક થાય છે ત્યાં ભગવાન્ જ તેઓને દંડ અપાવીને તેઓનું પુનઃ પુષ્ટિમાર્ગમાં જ સ્થાપન કરે છે અથવા લોકમાં મર્યાદાનું

અતિક્રમણ-ઉલ્લંઘન ના થાય તેથી પણ શાપ અપાવે છે. ||૧૮||

હવે મિશ્રપુષ્ટિજીવોને ભગવાન્ જ શાપ અપાવે છે તેવું કેવી રીતે જાણવું? તેવી શંકાનો નિરાસ કરવા કહે છે :

ન તે પાષણ્ડતાં યાન્તિ ન ચ રોગાદ્યુપદ્રવાઃ ||
મહાનુભાવાઃ પ્રાયેણ શાસ્ત્રં શુદ્ધત્વહેતવે ||૧૯||

અન્વયાર્થ : તે= તેઓ (શાપિત-ભક્તો,) પાખંડતાં= પાખંડીપણાને, ન= નથી, યાન્તિ= પ્રાપ્ત થતા, ચ= અને, રોગાદ્યુપદ્રવાઃ= રોગ વગેરે ઉપદ્રવો, ન= નથી (થતા,) પ્રાયેણ= ઘણેભાગે, મહાનુભાવાઃ= મોટા મહિમાવાળા (થાય છે,) શાસ્ત્રં= શાસ્ત્ર શુદ્ધત્વ-હેતવે= (તેમની) શુદ્ધતામાં કારણરૂપ (થાય છે.)

ભાવાર્થ-ટીકા : જે ભક્તને શાપ થાય પરંતુ તે ભક્ત પાખંડી નથી થતો, પણ અત્યંત ભક્ત થાય છે. તેથી ભગવાને જ દંડ આપ્યો છે તેમ જાણવું. વળી તેને રોગાદિક ઉપદ્રવરૂપ નથી થતા અર્થાત્ તેની સેવામાં બાધક નથી થતા ઘણું કરીને તે મહાનુભાવ ઉત્તમ અનુભવવાળા બને છે. આ પ્રમાણે ભગવાન્ હેતુપુરઃસર ભક્તને દુઃખ આપે છે તેથી તે દોષ તો નથી. તો પણ કેવળ અલ્પકારણે આવડો મોટો દંડ આપવો તે પ્રભુ તો કૃપાળુ છે, તેથી તેમને માટે તે યોગ્ય નથી. આ પ્રમાણે કોઈ કહે તો ત્યાં કહે છે કે ભગવાન્ શાપ અપાવે છે તે મિશ્રપુષ્ટને શુદ્ધપુષ્ટ કરવાને માટે અપાવે છે. જો આ રીતે ભગવાન્ શાપ ન અપાવે તો મિશ્રપણાની નિવૃત્તિ થાય નહિ અને ત્યારે શુદ્ધપુષ્ટપણું પણ થાય નહિ. તેથી શુદ્ધપુષ્ટત્વ કરવાને માટે (જરૂર પડ્યે) શાપ અપાવે છે તેમાં તેમને (મિશ્રપુષ્ટને) ફળ આપવા માટેની કૃપા જ કારણ છે. ||૧૯||

મિશ્રપુષ્ટ ભક્તોમાં જેમને શુદ્ધ (પુષ્ટ) કરવાની ઈચ્છા છે તેઓને ઉત્તમ કહેવા જોઈએ તો પછી એવાને આવો મિશ્રભાવ શા માટે થયો? એવું કોઈ કહે તો કહે છે :

ભગવત્તારતમ્યેન તારતમ્યં ભજન્તિ હિ ||૧૯ $^{૧}/_{૨}$||

અન્વયાર્થ : ભગવત્ તારતમ્યેન= ભગવાનના (લીલાર્થ) તરતમભાવથી, તારતમ્યં= તર-તમભાવ ને, ભજન્તિ હિ= નિશ્ચયપૂર્વક ભજે છે પ્રાપ્ત કરે છે. ||૧૯ $^{૧}/_{૨}$||

ભાવાર્થ : "યદેકમવ્યક્તમનન્તરૂપં" આ શ્રુતિથી જણાય છે કે ભગવાન્ અનેક રૂપવાળા છે. તેથી ભગવાન્ જેવા-જેવા સ્વરૂપભેદનો સ્વીકાર કરે છે, તેમના ભક્ત પણ તેવા-તેવા ભાવના તારતમ્યને ગ્રહણ કરે છે. ૧૯||

ટીકા : ભગવાન્ અનંતરૂપ છે, તેથી જે ભગવદ્સ્વરૂપમાં ભક્તિવાળા મિશ્રપુષ્ટ હોય તે જ ભગવદ્સ્વરૂપમાં જેટલું તારતમ્ય હોય તેટલું તારતમ્ય ભોગવે, એથી વ્યૂહસ્વરૂપમાં, કલાસ્વરૂપમાં, આવેશ સ્વરૂપમાં અને પૂર્ણ સ્વરૂપમાં જેમાં અર્થાત્ જે સ્વરૂપમાં ભક્તની ભક્તિ-આસક્તિ હોય તે સર્વની ભિન્નતાથી મિશ્રપુષ્ટિભક્તની પણ ભિન્નતા હોય છે. (તેટલો ભેદ તેઓ પણ ધરાવે છે અને અનુભવે છે.) તેથી સંકર્ષણના ઉપાસક ચિત્રકેતુ પાર્વતીના શાપથી વૃત્રાસુર થઈને ઈંદ્ર સામે યુદ્ધ કરતા હતા. ત્યારે તેને સંકર્ષણના ચરણોમાં જ મનનો નિવેશ કર્યો હતો અને ઈંદ્રદ્યુમ્નરાજા નિર્ગુણ સ્વરૂપના ઉપાસક હતા, તે અગસ્ત્યમુનિના શાપથી ગજેન્દ્ર થયા, ત્યારે સ્તુતિમાં નિર્ગુણનું જ વર્ણન કર્યું છે. તે રીતે ભગવાનનું સ્વરૂપ તથા તેમના ભજનના પ્રકારના તારતમ્યથી ભક્તોના ફલમાં પણ તારતમ્ય થાય છે. એટલે જેવી ભક્તિ હોય તેવા ભગવત્સ્વરૂપનો આવિર્ભાવ થાય છે તથા તે જ પ્રમાણે ફલ પ્રાપ્ત થાય છે ||૧૯ $^{૧}/_{૨}$||

પુષ્ટિભક્તોને (કૃપાપાત્ર ભક્તોને) જ્યારે કેવલ ભગવત્પરાયણપણું જ છે ત્યારે તેમને શ્રૌત સ્માર્ત=શ્રુતિમાં તથા સ્મૃતિમાં કહેલા કર્માચરણ કરવા યોગ્ય છે કે નહિ? તે રીતે જો શ્રૌત-સ્માર્ત કર્મ કરે છે તો શા માટે કરે છે? એવી શંકાની નિવૃત્તિ માટે હવે જે પુષ્ટિજીવ છે તેઓનું સ્વરૂપ જાણવામાં આવે તે રીતે તેઓનું લક્ષણ કહે

છે. તેથી તે જ પ્રસંગથી સર્વનું પણ (ત્રણેયનું) લક્ષણ કહે છે.

લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્તેષુ નાન્યથા ॥૨૦॥
વૈષ્ણવત્વં હિ સહજં તતોऽન્યત્ર વિપર્યયઃ ॥૨૦ ૧/૨॥

અન્વયાર્થ : તેષુ= તેઓમાં, લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્= લૌકિકપણું વૈદિકપણું કપટ ભાવથી, અન્યથા= બીજી રીતે, ન= નથી, વૈષ્ણવત્વં= વૈષ્ણવપણું, (તુ=તો) હિ= નિશ્ચયપૂર્વક, સહજં= સ્વાભાવિક, તતઃ= તેથી, અન્યત્ર= બીજે, વિપર્યયઃ= વિપરીત (ભાવ) (છે.)

ભાવાર્થ : પુષ્ટિભક્તોમાં જે વૈદિકક્રિયા તથા લૌકિકક્રિયા છે તે કાપટ્યભાવથી છે, આસક્તિપણાથી નથી અને વૈષ્ણવત્વ છે તે તો તેનો સ્વભાવ જ છે. પરંતુ મર્યાદાજીવ અને લૌકિકજીવોમાં આનાથી વિરૂદ્ધ હોય છે. અર્થાત્ વૈષ્ણવપણું કપટથી અને વૈદિકપણું સ્વભાવથી તથા વૈષ્ણવપણું કપટથી અને વ્યવહારાસક્તિ સ્વભાવથી હોય છે.

ટીકા : તે ગીતાજીમાં કહ્યું છે "કર્મમાં આસક્તિવાળા અજ્ઞાનીજન જેવા કર્મ કરે છે તેવી રીતે કર્મમાં આસક્ત ન થાય. (છતાં પણ તેવા કર્મ કરે) તે પણ લોકને શિક્ષા આપવાના હેતુથી કરે." તે પોતાનું ભક્તપણું ગુપ્ત રાખવા માટે વૈદિક કર્મ તથા લૌકિકકર્મ કરીને પોતાનું વૈદિકપણું તથા લૌકિકપણું દેખાડે. તેથી એવા ભક્તોને વૈદિક-લૌકિક કર્મ કરવાનું કશું જ પ્રયોજન તો નથી તો પણ એને જોઈને બીજા લોકો પણ વૈદિક તથા લૌકિક મર્યાદામાં રહે. તેથી તે પ્રકારના કર્મ કરવા પરંતુ આસક્તિથી કરવા નહિ, તે જ વાત "કાપટ્યથી કરવા" એમ કહ્યું છે.

તથા મર્યાદામાર્ગીય જીવોનું વૈષ્ણવત્વ તથા લૌકિકત્વ કાપટ્યથી જ છે અને વૈદિકપણું સ્વભાવિક છે અને પ્રવાહી જીવોને વૈષ્ણવપણું તથા વૈદિકપણું કાપટ્યથી છે તથા લૌકિકપણું સ્વાભાવિક છે.॥૨૦ ૧/૨॥

પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા એવા ત્રણ પ્રકારના જ્યારે જીવો છે ત્યારે કેટલાક સર્વમાં સમાનદષ્ટિવાળા તથા સર્વધર્મમાં અભિનિવેશવાળા શાથી જોવામાં આવે છે? એવું જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છે :

સંબંધિનસ્તુ યે જીવાઃ પ્રવાહસ્થાસ્તથાપરે ।।૨૧।।

'ચર્ષણી'શબ્દવાચ્યાસ્તે તે સર્વે સર્વવર્ત્મસુ ।।
ક્ષણાત્સર્વત્વમાયાંતિ રુચિસ્તેષાં ન કુત્રચિત્ ।।૨૨।।

તેષાં ક્રિયાનુસારેણ સર્વત્ર સકલં ફલમ્ ।।૨૨$^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : યે જીવાઃ તુ= જે જીવો તો, સંબંધિનઃ= (પુષ્ટિ પ્રવાહ મર્યાદાના) સમ્બન્ધવાળા, તથાપરે= અને બીજા, પ્રવાહસ્થાઃ= પ્રવાહમાં રહેલા (હીન,) તે= તેઓ, ચર્ષણીશબ્દવાચ્યાઃ= ''ચર્ષણી'' શબ્દથી કહેવાય છે, તે= તેઓ, સર્વે= બધા, સર્વવર્ત્મસુ= બધા માર્ગોમાં, ક્ષણાત્= ક્ષણથી (સંગમાત્રથી,) સર્વવર્ત્મસુ= સર્વપણાને, આયાન્તિ= પ્રાપ્ત કરે છે, તેષાં રુચિ= તેઓની રુચિ, કુત્રચિત્ ન= ક્યાંય નથી (હોતી-થતી,) તેષાં= તેઓને, ક્રિયાનુસારેણ= (તેમની) ક્રિયા પ્રમાણે, સર્વત્ર= બધે, સકલં= ખંડિત, ફલં= ફલ (થાય છે.)

ભાવાર્થ : પુષ્ટિ, પ્રવાહ તથા મર્યાદા આ ત્રણે માર્ગોના સમ્બન્ધવાળા જે જીવ છે અને તેઓથી પણ હીન બીજા પ્રવાહી જીવ છે તે જીવ સર્વમાર્ગમાં ક્ષણ-ક્ષણમાં આવતા જતા હોય છે; પરંતુ કોઈપણ એક માર્ગમાં એકની રુચિ થતી નથી. તેઓને, જેવી ક્રિયા કરે તે મુજબ સર્વમાર્ગોમાં કંઈક ફલ પ્રાપ્ત થતું હોય છે. ।।૨૨-૨૨$^{૧}/_{૨}$ ।।

ટીકા : આમ પંચરાત્રમાં મધ્યમ તથા અધમ જીવ કહ્યા છે તેમ આ 'ચર્ષણીજીવ' કહેવાય છે. તેઓની ગતિ પણ યમને આધીન છે. તેમાં ત્રણે માર્ગના સમ્બન્ધવાળા જે જીવ છે તે જન્મ-મરણ મેળવ્યા જ કરે છે તથા પ્રવાહીમાં છે તેમની ગતિ તો નરકમાં છે. ।। ૨૨-૨૨$^{૧}/_{૨}$।।

આ રીતે પ્રસંગથી, આવી ગયેલી સર્વ હકીકત કહીને પ્રવાહનો

ભેદ ક્રમથી પ્રાપ્ત થયો છે તેનું નિરૂપણ કરે છે :

પ્રવાહસ્થાન્ પ્રવક્ષ્યામિ સ્વરૂપાંગક્રિયાયુતાન્ ।।૨૩।।

જીવાસ્તે હ્યાસુરાઃ સર્વે ''પ્રવૃત્તિં ચે''તિ વર્ણિતાઃ ।।
તે ચ દ્વિધા પ્રકીર્ત્યન્તે હ્યજ્ઞદુર્જ્ઞવિભેદતઃ ।।૨૪।।

દુર્જ્ઞાસ્તે ભગવત્પ્રોક્તા હ્યજ્ઞાસ્તાનનુ યે પુનઃ ।।૨૪ ૧/૨।।

અન્વયાર્થ : સ્વરૂપાંગક્રિયાયુતાન્= સ્વરૂપ દેહ અને ક્રિયાથી યુક્ત, પ્રવાહસ્થાન્= પ્રવાહમાં રહેલા (જીવોને,) પ્રવક્ષ્યામિ= હું કહીશ, તે= તેઓ, સર્વે= બધા, ''પ્રવૃત્તિં'' ચ 'ઈતિ વર્ણિતાઃ= પ્રવૃત્તિ અને (નિવૃત્તિને જાણતા નથી) એ પ્રકારે વર્ણવેલા (છે) (તેઓ,) હિ= નિશ્ચયપૂર્વક, આસુરાઃજીવાઃ= આસુર જીવો (છે.) તે= તે (પ્રવાહસ્થ જીવો,) અજ્ઞ દુર્જ્ઞ વિભેદતઃ= અજ્ઞ અને દુર્જ્ઞના ભેદથી, હિ= નિશ્ચયપૂર્વક, દ્વિધા= બે પ્રકારના, પ્રકીર્ત્યન્તે= કહેવાય છે, ભગવત્પ્રોક્તાઃ= ભગવાને કહેલા, (પ્રવૃત્તિ નિવૃત્તિને ન જાણનારા) તે= તેઓ, દુર્જ્ઞાઃ= દુર્જ્ઞ (છે,) ચ= અને, યે= જે, પુનઃ= વળી, તાન્= તેમને, અનુ= અનુસરનારા, અજ્ઞાઃ= અજ્ઞ (છે.)

ભાવાર્થ : સ્વરૂપ દેહ ક્રિયાથી યુક્ત પ્રવાહમાર્ગીય જીવોના વિષે હું કહીશ. ''પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ'' વગેરે શ્લોકોથી ગીતાજીમાં જેમનું વર્ણન ભગવાને કર્યું છે તે બધા 'આસુર' (પ્રવાહી) જીવ છે. તે જીવ અજ્ઞ અને દુર્જ્ઞ આવા બે ભેદોથી બે પ્રકારના કહ્યા છે આ નિશ્ચય છે. જે જીવ તે આસુરોનું અનુકરણ કરે છે તે 'અજ્ઞ' કહેવામાં આવે છે. ૨૩-૨૪ ૧/૨

ટીકા : જે ગીતાજીમાં ભગવાને સોળમા અધ્યાયમાં ''આસુરીજીવો પ્રવૃત્તિને કે નિવૃત્તિને જાણતા નથી, ત્યાંથી આરંભ કરીને, ''તતો યાન્ત્યધમાં ગતિમ્'' તે પછીથી અધમગતિને પ્રાપ્ત થાય છે; ત્યાં સુધી જે જીવોનું નિરૂપણ કહેલું છે. તે સઘળા જ આસુરી જીવ

છે. બધામાં તેના બધા જ લક્ષણો ન પણ હોય, તોપણ જેટલા લક્ષણ લખ્યા છે તેમાંથી જે થોડાક પણ લક્ષણોવાળા જીવ હોય તે સઘળાને આસુરી જીવ જાણવા. તેવા જીવ અજ્ઞ તથા દુર્જ્ઞ એવા ભેદથી બે પ્રકારના છે. તેમાં ગીતાજીમાં ભગવાને જેમનું સ્વરૂપ લખ્યું છે તે જીવ 'દુર્જ્ઞ' જાણવા તથા તેઓને અનુસરવાવાળા જે જીવ છે તેઓને 'અજ્ઞ' જાણવા. મતલબ કે અજ્ઞ જીવોને દુર્જ્ઞના સંગથી ભગવાન્ તથા ભક્તોમાં દ્વેષ થયો હોય તે દ્વેષ જ્યારે છૂટે ત્યારે તે પોતાની પ્રકૃતિમાં આવી જાય છે. તેઓને ભગવાન્ પ્રતિ દ્વેષ હોય તથા ભગવાન્ તેઓને મારે તો તે મુક્ત થાય છે. તેથી ભગવાને મારેલા જે જે અસુર મુક્ત થયા છે તે સઘળા અજ્ઞ જાણવા. ૨૩-૨૪ ૧/૨

ઉપરના નિરૂપણમાં પ્રાવાહિકસર્ગ આસુર તથા હીન કહ્યો છે ત્યારે તેવી આસુરસૃષ્ટિમાં તો આસુરીજીવની જ ઉત્પત્તિ થવી જોઈએ, પરંતુ ભગવાનના અનુગ્રહયોગ્ય જીવોની ઉત્પત્તિ થવી ન જોઈએ! તથા બલિરાજા, પ્રહ્‌લાદ વગેરેની ઉત્પત્તિ આસુરીકુળમાં જોવામાં આવે છે તેમજ તેમના ઉપર ભગવાનનો અનુગ્રહ પણ જોવામાં આવે છે તેવું શાથી? એમ જાણવાની ઈચ્છા કોઈને થાય તો કહે છે કે :

પ્રવાહેડપિ સમાગત્ય પુષ્ટિસ્થસ્તૈર્ન યુજ્યતે ।।૨૫।।
સોડપિ તૈસ્તત્કુલે જાતઃ કર્મણા જાયતે યતઃ ।।૨૫ ૧/૨।।

અન્વયાર્થ : પુષ્ટિસ્થઃ= પુષ્ટિ (માર્ગ)માં રહેલો (જીવ,) પ્રવાહે= પ્રવાહ (માર્ગ)માં, સમાગત્ય= આવીને, અપિ= પણ, તૈઃ= તે સાથે, ન= નથી, યુજ્યતે= જોડાતો, સઃ= તે (આસુર જીવ,) અપિ= પણ, તત્કુલે= તે (પુષ્ટિજીવ)ના કુળમાં, જાતઃ= જન્મેલો, તૈઃ= તેમની સાથે (જોડાતો નથી,) યતઃ= કારણકે, કર્મણા= કર્મ વડે, જાયતે= જન્મે છે.

ભાવાર્થ : જે પુષ્ટિમાર્ગીય જીવ છે તે ભગવાનનો કે ભક્તનો અપરાધ કરે તો આસુરકુળમાં તેનો જન્મ થાય છે તો પણ પ્રવાહમાં

આવ્યા છતાંયે આસુરધર્મમાં તેઓ આસક્ત નથી થતા.

ટીકા : આમ પુષ્ટિમાર્ગીયજીવ પ્રવાહમાં આવી જાય છે તોપણ પ્રવાહીઓમાં આગમન થવાથી તેઓ આસુરધર્મયુક્ત નથી થતા અને ભગવદ્અપરાધ કે ભક્તનો અપરાધ કર્યો હોય તો એવા કોઈક કર્મથી આસુરકુળમાં જન્મ તો થાય છે; પરંતુ આસુરધર્મ તેઓમાં આવતો નથી. જ્યારે તે પ્રકારે જન્મ થયો તે તો કર્મને કારણે છે. તે જ નિબંધમાં ભક્તિપ્રકરણમાં કહ્યું છે ''આ ભક્તિમાર્ગમાંથી વેદની નિંદા કરે અથવા અધર્મ કરે તો નરક તો પ્રાપ્ત ના થાય પરંતુ હીન યોનિમાં જન્મ થાય.'' ।।૨૫,૨૬।।

અત્રેથી આગળ પ્રવાહમાર્ગીય, જીવોના પ્રયોજન, સ્વરૂપ, સાધન, અંગ, ક્રિયા તથા ફળ તથા મર્યાદામાર્ગીય જીવોના પ્રયોજન, સ્વરૂપ, સાધન, અંગ, ક્રિયા તથા ફળ જેટલા ગ્રંથથી જાણવામાં આવે તેટલો ગ્રંથ હોવો જોઈએ; પરંતુ આધુનિક જીવોના પ્રારબ્ધવશથી અત્રેથી આગળનો ગ્રંથ પ્રાપ્ત થતો નથી. તેથી જેટલો ગ્રંથ મળ્યો છે તેટલાનું વ્યાખ્યાન લખ્યું છે. (આમ શ્રીપુરુષોત્તમજી લખે છે)

।।ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ''પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

|| અદેયદાનાદક્ષાય નમઃ ||

|| સિદ્ધાંતરહસ્યમ્ ||

હવે જ્યારે શ્રીઠાકોરજીએ પોતાના મનમાં ઈચ્છેલા પ્રકારવાળો શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રકટ કરવાની ઈચ્છા કરી ત્યારે પોતાના મુખારવિંદરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીમાં જ એવો (પોતાની ઈચ્છા મુજબનો) ભક્તિમાર્ગ પ્રકટ કરવાનું સામર્થ્ય જાણીને ભૂતલ ઉપર પ્રકટ થવાની આજ્ઞા આપી. ત્યારે શ્રીઆચાર્યજીએ પણ ભગવાનનો અભિપ્રાય જાણીને આપની આજ્ઞાનુસાર પ્રકટ થઈને ભગવાને ઈચ્છેલા પ્રકારવાળો પુષ્ટિભક્તિમાર્ગ પ્રકટ કર્યો. તેમાં આપણા (ભક્તિ) માર્ગની ભક્તિનું સ્વરૂપ અર્થાત્ (પુષ્ટિભક્તિનું સ્વરૂપ) તથા સેવ્યપ્રભુનું સ્વરૂપ તથા સેવાનો પ્રકાર બીજા માર્ગોના પ્રકાર સાથે મળી ન જાય તેથી પ્રમાણસહિત વિલક્ષણ રીતે નિરૂપણ કર્યા. તેમજ બીજા માર્ગોમાં બતાવેલા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થ તથા ત્યાગ, વિવેકાદિ અન્ય માર્ગોથી ભિન્ન પ્રકારે નિરૂપણ કર્યા છે. તો પણ પૂજામાર્ગમાં દોષનિવૃત્તિને માટે (પંચમહા) ભૂતશુદ્ધિ આદિ જે રીતે કરવામાં આવે છે તે રીતે સ્વમાર્ગમાં પણ સર્વદોષની નિવૃત્તિ સહિત સેવાના પ્રકારનો વિચાર કરવામાં આવ્યો નથી; તે પ્રકારે ચિંતા કરીને શ્રીઆચાર્યજી વિચારમગ્ન થયા ત્યારે આનંદમાત્ર-કર-પાદ-મુખ-ઉદર-આદિરૂપ શ્રીઠાકોરજી સાક્ષાત્ પ્રકટ થઈને સેવામાં પ્રતિબંધ કરવાવાળા દોષોની નિવૃત્તિ સાચી રીતે વાસ્તવિક રીતે થઈ શકે તેવો પ્રકાર તેમજ આગળ ઉપર જીવનપર્યંત (બાકીના જીવનમાં) પણ જેમ સેવામાં દોષનો પ્રવેશ ન થાય તે રીતે ઉપદેશ કર્યો. (શ્રીગોકુલસ્વામીના) તે જ ઉપદેશને પોતાના હૃદયમાં સમજીને જે માસમાં જે તિથિએ અને જે સમયમાં શ્રીઠાકોરજીએ ઉપદેશ કર્યો છે તે સઘળું પોતાના ભક્તોને દર્શાવવા માટે હવે કહે છે :

શ્રાવણસ્યામલે પક્ષે એકાદશ્યાં મહાનિશિ ||
સાક્ષાદ્ભગવતા પ્રોક્તં તદક્ષરશ ઉચ્યતે ||૧||

અન્વયાર્થ : શ્રાવણસ્ય અમલે પક્ષે= શ્રાવણ માસના મલ વગરના (શુક્લ) પક્ષમાં, એકાદશ્યાં મહાનિશિ= એકાદશીની મધ્યરાત્રીએ, સાક્ષાદ્= સાક્ષાત્, ભગવતા પ્રોક્તં= ભગવાન્ શ્રીકૃષ્ણ વડે પ્રકર્ષથી કહેવાયેલું છે, તત્= તે, અક્ષરશઃ= અક્ષરે અક્ષર, ઉચ્યતે= કહેવાય છે.

ભાવાર્થ : શ્રાવણ માસના શુક્લપક્ષમાં એકાદશી તિથિએ, મધ્યરાત્રીના સમયે સાક્ષાત્ ભગવાને પોતાના અભિપ્રાયપૂર્વક જે કહ્યું છે તે એક એક અક્ષરથી આ ગ્રંથમાં કહેવામાં આવે છે. ૧

ટીકા : શ્રવણ નક્ષત્રના દેવતા વિષ્ણુ છે; તે શ્રવણ પૂર્ણિમાના રોજ અથવા પૂર્ણિમાની સાથે રહેનારી તિથિમાં આવે છે તેથી 'શ્રાવણમાસ' કહેવાય છે. વળી શ્રવણ નક્ષત્ર વિષ્ણુ સમ્બન્ધી છે. તેના સમ્બન્ધથી જ માસનું નામ 'શ્રાવણ' થયું છે. તેથી માસનું ભગવત્ સમ્બન્ધીપણું બતાવ્યું છે. અને શુક્લપક્ષ કહેવું જોઈએ તેને બદલે અમલપક્ષ કહેવાનો આશય એ છે જે ભગવાનના પક્ષવાળા સર્વનિર્દુષ્ટ છે. કોઈપણ પ્રકારનો દોષ તેઓમાં નથી. તથા એકાદશ ઇંદ્રિયોના દોષની નિવૃત્તિ કરવાવાળી એકાદશી તિથિ છે, તેથી તે જ તિથિએ શ્રીઠાકોરજીએ ઉપદેશ કર્યો છે અને શ્રીગોકુલના અંતરંગ ભક્તોના સર્વ પુરુષાર્થોની સિદ્ધિ માટે જેવી રીતે મધ્યરાત્રીના સમયે (ભગવાનનો) પ્રાદુર્ભાવ થયેલો તે રીતે અત્રે પણ શ્રીઆચાર્યજી માટે પ્રકટ થઈને આપશ્રી દ્વારા શ્રીપ્રભુજીના ભક્તોના સર્વ પુરુષાર્થ સિદ્ધ કરવા માટે મધ્યરાત્રીના સમયે પ્રકટ થયા છે. શ્રીગોકુલમાં જેવી રીતે વ્યૂહરહિત સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમનું જ પ્રાકટ્ય કરીને ભક્તોની અભિલાષા પૂર્ણ કરી છે, તે રીતે અત્રે પણ ભક્તોની અભિલાષા સિદ્ધ થાય તે માટે પૂર્ણપુરુષોત્તમનું પ્રાકટ્ય છે તેવું જણાવવા માટે ''સાક્ષાત્'' પદ કહ્યું છે. તેથી જ સેવક દ્વારા અથવા સ્વપ્નદ્વારા અથવા આકાશવાણી દ્વારા ઉપદેશ કર્યો નથી પરંતુ શ્રીઆચાર્યજીની પ્રાર્થના વિના જ સાક્ષાત્ પુરુષોત્તમરૂપ પ્રકટ થઈને બ્રહ્મસમ્બન્ધરૂપ સાધનનો ઉપદેશ કર્યો છે.

વળી શુક્લપક્ષમાં દિવસે દિવસે ચંદ્રની કલા અધિક થતી હોય છે તે રીતે બ્રહ્મસમ્બન્ધથી દેહના દોષ એટલે આધિભૌતિક દોષ નિવૃત્તિ થઈને દિનદિનપ્રતિ અધિક શુદ્ધતા થશે. તથા એકાદશીના દિવસે ઉપવાસ હોય છે તેથી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા પાંચ કર્મેન્દ્રિય અને એક મન એમ એકાદશ ઇંદ્રિયોની દોષની નિવૃત્તિ થાય છે. આ આધ્યાત્મિક દોષની નિવૃત્તિ કહી છે. વળી પોતાના ભક્તોને સ્વરૂપાનંદનું દાન કરવા માટે તથા તેની રક્ષા કરવાને માટે મધ્યરાત્રીના સમયે પ્રભુ પ્રકટ થયા છે. તેવી મધ્યરાત્રિનો સમય આધિદૈવિક દોષની નિવૃત્તિ કરવાવાળો છે. આ રીતે બ્રહ્મસમ્બન્ધ કરવાવાળા જીવોમાં ત્રણે પ્રકારના દોષ સર્વ નિવૃત્ત થાય છે એમ જણાવ્યું છે.

શ્રીઠાકોરજીએ જે વચનો કહ્યા છે તેઓના અભિપ્રાયરૂપ આ ગ્રંથ છે એવો પ્રાચીન ટીકાકારોનો અભિપ્રાય છે અને શ્રીપુરુષોત્તમજીનો અભિપ્રાય એવો છે કે એકાદશસ્કંધના બીજાઅધ્યાયમાં કવિયોગેશ્વર તથા ત્રીજાઅધ્યાયમાં પ્રબુદ્ધયોગેશ્વર સર્વ ભગવાનને અર્પણ કરવાનું જે લખ્યું છે તે રીતે અગીયારમાં અધ્યાયમાં સદાદૃત (સત્પુરુષોએ જેઓનો આદર કર્યો છે તેવી) ભક્તિનું નિરૂપણ છે. ત્યાં દાસપણાથી આત્મનિવેદન કરવાનું લખ્યું છે. તથા ઓગણીસમા અધ્યાયમાં 'મહદ્‌વિમૃગ્ય' (મહાન્ પુરુષો જેને શોધે છે), ભક્તિયોગનું નિરૂપણ છે ત્યાં પણ ભગવદ્‌ધર્મના અધિકારરૂપ આત્મનિવેદન લખ્યું છે. તેનો જ અનુવાદ (તેની તે જ વાત) આ ગ્રંથમાં હશે એવી શંકાની નિવૃત્તિને માટે બ્રહ્મસમ્બન્ધની આજ્ઞાના માસ, પક્ષ, તિથિ વગેરે કહ્યા છે.

તથા શ્રીઠાકોરજીએ પ્રકટ થઈને પંચાક્ષરમંત્ર તથા તેની ટીકારૂપ ગદ્યમંત્ર, તથા શ્લોકરૂપ આ વાક્ય કહ્યા છે. તેમાંથી પંચાક્ષરમંત્ર તથા તેની ટીકારૂપ ગદ્યમંત્ર મંત્રની રીતિ અનુસાર ગૂઢ રાખવા જોઈએ. તેથી તે કહ્યા નથી તથા સિદ્ધાંતરૂપ શ્લોક જે શ્રીઠાકોરજીએ કહ્યા છે તે આ ગ્રંથમાં લખ્યા છે. ॥૧॥

આ પ્રકારે શ્રીઠાકોરજીએ જે સમયે ઉપદેશ કર્યો છે તે સમયનું

નિરૂપણ કરીને સ્વમાર્ગીય સેવાના પ્રતિબંધરૂપ જે અસાધારણ દોષ છે તેની નિવૃત્તિનો પ્રકાર જે ભગવાને કહ્યો છે તે કહે છે :

બ્રહ્મસંબંધકરણાત્ સર્વેષાં દેહજીવયોઃ ।।
સર્વદોષનિવૃત્તિર્હિ દોષાઃ પંચવિધાઃ સ્મૃતાઃ ।।૨।।

સહજા દેશકાલોત્થા લોકવેદનિરૂપિતાઃ ।।
સંયોગજાઃ સ્પર્શજાશ્ચ ન મંતવ્યાઃ કથંચન ।।૩।।

અન્વયાર્થ : બ્રહ્મસંબંધકરણાત્= બ્રહ્મ (કૃષ્ણ)નો સમ્બન્ધ કરવાથી, સર્વેષાં= (આત્મસમર્પણ કરનાર) સર્વના, દેહજીવયોઃ= સ્થૂલ લિંગ શરીર અને અવિદ્યાવાળા ચેતનના, સર્વદોષનિવૃત્તિઃ= સઘળા દોષોની નિવૃત્તિ, હિ= નિશ્ચયપૂર્વક (થાય છે,) દોષાઃ= દોષો, પંચવિધાઃ= પાંચ પ્રકારના, સ્મૃતાઃ= સ્મૃતિમાં કહેલા છે, સહજાઃ= સાથે ઉત્પન્ન થયેલા, દેશ- કાલોત્થાઃ= દેશથી અને કાલથી થતા, લોકવેદનિરૂપિતાઃ= લોકમાં તથા વેદમાં નિરૂપિત કરેલા, સંયોગજાઃ= સંયોગથી થતા, સ્પર્શજાઃ= સ્પર્શથી થતા, કથંચન= કોઈપ્રકારે, મન્તવ્યાઃ= વિચારવા, ન= નહિ.

ભાવાર્થ : બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વના દેહ તથા જીવના સઘળા દોષોની નિવૃત્તિ થાય છે. તે દોષ પાંચ પ્રકારના પ્રસિદ્ધ છે. સહજ દોષ દેશથી ઉત્પન્ન થયેલ દોષ, કાલથી ઉત્પન્ન થયેલ દોષ, સંયોગથી થયેલ દોષ તથા સ્પર્શથી થયેલ દોષ, આવા પાંચ પ્રકારના દોષ લોકમાં તથા વેદમાં નિરૂપિત છે. અથવા સહજ, દેશકાલથી ઉત્પન્ન, લોક તથા વેદમાં, નિરૂપણ કરેલા હોય તેવા તથા સંયોગ અને સ્પર્શથી થયેલા એવા પાંચ પ્રકારના દોષને કોઈ રીતે માનવા નહિ (અર્થાત્ બ્રહ્મસમ્બન્ધ લીધા પછી આ પાંચે પ્રકારના દોષને પ્રતિબંધરૂપ થશે તેવું ગણવું નહિ). ૨-૩

ટીકા : અહીં શ્રીપુરુષોત્તમની સાથે ઘણા સમયથી તિરોહિત થયેલ સમ્બન્ધ પુનઃ પ્રકટ થાય છે તો પણ તેનું નામ 'બ્રહ્મસંબંધ' છે તેનો અભિપ્રાય એવો છે કે જેમ બ્રહ્મ નિર્દોષ છે તથા સર્વત્ર સમાન છે

તેવી રીતે આ સમ્બન્ધ પણ નિર્દોષ તથા સમાન હોય છે.

દેહ પંચમહાભૂતનો છે તથા પંચમહાભૂતોમાં ભગવાનનો સમ્બન્ધ નહિ થવાથી દોષ થાય છે. જે પૂજામાર્ગમાં ભૂતશુદ્ધિ વગેરેથી નિવૃત્ત થાય છે તે સહજ દોષ છે. તથા પૂજાના સ્થાનોમાં ભૂત વગેરેનું અપસરણ કરે છે (અશુદ્ધિના કારણોને દૂર કરવામાં આવે છે) તથા આસનાદિકની શુદ્ધિ કરે છે તે દેશદોષ કહેવાય છે. તેવી રીતે પ્રાતઃકાલનો હોમ કરીને અથવા બ્રહ્મયજ્ઞ કરીને અથવા માધ્યાહ્નિક કર્મ કરીને પુરુષોત્તમનું પૂજન કરવું તેવું 'મંત્રરાજ-અનુષ્ટુપ'ના વિધાનનું વાક્ય છે, તેથી અન્યકાલમાં (આ બતાવેલા સમય સિવાયના સમયમાં) પૂજા કરવાથી કાલદોષ આવે છે.

અને ''પૂજાદિક કરીને બ્રહ્મલોક મળે છે'' એવું વાક્ય છે. તેથી પૂજાથી બ્રહ્મલોક પ્રાપ્ત થાય પરંતુ ગીતાજીમાં એવું બતાવ્યું છે કે ''બ્રહ્મલોક સુધીના ફળની પ્રાપ્તિ કર્યા પછી પણ જીવને ત્યાંથી સંસારમાં પાછા વળવું પડે છે'' તે દ્વારા પુનરાવૃત્તિરૂપ દોષ કહેલ છે. તેમજ વૈદિકમંત્રોથી પૂજા વગેરે કરવામાં પણ કાંઈક અંશમાં ઉણપ રહેવી તેમજ અન્ય પ્રકારની ખામીઓ રહેવાનું બતાવ્યું છે. તેના નિવારણ માટે ભગવાન્ વિષ્ણુનું સ્મરણ કરવું પડે છે. તે 'વેદનિરૂપિત' દોષ છે.

તથા પૂજામાં અભિષેકાદિકને માટે વૈદિકમંત્રના સંસ્કારવાળો શંખોદક-શંખનું જળ હોય તેમાં વગર સંસ્કારવાળા સાધારણ જલનો સંયોગ થાય તે 'સંયોગજ' સંયોગથી ઉત્પન્ન થનારો દોષ છે. વળી, મૂલમાં 'ચ'કાર છે, તેથી નૈવેદ્ય વગેરેમાં તથા બીજા પણ જે સઘળા આગંતુક દોષ છે તે સર્વ કહી ગયા છીએ અને પૂજાદિકમાં યોગ્ય ઉપયુક્ત પાત્રાદિક પદાર્થ, પુષ્પ તથા ચંદનાદિકને સ્ત્રીશુદ્રાદિકનો સ્પર્શ થાય તે 'સ્પર્શદોષ' છે. આમ પાંચ પ્રકારના દોષ ભક્તિમાર્ગમાં માનવા નહિ એવો શ્રીગોકુલનાથજીનો અભિપ્રાય છે.

વળી દેહની સાથે ઉત્પન્ન થયેલા દુષ્ટ તથા અપસ્મારાદિક

(વાઈ-તાણ) રોગ છે, તે જ રીતે જીવના સંગે ઉત્પન્ન થયેલા કામક્રોધાદિક છે તે સહજ દોષ કહેવાય છે. વળી મગધદેશ તથા મ્લેચ્છાદિકોના દેશમાં તીર્થયાત્રા સિવાય જાય તો પુનઃ સંસ્કાર કરવો પડે એવું ધર્મશાસ્ત્રમાં લખ્યું છે, તે દેશને કારણે થતા દોષ 'દેશોત્થ' કહેવાય છે. વળી ઉગ્ર અસરવાળા કાળમાં તથા કલિ વગેરે કાલ છે જેમાં ધર્મ સંભવતો નથી તેવો જે દોષ છે તે 'કાલોત્થ' એટલે કાલને કારણે થતો દોષ કહેવાય છે. તેમજ પતિતાદિકોનો સંસર્ગ થાય તે 'સંયોગદોષ' કહેવાય છે. વળી ઈંદ્રિય તથા પદાર્થના સંયોગ થાય તે 'સ્પર્શજદોષ' કહેવાય છે. મૂલમાં જે 'ચ'કાર લખ્યો છે તેથી કર્મથી જે દોષ થાય છે તે 'કર્મજદોષ' પણ આવી જાય છે.

તે સર્વ લોક તથા વેદમાં કહેલા છે. જેમકે કેશ, ભસ્મ વગેરેથી, દૂષિત દેશમાં રહેવું અથવા સંધ્યા સમયે ચાર રસ્તે બેસવું અથવા મ્લેચ્છાદિકોને સ્પર્શ કરવો, મુખમાં મૈથુન કરવું, દ્વાર સિવાય ઘરમાં પ્રવેશ કરવો ઈત્યાદિક 'લોકપ્રસિદ્ધ' દોષ છે. તથા અગ્નિહોત્રવાળા પોતાને માટે ઉષર (ઉજ્જડ) ભૂમિમાં ન જાય, અમાવાસ્યા તથા પૂર્ણિમાદિ તિથિમાં સ્ત્રીની પાસે ન જાય, મલયુક્ત હોય ત્યારે બોલે નહિ, ઈત્યાદિક 'વેદસિદ્ધ' દોષ છે.

આ બધા સિદ્ધ દોષ નિવૃત્ત થાય તેવા નથી તો પણ કોઈપણ પ્રકારે (પુષ્ટિમાર્ગમાં) માનવા નહિ. (મતલબ) જેને ભગવાનનો સમ્બન્ધ સિદ્ધ થાય ત્યારે આ દોષ શું કરી શકવાના? કંઈ જ કરી શકે નહિ એવો શ્રીરઘુનાથચરણનો અભિપ્રાય છે.

અને અવિદ્યાનો સમ્બન્ધ થવાથી અભિમાનાદિક દોષ થાય છે તે જીવના સહજ દોષ છે તથા કામ-ક્રોધાદિક લિંગ દેહના સહજ દોષ છે. તથા માતાપિતામાં જે દોષ તથા રોગ રહ્યા હોય તે સંતતિમાં આવે તે સ્થુલદેહના સહજ દોષ છે. તેમજ દેહ તથા કાલથી જે-જે દોષ થાય છે તે દેહને છે જીવને નથી. જેમકે મગધ દેશમાં ગયાજી આદિ પવિત્ર સ્થળ છે, તે સિવાય ત્યાં બીજા બધા અપવિત્ર છે. જેમ મરૂદેશમાં સઘળા

સ્થળ અપવિત્ર છે, એવા અપવિત્ર દેશમાં જન્મ થવાથી તથા તે દેશમાં જવાથી જે દોષ થાય છે તે ‘દેશોત્થ’ કહેવાય છે.

કલિકાલથી, દુષ્ટમુહૂર્તથી તથા અવસ્થાથી જે દોષ થાય છે તે ‘કાલોત્થદોષ’ કહેવાય છે. તથા જ્ઞાનપૂર્વક કામની પ્રવૃત્તિથી, મનનો યોગ થવાથી જે દોષ ઉત્પન્ન થાય છે તે ‘સંયોગજદોષ’ કહેવાય છે. વળી કોઈના સ્પર્શથી થતો દોષ ‘સ્પર્શજદોષ’ કહેવાય છે.

તે સઘળા લોકવેદમાં નિરૂપિત છે, તો પણ ભક્તિમાર્ગમાં દેહ, ઈંદ્રિય, અંતઃકરણ તથા તેમના ધર્મસહિત સઘળું ભગવાનને અર્પણ કર્યું છે, તેથી બધું જ ભગવાનનું થયું છે તે ભગવાનની સેવામાં પ્રતિબંધ કરતું નથી. તેથી આ દોષની નિવૃત્તિ માટે (અલગ) પ્રયત્ન કરવો નહિ. કેમ? કે સઘળું ભગવદીય છે એવું અનુસંધાન રહે ત્યારે આ દોષો બાધક થતા નથી એવો શ્રીપુરુષોત્તમચરણનો અભિપ્રાય છે.

વળી પ્રથમસ્કંધના સાતમાઅધ્યાયમાં અર્જુનની સ્તુતિમાં શ્રીસુબોધિનીજીમાં કર્મજ, કાલજ, સ્વભાવજ, માયોદ્ભવ તથા દેશોદ્ભવ એવા પાંચ દોષ બતાવ્યા છે. તે અને અહીં લખેલા પાંચ દોષ એકજ સમજવા. તેમાં ત્યાં જે ‘સ્વભાવજ’ લખ્યું છે તે અત્રે ‘સહજ’ દોષ છે તથા ’કાલજ’ દોષ લખ્યું છે તે ‘કાલોત્થ’ દોષ સમજવો તથા ત્યાં ‘દેશોદ્ભવ’ લખ્યું છે તે અત્રે ‘દેશોત્થ’ દોષ સમજવો અને ત્યાં ‘માયોદ્ભવ’ લખ્યું છે તે અવિદ્યાના સંયોગથી સ્વધર્મ તથા ભગવદ્ધર્મનું અજ્ઞાન થાય છે તે અત્રે કહેલ ‘સંયોગજ’ સમજવા તથા ત્યાં ‘કર્મજ’ લખ્યું છે તે અહીંયા ‘સ્પર્શજ’ દોષ સમજવો એમ શ્રીલાલુભટ્ટજી એ લખ્યું છે.

આમ સઘળા દોષ જોવામાં આવે તો પણ બળી ગયેલા વસ્ત્રની જેમ તે દોષો કશુંજ કાર્ય કરી શકે નહિ. તેથી તે ભગવત્ સેવામાં પ્રતિબંધ કરશે તેવું માનવું નહિ. કેમકે ભગવાન્ જે સ્વયં નિર્દુષ્ટ છે તેમનો સમ્બન્ધ થવાથી દેહ, ઈંદ્રિય, અંતઃકરણ તથા તેના સઘળા ધર્મો

નિર્દુષ્ટ થઈ જાય છે. ।।૨,૩।।

ભગવાન્ નિર્દુષ્ટ છે તેથી જે દોષરહિત હોય તેનો જ સમ્બન્ધ ભગવાનસાથે થવો જોઈએ; પરંતુ જ્યાંસુધી દેહ, ઇંદ્રિયાદિકોના દોષ નિવૃત્ત નથી થયા ત્યાં સુધી તેમનો સમ્બન્ધ પ્રભુસાથે કેવી રીતે થઈ શકે? તેથી પ્રથમ દોષરહિત કરીને પછી ભગવાનને અર્પણ કરવામાં શું હરકત છે? એવું કોઈ કહે ત્યાં કહે છે :

અન્યથા સર્વદોષાણાં ન નિવૃત્તિઃ કથંચન ।।
અસમર્પિત વસ્તૂનાં તસ્માદ્વર્જનમાચરેત્ ।।૪।।

અન્વયાર્થ : અન્યથા= બીજી (કોઈ પણ) રીતે, સર્વદોષાણાં નિવૃત્તિઃ= સર્વદોષની નિવૃત્તિ, કથંચન ન= કોઈ રીતે નથી (થતી.) તસ્માત્= તેથી, અસમર્પિતવસ્તૂનાં= નિવેદિત ન થયેલ વસ્તુઓનો, વર્જનં= ત્યાગ, આચરેત્= કરે.

ભાવાર્થ : દેહ, ઇંદ્રિય, પ્રાણ તથા અંતઃકરણ આ બધા ભગવાનને અર્પણ કર્યા વિના સઘળા દોષોની નિવૃત્તિ અન્ય કોઈપણ પ્રકારથી થતી નથી. તેથી જેનું સમર્પણ ભગવાનને થયું નથી તે વસ્તુ પોતાના ઉપયોગમાં લેવી જ નહિ. અસમર્પિત વસ્તુનો તો ત્યાગ જ કરવો. ૪

ટીકા : તેથી શ્રીમદ્ભાગવત ષષ્ઠસ્કંધમાં શ્રીશુકદેવજીએ કહ્યું છે જે ‘‘તપ, બ્રહ્મચર્ય, શાંતિ, ઇંદ્રિયનિગ્રહ, દાન, સત્ય, પવિત્રતા આ સઘળા (સાધનો) વડે, ધીર પુરુષ શ્રદ્ધાયુક્ત થઈને દેહ, વાણી તથા બુદ્ધિથી ઉત્પન્ન થયેલ મહાન્ પાપ હોય તેને પણ અગ્નિ જેમ કાષ્ઠને બાળી મૂકે છે તેમ બાળી મૂકે છે’’, અર્થાત્ અગ્નિ કાષ્ઠને બાળે છે પરંતુ તેમાં ભસ્મ આદિ શેષ રહે છે તેવી રીતે તપ વગેરેથી તે પાપ નષ્ટ થઈ જાય છે, છતાંય તેમાં દૂષિત કરનાર કંઈક દોષ બાકી રહે છે તેથી ત્યાં જ ફક્ત કહ્યું છે જે ‘‘વાસુદેવ ભગવાનમાં આસક્ત કેટલાક ભક્ત કેવળ ભક્તિ વડે સમગ્ર પાપનો નાશ કરે છે જેવી રીતે સૂર્ય રાત્રીમાં થયેલા

ઝાકળાબિંદુઓને સર્વથા નષ્ટ કરે છે''. તેથી ભક્તિથી પાપનો જેવો નાશ થાય છે એવો અન્ય કોઈ જ સાધનથી થતો નથી. તેથી અસમર્પિત વસ્તુઓનો તો ત્યાગ જ કરવો. ।।૪।।

આમ અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરે તો લૌકિક, અલૌકિક વ્યવહાર કેવી રીતે નભી શકે? ત્યાં અર્ધભૂક્તના સમર્પણનો નિષેધ કરીને સર્વદા કર્તવ્યનો પ્રકાર કહે છે :

નિવેદિભિઃ સમર્પ્યૈવ સર્વં કુર્યાદિતિ સ્થિતિઃ ।।
ન મતંદેવદેવસ્ય સામિભુક્તસમર્પણમ્ ।।૫।।

અન્વયાર્થ : નિવેદિભિઃ= (આત્મનિવેદન કરનારે તો) જેનું સમર્પણ કર્યું છે તેવી વસ્તુઓ વડે, સમર્પ્ય= સમર્પણ કરીને, એવ= જ, સર્વં= સઘળું, કુર્યાત્= (કાર્ય) કરે, ઈતિ= આ પ્રકારે, સ્થિતિઃ= (ભક્તિમાર્ગની) મર્યાદા (છે.) દેવદેવસ્ય= દેવોના દેવને, સામિભુક્ત સમર્પણમ્= અર્ધભુક્તનું સમર્પણ, મતં ન= સંમત નથી.

ભાવાર્થ : પુષ્ટિમાર્ગની રીતિથી આચાર્યદ્વારા જે જીવનું નિવેદન થયું છે તે જીવે ભગવાનને અર્પણ કરીને જ સઘળા કાર્ય કરવા એવી ભક્તિમાર્ગની દોષરહિત મર્યાદા છે. તેમાં જે અર્ધભુક્ત પદાર્થ છે તે દેહના દેવ પ્રભુને સમર્પણ યોગ્ય નથી. ૫

ટીકા : આમ નિવેદન, દાન તથા અર્પણ એવા ત્રણ પ્રકાર છે. તેમાં વસ્તુનું નામ લઈને પ્રભુને જતાવી દેવું તે 'નિવેદન' કહેવાય છે તથા વિધિપૂર્વક પોતાની સત્તા છોડીને દ્રવ્યાદિકમાં બીજાની સત્તા ઉત્પન્ન (સ્થાપિત) કરવી તે 'દાન' કહેવાય છે. તે જ રીતે સેવક જેમ સામગ્રી (રસોઈ) સિદ્ધ કરીને પોતાના માલિકને અર્પણ કરે છે, તે રીતે સ્વામીએ ભોગવવા યોગ્ય પદાર્થ સ્વામીને જતાવવો તે 'અર્પણ' કહેવાય છે. તે જ રીતિથી (પુષ્ટિભક્તિમાર્ગી સેવાકર્તાનું એ કર્તવ્ય છે કે) પ્રથમ પ્રભુને નિવેદિત થયેલી એવી વસ્તુ પુનઃ (પ્રભુને) અર્પણ કરીને (તે પછી) લૌકિક તથા વૈદિક સઘળું કાર્ય કરવું એવી ભક્તિમાર્ગની મર્યાદા

છે. તે જ પ્રકારથી કરવામાં દોષ આપતો નથી, કેમકે જેનું દાન આપ્યું છે તે વસ્તુ પોતાના ઉપયોગમાં આવી શકતી નથી. તેવી રીતે જે વસ્તુ પ્રભુને ભેટ કરી છે તે વસ્તુ પણ પોતાના ઉપયોગમાં ન આવી શકે. પરંતુ જેનું અર્પણ કર્યું છે તે વસ્તુ પોતાના ઉપયોગમાં લેવામાં હરકત નથી.

તેમાં કોઈપણ પદાર્થમાંથી પણ થોડોભાગ પ્રથમ પોતાના ઉપયોગમાં લઈને બાકી બચ્યો હોય તે ભાગ છે તે 'સામિભુક્ત'= 'અર્ધભુક્ત' કહેવાય છે અને તે પ્રભુને અર્પણ કરવા યોગ્ય નથી જ. અર્થાત્ (આમ બે બાબત સ્પષ્ટ થઈ) ''આ બધી વસ્તુ પ્રભુની છે'' એવું અનુસંધાન રાખીને ફરી એ પ્રભુને અર્પણ કરીને તે વસ્તુ તેઓનો ''(ભગવાનનો) પ્રસાદ છે'' એવું સમજીને પોતાના ઉપયોગમાં લેવી તથા અર્ધભુક્ત થાય તે પ્રભુને સમર્પવી નહિ. ।।૫।।

(અર્ધભુકત વસ્તુના સમર્પણનો અને અસમર્પિત ઉપભોગનો દોષ ન લાગે તેના માટે) પોતાના ઉપભોગની પહેલાં જ બધી વસ્તુઓનો પ્રભુની સેવામાં સાક્ષાત્ અથવા પરંપરાથી ઉપયોગ કરીને પછી પોતાના ઉપયોગમાં લેવી તે સમજાવે છે :

તસ્માદાદૌ સર્વકાર્યે સર્વવસ્તુસમર્પણમ્ ।।
દત્તાપહારવચનં તથા ચ સકલં હરેઃ ।।૬।।

ન ગ્રાહ્યમિતિ વાક્યં હિ ભિન્નમાર્ગપરં મતમ્ ।।૬ ૧/૨।।

અન્વયાર્થ : તસ્માત્= તેથી, સર્વકાર્યે= સર્વકાર્યમાં, આદૌ= પહેલા, સર્વવસ્તુસમર્પણમ્= સઘળી વસ્તુઓનું સમર્પણ (સંમત છે) દત્તાપહારવચનં= આપેલા (પદાર્થ)ના અપહાર (પાછું લેવું)નું વચન, ચ= અને, તથા= તેવી રીતે, હરેઃ= હરિ સમ્બન્ધી, સકલં= સર્વ, ગ્રાહ્યં= ગ્રહણ કરવા યોગ્ય, ન= નથી, ઈતિ= એવા પ્રકારનું, વાક્યં= વચન, હિ= ખરેખર, ભિન્નમાર્ગપરં= અન્યમાર્ગના વિષયરૂપ, મતં= વિચારેલું છે.

ભાવાર્થ : નિવેદિત પદાર્થ પ્રભુને સમર્પીને, જે સર્વકાર્ય કરવું એવી ભક્તિમાર્ગની મર્યાદા છે. તેથી પ્રથમ સર્વકાર્યમાં સર્વ વસ્તુ અર્પણ કરવી. અને તેવી જ રીતે ભગવાનને નિવેદિત કરેલી વસ્તુ પોતાના ઉપયોગમાં ન લાવવી વગેરે જે ‘‘અપિ દીપાવલોકં મે નોપયુઞ્જયાત્ નિવેદિતમ્’’ એકાદશસ્કંધના વાક્ય છે તે વાક્ય ભક્તિમાર્ગથી જુદા માર્ગને માટે છે.

ટીકા : સ્ત્રી, પુત્ર, ધન વગેરે સઘળું પ્રભુને સમર્પીને ‘‘આ સઘળું ભગવાનનું જ છે’’ એવું અનુસંધાન રાખીને પોતાના ઉપયોગમાં લેવું. આમ પ્રભુને જેનું અર્પણ કર્યું છે તે વસ્તુ પ્રભુની છે એવી બુદ્ધિ રહેવાથી પોતાનું અભિમાન છૂટી જાય છે તથા પ્રભુના સમ્બન્ધથી તેમાં આસક્તિ રહેવાથી પોતાની ભક્તિની દઢતા થાય છે.

તથા કર્મમાર્ગાદિકોમાં નિવેદન તથા સમર્પણનો પ્રકાર નથી. કેવળ દાનનો જ પ્રકાર છે. તેથી ‘‘ભગવાનને જે પદાર્થ આપ્યો છે તે પદાર્થ પોતે લેવો નહિ’’ એવું વાક્ય તે મર્યાદામાર્ગના અભિપ્રાયનું છે. ભક્તિમાર્ગનું નથી. ભક્તિમાર્ગમાં તો સર્વ વસ્તુ ભગવાનને સમર્પણ કરીને જ ઉપયોગમાં લેવી તેવી મર્યાદા છે. ||૬-૬ $^{૧}/_{૨}$||

આ રીતે ભક્તિમાર્ગથી બીજા માર્ગમાં ભગવાનને અર્પણ થયેલી એવી વસ્તુનો ઉપયોગ કરવો નહિ તથા ભક્તિમાર્ગમાં તો ભગવાનની પ્રસાદી વસ્તુથી જ ભગવદીયને સર્વકાર્ય કરવા જોઈએ. એવું જતાવવા માટે કહે છે :

સેવકાનાં યથા લોકે વ્યવહારઃ પ્રસિદ્ધ્યતિ ||૭||
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તતઃ ||૭ ૧/૨||

અન્વયાર્થ : સેવકાનાં= સેવા કરનારાઓનો, યથા= જેમ, લોક= લોકમાં, વ્યવહારઃ= વ્યવહાર, પ્રસિધ્યતિ= સંપન્ન (સિદ્ધ) થાય છે, તથા= તેમ, સમર્પ્ય= સમર્પણ કરીને, એવ= જ, કાર્યં= કરવું જરૂરી

(છે.) તતઃ= તેથી, સર્વેષાં= બધાની, બ્રહ્મતા= બ્રહ્મતા (નિર્દોષતા) થાય છે.

ભાવાર્થ : લોકમાં સેવકોનો વ્યવહાર જેવી રીતે સિદ્ધ થાય છે તેવી રીતે પ્રભુને અર્પણ કરીને જ સર્વ કાર્ય કરવું એમ કરવાથી સર્વને બ્રહ્મરૂપપણું થાય. ૭-૭$^{૧}/_{૨}$

ટીકા : આમ લોકમાં જે સેવક હોય છે તે સર્વ કાર્ય પોતાના માલિકની આજ્ઞાથી જ કરે છે, માલિકને પૂછ્યા વિના કાર્ય કરતા નથી. તથા શિષ્ય હોય તે ગુરુની આજ્ઞા પ્રમાણે જ સર્વ કાર્ય કરે છે. તેમ પોતાનો દેહ, આત્માદિક સર્વ ભગવાનને અર્પણ કરવું ત્યારે સર્વ ભગવાનનું થયું. તેથી ભગવાનને અર્પણ કરીને જ સર્વકાર્ય કરવું. એમ કરવાથી સર્વમાં નિર્દોષપણું તથા સમાન ભગવદીયપણું સિદ્ધ થાય છે. જો કે બ્રહ્મના અનંત ધર્મ છે તથાપિ ગીતાજીમાં નિર્દોષ તથા સમ એ બેઉ ધર્મ બ્રહ્મના ધર્મ કહેલા છે તથા અહીં સેવામાં પણ આ બેઉ ધર્મનો જ ઉપયોગ છે તેથી બેઉ ધર્મને લઈને 'સર્વનું બ્રહ્મપણું' થાય એમ કહ્યું છે. ૭-૭$^{૧}/_{૨}$

ભક્તિમાર્ગમાં પ્રવેશ થયો હોય તો પણ સત્વાદિક ગુણના ભેદથી સર્વની પ્રવૃત્તિ ભિન્ન-ભિન્ન થાય છે, સમાન થતી નથી. તેથી ભગવદીયપણું થયું હોય તો પણ સર્વનું સમાનપણું કેવી રીતે થાય? એવી શંકાનું ગંગાજીના દૃષ્ટાંતથી સમાધાન કરે છે :

ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના ॥૮॥
ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્વદત્રાપિ ચૈવ હિ ॥

અન્વયાર્થ : સર્વદોષાણાં= બધા દોષ (શેરીના પાણી વગેરે,) ગંગાત્વં= (ગંગામાં મળતાં) ગંગારૂપ (ગણાય છે.) ગંગાત્વે= ગંગારૂપે ગણાતાં (તેમના,) ગુણાદોષાદિવર્ણના= ગુણદોષવર્ણન, નિરૂપ્યા= નિરૂપાતાં, ન= નથી (ગંગારૂપેજ ગણાય છે.) તદ્વત્= તેની જેમજ,

હિ= નિશ્ચયપૂર્વક, અત્ર= અહીં (બ્રહ્મસમ્બન્ધ અને સર્વના સમર્પણથી,) ચ= અને, (ભગવદ્ અનુસંધાનથી) અપિ= પણ (બધું નિર્દોષ બ્રહ્મરૂપ) એવ= જ (છે.)

ભાવાર્થ : પરનાળા (ગંદા પાણીની નીક, મોરી) આદિનું જલ ગંગાજીમાં મળે ત્યારે તેમાં રહેલા સર્વદોષનું અશુદ્ધિનું ગંગાપણું થાય છે. તેથી તેના ગુણ દોષનું વર્ણન ગંગાપણાથી જ થાય છે. તેવી રીતે બ્રહ્મસમ્બન્ધ થયા પછી અહીં પણ સર્વનું બ્રહ્મપણું થાય.

ટીકા : પરનાળાના જલનો સ્પર્શ થાય તો શુદ્ધિ માટે સ્નાનાદિક કરવા પડે છે. પરંતુ તે જ જલ ગંગાજીમાં મળી જાય છે ત્યારે યત્કિંચિત તેની મલિનતા જોવામાં પણ આવતી હોય તો પણ તેના પાનથી પાપનિવૃત્ત થાય છે કારણકે સર્વ ગંગારૂપ થઈ ગયું છે. આમ પછી સારા નરસા જલનું વર્ણન થાય છે તો તે ગંગાજીના જલનું વર્ણન હોય છે. ''પરનાળા વગેરેનું જલ ખરાબ છે'' એવું કોઈ કહેતું નથી. તે જ રીતે ગંગાજીમાં સારું જલ મળ્યું હોય તો પણ ગંગાજીનું જલ સારું છે એમ જ કહે છે પરંતુ જે જલ તેમાં મળ્યું છે તેનું નામ કોઈ લેતું નથી. એ જ રીતે બ્રહ્મસમ્બન્ધ થયા પછી બ્રહ્મસમ્બન્ધ કરવાવાળામાં જે ગુણ-દોષ રહેલા છે તે સર્વ બ્રહ્મરૂપ થાય છે, અર્થાત્ પરનાળાનું જલ ગંગાજીમાં મળતાં તેના સર્વ દોષ નષ્ટ થઈ જાય છે તેમ બ્રહ્મસમ્બન્ધ કરવાવાળામાં જો દોષ હોય તો તે સઘળા નષ્ટ થઈ જાય છે ।।૮ ૧/૨।।

બ્રહ્મસમ્બન્ધ કરવાથી સઘળા દોષની નિવૃત્તિ થાય છે. તેથી પાંચેય પ્રકારના જે દોષ છે તેને માનવા નહિ અર્થાત્ મહત્વ આપવું નહિ એમ પ્રથમ કહ્યું છે. તે પછી સર્વનું બ્રહ્મપણું થાય છે તેમ કહ્યું છે. સેવાનું આ જ (ગૌણ) આનુષંગિક (અવાંતર) ફલ સિદ્ધાંતમુક્તાવલીમાં કહ્યું છે. ''બ્રહ્મસમ્બન્ધથી સર્વદોષોની નિવૃત્તિ થાય છે'' એમ કહીને આગળ ઉપર (દોષો) નહિ થવાને માટે સઘળું હરિને જ અર્પણ કરીને જ કાર્ય કરવાનું જે કંઈ કરે તે કરવાનું કહ્યું છે તેમાં ભગવદ્ધર્મને અનુસાર તથા લૌકિકવ્યવહારને અનુસાર એમ બેઉ પ્રકારનું સમર્પણ કહ્યું

છે. તેમાં ભગવદ્ધર્મને અનુસાર (વાક્યનું સ્વરૂપ સમજીને) સમર્પણ કરે તો દોષનિવૃત્તિ ઉપરાંત બ્રહ્મતારૂપ ફલ થાય તથા લૌકિકવ્યવહારને અનુસાર કરે તો ગંગાજીમાં મળેલા મોરી-પરનાળાના જલની જેમ બ્રહ્મસમ્બન્ધ કરવાવાળામાં જે દોષ રહેલા છે તેમની નિવૃત્તિ માત્ર જ ફલ થાય છે (બ્રહ્મતારૂપ ફલ થતું નથી.)

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ''સિદ્ધાન્તરહસ્ય''ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| શ્રીગોપીજન વલ્લભાય નમઃ ||

|| નવરત્નમ્ ||

વિવૃત્તિ : ભગવદીઓની ચિંતાની નિવૃત્તિ માટે આ ગ્રંથ છે. ભગવદીય તો અનન્ય ભકત હોય છે. તથા ''અનન્ય થઈને જે મનુષ્ય મારી ભક્તિ કરે છે તથા નિત્ય સર્વ પ્રકારથી મારામાં જ ચિત્તવૃત્તિ રાખે છે તેઓને જે પદાર્થોનો ઉપયોગ હોય છે તે હું મેળવી આપું છું, તેમજ જે ઉપયુક્ત પદાર્થ મળે છે તેની રક્ષા પણ કરું છું.'' (ભગ.ગી.૯।૨૨) આમ ગીતાજીમાં અર્જુન પ્રતિ શ્રીકૃષ્ણએ આજ્ઞા કરી છે તેથી ભગવદીયને વળી શાથી ચિંતા ઉત્પન્ન થાય? એવી શંકાની નિવૃત્તિ માટે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે કે આત્મનિવેદન કરવાવાળા જ ભગવદ્‌ભજનને યોગ્ય છે. જેમણે આત્મનિવેદન કર્યુ નથી તે ભગવદ્‌ભજનને યોગ્ય નથી.

તેમાં જેણે આત્મનિવેદન કર્યું છે તેઓના આલોક તથા પરલોકના અર્થ(પદાર્થ)માં ભગવાનને જેનું અર્પણ નથી કર્યું તેવી તો કોઈજ વસ્તુ (બાકી) નથી. ત્યારે (આ સ્થિતિમાં) દેહાદિકનો નિર્વાહ નિવેદિત વસ્તુઓથી કરવો કે અનિવેદિત વસ્તુઓથી કરવો? જો તમે એમ કહો કે નિવેદિત વસ્તુઓથી જ કરવો તો તે પક્ષ યોગ્ય નથી કેમકે ભગવાનની વસ્તુ ભગવાનની ઈચ્છા વિના ગ્રહણ થઈ શકે નહિ તથા ભગવાનની ઈચ્છા (શું છે તે) જાણવામાં આવે નહિ. યથાર્થ (સાચી રીતે) વિચાર કરો તો ભગવાનની ઈચ્છા હોય તો પણ સેવકે ભગવાનની વસ્તુનો ઉપયોગ કરવો ઉચિત નથી. અને કદાચિત્ એમ કહે કે દેહ વગેરે પણ ભગવાનના થયા છે તો તેનું પોષણ ભગવાનની વસ્તુથી કરવામાં દોષ નથી. પરંતુ આવું કહેવું નહિ, કારણકે પોતાના વિચારથી તેમ કરવામાં (પોતે દાસ હોવાથી) સ્વતંત્રતારૂપ દોષ આવી જાય છે, તેમજ ભગવાનની ઈચ્છા તો જાણવામાં આવતી નથી તે બાબત તો (અગાઉ)

કહી જ છે. તેથી ભગવાનની જે વસ્તુ નિવેદિત થઈ તે (વસ્તુઓ) વડે નિર્વાહ કરવો યોગ્ય નથી. તો પછી 'જે વસ્તુ નિવેદિત નથી થઈ તેનાથી નિર્વાહ કરવો' એવું કોઈ કહે ત્યાં કહે છે કે આ પક્ષ પણ ઉચિત નથી કારણકે જે વસ્તુનું ભગવાનમાં નિવેદન જ થયું નથી અર્થાત્ જે વસ્તુ નિવેદિત જ થઈ નથી તેવી વસ્તુ ઉપયોગમાં લેવાનો પોતાનો ધર્મ નથી. જેમાં દેહાદિકનું નિવેદન થયું છે તેથી તેના નિર્વાહ માટે આપણે વિચાર પણ કરીએ તે યોગ્ય નથી; તેમજ દેહાદિકના નિવેદન કરવાના સમયે તેના નિર્વાહનો વિચાર કરીને કેટલીક વસ્તુઓ ભગવાનને નિવેદિત ન કરવી (તેને નિવેદન કર્યા વગર પોતાના માટે પૃથક્ રાખવી) આવો વિચાર કરવો તે પણ (કોઈરીતે) યોગ્ય નથી જ કારણકે (નિવેદન શા માટે છે?) સઘળામાંથી પોતાનું અભિમાન (પોતાપણું) છૂટે તે માટે તો નિવેદન છે. અને દેહાદિકના નિર્વાહનો વિચાર કરવો એવું તો પોતાના દેહાદિકમાં પોતાપણાનું અભિમાન રાખે ત્યારે થાય. આ રીતે અનિવેદિત વસ્તુઓથી દેહાદિકનો નિર્વાહ કરવા બાબતનો પક્ષ પણ (કોઈ રીતે) યોગ્ય નથી. (આમ જોતાં) જ્યારે દેહાદિકનો નિર્વાહ નિવેદિત વસ્તુઓથી અથવા અનિવેદિત વસ્તુઓથી થઈ શકે નહિ આમ દેહાદિકના નિર્વાહનું સાધન જ નહિ રહેવાથી દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંતઃકરણના નાશનો સંભવ થાય ત્યારે દેહાદિકથી ભજન કરવું તો બની શકે નહિ, ત્યારે ભજન કરવાના હેતુ માટે, તે (ભજન)ના અધિકારરૂપ નિવેદનની જ વ્યર્થતા થઈ જાય છે અને આ રીતે તો પુષ્ટિના સિદ્ધાંતરૂપ (મર્યાદારૂપ) આ ભક્તિમાર્ગ જ ઉચ્છિન્ન થઈ જાય (નાશ પામે.) નિવેદન કરે ત્યારે જ તો ભગવદ્ભજનનો અધિકાર પ્રાપ્ત થાય તથા નિવેદન કરવાથી ઉપર કહ્યા પ્રમાણે દેહાદિકનો નાશ થવાથી ભગવદ્ભજન થઈ શકે નહિ આમ ઉભય (બંને) પ્રકારથી બંધ(મૂંઝવણ) છે. એવું કોઈ કહે ત્યાં તેનો સિદ્ધાંત દૃષ્ટિએ ઉપાય આ પ્રકારે જણાવે છે.

સ્ત્રી, પુત્ર, ગૃહ, પ્રાણ આ બધું જ ભગવાનને અર્પણ કરવું

એમ પ્રબુદ્ધ યોગેશ્વરે નિમિરાજા પ્રતિ ભગવાન્ સમ્બન્ધી ધર્મના પ્રસંગમાં કહ્યું છે તથા ઓગણીસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રતિ 'મહદ્ વિમૃગ્ય' ભક્તિયોગ કહ્યો છે. તેમાં ''મારી અમૃતરૂપી કથામાં શ્રદ્ધા રાખવી'' ત્યાંથી શરૂ કરીને સાડાચાર શ્લોકમાં આત્મનિવેદીઓના ધર્મ કહ્યા છે. ત્યાં નિવેદનને અધિકારરૂપ કહેલું છે, તેથી નિવેદન તો આવશ્યક છે જ. તેથી જેવી રીતે બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યને વૈદિક ધર્મમાં અધિકાર સિદ્ધ કરવાવાળો ગાયત્રીના ઉપદેશથી થતો એવો યજ્ઞોપવિત સંસ્કાર છે તેવી રીતે ભગવદ્ભજનમાં અધિકાર સિદ્ધ કરવાવાળું આત્મનિવેદન છે. તેથી નિવેદનની સફળતાને માટે ભગવદ્ભજન સિદ્ધ કરવા માટે જેટલી વસ્તુઓનો આવશ્યક ઉપયોગ હોય તેટલી નિવેદિત વસ્તુ જ ઉપયોગમાં લેવી. જો આવો અભિપ્રાય ન હોય તો સ્ત્રીનું પાણિગ્રહણ કર્યા પછી અવશ્ય તેને નિવેદિત કરવી જોઈએ, તે જ રીતે પુત્રાદિકનું પણ નિવેદન કરવું જોઈએ. તેમ ન થાય તો ત્યારે તે આપણા ઉપયોગમાં આવે નહિ, આમ તેને ગ્રહણ કર્યાની પણ વ્યર્થતા થઈ જાય. તેથી જે વસ્તુ દાનમાં આપી છે તે વસ્તુ આપણા ઉપયોગમાં આવે નહિ. (લઈ શકાય નહિ.) પરંતુ નિવેદિત વસ્તુનો ઉપયોગ કરવામાં બાધ નથી. જો નિવેદિત વસ્તુના ઉપયોગમાં બાધ હોય તો ભગવાનને નિવેદિત કરવામાં આવેલા અન્નાદિકથી જ ભોજન કરવાનું સર્વત્ર લખ્યું છે તે તો ન થઈ શકે અને ભગવાનને નિવેદન કર્યા સિવાયની વસ્તુ લેવાનો તો સર્વત્ર નિષેધ છે જ, તેથી જે વસ્તુ ભગવાનને નિવેદિત થઈ છે તેનો ભગવદ્ભોગ માટે વિનિયોગ થયો ત્યારે ''ભગવાને (કૃપા કરીને પોતાના દાસને) આપેલો આ પ્રસાદ છે'' એમ સમજીને પોતે ઉપયોગ કરવો તે યુક્ત જ છે (તે જ યોગ્ય છે) કારણકે તેમાં જ દાસધર્મની સાર્થકતા છે. તેથી જ ઉદ્ધવજીએ શ્રીકૃષ્ણને કહ્યું છે કે ''આપનું ઉચ્છિષ્ટ લેવાવાળા અમો દાસોએ આપની માયાને જીતી છે.'' ઈત્યાદિક વાક્યો વડે ભગવાનનો પ્રસાદ આત્માને શુદ્ધ કરવાવાળો છે તે સિદ્ધ જ છે.

તેથી આ વિષયની વાસ્તવમાં ચિંતા તો હોય જ નહિ. પરંતુ નિવેદિત અર્થનો પ્રભુમાં વિનિયોગ થઈ ગયો તે પછી વિનિયોગ કરવા માટે વસ્તુ સંપાદન કરવાનો યત્ન કરવો કે નહિ? એવી ચિંતા ભગવદીયને થાય. કેમકે આમ ભગવાનના વિનિયોગમાં ઉપયુક્ત વસ્તુ સંપાદન કરવાનો પ્રયત્ન કરે ત્યારે ચિત્ત ભગવાનમાંથી નીકળી વસ્તુઓના ઉપાર્જનમાં લાગે. એ જ રીતે સર્વ ઇંદ્રિયોનો વ્યાપાર તેને જ (ઉપાર્જનને) અનુકૂળ થાય ત્યારે બહિર્મુખતા થવાનો સંભવ રહે છે જ. વળી જેટલો તેમાં યત્ન કરે તેટલો સેવામાં પ્રતિબંધ થાય. તેમ ધર્મ, અર્થ તથા કામ આ ત્રિવર્ગમાં તે ભક્તનો શ્રમ ભગવાન્ પોતે જ નિષ્ફળ કરે તેવું શ્રીભાગવતમાં જણાવ્યું છે. તેથી ભગવત્કૃત પ્રતિબંધ પણ તેમાં થાય અને જો (ઉપર મુજબ) યત્ન જ ન કરે તો ભગવાનને વિનિયોગ કરવા માટે કશું જ (પોતા પાસે) હોય નહિ ત્યારે (પણ) દુઃખ કલેશ થાય. આમ ભગવદીયને ચિંતા થાય તેની નિવૃત્તિ માટે આપ ઉપદેશ કરે છે :

ચિંતા કાઽપિ ન કાર્યા નિવેદિતાત્મભિઃ કદાપીતિ ।।
ભગવાનપિ પુષ્ટિસ્થો ન કરિષ્યતિ લૌકિકીં ચ ગતિમ્ ।।૧।।

અન્વયાર્થ : નિવેદિતાત્મભિઃ= (ભગવાનને) જેઓએ આત્મા નિવેદિત કર્યો છે તેમણે (પુષ્ટિસ્થ જીવે,) ચિંતા= ચિંતા, કા= કોઈ (લૌકિક કે ભગવત્સેવાની,) અપિ= પણ, કદા= ક્યારેય (પરીક્ષા કે પ્રારબ્ધ ભોગ પ્રભુક્ત વિલંબમાં,) અપિ= પણ, ઈતિ= આ પ્રકારે (વિલંબ થવામાં,) કાર્યા= કરવી જરૂરી, ન= નથી, ભગવાન્ અપિ પુષ્ટિસ્થઃ= ભગવાન્ પણ પુષ્ટિસ્થ (છે,) લૌકિકીં ચ ગતિમ્= લૌકિક અને (વૈદિક) રીતિ (મર્યાદામાર્ગીય વૈરાગ્યાદિની અપેક્ષા), કરિષ્યતિ= કરશે (જ) ન= નહિ.

ભાવાર્થ : જેઓએ પોતાના આત્મા વગેરે સઘળું (ભગવાનને) નિવેદન કર્યું છે તેઓએ કોઈપણ સમયે કોઈપણ બાબતની ચિંતા. કરવા જેવી નથી-કરવી જોઈએ નહિ, કારણકે તે જીવ પુષ્ટિમાર્ગમાં રહેલો છે તેથી ભગવાન્ જ તેની લૌકિક ગતિ કરશે નહિ. ૧

ટીકા : એટલે લૌકિક ચિંતા ન થાય. તો પણ ભગવાનને માટે પણ ચિંતા ન કરવી. અંગીકાર થવાથી જ ભગવાન્ પોતે જ સઘળું સિદ્ધ કરશે એવો વિશ્વાસ જીવે અવશ્ય રાખવો જોઈએ. ભગવાનનો પણ એવો નિયમ છે કે જેનો આપે અંગીકાર કર્યો તેનું પાલન અવશ્ય કરવું. તેથી કદાચિત્ પરીક્ષાને માટે અથવા પ્રારબ્ધભોગને માટે પ્રભુ વિલંબ કરે તો પણ ચિંતા કરવી નહિ. જીવ પુષ્ટિમાર્ગમાં રહ્યો છે તેથી મર્યાદામાર્ગીય વૈરાગ્ય વગેરે ન હોય તો પણ આચાર્યદ્વારા ભગવાનને નિવેદિત થયા છે તેથી ભગવાને ''આ જીવ સ્વકીય છે'' એ રીતે અંગીકાર કર્યો છે. તેથી બીજા લોકોની જેમ કુટુંબ વગેરેમાં આસક્તિ હશે તો પણ ભગવાન્ તેની લૌકિક ગતિ નહિ જ કરે ।।૧।।

આમ ચિંતા છોડવાથી સ્વચ્છંદપણાનો વ્યવહાર આવી જશે ને તેથી બહિર્મુખતા થશે, એમ કોઈ કહે ત્યાં કહે છે :

નિવેદનં તુ સ્મર્તવ્યં સર્વથા તાદૃશૈર્જનૈઃ ।।
સર્વેશ્વરશ્ચ સર્વાત્મા નિજેચ્છાતઃ કરિષ્યતિ ।।૨।।

અન્વયાર્થ : સર્વથા= સંપૂર્ણ રીતે, તાદૃશૈઃ= આત્મનિવેદનથી પ્રભુ સેવા તત્પર પરાયણ, જનૈઃ= લોકો (ભક્તો) સાથે, નિવેદનં= આત્મનિવેદન, તુ= તો, સ્મર્તવ્યં= (સર્વથા) સ્મરણ કરવું (જરૂરી છે,) સર્વેશ્વરઃ= (આત્મ નિવેદન કરનાર) સર્વના સ્વામી, ચ= અને, સર્વાત્મા= સર્વાત્મા, નિજેચ્છાતઃ= પોતાની કે સ્વકીય સેવકોની (અધિકૃત) ઈચ્છાથી; કરિષ્યતિ= (પ્રાર્થના વગર) (સઘળું) કરશે.

ભાવાર્થ : સર્વપ્રકારથી જે તાદશ થયા છે એટલે કે નિવદિતાત્મા થયા છે તેમણે નિવેદનનું સ્મરણ અવશ્ય કરવું. પ્રભુ બધાના ઈશ્વર છે અને બધાના આત્મા છે. તેથી પોતાની ઈચ્છાથી કરશે. ૨

ટીકા : સર્વથા જે તાદશ થયા છે એટલે નિવેદિતાત્મા થયા છે તેઓએ અવશ્ય નિવેદનનું સ્મરણ કરવું અથવા સર્વથા જે તાદશજન ઉચ્ચ કોટીના ભગવદીય હોય અથવા ભગવદીયજન હોય તેમનો સંગ

કરીને નિવેદનનું સ્મરણ કરવું. મૂલમાં 'સર્વદા' પદ હોય તો હંમેશાં નિવેદનનું સ્મરણ કરવું એવો અર્થ સમજવો. આ રીતે સર્વકાળ સ્મરણ ન કરે તો આસુરાવેશ થાય.

કદાચિત્ અલૌકિક અથવા લૌકિક અર્થની સિદ્ધિને માટે પ્રભુની પ્રાર્થના કરવી કે ન કરવી? એવી શંકા થાય ત્યાં કહે છે પ્રાર્થના કરવી નહિ. કેમકે જે ભગવાનને નિવેદન કર્યું છે તે સર્વના ઈશ્વર છે તથા સર્વના આત્મા છે. તે પોતાની ઈચ્છાથી (જીવના હિતમાં) કરવા યોગ્ય (સઘળું) કરશે જ અથવા જેની ઈચ્છામાં વિકાર નહિ હોય તેવા ભક્તોની ઈચ્છા પ્રમાણે પ્રભુ કરશે. ।।૨।।

હવે દેહાદિક ભગવાનને અર્પણ કર્યા છે તેનો વિનિયોગ સ્ત્રી પુત્ર વગેરેમાં થાય ત્યારે સ્વધર્મની હાની થાય એવી ચિંતા થાય ત્યાં કહે છે :

સર્વેષાં પ્રભુસંબંધો ન પ્રત્યેકમિતિ સ્થિતિઃ ।।
અતોઽન્યવિનિયોગેઽપિ ચિંતા કા સ્વસ્ય સોઽપિ ચેત્ ।।૩।।

અન્વયાર્થ : સર્વેષાં= (આત્માની સાથે નિવેદિત જડ, ચેતન) બધાંને; પ્રભુસંબંધઃ= પ્રભુનો સમ્બન્ધ (સરખો છે,) એકં= એક (મુખ્ય,) સ્વસ્ય= પોતાના, પ્રતિ= માટે, ન= નથી, પ્રત્યેકં= પ્રત્યેકને (એકને મુખ્ય વધુ; તથા બીજાને ગૌણ ઓછી,) ન= નથી, (તો) (તે સ્ત્રી વગેરેમાં સ્વવિનિયોગમાં.) ચિંતા= ચિંતા, કા= કઈ? ઈતિ= એ પ્રકારે સ્થિતિઃ= માર્ગમર્યાદા (છે,) અતઃ= આથી, અન્ય વિનિયોગે= (નિવેદિત જડચેતનના) અન્ય વિનિયોગમાં, કે સ્વવિનિયોગમાં, અપિ= પણ, ચિંતા= ચિંતા. સ્વસ્ય= પોતાને, કા= કઈ? ચેત્= જો, સ્વસ્ય= પોતાનો (પણ) (અન્ય વિનિયોગ,) સઃ= તે (અન્ય વિનિયોગ,) (થાય તો,) અપિ= પણ (પોતાને ચિંતા કઈ? કાંઈ જ નહિ.)

ભાવાર્થ : આત્મા સહિત આત્મીય સઘળા પદાર્થોને શ્રીહરિનો સંબંધ એકસરખો છે, ઓછો-વત્તો નથી. તેથી આત્મીય વસ્તુનો આપણામાં; અને આપણો આત્મીય વસ્તુઓમાં વિનિયોગ થાય તો

પણ કંઈ ચિંતા કરવાની! એટલે કે કોઈ પ્રકારની ચિંતા નથી કરવાની. ૩

ટીકા : સઘળાને પ્રભુનો સમ્બન્ધ છે. એકને મુખ્ય સમ્બન્ધ છે તથા બીજાને ગૌણ સમ્બન્ધ છે એવું નથી. આ પ્રકારની નિવેદનમાં અંગીકારની મર્યાદા છે. તેથી જે વિલક્ષણ હોય એટલે કે સર્વનો અંગીકાર સમાન થાય તથાપિ કોઈની ઉપર વિશેષ કૃપા જોવામાં આવે તો તેમાંય આપણે સંતોષ માનવો. અર્થાત્ નિવેદન કરવાના સમયે તો આપણે એક મુખ્ય રહીને, આપણી સાથે બીજા સર્વને અર્પણ કરવામાં આવે છે ત્યારે આપણી મુખ્યતા થાય છે; પરંતુ નિવેદન થયા પછી તો આપણો આત્મા, દેહ, પ્રાણ, ઈંદ્રિય, અંતઃકરણ, સ્ત્રી, પુત્ર, ધન સર્વનું સમાન નિવેદન થાય છે. તેમાં જેવી રીતે ધનાદિક અચેતન પદાર્થોનો પરસ્પર વિનિયોગ થાય છે તેમાં ચિંતા થતી નથી તેજ રીતે સ્ત્રીપુત્રાદિક ચેતનનો પરસ્પર વિનિયોગ થવામાં આપણને ચિંતા શા માટે હોય? તે જ રીતે આપણો પણ અન્ય વિનિયોગ થાય તો પણ ચિંતા શાની?

(નોંધ : જેમ વસ્ત્ર આભરણ વગેરે રાખવા માટે પેટી રાખવામાં આવે છે તેમાં પેટીનો વિનિયોગ વસ્ત્ર તથા આભરણમાં થયો તેમાં આપણને ચિંતા નથી થતી. તે જ રીતે પુત્ર તથા સ્ત્રી વગેરેનો પરસ્પર વિનિયોગ થાય તો ચિંતા ન કરવી.)

આથી એવું સિદ્ધ થાય કે આપણે સમર્પણ કર્યું ત્યારે આપણી સાથે જ સ્ત્રીપુત્રાદિકનું પણ સમર્પણ થઈ ગયું એટલે તેમનામાં આપણો સમ્બન્ધ હતો તેનું સમર્પણ થયું છે તથા સ્ત્રીપુત્રાદિકોની જે સ્વતંત્ર સત્તા છે તેનું સમર્પણ કરવાને માટે તેઓનું ભિન્ન ભિન્ન સમર્પણ કરવું જોઈએ. ત્યારે ‘‘સિદ્ધાંતરહસ્ય’’માં કહ્યા પ્રમાણે પોતપોતાના પાંચ દોષની નિવૃત્તિ થાય તથા દ્રવ્યાદિક જડ પદાર્થમાં પોતાની સ્વતંત્ર સત્તા રહે છે. તેથી પોતાના સમર્પણની સાથે જ તેનું સમર્પણ થઈ ગયું છે તથા તે નિર્દુષ્ટ પણ થઈ ગયા એમ જાણવું. ।।૩।।

જેવી રીતે પુત્રાદિકોમાં અન્ય વિનિયોગની ચિંતા કરવી નહિ તે જ રીતે પોતાનો અન્ય વિનિયોગ થાય તો પણ ચિંતા ન કરવી તે

વિષયમાં કહે છે :

અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ ।।
યૈઃ કૃષ્ણસાત્ કૃતપ્રાણૈસ્તેષાં કા પરિદેવના ।।૪।।

અન્વયાર્થ : અજ્ઞાનાત્= (ભગવાન્ સર્વરૂપ ફલરૂપ નિરૂપધિભક્તિલભ્ય હોવાના) અજ્ઞાનથી, અથવા= અથવા, જ્ઞાનાત્= તેવા જ્ઞાનથી, યૈઃ= જેમણે, આત્મનિવેદનં= આત્મનિવેદન, કૃત= કરેલું છે, તેષાં= તેમને (પણ ચિંતા કરવાની નથી, તો,) કૃષ્ણસાત્ કૃતપ્રાણૈઃ= કૃષ્ણને વશ જેમણે પોતાના પ્રાણો કર્યા છે તેવા ભક્તોએ, કા= કઈ, પરિદેવના= ચિંતા (કરવાની હોય કાંઈ જ નહિ.)

ભાવાર્થ : જે ભક્તોએ જ્ઞાનથી અથવા અજ્ઞાનથી પણ એક વખત જ્યારે આત્મનિવેદન કરી દીધું છે પછી તેને ચિંતા કરવાની રહી જતી નથી તો પછી જેમણે શ્રીહરિને અધિન પોતાના પ્રાણ કરી દીધા છે એવા ભક્તોને કઈ ચિંતા કરવાની રહી જાય છે! એટલે કે એમણે કોઈપણ પ્રકારની ચિંતા કરવી નહીં. ૪

ટીકા : ભગવાન્ સર્વરૂપ છે તથા માર્ગના પ્રવર્તક પ્રગટ કરનાર તથા ઉપેશક-ગુરુ નિરવધિ સચ્ચિદાનંદ સ્વરૂપ છે તથા ભગવાનને સઘળું નિવેદન કરવું તે પરમ ફલરૂપ છે ઈત્યાદિક જ્ઞાન જેઓને નથી એવા હીનઅધિકારી છે અને એવું જ્ઞાન જેઓને હોય છે તે મધ્યમઅધિકારી છે. એવા પણ નિવેદિતાત્મા હોય તો તેઓએ પણ ચિંતા કરવા જેવી નથી. તો પછી જેઓએ કેવળ પ્રભુને જ પ્રાણ આધીન કર્યા છે એવા જે ઉત્તમાધિકારી છે તેઓને તો ચિંતાનો પ્રશ્ન જ ક્યાં છે! ।।૪।।

શ્રવણાદિક નવધા ભક્તિમાંથી શ્રવણ, કીર્તન તથા સ્મરણ એ જીવને આધીન છે. તથા પાદસેવનના બે ભેદ છે. તેમાં એક તો પોતાના પગે ચાલીને (ઘરમાંના) ભગવન્ મંદિરમાં જવું તે જીવને આધીન છે તથા બીજું એ કે ભગવાનના ચરણારવિંદનું સેવન કરવું તે પ્રભુને આધીન છે. તે જ રીતે અર્ચન, વંદન તથા દાસ્ય (ભક્તિ) છે તે પણ

સેવ્યસ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટ્ય ન હોય તો પણ બની શકે છે; પરંતુ સખ્ય તથા આત્મનિવેદન તો સેવ્ય સ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટ્ય હોય તેમજ પ્રભુ સ્વીકાર કરે ત્યારે જ થઈ શકે. જ્યારે હાલમાં સાનુભાવપણું તો છે નહિ અને આપણે આત્મનિવેદન તો કર્યું છે તો પણ પ્રભુએ અંગીકાર કર્યો છે કે નથી કર્યો? એવી ચિંતા થઈ શકે એવું જો કોઈ કહે ત્યાં કહે છે :

તથા નિવેદને ચિંતા ત્યાજ્યા શ્રીપુરુષોત્તમે ।।
વિનિયોગેऽપિ સા ત્યાજ્યા સમર્થો હિ હરિઃ સ્વતઃ ।।૫।।

અન્વયાર્થ : તથા=(જેમ અન્ય વિનિયોગમાં ચિંતા નથી) તેમ, નિવેદને= નિવેદનમાં, ચિંતા= (ભગવાને અંગીકાર કર્યો છે કે નહિ? તેવી) ચિંતા, ત્યાજ્યા= છોડવી (જરૂરી છે,) શ્રીપુરુષોત્તમે= (વ્રજભક્તો સહિતના ભગવાન્) શ્રીપુરુષોત્તમ પર, ત્યાજ્યા= (તેવી ચિંતા) છોડવી, વિનિયોગે= (જીવ સ્વભાવથી થતા અન્ય વિનિયોગમાં, અપિ= પણ, સા= ચિંતા, ત્યાજ્યા= છોડવી, હિ= કારણકે, હરિઃ= હરિ, સ્વતઃ= પોતે, સમર્થઃ= (સર્વ) સમર્થ (છે.)

ભાવાર્થ : ''મારૂં નિવેદન શ્રીહરિએ સ્વીકાર્યું કે નહીં'' આવી શ્રીપુરુષોત્તમસંબંધ વિષય ચિંતાનો પણ પરિત્યાગ કરવો અને કદાચિત્ અન્ય કાર્યોવગેરેમાં નિનિયોગ થઈ જાય તો પણ ચિંતાનો ત્યાગ કરવો. કેમકે શ્રીહરિ સ્વયં સમર્થ છે. ૫

ટીકા : શ્રીયુક્ત પુરુષોત્તમમાં નિવેદન વિષયની ચિંતા છોડવી. જેવી રીતે સર્વ ગોપ ઈંદ્રનો યજ્ઞ કરતા હતા તેઓને નિવૃત્ત કરીને (તે છોડાવીને) પોતાને આધીન કર્યા. તે રીતે પોતાના સર્વાત્મા કરીને પ્રભુમાં સઘળું નિવેદન કર્યું છે ત્યારે ચિંતા કરવી યોગ્ય નથી. તેમાં પણ શ્રીયુક્ત પુરુષોત્તમ છે તે પોતાના સ્વરૂપાનંદનું દાન કરીને ભક્તોનું પોષણ કરે છે. તેમાં નિવેદન કર્યું તેનો પ્રભુએ અંગીકાર કર્યો છે કે નથી કર્યો તેવી ચિંતા પણ છોડવી. કદાચિત્ કાલભયાદિક આવી જાય ત્યારે તેનું નિવારણ

કરવા માટે જીવના સ્વભાવથી (કદાચ) અન્યવિનિયોગ થાય તો પણ ચિંતા છોડવી એમ કહે છે. જો પ્રમાદથી એમ અન્યવિનિયોગ થઈ જાય તોપણ પ્રભુ છોડશે નહિ કેમકે જીવ સ્વભાવવશ એવો થયો તો પણ તેનો ઉધ્ધાર કરવામાં તેના સાધનની અપેક્ષા રાખતા નથી. આપ સ્વતઃ જ સમર્થ છે. તથા સર્વના દુઃખ તથા પાપના હરવાવાળા છે. ।।૫।।

ભગવાને અંગીકાર કર્યો હોય તેમાં બીજું લક્ષણ કહે છે :

લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ ।।
પુષ્ટિમાર્ગસ્થિતો યસ્માત્સાક્ષિણો ભવતાઽખિલાઃ ।।૬।।

અન્વયાર્થ : લોકે= લૌકિક (વ્યાપારાદિ)માં, તથા= અને, વેદે= વૈદિક (વર્ણાશ્રમાદિ ધર્મ)માં, પુષ્ટિમાર્ગસ્થિતઃ= (જીવ પણ પુષ્ટિસ્થ હોવાથી) પુષ્ટિમાર્ગમાં રહેલા, (પ્રમેય બળથી સર્વકાર્ય કરનારા) હરિઃ= (ભક્ત દુઃખાદિને હરનારા) હરિ, સ્વાસ્થ્યં= સ્થિરતા (સ્વસ્થતા,) તુ= તો, કરિષ્યતિ= કરશે, ન= નહિ, યસ્માત્= જેથી, અખિલા= બધા (પુષ્ટિમાર્ગીયો,) સાક્ષિણઃ= સાક્ષિરૂપ, ભવત= થાવ (ભગવાને કરેલું બધું સાક્ષિવત્ જુઓ.)

ભાવાર્થ : કેમકે જીવ અને પ્રભુ અનુગ્રહમાર્ગમાં સ્થિત (રહેલા) છે તેથી શ્રીહરિ લોક અને વેદમાં આસક્તિ નહીં કરાવે. તેથી લોક-વેદ સંબંધી કાર્ય સાક્ષિમાત્ર રહીને (આસક્તિરહિત) કરવા. ૬

ટીકા : લૌકિક વ્યાપાર વગેરેમાં તથા વૈદિક આશ્રમ ધર્માદિકની બાબતમાં ભક્તોના દુઃખહર્તા-હરિ સ્વસ્થતા કરશે નહિ અર્થાત્ કાયા વાણી તથા મનથી લૌકિક તથા વૈદિકમાં સારી રીતથી સ્થિતિ થાય તેમાં વિઘ્ન થાય, એટલે લૌકિક તથા વૈદિક કાર્ય પણ યથાર્થ ન થાય ત્યાં તેનું ફલ તો ક્યાંથી થાય? કેમકે પ્રભુ આપ તો હરિ છે. તે પોતાના પ્રમેય બલથી જ સઘળું સિધ્ધ કરવાવાળા છે. તેથી જેનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો ત્યારે મર્યાદાને (તેના મર્યાદાના પ્રકારને) સહન કરતા નથી. આમ લૌકિક તથા વૈદિકમાં વિઘ્ન થાય ત્યારે શું કરવું? એવી શંકા થાય ત્યાં કહે

છે કે સર્વ ભક્ત સાક્ષીવત્ થઈ જાઓ, એટલે લૌકિક તથા વૈદિકમાં ભગવાન્ શું કરે છે તે જ જોવું. અર્થાત્ સાતમા સ્કંધમાં ભગવદીય ગૃહસ્થના લક્ષણમાં લખ્યું છે કે ''જ્ઞાતિના મનુષ્ય, માતા, પિતા, પુત્ર તથા બીજા સમ્બન્ધી જેમ કહે તથા જેવી ઈચ્છા કરે તેમાં મમતા છોડીને અનુમોદન જ કરવું'' આ વાક્ય અનુસાર રહેવું. આમ રહે તે પણ ભગવાનના અંગીકારનું લક્ષણ છે. ॥૬॥

લૌકિક વૈદિકમાં વિઘ્ન થાય તો પણ સાક્ષીવત્ ભગવાનની કૃતિ જોવી, એવો ઉપદેશ કર્યો તેમ કરીને આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક એમ ત્રણે પ્રકારનું ધૈર્ય જ સાધનરૂપ કહ્યું એ પ્રમાણે સિદ્ધ થાય છે. ત્યારે જો એટલું જ કર્તવ્ય હોય ત્યારે યથાર્થ સેવા બની શકે નહિ ત્યારે નિવેદનની વ્યર્થતા થાય તે પણ ધર્મની હાનિ છે એવી ચિંતા થાય તેની નિવૃત્તિનો ઉપાય કહે છે :

સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા ॥
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખમ્ ॥૭॥

અન્વયાર્થ : ગુરોઃ= ગુરુની, આજ્ઞા= આજ્ઞા (નો બાધ જેમ ન થાય તે) પ્રમાણે, સેવાકૃતિઃ= સેવા કરવી, વા= અથવા, હરીચ્છયા= હરિની ઈચ્છા પ્રમાણે, બાધનં= (ભગવત્સુખ માટે) બાધ (કરવો,) અતઃ= (ગુરુની આજ્ઞાના બાધન કે અબાધનમાં સેવા જ મુખ્ય છે,) આથી, ચિત્તં= ચિત્તને, સેવાપરં= સેવા પરાયણ, વિધાય= કરીને, સુખં= સુખથી, સ્થીયતામ્= રહો.

ભાવાર્થ : ગુરુની આજ્ઞાનુસાર સેવા કરવી. પરંતુ પ્રભુ કયારેક પોતાની વિશેષ ઈચ્છા ભકતને જતાવે તો પ્રભુની ઈચ્છા પ્રમાણે જ કરવું. આ સ્થિતિમાં ગુરુની આજ્ઞાનો બાધ થવામાં અથવા અબાધમાં પ્રભુસેવામાં જ ચિત્તને તત્પર રાખીને સુખેથી રહેવું. ૭

ટીકા : ''જેવી ઉત્તમ ભક્તિ દેવમાં હોય છે તેવી ભક્તિ ગુરુમાં રાખવી'' એમ શ્વેતાશ્વતર શ્રુતિમાં લખ્યું છે. તેથી ગુરુની આજ્ઞા પ્રમાણે

સેવા કરવી તે તેમજ લૌકિક વૈદિક સઘળી બાબતમાં સાક્ષીવત્ રહેવું તે આત્મનિવેદીનો ધર્મ છે, તે પણ જેવી રીતે સાક્ષીવત્ રહેવામાં સેવા સિદ્ધ રહે તે પ્રકારે સાક્ષીવત્ રહેવું, પરંતુ જેમાં સેવાની વિરુદ્ધતા બની જતી હોય તેવી રીતે સાક્ષીવત્ ના રહેવું. તેમાંય ગુરુની ઈચ્છાથી વિરુદ્ધ પ્રભુની ઈચ્છા સેવામાં થાય તો ગુરુની ઈચ્છાનો બાધ થાય.

એટલે જે પ્રમાણે સેવા કરવાની ગુરુની આજ્ઞા છે તે જ પ્રમાણે સેવા કરવી તથા સેવામાં સામગ્રી વગેરે વિષયમાં અંતઃકરણદ્વારા, સ્વપ્નદ્વારા અથવા સાક્ષાત્ ભગવાનની વિશેષ આજ્ઞા થાય ત્યારે ગુરુ આજ્ઞાનો બાધ થઈ શકે; પણ પ્રભુની આજ્ઞાનો બાધ ન થાય. તેથી પ્રભુની આજ્ઞા પ્રમાણે કરવાથી સ્વધર્મની હાનિ થાય નહિ. અર્થાત્ ગુરુની આજ્ઞા સિદ્ધ રહે તેવી રીતે અથવા પ્રભુની ઈચ્છાથી ગુરુની આજ્ઞાનો બાધ થાય તે પ્રકારે સેવા જ કરવી કેમકે આત્મનિવેદી માટે સેવા જ મુખ્ય છે. તેથી ચિત્તને સેવા પરાયણ રાખીને (સેવા પરાયણ ચિત્ત કરીને જ) રહેવું જેથી અંતે તેને સુખ જ થાય. ।।૭।।

લૌકિક, વૈદિકમાં અલ્પ દુઃખ થાય ત્યારે તો એ પ્રકારે સાક્ષીવત્ રહી શકાય. પરંતુ મહાદુઃખ પ્રાપ્ત થાય ત્યારે સાક્ષીવત્ રહેવું શક્ય ન થાય. ત્યારે તો ચિંતા થાય એવી કોઈ શંકા કરે ત્યાં કહે છે :

ચિત્તોદ્વેગં વિધાયાપિ હરિર્યદ્યત્કરિષ્યતિ ।।
તથૈવ તસ્ય લીલેતિ મત્વા ચિંતાં દ્રુતં ત્યજેત્ ।।૮।।

અન્વયાર્થ : ચિત્તોદ્વેગં= (પ્રભાસ લીલાની જેમ) ચિત્તમાં ઉદ્વેગ, વિધાય= કરાવીને, અપિ= પણ, હરિઃ= હરિ, યદ્યત્= જે જે, કરિષ્યતિ= (સાક્ષાત્ કે કોઈ દ્વારા) કરશે, (તે કાર્ય,) તસ્ય= તે (અમારા સ્વામી)ની, તથા= તેવી, એવ= જ, લીલા= લીલા (છે,) ઈતિ= એ પ્રકારે, મત્વા= વિચારીને, ચિંતાં= ચિંતા, દ્રુતં= તરત, ત્યજેત્= છોડી દેવી.

ભાવાર્થ : ભગવાન્ ચિત્તમાં ઉદ્વેગ કરાવીને પણ જે-જે કરશે તે

પણ હરિની લીલા છે એમ માનીને ચિંતાને શિઘ્ર (તુરતજ) છોડવી. ૮

ટીકા : જેવી રીતે પ્રભાસીયલીલામાં યાદવોને શાપ થયો તો ભગવાને લોકમર્યાદાના રક્ષણને માટે માયિક દુઃખ આપ્યું છે, કેમ? કે અગાઉ યાદવોને નિત્યસુખ પણ આપ્યું છે તેવી રીતે ભક્તોને પ્રારબ્ધાદિરૂપ પાપ હરવા માટે, હરિ= ભગવાન્ જે જે કરે તે માત્ર ઉપરથી (બાહ્ય રીતે) શુભ અથવા અશુભ દેખાતું હોય તેમાં ચિત્તને ઉદ્વેગ થાય તો તે ઉદ્વેગ કરીને હરિ જે જે કરશે તે આપણા મહત્પાપ-અપરાધ હશે તેનો નાશ કરવા માટે જ હરિની આવી લીલા છે એમ માનીને ઉદ્વેગ ઉત્પન્ન કરવાવાળી અથવા ઉદ્વેગથી ઉત્પન્ન થયેલી એવી ચિંતાને શીઘ્ર જ છોડી દેવી. કેમકે લાંબો સમય ચિંતા રહેવાથી કાલ કર્મ તથા સ્વભાવની પ્રબળતાથી આસુરધર્મ થઈ જાય, તો ફળમાં પ્રતિબંધ તથા વિલંબ થાય તેથી ચિંતાને શીઘ્ર જ વિના વિલંબ છોડી દેવી. ।।૮।।

આ નવરત્ન ગ્રંથમાં જેટલું લખ્યું છે તે સઘળું તો થઈ શકે નહિ એવું લાગે છે કેમ કે નવધાભક્તિમાં પ્રથમ એવી જે શ્રવણ ભક્તિનો આરંભ કરીને સખ્યભક્તિપર્યંત પહોંચે ત્યારે જઈને અંતમાં આત્મનિવેદનની વાર્તા (વાત) આવે. ત્યાં નવધાભક્તિની શ્રવણાદિ પ્રત્યેક ભક્તિની સિદ્ધિ થવી જ્યારે દુષ્કર છે ત્યારે નિવેદનની દિશા તો મળવી અત્યંત દૂર રહી, તેથી નિવેદન વિષયની ચિંતાનું તથા અન્યવિનિયોગ વિષયક ચિંતાનું સમાધાન કર્યું તે અત્યંત વ્યર્થ થઈ જાય. એવો વિચાર કરીને સાધન તથા ફલને એક કરીને સર્વનું સમાધાન કહે છે

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ।।૯।।

અન્વયાર્થ : તસ્માત્= (શ્રવણાદિ ભક્તિ-આત્મનિવેદન વગેરે અશક્ય લાગે છે) તેથી, સર્વાત્મના= સર્વપ્રકારે, નિત્યં= નિત્ય નિરંતર, શ્રીકૃષ્ણઃ= વ્રજભક્તો સહિત ભગવાન્ શ્રીકૃષ્ણ, મમ= મારું, શરણં= શરણ (આશ્રય) (છે,) એવં= આ પ્રકારે (આત્મનિવેદન કરનાર ભક્ત)

સતતં= સતત, વદદ્ભિઃ= બોલતાં, સ્થેયં= રહેવું (જરૂરી છે,) ઈતિ= આ પ્રકારે, એવ= જ, મે= મારી (શ્રીમહાપ્રભુજીની), મતિઃ= સમજ (છે.)

ભાવાર્થ : અહીં સુધી ઉપર કહ્યું એવી રીતે પોતાનાથી સર્વ થવું તે જીવ માટે અશક્ય છે, તેથી સર્વાત્મના= સંપૂર્ણ રીતે ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' એમ નિત્ય= સર્વકાળ સ્મરણ કરતાં જ રહેવું= બોલતા જ રહેવું એવી મારી મતિ છે.

ટીકા : આથી ભક્તિમાર્ગમાં પ્રવેશ થયો તથા ભક્તિમાર્ગમાં રુચિ થઈ તેમાં ભગવાનનો અનુગ્રહ જ કારણ છે. આમ ભક્તિમાં પ્રવેશ થયા પછી પણ સેવામાં પ્રતિબંધનો સંભવ થાય. ત્યારે પ્રારબ્ધ તથા કાલાદિકથી જ થાય, તેની નિવૃત્તિ તો સર્વના નિયામક એવા પ્રભુથી જ થાય; તેમાં શરણાગતિ જ સાધન છે. જીવ પ્રભુને શરણે ગયો હોય અને સઘળું કરવામાં પ્રભુ તેની અસમર્થતા જુએ ત્યારે પ્રભુ જ સર્વ સિદ્ધ કરે છે. (સર્વ પ્રકારે) તેથી સર્વાત્મા કરીને શરણાગતિ થશે તો પ્રભુ જ સઘળું સિદ્ધ કરશે તેવો ગૂઢ અભિપ્રાય છે. ત્યારે જો સંપૂર્ણ પ્રકારે શરણાગતિથી જ બધું થતું હોય કે થાય તો શરૂઆતથી જ શરણાગતિનો ઉપદેશ કેમ ના કર્યો? એવી શંકાની નિવૃત્તિ માટે સર્વ પ્રકારે શરણમંત્ર બોલ્યા કરવો એવું કહ્યું છે. એટલે ભક્તિમાર્ગ સમ્બન્ધી જેટલી બાબત છે તેટલી બાબતનો વિચાર કરીને તેમાં પ્રતિબંધ તથા પોતાની અસમર્થતા જ્યારે જૂએ ત્યારે સર્વપ્રકારે શરણાગતિ થાય, નિરંતર કહ્યા કરવું તેમ બતાવવા માટે મૂલમાં 'નિત્ય' પદ કહ્યું છે. અંતઃકરણમાં તેવો ભાવ થાય અથવા ન થાય તો પણ તે પ્રકારે બોલવું આવશ્યક છે એમ બતાવવા માટે 'સતત બોલવું' એમ કહ્યું છે. આ રીતે કહ્યા કરે તેમાં લોકને શિક્ષા (બોધ) પણ થઈ જાય છે. અથવા આ અષ્ટાક્ષર મંત્ર હંમેશાં બોલ્યા કરવો તથા સેવાપરાયણ થઈને રહેવું તેવો પણ અર્થ થાય છે.

તે પણ આપણાથી થઈ શકે તેવું નથી એવી શંકા થાય ત્યાં કહે છે કે ''એવી મારી મતિ છે.'' દશમસ્કંધમાં અક્રૂરજીએ શ્રીકૃષ્ણને કહ્યું છે ''આપના ચરણાવિંદના શરણમાં આવ્યો છું તે આપનો અનુગ્રહ છે તેવું માનું

છું'' એવું વાક્ય છે. તેથી ભગવાનનો અનુગ્રહ થાય ત્યારે જ જીવ ભગવાનને શરણે પણ જાય. આમ જે ભક્ત ભગવાનને શરણે ગયા છે તેઓની ઉપર ભગવાનનો અનુગ્રહ છે એમ સમજીને અમે જે કહ્યું છે તે પ્રકારે તે પ્રમાણે કરવું એવું દર્શાવ્યું છે. ।।૯।।

।। ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત ''નવરત્ન''ગ્રન્થની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

॥ અંતઃકરણપ્રબોધ ॥

(શ્રીપુરુષોત્તમજી આ ગ્રંથની વિવૃત્તિમાં આજ્ઞા કરે છે કે) શ્રીઆચાર્યજીમહાપ્રભુએ સેવાનો ઉપદેશ કહ્યો. તેના નિર્દોષપણાને માટે સિદ્ધાંતરહસ્ય ગ્રંથ કહ્યો. તેમાં બ્રહ્મસમ્બન્ધ વડે સેવા કરવાવાળાના દોષો નિર્મૂલ થઈ જાય છે. તથા આગળ ઉપર પણ દોષનો સંસર્ગ લાગતો નથી તેવી ભગવાનની આજ્ઞા થઈ તેનું નિરૂપણ કરીને, સેવાનું આધિદૈવિકપણું સિદ્ધ થાય તે માટે નવરત્નગ્રંથમાં ચિંતાની નિવૃત્તિનો ઉપાય કહ્યો તેના દ્વારા ઉદ્વેગરૂપ પ્રતિબંધના પ્રકારનું નિરૂપણ કર્યું. તે ગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે સેવા કરે ત્યારે ભગવાનનો સાનુભાવ અવશ્ય થવો જોઈએ અને તે થવા છતાં પ્રારબ્ધાદિકને વશ પ્રથમના દોષ રહ્યા હોય ત્યારે નાના પાત્રમાં મહાન્ કૃપાનો સમાવેશ થાય નહિ ત્યારે તેને પોતાની મોટાઈ મહત્તાની સ્ફૂર્તિ થાય, ત્યારે ભગવાનની આજ્ઞાનો પણ ભંગ થવાનોય સંભવ રહે છે. એટલે જ્યારે આજ્ઞાભંગ કરે ત્યારે ભગવાનની અપ્રસન્નતા થાય. પરંતુ ભગવદ્ધર્મરૂપ સેવા હંમેશાં જેઓ કરે છે તેનો નાશ થતો નથી, તો પણ ભગવાનનો અપરાધ થયો હોય તેથી પશ્ચાત્તાપ થાય ત્યારે ચિંતા થવાનો સંભવ રહે છે. ત્યારે જે સેવા કરે છે તથા કરશે તેનું આધિદૈવિકપણું નહિ થાય, (આથી) તે દોષની નિવૃત્તિને માટે આ ગ્રંથમાં વિચારરૂપ સાધનનો ઉપદેશ કરવા માટે, તેમાં વિશ્વાસ ઉપજવા માટે વચમાં પોતાની આખ્યાયિકા કહીને, મનની દુષ્ટવૃત્તિ ઉત્પન્ન ન થાય ત્યારે તેવી ચિંતા ન થાય એ રીતે નિશ્ચય કરીને પોતાના અંતઃકરણને બોધ કરવાના નિમિત્તે (બહાને) પોતાનું વચન શ્રવણ કરવા માટે પોતાના ભક્તોના અંતઃકરણને સાવધાન કરીને કહે છે.

(શ્રીગોકુલનાથજીએ શ્રીઆચાર્યજીની આખ્યાયિકા આ ગ્રંથની

વિવૃત્તિના ઉપોદ્‌ઘાતમાં આ પ્રમાણે લખી છે) તેમાં શ્રીઠાકોરજીએ પોતાની વાણીના અધિપતિરૂપ શ્રીઆચાર્યજી મહાપ્રભુજીનું પ્રાકટ્ય કરીને, શ્રીભાગવતનો યથાર્થ અર્થ પ્રકટ કરવાની આજ્ઞા કરીને શ્રીઆચાર્યજી દ્વારા શ્રીસુબોધિનીજી (શ્રીમદ્ ભાગવત પરની ટીકા) કરાવી, તેમાં ત્રીજા સ્કંધ સુધી શ્રીસુબોધિની થયા ત્યારે, ભગવાન્ શ્રીઆચાર્યજીના વિપ્રયોગને સહન ન કરી શકતાં પોતાની પાસે પધારવાની આજ્ઞા કરી. ત્યારે શ્રીમહાપ્રભુજીએ સ્કંધનો ક્રમ છોડીને (સીધા જ) દશમસ્કંધના શ્રીસુબોધિનીજી કર્યા. એટલામાં પુનઃ પોતાની સમીપ પધારવાની ભગવાનની બીજી આજ્ઞા થઈ, ત્યારે સંપૂર્ણ શ્રીભાગવતજી ઉપર શ્રીસુબોધિનીજી થયા ન હતાં તેથી બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. પરંતુ ભગવાનને શ્રીઆચાર્યજીના મિલનની આવશ્યકતા હોવાથી અતિ કૃપાયુક્ત રોષપૂર્વક પોતાની પાસે પધારવાની ત્રીજી વખત આજ્ઞા કરી ત્યારે શ્રીઆચાર્યજી શ્રીમહાપ્રભુજી ભગવાનનો આગ્રહ જાણીને પ્રથમ બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું. શ્રીભાગવતની ટીકા કરવાની પ્રથમ આજ્ઞા થયેલી હતી તેની દઢતા અંતઃકરણમાં હતી તેથી બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન કરેલું. પછી જ્યારે ત્રીજી આજ્ઞા થવાથી ભગવાનનો (અતિ) આગ્રહ જાણીને એવી દઢતાનું સ્થાન અંતઃકરણ જ છે એવું દેખાડવાને માટે અંતઃકરણને પ્રબોધ કરે છે સમજાવે છે.

અંતઃકરણ! મદ્વાક્યં સાવધાનતયા શૃણુ ।।
કૃષ્ણાત્પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ।।૧।।

અન્વયાર્થ : અંતઃકરણ મદ્‌વાક્યં= હે અંતઃકરણ ! મારું (આ ગ્રંથરૂપ) વાક્ય સાવધાનતયા શ્રૃણુ= (તું) સાવધાનપણે સાંભળ ! વસ્તુતઃ= વાસ્તવિક રીતે, દોષવર્જિતં= દોષોથી રહિત, દૈવં= (વ્રજ) દેવીઓના યૂથ, કૃષ્ણાત્= કૃષ્ણથી, પરં= જુદા કે શ્રેષ્ઠ, ન= નથી (વિચારય= તેમનું વિચાર કર.)

ભાવાર્થ : હે અંતઃકરણ! મારા વકયને તું સાવધાન થઈને સાંભળ. કૃષ્ણથી બીજા કોઈ વાસ્તવમાં દોષરહિત દેવતા નથી. ૧

ટીકા : હે અંતઃકરણ! સાવધાનતાથી મારા વચનોને શ્રવણ કર. અત્રે સામાન્યતયા અંતઃકરણ લખ્યું છે. તેથી પોતાનું તેમજ બીજાનું અંતઃકરણ સમજવામાં આવે છે. તો પણ સમાપ્તિમાં કહ્યું છે કે આ સાંભળીને ‘ભક્ત નિશ્ચિતપણાને પ્રાપ્ત થાય’ તેથી ભક્તોના અંતઃકરણને બોધ કરાવવા માટે જ પોતાના અંતઃકરણને નિમિત્ત બનાવીને આ વચનો કહે છે.

આમ (ભક્તોના) અંતઃકરણને સાવધાન કરીને, વ્રજભક્તોના દૃષ્ટાંતથી પોતાના વૈષ્ણવ, ભગવાનની આજ્ઞામાં (અગર) પ્રમાદયુક્ત હોય તો તે તેવા (પ્રમાદયુક્ત) ના રહે તે માટે પ્રથમ ભગવાનની સર્વથી ઉત્તમતાની ભાવના કરવાનું કહે છે, કે લોક તથા વેદમાં બતાવેલા દોષોથી સર્વથારહિત અને જેઓને રાસક્રીડા જેવું ઉત્કૃષ્ટતમ ફળ મળ્યું હતું એવા વ્રજભક્તોનો સમૂહ શ્રીકૃષ્ણથી ભિન્ન નથી તેથી તેઓનું દૃષ્ટાંત લઈને ભગવાનની આજ્ઞામાં પ્રમાદ રાખવો નહિ (તેવો બોધ આપે છે.) (અર્થાત્ પ્રભુના વેણુનાદને સાંભળીને વ્રજભક્ત જ્યારે વનમાં પ્રભુની નિકટ પધાર્યા ત્યારે પ્રભુએ તેમને પાછા પોતાના ઘરે જવાની આજ્ઞા કરી. પરંતુ વ્રજભક્તોએ તે આજ્ઞાનું પાલન ન કર્યું. આ પ્રસંગથી આધુનિક ભક્ત પણ કયારેક પણ ભગવદાજ્ઞા કે પછી ભગવદાજ્ઞા તુલ્ય શ્રીઆચાર્યજીની આજ્ઞાને અનુસરવામાં પ્રમાદ કરે તો તેનું અનિષ્ટ થાય) (અર્થાત્ પ્રભુના વેણુનાદને સાંભળીને વ્રજભક્ત જ્યારે વનમાં પ્રભુની નિકટ પધાર્યા ત્યારે પ્રભુએ તેમને પાછા પોતાના ઘરે જવાની આજ્ઞા કરી. પરંતુ વ્રજભક્તોએ તે આજ્ઞાનું પાલન ન કર્યું. આ પ્રસંગથી આધુનિક ભક્ત પણ ક્યારેક પણ ભગવદાજ્ઞા કે પછી ભગવદાજ્ઞાતુલ્ય શ્રીઆચાર્યજીની આજ્ઞાને અનુસરવામાં પ્રમાદ કરે તો તેનું અનિષ્ટ થાય).

જો કે ભગવાનની સેવામાં સર્વ ઈંદ્રિયોને બોધ કરવો યોગ્ય છે તો પણ જેમ રાજા સ્વાધીન થવાથી રાજ્યના મનુષ્ય તથા પ્રજા (પણ) (આપોઆપ) સ્વાધીન થઈ જાય તે રીતે મન છે તે સર્વ ઈંદ્રિયોનો રાજા છે. તેથી મન વશમાં આવવાથી સઘળી ઈંદ્રિયો વશમાં થઈ જાય એવું

જણાવવા માટે અંતઃકરણને જ બોધ કર્યો છે ।।૧।।

આ રીતે પોતાના અંતઃકરણમાં પોતાની (ભાવની) મોટાઈ આવી જાય અર્થાત્ અહંભાવ આવી જાય તેની નિવૃત્તિ કરીને જીવને દૈન્યની સિદ્ધિ થવા માટે, જીવ સ્વભાવથી હીન છે એમ જણાવવાને દૃષ્ટાંત કહે છે :

ચાંડાલી ચેદ્રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।।
કદાચિદપમાનેઽપિ મૂલતઃ કા ક્ષતિર્ભવેત્ ।।૨।।

અન્વયાર્થ : ચાંડાલી ચેત્ રાજપત્ની= ચાંડાલી જો રાજરાણી (જેવી,) ચ= અને, રાજ્ઞા= રાજા વડે, માનિતા= સંમાનિતા, જાતા= થઈ, કદાચિત્= ક્યારેક, અપમાને= અપમાનમાં, અપિ= (કે અપમાનમાં) પણ, મૂલતઃ કા ક્ષતિઃ ભવેત્= મૂલમાંથી (ચાંડાલીપણામાંથી કે રાજપત્નીપણામાંથી) કઈ હાનિ થાય? (તેમ તું વિચાર કર.)

ભાવાર્થ : ચાંડાલી જો રાજાની રાણી હોય; અને રાજાએ બીજી રાણીઓ કરતાં તેને અધિક પણ માની હોય, અને પછી કોઇ વખતે તેના જ અપરાધના કારણે રાજાદ્વારા અપમાન થાય તો રાજપત્નીપણામાં કઇ હાનિ થઇ? એટલે કોઇ જ નહીં. તેવી જ રીતે હે અન્તઃકરણ! ફળ આપવામાં કદાચિત્ પ્રભુ વિલંબ પણ કરે છતાં પણ અંગીકારમાં કોઇ પ્રકારની હાનિ નથી, તેથી ચિંતા ન કરવી. ૨

ટીકા : મૂળમાં ચાંડાલી હોય પરંતુ કંઈક ગુણને કારણકે કદાચિત્ રાજાની પત્ની થઈ તથા બીજી પત્નીના કરતાં તેને વિશેષ માનયુક્ત કરી. ફરી તેનો કશોક અપરાધ થવાથી રાજાએ તેનું અપમાન કર્યું તેમાં માનપાત્ર થવાના કારણરૂપ રાજપત્નીપણાથી શું ક્ષતિ હાનિ થાય છે? એટલે રાજાવિના તેને બીજો જોઈ ન શકે, સ્પર્શ ન કરી શકે તથા અન્યના વિનિયોગમાં આવે નહિ. તેમજ રાજપત્નીપણાની બડાઈ (મોટપ) ઈત્યાદિક ધર્મ જે પ્રાપ્ત થયા તે તો ન્યૂન થાય નહિ. તે રીતે

ચાંડાલ જાતિ સ્વભાવથી હીન કોટિની હોવાથી માનરહિત જ હોય છે તેથી તેમાં તો કશી ક્ષતિ છે જ નહિ. પરંતુ રાજપત્નીપણાથી પણ ક્ષતિ છે નહિ. યજ્ઞમાં પત્ની સાથે બેસવા યોગ્ય હોય તે જ પત્ની કહેવાય. તેથી આ ચાંડાલી રાજાની સ્ત્રી થઈ તો પણ પત્ની નહિ કહી શકાય, તો પણ જેવી રીતે પત્ની ત્યજવા યોગ્ય નથી તે પ્રમાણે આ પણ ત્યજવા યોગ્ય ન થાય એમ જતાવવા માટે અત્રે 'પત્ની' શબ્દ કહેલ છે.

આમ દષ્ટાંત કહીને સિદ્ધાંતમાં તેની બરાબરી દર્શાવીને તેવી સમજનું ફળ કહે છે :

સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।
કામમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ।।૩।।

અન્વયાર્થ : સમર્પણાત્ પૂર્વં= (આત્મનિવેદનરૂપ) સમર્પણથી પહેલા, અંહ કિં= હું શું, સદા ઉત્તમઃ સ્થિતઃ= હંમેશા ઉત્તમ રહેલો હતો? મમ અધમતા= મારી અધમતા, કા= કઈ, ભાવ્યા= થવાની, યતઃ= જેથી પશ્ચાત્તાપઃ= વિશેષ પ્રકારનો ખેદ, ભવેત્= થાય?

ભાવાર્થ : સમર્પણ કર્યા પહેલાં શું હું સદાય ઉત્તમ જ હતો? તેથી ફલવિલંબમાં પણ મારી અધમતા શું વિચારવાની હોય, જેનાથી પશ્ચાત્તાપ થાય! એટલે કે ફલવિલંબની સ્થિતિમાં પણ ''હું પહેલાથી તો સારો છું'' એમ વિચારીને પોતાનું હલકાપણું ન વિચારવું; અને પશ્ચાત્તાપ પણ ન કરવો. ૩

ટીકા : સેવાના અધિકારરૂપ બ્રહ્મસમ્બન્ધ થયા પહેલા હું ચાંડાલીની જેમ સર્વ દોષયુક્ત હતો ત્યારે શું હું સર્વકાલ ઉત્તમ હતો? બલ્કે, ઉત્તમ નહોતો. જેમ ચાંડાલી રાજપત્ની બની તેમ હું પણ સમર્પણથી જ ઉત્તમ થયો છું. તેથી કદાચિત્ (મારા પર) ભગવાનની અપ્રસન્નતા થાય તો પણ મારો અંગીકાર તો કર્યો જ છે. તેથી ભગવાન્ સર્વથા મારો ત્યાગ નહિ જ કરે તથા હું અધમ નહિ થાઉં. જેમ ચાંડાલી રાજપત્ની થઈ હોય તેનો રાજા ત્યાગ ના કરે, તેથી ફરી તે ચાંડાલી પણ

થતી નથી. તેવી રીતે હવે મારી અધમતા શું થવાની છે? કે જેથી પશ્ચાત્તાપ થાય! એમ રાજાની સ્ત્રી રાજકુમારી હોય ત્યારે તેનું અપમાન થાય તો પશ્ચાત્તાપ થાય કેમકે બેઉ સમાન છે. પરંતુ ચાંડાલીને રાજાએ રાજપત્ની બનાવી પછી તેનું અપમાન થાય તેમાં તેને પશ્ચાત્તાપ કરવા જેવું કશું જ નથી. તે રીતે આ જીવ અત્યંત હીન હતો. તેનો અંગીકાર કરીને ભગવદીય કર્યો ત્યારે તેને ભાવની મોટપ થવાથી અભિમાન થયું ત્યારે પ્રભુ અપ્રસન્ન થયા તેમાં જીવની માનહાની છે જ ક્યાં? કે જેથી તેને પશ્ચાત્તાપ થાય? તેથી પશ્ચાત્તાપ ના કરવો. ।।૩।।

આમ જીવના સ્વરૂપને જોઈને વિચારનો ઉપદેશ કરીને ભગવાનની ઈચ્છા કોઈ જ મીટાવી શકે તેમ નથી એવું અનુસંધાન ટકી રહે માટે ભગવાનના ધર્મનો વિચાર કરીને ઉપદેશ કરે છે ઉ

સત્યસંકલ્પતો વિષ્ણુર્નાન્યથા તુ કરિષ્યતિ ।।
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્ ।।૪।।

અન્વયાર્થ : વિષ્ણુઃ= વ્યાપક (સૌમાં રહેલા ભગવાન્,) સત્ય સંકલ્પતઃ= સત્યસંકલ્પ (વાળાહોવા)થી, અન્યથા= બીજું (જીવ વિચારિત,) તુ= તો, કરિષ્યતિ ન= કરશે નહિ (તેથી,) સતતં= નિરંતર, આજ્ઞા= (પ્રભુની) આજ્ઞા, એવ= જ, કાર્યા= (પાલન) કરવી (જરૂરી છે,) અન્યથા= નહિતર, સ્વામિદ્રોહઃ= સ્વામીનો દ્રોહ (મોટો અપરાધ,) ભવેત્= થાય, (તેમનું વિચાર.)

ભાવાર્થ : સર્વત્રવ્યાપક શ્રીહરિ સત્ય વિચારવાળા છે. તેથી ફલ આપવાની બાબતમાં બીજા પ્રકારથી તો નહીં કરે. તેથી પ્રભુની આજ્ઞા અનુસાર જ સર્વદા સેવા કરવી. તેમ ન કરવાથી સ્વામીનો દ્રોહ થાય છે.૪

ટીકા : ભગવાન્ 'વિષ્ણુ' છે એટલે અંદર બહાર સર્વત્ર વ્યાપ્ત છે. તેથી પોતાના અંતર્યામિપણાથી સંપૂર્ણ સૃષ્ટિમાં સર્વની અંદર પણ પ્રવિષ્ટ છે તથા સત્યસંકલ્પ છે તો પોતાનો જે સત્ય સંકલ્પ છે તેથી

કરીને બીજો પ્રકાર તો નહિ જ કરે. જેવો સંકલ્પ હશે તેમજ કરશે. અથવા ભગવાન્ સત્યસંકલ્પ છે તેથી અન્યથા તો નહિ જ કરે. એટલે ફલદાનમાં વિલંબ નહિ કરે, તેથી સદા સર્વદા પ્રભુની આજ્ઞાનુસાર સઘળું કરવું જો એ મુજબ ના કરે તો સ્વામિદ્રોહરૂપ મોટો અપરાધ થાય. ।।૪।।

સેવકપણાના વિચારને અનુસાર પોતાનો ધર્મ કરવાથી, સ્વામિપણાના વિચારને અનુસાર પ્રભુ પોતાનો ધર્મ કરશે જ તે બાબત કહે છે :

સેવકસ્ય તુ ધર્મોઽયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।।૪$^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : સેવકસ્ય તુ અયં ધર્મઃ= સેવકનો તો આ (અહીં કહેલો) ધર્મ છે. સ્વામિ= પ્રભુ, સ્વસ્ય= પોતાના (સેવક)નું (મારું,) કરિષ્યતિ= (પોતે વિચાર્યુ હશે તે) કરશે. (તેમ તું વિચાર.)

ભાવાર્થ : સેવકનો ધર્મ તો શ્રીહરિની આજ્ઞા અનુસાર કાર્ય કરવું તે જ છે. શ્રીહરિ પોતાના ભક્તના સઘળા કાર્ય સ્વયં કરશે. ૪$^{૧}/_{૨}$

ટીકા : જે ઉપરના શ્લોકમાં સેવકનો ધર્મ કહ્યો છે તે જ તેનો ધર્મ છે અને તે ધર્મ જો તારામાં હોય (અર્થાત્ તું તારા સેવક ધર્મને યથોચિત નિભાવતો હોય તો) આપણા સ્વામી જે પ્રભુ છે તે પણ પોતાનો સ્વામિપણાનો ધર્મ છે તે સેવક પ્રતિ કરશે જ નિભાવશે જ. અથવા પ્રભુ આપણા સ્વામિ છે અને આપણે તેમના દાસ છીએ. તેથી આપણે તેમના આત્મીય છીએ, તેથી જે જે ભગવાને વિચાર્યું હશે તે તે આપણા હિતમાં જ હશે અને તે જ તે કરશે પણ, આમ સમજવું તે જ સેવકનો ધર્મ છે. ૪$^{૧}/_{૨}$

આપણે પ્રભુના સેવક છીએ એવો વિચાર અવશ્ય કરવો જોઈએ એવું બતાવવા માટે બે શ્લોક કરીને હવે પોતાની આખ્યાયિકા આપ કહે છે :

આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગાસાગરસંગમે ॥૫॥
યાઽપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ॥
દેહદેશપરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ ॥૬॥
પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોઽહં ન ચાન્યથા ॥૬ ૧/૨॥

અન્વયાર્થ : તુ= ખરેખર, પૂર્વં= પહેલા, ગંગા સાગર સંગમે= ગંગા સાગર સંગમ પાસેના સ્થાનમાં, યા= જે, આજ્ઞા= આજ્ઞા, જાતા= થઈ, પશ્ચાત્= પછી, મધુવને= મધુવનમાં, અપિ= પણ, યા= જે, (આજ્ઞા થઈ,) તદ્= તે, દ્વયં= બે (આજ્ઞાઓ પ્રમાણે,) મયા= મારા વડે, કૃતં= કરાયું, ન= નહિ, દેહ દેશ પરિત્યાગઃ= દેહ પરિત્યાગ અને દેશ પરિત્યાગ, તૃતીયઃ= ત્રીજો, લોક-ગોચરઃ= જનવિષય (સંન્યાસ,) પશ્ચાત્તાપઃ= (આજ્ઞાન પળાયાનો) પશ્ચાત્તાપ (પોતાનો થયો,) તમ્= તેમાં, કથં= કઈ રીતે? (થયો તે પ્રકારે કહે છે) અહં સેવકઃ= હું સેવક છું સેવા કરનાર છું (સેવકે આજ્ઞા ભંગ ન કરવો જોઈએ.) ચ= અને, અન્યથા= બીજી રીતે (કાર્ય પુરું ન થવાથી,) ન= (પશ્ચાત્તાપ,) નથી (તેમનું વિચાર.)

ભાવાર્થ : પહેલાં તો ગંગાસાગરના સંગમ ઉપર દેહપરિત્યાગરૂપ આજ્ઞા થઈ; અને પછી મધુવનમાં પણ જે દેશપરિત્યાગરૂપ આજ્ઞા થઈ. મેં દેહ-દેશ પરિત્યાગની બેઉ આજ્ઞા ન પાળી. પરંતુ ત્રીજી, લોકમાં પ્રસિદ્ધ સંન્યાસગ્રહણપૂર્વક ગ્રહનો પરિત્યાગ કરવાની આજ્ઞા પાળી. (પ્રથમ બે આજ્ઞા ન પાળી તેથી પ્રભુ મારો ત્યાગ કરી દેશે એવા વિચારથી) તેનો પશ્ચાત્તાપ મારે ન કરવો જોઈએ. કેમકે હું તો પ્રભુનો (અત્યાજ્ય) સેવક છું, કોઈ બીજો નથી. તેથી મારે પશ્ચાત્તાપ શા માટે કરવો! ૫-૬ ૧/૨

ટીકા : પ્રથમ ગંગાસાગરમાં જે આજ્ઞા થઈ હતી અને તે પછી મથુરાજીમાં મધુવનમાં જે આજ્ઞા થઈ તે બન્ને આજ્ઞા પ્રમાણે મેં કર્યું નથી. કેમકે પ્રભુના સ્વરૂપનો અનુભવ પ્રકટ કરવા માટે તથા શ્રીભાગવતનો

ગૂઢાર્થ પ્રકટ કરવા માટે તો મને પ્રથમ જ આજ્ઞા થયેલી છે. તેથી આ બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. કેમકે પ્રથમ જે આજ્ઞા દેહના પરિત્યાગ વિષયની થઈ હતી તથા બીજી આજ્ઞા દેશના પરિત્યાગ વિષયની હતી તે બેઉ આજ્ઞા સિદ્ધ કરતા માનત તો સ્વાત્માનુભાવ (ભક્તો માટે પ્રભુના પુષ્ટિ સ્વરૂપ અને પુષ્ટિ લીલાઓનો અનુભવ સાક્ષાત્કાર) થાત નહિ, તેમજ શ્રીભાગવતના ગૂઢાર્થનો પ્રકાશ કરવાની આજ્ઞા સિદ્ધ ન થાત.

હવે લોકના અનુભવમાં આવે તેવો પરિત્યાગ (સંન્યાસ) કરવાની ત્રીજી આજ્ઞા થઈ તેમાં મને પશ્ચાત્તાપ થયો કેમકે હું તો સેવક છું. તેથી સ્વામિની આજ્ઞા પ્રમાણે કરવું મારું કર્તવ્ય છે; પરંતુ સ્વામિની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે તો કોઈ રીતે યોગ્ય નથી જ એવો વિચાર કરતાં પશ્ચાત્તાપ થવો પણ યોગ્ય જ છે; અથવા સંન્યાસગ્રહણપૂર્વક ઘરનો પરિત્યાગ કરવાની આજ્ઞા થઈ તે પ્રમાણે સંન્યાસગ્રહણપૂર્વક ઘરનો પરિત્યાગ તો કર્યો જો કે બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન તો કર્યું જ છે તેથી અપરાધ થવાનો પણ સંભવ છે જ, તો પણ ત્રીજી આજ્ઞા પ્રમાણે ત્યાગ કર્યો છે તેથી પ્રથમની બેઉ આજ્ઞા સિદ્ધ થઈ એમ માનીને પશ્ચાત્તાપ કરવો યોગ્ય નથી. કદાચિત્ બેઉ આજ્ઞાનું પણ ઉલ્લંઘન તો કર્યું છે તેમ કરવાથી જે અપરાધ થયો છે. તેથી પ્રભુ ફલમાં વિલંબ કરે તો પણ આ ફલનો વિલંબ કર્યો છે તે જ દંડ દીધો છે એવું જાણીને સેવકને પશ્ચાત્તાપ કરવો યોગ્ય નથી અને હું સેવક છું, અન્યથા તો નથી, કેમકે પ્રભુ જો મારામાં સેવકપણું ન માનત તો અપરાધ થયો તેથી ઉપેક્ષા જ કરત, સ્વીયપણું જાણીને ત્રીજી આજ્ઞા ન કરત; પરંતુ ત્રીજી આજ્ઞા કરી છે તથા બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન થયું તેથી ફલમાં વિલંબ થશે એવો તાપ (પણ) થાય છે. તેથી પ્રભુએ ''આ મારો સેવક છે'' એ પ્રકારે માન્યો છે તેથી પશ્ચાત્તાપ કરવો યોગ્ય નથી. ૫-૬ $^{૧}/_{૨}$

એ વિચાર કર્યો કે પશ્ચાત્તાપ ન કરવો તે તો યોગ્ય છે, તો પણ પ્રથમ બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન થયું છે તે અપરાધ તો થયો છે જ. તે કારણે ભગવાનની અપ્રસન્નતા થઈ હશે તેની નિવૃત્તિ ન થાય તો પ્રભુ

શું કરશે? એવો જો ભય હોય તો કેવી રીતે નિવૃત્ત થાય? એવી શંકા થાય તેને માટે હવે બીજા વિચારનો ઉપદેશ કરે છે :

લૌકિકપ્રભુવત્કૃષ્ણો ન દ્દષ્ટવ્યઃ કદાચન ।।૭।।
સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થોऽસિ સુખી ભવ ।।૭ $^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : લૌકિકપ્રભુવત્= લૌકિક (ક્ષણમાં રુષ્ટ, ક્ષણમાં તુષ્ટ, સંકુચિત-અસ્થિર-મનવાળા) સ્વામિ જેવા, કૃષ્ણઃ= કૃષ્ણને, કદાચન= ક્યારેય (અવતારમાં કે અનવતારમાં) પણ, નઃ=ન, દ્દષ્ટવ્યાઃ= જાણવા (ભગવાન્ તો, અનેક અપરાધ ક્ષમા કરીને, કૃપા જ કરે છે,) સર્વં= બધું, ભક્ત્યા= ભક્તિથી, સમર્પિતં= (તે) સમર્પિત (કર્યું છે) (તેથી,) કૃતાર્થઃ= (તું કૃતાર્થ, અસિઃ છે) સુખીભવઃ= તું સુખી થા (આ શ્રીમહાપ્રભુજીનો આશીર્વાદ છે, તેમ તું વિચાર.)

ભાવાર્થ : હું પ્રભુનો સેવક છું, બીજાઓ જેવો નથી. તેથી ફલમાં વિલંબ થાય તો પણ પશ્ચાત્તાપ શા માટે કરવો! અને શ્રીહરિને લૌકિકરાજા વગેરેની જેમ ચલાયમાન ચિત્તવાળા કયારેય ન સમજવા. ભક્તિથી આત્માસહિત સઘળી પોતાની વસ્તુઓનું અર્પણ તેં કર્યું છે તેથી તું કૃતાર્થ છો. તેથી પહેલાની જેમ સુખી રહે. ૭-૭$^{૧}/_{૨}$

ટીકા : લૌકિક સ્વામી જે રીતે સેવકનો અપરાધ થયો હોય તો તેનો ત્યાગ કરે છે તેવી રીતે પ્રભુ (પણ) આપણો ત્યાગ કરશે એવો સંદેહ ન કરવો એમ જણાવવા માટે કહે છે કે "લૌકિક સ્વામિવત્ ફલરૂપ કૃષ્ણને ક્યારેય જાણવા નહિ". આમ લૌકિકમાં સ્વામિપણાનો જે વ્યવહાર છે તે સ્વામિ પ્રાકૃત લૌકિક હોવાથી તેનો (અંગીકાર કરેલનો) પરિત્યાગ કરે તે સંભવિત છે. પરંતુ અહીં તો પ્રભુનું અલૌકિક સ્વામિપણું હોવાથી એમનો અંગીકાર ત્રિકાલમાં પણ નિત્ય છે. અંગીકૃતનો ત્યાગ કરવાની સંભાવના જ નથી અને તારા ઉપર તો પ્રભુની કૃપા હતી તેથી જ તે ભક્તિમાર્ગને અનુસાર સઘળું સમર્પિત કર્યું છે. તેથી તું તો કૃતાર્થ છે. અર્થાત્ સર્વ સાધનરૂપ તથા ફલરૂપ અર્થને તું

પ્રાપ્ત થયો છે, તેથી મનથી ચિંતા છોડીને સુખી થા. ॥૭-૭½ ॥

ભગવાનનો અંગીકાર નિત્ય છે, તેથી જો કે ફલ તો આપશે જ, તો પણ પ્રથમ જે ફળ આપ્યું હતું તે પ્રકારે આપશે કે નહિ આપે? એવી શંકાથી જો કલેશ થતો હોય તો તેની નિવૃત્તિ માટે દૃષ્ટાંત કહે છે :

પ્રૌઢાડપિ દુહિતા યદ્વત્ સ્નેહાત્ ન પ્રેષ્યતે વરે ॥૮॥

તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા ॥૮½॥

અન્વયાર્થ : પ્રૌઢા= પતિના બધા કાર્યોમાં યોગ્ય, સમર્થ (થયેલી,) અપિઃ= પણ, દુહિતા= દીકરી, યદ્વત્= જેમ, સ્નેહાત્= સ્નેહથી (દીકરીને શ્રમ કલેશ થવાના ભયથી,) વરે= પતિ પાસે, પ્રેષ્યતે= મોકલાય, ન= નહિ, તથા= તેમ, દેહે= દેહ માટે, ન= ન, કર્તવ્યં= કરવું. અન્યથા= બીજી કોઈ રીતે (પતિ પાસે મોકલ્યા વગર,) વર= પતિ, તુષ્યતિ= સંતોષ પામતો, ન= નથી.

ભાવાર્થ : હે અંતઃકરણ! જેમ કેટલાક અજ્ઞાની, પતિને ત્યાં જવા માટે લાયક કન્યાને પણ સ્નેહના કારણે તેના પતિને ત્યાં નથી મોકલતા તેમ દેહત્યાગની બાબતમાં તારે પણ વિલંબ કરવો જોઈએ નહીં. વિલંબ કરવાથી પ્રભુ અપ્રસન્ન થશે. ૮-૮½

ટીકા : જેમ પુત્રી મોટી થઈ હોય અર્થાત્ પતિના સર્વકાર્યમાં યોગ્ય થઈ હોય તથાપિ માતાપિતાનો તેના ઉપર સ્નેહ હોય તેથી એમ જાણે કે આ તો હજી બાળક છે અને તેના પતિના ઘરમાં કાર્યવિશેષ છે તે કરવામાં થાકી જશે અથવા કલેશયુક્ત થશે એમ જાણીને તેના ઉપરના સ્નેહના કારણે તેને તેના પતિ પાસે મોકલે નહિ ત્યારે તેનો પતિ નારાજ થાય. તે પ્રમાણે આપણા દેહમાં સ્નેહ રાખીને પ્રભુનું કાર્ય (સેવા) કરવામાં દેહને કલેશ થશે એમ જાણીને પ્રભુના કાર્યમાં દેહનો વિનિયોગ ના કરે તો પ્રભુ અપ્રસન્ન થાય. તેથી દેહમાં તેવો સ્નેહ કરવો નહિ, કેમકે જો પુત્રી મોટી થઈ અને તેને વરની પાસે ન મોકલે તો વર નાખુશ થાય.

તે પ્રકારે દેહની ઉપર સ્નેહ રાખીને ભગવાનની સેવામાં દેહને ના લગાવે (સેવા ન કરે) તો ભગવાન્ પ્રસન્ન ના જ થાય, બલ્કે નાખુશ થાય. ||૮-૮ ૧/૨||

જો કે ભગવાનની આજ્ઞામાં હઠ કરવી યોગ્ય નથી, તો પણ શ્રીભાગવતનો અર્થ પ્રકટ કરવાનો ભગવાનનો અભિપ્રાય છે, તે પ્રમાણે અર્થ પ્રકટ કરવાનું આ કાર્ય કરતાં લોકમાં મોટાઈ થાય. આમ કરવામાં (ભગવાનની) ઓછાવત્તે અંશે, ફળ આપવામાં વિલંબની ઈચ્છા સંભવે છે (અર્થાત્ સંભવે છે કે ફળ આપવામાં વિલંબ કરવાની ભગવાનની ઈચ્છા હોય તો આમ કરે.) કેમકે શ્રીભાગવતનો અર્થ (ભગવાનના જ અભિપ્રાય મુજબ) પ્રકટ કરે તેમાં પ્રભુની પાસે પધારવામાં વિલંબ થાય. આ રીતે ફળ આપવામાં વિલંબની ભગવાનની ઈચ્છા (હોય) તેવો સંભવ રહે એવી શંકાનું નિરાકરણ કરતાં કહે છે :

લોકવચ્ચેત્સ્થિતિર્મે સ્યાત્ કિં સ્યાદિતિ વિચારય ||૯||
અશક્યે હરિરેવાસ્તિ મોહં મા ગાઃ કથંચન ||૯ ૧/૨||

અન્વયાર્થ : લોકવત્= લોકોના જેવી (સંસારાસક્ત, જ્યાં ત્યાં ભટકવાની,) ચેત્= જો, મે= મારી, સ્થિતિઃ= (પરિસ્થિતિ) દશા, સ્યાત્= હોય (તો,) કિં= શું, સ્યાત્= થાય? ઈતિ= એમ, વિચારય= તું વિચાર કર, અશક્યે= અશક્ય (લાગતાં બધા કાર્યો)માં, હરિઃ= (પાપ પ્રતિબંધોને હરનારા) હરિ, એવ= જ, અસ્તિ= (શરણ-રૂપ-રક્ષક) છે (તેમનું વિચાર કર,) કથંચન= કોઈરીતે, મોહં= મોહ(ને,) મા= ન, ગાઃ= પામ (પ્રાપ્ત થા.)

ભાવાર્થ : હે અંતઃકરણ! બીજા લોકની જેમ મારી પણ જો લૌકિક ઉત્કર્ષ વગેરે માટે લોકમાં સ્થિતિ થાય તો શું થાય, આ તું જ વિચાર કર. એટલે કે લૌકિક ઉત્કર્ષને માટે પ્રભુની અપ્રસન્નતા કરવી યોગ્ય નથી. અશકય કાર્યમાં શ્રીહરિજ પુરુષાર્થ સિદ્ધ કરનારા છે. તેથી કોઈ જાતની ચિંતાયુક્ત ન થા. ૯-૯ ૧/૨

ટીકા : મારી સ્થિતિ લોકવત્ થઈ જાય તો શું ફળ થાય? તેનો વિચાર કર અને જ્યાં અશક્ય હોય ત્યાં તો પ્રભુ હરિ છે જ, અર્થાત્ ભક્તોના દુઃખ તથા પાપને હરવાવાળા છે તેથી કોઈપણ પ્રકારે મોહને પ્રાપ્ત (ના થાઓ) થવું ન જોઈએ.

ભગવાનને અભિપ્રેત શ્રીભાગવતનો અર્થ પ્રકટ કરવાથી જો કે લોકમાં મોટાઈ થાય. જેવી રીતે જૈમિની તથા વ્યાસાદિકે વેદથી અવિરુદ્ધ મીમાંસા કરી તેમાં લોકમાં તેમની પ્રતિષ્ઠા થઈ, તેવી રીતે હું પણ વેદાદિકથી અવિરુદ્ધ અર્થ શ્રીમદ્ભાગવતનો પ્રકટ કરું તેમાં જૈમિની તેમજ વ્યાસાદિકની જેમ મારી પણ બડાઈ થાય પરંતુ આ તો લૌકિક મોટાઈ છે એ કંઈ સ્વમાર્ગીય અલૌકિક મોટાઈ તો છે નહિ, તથા સ્વમાર્ગીય ફળનો વિચાર કરે ત્યારે મુક્તિ વગેરે ફળ પણ ફલરૂપ નથી. ત્યાં લૌકિક ફળ તો શું વિસાતમાં છે? તેની ગણત્રી જ ક્યાં છે? એમ વિચાર કરવો. અથવા લોક જે રીતે સંસારમાં આસક્ત છે તથા જુદાજુદા સ્વભાવવાળામાં પોતાના સ્વભાવાનુસાર શાસ્ત્ર વગેરેને અનુસરીને ચાલે છે તેવી મારી સ્થિતિ થાત ત્યારે આવો પશ્ચાત્તાપ થાત નહિ ત્યારે શું ફળ મળત? હું પણ લોકતુલ્ય જ બની જાતને? પરંતુ લોક જેવી મારી સ્થિતિ થઈ નથી તેથી જ મારા ઉપર ભગવાન્ દયા કરે છે (એમ હું માનું છું) એવો વિચાર કર. તથા ભગવાને આજ્ઞા કરી છે તે પ્રમાણે થઈ શકે નહિ તેવું લાગતું હોય તો ભગવાન્ તો 'હરિ' છે. એટલે કે સ્મરણ કરવાવાળાના સર્વ પાપોનું હરણ કરનારા છે તે આપણા પણ રક્ષક છે એ પ્રમાણે સમજ પરંતુ કોઈપણ પ્રકારે મોહને પ્રાપ્ત ન થા. ॥૯-૯ ૧/૨॥

આમ સઘળું વિચારીને (પોતાના) વચન કહીને ઉપસંહાર કરે છેઃ

ઇતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ॥૧૦॥
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિંતતાં વ્રજેત્ ॥૧૦ ૧/૨॥

અન્વયાર્થ : ચિત્તં= અંતઃકરણને, પ્રતિ= લક્ષ્ય કરીને, શ્રીકૃષ્ણ દાસસ્ય= શ્રીકૃષ્ણના દાસ, વલ્લભસ્ય= (ભક્ત અને ભગવાનને પ્રિય)

શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું, હિતં= હિતરૂપ, વચઃ= (વિચારરૂપ) વચન છે, યત્= જે, ઈતિ= આટલું, આકર્ણ્ય= સાંભળીને, ભક્તઃ= ભક્ત, નિશ્ચિંતતાં= ચિંતા રહિતપણાને, વ્રજેત્= પામે.

ભાવાર્થ : શ્રીહરિના દાસ શ્રીવલ્લભાચાર્યના અંતઃકરણના પ્રત્યે આ હિતકારી (યથાર્થ) વચન છે, જેને સરખી રીતે સાંભળીને ભક્તજન ચિંતારહિત બની જાય છે. ૧૦-૧૦ $^{૧}/_{૨}$

ટીકા : આમ શ્રીકૃષ્ણના દાસને સુખસંપાદન કરવાવાળા, ભગવાન્ તથા ભક્તોના પ્રિય એવા શ્રીમદ્વલ્લભાચાર્યજીના ચિત્તને સંબોધન કરતાં જે વચનો છે તે સાંભળીને ભક્ત નિશ્ચિંતપણાને પ્રાપ્ત થાય.

આ ગ્રંથમાં એટલું સિદ્ધ થયું જે આચાર્યજી મહાપ્રભુજીએ જેવી રીતે ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેવી રીતે વૈષ્ણવોએ શ્રીઆચાર્યજીનું દૃષ્ટાંત લઈને ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કદી ના કરવું. જીવ તો સ્વભાવથી જ દુષ્ટ છે તો પણ સમર્પણથી ઉત્તમ થાય છે. તેથી ભગવાનની કૃપા વિશેષ થાય તો પણ પોતાની મોટાઈ (પોતે કંઈક છે તેવું) માનવી નહિ. ભગવાન્ સત્યસંકલ્પ છે, તે શું કરવાની ઈચ્છા કરે છે તે જાણવામાં નથી આવતું. તેથી હમેશાં એમની આજ્ઞામાં જ રહેવું. જો આજ્ઞાનું ઉલ્લંઘન થાય તો સ્વામિદ્રોહરૂપ મોટો અપરાધ થાય. વળી હું સેવક છું તેથી મારે માટે યોગ્ય જ (મારે માટે હિતકારી હશે તે) મારા સ્વામી કરશે. એવો વિચાર કરીને સેવકે સ્વામિની આજ્ઞામાં જ રહેવું.

શ્રીઆચાર્યજીએ પોતાના પ્રૌઢત્વથી બે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેમાં પશ્ચાત્તાપ જ કહ્યો છે. તેથી આપણે આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. લૌકિક સ્વામી જેવી રીતે અપરાધને કારણે સેવકનો ત્યાગ કરે છે તેવી રીતે ભગવાન્ સેવકને નહિ છોડે. ભગવાનનો અંગીકાર નિત્ય છે. તે સમર્પણાદિ વગેરેથી સિદ્ધ થયો ત્યારે કૃતાર્થતા જ થશે. એવી ભાવના

રાખવી, તેમાં સંદેહ રાખવો નહિ.

અને ઉમરલાયક પુત્રીમાં જેવી રીતે સ્નેહ રાખે છે તેવી રીતે દેહમાં સ્નેહ ના રાખવો. તેને પ્રભુના વિનિયોગમાં લગાવવો કેમકે જો ઉંમરલાયક પુત્રી વરની પાસે મોકલવા-વળાવવા યોગ્ય છે તો પણ તેના પ્રતિ સ્નેહને કારણે તેને વરની પાસે મોકલવામાં ન આવે તો વર પ્રસન્ન થતો નથી. તે જ રીતે પ્રભુની સેવાને યોગ્ય દેહ થવા છતાં પણ તેને શ્રમ પડશે એવું વિચારીને દેહના ઉપર સ્નેહ-મમત્વ આસક્તિ રાખીને પ્રભુની સેવામાં વિનિયોગ ન કરે તો પ્રભુ પ્રસન્ન થતા નથી. તેમ પોતાની સેવાને માટે પ્રભુએ દેહ આપ્યો છે તથા પ્રભુએ તેનો અંગીકાર કર્યો છે તો પણ જો તે સેવા જ ન કરે તો બીજા લોકોની બરાબરીપણાને પ્રાપ્ત થાય. સેવામાં દેહનો વિનિયોગ કરવામાં પ્રતિબંધ થવાનો સંભવ હોય તો ભગવાન જ રક્ષક છે એવી ભાવના રાખવી, આ સિવાય અન્ય કશો જ ઉપાય છે નહિ.

।। ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત 'અન્તઃકરણપ્રબોધ'ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

॥ વિવેકધૈર્યાશ્રયઃ ॥

ભક્તિમાર્ગમાં અંગીકાર થવાથી જીવ, ભગવાનના દાસપણાને પ્રાપ્ત થયો તથા ભગવત્સેવામાં પ્રવૃત્ત થયો. ત્યારે સેવા કરીને ભક્તિની દૃઢતા થવા માટે 'નવરત્ન' ગ્રંથમાં પ્રકાર કહ્યો છે તે પ્રમાણે (ચિંતાનો) ત્યાગ કરવાનું નિરૂપણ કરવામાં જો કે વિવેક, ધૈર્ય તથા આશ્રય સંક્ષેપથી કહ્યા છે તો પણ જ્યાં સુધી વિવેકાદિનું વિશેષ જ્ઞાન ન થાય ત્યાં સુધી સેવામાં તેવી દૃઢતા થાય નહિ. તેથી પોતાના સેવકોને વિશેષ દૃઢતા થાય તે માટે આ ગ્રંથ દ્વારા શ્રીઆચાર્યજી મહાપ્રભુજી વિવેક, ધૈર્ય તથા આશ્રયનું વિસ્તારથી નિરૂપણ કરે છે :

વિવેકધૈર્યે સતતં રક્ષણીયે તથાશ્રયઃ ।
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ ॥૧॥

અન્વયાર્થ : વિવેકધૈર્યે સતતં રક્ષણીયે= વિવેક અને ધૈર્ય સતત રક્ષવા જરૂરી છે, તથા= અને, આશ્રયઃ= આશ્રય (પણ) વિવેકઃ= વિવેક, તુ= તો, હરિઃ= હરિ, સર્વં= સઘળું, નિજેચ્છાતઃ= પોતાની ઈચ્છાથી, કરિષ્યતિ= કરશે.

ભાવાર્થ : વિવેક તથા ધૈર્ય હંમેશાં રાખવા તથા એ બેઉની સિદ્ધિને માટે આશ્રય પણ હંમેશાં રાખવો, તેમાં પ્રથમ વિવેક તો તે છે. કે પ્રભુ પોતાની ઈચ્છાથી બધુંજ કાંઈ કરશે આ વિવેક છે. ૧

ટીકા : જે પ્રભુ 'હરિ' છે, અર્થાત્ ભક્તોના દુઃખ તથા પાપ= પ્રતિબંધ હરવાવાળા છે તેમ સમજવું (તે પ્રથમ વિવેક છે.) એટલે પોતાના પ્રયત્નથી સિદ્ધ થાય તેવા લૌકિક તથા ભગવત્સેવામાં ઉપયોગમાં આવે તેવા અલૌકિક સઘળા કાર્ય ભગવાન્ જ સિદ્ધ કરશે તેથી સેવા છોડીને પોતાના પ્રયત્ન વગેરે કરવા નહિ તે **પ્રથમ વિવેક** છે.

આ જ બાબત નવરત્નમાં **'ચિંતાકાપિ ન કાર્યા'** શ્લોકમાં નિરૂપિત કરી છે.

ત્યાં શંકા થાય કે પ્રાર્થના કર્યા વિના ભગવાન્ આવશ્યક એવું સર્વ કેવી રીતે સિધ્ધ કરશે? ત્યાં કહે છે કે પ્રભુ પોતાની ઈચ્છાથી કરશે અથવા પોતાના ભક્તની વિકારરહિત ઈચ્છા હશે તો ભક્તોની ઈચ્છા પ્રમાણ કરશે એમ સમજવું. તેથી પોતાના ભક્તોને જે ઈષ્ટ છે તેમાં વિકાર નહિ હોય તો પ્રભુ ભક્તોનું અભીષ્ટ પોતાની ઈચ્છાથી જ સિધ્ધ કરશે અને પ્રાર્થનાની કોઈ અપેક્ષા નહિ રાખે. તેથી પ્રાર્થના કરવી નહિ તે **બીજો વિવેક** છે. આ જ વાત **"સર્વેશ્વરશ્ચ સર્વાત્મા"**થી નવરત્નના શ્લોકમાં નિરૂપણ કરી છે. ।।૧।।

વારંવાર પ્રાર્થના શા માટે ન કરવી? એમ જાણવાની ઈચ્છા હોય ત્યાં કહે છે :

પ્રાર્થિતે વા તતઃ કિં સ્યાત્ સ્વામ્યભિપ્રાયસંશયાત્ ।।
સર્વત્ર તસ્ય સર્વં હિ સર્વસામર્થ્યમેવ ચ ।।૨।।

અન્વયાર્થ : સ્વામ્યભિપ્રાય-સંશયાત્= સ્વામી (પ્રભુ)ના અભિપ્રાયમાં સંશય હોવાથી, વા= અથવા, પ્રાર્થિતે= પ્રાર્થના કરવાથી, તતઃ= તે (પ્રાર્થના)થી, કિં= શું, સ્યાત્= થાય, સર્વત્ર= બધે, હિ= ખરેખર, તસ્ય= તે (પ્રભુ)નું, સર્વં= સર્વ, ચ= અને, સર્વસામર્થ્યં= સઘળું સામર્થ્ય (તેમનું છે,) એવ= જ.

ભાવાર્થ : પ્રાર્થના કરવાથી શું થાય? કાંઈ જ ન થાય. કેમ? કે સ્વામિનો અભિપ્રાય શું છે તે આપણે જાણતા નથી. બધા ઠેકાણે બધી વસ્તુ ભગવાનની જ છે અને જે વસ્તુ ન હોય તે સિધ્ધ કરવાનું સામર્થ્ય પણ ભગવાનમાં છે. ૨

ટીકા : પ્રાર્થના કરવાથી શું વળે? શું મળે? કશું જ ન થાય. કેમકે સ્વામીનો અભિપ્રાય શું છે તે આપણે જાણતા નથી અને જાણી શકતા

નથી. ભગવાન્ પોતાની ઈચ્છાથી જ (આપવા યોગ્ય) આપશે, ઈચ્છા નહિ હોય તો નહિ આપે. તેથી પ્રાર્થના કરીને સ્વધર્મની હાનિ શા માટે કરવી? એમ સમજવું તે **ત્રીજો વિવેક** છે.

સર્વ સ્થળમાં સર્વવસ્તુ વસ્તુમાત્ર ભગવાનની જ જ્યારે છે. વળી જે વસ્તુ ન પણ હોય તો તે સિધ્ધ કરવાનું પૂર્ણ સામર્થ્ય પણ ભગવાનમાં જ છે. તેમજ જેને જે વસ્તુ અપેક્ષિત છે તે સાક્ષાત્ અથવા પરંપરાથી પ્રભુ જ આપે છે. પરંતુ જીવ અજ્ઞાની છે તેથી ‘‘મેં પ્રયત્નથી આ તો સિધ્ધ કરી છે’’ અર્થાત્ આ તો મારા પ્રયત્નથી મને મળી છે તેવું માને છે. તેથી જીવે એવું સમજવું કે ‘‘જ્યારે હું શરણે આવ્યો ન હતો ત્યારે મારી પાસે જે વસ્તુ હતી તે પણ પ્રભુની જ આપેલી હતી ત્યારે હવે તો પ્રભુએ મારો અંગીકાર કર્યો છે તેથી પ્રાર્થના કર્યા વિના જ પ્રાર્થનાની અપેક્ષા કે પ્રતીક્ષા કર્યા વિના પ્રભુ જ જરૂરી એવું મને આપશે’’ એવો નિશ્ચય કરીને (મારે તો) સેવા જ કરવી, પરંતુ સેવા છોડીને પોતાના પ્રયત્નો આદિ કરવા નહિ તે **ચોથો વિવેક** છે. ।।૨।।

અત્રે એવી શંકા થાય કે થોડોક સમય સેવા કરવી તથા બાકીના સમયમાં અન્ય કાર્ય કરે તો શું દોષ છે? ત્યાં કહે છે :

અભિમાનશ્ચ સંત્યાજ્યઃ સ્વામ્યધીનત્વભાવનાત્ ।।
વિશેષતશ્ચેદાજ્ઞા સ્યાદ્ અંતઃકરણગોચરઃ ।।૩।।
તદા વિશેષગત્યાદિ ભાવ્યં ભિન્નં તુ દૈહિકાત્ ।।૩ $^1/_2$।।

અન્વયાર્થ : સ્વામ્યધીનત્વ ભાવનાત્= (પોતે પોતાના) સ્વામીને વશ છે. તેવી ભાવનાથી, અભિમાન= ગર્વ, ચ= અને, (તેના સાધન,) સંત્યાજ્યઃ= સારી રીતે ત્યજવા જરૂરી છે, ચેત્= જો, વિશેષતઃ= વિશેષ પ્રકારે, આજ્ઞા= (પ્રભુની) આજ્ઞા, અંતઃકરણ ગોચરઃ= (ઈચ્છાના વિષયની) અંતઃકરણમાં વિષયરૂપે, સ્યાત્= (થતી) હોય, તદા= ત્યારે, તુ= તો, દૈહિકાત્= દેહ સમ્બન્ધીથી, ભિન્નં= જુદું, વિશેષગત્યાદિ= વિશેષ ગતિ વગેરે, ભાવ્યં= કરવું.

ભાવાર્થ : સ્વામીને આધીન સઘળું છે એવી ભાવનાથી વાસના સહિત અભિમાનનો ત્યાગ કરવો. સેવા કરવામાં અન્તઃકરણથી જાણવામાં આવતી કોઈ વિશેષ ભગવદાજ્ઞા થાય તો તે પ્રમાણે કરવું. એવી વિશેષ આજ્ઞા પણ પોતાના દેહાદિક સંબંધથી ભિન્ન હોય તો જ તે આજ્ઞા પ્રમાણે વિશેષ કરવું. ૩-૩$^{૧}/_{૨}$

ટીકા : એટલે આનો અભિપ્રાય એ છે કે સમર્પણ કર્યા પછી દેહાદિમાં પોતાપણાનો (આ દેહ મારો છે) ગર્વ-ઘમંડ રાખવો નહિ. કેમકે સ્વતંત્રતાને કારણે દેહાદિકમાં અભિમાન થાય છે ત્યારે તેમાં દેહ તથા ઇંદ્રિયોનો વિનિયોગ થાય તેથી તે દેહાદિકમાંથી અભિમાન ત્યજીને દેહાદિક સઘળું ભગવાનને અર્પિત કર્યું છે તેથી બધુંજ-સઘળુંજ ભગવદ્આધીન છે એવી ભાવના કરવી. હવે જ્યારે તેવી ભાવના થઈ ત્યારે કેવળ ભગવાનના જ અધીનપણાનું અનુસંધાન રહે એટલે ભગવત્કાર્ય વિનાના સઘળા કાર્યોમાં દોષોની સ્ફૂર્તિ થશે. તેમ થતાં પોતાના સ્વામી જે ભગવાન્ તેમના સમ્બન્ધી કાર્યોમાં જ સ્વધર્મપણાની સ્ફૂર્તિ થશે એટલે તે વૈષ્ણવ પ્રભુ સેવા જ કરશે, (પ્રભુ સમ્બન્ધ સિવાયના) અન્ય સઘળામાં દોષરૂપ બુદ્ધિ હોવાથી બીજા કાર્ય કરશે નહિ તે **પંચમ વિવેક** છે. નવરત્નમાં આ જ વાત **'નિવેદનં તુ સ્મર્તવ્યં'** શ્લોકના વિવરણમાં પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ નિરૂપિત કરી છે. આપણો અંગીકાર જેમ પ્રભુએ કર્યો છે તે રીતે સ્ત્રી પુત્રાદિક સર્વનો પણ અંગીકાર આપણી સાથે જ પ્રભુએ કર્યો છે. તેથી તેઓને માટે પણ પોતે પ્રયત્ન વગેરે કરશે નહિ. આ જ બાબત નવરત્નમાં **'ચિંતા કાપિ'** આ શ્લોકના વ્યાખ્યાનમાં **''લૌકિકી તેમજ અલૌકિકી સર્વ ચિંતા છોડવી''** આવી પંક્તિથી નિરૂપણ કર્યું છે.

આ રીતે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર વિવેકાદિથી સેવા કરવી. તેમાં પ્રભુને અપેક્ષિત વસ્તુ હોય તેની આજ્ઞા શ્રીઆચાર્યજીની આજ્ઞાથી વિશેષ હોય તો પ્રભુની જ આજ્ઞા પ્રમાણે વિશેષ કરવું. તથા જો વિશેષ આજ્ઞા ન હોય તો શ્રીઆચાર્યચરણની આજ્ઞાનુસાર જ સેવા કરવી.

પ્રભુની વિશેષ આજ્ઞા કેવી રીતે જાણવામાં આવે? એવી શંકાના સમાધાનમાં કહે છે (પ્રભુ અંતઃકરણગોચર છે એટલે અંતર્યામી છે તેથી) અંતઃકરણમાં જાણવામાં આવે તેવી આજ્ઞા થાય અથવા સ્વપ્ન વગેરે દ્વારા પ્રભુ જતાવે અથવા ભક્તોના અંતઃકરણમાં પ્રભુ બિરાજે છે તેથી આત્માપણાથી જ ભક્તોને સ્ફૂર્તિ રહે છે તેથી ભગવાનની આજ્ઞા પણ જાણવામાં આવે છે ।।૩।।

ભગવાનના સ્વરૂપ તથા લીલાના સમ્બન્ધમાં પ્રભુની વિશેષ આજ્ઞા થાય તો તે પ્રમાણે સેવાકૃતિ કરવી, નહિતર શ્રીઆચાર્યજી મહાપ્રભુજીની આજ્ઞાનુસાર જ કરવી. પ્રભુની તે વિશેષ આજ્ઞા પણ પોતાના દેહાદિકના સમ્બન્ધથી ભિન્ન હોય ત્યારે તે આજ્ઞા પ્રમાણે વિશેષ કરવું. આથી સ્ત્રીના સમ્બન્ધનું અથવા પુત્રાદિકના વિવાહાદિના સમ્બન્ધે જે કાર્ય હોય તેમાં વિશેષ આજ્ઞા થવાનો સંભવ જ નથી તે મૂલ્યમાં 'ભિન્ન'પદથી દર્શાવ્યું છે સ્પષ્ટ કર્યું છે. નવરત્નના "સેવાકૃતિર્ગુરોરાજ્ઞા" આ શ્લોકમાં આ જ વાત કહેવામાં આવી છે. તેથી સમર્પણ કર્યા પછી તદીયપણાનું અનુસંધાન રાખીને પ્રભુના પ્રસન્નપણે જેટલું આવશ્યક કરવા જેવું હોય તેટલું જ લૌકિક સઘળું કરવું. પરંતુ આગ્રહ કરીને વિશેષ ન કરવું તે **છટ્ઠો વિવેક** છે. ।।૩ $^{१}/_{२}$।।

સેવામાં ધન વગેરે તો જોઈએ. તે ન હોય તો દેવું કરીનેય સામગ્રી વગેરે સઘળું કરવાનો આગ્રહ રાખવો કે નહિ? આમ જાણવાની ઈચ્છા થાય તો કહે છે :

આપદ્ગત્યાદિકાર્યેષુ હઠસ્ત્યાજ્યશ્ચ સર્વથા ।।૪।।
અનાગ્રહશ્ચ સર્વત્ર ધર્માધર્માગ્રદર્શનમ્ ।।
વિવેકોયં સમાખ્યાતો ધૈર્યં તુ વિનિરૂપ્યતે ।।૫।।

અન્વયાર્થ : આપદ્ગત્યાદિ કાર્યેષુ= આપત્તિની પ્રાપ્તિ જેના આરંભમાં છે તેવા કાર્યોમાં, હઠઃ= હઠ, જીદ, સર્વથા ત્યાજ્યઃ= બધી રીતે છોડવી જરૂરી છે. સર્વત્ર= (દેહ સમ્બન્ધી વગેરે) બધામાં, ચ=

અને (બીજા કાર્યોમાં,) અનાગ્રહઃ= (સ્વામી વશત્વથી) આગ્રહ ન રાખવો. ધર્માધર્માગ્રદર્શનં= ધર્મ તથા અધર્મનો આગળ (પરિણામનો) વિચાર કરવો. અયં= આ, વિવેકઃ= વિવેક, સમાખ્યાતઃ= સારી રીતે કહ્યો છે, ધૈર્યં= ધૈર્ય, તુ= તો, વિનિરૂપ્યતે= વિશેષ પ્રકારે કહેવાય છે.

ભાવાર્થ : આપત્તિ આવે ત્યારે હઠ દરેક પ્રકારથી છોડવી. આગ્રહનો પણ ત્યાગ કરવો. બધા ઠેકાણે ધર્મ અને અધર્મનો પૂર્વવિચાર કરવો. બધા ઠેકાણે ધર્મ અને અધર્મનો પૂર્વવિચાર કરવો. આ પ્રકારથી વિવેકનું સંપૂર્ણ પ્રકારથી વ્યાખ્યાન કર્યું. હવે ધૈર્યનું વિસ્તારથી નિરૂપણ કરું છું. ૪-૫

ટીકા : આપત્તિ પ્રાપ્ત થાય ત્યારે, પ્રથમ જે સામગ્રી વગેરેનો નિયમ બાંધ્યો હોય તે જ પ્રમાણે કરવાની જીદ-આગ્રહ સર્વથા છોડવી. એટલે દેવું કરીને નિયમાનુસાર સઘળું કરવું જ એવી હઠ સર્વથા કરવી નહિ. પરંતુ વિના પ્રયત્ન જે મળે તેમાં સંતોષ રાખીને તેટલું જ પ્રભુને અર્પણ કરવું અને વિશેષનો આગ્રહ ના રાખવો. કેમકે પુષ્ટિમાર્ગની મર્યાદાથી પ્રભુને, ભક્ત જે કાંઈ સમર્પણ કરશે તે પ્રભુ સાક્ષાત્ અંગીકાર કરશે જ. જ્યાં પ્રભુ સમ્બન્ધી કાર્યમાં પણ હઠ ન કરવી ત્યાં લૌકિક કાર્યમાં તો હઠ સર્વથા ન કરવી તેમાં કહેવું શું? એ **સપ્તમ વિવેક** છે.

વૈદિક કાર્યમાં કેવી રીતે કરવું? એમ જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છે કે સ્માર્ત તથા વૈદિક સર્વ સ્થળે આગ્રહ ન જ રાખવો. એટલે ભગવત્ સેવાને છોડીને પણ સ્માર્ત શ્રૌતાદિક ધર્મો (સ્મૃતિ તથા શ્રુતિમાં કહેલા ધર્મો)નું આચરણ કરવું એવો આગ્રહ સર્વથા ન કરવો, પરંતુ ભગવાનની આજ્ઞાથી જે આવશ્યક કર્મ પ્રાપ્ત થયું છે તે સેવાના અનવસરમાં કરવા. મૂળમાં 'ચ'કાર છે તેથી સાક્ષાત્ ભગવાનનો સમ્બન્ધ જેમાં હોય નહિ તેવા સઘળા કાર્યોમાં અનાગ્રહ જ રાખવો તે **આઠમો વિવેક** છે.

વૈદિક ધર્મમાં અનાગ્રહ કેવી રીતે થઈ શકે? એમ જાણવાની

ઈચ્છા થાય તો કહે છે કે ધર્મ તથા અધર્મનું અગ્રદર્શન કરવું એટલે પરિણામનો વિચાર કરવો. તે આ પ્રમાણે કરવો શ્રુતિ તથા સ્મૃતિમાં કહેલા ધર્મો જેમ નહિ કરવાથી પાપ લાગે તે અધર્મ થાય (કહેવાય) તેવું પરિણામ વિચારીને (ક્રમશઃ) જેના પરિણામમાં અધર્મ દેખાય તે કાર્ય ન કરવા. સ્મૃતિ, શ્રુતિ તથા ભગવદ્ધર્મ તે ઉત્તરોત્તર એકબીજાથી બળવાન છે. તેથી શ્રૌત (વૈદિક) ધર્મ કરવામાં, સ્માર્ત ધર્મનો ત્યાગ થાય કે કરવો પડે તેમાં દોષ લાગતો નથી. તે જ રીતે ભગવદ્ધર્મ કરવામાં સ્માર્ત તથા શ્રૌત ધર્મનો ત્યાગ થાય તો દોષ નથી. કેમકે સર્વથી અધિક બળવાન ભગવદ્ ધર્મ છે એમ વિચારીને સ્માર્ત તથા શ્રૌત ધર્મોમાં આગ્રહ કરવો નહિ તે **નવમો વિવેક** છે. ભગવાનની આજ્ઞા છે કે "કર્મ કરવા" તેને આ માર્ગમાં પ્રમાણ નથી માનતા એવી કોઈને શંકા થાય તો તે નહિ થવા માટે ભગવદ્ભક્તોએ સ્વામીની આજ્ઞા ગણીને કરવાના છે, કોઈપણ પ્રકારની ફલબુદ્ધિથી કે સ્વતંત્ર બુદ્ધિથી કરવા નહિ.

આ રીતે વિવેકનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું. હવે ધૈર્યનું નિરૂપણ વિસ્તારથી કરે છે. જેમકે નવરત્નમાં **"ચિત્તોદ્વેગં વિધાયાપિ"** એ શ્લોકમાં ધૈર્યનું નિરૂપણ કર્યું છે. પરંતુ હવે વિસ્તારથી નિરૂપણ કરે છે. ।।૫।।

હવે ધૈર્યનું લક્ષણ કહે છે :

ત્રિદુઃખસહનં ધૈર્યમામૃતે સર્વતઃ સદા ।।
તક્રવદ્દેહવદ્ ભાવ્યં જડવદ્ ગોપભાર્યવત્ ।।૬।।

અન્વયાર્થ : આમૃતેઃ= મરણકાલ સુધી, સર્વતઃ= સર્વ તરફથી, સદા= હંમેશાં, ત્રિદુઃખસહનં= ત્રણ પ્રકારના (આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક; દેહ, ઈંદ્રિય તથા પ્રારબ્ધના) દુઃખોને (શોક અને પ્રતિકાર વગર) સહન કરવા, ધૈર્યં= (તે) ધૈર્ય (છે,) દેહવત્= દેહવાળા (દુઃખોમાં,) તક્રવત્= છાશની જેમ, ભાવ્યં= ભાવના કરવી, જડવત્= (ઈંદ્રિયાદિના દુઃખોમાં) જડ (ભરત)ની જેમ (ભાવના કરવી)

(પ્રારબ્ધાદિના દુઃખોમાં,) ગોપ-ભાર્યવત્= ગોપોના સ્ત્રીઓના વૃન્દતુલ્ય (વિચારવું.)

ભાવાર્થ : મરણ જેવું કષ્ટ આવી જાય ત્યાં સુધી અથવા આયુષ્ય રહે ત્યાં સુધી આધિભૌતિક વગેરે ત્રણે પ્રકારના દુઃખોને સર્વ રીતે સહન કરતાં રહેવું તેનું નામ **ધૈર્ય** છે. દેહસંબંધવાળા દુઃખોમાં છાશની જેમ વિચાર કરવો, ઈન્દ્રિયાદિના દુઃખોમાં જડભરતની જેમ ભાવના કરવી. પ્રારબ્ધાદિના દુઃખોમાં ગોપભાર્યાઓની જેમ વિચારવું.૬

ટીકા : દેહસમ્બન્ધી દુઃખ હોય તે આધિભૌતિક, કામાદિકથી ઈંદ્રિયસમ્બન્ધી જે દુઃખ થાય તે આધ્યાત્મિક તથા જીવમાં કેટલુંક ધૈર્ય છે તેવી કસોટી માટે અથવા દુઃખ ભોગવવાનું જીવનું પ્રારબ્ધ હોય તેને માટે ભગવદ્ઈચ્છાથી જ દુઃખ પ્રાપ્ત થાય છે તે અથવા પ્રભુને વિનિયોગ કરવા માટે જે વસ્તુની અપેક્ષા હોય તે વસ્તુ મળવામાં વિલંબ થાય તેથી કરીને જે દુઃખ થાય તે આધિદૈવિક દુઃખ સમજવું. આ ત્રણેય પ્રકારના દુઃખ થાય ત્યારે દેહ, ઈંદ્રિય તથા ચિત્ત વ્યાકુળ થાય, ત્યારે સેવા સિદ્ધ ન થાય, તેથી સેવાની સિદ્ધિને માટે ત્રણેય પ્રકારના દુઃખોને સહન કરવા. તે પણ મરણપર્યંત કષ્ટ આવી પડે ત્યાં સુધી અથવા આયુષ્ય રહે ત્યાં સુધી સહન કરવા. તે પણ એક પ્રકારના કે બે પ્રકારના દુઃખને સહન કરવા તેવું નહિ પરંતુ તમામ પ્રકારના દુઃખોને સહન કરવા.

તેમાં દષ્ટાંત કહે છે કે તક્ર-છાશમાંથી નવનીત-માખણ કાઢી લે છે ત્યારે છાશ સારરહિત થઈ જાય છે. પછી તે ઢોળાઈ જાય તો, જેમ તેમાં અભિમાન નહિ હોવાથી તેનું કંઈ દુઃખ થતું નથી તેવી રીતે દેહના સમ્બન્ધીઓમાંથી છાશની જેમ અભિમાન છોડવાથી તેઓ અપમાનાદિક કરશે તેનું દુઃખ નહિ થાય એવા અભિપ્રાયથી દેહવાળાઓને તેના સમ્બન્ધીઓ જે સ્ત્રીપુત્રાદિક તેઓમાં છાશના જેવી ભાવના રાખવાનું કહ્યું છે. એટલે દેહાદિકોથી જે ભગવત્ સમ્બન્ધી કાર્ય થાય તેજ નવનીત-માખણ છે એમ સમજીને ભગવત્ સમ્બન્ધી કાર્યોમાં જ નવનીતવત્ અભિમાન રાખવું.

એ રીતે આધિભૌતિક દુઃખ સહન કરવામાં દૃષ્ટાંત કહીને હવે આધ્યાત્મિક દુઃખ સહન કરવામાં દૃષ્ટાંત કહે છે. કામ-ક્રોધાદિકથી ઇંદ્રિય સમ્બન્ધી જે દુઃખ થાય છે તેમાં જડભરતની ભાવના કરવી; એટલે કે જડભરતને જેમ ભગવદ્ભાવ વડે સર્વ ઇંદ્રિય આવિષ્ટ થઈ હતી તેથી દુઃખનું ભાન રહેતું નહોતું અને જડપણું થયું હતું તે રીતે સેવામાં જે પ્રવૃત્ત થયો હોય તેને સર્વ ઇંદ્રિય ભગવત્ સમ્બન્ધી છે, એવું અનુસંધાન રાખીને ભગવાનમાં જ વિનિયોગ કરે ત્યારે નિરંતર પ્રભુની સેવા તથા પ્રભુના ગુણોના કીર્તન સ્મરણ વગેરેનો જ આવેશ રહે છે. એટલે કામ-ક્રોધ વગેરેનું દુઃખ થાય નહિ એવા અભિપ્રાયથી જડની ભાવના કરવાનું કહે છે.

હવે આધિદૈવિક દુઃખ સહન કરવામાં દૃષ્ટાંત કહે છે કે પ્રારબ્ધના ભોગ ભોગાવવાની પ્રભુની ઇચ્છા હોય અથવા કસોટી માટે પ્રભુ ફળ આપવામાં વિલંબ કરે ત્યારે ગોપભાર્યાઓની ભાવના કરવી. એટલે જેમ અંતર્ગૃહગતાઓને સકામબુદ્ધિ હતી. તેથી દુઃખ ભોગવવાનું પ્રારબ્ધ હતું, તે પ્રભુની સાથે રાસમાં મળવાના ફલમાં વિલંબનું કારણ થયું. તેથી ઘરમાંથી નીકળવાનો રસ્તો મળ્યો નહિ ત્યારે નેત્ર બંધ કરીને પ્રભુનું ધ્યાન ધર્યું. ત્યારે પ્રભુના વિરહનું દુઃખ એવું ઉત્કટ થયું કે કોટાનકોટી વર્ષ સુધી કુંભીપાકાદિક નરક ભોગવવામાં જેટલું દુઃખ થાય તેટલું દુઃખ તેઓને ભગવાનના વિરહમાં એક ક્ષણમાં થયું તે ભોગવ્યું, એટલે પાપની નિવૃત્તિ થવાથી ધ્યાનમાં પ્રભુ પધાર્યા ત્યારે પ્રભુનો આશ્લેષ કર્યો તેમાં એવું તો સુખ થયું જે કોટાનકોટી વર્ષ સુધી સ્વર્ગાદિક ભોગવવામાં જેટલું સુખ થાય તેટલું સુખ ભગવાનના આશ્લેષથી (પ્રગાઢ આલિંગનથી) એક ક્ષણમાં થયું. તે પછી સગુણ દેહનો પરિત્યાગ કર્યો ત્યારે ભગવાનની પ્રાપ્તિ થઈ. તેવી રીતે મને પણ પ્રારબ્ધભોગ ભોગવ્યા બાદ ભગવાન્ ફળ આપશે એવા ધૈર્યથી દુઃખ સહન કરવું. આ રીતે જેઓને નિર્ગુણ દેહ હતો તેઓને પ્રતિબંધ ન થયો તથા ભગવાનની પાસે પહોંચ્યા ત્યારે પ્રભુએ તેઓને ઘેર પાછા ફરવા માટે કેટલાક વચન કહ્યાં. તે સમયે

યજ્ઞપત્નીઓની જેમ અન્યથા ભાવ જેવું તો તેઓને થયું નહિ; પરંતુ જે ઈચ્છા મનમાં હતી તે પૂર્ણ નહિ થવાનો સંભવ થયો. તેના દુઃખને સહન કરીને ધૈર્યથી ભક્તિમાર્ગને અનુસાર જ ઉત્તર આપ્યો; પરંતુ ઘેર જવાની ઈચ્છા જ ના થઈ. તે જ પ્રમાણે વર્તમાનમાં પણ વિલંબજનિત દુઃખને સહન કરીને નિરવધિ સ્નેહથી માર્ગની મર્યાદામાં રહેવાથી ભગવાન્ ફળ આપશે જ એવું ધૈર્ય રાખીને દુઃખને સહન કરવું. ।।૬।।

હવે અહીંયાં તો આધિભૌતિક દુઃખ સહન કરવામાં દેહસમ્બન્ધી જે સ્ત્રી, પુત્ર વગેરે અપમાનાદિક કરે તેને સહન કરવાનું કહ્યું છે તથા નિબંધમાં સ્ત્રી વગેરે અનુકૂલ હોય તો તેઓની પાસે સેવાદિક કરાવવા, ઉદાસીન હોય તો પોતાના હાથે જ કરવા તથા પ્રતિકૂળ હોય તો ઘરનો ત્યાગ કરવો એવું કહ્યું છે; પરંતુ તિરસ્કાર વગેરેથી ભાર્યાદિક આપણને દુઃખ ન આપે તો પણ તેઓનો શું ત્યાગ જ કરવો? એવી શંકા થાય તો કહે છે :

પ્રતીકારો યદચ્છાતઃ સિદ્ધશ્ચેન્નાગ્રહી ભવેત્ ।।
ભાર્યાદીનાં તથાઽન્યેષામ્ અસતશ્ચાક્રમં સહેત્ ।।૭।।

અન્વયાર્થ : ચેત્= જો, પ્રતિકારઃ= દુઃખ નિવૃત્તિનો ઉપાય, યદચ્છાતઃ= ભગવદ્દ્ઈચ્છાથી, સિદ્ધઃ= સધાય (તો,) આગ્રહી= (દુઃખ ભોગવવાના) આગ્રહવાળા, ન= ન, ભવેત્= થવું, ભાર્યાદીનાં= પત્ની વગેરેના, તથા= અને, અન્યેષાં= બીજાઓના, ચ= અને, અસતઃ= દુષ્ટ લોકોના, આક્રમં= તિરસ્કારને, સહેત્= સહન કરવા.

ભાવાર્થ : ભગવત્ ઈચ્છાથી દુઃખની નિવૃત્તિનો ઉપાય અગર સિદ્ધ થઈ જાય તો ગૃહનો ત્યાગ કરવામાં આગ્રહવાળા ના થવું. એવી રીતે સ્ત્રી વગેરેનો, બીજાઓનો તથા અસત્પુરુષોનો દુર્વર્તાવ સહન કરવા. ૭

ટીકા : સ્ત્રી વગેરે (પારિવારિકજન) ભગવદ્દ્ઈચ્છાથી અનુકૂળ અથવા ઉદાસીન હોય તો તેઓનો ત્યાગ કરવામાં આગ્રહવાળા ન થવું.

અનુકૂળ હોય તો તેઓની પાસે પ્રભુની સેવા કરાવે. (સેવામાં સહાયક બનાવે) તથા ઉદાસીન હોય તો સ્વયં સેવા કરે (તેઓની સહાય ન લે) તો પણ તેઓના યોગક્ષેમ-ભરણપોષણ તો અવશ્ય કરવું. ત્યાગ ન કરવો. પરંતુ સેવામાં પ્રતિકૂળ થઈ પ્રતિબંધ કરતા હોય તો જ ત્યાગ કરવો નહિતર ત્યાગ સર્વથા ન કરવો; કારણકે જીદ કરીને તેઓનો ત્યાગ કરે ત્યારે તો તેઓને સ્ત્રી, વગેરેને ક્રોધાવેશ થાય. તેમ થતાં તેઓ આપણો દ્વેષ કરે, તેથી સેવામાં પ્રતિબંધ થાય, ત્યારે સેવા પણ બની શકે નહિ, આ તો સેવામાં પોતે જ પ્રતિબંધક થયા (તેવું થાય) તેથી દુરાગ્રહથી સર્વથા ત્યાગ ન કરવો. આ આધિભૌતિક દુઃખના પ્રતિકારમાં વ્યવસ્થા કહી.

હવે આધ્યાત્મિક દુઃખના પ્રતિકારમાં વ્યવસ્થા કહે છે. સર્વ ઇંદ્રિયોને પોત-પોતાની ભોગ્ય વસ્તુના ત્યાગમાં દુઃખ તો થાય છે તો ભગવત્ ઈચ્છાથી જ ઇંદ્રિયોની પ્રવૃત્તિ વિષયોમાં ના થાય ત્યારે તેઓનો ત્યાગ કરવામાં આગ્રહવાળા ના થવું કારણકે સેવામાં તો અંતરાય થતો નથી તથા પ્રભુને માટે માલા, ચંદન વગેરે તથા ભોગ-સામગ્રી અવશ્ય જોઈએ. તે પ્રભુએ અંગીકાર કર્યા પછી મહાપ્રસાદ આપ્યો છે તે તો આપણા સૌભાગ્યરૂપ છે એમ જાણીને તેનો ઉપભોગ કરવામાં બાહ્ય તથા ભીતરની આંતરિક શુદ્ધિ થાય. તેથી ભગવદ્ધર્મમાં આવેશ થાય તેથી તેનો ત્યાગ ના કરવો. કેમકે સેવાફલ ગ્રંથમાં સેવામાં ત્રણ ફલ જણાવ્યા છે તેમાં આ અલૌકિક ભોગ તો મુખ્ય ફલમાં ગણ્યો છે.

આમ આધ્યાત્મિક દુઃખના પ્રતિકારની વ્યવસ્થા કહીને હવે આધિદૈવિક દુઃખના પ્રતિકારમાં વ્યવસ્થા જણાવે છે. જો પ્રારબ્ધભોગ થયા પછી અથવા પ્રભુ કસોટી માટે (ફલમાં) વિલંબ કરતા હોય તો પરીક્ષા કર્યા પછી, કૃપા કરીને પ્રભુ સેવોપયોગી ધનાદિક સાક્ષાત્ અથવા પરંપરાથી આપવાની ઈચ્છા કરે ત્યારે તેનો ત્યાગ કરવામાં આગ્રહવાળા ના થવું. પરંતુ ભગવાને આપના ઉપભોગને માટે આ આપ્યું છે એમ માનીને સર્વ ભગવાનને માટે જ ઉપયોગમાં લે અને પોતાના માટે

ઉપયોગ ન કરે.

ઉપર આધિભૌતિક વગેરે દુઃખને સહન કરવાનું કહ્યું હતું તેની હકીકત લખીને હવે દેહાદિ સમ્બન્ધી દુઃખ આપવાવાળા કોણ છે? એવું જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છે જો સ્ત્રી વગેરે તો 'ભાર્યાદિ' કહેવાય છે. તેથી ભરણ પોષણની બાબતમાં તે આપણા સમાન છે (જે આપણા પર નિર્ભર છે) તેઓને (તો) ભરણપોષણ જ અપેક્ષિત છે; (આપણા) ધર્મ (વિષયક બાબત) અપેક્ષિત નથી. એટલે તેઓનું ભરણ-પોષણ એટલે કે દેહાદિક સર્વ વસ્તુઓનો તેઓની પોતાની બાબતમાં વિનિયોગ (આપણાથી બહાર પ્રકારનો થાય) તે ન થાય ત્યારે તેઓ (જેઓ આપણા પર નિર્ભર છે એવા પરિવારજનો) અતિક્રમ કરે (તો) તેને સહન કરવું. પરંતુ ગુસ્સો વગેરે કરવા નહિ. (મતલબ તેઓને પોતાના ભરણપોષણથી જ પડી હોય છે આપણા ધર્મ બાબત કશી પડી હોતી નથી.) તે રીતે પોતે (જ્યારે) સેવા પધરાવી ન હોય ત્યારે સઘળાની સંગે હળવા મળવા વગેરે જેવો વ્યવહાર કરતા હોઈએ (પણ) સેવા પધરાવ્યા પછી તેવો વ્યવહાર ન રહે (બરાબર નિભાવી ન શકતા હોઈએ) ત્યારે પણ મિત્ર વગેરે તથા અન્ય લોકો પણ ઈર્ષ્યા કરીને અતિક્રમ કરે (ન બોલવાનું બોલે) તો તેને પણ સહન કરવું. અથવા આપણા ભાઈભાંડુ વગેરે બંધુલોક વૈષ્ણવ હોવા છતાં પણ ભાઈપણાને કારણે ધનાદિકના (મિલ્કત સમ્બન્ધ) ભાગ વગેરેને કારણે દ્વેષ થવાથી તેઓ પણ અતિક્રમ કરે તો તેને પણ સહન કરવો. તે રીતે પોતાનો સેવક હોય તે સ્ત્રીપુત્રાદિકની જેમ પોષણ કરવાપાત્ર જનોની અંતર્ગત ગણાય છે તે પણ (નોકર પણ) તેઓના (પારિવારિક જનોના) સંગને કારણે અતિક્રમ કરે (કુટુંબના લોકોની સોબતમાં તે પણ, કહ્યું માને નહિ, ફાવે તેમ બોલવાનુંય ચૂકે નહિ વગેરે) તો તેને પણ સહન કરવું. (કારણ?) આ પુત્ર વગેરેને ધર્મવિરોધી કહ્યા છે. હવે મૂળમાં 'ચ'કાર છે તે વડે ધર્મના અનુરોધી શિષ્ય-ભક્તો વગેરે હોય તેઓ પણ પ્રમાદથી, જીવ સ્વભાવથી અતિક્રમ કરે ત્યારે આ પ્રારબ્ધાદિક ભોગ છે એવી ભાવના

કરીને, ધૈર્ય ધારણ કરીને, તેઓ તરફથી થતાં દુઃખને પણ સહન કરવાં; પરંતુ તેઓના ઉપર ક્રોધાદિક વગેરે ન કરવા, કેમકે શિષ્ય-ભક્તોને પણ આપણે જ પ્રભુનો સમ્બન્ધ કરાવ્યો છે. ફરી તેની ઉપર ક્રોધ કરવામાં તેનું અનિષ્ટ થાય તે પ્રકારે કરવું તે ભગવદીયનો ધર્મ નથી, જેનો અંગીકાર આપણે કર્યો છે, કરાવ્યો છે તેનું તેથી અનિષ્ટ થાય (તે યોગ્ય નથી) તેથી તેઓના અતિક્રમને (બકવાસને દુર્વર્તાવને) પણ સહન જ કરવો. ।।૭।।

વિશેષ : પુત્ર વગેરે આપણી સાથે રહેનારા પોતાના પોષણને કારણે રહે છે તેવા વિરોધીઓને 'ધર્મવિરોધી' કહ્યા. ધર્મ બાબતે તેઓને કાંઈ પરવા નથી, જ્યારે શિષ્ય વગેરે તો ધર્મને કારણે આપણી સંગમાં રહે છે તેથી તેઓને 'ધર્મ અનુરોધી' કહ્યા. આ રીતે ધર્મ વિરોધી, પરિવારના જનો તેમજ ધર્મ અનુરોધીશિષ્ય વગેરે પણ અતિક્રમ કરે તો તેને સહન કરવો.

આવી રીતે સેવાના પ્રતિબંધકપણાથી સ્ત્રી વગેરેના અતિક્રમને સહન કરવાનું નિરૂપણ કરીને સેવાના પ્રતિબંધકપણાથી ભોગનો ત્યાગ કરવામાં પણ તે તે ઈંદ્રિયજનિત આધ્યાત્મિક દુઃખ થાય તેને સહન કરવાનો પ્રકાર જણાવે છે :

સ્વયમિન્દ્રિયકાર્યાણિ કાયવાઙ્મનસા ત્યજેત્ ।।
અશૂરેણાપિ કર્તવ્યં સ્વસ્યાસામર્થ્યભાવનાત્ ।।૮।।

અન્વયાર્થ : સ્વયં= પોતે, ઈંદ્રિય કાર્યાણિ= ઈંદ્રિયોના ભોગો, કાય-વાઙ્-મનસા= શરીર, વાણી, મનથી, ત્યજેત્= છોડી દેવા, અશૂરેણ= (વિષય ભોગ છોડવામાં) અસમર્થ, અપિ= પણ, સ્વસ્ય= પોતાની, અસામર્થ્યભાવનાત્= અસામર્થ્યની ભાવનાથી, કર્તવ્યં= (ભોગત્યાગ) કરવો જરૂરી છે.

ભાવાર્થ : કાયા વાણી તથા મન વડે પોતાના ભોગને માટે ઈંદ્રિયોના કાર્યોને છોડવા. દુઃખ સહન કરવાની પોતાની શક્તિ ન હોય તો

પણ પોતાનું સામર્થ્ય નથી એવી ભાવના કરીનેય દુઃખ સહન કરવા. ૮

ટીકા : એટલે પોતાના ભોગને માટે ઇંદ્રિયોનું કાર્ય કરે તેમાં સેવામાં પ્રતિબંધ થાય, તેથી કાયિક, વાચિક તથા માનસિક ઇંદ્રિયોના કાર્યને છોડવાં. આમ પ્રાકૃત વિષયોમાં ઇંદ્રિયોની પ્રવૃત્તિ થઈ હોય તે છોડાવીને અલૌકિકમાં તેઓની પ્રવૃત્તિ કરાવવી. તેમાં જ્યાં સુધી અલૌકિકમાં પ્રવૃત્તિ થઈ ન થઈ હોય ત્યાં સુધી પ્રાકૃત વિષય છોડાવવામાં દુઃખ થાય તેને સહન કરવું તથા પ્રારબ્ધભોગને માટે કે પરીક્ષાને માટે પ્રભુ વિલંબ કરે ત્યારે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય નહિ. ત્યારે તેનું દુઃખ થાય જે સહન થઈ શકે નહિ, કારણકે એવું ધૈર્ય હોય નહિ. વળી (નિર્વાહ માટે જરૂરી ધન વગેરે) નિત્ય (દરરોજ) મળે ત્યારે આપણો નિર્વાહ થાય એવી દરિદ્રતા હોય તેને એક દિવસ (માનો) કશું જ ન મળે ત્યારે સવારમાં જ લેવાનું (એક ટંક પૂરતું પણ) કશું જ હોય નહિ ત્યારે દુઃખ થાય. પરંતુ તેમાં આપણું (કાંઈ હતું નહિ તેમજ આપણું કાંઈ ચાલી શકે તેમ) નથી એવી ભાવના કરીને (પણ) તે દુઃખનેય સહન જ કરવું. આ જ હકીકત નવરત્નમાં ''ચિત્તને ઉદ્વેગ થાય ત્યારે પણ, ભક્તોના દુઃખને હરવાવાળા હરિ જે જે કરશે તે તેવી જ તેમની લીલા છે, એમ માનીને ચિંતાને તરત જ છોડી દેવી જોઈએ'' આવી જે આજ્ઞા કરી છે તેનું અનુસંધાન કરીને ધૈર્ય રાખવું. ।।૮।।

આપણાથી જે દુઃખ નિવૃત્ત દૂર કરી શકાય તેવું હોય તે પણ સહન થઈ શકે નહિ તો પછી દુઃખ દૂર કરવામાં જ્યાં પોતાનું સામર્થ્ય જ ન હોય (દુઃખ દૂર કરવાનું પોતાના ગજા બહાર હોય) એવું દુઃખ થાય તે તો સરળતાથી સહન થઈ શકે પણ નહિ, ત્યારે આવો અશક્ય ઉપદેશ કેમ કર્યો છે? એવી શંકા થાય ત્યાં કહે છે :

અશક્યે હરિરેવાસ્તિ સર્વમાશ્રયતો ભવેત્ ।।
એતત્સહનમત્રોક્તમાશ્રયોઽતો નિરૂપ્યતે ।।૯।।

અન્વયાર્થ : અશક્યે હરિરેવાઽસ્તિ= અશક્યમાં હરિ જ (શરણ)

છે, સર્વં આશ્રયતઃ ભવેત્= સઘળું આશ્રયથી જ (સિદ્ધ) થાય, એતત્સહનમ્= આ ધૈર્ય (સહન કરવાનું,) અત્ર ઉક્તં= અહીં કહ્યું છે, અતઃ= આથી, આશ્રયઃ નિરૂપ્યતે= (આશ્રયનું નિરૂપણ કરાય છે.) આશ્રય નિરૂપાય છે.

ભાવાર્થ : જ્યારે પોતાની અસમર્થતા હોય ત્યારે હરિ જ રક્ષક છે એમ સમજી આશ્રય (દઢ) રાખે તો સર્વ કાંઈ સિદ્ધ થાય. આ ધૈર્યનું સ્વરૂપ કહ્યું. હવે આશ્રયનું સ્વરૂપનિરૂપણ કરે છે. ૯

ટીકા : આમ જે જીવ સેવામાં પ્રવૃત્ત થયો છે તેને વિવેકધૈર્યાદિકની સ્થિતિમાં શક્તિ ન હોય ત્યારે હરિ જ એકમાત્ર શરણ છે એવી ભાવના કરવી, કેમકે હરિ ભક્તોના સર્વ દુઃખોના હર્તા છે. તે કૃપા કરીને સઘળું સંપાદન કરશે. તેથી કહે છે કે (દઢ અનન્ય) આશ્રયથી સર્વ સિદ્ધ થાય. એટલે કે અશક્ય હોય તે પણ હરિના આશ્રયથી સઘળું સિદ્ધ થાય. પરંતુ આશ્રય ન હોય તો પોતાનાથી શક્ય હોય તે પણ સિદ્ધ થઈ શકે નહિ. એટલે કે નિઃસાધનપણાથી શરણાગતિ થાય ત્યારે પ્રભુની કૃપાથી વિવેક અને ધૈર્ય એકજ સમયમાં સઘળું સિદ્ધ થાય. આવી રીતે ધૈર્યના સ્વરૂપનું નિરૂપણ કરીને આશ્રયથી સર્વ સિદ્ધ થાય તેવું કહ્યું છે તેથી હવે આશ્રયનું નિરૂપણ કરે છે. ।।૯।।

પ્રથમ સમગ્રના પ્રકારે–સમુદાય કરીને આશ્રયનું સ્વરૂપ કહે છે :

ઐહિકે પારલોકે ચ સર્વથા શરણં હરિઃ ।।૯ ૧/૨।।

અન્વયાર્થ : ઐહિકે= આ લોક સમ્બન્ધી (સંપાદન)માં, ચ= અને, પારલોકે= પરલોક સમ્બન્ધી (સંપાદન)માં, સર્વથા= સર્વ રીતે, શરણં હરિઃ= હરિ જ શરણ છે.

ભાવાર્થ : આ લોકમાં તથા પરલોકમાં સર્વસ્થળમાં હરિ જ શરણ છે. ૯ ૧/૨

ટીકા : એથી ભક્તિમાર્ગમાં જેનો અંગીકાર થયો છે તથા જે

સેવામાં પ્રવૃત્ત થયો છે તેને સેવા સિવાય બીજું કર્મ કરવું તે સ્વધર્મ નથી. તેથી જ ઐહિક તેમજ પારલૌકિક સાધન તેણે કરવા નહિ, કેમકે તેમ કરવાથી સેવામાં તેને અંતરાય થાય. તેથી ઐહિક તથા પારલૌકિકની સિદ્ધિને માટે તેણે (કેવળ) હરિના શરણની જ ભાવના કરવી. પરંતુ સેવા છોડીને બીજા સાધન કરવા નહિ. ||૯ $^{૧}/_{૨}$||

આ રીતે સમગ્રતાએ (એકદંર પ્રકારે) આશ્રયનું સ્વરૂપ કહીને હવે ભિન્નભિન્ન પ્રત્યેકના ભેદથી આશ્રયનું સ્વરૂપ જણાવે છે :

દુઃખહાનૌ તથા પાપે ભયે કામાદ્યપૂરણે ||૧૦||
ભક્તદ્રોહે ભક્ત્યભાવે ભક્તૈશ્ચાતિક્રમે કૃતે ||
અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણં હરિઃ ||૧૧||

અન્વયાર્થ : દુઃખહાનૌ= દુઃખનો નાશ કરવામાં, તથા પાપે= અને પાપમાં, ભયે= ભયમાં, કામાદ્યપૂરણે= કામ વગેરેની અપૂર્તિમાં, ભક્તદ્રોહે= ભક્તના દ્રોહમાં, ભક્ત્યભાવે= ભક્તિના અભાવમાં ઉત્પન્ન થવામાં, ચ ભક્તૈઃ અતિક્રમે કૃતે= અને ભક્તો વડે અતિક્રમ થયો હોય ત્યારે, અશક્યે વા સુશક્યે વા= અશક્યમાં પણ સુશક્યમાં પણ, સર્વથા શરણં હરિઃ= બધી રીતે શરણ હરિ (છે.)

ભાવાર્થ : દુઃખની હાનિમાં, પાપના નિવારણમાં, ભયમાં, કામના અર્થની પૂર્તિમાં, ભક્ત પોતાનો દ્રોહ કરે અથવા આપણાથી ભક્તનો દ્રોહ થઈ જાય તેમાં, ભક્તિના અભાવમાં, ભક્ત અતિક્રમ કરે તેમાં, અશક્યમાં તથા સુશક્યમાં સર્વથા (સર્વ પ્રકારની અવસ્થામાં) હરિ જ શરણ છે. ૧૦-૧૧

ટીકા : એટલે જે ભક્તિમાર્ગીય જીવ સેવામાં પ્રવૃત્ત થયો હોય તેણે દેહ, ઈંદ્રિયાદિ સમ્બન્ધી, આધિભૌતિક વિગેરે પ્રકારના દુઃખ થાય, તેથી ચિત્તમાં ઉદ્વેગાદિક થાય નહિ તે માટે શરણની જ ભાવના કરવી. તે રીતે ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થયા અગાઉ પ્રમાદથી કંઈક પાપ થયું હોય અથવા સેવામાં પ્રવૃત્ત થયા પછી દેહ તથા ઈંદ્રિયાદિક વિગેરેથી ભગવદ્

અપરાધ વગેરે રૂપ પાપ થઈ જાય તો તેની નિવૃત્તિ માટે શરણની જ ભાવના કરવી. પ્રાયશ્ચિત વગેરે (સાધન પ્રકારો) ન કરવા કેમકે તેમ કરવાથી શરણધર્મ જતો રહે છે (તેને બાધ આવે છે.) એવી રીતે રાજા તથા ચૌરાદિકોથી અથવા પાપાદિકોથી ભય થાય તેમાં પણ શરણની જ ભાવના કરવી. તે જ રીતે ઇચ્છિત કામના હોય, તેના જે પદાર્થ હોય, તેની પૂર્તિમાં પ્રાપ્તિમાં શરણની ભાવના કરવી. તેવી રીતે પ્રમાદથી ભક્તનો દ્રોહ થઈ જાય અથવા ભક્ત પોતાનો દ્રોહ કરે તો તેમાંય શરણની ભાવના કરવી. તે રીતે સેવામાં પ્રવૃત્ત થયો હોય પરંતુ ભગવત્ સ્વરૂપમાં સ્નેહ ઉત્પન્ન ન થતો હોય તેને માટે, ભક્ત અતિક્રમ કરે અથવા તેવી જ કોઈ ધર્મની બાબતમાં ભક્ત અતિક્રમ કરે ત્યારે પોતાનો દોષ વિચારીને શરણની ભાવના જ કરવી. વળી પોતાનાથી થઈ શકે નહિ તેવા કાર્યમાં અથવા પોતાનાથી થઈ શકે તેવા કાર્યમાં પણ શરણની જ ભાવના કરવી. પોતાના સામર્થ્યથી આ કાર્ય થયું છે તેવું અભિમાન કરે તો શરણધર્મ જાય. તેથી સર્વાત્માએ કરીને (સર્વ પ્રકારે) તદીયપણાનું અનુસંધાન રાખીને, હરિના શરણની જ ભાવના કરવી. ।।૧૦,૧૧।।

અહંકારકૃતે ચૈવ પોષ્યપોષણરક્ષણે ।।
પોષ્યાતિક્રમણે ચૈવ તથાન્તેવાસ્યતિક્રમે ।।૧૨।।
અલૌકિકમનઃસિદ્ધૌ સર્વાર્થે શરણં હરિઃ ।।
એવં ચિત્તે સદા ભાવ્યં વાચા ચ પરિકીર્તયેત્ ।।૧૩।।

અન્વયાર્થ : અહંકાર-કૃતે= અભિમાનથી કરેલામાં, ચ= અને, એવ= જ, પોષ્યપોષણ રક્ષણે= પોષ્ય પોષણના રક્ષણમાં, પોષ્યાતિ ક્રમણે= જેમનું પોષણ જરૂરી છે તેવાઓએ કરેલા અતિક્રમમાં, તથા= અને, અન્તેવાસ્યતિક્રમે= અન્તેવાસીઓની અવજ્ઞામાં, અલૌકિકમનઃસિદ્ધૌ= અલૌકિક મનની સિદ્ધિ માટે, સર્વાર્થે= સઘળા (પુરુષાર્થ) માટે, શરણં હરિઃ= શરણ હરિ છે, એવં= આ પ્રમાણે, ચિત્તે= ચિત્તમાં, સદાભાવ્યં= સદા ભાવના કરવી જરૂરી છે, ચ= અને વાચા= વાણી વડે, પરિકીર્તયેત્= બધે કહ્યા કરવું.

ભાવાર્થ : જીવ સ્વભાવથી કોઈની સામે અહંકાર કરવામાં, પોષણ કરવાને યોગ્ય હોય તેવાઓનું પોષણ તથા રક્ષણ કરવામાં, સ્ત્રી વગેરે પોષિતોથી થતા અતિક્રમમાં, તથા શિષ્ય તરફથી થતા અતિક્રમમાં તથા અલૌકિક મન સિદ્ધ થવામાં, એમ સર્વ અર્થમાં હરિ જ શરણ છે એ પ્રકારની હંમેશાં ચિત્તમાં ભાવના કરવી તથા વાણીથીય એમ કહ્યા કરે. ૧૨-૧૩

ટીકા : એટલે જીવ સ્વભાવવશથી (સ્વભાવના કારણે,) કોઈની સંગે અથવા ભક્તના સંગે, અહંકાર થઈ જાય, તેમ કર્યાથી આસુરાવેશ થાય, તેનો વિવેક પાછળથી થાય ત્યારે, પશ્ચાત્તાપ થાય, ત્યારે પણ શરણની જ ભાવના કરવી. અથવા પ્રભુની અત્યંત કૃપા થાય ત્યારે પ્રભુની સંગે જ અહંકાર થઈ જાય ત્યારે પણ તે દોષની નિવૃત્તિ માટે શરણની જ ભાવના કરવી. તે રીતે પોતાથી પોષણ કરવા યોગ્ય જે સ્ત્રી, પુત્રાદિક છે તેઓનું પોષણ તથા રક્ષણ કરવામાં તથા પોષ્ય-જેઓનું પોષણ કરવામાં આવે છે તેવા તે કુટુંબીજનોથી અતિક્રમ થાય અથવા મૂળમાં 'ચ'કાર છે, તેથી બંધુ તથા દાસપર્યંતનો પણ અતિક્રમ થાય તેમાં, તથા શિષ્ય પણ આપણો અતિક્રમ કરે તેમાંય શરણની જ ભાવના કરવી, પરંતુ તેઓનો પ્રતિ ક્રોધ કરવો. તે પ્રકારે મનની અલૌકિકતાની સિદ્ધિને માટે શરણની ભાવના કરવી. અત્રે 'મન' લખ્યું છે તે સઘળી ઈંદ્રિયોને દર્શાવિનારૂં છે, એટલે કે દેહ, ઈંદ્રિય વગેરેનો પ્રાકૃત અંશ નિવૃત્ત થઈને તેઓનું જે રીતે અલૌકિકપણું સિદ્ધ થાય તથા તે સિદ્ધ થયા પછી પણ અલૌકિક સકલ પદાર્થની સંપત્તિને માટે પણ હરિ જ શરણ છે એવી ભાવના કરવી. આમ જ્ઞાનરૂપ જે ચિત્ત છે તેમાં હંમેશાં શરણની ભાવના કરવી તથા વાણીથી ઉચ્ચાર કરવો. ક્ષણમાત્ર પણ ઉચ્ચાર ન કરે તો તે જ સમયે આસુરાવેશ આસુરભાવનો પ્રવેશ થાય. ચિત્તને જ્ઞાનરૂપપણું ન થયું હોય તો પણ વાણીથી ''શ્રીકૃષ્ણઃ શરણં મમ'' એ પ્રકારે કહ્યા કરે. મૂળમાં 'ચ'કાર છે. તે (શબ્દ) વડે કાયાથી સેવા કરવી, મન વડે ભાવના કરવી ને વાણીથી ઉચ્ચાર કરવો (સતત

અષ્ટાક્ષરનું સ્મરણ) આ રીતે ત્રણેય પ્રકારની (મન-વચન-કર્મથી) શરણાગતિ નિરૂપિત કરી છે. ।।૧૨,૧૩।।

ત્યાં શંકા થાય કે કોઈથી થઈ શકે નહિ તેવા અસાધારણ કાર્યમાં (અશક્ય હેતુમાં) હરિની શરણાગતિની ભાવના કરવી (તે તો ઠીક,) પરંતુ (જે) આપણાથી થઈ શકે એવા અર્થમાંય ભગવાનની ઉપર ભાર શા માટે આપવો જોઈએ? સાધારણ (સાધારણ હેતુ પાર પાડવામાં) અર્થમાં તો દેવાન્તરનું (અન્યદેવનું) ભજન કરે તેમાં શું હરકત છે? એવી શંકા થાય ત્યાં કહે છે :

અન્યસ્ય ભજનં તત્ર સ્વતો ગમનમેવ ચ ।।
પ્રાર્થનાકાર્યમાત્રેઽપિ તતોઽન્યત્ર વિવર્જયેત્ ।।૧૪।।

અન્વયાર્થ : અન્યસ્ય= (ભગવાન્ સિવાય) બીજાનું, ભજનં= સેવન, તત્ર= ત્યાં, સ્વતઃ= પોતાની મેળે, ગમનં= જવાનું, એવ= જ, ચ= અને, તતઃ= તે (ભગવાન)થી, અન્યત્ર= બીજે, કાર્યમાત્રેણ= કાર્યમાત્રમાં, પ્રાર્થનાઃ= પ્રાર્થનાઓ, અપિ= પણ, વિવર્જયેત્= વિશેષ રીતે (મનથી પણ) છોડી દેવા.

ભાવાર્થ : અન્યદેવનું ભજન (કરવું નહિ) તથા અન્ય દેવની પાસે સામે ચાલીને જવું નહિ. તેમજ કોઈપણ કાર્ય માટે પ્રાર્થનાના હેતુથી પણ પોતાના સ્વામી હરિ સિવાય અન્ય કોઈ દેવની પાસે ન જવું. આ બધું સઘળું છોડવું. ૧૪

ટીકા : (તેથી કોઈ સમય ધીરજ ન રહે તો પણ પ્રાર્થના પોતાના સ્વામી હરિને જ કરવી અન્ય દેવને ન કરવી.) મૂળમાં 'ચ'કાર છે, તેથી અન્ય કોઈ પ્રેરણા કરે તો પણ અન્યદેવની સમીપ જવું નહિ. કેમકે અન્યદેવનું ભજન તથા અન્યદેવની પાસે ગમન છોડે નહિ તો શરણપદાર્થ-આશ્રય-છૂટી જાય. આ જ વાત ન્યાસાદેશ ગ્રંથમાં લખી છે કે પ્રભુ (આપણા સ્વામી) સિવાય અન્યનું ભજન અને તેમની (અન્યની) પાસેથી અપેક્ષા પણ છોડવી.

ત્યાં એવી શંકા થાય કે પ્રભુની પાસે પ્રાર્થના કરવી તે તો યોગ્ય નથી. તેથી કંઈક પદાર્થની અપેક્ષા હોય કે થાય ત્યારે અન્યદેવની પાસે પ્રાર્થના માત્ર કરે, ભજન, ગમનાદિક કરે નહિ તેમાં શો વાંધો છે? એવી શંકા થાય ત્યાં કહે છે કે અન્યદેવનું ભજન તથા તેઓની પાસે ગમનાદિક જેમ છોડે તે રીતે સ્વલ્પ કે મોટા કાર્યમાં પણ અન્યદેવની પાસે પ્રાર્થના પણ ન કરે–છોડે. મૂળમાં 'વિવર્જયેત્' એમ લખ્યું છે તેનો અભિપ્રાય એવો છે કે સર્વથા પ્રાર્થના ન કરે. મૂળમાં બહુવચન છે તેથી કોઈપણ પ્રકારની પ્રાર્થના ન કરવી એવો અભિપ્રાય દર્શાવ્યો છે.

અત્રે એવી શંકા થાય કે પરમ પ્રેમ, આસક્તિ તથા વ્યસન સુધીની દશાને પ્રાપ્ત કરેલ વ્રજવાસીઓએ પણ દાવાનલની નિવૃત્તિ માટે (તેનાથી રક્ષણ,) ભૂખથી બચવા માટે (અવસ્થા પ્રાપ્ત,) તથા વૃષ્ટિથી રક્ષણને માટે પણ પ્રાર્થના કરી છે તેવી રીતે કેટલાક મુક્તિ વગેરે માટે પણ પ્રાર્થના કરે છે તો અહીં પ્રાર્થનાનો નિષેધ કેમ કર્યો છે? એવી શંકાનું સમાધાન આ છે કે

વ્રજવાસીઓએ જે દાવાનલના પ્રસંગમાં બે વખત પ્રાર્થના કરી છે તેમાં પ્રથમની પ્રાર્થનામાં કહ્યું છે જે ''અમો આપના ચરણારવિંદને છોડવામાં સમર્થ નથી''. તેથી દાવાનલ સહન કરી શકાય છે, પરંતુ આપના ચરણનો વિપ્રયોગ સહન થઈ શકતો નથી. અને બીજી વખત પ્રાર્થના કરી છે તેનો હેતુ એવો છે કે પ્રભુની સંગે ક્રીડામાં સામ્યબુદ્ધિ થઈને અપરાધ થયો છે, પરંતુ આપ સિવાય અમોને તથા અમારા વિના આપને ક્રીડા શકય નહિ થાય તથા અમારું જીવન પણ આપ વિના ટકશે નહિ. તેથી દાવાનલનો ભય અમોને નથી. પરંતુ આપના સ્વરૂપનો અંતરાય થાય તે અમારાથી સહી શકાય તેમ નથી, આવા અભિપ્રાયથી જ પ્રાર્થના કરી છે. તેથી જ ''અમારી રક્ષા કરો'' તેવું ન કહેતાં ''રક્ષા કરવા યોગ્ય'' એમ કહ્યું છે તે વ્યસન ભાવથી કહ્યું છે; પોતાના સુખની અભિલાષાથી કહ્યું નથી. તેમજ શ્રીગોકુલ તો ફલસ્વરૂપ છે. તેથી ભગવાને પોતાની લીલાને માટે ફલોપયોગી સર્વ રસાત્મક પ્રકટ કર્યું છે.

તેથી ત્યાંની લીલા બહારથી તો લોકાનુસારિણી છે તથા ભીતર તો અતિશય પ્રયોજનયુક્ત અલૌકિક લીલા છે. તેથી ભગવાનને જ્યારે જ્યારે જે-જે પ્રકારની અલૌકિક લીલા કરવાની ઈચ્છા થાય છે ત્યારે ત્યારે તેવું (લીલા) કાર્ય સંપાદન કરે છે. જેમકે યજ્ઞપત્નીઓ ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છા થઈ ત્યારે ગોપોને એકાએક ક્ષુધા ઉત્પન્ન કરી. તે જ રીતે શ્રીગોકુલમાં સર્વના નિરોધને માટે ભગવાન્ સઘળું (સઘળી લીલા) કરે છે તેથી તેમાં પૂર્વપક્ષ (શંકા) કરવાનો અવકાશ જ નથી. ।।૧૪।।

સર્વ દેવોના તથા ધર્મોનો ત્યાગ કરીને ભગવાનની જ શરણાગતિ કરવાનું ઉપર કહ્યું, પરંતુ એમ કરવામાં પોતાનું ઈચ્છિત હશે તે ભગવાન્ આપશે કે નહિ આપે એવું કોણ જાણે છે? એવી શંકા થાય ત્યાં કહે છેઃ

અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ ।।
બ્રહ્માસ્ત્રચાતકૌ ભાવ્યૌ પ્રાપ્તં સેવેત નિર્મમઃ ।।૧૫।।

અન્વયાર્થ : અવિશ્વાસો= (શ્રીમહાપ્રભુજીના વચન પ્રભુ ભક્તિમાર્ગમાં કે આશ્રયમાં) અવિશ્વાસ, તુ= તો, સર્વથા= કોઈપણ પ્રકારે, ન કર્તવ્યઃ= ન કરવો (જોઈએ,) સઃ= તે, બાધકઃ= વિઘ્ન કરનાર છે. બ્રહ્માસ્ત્ર ચાતકૌ= બ્રહ્માસ્ત્ર તથા ચાતકને (અવિશ્વાસ અને વિશ્વાસમાં દૃષ્ટાંતરૂપે) ભાવ્યૌ= ચિંતવવા, નિર્મમ= મમતા વગરના થઈને, પ્રાપ્તં= પ્રાપ્ત થયેલ (સુખ દુઃખાદિને,) સેવેત= સેવે (આસક્તિ ન કરે.)

ભાવાર્થ : અવિશ્વાસ નહિ કરવો કેમકે તે સર્વથા બાધક છે. (અવિશ્વાસ અસુરધર્મ છે) તેથી અવિશ્વાસમાં બ્રહ્માસ્ત્રની તથા વિશ્વાસમાં ચાતકની ભાવના રાખવી. તથા જે કંઈ પ્રાપ્ત થાય તેમાં મમતારહિત થઈને પ્રભુની સેવા કરવી. ૧૫

ટીકા : આમ શરણાગતિમાં અવિશ્વાસ કરવો નહિ કેમકે જેટલા પણ અન્ય બાધકો છે તે (સઘળાની અપેક્ષાએ) બધા કરતાંય અવિશ્વાસ

અધિક બાધક છે. અવિશ્વાસથી અન્ય ધર્મનો સમ્બન્ધ થાય તો શરણધર્મ જ નષ્ટ થઈ જાય, તેથી અવિશ્વાસમાં બ્રહ્માસ્ત્રની ભાવના કરવી. શ્રીજાનકીજીની ખબર કાઢવા (ભાળ મેળવવા) શ્રીહનુમાનજી લંકા ગયા હતા ત્યારે નીચે પડેલા ફળોનું ભક્ષણ કરવાની શ્રીજાનકીજીએ આજ્ઞા કરી ત્યારે ઉપવનના વૃક્ષને નીચે પટકી જે ફલ નીચે પડ્યાં તેનું જ ભક્ષણ કર્યું. આમ કરતાં ઉપવનના સંગમાં વૃક્ષોનો નાશ હનુમાનજીએ કર્યો તે સાંભળીને રાવણે પોતાના પુત્ર ઈંદ્રજીતને મોકલ્યો. તે આવીને અનેક શસ્ત્ર-અસ્ત્ર તેમના ઉપર છોડવા લાગ્યો. છેલ્લે બ્રહ્માસ્ત્ર ફેંક્યું. પરંતુ તેના ઉપર વિશ્વાસ નહિ રાખીને નાગપાશાદિક ફેંક્યાં. તો જો બ્રહ્માસ્ત્ર ઉપર વિશ્વાસ રાખી બીજા અસ્ત્ર તેમના ઉપર ન ફેંક્યાં હોત તો બ્રહ્માસ્ત્ર પોતાનું કાર્ય કરત જ, પરંતુ બ્રહ્માસ્ત્ર ઉપર અવિશ્વાસ કરી બીજા અસ્ત્ર ફેંક્યાં તેથી બ્રહ્માસ્ત્ર નિષ્ફળ ગયું. તે રીતે શરણાગતિમાં પણ અવિશ્વાસ રાખે તો શરણધર્મ રહે નહિ, (આમ અવિશ્વાસ અસુર ધર્મ છે) તેથી અવિશ્વાસ ન કરવો. હવે વિશ્વાસની બાબતે ચાતકની ભાવના રાખવી. ચાતકપક્ષી સ્વાતિ (નક્ષત્રમાં પડતાં) જલના વિશ્વાસમાં રહે છે તો મેઘ (અવશ્ય) વરસે છે જ તથા ચાતકપક્ષી જલનું પાન કરે છે. તે જ રીતે શરણાગતિમાં વિશ્વાસ કરે= ભગવાન્ સ્વયં સઘળું સિદ્ધ કરશે એમ વિશ્વાસ કરીને શરણમાં સ્થિતિ રાખે, તેમાં પ્રયત્ન વિના ભગવદ્ઈચ્છાથી જે પ્રાપ્ત થાય તેમાં મમતારહિત થઈને પ્રભુ સેવા કરે પરંતુ વિશેષ પ્રાપ્તિને માટે યત્ન ન કરે. જે પ્રાપ્ત થાય તે સર્વ પ્રભુમાં વિનિયોગ કરે. સ્વાર્થદૃષ્ટિ ન રાખે. ।।૧૫।।

અન્ય ધર્મનો સમ્બન્ધ થતાં શરણપદાર્થ ચાલ્યો જાય એવું કહ્યું ત્યારે આવશ્યક લૌકિક તથા વૈદિક કાર્યોનો પણ ત્યાગ થાય તેમાં ''આ માર્ગ અપ્રમાણ છે'' એવી શંકા થાય તો તેના નિવારણ માટે લૌકિક વૈદિક કર્મ કરવાનો પ્રકાર કહે છે :

યથા કથંચિત્ કાર્યાણિ કુર્યાદુચ્ચાવચાન્યપિ ।।
કિંવા પ્રોક્તેન બહુના શરણં ભાવયેત્ હરિમ્ ।।૧૬।।

અન્વયાર્થ : ઉચ્ચાવચાનિ= (ભગવત્સમ્બન્ધી) ઉચ્ચ અને (લોકસમ્બન્ધી) નીચ (કાર્યો,) યથાકથંચિત્= જેમ (થતાં હોય) તેમ, કુર્યાત્= કરવા (જોઈએ), વા= અથવા, બહુના= ઘણું, પ્રોક્તેન= કહેવાથી, કિં= શું (પ્રયોજન,) હરિં= (શ્રીકૃષ્ણ) હરિને, શરણં= શરણ (રૂપે,) ભાવયેત્= વિચારવા.

ભાવાર્થ : ઉચ્ચાવચ કાર્ય પણ જેમ તેમ કરવા, વિશેષ કહેવાથી શું ફલ સિદ્ધ થાય? હરિ જ શરણ છે એવી ભાવના કરવી. ૧૬

ટીકા : એથી તો 'આ માર્ગ અપ્રમાણ છે' લોકોને એવી શંકા ન થાય તે રીતે અત્યંત આવશ્યક લૌકિક-વૈદિક કાર્યો કરે, અર્થાત્ માર્ગની પ્રમાણતાને માટે પ્રભુની આજ્ઞા જાણીને લૌકિક વૈદિક કર્મ કરવા. સ્વધર્મપણાથી (આત્મ ધર્મરૂપે) નહિ કરવા જેવી રીતે ગીતાજીમાં અર્જુને છેવટે કહ્યું છે કે ''આપના વચન-આજ્ઞા મુજબ જ કરીશ'' (તમારું કહ્યું જ કરીશ) એવું કહીને ભગવાનની આજ્ઞા માનીને યુદ્ધ કર્યું છે. આ રીતે કરે તો શરણપદાર્થ જાય નહિ. આ જ વાત 'પુષ્ટિપ્રવાહમર્યાદા'માં કરી છે કે ''પુષ્ટિભક્તોમાં જે લૌકિકવૈદિકપણું જણાય છે તે કાપટ્યભાવથી છે. સ્વધર્મની (આત્મધર્મની) બુદ્ધિથી નથી.'' જેમ ગીતાજીમાં કહ્યું છે કે ''લૌકિકમાં આસક્ત અજ્ઞાની મનુષ્ય જેવી રીતે કાર્ય કરે તેવી રીતે જ્ઞાની પણ લોકોને શીખવાડવા માટે (લોકશિક્ષા માટે) કર્મ કરે.'' અથવા શરણધર્મ સિદ્ધ રાખવા માટે કર્મ કરે, નહિ તો પણ દોષ નથી. કેમકે સર્વધર્મરૂપ શરણધર્મ છે. વિશેષ કહેવાથી શું સિદ્ધ થાય છે? સર્વત્ર શરણની જ ભાવના રાખવી. લોકસંગ્રહને માટે પણ કર્મ ન કરવા, કેમકે લોકસંગ્રહને માટે પણ અગર વિધિરૂપપણાથી કર્મ કરે તોય શરણપદાર્થ ન રહે. એટલે પ્રભુની આજ્ઞા છે તેમ માનીને કર્મ કરવું, વિધિરૂપ જાણીને ન કરવા. આ રીતે સર્વાત્માએ કરી (સર્વ પ્રકારથી) સર્વધર્મોનો ત્યાગ કરે તો પાપની સંભાવના થાય. ત્યાં કહે છે કે હરિની શરણ ભાવના કરે એટલે સર્વ દુઃખ તથા પાપોના હરવાવાળા તો 'હરિ' છે. તે પાપાદિકને દૂર કરશે જ.

આ જ વાત અર્જુન પ્રતિ શ્રીકૃષ્ણએ ગીતાજીમાં **"સર્વધર્માન્ પરિત્યજ્ય"** એ શ્લોકમાં કહી છે કે 'સર્વ પાપોમાંથી હું તને છોડાવીશ'. ॥૧૬॥

આ રીતે આવા (અજોડ, સર્વસમર્થ) આશ્રયના સ્વરૂપનું નિરૂપણ કરીને હવે ઉપસંહાર કરે છે :

એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્ ॥
કલૌ ભત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ ॥૧૭॥

અન્વયાર્થ : એવં= આ (કહેલા) પ્રકારે, સર્વેષાં= સર્વના, સર્વદા= હંમેશા, હિતં= હિતરૂપ, આશ્રયણં= આશ્રય, પ્રોક્તં= પ્રકર્ષથી કહ્યો, કલૌ= કલિયુગમાં, ભક્ત્યાદિ= ભક્તિ (કર્મ જ્ઞાન) વગેરે, માર્ગો= માર્ગ, હિ= ખરેખર, દુઃસાધ્યાઃ= દુઃખથી સાધી શકાય તેવા (કઠીન છે,) ઈતિ= આ પ્રકારે, મે= મારી, મતિ= બુધ્ધિ (છે.)

ભાવાર્થ : આ રીતે સઘળા જીવોને સદા હિતરૂપ આશ્રયનું સ્વરૂપ કહ્યું છે. કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગ અતિ દુઃસાધ્ય છે. એવી મારી મતિ છે. ૧૭

ટીકા : આથી સર્વ જીવોને, સર્વ વર્ણ તથા આશ્રમમાં શરણ જ સર્વદા હિતકારી છે તથા સાધન વિના ઐહિક તથા પારલૌકિક સંપત્તિને પ્રાપ્ત કરાવનાર છે. સર્વ યુગોમાં સાધન કરીને જ ફલ પ્રાપ્ત થાય છે અને અત્રે હવે સાધનને છોડીને કેવળ શરણનો જ ઉપદેશ શાથી કરો છો? એવી શંકા થાય ત્યાં કહે છે કે અન્ય યુગોમાં ધર્મનું જ પ્રાધાન્ય હતું. તેથી મર્યાદાભક્તિ વગેરેનું સાધન કરીને જ સાધ્યપણું હતું તેથી સાધન કરીને જ વિહિતભક્તિ, ઉપાસના તથા કર્માદિકનું ફળ મળતું હતું અને આ કલિકાલ તો પાપપ્રધાન છે. તેથી સાધનોના અભાવથી, વિહિતભક્તિ વગેરે માર્ગ પણ થઈ શકે તેવા નથી. એટલું જ નહિ પરંતુ સાધન-સંપત્તિ વિના યત્કિંચિત્ કરવામાં પણ પાખંડનો પ્રવેશ થવાથી પાપ જ થાય છે. તેથી (બધું) સર્વથા દુઃસાધ્ય છે. સત્યુગ વગેરેમાં પણ

સાધન વડે જે માર્ગ સાધ્ય હતા તે પણ કલિયુગમાં સાધનના અભાવથી દુઃસાધ્ય થયા છે, ત્યારે સત્યુગ વગેરેમાં પણ જે ભક્તિમાર્ગ સાધન કરીને સાધ્ય ન હતો અને કેવળ ભગવાનના અનુગ્રહ વડે જ સાધ્ય હતો તે કલિયુગમાં તો અતિશય દુઃસાધ્ય થાય તેમાં શું કહેવાનું હોય? તેથી સર્વાત્મા કરીને (સર્વ પ્રકારે) શરણાગતિ કરવામાં આવા ભક્તિમાર્ગમાં પણ ભગવાન્ અનુગ્રહ કરશે. તેથી સર્વાત્માએ કરી શરણની જ ભાવના કરવી. બીજું કશું જ ન કરવું એવો પોતાનો સિદ્ધાંત બતાવવા માટે ''એવી મારી મતિ છે-નિષ્કર્ષરૂપ નિશ્ચય છે'' એવું કહ્યું છે. તેથી સ્વમાર્ગીય ભક્તોએ તો શરણની જ ભાવના કરવી, બીજું કશું જ કરવું નહિ, એવો અભિપ્રાય છે.

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ''વિવેકધૈર્યાશ્રય''ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજીકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીકૃષ્ણાશ્રય ॥

શ્રીકૃષ્ણાશ્રયથી સર્વ સિદ્ધ થઈ શકે છે. તેથી પોતાના ભક્તોને વરદાન આપતા હોય તેમ શ્રીઆચાર્યચરણ શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્રનું નિરૂપણ કરે છે. તેમાં હવે કલિકાલના પ્રભાવથી દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, તથા કર્મ આ છ સાધન પુરુષાર્થ સિદ્ધ કરાવી શકે તેવા રહ્યા નથી એમ જણાવીને ભક્તોને (માટે તો) ભગવાન્ જ સર્વસાધનરૂપ છે. તેથી દેશ વગેરે છ સાધનો તથા ચાર પ્રકારના પુરુષાર્થ જે કાંઈ કહો તે સર્વરૂપ કેવળ ભગવાન્ જ છે, દશવિધ લીલાવડે નિરૂપ્ય પણ ભગવાન જ છે, તેથી સત્વગુણ, રજોગુણ તથા તમોગુણ એમ ત્રણ ગુણોના ભેદથી નવ પ્રકારના ભક્તો છે તથા દશમા (પ્રકારનો) ભક્ત નિર્ગુણ છે. આમ દશવિધ ભક્તોના સેવ્ય ભગવાન્ છે તથા શરીરને સઘળું સિદ્ધ કરાવવાવાળું આ સ્તોત્ર છે. (શરીરને જેમ દશ પ્રાણ ટકાવી રાખે છે તેવી રીતે ભક્ત શરીરનું સઘળું સિદ્ધ કરવાવાળા આ દશ શ્લોક છે, પ્રત્યેક શ્લોક પોષકરૂપ છે).

આમ ઉપર લખેલા સર્વ કારણ જણાવવાને માટે દશ શ્લોક વડે (આશ્રયનું) નિરૂપણ કરે છે. તેમાં પ્રથમ મુખ્ય અંગ ‘કાલ’ છે. તેથી ‘કાલ’ ધર્મનું નિરાકરણ કરીને આશ્રયની પ્રાર્થના કરે છે :

સર્વમાર્ગેષુ નષ્ટેષુ કલૌ ચ ખલધર્મિણિ ॥
પાષંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ ॥૧॥

અન્વયાર્થ : કલૌ= કલિયુગ, ખલધર્મિણિ= અંદરથી દોષ સહિતના ધર્મવાળો (છે ત્યારે) (તેનાથી,) લોકે= લોકો, પાષંડપ્રચુરે= પાખંડ જેમાં સૌથી અધિક છે તેવા, (થયા છે ત્યારે), સર્વ માર્ગેષુ= બધા જ માર્ગો, નષ્ટેષુ= નાશ (તિરોધાન) પામ્યા છે, (ત્યારે) ચ= અને (મહાદેવ વગેરે દેવો કલિયુગ અનુરૂપ છે ત્યારે), કૃષ્ણ એવ

ગતિર્મમ= કૃષ્ણ જ મારી ગતિ હો–આશ્રય થાવ.

ભાવાર્થ : ખલધર્મવાળા આ કલિયુગમાં (ભગવત્પ્રાપ્તિના) સર્વમાર્ગ નષ્ટ થઈ ગયા છે તથા લોક ઘણો પાખંડ યુક્ત થઈ ગયો છે તેમાં કૃષ્ણ જ મારી ગતિ હો.

ટીકા : ઉપરથી (તો) સારું દેખાય પણ અંદર તો દુષ્ટતા (ભરી) હોય તે 'ખલ' કહેવાય. આવો ધર્મ કલિયુગમાં છે. તેમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિરૂપ થાવ એવું કહેવાનો આશય એવો છે કે સત્તાવાચક 'કૃષ્' શબ્દ છે તથા આનંદવાચક 'ણ' શબ્દ છે, તે બેઉની એક્તાથી 'સદાનંદ' શબ્દ બને. તે ઐહિક તથા પારલૌકિક અર્થને સિધ્ધ કરવાવાળો મારે માટે થાઓ.

ખલ ધર્મનું સ્વરૂપ કહે છે સર્વની સરખામણીએ લોકમાં પાખંડ અધિક થયેલ છે. તેથી જ પુરુષાર્થના ઉપાય શોધવામાં આવે એવા કર્મ, જ્ઞાન વગેરે માર્ગો તો નષ્ટપ્રાય થઈ ગયા છે. તેમાં યજ્ઞાદિક વડે સ્વર્ગની પ્રાપ્તિ થવાનું વેદમાં લખ્યું છે. તેમાં 'સ્વર્ગ' પદ આત્મસુખવાચી છે. તે ન જાણીને (ન સમજીને) લોકવાચક છે તેવો ભ્રમ ઉત્પન્ન કરે છે. તેથી ચિત્ત શુધ્ધિ નહિ થવાથી કર્મમાર્ગ નષ્ટ થયો છે.

માયાવાદના અભિનિવેશથી જ્ઞાનમાર્ગ અને નિરીશ્વરવાદના અંગીકારથી યોગ (માર્ગ) નષ્ટ થયો છે અને વિભૂતિપરક થઈ જવાથી ઉપાસનામાર્ગ નષ્ટ થયો છે. મૂલમાં 'ચ'કાર છે તેથી કલિકાલને મહાદેવ વગેરે દેવો (પણ) અનુકૂળ સહાયક થયા છે. તેથી આ સંજોગોમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાઓ. મૂળમાં 'એવ'કાર છે તે અન્યના યોગનો વ્યવચ્છેદક છે. તેથી અંશાવતાર, કલાવતાર વગેરેમાં મારી શરણાગતિ ન થાઓ એવો અભિપ્રાય છે. ।।૧।।

પુણ્ય 'દેશ'માં સ્થિતિમાત્રથી જ પુરુષાર્થની સિધ્ધિ થાય છે ત્યારે બીજાનો નિષેધ કરીને 'આશ્રય'ની જ પ્રાર્થના શા માટે કરો છો? એવી શંકા થાય ત્યાં કહે છે :

મ્લેચ્છાક્રાંતેષુ દેશેષુ પાપૈકનિલયેષુ ચ ।।
સત્પીડાવ્યગ્રલોકેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૨।।

અન્વયાર્થ : દેશેષુ= (પવિત્ર) સ્થાનો, મ્લેચ્છાક્રાન્તેષુ= (કલિયુગમાં) મ્લેચ્છોથી આક્રાન્ત (થયા છે,) ચ= અને, પાપૈકનિલયેષુ= પાપરૂપ લોકોના કે (દુર્જનનાદિ) પાપના મુખ્ય સ્થાન (બન્યા છે,) સત્પીડાવ્યગ્રલોકેષુ= સત્‌પુરુષોને (થતી) પીડાથી લોકો વ્યગ્ર (બન્યા છે) (ત્યારે,) કૃષ્ણ એવ ગતિર્મમ= કૃષ્ણ જ મારો આશ્રય થાવ.

ભાવાર્થ : તમામ દેશ મ્લેચ્છો વડે આક્રાંત થઈ ગયા છે (મ્લેચ્છતા સઘળા પ્રદેશોને ઘેરી વળેલી છે) અને તેમાં પાપીઓના જ સ્થાન (અડ્ડા) થઈ ગયા છે. તેમજ સત્પુરુષોને ત્રાસ (પીડા) થવાથી સર્વલોક વ્યગ્ર થઈ ગયા છે, આવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાઓ.

ટીકા : સઘળા દેશોમાં મ્લેચ્છ વગેરે હીન જાતિઓની સત્તા થઈ ગઈ છે તેમજ તે મ્લેચ્છો પણ ધર્મમાં વર્તવાવાળા છે જ નહિ, પરંતુ પાપમાં જ (પાપ કરવામાં) તેઓ રચ્યા પચ્યા છે. અથવા અંગ બંગાદિક દેશ તો એવા છે જેમાં જવા માત્રથી પુનઃ સંસ્કાર કરવા પડે. એવા દેશોમાં મ્લેચ્છ વગેરેએ આક્રમણ કર્યું છે. તેથી તીર્થયાત્રા વગેરેના પ્રસંગથી જવામાં પણ પાપ જ લાગે છે અને સત્પુરુષોને પીડા-ત્રાસ થાય છે. તેથી સઘળા લોકો વ્યગ્ર થાય છે, કેમકે સ્વધર્મ વગેરેનું આચરણ કરનારને જ ત્રાસ-પીડા થતી જોઈને અન્યોને શ્રદ્ધા વગેરે રહ્યાં નથી. એવા સમયમાં શ્રીકૃષ્ણ જ (ખરેખર) મારી ગતિ હો-થાઓ. ।।૨।।

ગંગા વગેરે 'તીર્થો' વડે પણ સર્વ પુરુષાર્થોની સિદ્ધિ થાય છે ત્યારે માત્ર આશ્રય જ કરવામાં શું પ્રયોજન છે ! એવી શંકા થાય ત્યાં દ્રવ્યનું અસહાયપણું દર્શાવતાં કહે છે (ગંગાદિ તીર્થરૂપ દ્રવ્યો પણ કાંઈ સાધી શકતાં નથી તેથી આશ્રયની પ્રાર્થના) :

ગંગાદિતીર્થવર્યેષુ દુષ્ટૈરેવાવૃતેષ્વિહ ॥
તિરોહિતાધિદૈવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ॥૩॥

અન્વયાર્થ : ઈહ= અહીં (ભારતમાં) (કલિયુગમાં,) ગંગાદિતીર્થ-વર્યેષુ= ગંગાજી વગેરે ઉત્તમતીર્થો, દુષ્ટૈઃ= દુષ્ટતાવાળા (શ્રદ્ધારહિત, વિમુખ) લોકો વડે, એવ= જ, આવૃતેષુ= ઘેરાયેલા (છે તેથી,) તિરોહિતાધિદૈવેષુ= (તેમનું) આધિદૈવિક-દેવતારૂપ (દુષ્ટો માટે) તિરોહિત હોવાથી, કૃષ્ણ એવ ગતિર્મમ= કૃષ્ણ જ મારો આશ્રય થાઓ.

ભાવાર્થ : ગંગા વગેરે ઉત્તમ તીર્થો છે તે પણ દુષ્ટો વડે જ ઘેરાયેલા થઈ ગયા છે. તેથી તે તીર્થોનું આધિદૈવિક સ્વરૂપ જ તિરોહિત થઈ ગયું છે એવા સમયમાં કૃષ્ણ જ મારો આશ્રય થાવ. ૩

ટીકા : તીર્થમાં શ્રેષ્ઠ જે ગંગાજી વગેરે છે તે પણ દુષ્ટો વડે ઘેરાયેલા છે. તેથી તીર્થાશ્રયથી પણ પુરુષાર્થ સિદ્ધિની કોઈ આશા રહી નથી.

બ્રાહ્મણ વગેરે પણ તીર્થોમાં રહે છે ત્યારે તે દુષ્ટોથી જ ઘેરાયેલા છે એવું શી રીતે બને? એવી શંકાના સમાધાનમાં કહે છે તેઓને અતિપરિચય થવાથી તીર્થોમાં તેઓનો આદર જ રહ્યો નથી, તેથી તેઓમાં ભક્તિ હોતી નથી. માત્ર દાન વગેરે લેવામાં જ તેઓની ત્યાં સ્થિતિ રહી છે, તેથી વાસ્તવમાં તેઓનું પણ દુષ્ટપણું છે, કેમકે ‘‘શ્રદ્ધારહિત, પાપાત્મા, નાસ્તિક, જેઓનો સંશય નિવૃત્ત નથી થયો તેવા તેમજ તીર્થપણાનુંય કારણ શોધવાવાળા હોય (હેતુ નિષ્ઠ શાસ્ત્રના વચનોથી નહિ પરંતુ માત્ર તર્કથી બુદ્ધિથી તીર્થપણાનો નિર્ધાર કરવાવાળા) આ પાંચેયને તીર્થનું કોઈ ફળ મળતું નથી’’ એ રીતે વાયુપુરાણમાં કહેલું છે. શ્રદ્ધારહિત નાસ્તિક હોય તે કદાચ તીર્થમાં પણ રહેતા હોય તો પણ તેઓનું દુષ્ટપણું જતું નથી. તીર્થમાં સઘળા દોષ નિવૃત્ત કરવાની શક્તિ છે, તેથી જેવી રીતે અગ્નિ બધાને બાળી નાખે છે તેવી રીતે તીર્થની શક્તિથી જ દુષ્ટપણું કેમ દૂર નથી થતું? એવી શંકા

થાય તો કહે છે દેવતારૂપ તીર્થનું જે આધિદૈવિક સ્વરૂપ હોય છે તે તિરોહિત થઈ ગયું છે. તે સત્પુરુષો સમક્ષ જ પ્રકટ થાય છે. દુષ્ટપુરુષો આગળ આધિદૈવિક સ્વરૂપનું તિરોધાન થાય છે તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાઓ. ।।૩।।

ધર્મ કરવાવાળા ('કર્તા') સમીચીન-સક્ષમ-સુયોગ્ય હોય તો સર્વફળની સિદ્ધિ થાય ત્યારે માત્ર આશ્રય કરવાથી શું થાય? (આશ્રય કરવાની શી જરૂર છે?) એવી શંકા થાય ત્યાં કર્તાનું (પણ) અસાધકપણું દર્શાવીને આશ્રયની જ પ્રાર્થના કરે છે :

અહંકારવિમૂઢેષુ સત્સુ પાપાનુવર્તિષુ ।।
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૪।।

અન્વયાર્થ : (કલિયુગમાં) સત્સુ= સત્પુરુષો, અહંકાર-વિમૂઢેષુ= અહંકારથી વિશેષ રીતે મૂઢ (થયા છે,) લાભપૂજાર્થયત્નેષુ= (પોતાના) લાભ અને પૂજા માટે પ્રયત્ન કરવાવાળા (થયા છે ત્યારે,) પાપાનુવર્તિષુ= પાપી-પુરુષોને કે પાપમય કૃત્યોને અનુસરે (છે ત્યારે,) કૃષ્ણ એવ ગતિર્મમ= કૃષ્ણ જ મારો આશ્રય થાવ.

ભાવાર્થ : પંડિતો અહંકાર વડે વિશેષ મૂઢ થયા છે, પાપી પુરુષોને જ અનુસરવાવાળા થયા છે અને લાભ-પૂજા માટે જ તેમનો યત્ન છે, તે પરિસ્થિતિમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાવ. ૪

ટીકા : પંડિત લોકો 'અમો શાસ્ત્રના જાણકાર છીએ' એવા ઘમંડથી બીજાઓને પૂછતા પણ નથી તથા માયાવાદવગેરેના અભિનિવેશથી વિશેષ કરીને મૂઢ થયા છે, તેમજ પોતાને કંઈક લાભ થાય-મળતર થાય અથવા પોતાની પ્રતિષ્ઠા વધે તો પોતાનો આદર સત્કાર થાય એવા સ્વાર્થના જ હેતુથી યત્ન કરતા હોય છે; અર્થાત્ જે કોઈ પારમાર્થિક કર્મ પણ કરે છે કરતાં જણાય છે તે પણ માત્ર લાભપૂજાના આશયથી જ કરે છે. તેમજ પાપીઓને અથવા પાપોને જ અનુસરવાવાળા તેઓ બન્યા છે. તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ થાવ ।।૪।।

'મંત્ર'થી ફલસિદ્ધિ થાય છે એવું મંત્રશાસ્ત્રમાં લખ્યું છે ત્યારે આશ્રય કરવાથી શું? એવી શંકા થાય ત્યાં મંત્રોનું પણ અસાધકપણું (નિરર્થકપણું) જણાવીને આશ્રયની જ પ્રાર્થના કરે છે :

અપરિજ્ઞાનનષ્ટેષુ મંત્રેષ્વવ્રતયોગિષુ ।।
તિરોહિતાર્થદેવેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૫।।

અન્વયાર્થ : મંત્રેષુ= મંત્રો, અપરિજ્ઞાનનષ્ટેષુ= (દેવતા-તાત્પર્ય વગેરેના) અપરિજ્ઞાનથી નષ્ટ (થયેલા છે,) અવ્રતયોગિષુ= (વૈદિકમંત્રો વગેરે) વ્રત વગરના લોકોમાં રહેલા (છે,) તિરોહિતાર્થદેવેષુ= મંત્રોના અર્થ અને દેવતા તિરોહિત (છે) (ત્યારે,) કૃષ્ણ એવ ગતિર્મમ= કૃષ્ણ જ મારો આશ્રય (છે, થાવ.)

ભાવાર્થ : મંત્રોનું પરિજ્ઞાન (પૂર્ણ કે સૂક્ષ્મ જ્ઞાન) નહિ હોવાથી, વ્રત વગેરે અંગોની અપૂર્ણતા રહેવાથી તથા અર્થ અને દેવતા તિરોહિત થવાથી મંત્રો નષ્ટપ્રાય થયા છે એવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો. ૫

ટીકા : વૈદિક તથા તંત્રોક્ત મંત્રોના તાત્પર્યનું, ફલનું તથા દેવતાના સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી મંત્રો નષ્ટપ્રાય થઈ ગયા છે. વૈદિક મંત્ર, ગુરુકુલમાં વાસ કરે, બ્રહ્મચર્યાદિક વ્રત રાખે, શુદ્રની સન્નિધિમાં અધ્યયન ન કરે વગેરે નિયમો રાખીને ભણે ત્યારે તો ફલસાધક થઈ શકે. તે નિયમો તો હવે રહ્યા નથી. તેથી તેનું (મંત્રનું) ફલસાધકપણું નષ્ટ થયું છે. તેમજ તંત્રોક્ત મંત્રોના તાત્પર્યનું જ્ઞાન નહિ હોવાથી તેના અર્થ તથા દેવતાઓ તો તિરોભાવ થઈ ગયા છે. તેથી તે મંત્રો પણ ફલસાધક રહ્યા નથી. તથા ભગવદાશ્રયમાં તો "યસ્ય સ્મૃત્યા" ઈત્યાદિવચનો વડે (કંઈક) અપૂર્ણ હોય તો પણ સઘળું પૂર્ણ થાય છે. તેથી કૃષ્ણ જ મારી ગતિ થાઓ. ।।૫।।

મીમાંસા (વેદના વાક્યોના અર્થનો નિર્ધાર કરનાર) વગેરે (વિચાર) શાસ્ત્રો વડે, મંત્રોના તાત્પર્યનો નિર્ધાર થઈ શકે છે તેથી 'કર્મો'

વડે જ ફલની સિદ્ધિ થશે, તો પછી આશ્રય માત્ર કરીને શું કરવાનું? એથી શંકા કરીને કર્મ પણ ફલસાધક રહ્યું નથી એવું દર્શાવતા આશ્રયની પ્રાર્થના કરે છે :

નાનાવાદવિનષ્ટેષુ સર્વકર્મવ્રતાદિષુ ।।
પાષંડૈકપ્રયત્નેષુ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૬।।

અન્વયાર્થ : (કલિયુગમાં) સર્વકર્મવ્રતાદિષુ= બધા (સોમયાગાદિ) કર્મ અને (એકાદશી વગેરે) વ્રતો, નાનાવાદવિનષ્ટેષુ= વિવિધ પ્રકારના વાદો (મતાન્તરો)થી નષ્ટ થયા છે. (તેથી,) પાષંડેકપ્રયત્નેષુ= કેવલ પાખંડ નિમિત્તે જ તેવા મુખ્ય પ્રયત્ન છે (ત્યારે,) કૃષ્ણ એવ ગતિર્મમ= કૃષ્ણ જ મારો આશ્રય હો.

ભાવાર્થ : સઘળા કર્મ તથા વ્રતાદિક જુદા-જુદા પ્રકારના વાદો વડે નષ્ટ થયા છે તેમજ માત્ર પાખંડને માટે જ મુખ્ય યત્ન જેમાં થઈ રહ્યા છે તેવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો. ૬

ટીકા : સોમયાગાદિક કર્મ તથા વ્રત વગેરેમાં જુદા-જુદા વાદ થયા છે, અર્થાત્ કોઈ કહે છે કર્મ આ રીતે કરો, બીજો બીજી રીતથી બતાવે. તે પ્રમાણે વ્રતાદિકમાં પણ એકે વ્રત બતાવ્યું તો બીજો તેની ઈર્ષ્યા કરીને બીજા પ્રકારે બતાવે. ફરી પરસ્પર વાદ કરે. તેમાં સાચું શું? અને વળી કોણ સાચું બતાવે છે અને કોણ જુઠું બતાવે છે તે બધું અજ્ઞલોક (અજ્ઞાનીઓ) જાણી શકે નહિ, તેથી (સરવાળે) સર્વ વ્રત તથા કર્મ નષ્ટ થઈ ગયા છે.

જેવી રીતે સઘળો પ્રપંચ મિથ્યા છે. પોતાના અજ્ઞાનથી કલ્પિત છે, પ્રપંચમાં રહેલા છે તેવા વેદ પણ વ્યવહારમાત્રમાં જ પ્રમાણ છે એવો માયાવાદીઓનો વાદ છે.

બ્રહ્માદિકોને પણ યજ્ઞ કરીને જ મોટાઈ પ્રાપ્ત થઈ છે, તેથી પૂર્વ વાસનાથી ઉત્તરોત્તર પ્રવૃત્તિ થતી જાય છે, તે કર્મથી જ થાય છે, માટે

કર્મ જ કરવા જેવા છે, ફલ પણ કર્મથી જ મળે છે. ફલના આપવાવાળો ઉપાસના કરવા યોગ્ય ચેતનરૂપ કોઈ દેવતા છે જ નહિ, પરંતુ મંત્રમય જ દેવતા છે આવી રીતે મીમાંસકોનો વાદ છે.

ષોડશ પદાર્થોનું જ્ઞાન થયા પછી શ્રવણ, મનન તથા નિદિધ્યાસન (નિરંતર ધ્યાન) વડે પોતાના આત્માનો સાક્ષાત્કાર થતા દુઃખની ઉત્પત્તિનો અભાવ થાય તે જ ફલ છે એવા પ્રકારનો નૈયાયિકોનો વાદ છે.

તથા પ્રકૃતિ તથા તેના વિકારનો લય થાય ત્યારે પુરુષે પોતાના સ્વરૂપ વડે રહેવું સ્થિતિ કરવી તે જ ફલ છે અને કોઈ જ દેવ સેવ્ય નથી એવો સાંખ્યમતવાળાનો વાદ છે.

આવા પ્રકારના ભિન્ન-ભિન્ન વાદો વડે કર્મ તથા વ્રત નષ્ટ થઈ ગયા છે. વસ્તુતઃ તો સર્વ જગત્ જે જોવામાં આવે છે તે ભગવદ્રૂપ જ છે, ભગવાન્ સર્વને પોતાના વશમાં રાખે છે. ભગવાનથી જ સર્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે તેથી ભગવાન્ જ સેવ્ય છે. "દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ જે કોઈ ભગવાનના ચરણને ભજે છે તે કલ્યાણને પ્રાપ્ત કરે છે" એવું શ્રીભાગવતજીનું વાક્ય છે. તેથી ભગવાન્ જ સેવ્ય છે, પ્રપંચ (જગત્) સઘળો ભગવદ્રૂપ છે. ભગવાનનું સાયુજ્ય વગેરે મળે તે જ ફળ છે ઈત્યાદિ શાસ્ત્ર પ્રતિપાદિત અર્થથી ઉપર કહ્યા તે સઘળા વાદ વિરુદ્ધ છે, તથા તો પણ પોતપોતાના મનના આગ્રહથી શાસ્ત્રવિપરીત કર્મ અને દશમી વગેરેના વેધવાળી એકાદશી આદિનું વ્રત કરે છે. તેથી કર્મ તથા વ્રત નષ્ટ થઈ ગયા છે.

ત્યાં શંકા થાય કે એવું કરવાવાળા પોતે કરે છે તેમજ બીજાઓને પણ બોધ કરે છે. તેથી તેમાં મિથ્યાપણું તથા નિષ્ફળતા તથા વિરુદ્ધપણું જાણતા હોય તો પોતે તે કેવી રીતે કરે તથા બીજાઓને પણ કેવી રીતે બોધ કરે? કેમકે આ મત પણ શંકારાચાર્ય, જૈમિનિ તથા ગૌતમાદિક પંડિતોએ જ પ્રવૃત્ત કર્યો છે એવી શંકા થાય ત્યાં કહે છે કે પાખંડ માટે જ તેમનો મુખ્ય-પ્રધાન પ્રયત્ન છે. તેમજ પદ્મપુરાણ તથા

વારાહપુરાણમાં કહ્યું છે કે મહાદેવજીને ભગવાને જ મોહશાસ્ત્ર કરવાની આજ્ઞા કરી છે.

તેવીજ રીતે મહાદેવજીની આરાધના કરીને આપ તેમની પાસેથી વરદાન માગીને જગતમાં મહાદેવજીની આરાધનાની મહત્તાની વૃદ્ધિ કરવા માટે ભગવાને વરદાન આપ્યું છે; તેથી જ ભગવાને મહાદેવજી ઉપર તપ કરીને વરદાન માગ્યું છે; તે જોઈને બીજા લોકો પણ ભ્રમિત થઈ જાય છે; પરંતુ એવું જાણતા-સમજતા નથી, કે દેવાદિકોએ પ્રવૃત્ત કરેલો હોવાથી સન્માર્ગ થતો નથી, પરંતુ વેદાદિકથી વિરુદ્ધ ન હોય તે જ સન્માર્ગ કહેવાય છે. એ અભિપ્રાયને જાણતા નથી તથા દેવાદિકોની પ્રવૃત્તિથી પોતે પણ મોહિત થઈને પ્રવૃત્ત થાય છે; પરંતુ (તંત્ર માર્ગ) કૌલમાર્ગ બૃહસ્પતિએ પ્રવૃત્ત કર્યો છે તથા બુદ્ધે બૌદ્ધમત પ્રવૃત્ત કર્યો છે. તેથી એ ગ્રાહ્ય નથી એ સાચા અભિપ્રાયને જાણતા નથી. તેથી મોહિત થઈને તેમાં પ્રવૃત્ત થાય છે. આવા સમયમાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો થાઓ. ||૬||

"ધર્મ વડે પાપને દૂર કરે છે". "ધર્મમાં બધું જ રહેલું છે" એવું શ્રુતિમાં કહ્યું છે. તેથી સૌથી પહેલા દોષના અભાવને માટે ધર્મ કરવો, તેમ કરવાથી ચિત્ત શુદ્ધ થાય ત્યારે ભગવાનનું માહાત્મ્ય તથા સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે આશ્રય વગેરે કરવો. ચિત્તમાં દોષ હોય ત્યાં સુધી આશ્રય નહિ કરવો કેમ કે યોગીઓને ધ્યાન કરવા યોગ્ય પ્રભુ ક્યાં અને દુષ્ટ જીવ ક્યાં! એવી આશંકા થાય ત્યાં કહે છે :

અજામિલાદિદોષાણાં નાશકોઽનુભવે સ્થિતઃ ||
જ્ઞાપિતાખિલમાહાત્મ્યઃ કૃષ્ણ એવ ગતિર્મમ ||૭||

ભાવાર્થ : અજામિલાદિદોષાણાં= અજામિલ બ્રાહ્મણ વગેરેના (બધા) દોષોના, નાશકઃ= નાશ કરનાર, અનુભવે= (ભક્તોના) અનુભવમાં, સ્થિતઃ= રહેલા, જ્ઞાપિતાખિલ-માહાત્મ્ય= જેણે પોતાનું બધું (લીલાત્મક) માહાત્મ્ય જણાવ્યું છે તેવા, કૃષ્ણ એવ ગતિર્મમ=

સદાનંદ કૃષ્ણ જ મારો આશ્રય થાવ.

વિવેચન : અજામિલ વગેરે દોષોના નાશ કરવાવાળા પ્રભુ અનુભવમાં રહેલા છે અને જેમણે પોતાનું સમગ્ર માહાત્મ્ય બતાવ્યું છે તે શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો. ૭

ટીકા : વેદમાં લખ્યું છે કે ''પ્રવચન વગેરેથી પ્રભુ પ્રાપ્ય નથી પરંતુ જેનો વરણ (સ્વીકાર) પ્રભુ કરે છે તેનાથી જ પ્રભુ પ્રાપ્ય થાય છે.'' તથા ગીતાજીમાં અનન્ય ભક્તિથી પ્રાપ્ત થવાનું લખ્યું છે. તેથી પ્રભુદ્વારા અંગીકાર થશે તેમજ ભગવદ્ભક્તનો અનુગ્રહ થશે તો દોષવાળાને પણ ભક્તિ વડે પ્રભુ ગમ્ય (પ્રાપ્ય) છે. તેથી મહાપુરુષદ્વારા શરણાગતિ થશે તો સર્વ સિદ્ધ થશે. જેવી રીતે અજામિલે વિષ્ણુના પાર્ષદોના વચનો સાંભળ્યા ત્યારે પ્રથમ જે કૃત્ય કર્યા હતાં તેનો પશ્ચાત્તાપ કરીને ગંગાદ્વારે જઈને ભગવદ્ભક્તિ કરી. તેમ કરીને તેના સર્વ પાપની નિવૃત્તિ થઈ અને ઉત્તમગતિ મળી. આ કેવળ પુત્રના ઉપચારથી નારાયણ નામ બોલવાથી ભગવાનના પાર્ષદના ભગવદ્ધર્મરૂપ વચન સાંભળવાનો સમય અજામિલને પ્રાપ્ત થયો તેનું ફલ મળ્યું, તો જો બુદ્ધિપૂર્વક શરણાગતિ કરવાવાળાઓના સર્વ પાપોની નિવૃત્તિ થાય તેમાં શું શંકા છે! શંકાને સ્થાન જ ક્યાં છે! તેથી દોષ પ્રાપ્ત થયો હોય તો પણ કેવળ ભગવાનનો જ આશ્રય કરવો પરંતુ આશ્રય છોડીને બીજું કશું જ કરવું નહિ. ।।૭।।

''સ્વાધ્યાયનું અધ્યયન કરવું,'' ''જે-જે કૃતુ(યજ્ઞ)નું અધ્યયન કરે તેનું ફલ તેને પ્રાપ્ત થાય'' વગેરે વેદવાક્ય છે. તેના વડે કર્મમાર્ગમાં પણ બ્રહ્મયજ્ઞ તથા અધ્યયન વગેરે વડે અગ્નિ વગેરેની સાયુજ્યપ્રાપ્તિ થાય છે અને બ્રહ્મજ્ઞાન વડે અક્ષરબ્રહ્મના સંગે સાયુજ્ય થવાનું શ્રીગીતાજીમાં પણ લખ્યું છે ત્યારે શ્રીકૃષ્ણાશ્રયમાં વિશેષ એવું શું છે કે તેની જ પ્રાર્થના કરો છો? આ પ્રકારની શંકાની નિવૃત્તિને માટે તેનું તારતમ્ય સમજાય તે માટે સર્વસ્વરૂપ ભગવાન્ જ છે એવા સ્વરૂપના નિરૂપણપૂર્વક અર્થરૂપ પણાથી આશ્રયની જ પ્રાર્થના કરે છે :

પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત્ ।।
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ ।।૮।।

અન્વયાર્થ : સકલાઃ= સઘળા, દેવાઃ= દેવો, પ્રાકૃતાઃ= (પ્રકૃતિના સમ્બન્ધવાળા) પ્રાકૃત છે. બૃહત્= અક્ષરબ્રહ્મ, ગણિતાનંદકં= જેનો આનંદ ગણેલો છે તેવું (છે,) હરિઃ= (ભક્તોના દુઃખ હરનારા) શ્રીહરિ (જ), પૂર્ણાનંદઃ= પૂર્ણાનંદ, તસ્માત્= તેથી, કૃષ્ણ એવ ગતિર્મમ= કૃષ્ણ જ મારો આશ્રય થાવ.

ભાવાર્થ : સઘળા દેવ પ્રાકૃત છે તથા અક્ષરબ્રહ્મના આનંદની ગણના થાય છે જ્યારે હરિ તો પૂર્ણાનંદ છે તેથી સદાનંદ શ્રીકૃષ્ણ જ મારો આશ્રય થાવ. ૮

ટીકા : એટલે સઘળા દેવ સાત્વિક અહંકારથી ઉત્પન્ન થયેલા છે તેવું તૈત્તિરીય ઉપનિષદમાં આનંદની ગણતરીના પ્રસંગમાં, ‘‘સમગ્ર પૃથ્વી દ્રવ્યથી પૂર્ણ હોય તે મનુષ્યનો એક આનંદ છે, એવા મનુષ્યના એકસો આનંદનો મનુષ્યગંધર્વોનો એક આનંદ થાય છે.’’ આ પ્રકારથી શતગુણ આનંદની ગણના કરી છે. ત્યાં બ્રહ્માજીના એકસો આનંદ થાય છે ત્યારે અક્ષરબ્રહ્મનો એક આનંદ થાય છે એમ આનંદની ગણતરી કરેલી છે. તેથી અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે તથા શ્રીકૃષ્ણ જ ભક્તોના દુઃખહર્તા તથા પૂર્ણાનંદ છે. તેથી શ્રીકૃષ્ણ જ મારી ગતિ હો.

દેવાદિકોના સાયુજ્યમાં પણ દેવો પ્રાકૃત હોવાથી તેઓની મુક્તિની સગુણતા છે તથા બ્રહ્મલોકપર્યંત જઈને પણ પુનઃ સંસારમાં આવવું પડે છે, તે ગીતાજીમાં લખ્યું છે. તેથી (આ બધા) અલ્પાનંદવાળા છે. તેવી રીતે જ્ઞાનમાર્ગમાં અક્ષરબ્રહ્મ સંગે સાયુજ્ય થાય છે. તેમાં ગણિતાનંદ હોવાથી ખૂબ ભૂખ્યાને અલ્પ ભોજન મળે તે ભોજન ન મળ્યા બરાબર હોય છે તે રીતે અતિ અલ્પપણાને કારણે તે કોઈ જ ઉપયોગી નથી. જ્યારે શ્રીકૃષ્ણ તો પૂર્ણ આનંદરૂપ છે તે રીતે નિર્ગુણ મુક્તિના દેવાવાળા છે તેથી તેમની જ શરણ ભાવના કરવી. ।।૮।।

વિવેક તથા ધૈર્યથી રહીને ભક્તિ કરવામાં ભગવાન્ પણ વશ થાય છે ત્યારે દૈન્યથી આશ્રયની પ્રાર્થના શા માટે કરો છો? એવી શંકા કરીને (કૃષ્ણ) સર્વમનોરથના પૂરક છે તથા સર્વફળને માટે ઈચ્છિત છે. તેથી ભગવાનનું ઈચ્છિતરૂપપણું છે તેમ ભગવાનનું કામરૂપપણું કહીને આશ્રયની પ્રાર્થના કરે છે :

વિવેકધૈર્યભક્ત્યાદિરહિતસ્ય વિશેષતઃ ।।
પાપાસક્તસ્ય દીનસ્ય કૃષ્ણ એવ ગતિર્મમ ।।૯।।

અન્વયાર્થ : વિવેક-ધૈર્ય-ભક્ત્યાદિ-રહિતસ્ય= વિવેક ધૈર્ય ભક્તિ વગેરેથી રહિત, વિશેષતઃ= વિશેષ પ્રકારે, પાપાસક્તસ્ય= પાપમાં આસક્ત, દીનસ્ય= (સર્વ સાધન રહિત) દીનનો, કૃષ્ણ એવ ગતિર્મમ= સદાનંદ કૃષ્ણ જ મારી ગતિ થાવ.

ભાવાર્થ : વિવેક, ધૈર્ય તથા ભક્તિ વગેરેથી રહિત, વિશેષ કરીને પાપમાં આસક્ત તથા દીન એવો જે હું છું તેને શ્રીકૃષ્ણ જ આશ્રયરૂપ થાઓ. ૯

ટીકા : આમ પ્રથમ જે નિરૂપણ કર્યું તે પ્રભુના સ્વરૂપનો વિચાર કરીને કર્યું છે અને હવે જીવના સ્વરૂપનો વિચાર કરીને કહે છે કે ભગવાન્ પોતાની ઈચ્છાથી સઘળું કરશે એ જાણીને પ્રાર્થના કરવી નહિ એવો નિશ્ચય થાય તે 'વિવેક' કહેવાય છે. તથા ભક્તિવિરોધી જે દુઃખ થાય તેની નિવૃત્તિનો ઉપાય ન કરતા આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક એમ ત્રણે પ્રકારના દુઃખને સહન કરવા તે 'ધૈર્ય' કહેવાય છે તથા સાધનરૂપ ભક્તિ શ્રવણાદિક વગેરે કહેવાય છે. મૂળમાં 'આદિ' પદ છે તેથી બીજા પુણ્ય સમજવા. તે મારી પાસે કાંઈ જ છે નહિ તેમજ તે માટેના સાધન પણ મારામાં નથી; પાપમાં આસક્ત છું. અર્થાત્ વિપરીત સાધન કરું છું તથા દીન (દરિદ્ર) છું આવો જે હું છું તેને શ્રીકૃષ્ણ જ ગતિરૂપ થાઓ.

અહીં ''મારામાં વિવેકધૈર્યાદિક નથી'' અને ''હું પાપમાં આસક્ત

છું'' વગેરે વચન કહે છે તે કહેવાવાળા શ્રીઆચાર્યચરણ છે એમને તો એવું વિશેષણ યોગ્ય નથી એવી શંકા મનમાં થાય તેનું સમાધાન એવી રીતે કરવું કે વેદમાં ''હું હાથ જોડીને ગુરુની શરણે જાઉં છું.'' ''હું નમન કરું છું,'' ''મારું કલ્યાણ થાઓ'' વગેરે વાક્યોમાં જેવી રીતે યજમાનના અધિકારથી કહેવામાં આવે છે તેવી રીતે શ્રીઆચાર્યચરણે ભક્તોના અધિકારથી ઉપર્યુક્ત વાક્ય કહે છે એ પ્રકારે સમજવું. ।।૯।।

સર્વથા સાધનરહિત હોય તેને શરણાગતિમાં પણ ઈચ્છિત ફલની પ્રાપ્તિ કેવી રીતે થશે? કારણકે ભગવાન્ તો જીવની કૃતિ મુજબ ફલ આપે છે, ત્યારે સર્વ સાધન છોડવામાં દેવતાંતર (બીજા દેવો)નો પણ અનાદર થવાથી દેવતા પણ વિઘ્ન કરશે એવી આશંકા કરીને શરણાગતિમાં મોક્ષરૂપપણું છે તેમ સિધ્ધ કરવા માટે વિજ્ઞાપન કરે છે :

સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્ ।।
શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ।।૧૦।।

અન્વયાર્થ : સર્વસામર્થ્યસહિતઃ= સર્વ સંપૂર્ણ, સર્વનું, સર્વ ઉપર (કરવા ન કરવા અન્યથા કરવાના) સામર્થ્ય યુકત, સર્વત્ર= સર્વમાં, એવ= જ, અખિલાર્થકૃત્= સર્વ પુરુષાર્થોને સિધ્ધ કરે છે તેવા, શરણસ્થ સમુદ્ધારં= (સર્વસ્વ નિવેદનપૂર્વક) શરણે રહેનારને સારી રીતે અનાયાસે રક્ષે છે તેવા, કૃષ્ણં= સદાનંદ કૃષ્ણને, અહં= હું (શ્રીવલ્લભાચાર્યજી) વિજ્ઞાપયામિ= વિનંતી કરું છું.

ભાવાર્થ : શ્રીકૃષ્ણ સર્વસામર્થ્યયુક્ત છે તથા સર્વત્ર સમગ્ર અર્થ કરવાવાળા છે. તેથી શરણમાં આવેલા એવા જીવોનો ઉધ્ધાર કરવા માટે હું શ્રીકૃષ્ણને વિનંતી કરું છું. ૧૦

ટીકા : આમ પ્રભુ સર્વસામર્થ્યસહિત છે. તેથી આપના સામર્થ્યથી જ સઘળું કરી શકે છે. એટલે જો મર્યાદા રાખવાની ઈચ્છા હશે તો જ્ઞાનાદિકનું દાન કરીને પણ ફળ આપશે. અથવા સર્વસામર્થ્ય જેમાં છે તેવા સુદર્શનાદિકવાળા શ્રીકૃષ્ણ છે તેથી સુદર્શનાદિકવડે પણ ભક્તોનું

અનિષ્ટ દૂર કરે છે તથા સર્વ દેશોમાં, વર્ણોમાં, આશ્રમોમાં તેમજ કર્માદિકોમાં પણ તમામ અર્થના કરવાવાળા શ્રીકૃષ્ણ જ છે. એટલે તેમને શરણે જે જીવ આવ્યા હોય તેમને ફલદાન કરશે જ, કેમકે ‘‘જે જેવા પ્રકારે મારી શરણે આવે છે તેને તેવા જ પ્રકારથી હું ભજું છું’’ એ પ્રકારની શ્રીગીતાજીમાં આપની પ્રતિજ્ઞા છે. તેથી શરણાગતિની મર્યાદા (રીત) જ એવી છે કે જે શરણમાં આવ્યા હોય તેની સઘળા પ્રકારથી (સર્વ બાજુથી) પ્રભુ જ રક્ષા કરે છે. તેથી દૈન્યભાવપૂર્વક શરણાગતિ જ કરવી ।।૧૦।।

‘‘પશુના દશ પ્રાણ છે, આત્મા અગિયારમો છે’’ એવું શ્રુતિમાં કહ્યું છે. તેથી પ્રાણોની જેમ ઉપર કહેલા બધા શ્લોક તમામ સિદ્ધ કરવાવાળા છે એમ જણાવવાને માટે દશ શ્લોક દ્વારા સ્તોત્રનું નિરૂપણ કરીને આત્માની જેમ ફલ અક્ષપ્ય છે એમ જણાવવા માટે આત્મરૂપ અગિયારમાં શ્લોકમાં સ્તોત્રપાઠનું ફલ કહે છે

કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્કૃષ્ણસન્નિધૌ ।।
તસ્યાશ્રયો ભવેત્કૃષ્ણ ઇતિ શ્રીવલ્ભોઽબ્રવીત્ ।।૧૧।।

અન્વયાર્થ : કૃષ્ણાશ્રયમ્= ‘‘કૃષ્ણાશ્રય’’ નામવાળું, ઈદં= આ, સ્તોત્રં= સ્તોત્ર, યઃ= જે કોઈ, કૃષ્ણસન્નિધૌ= કૃષ્ણની સમીપમાં, પઠેત્= પાઠ કરે, તસ્ય= તેનો, આશ્રયઃ= આશ્રય (આધાર-સહાય) કૃષ્ણઃ= કૃષ્ણ જ, ભવેત્= થાય, ઈતિ= આ પ્રકારે, શ્રીવલ્લભો= શ્રીમદ્ વલ્લભાચાર્યજી, અબ્રવીત્= બોલ્યા છે.

ભાવાર્થ : આ કૃષ્ણાશ્રય સ્તોત્રનો શ્રીકૃષ્ણની સન્નિધિમાં જે પાઠ કરે તેને આશ્રયરૂપ શ્રીકૃષ્ણ થાય એમ શ્રીવલ્લભાચાર્યજીએ કહ્યું છે. ૧૧

ટીકા : આમ શ્રીકૃષ્ણના આશ્રયને યથાર્થ નિરૂપણ કરવાવાળું આ જ સ્તોત્ર છે અન્ય સ્તોત્ર આવું નથી. તેથી આ સ્તોત્રના પાઠથી જ આશ્રય દૃઢ થાય છે. શ્રીકૃષ્ણની સમીપમાં પાઠ કરે અથવા શ્રીકૃષ્ણના નિમિત્ત પાઠ કરે તો પણ આશ્રય દૃઢ થાય.

કેવળ સ્તોત્રના પાઠથી એ પ્રકારનું ફળ કેવી રીતે થાય? એવી શંકા થાય તેનું સમાધાન એ પ્રકારે છે જેમ નલકૂબર અને મણિગ્રીવ નારદજીના શાપથી યમલાર્જુન થયા ત્યારે શ્રીનારદજીએ દેવતાના સોવર્ષ પછી શ્રીકૃષ્ણનું સાન્નિધ્ય થવાનું કહ્યું હતું તે વચન સિદ્ધ કરવા માટે શ્રીકૃષ્ણે પોતે ત્યાં પધારીને નલકૂબર અને મણિગ્રીવનો ઉદ્ધાર કર્યો. ત્યારે શ્રીઆચાર્યજી તો સાક્ષાત્ આપના મુખારવિંદ સ્વરૂપ છે, આપના સ્વરૂપને યથાર્થ જાણવાવાળા છે તથા દૈવીજીવોના ઉદ્ધાર માટે આપને પ્રકટ કર્યા છે. એમના વચનથી તો આપ અનુગ્રહ કરશે જ તે જણાવવા માટે મૂળમાં આપનું નામ ધર્યું છે તેમાં લેશપણ શંકા રાખવી નહિ. ||૧૧||

|| ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત ''શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર''ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજીકૃત ટીકા સંપૂર્ણ થઇ ||

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| શ્રીગોપીજનવલ્લભાય નમઃ ||

|| ચતુઃશ્લોકીઃ ||

સ્મૃતિમાં કહેલા સાધનોથી પૂજામાર્ગ પ્રમાણે લોકમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેવામાં આવ્યા છે. ત્યાં એવી પ્રતિજ્ઞા (નિયમ) છે કે બ્રાહ્મણ દેહ વિના મુક્તિ ના થાય. તેમાં પણ બુદ્ધિ વગેરેની શુદ્ધિપૂર્વક સાંગોપાંગ સાધન કરવાથી નિર્વાહ થાય છે. આવા જે સુસાધનવાળાને મુક્તિ થવાનું કહ્યું છે તે પણ અક્ષરની પ્રાપ્તિરૂપ મુક્તિ થાય છે અને તે પણ ક્વચિત્ જ થાય છે. સુસાધન જીવોની પણ જો આવી દશા હોય ત્યારે તો નિઃસાધન (શાસ્ત્રોક્ત ષટ્સાધનરહિત)નો જન્મ તો વ્યર્થ જ થાય ! તે (શંકા)ની નિવૃત્તિને માટે શ્રીપ્રભુજીએ પોતાના શ્રીમુખરૂપ વાણીના પતિ (શ્રીમહાપ્રભુજી)ને ભૂતલ ઉપર પ્રકટ કર્યા છે. તે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય જીવોને સ્વસિદ્ધાંત જણાવવાને માટે ‘ચતુઃશ્લોકી’ નામે ગ્રંથ નિરૂપણ કર્યો છે, જેથી મર્યાદામાર્ગીય ધર્મ, અર્થ, કામ તથા મોક્ષથી ભિન્ન એવા પુષ્ટિમાર્ગીય ધર્મ, અર્થ, કામ તથા મોક્ષનો વેગે (જલદીથી) બોધ થાય છે. તેમાં ચારશ્લોકથી ચારેય પુરુષાર્થોનું નિરૂપણ કર્યું છે.

તેમાં પ્રથમ શ્લોકથી ધર્માચરણરૂપ પ્રથમ પુરુષાર્થનું નિરૂપણ અનુષ્ટુપ છંદથી કહે છે :

સર્વદા સર્વભાવેન ભજનીયો વ્રજાધિપઃ ||
સ્વસ્યાયમેવ ધર્મો હિ નાન્યઃ ક્વાપિ કદાચન ||૧||

અન્વયાર્થ : વ્રજાધિપઃ= વ્રજના સ્વામી (શ્રીકૃષ્ણ,) સર્વભાવેન= સર્વાત્મભાવથી. સર્વદા= હમેશાં, ભજનીયઃ= સેવવા જરૂરી છે; સ્વસ્ય=પોતાનો (પુષ્ટિજીવનો,) અયં= આ (કૃષ્ણસેવા,) એવ= જ, ધર્મઃ= ધર્મ, હિ= (તે) નિશ્ચિત (છે,) ક્વ= ક્યાંય, અપિ= પણ,

કદાચન= ક્યારેય (પણ,) અન્યઃ= બીજો (કોઈધર્મ,) ન= નથી.

ભાવાર્થ : નિરંતર સર્વભાવવડે, વ્રજાધિપ શ્રીકૃષ્ણ જ (એકમાત્ર) સેવન કરવા યોગ્ય છે. વળી પુષ્ટિમાર્ગીય જીવોને સેવા જ ધર્મ છે, કોઈપણ કાલમાં અથવા કોઈપણ સ્થળમાં (સેવા સિવાય) અન્ય ધર્મ નથી. ૧

ટીકા : આમ વ્રજાધિપ જે સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ તે જ પુષ્ટિમાર્ગીઓને સેવનીય છે. તે શ્રીભાગવત દશમસ્કંધ જન્મપ્રકરણવિવરણમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. ''શ્રીગોકુલમાં નિઃસાધનોને ફલરૂપ એવા શ્રીકૃષ્ણ પ્રકટ થયા છે, તેથી અમો સર્વથી નિશ્ચિંત થયા છીએ'' આમ નિઃસાધન જીવોને માટે જ ભગવાનનું પ્રાકટ્ય હોવાથી દૈવીસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા એવા સાધન-સંપત્તિ વિનાના જે જીવો છે તેઓએ શ્રીકૃષ્ણ અવશ્ય સેવા કરવા યોગ્ય છે.

તે સેવા સર્વભાવથી કરવાની છે. આમ દેહ, ઈંદ્રિય, પ્રાણ, સ્ત્રી, પુત્ર, ધન તથા ગૃહાદિક સઘળું ભગવાનનું જ છે, મારું કશું જ નથી એવો જે ભાવ છે તે અહંતામમતાત્મક (હું તથા મારુંના બંધનાત્મક) સંસારને દૂર કરવાવાળો છે. જીવમાં જ્યારે એવો ભાવ આવે ત્યારે તે નિશ્ચિંત થાય. તે જીવ ભગવન્મય તથા મુક્ત કહેવાય છે. એવા જીવનું વર્ણન 'ભક્તિવર્ધિની'માં કર્યું છે ''જ્યારે પ્રભુમાં દઢ આસક્તિ થાય ત્યારે ગૃહમાં રહેલા (અભગવદીય) જે, સ્ત્રીપુત્રાદિ તેઓનું બાધકપણું તથા અનાત્મપણું જોવામાં આવે છે. તથા પ્રભુમાં જ્યારે વ્યસન એટલે કે પ્રભુ વિના રહ્યું ના જાય એવી દશા જ્યારે થાય ત્યારે તે જીવ કૃતાર્થ થાય છે.'' તેથી જે સર્વાત્મભાવ છે તે દૈવી જીવોનો મુખ્ય ધર્મ છે અને તે નિઃસાધન જીવોએ અવશ્ય પ્રાપ્ત કરવા યોગ્ય છે. એવા ભાવથી જ સઘળા કાર્ય સિદ્ધ થાય છે. તે શ્રીભાગવતમાં કહ્યું છે કે ''કેવળ ભાવ વડે જ શ્રીગોપીજનો, ગાયો, યમલાર્જુન વગેરે વૃક્ષો, જાંબુવાન વગેરે હરણાં તથા મૂઢબુદ્ધિવાળા કાલીય વગેરે સર્પો પણ સિદ્ધ થઈને મને પ્રાપ્ત થયા છે.'' એવા શ્રીભગવાનના વચનોથી જ સર્વાત્મભાવને મુખ્ય ધર્મપણું

સિદ્ધ થાય છે.

અત્રે શંકા થાય કે જો ઉપર કહેલ જે ધર્મ તે એક કાલ અથવા દેશમાં કરવા યોગ્ય ધર્મ હશે તથા નિરંતર કરવા માટે તો ભિન્ન ધર્મ હશે એવી શંકા થાય નહિ તે માટે મૂલમાં જ 'નાન્યઃ' તથા 'કદાચન' એવા બે પદનો ઉલ્લેખ કરીને એમ જણાવ્યું છે કે અમે જે કહ્યું તે જ ધર્મ છે, તેના સિવાય ક્યારેય ક્યાંય અન્ય કોઈ જ ધર્મ પુષ્ટિમાર્ગીયને કાર્ય સિદ્ધ કરવાવાળો નથી જ, કેમકે મર્યાદામાર્ગીય ધર્મ તો વિભૂતિપર્યવસાયી છે. એટલે મર્યાદામાર્ગીય સાધનોથી ભગવાનની વિભૂતિની પ્રાપ્તિ થઈ શકે, પરંતુ પુરુષોત્તમની પ્રાપ્તિ ન જ થાય તથા દેશકાલના ધર્મમાં પણ વિપર્યાસ (વિપરીતપણું) જોવામાં આવે છે. તેથી આ જ ધર્મ કરવા યોગ્ય છે એવું મૂલના 'ક્વ' શબ્દથી જ સૂચિત થાય છે. કાલાંતરમાં પણ આ ધર્મ ત્યજવા જેવો નથી, પ્રત્યુત વિધેય છે (અનિવાર્ય પણે કરવા જેવો છે) એમ મૂલના ''કદાચન'' પદથી સ્પષ્ટ સૂચિત થાય છે. ।।૧।।

પૂર્વ શ્લોકમાં પ્રથમ પુરુષાર્થ જે પુષ્ટિમાર્ગીઓને માટે પુરુષોત્તમના સેવનરૂપ ધર્મ છે તેનું નિરૂપણ કરીને હવે બીજા શ્લોકથી બીજા પુરુષાર્થ 'અર્થ'નું નિરૂપણ કરે છે :

એવં સદા સ્મ કર્તવ્યં સ્વયમેવ કરિષ્યતિ ।।
પ્રભુઃ સર્વસમર્થો હિ તતો નિશ્ચિંતતાં વ્રજેત્ ।।૨।।

અન્વયાર્થ : એવં= આ પ્રકારે, (શ્રીકૃષ્ણસેવા) સદા= હંમેશાં, કર્તવ્યં= કરવુ જરૂરી છે, પ્રભુઃ= (અનન્ય-ભક્તોમાં) સ્વામી, સર્વસમર્થઃ= સર્વ સુંદર નિર્દોષ-અર્થરૂપ (તે) છે. સ્વયં= (તે) પોતે, એવ= જ, હિ= નિશ્ચિતપણે, કરિષ્યતિ= સર્વ કોઈ (પુષ્ટિભક્તિનું) કરશે. સ્મ= (આ) પ્રસિદ્ધ છે, તતઃ= તેથી (પુષ્ટિભક્ત,) નિશ્ચિંતતાં= (ભક્ત) નિશ્ચિંતપણાને, વ્રજેત્= પ્રાપ્ત થાય.

ભાવાર્થ : હંમેશા ભગવદીયોનું કર્તવ્ય પૂર્વોક્ત (પ્રથમશ્લોકમાં કહેલા) પ્રકારનું છે. ફલદાન શ્રીહરિનું કર્તવ્ય છે. તેથી તેઓ પોતેજ કરશે.

કેમકે પ્રભુ કર્તું-અકર્તું-અન્યથાકર્તું સર્વસમર્થ છે. તેથી આલોક-પરલોકના મનોરથોની બાબતમાં નિશ્ચિત બનીને રહેવું.૨

ટીકા : ઉપર જણાવ્યા પ્રમાણે સેવા, સ્મરણ નિરંતર અવશ્ય કરવા જોઈએ તથા ભક્તોમાં લૌકિક-વૈદિક કાર્યોને તો આપ સર્વસામર્થ્યવાન પ્રભુ હોવાથી પ્રાર્થના કર્યા વિના જ સંપાદન કરશે. તેથી ભક્તએ તો આલોક તથા પરલોકની (સઘળા પ્રકારની) ચિંતા છોડીને નિશ્ચિંત રહેવું એટલે કે ભગવાન્ સ્વયં જ પોતાના પ્રમેયબળથી ભક્તના તમામ અર્થને સંપાદન કરે છે જ. તેથી પુષ્ટિમાર્ગીયને માટે 'અર્થ' રૂપ પણ પ્રભુ સ્વયં જ છે. ।।૨।।

આમ અર્થનું નિરૂપણ કરીને ત્રીજા શ્લોકમાં પુષ્ટિમાર્ગીય 'કામ' પુરુષાર્થનું નિરૂપણ કરે છે :

યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃ સર્વાત્મના હૃદિ ।।
તતઃ કિમપરં બ્રૂહિ લૌકિકૈર્વૈદિકૈરપિ ।।૩।।

અન્વયાર્થ : યદિ=જો, શ્રી ગોકુલાધીશોઃ= શ્રીગોકુલના અધિપતિ (પ્રેમ-રસજ્ઞ,) હૃદિઃ= હૃદયમાં, સર્વાત્મના= સર્વાત્મભાવથી, (કામભાવથી,) ધૃતઃ= ધારણ કરેલા, તતઃ= (તો) પછી, લૌકિકૈઃ= લોકસમ્બન્ધી વડે, વૈદિકૈઃ= વેદસમ્બન્ધી વડે, અપિ= પણ, અપરં= બીજું, કિં= શું (ઉત્તમ) (પ્રયોજન) (છે?) બ્રૂહિ= (હે ! મન) તું કહે.

ભાવાર્થ : હવે જે જીવે શ્રીગોકુલાધીશને સર્વભાવથી હૃદયમાં સ્થાપન કર્યા ત્યારે તેને શ્રીપુરુષોત્તમથી ઉત્કૃષ્ટ, સર્વકાર્યસિદ્ધ કરવાવાળો અન્ય કયો પદાર્થ બાકી રહે છે? ૩

ટીકા : અર્થાત્ પ્રભુ સિવાય અન્ય કોઈ જ કશું જ ભક્તને માટે કામપૂરક નથી જ તે જ સર્વકામપૂરક પોતે છે. તેમને જ જ્યારે હૃદયમાં સ્થાપિત કર્યા ત્યારે લૌકિક સિદ્ધ કરવાવાળી યુક્તિઓથી તથા વૈદિક જે યાગાદિના સાધક જે વચનો તેનાથી શું કર્તવ્ય છે? અન્ય કશું જ કરવા

જેવું નથી. તે જ શ્રીમહાપ્રભુજીએ 'અંતઃકરણપ્રબોધ'ના પ્રથમ શ્લોકમાં કહ્યું છે. ''હે અંતઃકરણ! મારું વચન સાવધાન થઈને સાંભળ કે શ્રીકૃષ્ણથી અધિક કોઈ જ દૈવત, દોષ વિનાનું નથી જ નથી'' આમ પ્રભુ જ એકમાત્ર નિર્દોષ (સર્વગુણપૂર્ણ તથા સર્વકામપૂરક) છે, બાકી સઘળું સદોષ છે. તેથી નિર્દોષ તે (પ્રભુ)ને હૃદયમાં સ્થાપિત કર્યાથી ભક્તના સઘળા કામની સિદ્ધિ છે જ (નિર્દોષનું હૃદયમાં સ્થાપન એ આપમેળે સર્વ સિદ્ધિ છે) અને અગાઉ જે નારદાદિ મુનિઓ થયા છે તેઓએ પણ ભગવત્પ્રાપ્તિ માટે પ્રભુની સેવા કરવાનો જ ઉપદેશ કર્યો છે. જ્યારે તે પ્રભુ જ પોતે જેના હૃદયમાં બિરાજે તે ભક્તને સેવાના ફળમાં શું ન્યૂનતા રહે છે? તેના સઘળા કામ પૂર્ણ થાય છે. ||૩||

આમ 'કામ'રૂપ ત્રીજા પુરુષાર્થનું નિરૂપણ કરીને મુક્તિરૂપ ચોથા પુરુષાર્થનું હવે નિરૂપણ કરે છે :

અતઃ સર્વાત્મના શશ્વદ્‌ગોકુલેશ્વરપાદયોઃ ||
સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમિતિ મે મતિઃ ||૪||

અન્વયાર્થ : અતઃ= (રસાત્મક ભગવાનને હૃદયમાં ધારણ કરવા તે કામ સાધનરૂપ છે.) આથી, સર્વાત્મના= સર્વાત્મભાવ વડે, શશ્વત્= હંમેશાં (નિરંતર,) ગોકુલેશ્વરપાદયોઃ= ગોકુલના સ્વામીના બંને ચરણનું, સ્મરણં= સ્મરણ, ચ= અને, ભજનં= ભજન, (ચિત્તપ્રવણથી પ્રેમસેવા,) અપિ= પણ, ત્યાજ્યં= છોડવું, ન= નહીં, ઈતિ= આ પ્રકારે, મે= મારી, (શ્રીમહાપ્રભુજીની) મતિઃ= (અનુભવપૂર્વકની) સમજ (છે.)

ભાવાર્થ : મારો (શ્રીમહાપ્રભુજીનો) એવો નિષ્કર્ષરૂપ દૃઢ નિશ્ચય છે કે શ્રીગોકુલેશ્વર હૃદયમાં બિરાજ્યા તે પછી સર્વાત્મ(ભાવ)વડે એમના ચરણકમલનું સ્મરણ તથા ભજન (સેવા) છોડવા નહિ. ૪

ટીકા : એટલે ઔષધના સેવનથી સુખી થયો હોય એવો પુરુષ પણ ઔષધ ખાય (ઔષધ ચાલુ રાખે) તો આગળ ઉપર રોગ થવાનો

સંભવ રહેતો નથી. તે પ્રકારે પ્રકૃતમાં પણ પ્રભુની પ્રાપ્તિ થયા પછી પણ જીવને આસુરજીવના સંગથી આસુરાવેશ ન થાય તે માટે પ્રભુનું સ્મરણ અને સેવારૂપ સાધન ઔષધની જેમ સદા સર્વદા કરવા જોઈએ. એ રીતે શ્રીમહાપ્રભુજી દૈવી જીવો ઉપર કૃપા કરીને તેઓને જણાવવાને માટે ‘‘મારી આવી મતિ છે’’ એ પ્રકારે આજ્ઞા કરે છે. ।।૪।।

।। ઈતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિત ‘‘ચતુઃશ્લોકી’’ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

|| શ્રીકૃષ્ણાય નમઃ ||
|| શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ||

|| ભક્તિવર્ધિની ||

હવે પુષ્ટિમાર્ગમાં અંગીકૃત પરંતુ ભક્તિની વૃદ્ધિનો પ્રકાર નહિ જાણવાવાળા જીવો ઉપર કૃપા કરવાવાળા શ્રીઆચાર્યજી, સ્વપ્રકટિત માર્ગમાં પ્રવર્તમાન ભક્તિ તથા તેની વૃદ્ધિનો પ્રકાર કહેવાની પ્રતિજ્ઞા કરે છે :

યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્તથોપાયો નિરૂપ્યતે ||
બીજભાવે દઢે તુ સ્યાત્ત્યાગાચ્છ્રવણકીર્તનાત્ ||૧||

અન્વયાર્થ : ભક્તિઃ= ભક્તિ, યથા= જે પ્રકારે, પ્રવૃદ્ધા= અત્યંત વૃદ્ધિંગત, સ્યાત્= થાય, તથા= તે પ્રકારે, ઉપાયઃ= ઉપાય, નિરૂપ્યતે= નિરૂપાય છે, બીજભાવે= બીજરૂપ ભાવ, દઢ= દઢ થતાં, તુ= તો, ત્યાગાત્= પરિત્યાગથી, શ્રવણકીર્તનાત્= શ્રવણ કીર્તનથી, સ્યાત્= (ભક્તિ પ્રવૃદ્ધ) થાય.

ભાવાર્થ : શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે હવે સ્વમાર્ગીય ભક્તિની વૃદ્ધિ થવાના ઉપાયનું નિરૂપણ કરવામાં આવે છે. સ્વમાર્ગમાં કહેવાયેલા સાધનો વડે તથા જે મર્યાદામાર્ગીય સાધનો છે તેનો પરિત્યાગ તથા સ્વમાર્ગીય શ્રવણ તથા કીર્તનનું પરિશીલન (લાંબા ગાળાનું સેવન) કરવાથી ભાવ દઢ થાય ત્યારે ભક્તિની વૃદ્ધિ થાય છે. ૧

ટીકા : અત્રે કોઈ કહે કે ભક્તિની ઉત્પત્તિ તથા તેની વૃદ્ધિના ઉપાય તો શ્રીભાગવત તથા ગીતાજી વગેરે ગ્રંથમાં વિસ્તારથી વર્ણવેલા છે જ ત્યારે શ્રીઆચાર્યજી તેને માટે નૂતનગ્રંથ કરવાનો પરિશ્રમ શા માટે કરે છે? એવી શંકાનું સમાધાન તો એ છે કે શ્રીભાગવતાદિમાં ''દાન, વ્રત, તપ, હોમ, જપ સ્વાધ્યાય, સંયમ તથા ઈતર શ્રેય તે સઘળું કરીને શ્રીકૃષ્ણમાં ભક્તિ સિદ્ધ થાય છે'' ઈત્યાદિ શ્લોક વડે જે ભક્તિની ઉત્પત્તિનો પ્રકાર તથા ''આપની કથાનું પાન કરવાથી જેઓને ભક્તિની

વૃદ્ધિ તથા નિર્મલ અંતઃકરણ થયા છે તે, વૈરાગ્ય છે સારરૂપ જેમાં એવા જ્ઞાનને પ્રાપ્ત કરીને આપના સ્થાનને પ્રાપ્ત થાય છે'' ઈત્યાદિ વાક્યોથી તેની વૃદ્ધિ નિરૂપિત છે જે દાન, વ્રતાદિક મર્યાદામાર્ગીય સાધનોથી થઈ શકે છે. તથા વૃદ્ધિનું જે ફલ જ્ઞાન અથવા મર્યાદામાર્ગીય ભક્તિ છે. તેથી અક્ષરની પ્રાપ્તિ કરાવવામાં તે ભક્તિ ઉપક્ષીણ થઈ (ઘટી) જાય છે, તેથી પુરુષોત્તમની લીલાનો અનુભવ કરાવવાવાળી જે પુષ્ટિભક્તિ તથા તેની વૃદ્ધિના ઉપાયને આ ગ્રંથ વડે શ્રીઆચાર્યજી નિરૂપિત કરે છે. આ ઉચિતતર છે.

હવે પ્રથમ બીજભાવ દઢ થવાનું કહ્યું તેનું સ્વરૂપ કહે છે પુષ્ટિમાર્ગના આચાર્યદ્વારા, માર્ગની રીતિ અનુસાર, પ્રભુને આત્મા વગેરેનું નિવેદન થયા પછી પ્રભુ સ્વતઃ તે જીવનું શરણ સિદ્ધ કરે છે તેને આ ગ્રંથમાં 'બીજભાવ' કહ્યો છે. જેમ ખેતરમાં બીજ વાવ્યા પછી જલસિંચનાદિક થાય ત્યારે અંકુરાદિ થાય છે. કેવળ જલસિંચન અંકુરની ઉત્પત્તિમાં અસમર્થ છે તેમ ભક્તિમાર્ગમાં આગળ કહેલો બીજભાવ થયા પછી શ્રવણ, મનનાદિ ભક્તિને ઉત્પન્ન કરી શકે છે. બીજભાવ વિના તે કશું જ કરી શકતાં નથી એમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. ॥૧॥

આ રીતે બીજની દઢતાનો પ્રકાર પ્રથમ શ્લોકથી કહીને અન્ય વ્યાપારથી પણ તેમાં વિઘ્ન આવે નહિ તે માટે ભગવદ્ભજનરૂપ ઉપાયની દઢતાની સિદ્ધિ માટે હવે કહે છે

બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ॥
અવ્યાવૃત્તો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ॥૨॥

અન્વયાર્થ : બીજદાર્ઢ્યપ્રકારઃ= બીજની દઢતાનો પ્રકાર, તુ= તો, ગૃહે= ગૃહમાં, સ્થિત્વા= રહીને, સ્વધર્મતઃ= પોતાના (યથાશક્ય) વર્ણાશ્રમધર્મપૂર્વક, અવ્યાવૃત્તઃ= અવ્યાવૃત્ત, પૂજયા= પૂજા વડે, શ્રવણાદિભિઃ= શ્રવણ વગેરે વડે, કૃષ્ણં= પુરુષોત્તમ શ્રીકૃષ્ણને, ભજેત્= સેવો.

ભાવાર્થ : સ્વધર્માચરણપૂર્વક ઘરમાં રહીને, સેવામાં પ્રતિકૂળ ઉદ્યોગને છોડીને, પૂજા (પ્રેમપૂર્વક દર્શન) તથા શ્રવણાદિકથી શ્રીકૃષ્ણનું ભજન (સેવા) કરવી તે બીજભાવની દ્દઢતાનો પ્રકાર છે. ૨

ટીકા : એટલે પુષ્ટિમાર્ગમાં ઉકતસાધનથી અન્ય મર્યાદિક સાધનનો પરિત્યાગ કરવાનું મૂલના 'તુ' શબ્દથી સૂચિત થાય છે, અને પુષ્ટિમાર્ગીય સાધનોમાં મુખ્ય સેવા, તે ભજનને અનુકૂળ ઘરમાં રહ્યા વિના તો થઈ શકે નહિ. તેથી મૂલમાં ઘરમાં રહેવાનું કહ્યું છે. વળી ધર્મ બે પ્રકારનો છે તેમાં એક તો જેનો શરીરમાં અંત આવે તે (દેહધર્મ) તથા બીજો જેનો આત્મામાં અંત આવે છે તે (આત્મધર્મ) તેમાં સંધ્યાવંદનથી લઈને યાગ (યજ્ઞ) સુધીના ધર્મ તો સ્વર્ગાદિક ભોગરૂપ ફલને આપવાવાળા છે. તે ફલ શરીરથી અનુભૂત થાય છે. તથા ગીતાજીમાં કહ્યા પ્રમાણે ફલભોગ થઈ જતાં (તે જીવ) પૃથ્વી પર પાછો આવે છે તેથી 'સ્વધર્મ' પદથી આ ધર્મ લેવો નહિ. પરંતુ આત્મધર્મ જે કોઈપણ પ્રકારે વિકૃત થાય નહિ તેવો ભગવદ્ ધર્મ છે તે સમજવો એમ સૂચિત થાય છે. અને આવો ધર્મ તો પ્રભુની સેવા છે. શ્રીભાગવતજીમાં પ્રહ્લાદજીનું વચન છે કે ''આદર્શમાં (અરિસામાં) પ્રતિબિંબિત મુખને જોઈને પોતાના મુખ ઉપર જે-જે શૃંગાર હોય તે જ પ્રતિબિંબસ્થાની મુખને પણ હોય. તે પ્રમાણે મનુષ્ય પ્રભુને જે-જે માન આપે છે તે-તે (પોતાના) આત્માને માટે જ છે.'' આવી રીતે વર્ણવેલ જ ભગવત્ સેવારૂપ આત્મધર્મ તે 'સ્વધર્મ' પદથી સમજવામાં આવે છે અને 'સ્વધર્મતઃ' એમ 'તસિલ્' પ્રત્યયાંતરૂપ લખવાનો અભિપ્રાય તે છે કે તે શબ્દ અવ્યય હોવાથી તેમાં કોઈ પણ પ્રકારની વિકૃત થાય નહિ આજ પ્રકારે અહીં પણ અવ્યયનો પ્રયોગ કર્યો છે તેથી કોઈ પ્રકારે વિકૃતિ ન થાય તેવો ધર્મ સમજવાનો અભિપ્રાય લાગે છે. વળી ફલાત્મક 'શ્રીકૃષ્ણ'ના ઉપાદાનથી આ ભજન મને ફલરૂપ છે એમ જાણીને કરવાનો બોધ થાય છે. આમાં જે 'પૂજા' શબ્દ છે તે (પૂજા શબ્દ)થી આગમોક્ત પૂજાને ગ્રહણ કરવાની નથી પરંતુ શ્રીસ્વામિનીઓએ

"પ્રણયપૂર્વક દર્શનથી આ હરિણીઓએ શ્રીકૃષ્ણની પૂજા કરી" એમ દશમસ્કંધમાં કહ્યુ છે ત્યાં પ્રેમપૂર્વકદર્શનને 'પૂજા'ના અર્થરૂપ ગણ્યું છે. એવી પૂજા અત્રે પણ સમજવાની છે. તથા શ્રવણની જે મૂલમાં આજ્ઞા છે તે સેવાના અનોસરમાં કરવાની છે. ।।૨।।

હવે પ્રભુમાં દઢ વિશ્વાસ થાય તો પ્રભુ જ તેના યોગક્ષેમ ચલાવે છે, પરંતુ દઢ વિશ્વાસ ન થાય તેવા જીવોને ગૌણપક્ષમાં વ્યાવૃત્તિ (ઉદ્યોગ હરિમાં ચિત્તને રાખીને) કરવાની આજ્ઞા કરે છે :

વ્યાવૃત્તોऽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા ।।
તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।

બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ।।૩ $^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : વ્યાવૃત્તઃ= વ્યાવૃત્ત થઈને, અપિ= પણ, હરૌ= હરિમાં, ચિત્તં= ચિત્તને (સ્થિર કરીને,) શ્રવણાદૌ= શ્રવણ વગેરે માટે, સદા= નિરંતર, યતેત્= યત્ન કરે, તતઃ= તે સાધનોથી, પ્રેમ= (હરિમાં) પ્રેમ (થાય,) તથા= તેમ, આસક્તિઃ= આસક્તિ (થાય,) ચ= અને, યદા= જ્યારે, વ્યસનં ભવેત્= વ્યસન થાય (ત્યારે), તત્= તે, શાસ્ત્રે= શાસ્ત્રમાં, દઢં= દઢ, બીજં= બીજ, ઉચ્યતે= કહેવાય છે, યત્= જે, નશ્યતિ= (દુઃસંગાદિથી) નાશ પામતું, અપિ= પણ, ન= નથી.

ભાવાર્થ : હવે કોઈ ઉદ્યોગ કરવો પડે તો પણ ચિત્તને શ્રવણવગેરેથી પ્રભુમાંજ રાખીને કરવો. આમ કરવાથી પ્રથમ હૃદયમાં પ્રેમ સ્ફુરે છે, ત્યાર પછી પ્રભુમાં આસક્તિ થાય છે, ત્યાર પછી પ્રભુમાં વ્યસન થાય છે. આવી રીતે વ્યસનસુધી ભાવ વધે ત્યારે બીજભાવની દઢતા થઈ હોય તે કોઈપણ પ્રકારથી ભક્તિમાર્ગમાંથી ચલિત થતો નથી. ૩-૩ $^{૧}/_{૨}$

ટીકા : ભગવત્ સેવામાં પ્રતિકૂળ વ્યાપારનો ત્યાગ કરવાની આજ્ઞા આગળના શ્લોકમાં કહી હવે કશોક પણ ઉદ્યોગ કરવો પડે તો પણ

ચિત્તને પ્રભુમાં જ રાખીને કરવો. તથા વ્યાવૃત્તિમાં તેમજ વ્યાવૃત્તિથી મુક્ત થઈને શ્રવણ વગેરે કરવા. 'આદિ' શબ્દ મૂલમાં લખ્યો છે તેથી શ્રવણ, સ્મરણ, ચિંતન, કીર્તન વગેરે અનોસરમાં કરવા. આ રીતે ભક્તિની વૃદ્ધિનો ભક્તિમાર્ગીય ઉપાય કહીને હવે ભક્તિ વધવાનો ક્રમ જણાવે છે. પ્રથમ તો શ્રીઆચાર્યજીના કુળ દ્વારા ભગવદ્ અંગીકાર સિદ્ધ થાય ત્યારે પ્રેમ એટલે કે સ્વતઃ પ્રભુમાં પ્રવૃત્તિ કરાવવાવાળો સ્નેહનો અંકુર હૃદયમાં સ્ફૂરે છે. તે પછી પ્રભુમાં જ મનને લગાવી રાખવાવાળી આસક્તિ થાય છે, તેને 'પ્રૌઢસ્નેહ' કહે છે. તે પછી ક્ષણ પણ પ્રભુનો વિયોગ સહ્યો ન જાય એવું વ્યસન પ્રભુમાં થાય છે. આમ વ્યસન સુધી પ્રભુમાં (ભક્તનો) ભાવ વધે તથા પ્રભુનો ક્ષણમાત્ર વિયોગ સહન થઈ ન શકે ત્યારે બીજભાવ દૃઢ થયો એમ જાણવું જે જીવને આગળ કહ્યા પ્રમાણે બીજભાવની દૃઢતા થઈ છે તે (ભક્તો) દુઃસંગ વગેરે લૌકિકદોષ અને કાલાદિકની પ્રતિકૂળતારૂપ અલૌકિક દોષથી પણ ભક્તિમાર્ગથી ચલિત થતા નથી (સરકતા નથી.) ॥૩-૩ $^{1}/_{2}$॥

આવા ક્રમથી સ્નેહ વધવાની રીતિ કહીને હવે સ્નેહ થવામાં બાધકરૂપ કહે છે પ્રભુ સિવાય અન્ય વસ્તુઓમાં સ્નેહ, ઘરમાં આસક્તિ તથા પ્રભુ વિના જ સમયનો નિર્વાહ આ ત્રણે દોષ છે. તે (આ ત્રણે દોષ) જ્યારે પ્રભુમાં એક ભાવ (પ્રેમ) વધે ત્યારે એક બાધક મટે, બીજો ભાવ (આસક્તિ) વધે ત્યારે બાધકરૂપ બે દોષ નિવૃત્ત થાય, અને જ્યારે પ્રભુમાં વ્યસનપર્યંત ભાવ હોય ત્યારે ભાવ વિઘાતક સઘળા દોષ જ દૂર થઈ જાય છે. આમ આ ક્રમથી એક ભાવની (પ્રેમની) વૃદ્ધિમાં એક દોષની નિવૃત્તિ થાય તે ક્રમ કહે છે :

સ્નેહાદ્રાગવિનાશઃ સ્યાદાસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ॥૪॥
ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ॥
યદા સ્યાદ્વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્તદૈવ હિ ॥૫॥

અન્વયાર્થ : સ્નેહાત્= સ્નેહથી, રાગવિનાશઃ= (ભગવત્સમ્બન્ધ

વગરનામાંથી) રાગનો વિનાશ, સ્યાત્= થાય, આસક્ત્યા= આસક્તિ વડે, ગૃહારુચિઃ= ઘરમાં અરુચિ, સ્યાત્= થાય, ગૃહસ્થાનાં= ઘરમાં રહેલા (જડ ચેતનનું,) બાધકત્વં= બાધકપણું, ચ= અને, અનાત્મત્વં= અનાત્મપણું, ભાસતે= ભાસે છે, યદા= જ્યારે, કૃષ્ણે= કૃષ્ણમાં, વ્યસને= વ્યસન (સ્વરૂપ-પરતા,) સ્યાત્= થાય, તદા= ત્યારે, એવ= જ, કૃતાર્થઃ= કૃતાર્થ, સ્યાત્= થાય છે.

ભાવાર્થ : પ્રભુમાં પ્રીતિ થવાથી બીજા બધામાંથી સ્નેહનો નાશ થાય છે, અને પ્રભુમાં આસક્તિ થવાથી ઘરવગેરેમાં (પ્રતિકુલ હોય તો) અરૂચિ થઈ જાય છે, અને ઘરમાં રહેલા પદાર્થ ભક્તિમાં બાધક અને અનાત્મીય દેખાવા લાગે છે. અને જ્યારે શ્રીકૃષ્ણમાં વ્યસન થઈ જાય છે ત્યારેજ ભક્ત કૃતાર્થ થયો એમ કહેવાય છે, આ નિશ્ચય છે. ૪-૫

ટીકા : જ્યારે પ્રભુમાં સ્નેહ થાય ત્યારે લૌકિકમાં સ્નેહ ન રહે. એ જ રીતે જ્યારે પ્રભુમાં આસક્તિ થાય ત્યારે ઘરમાંથી આસક્તિ છૂટી જાય છે. એટલું જ નહિ પરંતુ ઘરમાં રહેલા સ્ત્રી, પુત્ર વગેરે (ભગવદીય ન હોય તો) મને ભગવદ્ધર્મ કરવામાં આ સઘળા બાધક છે એમ લાગે અને તેઓમાં અનાત્મકતાની (ખરેખર મારા આત્માના આ સમ્બન્ધીઓ નથી તેવી) જ સ્ફૂર્તિ થાય. ભગવદીયના આત્મા તો શ્રીકૃષ્ણ છે તેઓથી જે ભગવત્ સમ્બન્ધવાળા જીવ છે તેઓમાં પોતાપણાની સ્ફૂર્તિ થાય છે. (ભગવત્સંબંધરહિત) સ્ત્રી, પુત્રાદિકોમાં પોતાપણાની સ્ફૂર્તિ નથી થતી. કેમકે તેઓ તો લૌકિક આસક્તિના કારણરૂપ છે તેઓ પણ જો ભગવદીય હોય તો ભગવદીયપણાથી આસક્તિ બાધક નથી. તેથી તેઓનું બાધકપણું જોવામાં નથી આવતું. હવે સ્નેહની વૃદ્ધિની પરાકાષ્ઠા કહે છે કે જ્યારે પ્રભુમાં વ્યસન થયું ત્યારે તે જીવ કૃતાર્થ થાય છે. આટલે સુધી ભક્તિમાર્ગની રીતિ અનુસાર પ્રભુનો ફલરૂપ સમ્બન્ધ જે જીવોને થયો છે એવો જીવ થઈ જાય છે. ।।૪,૫।।

આવી રીતે પ્રભુમાં વ્યસનવાળાની યોગ્યતા, ભાવ તથા ફલનું

નિરૂપણ કરીને હવે તેની આગળની વ્યવસ્થા કહે છે :

તાદૃશસ્યાપિ સતતં ગેહસ્થાનં વિનાશકમ્ ।।
ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ ।।૬।।
લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોઽપ્યધિકાં પરામ્ ।।૬ ૧/૨।।

અન્વયાર્થ : તાદૃશસ્યાપિ= તેવા (સ્વરૂપ પરાયણ)ને, અપિ= પણ, સતતં= નિરંતર, ગેહસ્થાનં= ઘરમાં રહેવું, વિનાશકં= (સ્વરૂપ પરતાનું) વિનાશક છે, ત્યાગં કૃત્વા= (વિરહાનુંભવ માટે ઘરનો) ત્યાગ કરીને, યઃ= જે, યતેત્= (શ્રવણાદિ માટે) પ્રયત્ન કરે, તદર્થાર્થૈકમાનસઃ= તે (કૃષ્ણ) માટે (કૃષ્ણ પ્રયોજનવાળી ભક્તિના) અર્થ (રૂપ ભગવાન)માં જ કેવળ જેનું મન છે તેવો (તે), તુ= તો, સુદૃઢં= સુદૃઢ, સર્વતઃ= સર્વ (ભક્તિ)થી, અપિ= પણ, અધિકં= અધિક, પરાં= ઉત્તમ, ભક્તિં= ભક્તિને, લભતે= મેળવે છે.

ભાવાર્થ : આવા ઉત્કૃષ્ટ ભાવવાળા જીવને પણ તાદૃશ ભગવદીયના સંગ વિના ઘરમાં જે સ્થિતિ છે તે તેના ભાવનો નાશ કરવાવાળી છે. તેથી તેણે ઘરમાં રહેવું ઉચિત નથી. તેથી તેવાભાવવાળો ગૃહનો ત્યાગ કરીને, મનમાં એક પ્રભુને જ મળવાની અભિલાષા રાખીને, ભાવને વધારવાનો યત્ન કરે તો એમ કરતાં-કરતાં સુદૃઢ એવી પરાભક્તિને પ્રાપ્ત કરે છે. ૬-૬ ૧/૨

ટીકા : કેમકે જે જે જેનો નાશ કરવાવાળો છે તે તેની સમીપ રહી શકે જ નહિ. જેવી રીતે ‘‘હે કમલયનયન ! જ્યારથી આપના ચરણારવિંદનો સ્પર્શ થયો છે ત્યારથી અન્ય બીજા લોકોની આગળ અમો ઉભા રહી શકતાં જ નથી’’ આ રીતે વ્રજરત્નરૂપ શ્રીગોપીજનોએ શ્રીઠાકોરજીને કહ્યું છે. તેની વિવૃત્તિમાં શ્રીઆચાર્યજી આજ્ઞા કરે છે કે દેહના અભિમાની પુરુષ વાઘને દેહનો વિઘાતક સમજીને તેની પાસે ઉભા રહી શકતા નથી, તે જ રીતે તાદૃશીયને લૈકિકઆસક્તની પાસે રહેવાથી ભાવની હાનિ થઈ જ જાય. તેથી તે પ્રકારના ભાવવાળો ઘરનો ત્યાગ

કરી મનમાં એક પ્રભુને જ મળવાની અભિલાષા રાખી ભાવનો ઉત્કર્ષ કરવાનો (ભાવમાં ભરતી થયા જ કરે તેવો) યત્ન કરે તો તેમ કરતાં કરતાં નિશ્ચિત દૃઢ એવી ભક્તિને સંપાદન (પ્રાપ્ત) કરે છે.

અત્રે પ્રથમ વ્યસન સુધીના ભાવ વડે સર્વ લૌકિક આસક્તિને છોડાવવાથી ભક્તિ કહીને પુનઃ 'સુદૃઢ' ભક્તિ કહેવાનો આશય એવો છે જે પહેલાની ભક્તિ પણ ફલરૂપ તો છે જ, પરંતુ સુદૃઢ એટલે સર્વાત્મભાવરૂપ સાક્ષાત્ સ્વરૂપના અનુભવરૂપ ફલ જેમાં છે તેવી ભક્તિને પ્રાપ્ત થાય છે. મૂળશ્લોકમાં "લાભ થાય છે" એમ કહેલું છે તેનો અભિપ્રાય એ છે જે અગાઉ કહ્યો તેવો અત્યંત ગાઢભાવ, તે કરીને વિદ્યમાન દેહનો જ્યારે નાશ થાય ત્યારે લીલામાં ઉપયોગી એવો અલૌકિક દેહ તેનો થાય છે. ત્યારપછી તે દેહથી સાક્ષાત્ સ્વરૂપ સમ્બન્ધી ફળને પ્રાપ્ત થાય છે. આ ભક્તિ ફલરૂપ છે એવું જણાવવાને માટે 'સર્વથી અધિક' તથા 'પર' એમ મૂલમાં બે વિશેષણ આપ્યા છે. એટલે મુક્તિ વગેરેથી અધિક તથા અગણિત પરમાનંદરૂપ પુરુષોત્તમમાં જેનો સમ્બન્ધ છે તેવી ભક્તિ છે એમ આ બે વિશેષણથી સૂચિત થાય છે. ।।૬-૬$^{૧}/_{૨}$।।

હવે કદાચ કોઈ ભક્તિમાર્ગીય પૂર્વોક્ત ત્યાગનું સ્વરૂપ સમજ્યા વિના જ "અમો પણ ઘરનો ત્યાગ કરીને ભક્તિનો ઉત્કર્ષ કરશું" એવો મનમાં નિશ્ચય કરીને અધિકાર વિના જો ઘરનો ત્યાગ કરે તો તેમને તેવું કરવાનો નિષેધ કરે છે :

ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્તથાઽન્નતઃ ।।૭।।

અન્વયાર્થ : ત્યાગે= ત્યાગમાં, દુઃસંસર્ગાત્= દુષ્ટ સંસર્ગથી, તથા= અને, અન્નતઃ= અન્નથી, બાધકભૂયસ્ત્વં= બહુ બાધકતા છે.

ભાવાર્થ : જેને વ્યસન સુધી ભાવ વધ્યો નથી એવા જીવને ભક્તિ વધારવા માટે ઘરનો ત્યાગ કરવામાં દુઃસંગ અને અન્નદોષ

ઘણાંજ બાધક છે. ૭

ટીકા : જેનો વ્યસનપર્યંત ભાવ વધ્યો જ નથી એવા પુરુષને ભક્તિ વધારવાને માટે ઘર છોડવામાં ઘણા બાધક છે (તે જણાવે છે) પહેલા કહેલ જે ગૃહત્યાગી તેને તો બીજભાવની એવી દ્રઢતા છે કે તેને દુ:સંસર્ગાદિ દોષ લેશ પણ બાધા (અંતરાય) કરી શકતા નથી. પરંતુ આને તો વિશેષભાવ ન હોવાથી-ભાવની તે પ્રકારની દ્રઢતા થયેલી ન હોવાથી દુ:સંસર્ગદોષ ઘણા જ અંતરાય કરે જ. તથા શરીરનિર્વાહને માટે લોકમાં કોઈપણ સ્થળે જવું પડે, ત્યાં જે કાંઈ આપે તે બધું લેવું પડે ત્યારે તેમાં પ્રભુને સમર્પ્યું ન હોય તેવું અન્ન વગેરે પણ આવે. તેને લેવાથી બહિર્મુખપણું થઈ જાય. આ પ્રકારે બીજા પણ ઘણા બધા દોષ થાય છે. તેમાં મુખ્ય તો દુ:સંગ તથા અન્નદોષ છે. તેથી મૂલ શ્લોકમાં બેઉનું નિરૂપણ કર્યું છે. ।।૭।।

આમ આવા અપક્વભાવવાળાને કોઈ દોષ ન લાગે તથા સમય પણ નિર્ગમન-વ્યતીત થઈ જાય એવો સુલભ રસ્તો ઉત્તર (હવેના) શ્લોકમાં કહે છે-જણાવે છે :

અત:સ્થેયં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।।
અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।

અન્વયાર્થ : અતઃ= આથી, હરિસ્થાને= ભગવાનના સ્થાનમાં, તદીયૈઃ= તેમના, તત્પરૈઃ= તેમાં પરાયણ, સહ= સાથે, સ્થેયં= રહેવું, અદૂરે= દૂર નહિ (તેમ), વા= અથવા, વિપ્રકર્ષે= દૂર, યથા= જે રીતે, ચિત્તં= ચિત્ત, દુષ્યતે= દોષવાળું થાય, ન= નહિ.

ભાવાર્થ : આગળ કહ્યા એવા દોષ ન આવે તેના માટે જ્યાં સેવાનો પ્રવાહ (વૈષ્ણવતન્ત્રોક્ત મર્યાદામાર્ગીય મંદિરોમાં) ચાલતો હોય એવા પ્રભુના સ્થાનમાં પ્રભુના સેવા-સ્મરણ પરાયણ ભગવદ્ભક્તોના સંગમાં નિરંતર રહેવું; તેમાં પણ પ્રભુમાં અને ભક્તમાં દોષબુદ્ધિ ન થાય એવી રીતે નજીક અથવા છેટું રહેવું. ૮

ટીકા : કાલનિર્વાહ સરળતાથી થાય તથા દોષ આવે નહિ તે માટે, (એવા અપકવભાવવાળો) જ્યાં સ્વમાર્ગની (=વૈષ્ણવ આગમશાસ્ત્રમાં લખેલી-કહેવાયેલી) રીતિ અનુસાર સેવાનો અખંડ પ્રવાહ ચાલતો હોય એવા પ્રભુના સ્થાનમાં જેમકે ગોવર્ધન (તિરૂપતિ, શ્રીરંગજી, પાંડુરંગ વિઠ્ઠલનાથજી, શંખોદ્ધાર, બેટદ્વારકા, દ્વારકા, રણછોડજી, જગન્નાથરાયજી, બદ્રિનાથજી વગેરે) તેમાં રહે તેવા સ્થળે રહે પણ તે ય ભગવદ્‌ભક્તના સંગમાં નિરંતર રહે તેમજ પ્રભુની સેવા તથા સ્મરણપરાયણ રહે. ત્યાં પણ આ પ્રમાણે ન કરે તો દુઃસંગ વગેરે દોષ લાગી જાય. તો સઘળું જીવન ક્ષણમાં વ્યર્થ થઈ જાય.

હવે નિરંતર એવી સ્થિતિ (સંગ) કરવાથી કદાચિત્ કોઈક ભગવદીયનો અતિપરિચિતપણાને કારણે દોષ જોવામાં આવે તો પણ સારું નહિ. તેથી પ્રકારાંતરથી (અન્ય પ્રકારે) રહેવાની આજ્ઞા આપ કરે છે કે જેવી રીતે પ્રભુમાં કે પ્રભુના ભક્તમાં દોષબુદ્ધિ ન થાય તે પ્રકારે સમીપમાં અથવા દૂર રહેવું. પરંતુ ભગવદીયના સંગ વિના ક્ષણ પણ રહેવું નહિ. તેમ જ તેને તેની ઉપર, પોતાની ઉપર તથા આપણામાં દોષ આવે નહિ (અર્થાત્ તેઓનું ચિત્ત આપણે કારણે ઉદ્વિગ્ન ન થઈ જાય અને આપણને તેઓના ઉપર અભાવ ન આવે તે રીતે રહેવું) જેમાં મનમાં ચિત્તમાં કોઈપણ પ્રકારનો દોષ આવે નહિ એવી રીતથી (સમીપ કે દૂર) રહેવું. ।।૮।।

આવી રીતે પ્રભુમાં અત્યંત ભાવ વધવાથી ઘર છૂટી જાય તેની તથા અજ્ઞાનથી ઘર છોડે તેની સિદ્ધિના ઉપાય તથા ફળ કહ્યાં. હવે પુષ્ટિમાર્ગીય સેવા તથા કથા તેમાં અન્યતરમાં (બેમાંથી એકમાં) આસક્તિ રાખવાવાળાને પણ ફલની સિદ્ધિ થાય તે કહે છે :

સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દૃઢા ભવેત્ ।।
યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ ।।૯।।

અન્વયાર્થ : યસ્ય= જેની, સેવાયાં= સેવામાં, વા= અથવા,

કથાયાં= કથામાં, વા= અથવા, દૃઢા= દૃઢ, આસક્તિઃ= આસક્તિ, યાવજજીવં= જીવનપર્યંત, ભવેત્= થાય છે, તસ્ય= તેનો, નાશઃ= નાશ, ક્વ= ક્યાંય, અપિ= પણ, ન= નથી (થતો,) ઈતિ= એવી, મે= મારી, મતિઃ= મતિ (છે.)

ભાવાર્થ : પ્રભુની સેવામાં તથા/અથવા ભગવત્કથામાં જેમની દૃઢ આસક્તિ જીવન પર્યંત રહે છે તેનો (ભક્તિબીજનો) કોઈપણ પ્રકારથી નાશ ન થાય અને પુષ્ટિમાર્ગીય ફલ તેને સિધ્ધ થાય તેમાં સંશય નથી એવું મારી બુધ્ધિમાં આવે છે. ૯

ટીકા : શ્રીઆચાર્યજી પ્રકટિત પુષ્ટિમાર્ગાનુસારી પ્રભુની સેવામાં તથા એતન્માર્ગીય ભગવલ્લીલાની કથામાં જેની આસક્તિ (ચિત્તના વ્યાસંગપૂર્વક દૃઢ આગ્રહ) રહે, એટલે કોઈને સેવામાં તો કોઈકને કથામાં તો કોઈને બેઉમાં સેવા તથા કથામાં આસક્તિ થાય અને તે પણ જ્યાં સુધી દેહમાં પ્રાણ ટકી રહે ત્યાંસુધી (આસક્તિ) ટકી રહે તો તેનો (ભાવનો) કોઈપણ પ્રકારથી નાશ ન થાય તથા પુષ્ટિમાર્ગીય ફલ તેને સિધ્ધ થાય તેમાં સંશય ન થાય તે માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે મારી બુધ્ધિમાં આ રીતે સમજાય છે કે તેનો કોઈપ્રકારે પણ નાશ નહિ થાય. આટલું કહેવાથી ફલની નિઃસંદિગ્ધતાનો બોધ થાય છે. ।।૯।।

આવા સેવાસક્ત અને કથાસક્તને જોઈને કોઈ આસક્તિના અભાવમાં પણ ઉત્સાહથી સેવા કરે તો તેને બાધ થાય તે તથા તેની નિવૃત્તિનો ઉપાય હવે કહે છે :

બાધસંભાવનાયાં તુ નૈકાંતે વાસ ઈષ્યતે ।।
હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।૧૦।।

અન્વયાર્થ : બાધસમ્ભાવનાયાં= વિઘ્ન સંભવ થતાં, તુ= તો એકાન્તે= એકાંતમાં, વાસઃ= નિવાસ, ઈષ્યતે= ઈચ્છવા યોગ્ય, ન= નથી, હરિઃ= હરિ, તુ= તો, સર્વતઃ= બધી તરફથી, રક્ષાં= રક્ષા, કરિષ્યતિ= કરશે, સંશયઃ ન= તેમાં સંશય નથી.

ભાવાર્થ : સેવામાં બાધની સંભાવનામાં સેવા છોડીને એકાંતવાસ કરવો હિતાવહ નથી. કેમ? કે પ્રભુ સઘળા દુઃખોનું હરણ કરવાવાળા છે તેથી પ્રભુ સઘળી બાધાઓને દૂર કરીને ભક્તના ભાવની રક્ષા કરશે એમાં કોઈ સંશય નથી. ૧૦

ટીકા : સેવા કરવામાં દ્રઢતા નહિ હોવાથી ઉદ્વેગ થાય તથા ભોગમાં આસક્તિ થાય તે જ સેવામાં અંતરાય સમજવો. ''એ રીતે બાધની સંભાવનામાં પણ મારાથી સેવા બની શકતી નથી તેથી હું ઘર છોડીને કોઈ એકાંતમાં જઈને ભગવદ્ભજન કરીશ'' એવો વિચાર કરીને સેવા ન છોડે કેમકે પ્રભુ તો સર્વના દુઃખનું હરણ કરવાવાળા છે, તેથી હરિ નામ છે, તે ઉદ્વેગ વગેરે દૂર કરીને સેવામાં દ્રઢાસક્તિ કરશે જ. તેથી જેવી રીતે બને તેવી રીતે પણ સેવા કરવી. એમ (સેવા) કરતા રહેનારને પ્રભુ ભાવ વધારશે જ એમાં કોઈપણ પ્રકારે સંશય ન રાખવો. એ જ રીતે જે કથામાં આસક્ત હોય તેમાં વિઘ્ન આવે તો પણ તેણે કથા (સ્મરણ) ન છોડવા તો પ્રભુ સર્વ બાધકોને દૂર કરીને જેમાં જેની પ્રવૃત્તિ હશે તેમાં તેના મનને નિશ્ચલ કરશે જ એમ વિશ્વાસપૂર્વક સમજવું. ।।૧૦।।

હવે ઉપસંહાર કરે છે :

ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્ત્વં નિરૂપિતમ્ ।।
ય એતત્સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દ્રઢા રતિઃ ।।૧૧।।

અન્વયાર્થ : ઈત્યેવં= આ પ્રકારથી, ગૂઢતત્વં= ગૂઢ છે (જેનું) તત્ત્વ (તેવું,) ભગવચ્છાસ્ત્રં= ભગવત્ શાસ્ત્ર, (મયા= મેં) નિરૂપિતમ્= નિરૂપિત કર્યું, યઃ= જે, એતત્= આ (ગ્રંથ)નું, સમધીયીત= સારી રીતથી અધ્યયન કરશે, તસ્ય= તેને, અપિ= પણ, દ્રઢા= દ્રઢ (નિશ્ચલ,) રતિ= પ્રીતિ (ભક્તિ,) સ્યાત્= થશે.

ભાવાર્થ : ઉપર કહ્યા પ્રમાણે જે વાણીમાં પણ આવી શકે તેમ નથી પરંતુ જે અનુભવથી જ જાણવા લાયક ગૂઢ છે તત્ત્વ જેનું એવી ભક્તિની વૃદ્ધિનું ભક્તિના ઉત્કર્ષનું શાસ્ત્ર નિરૂપિત કર્યું છે. આ શાસ્ત્રનો

'સમ્યક્ પ્રકારે' અર્થાનુસંધાનપૂર્વક જે પાઠ કરે (દરેક શબ્દનો અભિપ્રાય સહિત વિચાર કરે) તેનું પણ તેમ કરતાં કરતાં નિષ્પાપ અંતઃકરણ થાય, ત્યારે (તેમ થતાં) પ્રભુમાં દૃઢ પ્રીતિ થાય. ૧૧

ટીકા : એટલે આનો અર્થાનુસંધાનપૂર્વક નિત્ય પાઠ કરવાથી માર્ગમાં રુચિ થાય અને ભક્તિમાર્ગીય આચાર્યદ્વારા શરણાગતિ થવાથી પ્રભુમાં દૃઢ (નિશ્ચલ) રતિ એટલે કે રસભાવયુક્ત સ્નેહ થાય. ।।૧૧।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત ''ભક્તિવર્ધિની'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

|| શ્રીકૃષ્ણાય નમઃ ||
|| શ્રીભાવપુરિતવિગ્રહાય નમઃ ||

|| જલભેદ ||

આપણા (પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને) સેવ્ય શ્રીકૃષ્ણ કેવળ ભાવ વડે જ પ્રાપ્ત થઈ શકે છે. ભાવ વિના, સંપાદિત જ્ઞાન વગેરે પણ પ્રભુ પ્રાપ્તિમાં બાધક છે એમ શ્રીભાગવત વગેરે સર્વ ગ્રંથોમાં કહેલું છે, તેથી ભાવરહિત કૃતિ, ઘી વિનાના (લુખ્ખા) ભોજનની જેમ ફલ સંપાદક નહિ હોવાથી શ્રીઆચાર્યજી મહાપ્રભુજી પોતાના જનો ઉપર કૃપા કરીને, તેઓના ભાવની વૃદ્ધિ થવાને માટે ભાવનું નિરૂપણ કરવાની પ્રતિજ્ઞા કરે છેઃ

નમસ્કૃત્ય હરિં વક્ષ્યે તદ્ગુણાનાં વિભેદકાન્ ||
ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસંદેહવારકાન્ ||૧||

અન્વયાર્થ : હરિં= હરિને, નમસ્કૃત્ય= નમસ્કાર કરીને, તદ્ગુણાનાં= તે (હરિ)ના ગુણોના, વિંશતિધા= વીસ પ્રકારે, ભિન્નાન્= જુદા, વિભેદકાન્= વિવિધ ભેદ કરનાર, સર્વસંદેહવારકાન્= સર્વ સંદેહોને દૂર કરનાર, ભાવાન્= મનોવિકારો, વક્ષ્યે= હું (શ્રીમહાપ્રભુજી) કહીશ.

ભાવાર્થ : પ્રભુને નમન કરીને, ભક્તિના સાધનમાં જે-જે સંદેહ છે તેને દૂર કરવાવાળા તથા રજોગુણ, તમોગુણ તેમજ સત્વગુણને નિવૃત્ત કરવાવાળા અલગ-અલગ વીસ પ્રકારના ભાવોનું હું આગળ નિરૂપણ કરું છું. ૧

ટીકા : પ્રભુને જીવ નમન સિવાય બીજું કાંઇ કરી શકતો નથી એવું જણાવવા માટે આપ પ્રથમ નમન કરવાની આજ્ઞા કરે છે. ''તદ્ગુણાનાં વિભેદકાન્'' એવા મૂળના વાક્યના બે ચાર અર્થ થઈ શકે છે.

જેમકે પ્રભુના જે સર્વસમત્વાદિ ગુણ, તેને દૂર કરવાવાળા ભાવ છે એટલે કે જો ભક્ત ભાવને વધારીને ભક્તિ કરે તો પ્રભુ પોતાનો

સર્વસમત્વરૂપ જે ગુણ છે તે છોડીને તે જીવ ઉપર પૂર્ણકૃપા કરે છે. તે વાત શ્રીગીતાજીમાં ''હું સર્વ પ્રાણીઓને સમાન છું મારે કોઈ શત્રુ તથા મિત્ર જોકે નથી તો પણ જે મારું ભજન કરે છે તે મારામાં છે અને હું તેનામાં છું'' (ભગ.ગી.૯।૨૯) એવી આજ્ઞા સ્પષ્ટ કરી છે, અથવા જીવના જે ધર્મ તેમાં વિલક્ષણતા કરવાવાળા, અથવા પ્રભુના જે ગુણ તેનું આકર્ષણ કરીને જીવને દેખાડવાવાળા સર્વ ભાવ છે. એ રીતે આ વાક્યના અનેક પ્રકારના અર્થ શ્રીકલ્યાણરાયજી વગેરે બાળકોએ કર્યા છે. 'ભાવ' શબ્દના જો કે અનેક અર્થ થાય છે તો પણ અત્રે તો સ્નેહ તથા તેનાથી થવાવાળી અવસ્થા જ 'ભાવ' શબ્દથી જાણવી; કેમકે નાટ્યાચાર્ય ભરતમુનિ વગેરેએ 'ભાવ'નો અર્થ સ્નેહરૂપ જ કર્યો છે ''રતિર્દેવાદિવિષયા ભાવ ઈત્યભિધીયતે'' (દેવાદિકોમાં જે રતિ (પ્રીતિ) છે તેને જ 'ભાવ' કહે છે) આ વાક્યથી કહ્યું છે. ગુણના ભેદને કારણે તે ભાવ વીસ પ્રકારના છે. જ્યારે પ્રભુમાં ભાવ વધે ત્યારે આપોઆપ જ સર્વ સંદેહ નષ્ટ થઈ જાય છે. તેથી મૂળમાં જ ''સર્વસંદેહવારકાન્'' એમ કહ્યું છે. ॥૧॥

વેદમાં તૈત્તિરીય શ્રુતિમાં ''કુપ્યાભ્યઃ સ્વાહા'' ત્યાંથી લઈને ''સર્વાભ્યઃ સ્વાહા'' (કૃષ્ણયજુર્વેદ તૈ.સં.૭।૪।૧૨) ત્યાં સુધી જલના ભેદનું નિરૂપણ છે તે પ્રમાણે ગુણ પણ ભેદને પ્રાપ્ત થાય છે તે કહે છે. (જેમ જલના વીસ પ્રકારના ભેદ છે તે રીતે ગુણના ભેદ પણ સમજવા તે આ અભિપ્રાય જલના દૃષ્ટાંતમાં રહેલું છે.) :

ગુણભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ॥૧ ૧/૨॥

અન્વયાર્થ : ગુણભેદાઃ= (શ્રી હરિના) ગુણના ભેદો, તુ= તો, તાવન્તઃ= તેટલા (છે,) હિઃ= જે હેતુ માટે, યાવન્તઃ= જેટલા, જલે= જલમાં, મતાઃ= (વેદમાં) સંમત છે.

ભાવાર્થ : ''કૂપ્યાભ્યઃ સ્વાહાઃ કૂલ્યાભ્યઃ સ્વાહા'' (કૃષ્ણયજુર્વેદ તૈત્તિ.સં.૭।૪।૧૨) વગેરે તૈત્તિરીય સંહિતામાં જલના

જેટલા ભેદ કહ્યા છે એટલા જ શ્રીહરિના ગુણોમાં ભેદ છે આ નિશ્ચય છે. ૧$^{૧}/_{૨}$

ટીકા : જેટલા જલના ભેદ તૈત્તિરીય શ્રુતિમાં પ્રતિપાદિત છે તેટલા જ ભાવ ના પણ ભેદ છે. જેવી રીતે જલમાં તાપનિવર્તકપણું, શુદ્ધિકરવાપણું તથા પુષ્ટિ કરવાનો ગુણ છે તેવા ગુણ ભાવમાં પણ છે એવું જણાવવા માટે જલનું દૃષ્ટાંત છે. ।।૧ ૧/૨।।

પ્રભુને ગાયન વિશેષ પ્રિય હોવાથી પ્રથમ ગાયકના ભાવનું નિરૂપણ કરે છે :

ગાયકાઃ કૂપસંકાશા 'ગંધર્વા' ઈતિ વિશ્રુતાઃ ।।૨।।
કૂપભેદાસ્તુ યાવંતસ્તાવંતસ્તેઽપિ સમ્મતાઃ ।।૨$^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : ગાયકાઃ= ગાન કરનારાઓ, કૂપ-સંકાશાઃ= કૂવા જેવા (છે,) ગંધર્વાઃ= ગંધર્વો, ઈતિ= એ પ્રકારે, વિશ્રુતાઃ= વિશેષ રીતે પ્રસિદ્ધ છે, તુ= વળી, યાવન્તઃ= જેટલા, કૂપભેદાઃ= કૂવાના ભેદ છે, તાવન્તઃ= તેટલા, તે= તે (ગંધર્વો), અપિ= પણ, સંમતાઃ= સારા રીતે વિચારેલા (છે.)

ભાવાર્થ : ગાન કરવાવાળા ગાયકો 'ગંધર્વ'ના નામથી પ્રસિદ્ધ છે. તે ગાયકો કૂવા જેવા છે. તે બધા ગાયકો સમાન નથી. પરંતુ જેટલા કૂવાના ભેદ છે એટલા જ ગાયકોના ભેદ છે. ૨-૨$^{૧}/_{૨}$

ટીકા : એટલે કૂવાના જલની જેમ તે ગાયકોનો ભાવ છે, કૂવાનું જલ શીતકાળમાં ઉષ્ણ તથા ઉષ્ણકાલમાં શીતલ હોય છે, તાપને તે દૂર કરે છે તથા વપરાશ કરવાથી તે સારું રહે છે એ રીતે આવા ગાયકનો ભાવ જડપુરુષની જડતાને દૂર કરે છે, સંસારના તાપથી તપ્ત થયેલાઓના તાપને દૂર કરે છે તથા ગાન કરવાથી વધે છે અને સારો થાય છે. કૂવાનું જલ દોરડાથી ખેંચી શકાય છે. તે રીતે ગાન કરીને જ ગાયકના ભાવને ગ્રહણ કરવાનો અભિપ્રાય અત્રે જણાય છે. તે સઘળા

ગાયકો સમાન નથી હોતા પરંતુ કૂવાના જેટલા ભેદ છે તેટલા જ ખરેખર આ ગાયકોના ભેદ છે. એટલે કે જેમ કોઈ કૂવાનું જલ ખારૂં હોય, કોઈનું ફીક્કું હોય, કોઈનું તિક્ત હોય, કોઈનું પરિણામમાં સુખ દેવાવાળું હોય તો કોઈ પરિણામમાં દુઃખ દેવાવાળા જલયુક્ત હોય તેવી રીતે ગાયક પણ પુરુષોત્તમ, તેમની વિભૂતિ, ગુણાવતાર તથા અંશ વગેરેની લીલાના ભેદો વડે ગાન કરે છે. તે રીતે સાત્વિકાદિ ગુણોના ભેદ કરીને કોઈ અકામ, કોઈ મોક્ષકામ, કોઈ સ્વર્ગકામ તથા કોઈ લૌકિક કામનાવાળા છે; તેથી તેઓનો ભાવ કૂવાના જલની સમાન છે. આ ભાવોનું વિવરણ શ્રીકપિલદેવજીએ દેવહૂતીજીને શ્રીભાગવતના ત્રીજા સ્કંધમાં કર્યું છે. તેથી જ ભાવના ભેદથી જ ભક્તિના પણ (બ્યાશી) પ્રકાર થાય છે તે શ્રીપ્રભુચરણે 'ભક્તિહંસ' વગેરેમાં નિરૂપણ કર્યા છે. શ્રવણ વગેરે નવ પ્રકાર પણ અધિકારીના ભેદથી, કર્મ, જ્ઞાન, ઉપાસના તથા ભક્તિમાર્ગીયપણાના ભેદથી, અનેક પ્રકારના થાય છે. ।।૨-૨$^{૧}/_{૨}$।।

હવેથી અહીંથી બીજા પ્રકારનું નિરૂપણ કરે છે :

કૂલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારમ્પર્યયુતા ભુવિ ।।૩।।

અન્વયાર્થ : ભુવિ= પૃથ્વી પર, પારંપર્ય-યુતાઃ= પરંપરાથી યુક્ત, પૌરાણિકાઃ= પૌરાણિકો, કુલ્યાઃ= નહેરો, પ્રોક્તાઃ= કહેલા છે.

ભાવાર્થ : કૃત્રિમ નદી (નહેર) 'કુલ્યા' નામથી પ્રસિદ્ધ છે. તેની જેમ પૌરાણિક છે તે પારંપર્યયુક્ત છે. ૩

ટીકા : એટલે જલાશયથી લઈને ક્ષેત્ર સુધી 'કુલ્યા' પરંપરાગત-જલ પ્રવાહ યુક્ત છે. એ રીતે પૃથ્વીપર પુરાણના અર્થ રાખવામાં પૌરાણિક પરંપરાથી અર્થસંગ્રહ કરવાવાળા છે. સદ્ગુરુ પાસે ઉપદેશ ગ્રહણ કરીને પુરાણના અર્થને ગુરુ પાસેથી ભણે છે. એ રીતે ઉપદેશ ગ્રહણ કર્યા વિના તથા ગુરુ પાસેથી અર્થ જાણ્યા વિના, શ્રીભાગવતાદિકમાં ભાષાત્રય તથા આસુરવ્યામોહ વગેરે લીલા વર્ણવેલી

છે તેના અજ્ઞાનથી જે પુરાણનો અર્થ સમજાવે તો પણ તેનાથી કોઈ અર્થ સિદ્ધ થતો નથી. તેથી ગુરુ ઉપદેશ વગેરેની પૌરાણિકોને અત્યંત આવશ્યકતા છે. તે વિના કથા કરે તો કથા શ્રોતાને ફળ દેવાવાળી નથી થતી. જેવી રીતે કૃત્રિમ નદી-નહેર પ્રતિદિન પ્રયત્ન કરવાથી (અર્થાત્ મોટા જળાશય અથવા મોટી નદીમાં જલ મળવાથીજ) સારી રીતે જલનું વહન કરે છે તેવી રીતે પૌરાણિકને પણ નિરંતર પુરાણના પાઠ કરવાથી ભાવનો ઉદય થાય છે એ પણ આ (શ્લોક) વડે જાણી શકાય છે. ।।૩।।

હવે ત્રીજા ભાવનું નિરૂપણ કરે છે :

ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિહેતવઃ ।।૩$^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : ચ= અને, તે= તે (પૌરાણિકો,) અપિ= પણ (ગંધર્વો,) ક્ષેત્રપ્રવિષ્ટાઃ= ક્ષેત્રમાં પ્રવેશેલા, સંસારોત્પત્તિહેતવઃ= સંસારની ઉત્પત્તિમાં કારણરૂપ (બને છે.)

ભાવાર્થ-ટીકા : 'ક્ષેત્ર' શબ્દ શરીર તથા સ્ત્રીવાચી છે. સ્ત્રી દેહ જેમ સંસાર ઉત્પત્તિના કારણરૂપ બને છે તેમ પૌરાણિકો પણ જો દેહ-નિર્વાહ તથા સ્ત્રીકુટુંબ વગેરેને માટે પુરાણ વાંચવાનું કાર્ય કરે તો તેઓ પણ સંસારોત્પત્તિના કારણરૂપ થાય છે. એટલે જેવી રીતે નહેરનું પાણી ખેતરમાં જાય તો ધાન્ય ઉત્પન્ન કરવામાં સમર્થ થાય છે તેવી રીતે પૌરાણિકો પણ વૃત્તિ આજીવિકાને માટે પુરાણવાચન કરે તથા ભીતર ભાવરહિત હોય તો સાંભળનારને સંસારની ઉત્પત્તિનું કારણ થાય છે. જેવી રીતે પૌરાણિક સ્ત્રી, કુટુંબ વગેરેના પોષણને માટે પુરાણનો ઉપયોગ કરે તથા પોતે તે પ્રમાણે ચાલે નહિ તો સંસારની ઉત્પત્તિનું કારણ થાય. તેવી રીતે પૂર્વશ્લોકમાં કહેલા ગાયક વગેરે સ્ત્રી, પુત્રાદિકને માટે જ ગાન કરે તો તેઓ પણ સંસારની ઉત્પત્તિના કારણરૂપ થાય એવું મૂલના 'અપિ' શબ્દથી સૂચિત થાય છે. ।।૩ $^{૧}/_{૨}$।।

હવે ચોથા ભાવનું નિરૂપણ કરે છે :

વેશ્યાદિસહિતા મત્તા ગાયકા 'ગર્ત'સંજ્ઞિતાઃ ।।૪।।

અન્વયાર્થ : વેશ્યાદિસહિતા= વેશ્યા વગેરે સહિતના, મત્તાઃ= મદમત્ત, ગાયકાઃ= ગાયકો, ગર્ત-સંજ્ઞિતાઃ= ''ગર્ત''નામે ઓળખાયેલા છે.

ભાવાર્થ : હવે ગાયક જે વેશ્યાદિના સંગથી ઉન્મત્ત થાય તેઓનો ભાવ ખાડાના જલની બરાબર છે. ૪

ટીકા : એટલે ''જેવી રીતે વારાંગના અને સ્ત્રીનો સંસર્ગ કરવાવાળાના પ્રસંગથી મોહ તથા બંધ થાય છે તેવી રીતે આ જીવને બીજાના પ્રસંગમાં થતું નથી'' એમ શ્રીકપિલદેવજીએ આજ્ઞા કરી છે, તેથી વેશ્યાદિકોનો સંગ મહાબાધક છે. સ્ત્રીનો સંગ કરીને પણ જો પ્રભુનું ભજન કરે તો સારું થાય પરંતુ ભજન (સેવા) જ કરતા નથી. કેમકે મત્ત હોવાથી તેઓને સ્વામિ-સેવક ભાવનું અનુસંધાન જ રહેતું નથી. એ રીતે ગાયક શ્રીકૃષ્ણના ગુણનું ગાન કરે છે તો પણ માહાત્મ્ય જાણીને કરતા નથી પરંતુ ઉત્તમ સ્વર તથા ગીતમાં વશ થઈને કરે છે; તેથી તેઓનો ભાવ ખાડામાં ભરાયેલા પાણી (ખાબોચિયાનું જલ)ની જેમ કલુષિત ગણાય છે. તથા જે નિર્મત્સર થઈને પ્રભુના ગુણગાન કરવાવાળા છે તેઓના ભાવ તો કૂવાના જલની સમાન જાણવા. ।।૪।।

હવે પાંચમા ભાવનું નિરૂપણ કરે છે :

જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ ।।૪ ૧/૨।।

અન્વયાર્થ : નીચાઃ= નીચ, ગાનોપજીવિનઃ= ગાનથી આજીવિકા ચલાવનારા, તુ= તો, જલાર્થં= પાણી માટેના, એવ= જ (કરેલા) ગર્તાઃ= ખાડા (જેવા છે.)

ભાવાર્થ-ટીકા : ગાન કરીને જ આજીવિકા કરવાવાળા નીચ પુરુષો છે. તેઓનો ભાવ ઉચ્છિષ્ટ (એંઠા) જલ સમાન છે. એટલે એંઠા વાસણ વગેરે ખાસા કરે ત્યારે બધું એંઠું જલ એક ખાડામાં જમા થાય

છે. તે ખાડાનું જલ જેવી રીતે બીજી વસ્તુઓ શુદ્ધ કરવાના કાર્ય માટે અયોગ્ય છે તેવી રીતે ગાન ઉપર જ આજીવિકા કરવાવાળા નીચ પુરુષોનો ભાવ પણ સત્પુરુષોએ આદર કરવા જેવો નથી હોતો. (ગર્ત અગાઉના સમયમાં ઘરોની આગળ, હાથ પગ ધોયેલું કે કોગળા વગેરે કરેલું કે મોરી વગેરેનું દૂષિત જલ ચોતરફ ફેલાઈ ન જાય તે માટે ઘર આગળ જ ખાડો કરવામાં આવતો ને તેમાં તે જલ એકઠું થતું. આ ખાડો તે ગર્ત.)।।૪૧/૨।।

હવે છટ્ઠાભાવનું નિરૂપણ કરે છે :

હ્રદાસ્તુ પંડિતાઃ પ્રોક્તા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ।।૫।।

અન્વયાર્થ : ભગવત્ શાસ્ત્ર તત્પરાઃ= ભગવાને કહેલા શાસ્ત્રોમાં નિષ્ઠાવાળા, પંડિતાઃ= પંડિતો, તુ= તો હ્રદાઃ= ધરાઓ, પ્રોક્તાઃ= પ્રકર્ષથી કહેલા છે.

ભાવાર્થ : ભગવત્ શાસ્ત્ર જે શ્રીભાગવત ગીતાજી વગેરે, તેમાં તત્પર એવા જે પંડિતલોક છે તેઓનો ભાવ હ્રદ-ધરાઓ (નદીના જ એક ભાગરૂપ અગાધ જલવાળા મારા જલાશય)ના જળની સમાન છે. ૫

ટીકા : નદી વગેરેમાં જ્યાં જલ ઘણું ઉંડું નિરંતર રહે તેને 'હ્રદ' કહે છે. તે જલાશયમાં જેવી રીતે જલ નિરંતર શીતલ રહે છે, પશુ વગેરેના પ્રવેશ-પાન વગેરેથી જે મલિન દૂષિત નથી થતું તેવી રીતે પંડિતોનો ભાવ પણ સાંસારિક તાપથી તપ્ત થતો નથી તથા કુતર્ક વગેરેથી સંશયવાળો મલિન પણ થતો નથી એવું જણાવવા માટે જલના હ્રદનું જલાશયનું દષ્ટાંત અહીં શ્રીમહાપ્રભુજીએ આપ્યું છે. ।।૫।।

હવે સાતમા ભાવનું નિરૂપણ કરે છે :

સંદેહવારકાસ્તત્ર સૂદા ગંભીરમાનસાઃ ।।૫૧/૨।।

અન્વયાર્થ : તત્ર= તેમાં, સંદેહવારકાઃ= સંદેહોને દૂર કરનારા,

ગંભીરમાનસાઃ= ગંભીર મનવાળા, સૂદાઃ= સ્વાદુ-સદ્ગુણવાળા જલયુક્ત ધરા (જેવા છે.)

ભાવાર્થ-ટીકા : જેઓનું મન ગંભીર છે એટલે કે અંતર્નિષ્ઠાવાળા તથા ભગવત્શાસ્ત્રમાં સંદેહને દૂર કરવાવાળા-શંકાઓનું નિરાકરણ કરવાવાળા જે પંડિત છે તેઓનો ભાવ સુંદર જલવાળા-સરોવર હ્રદના જેવો છે. જેવી રીતે ઘણા જ સુંદર જલનો એકત્રિત સમુદાય જોતાં જ મનને પ્રસન્નતા થાય છે તેવી રીતે આ શ્લોકમાં કહ્યા તેવા પંડિતો પણ મનના સર્વ સંદેહોને દૂર કરીને મનને પ્રસન્ન કરવાવાળા છે એવું સમજવું. ॥૫$^{૧}/_{૨}$॥

હવે આઠમા ભાવનું નિરૂપણ કરે છે :

સરઃ કમલસંપૂર્ણાઃ પ્રેમયુક્તાસ્તથા બુધાઃ ॥૬॥

અન્વયાર્થ : પ્રેમયુક્તાઃ= પ્રેમવાળા, તથા= (પહેલા કહ્યા છે) તેવા, બુધાઃ= પંડિતો, સરઃ કમલ સંપૂર્ણાઃ= સરોવરમાં જે કમલો છે તેનાથી સંપૂર્ણ.

ભાવાર્થ : પૂર્વશ્લોકમાં કહ્યા એવા અંતર્નિષ્ઠાવાળા તથા સંશયને નિવૃત્ત કરવાવાળા પંડિતો પણ જો પ્રભુમાં પ્રેમવાળા હોય તો કમલયુક્ત તળાવના જલની સમાન તેઓનો ભાવ જાણવો. ૬

ટીકા : એટલે કે જેમાં કમલ પ્રફુલિત થઈ રહ્યા છે ખીલી રહ્યા છે એવા તળાવનું જલ દર્શનમાત્રથી જ સર્વ ઇંદ્રિયોને સુખ આપનારું બને છે તે જલમાં સુગંધ ઘણી જ હોવાથી ભ્રમરો વગેરે પણ કમલ ઉપર આવે છે તથા અતિશય સુંદર જલ હોવાથી સારસ વગેરે પક્ષીઓ પણ સૌંદર્યને વધારવાવાળા ત્યાં હોય છે. તેવી રીતે અંતર્નિષ્ઠાવાળા પંડિત તથા સર્વ સંશયોને દૂર કરવાવાળા પંડિત તથા પ્રભુમાં પ્રેમવાળાનો ભાવ પણ તે જ (રમણીય સરોવરના) સુગંધયુક્ત જલની સમાન છે. ॥૬॥

હવે નવમા ભાવનું નિરૂપણ કરે છે :

અલ્પશ્રુતાઃ પ્રેમયુક્તા ‘વેશન્તાઃ’ પરિકીર્તિતાઃ ॥૬૧/૨॥

અન્વયાર્થ : અલ્પશ્રુતાઃ= ઓછું ભણેલા, પ્રેમયુક્તાઃ= (પ્રભુમાં ઓછા) પ્રેમવાળા, વેશન્તાઃ= નાના તળાવ જેવા, પરીકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ-ટીકા : પ્રભુને વિશે પ્રેમવાળા તથા શાસ્ત્રોના થોડાક અધ્યયનવાળા પુરુષ ‘વેશન્ત’ (નાના તળાવ) જેવા ભાવવાળા છે એટલે નાના તળાવનું જલ ઘણા પશુ વગેરેના આક્રમણને કારણે કલુષિત થાય છે તેવી રીતે તે પુરુષ જોકે પ્રેમવાળા છે છતાં ય વિપુલ શાસ્ત્રાધ્યયન નહિ હોવાથી દુઃસંગાદિક દોષ થઈ જાય તો તેઓનો ભાવ ક્ષીણ થઈ જાય છે એવું જણાવવાને માટે નાનકડા તળાવના જલ જેવો ભાવ કહ્યો છે. ॥૬૧/૨॥

હવે દસમા ભાવનું નિરૂપણ કરે છે :

કર્મશુદ્ધાઃ પલ્વલાનિ તથાઽલ્પશ્રુતભક્તયઃ ॥૭॥

અન્વયાર્થ : તથા= તેમ, અલ્પશ્રુતભક્તયઃ= અલ્પ શ્રવણ અને અલ્પ ભક્તિવાળા, કર્મશુદ્ધાઃ= કર્મથી શુદ્ધ (વક્તાઓ,) પલ્વલાનિ= નાની તળાવડી (જેવા છે.)

ભાવાર્થ : કર્મથી શુદ્ધ પરંતુ શાસ્ત્રાધ્યયન તથા ભક્તિ જેની ઓછી છે તેઓનો ભાવ અતિશય નાનકડા તળાવડીના જલની સમાન જાણવો. ૭

ટીકા : એટલે કે તે પુરુષ પણ કર્મ કરીને ઈશ્વરને અર્પણ કરે તેથી તેઓનું ચિત્ત શુદ્ધ થઈ જાય છે પરંતુ નાનકડા તળાવમાં જેવી રીતે ભુંડ વગેરે ઘૂમે ત્યારે જલ સઘળું કીચડયુક્ત (ડહોળાયેલું) થઈને સ્નાન પાન કરવા લાયક રહેતું નથી તેવી રીતે તે વક્તાનો ભાવ ‘‘અગ્નિહોત્રને કરે’’ ‘‘સ્વર્ગની કામનાવાળો અગ્નિષ્ટોમ યાગ કરે’’ ઈત્યાદિ શ્રુતિઓમાં વાક્યોથી સકામને યાગનો અધિકાર છે. જેમાં ફલનું શ્રવણ ન થાય

તેમાંય વિશ્વજીત્‌ન્યાયથી (જ્યાં પણ યાગનું ફલ કહ્યું ન હોય ત્યાં સામાન્ય રીતે યાગનું ફળ સ્વર્ગ હોય છે. આ વિશ્વજીત ન્યાયનું દૃષ્ટાંત છે) ફલની કલ્પના થઈ શકે છે. તેથી કર્મ ઈશ્વરને અર્પણ કરવા માટે કરવાના નથી, પરંતુ ફલને માટે છે. તથા "જેને યાગ કરવાનો અધિકાર નથી તે જ ભક્તિનો અધિકારી છે" વગેરે કર્મજડની અસદ્‌ (ખોટી) વાતોના અભિનિવેશથી તેનો ભાવ કલુશિત (મલિન) થઈ જાય છે. પરંતુ તેને "મારા માટે કર્મ કરવાવાળો થા," "મારા માટે કર્મ કરવાથી જ તુ સિદ્ધને પ્રાપ્ત થશે," "મારામાં મનને ધારણ કરે" વગેરે પ્રભુના શ્રીમુખના વચનોના અજ્ઞાનથી તેનો ભાવ એવો થઈ જાય છે.

આમ તો 'પલ્વલ' તથા 'વેશન્ત' બેઉ પર્યાય શબ્દો છે તો પણ "વેશંતેભ્યઃ સ્વાહા પલ્વલેભ્યઃ સ્વાહા" આ રીતે વેદમાં પૃથક્‌ ગણ્યા છે તેથી અત્રે પણ શ્રીઆચાર્યજીએ પણ પૃથક્‌ દૃષ્ટાંતરૂપ માન્યા છે. તેથી જલના સ્વાદના ભેદથી અહીં તેનો (પલ્વલ વેશન્તનો) ભેદ સમજવો. ।।૭।।

હવે અગિયારમાં ભાવનું નિરૂપણ કરે છે :

યોગધ્યાનાદિસંયુક્તા ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ ।।૭$^1/_2$।।

અન્વયાર્થ : યોગધ્યાનાદિસંયુક્તાઃ= (અષ્ટાંગ) યોગ અને ધ્યાન (ચિત્ત-વ્યાપાર) વગેરેથી સંયુક્ત, ગુણાઃ= ગુણો, વર્ષ્યાઃ= વરસાદના જલ (જેવા,) પ્રકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ-ટીકા : યોગ, ધ્યાન વગેરે કરનાર પુરુષોના ભાવ વૃષ્ટિના જલ સમાન ગણાય છે. એટલે કે વરસાદનું જલ જ્યારે પૃથ્વી ઉપર પડે છે ત્યારે સર્વદેશમાં વ્યાપ્ત થઈ જાય છે, સર્વ સ્થળમાં સરળ રીતે મળી શકે છે તથા ખેતરવગેરેમાં પડે તો વિપુલ ધાન્ય ઉત્પન્ન કરી શકે છે તેવીરીતે યોગીને યોગ કરતી વેળા તેનો ભાવ સકલ દેહ, ઇંદ્રિય વગેરેમાં વ્યાપ્ત થઈ જાય છે તેવી રીતે સત્પાત્રને યોગાભ્યાસ કરાવે તો સ્વસમાન (પોતાના ભાવની સમાન) ભાવને ઉત્પન્ન કરી શકે છે.।।૭ $^1/_2$।।

હવે બારમાં ભાવનું પ્રતિપાદન કરે છે :

તપોજ્ઞાનાદિભાવેન સ્વેદજાસ્તુ પ્રકીર્તિતાઃ ।।૮।।

અન્વયાર્થ : તપોજ્ઞાનાદિભાવેન= (સંતાપપ્રદ) તપ અને (સાંખ્યાદિ) જ્ઞાન વગેરેના ભાવથી, તુ= તો, સ્વેદજાઃ= પરસેવામાંથી થયેલા જલ (જેવા,) પ્રકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : 'તપ' એટલે પંચાગ્નિ વગેરેને સહન કરવા અને 'જ્ઞાન' એટલે જીવ તથા ઈશ્વરના સ્વરૂપને જાણવું, ઈત્યાદિ ભાવ વડે યુક્ત એવા તપોમાર્ગી, જ્ઞાનમાર્ગી વક્તાઓનો ભાવ પસીનાના જલની બરાબર જાણવો. ૮

ટીકા : એટલે કેટલાક લોકો તપથી જ પ્રભુની આરાધના કરવાનું કહે છે, કેટલાક ''તે બ્રહ્મને જાણવાવાળા મોક્ષને પ્રાપ્ત થાય છે'' વગેરે શ્રુતિઓનો સાચો અર્થ નહિ જાણવાવાળા જ્ઞાનથી જ મોક્ષ મળવાની વાતો કરે છે. પરંતુ શ્રીભાગવતમાં કહ્યા મુજબ ''ધન, કુળ, રૂપ, શાસ્ત્ર, બલ, તેજ, પ્રતાપ, પુરુષાર્થ તથા બુદ્ધિ વગેરે પ્રભુને પ્રસન્ન કરવાવાળા નથી, પરંતુ ગજેન્દ્રની ભક્તિ જોઈને જ પ્રભુએ કૃપા કરી છે. તેથી ભક્તિવડે જ પ્રભુ પ્રસન્ન થાય છે એમ હું જાણું છું.'' તથા ''શ્રેયને કરવાવાળી આપની ભક્તિ છોડીને કેવલ જ્ઞાન સંપાદનમાં જ જે ક્લેશને ધારણ કરે છે તેઓને તુષ્ (છિલકા-કુશકા) ખાંડવાવાળાને જેમ ચોખા ક્યારેય મળતા નથી. તે રીતે તેને ભગવાન્ ક્લેશ જ આપવાવાળા થાય છે'' વગેરે વાક્યોમાં વિના ભક્તિ કેવળ જ્ઞાન તથા તપ તેમજ આદિ શબ્દ મૂળમાં છે તેથી વર્ણાશ્રમના ધર્મ તે તમામ વ્યર્થ પ્રયાસરૂપ ગણ્યા છે. કેવળ વર્ણાશ્રમ ધર્મ ભગવદ્સમ્બન્ધરહિત હોય તેની તો શ્રીભાગવતમાં નિંદા કરી છે, તેથી મુખ્ય તો પ્રભુની ભક્તિ છે તેને છોડીને તપ તથા જ્ઞાનમાં નિષ્ઠાવાળા વક્તાઓના ભાવ પસીનાના જલની જેમ કેવળ ક્લેશ જ પ્રાપ્ત કરે છે. પરસેવાનું જલ સ્નાન, આચમન, તાપ દૂર કરવામાં તથા અન્ય કશા કાર્યમાં ઉપયોગમાં આવતું

નથી પરંતુ માત્ર ક્લેશ જ દેવાવાળું છે તેવી રીતે તેનો ભાવ સમજવો. ||૮||

હવે તેરમા ભાવનું નિરૂપણ કરે છે :

અલૌકિકેન જ્ઞાનેન યે તુ પ્રોક્તા હરેર્ગુણાઃ ||
કાદાચિત્કાઃ શબ્દગમ્યાઃ પતચ્છબ્દાઃ પ્રકીર્તિતાઃ ||૯||

અન્વયાર્થ : અલૌકિકેન= (કૃપાજન્ય) અલૌકિક, જ્ઞાનેન= જ્ઞાન વડે, તુ= તો, પ્રોક્તાઃ= ઉત્તમ રીતે કહેલા, કાદાચિત્કાઃ= ક્યારેક-ક્યારેક થનારા, શબ્દગમ્યાઃ= (યથાર્થ વક્તાના) વાક્યથી જ સમજાતા, યે= જે, હરેઃ= હરિના, ગુણાઃ= ગુણો, પતચ્છબ્દાઃ= સર્વત્ર જતા અવાજવાળા જલ (ધોધ કે ઝરણા જેવા,) પ્રકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : મહાન ભક્તોના અનુગ્રહપૂર્વક પ્રાપ્ત કરેલું જે અલૌકિક જ્ઞાન તેથી કરીને કદાચિત્ પ્રતીત થવાવાળા તથા વેદથી જાણવામાં આવવાવાળા પ્રભુના ગુણને જે કહેવાવાળા છે તેઓનો ભાવ પર્વત વગેરે ઉપરથી પડતા ઝરણા જેવો હોય છે. ૯

ટીકા : જેમ પર્વતો પરથી જલધારા પડતાં જે અવાજ થાય છે તેની ક્યારેક જ પ્રતીતિ થાય છે તેમ તે જલધારા સમાન આ વક્તાના ભાવને સમજવો. તે જલ નિર્મલ, શીતલ, મધુર તથા સ્નાન, પાન, આચમન કરવામાં મનોહર અને તાપને દૂર કરવાવાળું છે તેવા ભગવદ્ગુણ વર્ણન કરવાવાળાનો ભાવ કાવ્યાદિકને (ભક્તિકાવ્યો) વિશે પ્રતીત થાય છે.

(નોંધ : જેમ વન, પર્વત આદિમાં રહેલા જલપ્રપાત જોવાના અને તેમાં સ્નાનાદિ વ્યવહાર કરવાના અવસર ક્યારેક જ સંભવે છે, તેવી રીતે આવા મહદ્ કૃપાયુક્ત ગુણગાન કરનારાઓના સંગસાથ પણ ક્યારેક જ સંભવે છે.) ||૯||

હવે ચૌદમા ભાવનું નિરૂપણ કરે છે :

દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ પૃષ્વા ભૂમેરિવોદ્ગતાઃ ||૯$^{૧}/_{૨}$||

અન્વયાર્થ : દેવાદ્યુપાસનોદ્ભૂતાઃ= (શાસ્ત્રોક્ત) દેવો વગેરેની ઉપાસનાથી ઉત્પન્ન થયેલા (ગુણો,) ભૂમેઃ= પૃથ્વીમાંથી, ઉદ્ગતાઃ= ઉત્પન્ન થયેલા, પૃષ્વાઃ= ઝાકળના જલ, ઈવ= જેવા (છે.)

ભાવાર્થ : દેવાદિકોની ઉપાસના વડે ઉત્પન્ન થનારા ભાવ પૃથ્વીમાંથી નીકળતા જલના બુદ્બુદ્ અથવા હિમકણ સમાન છે. ૯ $^{૧}/_{૨}$

ટીકા : એટલે જે મનુષ્ય દેવાદિકના પૂજનમાં જ ''હું પ્રભુનું ભજન કરું છું'' એમ માનવાવાળા છે તથા મૂલમાં 'આદિ' શબ્દ છે તેથી માતાપિતા વગેરેની સેવાને જ ભગવદ્ભજનઅન્તઃપાતિ ગણવાવાળા છે તેઓનો ભાવ હિમકણ અથવા જલ ઉપર થવાવાળા બુદ્બુદ્ (પરપોટા) જેવો સમજવો. કેમકે દેવાદિની ઉપાસના તો વિભૂતિનું આરાધન થાય તથા માતાપિતા વગેરેની સેવાનું ફલ તો સ્વર્ગાદિક છે. જ્યારે પ્રભુની ભક્તિનું ફલ તો સ્વરૂપાનંદરૂપ છે. તેથી દેવાદિકની ભક્તિમાં તથા પ્રભુભક્તિમાં જે મહદ્અંતર છે તેના અજ્ઞાનથી તે દેવાદિકની ઉપાસના કરે છે તે તેની ભ્રાંતિ છે ભ્રમણા છે. અને જે મહાપુરુષોનું તથા ભક્તોનું પૂજન કરવાની શ્રીભાગવત વગેરે શાસ્ત્રોમાં આજ્ઞા જોવામાં આવે છે તે તો ભગવત્ પ્રીતિ તથા શુદ્ધિ વગેરેના સાધક હોવાથી અગાઉ કહેલ દેવપૂજન વગેરેના પ્રકારથી ભિન્ન માનવા. કેમકે જેવી રીતે ભક્તાદિપૂજનમાં પુરુષોત્તમભક્તિનું સાધકપણું છે તેવી રીતે દેવ વગેરેના પૂજનમાં નહિ હોવાથી તેને ભ્રાંત-કલ્પિત ગણ્યું છે. તેથી પુરુષોત્તમની પ્રાપ્તિની ઈચ્છાવાળા માટે પુરુષોત્તમનું ભજન (સેવા) જ મુખ્ય છે. તે વાત પ્રમાણપુરઃસર ટીકા ગ્રંથોમાં નિરૂપિત છે તે ગ્રંથ વિસ્તારના ભયથી અત્રે લખી નથી. જેવી રીતે તુષારબિંદુ અથવા જલબુદ્બુદ્ સ્નાન, આચમન તથા પાનાદિમાં ઉપયોગમાં નથી આવતાં તેવી રીતે દેવાદિકોને પૂજવાવાળાઓનો ભાવ પણ પુરુષોત્તમ પ્રાપ્તિમાં અનુપયુક્ત હોવાથી જલબુદ્બુદ્નું દષ્ટાંત યથાર્થ થાય છે. ।।૯ $^{૧}/_{૨}$।।

હવે પંદરમાં ભાવનું નિરૂપણ કરે છે :

સાધનાદિપ્રકારેણ નવધા ભક્તિમાર્ગતઃ ॥૧૦॥
પ્રેમપૂર્ત્યા સ્ફૂરદ્ધર્માઃ સ્યંદમાનાઃ પ્રકીર્તિતાઃ ॥૧૦$^{૧}/_{૨}$॥

અન્વયાર્થ : સાધનાદિપ્રકારેણ= (મર્યાદામાર્ગીય) સાધનાદિ પ્રકાર વડે, નવધા= નવ પ્રકારે, ભક્તિમાર્ગતઃ= ભક્તિમાર્ગથી, પ્રેમપૂર્ત્યા= પ્રેમપૂર્તિથી, સ્ફુરદ્ધર્માઃ= સ્ફુરતા (ભગવદ્) ધર્મોવાળા, સ્યન્દમાનાઃ= સ્રવતા જલ (ઝરણાં કે વરસાદી નદી) પ્રકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : જેમાં સાધન મુખ્ય છે તેવો ભક્તિનો પ્રકાર કરીને નવ પ્રકારની ભક્તિરૂપ માર્ગથી જેઓનો પ્રેમ પૂર્ણ થવાથી પ્રભુના ધર્મની સ્ફૂર્તિ થાય એવાઓનો ભાવ પર્વત વગેરે ઉપરથી પડતા જલની સમાન છે. ૧૦-૧૦$^{૧}/_{૨}$

ટીકા : આનો સ્પષ્ટાર્થ એ છે કે જે જીવનો પ્રભુએ મર્યાદામાં અંગીકાર કર્યો હોય તે સઘળી કામનાઓને છોડીને વર્ણાશ્રમધર્મનું આચરણ કરે. તેમ કરતાં અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે પ્રભુની ભક્તિ થાય તે પુરુષાર્થરૂપ છે એવી જેની માન્યતા છે તે પૂર્વોક્ત સાધનના વિચારથી જ શ્રવણ વગેરેમાં પ્રયાસ કરે છે એવાઓનો ભાવ પ્રસ્રવણ જલની સમાન છે એટલે કે પર્વત ઉપર વૃષ્ટિ થવાથી અથવા તો તળાવ વગેરે જળાશય હોવાથી તે પર્વત પરથી પ્રસ્રવણનું જલ વધારે કે ઓછું પડે તેવી રીતે પૂર્વ કહેલા ભાવવાળાને શુદ્ધિ આદિની અપેક્ષાથી ભાવમાં પણ ભરતી ઓટ થાય છે એમ સમજવું. તે વાત શ્રીપ્રભુચરણે 'ભક્તિહંસ' ગ્રંથમાં કહી છે "પહેલાં તો ભક્તિના સાધનમાં (શ્રવણ-કિર્તનાદિમાં) પ્રવૃત્ત થાય છે કેમકે તેનો અંગીકાર જ મર્યાદામાં થયો છે. તે પણ જ્યાં સુધી પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થયો ન હોય ત્યાં સુધી મર્યાદામાં રહીને સેવા કરે છે. પ્રભુમાં સ્નેહ થયા પછી સર્વ ઉપચાર સ્નેહપૂર્વક થાય ત્યારે વિધિ અપ્રયોજક થાય છે"

આ રીતે અગીઆરમાં સ્કંધમાં પણ "શ્રદ્ધામૃતકથાયાં" ત્યાંથી લઈને "કોન્યોઽર્થોઽસ્યાવશિષ્યતે" ત્યાં સુધી નિરૂપણ કર્યું છે. અને

નવધા ભક્તિતો શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, તથા આત્મનિવેદન તો પ્રહ્‌લાદજીએ દૈત્યપુત્રોને સાતમા સ્કંધમાં કહી છે. ||૧૦ ૧/૨||

હવે સોળમા ભાવનું નિરૂપણ કરે છે :

યાદશાસ્તાદશાઃ પ્રોક્તા વૃદ્ધિક્ષયવિવર્જિતાઃ ||૧૧||
સ્થાવરાસ્તે સમાખ્યાતા મર્યાદૈકપ્રતિષ્ઠિતાઃ ||

અન્વયાર્થ : યાદશાઃ= જેવા (સાધનાદિથી સ્ફુરતા ધર્મોવાળા) પ્રકારના (છે,) તાદશાઃ= તેવા પ્રકારના, પ્રોક્તાઃ= પ્રકર્ષથી કહેલા છે, વૃદ્ધિક્ષય-વિવર્જિતાઃ= (જે ગુણાધારો) વૃદ્ધિ-ક્ષય રહિત, મર્યાદૈક-પ્રતિષ્ઠિતાઃ= મર્યાદામાં જ સ્થિર (મુખ્ય પ્રતિષ્ઠા પ્રાપ્ત) (છે.) તે= તે (ગુણાધારો,) સ્થાવરાઃ= એકત્ર સ્થિર જલવાળા, (બારમાસી નદી જેવા,) સમાખ્યાતાઃ= સમ્યક્ પ્રકારે કહેલા છે.

ભાવાર્થ : આગળ જે વાત કહી તેતો પ્રેમની વધ-ઘટવાળા કહ્યા. આ રીતે જેના પ્રેમમાં વૃદ્ધિ તથા ક્ષય નથી તથા કેવળ મર્યાદામાં જ જેનો અંગીકાર છે એવાઓનો ભાવ તો સ્થિર (સ્થાયી) જલ સમાન છે. ૧૧-૧૧ $^{૧}/_{૨}$

ટીકા : જેવી રીતે સ્થિર-સ્થાયી રહેલું જલ તાપ પડવાથી સુકાય નહિ તેમજ સ્નાનાદિ સર્વકાર્યમાં પણ ઉપયોગી થાય છે તેવી રીતે જેનો પ્રેમ સ્થિર 'નિશ્ચલ' છે તેઓનો ભાવ પણ સંસારતાપ તથા કુતર્ક વગેરેથી ઘટતો નથી તથા શુદ્ધિ આદિનો હેતુ છે. (જેમકે બારે માસ સ્થાયી જલ રહેતું હોય તેવી નદીઓ જેવો.) ||૧૧-૧૧ $^{૧}/_{૨}$||

હવે સત્તરમા ભાવને સ્ફુટ કરે છે :

અનેકજન્મસંસિદ્ધા જન્મપ્રભૃતિ સર્વદા ||૧૨||
સંગાદિગુણદોષાભ્યાં વૃદ્ધિક્ષયયુતા ભુવિ ||
નિરંતરોદ્‌ગમયુતા નદ્યસ્તે પરિકીર્તિતાઃ ||૧૩||

અન્વયાર્થ : અનેકજન્મસંસિદ્ધા= અનેક જન્મોમાં સારી રીતે સિદ્ધ થયેલા, જન્મપ્રભૃતિઃ= આ જન્મ થયો ત્યારથી આરંભીને, સર્વદા= હંમેશા, સંગાદિગુણદોષાભ્યાં= (દેહાદિનો) સંગ વગેરેથી કરાયેલા ગુણ દોષથી, ભુવિ= પૃથ્વીમાં, વૃદ્ધિક્ષયયુતાઃ= વૃદ્ધિ અને ક્ષયથી સંયુક્ત, નિરંતરોદ્‌ગમયુતાઃ= નિરંતર (ચાલતા) પ્રવાહથી યુક્ત, તે= તે, નદ્યઃ= નદીઓ (ના જલ જેવા,) પરિકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : અનેક જન્મોને કારણે સારી રીતે સિદ્ધ થયેલા ગુણવાળા તથા જન્મથી જ સત્સંગ અને દુઃસંગના ગુણ દોષ વડે, પ્રેમની વૃદ્ધિ તથા હ્રાસ-ક્ષીણતાવાળા, તથા નિરંતર જન્મ લેવાવાળાનો ભાવ એવી નદીના જલની સમાન છે. ૧૨-૧૩

ટીકા : જેને ઉદ્‌ગમ સ્થળથી નિરંતર જલ તો મળતું રહેતું હોવા છતાં ૠતુચક્રને કારણે તેમાં વધઘટ પણ થતી રહેતી હોય અર્થાત્ વૃષ્ટિ તથા તાપને કારણે વધતું-ઘટતું હોય વળી ભૂમિ તથા પર્વતાદિકના ગુણ તથા દોષ વડે તે જલ પણ ગુણદોષયુક્ત થાય છે. તે શુદ્ધિ તથા તૃપ્તિ વગેરે કરે છે. તે રીતે ઉપર કહ્યા તેમનો ભાવ પણ તપ, ધ્યાન, સમાધિ વડે પાપક્ષય દ્વારા શુદ્ધિ વગેરેને ઉત્પન્ન કરે છે. તેમ સત્સંગ વડે ગુણને તેમજ દુઃસંગથી દોષને ઉત્પન્ન કરે છે તથા વધે ઘટે છે તેથી નદી પ્રમાણે ગણ્યા છે. ।।૧૨-૧૩।।

હવે અઢારમા ભાવનું નિરૂપણ કરે છે :

એતાદશાઃ સ્વતંત્રાશ્ચેત્ સિન્ધવઃ પરિકીર્તિતાઃ ।।૧૩ ૧/૨।।

અન્વયાર્થ : એતાદશાઃ= એવા (અનેક જન્મસિદ્ધ પ્રવાહયુક્ત) ચેત્= જો, સ્વતંત્યાઃ= સ્વતંત્ર (વૃદ્ધિ ક્ષય રહિત) (હોય તો તે), સિંધવઃ= (સમુદ્રગામિની) મહાનદીઓ કે મહાનદો, પરીકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : અગાઉના શ્લોકમાં કહેલા ભાવ જો સ્વતંત્ર

(ઉપાધિરહિત પોતાનાજ) હોય તો તે જાતે જ સમુદ્રમાં જવાવાળી સમુદ્રને મળવાવાળી વિશાળ ઘટ ધરાવતી, જેમાં પુર આવે પણ ક્યારેય સુકાય નહિ તેવી ઋતુ ચક્રથી જેમાં ઘટાડો થતો નથી તેવી નદીના જેવા છે. ૧૩$^{૧}/_{૨}$

ટીકા : જેવી રીતે મહાનદીના જલમાં પ્રવિષ્ટ થયેલા જલચર સમુદ્રમાં જઈ શકે છે તેવી રીતે ઉપર કહ્યા તેવા નિષ્કામ પ્રેમવાળા પણ દયાના સમુદ્રરૂપ પ્રભુમાં પ્રવેશ કરે છે. મહાનદીના જલની જેમ તે ભાવ સર્વ પ્રકારની શુદ્ધિને ઉત્પન્ન કરવાવાળા છે. ।।૧૩ ૧/૨।।

હવે ઓગણીસમાં ભાવનું પ્રતિપાદન કરે છે :

પૂર્ણા ભગવદીયા યે શેષવ્યાસાગ્નિમારુતાઃ ।।૧૪।।
જડનારદમૈત્રાદ્યાસ્તે 'સમુદ્રાઃ' પ્રકીર્તિતાઃ ।।

અન્વયાર્થ : પૂર્ણાઃ= પૂર્ણ, ભગવદીયાઃ= ભગવદીયો, યે= જે, (દુર્લભ છે, તે,) શેષ-વ્યાસાગ્નિ-મારુતાઃ= શેષ, વ્યાસજી, અગ્નિ, વાયુ, જડ-નારદ-મૈત્રાદ્યાઃ= જડભરતજી, નારદજી, મૈત્રેય વગેરે, તે= તેઓ, સમુદ્રાઃ= સમુદ્ર (ના જલ જેવા). પરિકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : શ્રીશેષ, વ્યાસ, અગ્નિ, હનુમાન, જડભરત, નારદ, તથા મૈત્રેય વગેરે પૂર્ણ ભગવદીય છે તેઓને સમુદ્ર કહ્યા છે.૧૪-૧૪$^{૧}/_{૨}$

ટીકા : એટલે કે સમુદ્રના જલસમાન તે સર્વનો ભાવ છે. ભક્તિ એટલે કે સેવા વડે પૂર્ણને ભગવદીય કહેવાય છે એટલે કે જેઓને પ્રભુસેવા સિવાય અન્ય કશો જ સ્વાર્થ નથી, જેઓને પ્રભુને માટે જ દેહ વગેરેની અપેક્ષા છે, પરંતુ દેહ વગેરેને માટે પ્રભુની સેવા કરવાની નથી-કરતા નથી એવા ભગવદીયો રત્નાકર સમાન છે. તેઓના ભાવ રત્નાકર(સમુદ્ર)ના જલની સમાન સમજવા. આ ભગવદીઓની ગણના મૂળ શ્લોકમાં કરી છે તેમાં મુખ્ય શ્રીશેષ છે જે ભગવદ્ગુણગાનમાં તત્પર છે શય્યાદિભાવથી પ્રભુની સેવા કરે છે તે વિભૂતિરૂપ છે તે ''સર્પોમાં

અનંત મારું રૂપ છે'' એમ ગીતાજીમાં પોતાના શ્રીમુખથી વિભૂતિરૂપ ગણ્યા છે. શ્રીવ્યાસજી કલાવતાર છે અને સદા ભગવદ્‌ધર્મના નિરૂપણમાં તત્પર રહે છે. શ્રીઅગ્નિ શ્રીકૃષ્ણના મુખારવિંદરૂપ આપ શ્રીમહાપ્રભુજી છે સર્વાંશથી આપ શ્રીકૃષ્ણરૂપ જ (વસ્તુતઃ કૃષ્ણ એવ) છે. શ્રીહનુમાન શ્રીરામચંદ્રજીના ગુણગાનમાં તત્પર છે, શ્રીજડભરતજી અંતઃકરણમાં પૂર્ણભાવ હોવાથી બહારથી જડ જેવા જણાય છે. શ્રીનારદજી તો નિરંતર શ્રીપુરુષોત્તમના ગુણગાનમાં જ એકતાન છે. શ્રીપરાશરના શિષ્ય શ્રીમૈત્રેય ભગવદ્‌ગુણના વક્તા છે. મૂલમાં 'આદિ' પદ છે તેથી શ્રીઉદ્ધવજી વગેરેનો ભાવ પણ સમુદ્રજલવત્ સમજવો. જેવી રીતે સમુદ્રનું જલ ચંદ્રને જોઈને તરંગિત થાય છે તેવી રીતે અગાઉ જણાવ્યા તે ભગવદીયો પણ પ્રભુના મુખચંદ્રના દર્શનથી પ્રવૃદ્ધભાવવાળા થઈને સેવા સિવાય અન્ય સઘળી વસ્તુને તુચ્છ ગણે છે. તે શ્રીકપિલદેવજીએ ''સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય તથા એકત્વને પણ મારા ભક્તો ચાહતા નથી'' એ પ્રકારે આજ્ઞા કરી છે. ।।૧૪-૧૪$^{૧}/_{૨}$।।

સ્વરૂપભેદ તથા જ્ઞાનભેદવડે વિલક્ષણ એવા પૂર્ણભાવવાળાઓનું નિરૂપણ હવે કરે છે :

લોકવેદગુણૈર્મિશ્રભાવેનૈકે હરેર્ગુણાન્ ।।૧૫।।
વર્ણયન્તિ સમુદ્રાસ્તે ક્ષારાદ્યાઃ ષટ્ પ્રકીર્તિતાઃ ।।૧૫$^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : લોકવેદગુણૈઃ= લોક અને વેદ અને ગુણો વડે, મિશ્રભાવેન= મિશ્રભાવ વડે, એકે= મુખ્ય (ભગવદીયો,) હરેઃ= હરિના, ગુણાન્= ગુણોને, વર્ણયન્તિ= વર્ણવે છે, તે= તેઓ, ક્ષારાદ્યાઃ= ખારા વગેરે, ષટ્= છ, સમુદ્રાઃ= સમુદ્રો, પ્રકીર્તિતાઃ= કહેલા છે.

ભાવાર્થ : કેટલાક વક્તા લોકમિશ્રભાવથી, વેદમિશ્રભાવથી તથા ગુણમિશ્રભાવથી પ્રભુના ગુણનું વર્ણન કરે છે. તેઓ ક્ષારાદિ છ સમુદ્રવત્ છે. ૧૫-૧૫$^{૧}/_{૨}$

ટીકા : એટલે રામ, કૃષ્ણ વગેરે તો મનુષ્ય છે પરંતુ તેઓમાં બલ વગેરે ખૂબ છે તેથી મનુષ્યથી અધિક મનાય છે એમ જાણીને વર્ણન કરવાવાળાઓનો ભાવ ક્ષારસમુદ્રના જલની જેમ (સમાન) સમજવો. જેવી રીતે ખારૂં જલ (વિપુલ પ્રમાણમાં પણ ઉપલબ્ધ હોય) તરસ છિપાવવા તથા તૃપ્તિ વગેરે સુખદાનમાં ઉપયોગી નથી, તેવી રીતે પૂર્વોક્તવક્તાનો ભાવ પણ સમજવો. તેવીજ રીતે ભગવાન વૈરાગ્યપૂર્ણ હોવાથી કોઈની પાસેથી કાંઈપણ ગ્રહણ કરતા નથી અને ઈચ્છા પણ નથી કરતા, મનુષ્ય પવિત્ર થવામાટે ભગવાનને ભજે એવો વિધિ હોવાથી લૌકિક સ્વાર્થમાટે ભજન, સ્તુતિ, અર્પણ વગેરે કરે છે એવું જાણીને વર્ણન કરવાવાળાઓનો ભાવ ક્ષારોદક જલની સમાન અગ્રાહ્ય (ન સ્વીકારવા) જેવો છે.

કેટલાક "સો હાથવાળા શ્રીકૃષ્ણએ વરાહરૂપ ધરીને તમારો ઉદ્ધાર કર્યો છે" વગેરે વાક્યોના અર્થના ભાવથી જગતકર્તા જ વિવિધ શરીરોમાં પ્રવેશ કરીને કાર્ય કરે છે તથા કાર્યાર્થે ધારણ કરેલા શરીરને છોડી દે છે એમ જાણીને હરિના ગુણનું ગાન કરે છે, તેઓનો ભાવ દધિમંડોદ સમાન છે એટલેકે દધિમંડ (છાશ) સારરહિત હોય છે. તેથી પોષણ કરવામાં નિરૂપયોગી છે તેવી રીતે તેનો ભાવ સમજવો.

માયાના ગુણથી જ પ્રભુમાં કર્તાપણું છે, તે વિના નથી, તેથી માયાના ગુણ વડે જ હરિ સઘળું કરે છે. એમ જાણીને જે ભગવદ્ગુણનું વર્ણન કરે છે તેઓનો ભાવ સુરાના જલ જેવા છે, જેવી રીતે સુરાનું સ્વરૂપ વિસ્મારકપણું તથા દોષ ઉત્પન્ન કરવાપણું છે તે રીતે પ્રકૃતભાવવાળાઓનો ભાવ સમજવો.

પ્રભુ સર્વના ઈશ્વર છે તથા સર્વકાર્ય કરવામાં સમર્થ છે એમ જાણીને જે પ્રભુનું વર્ણન કરે છે તેનો ભાવ ક્ષીરોદક સમાન છે, દૂધના ગુણ સમાન તે ભાવવાળાના ગુણ છે.

પ્રભુ મહાબલવત્તર છે તેથી પોતાના ભક્તોને પણ બળવાન

બનાવ્યા છે એમ જાણીને વર્ણન કરવાવાળાને ભાવ ઘીના જેવા ગુણવાળો છે.

પ્રભુ લક્ષ્મીજીના પતિ છે, સેવકોને ભોગમોક્ષ આપવાવાળા છે એમ જાણીને વર્ણન કરવાવાળાઓનો ભાવ ઈક્ષુરસોદ સમુદ્રના જલની સમાન ગુણવાળો છે.

અને શરણે આવેલા જીવ ચાહે ગમે તેવા હોય તો પણ શ્રીકૃષ્ણ તેઓનો ઉધ્ધાર કરે જ છે પરંતુ શરણાગતને (ક્યારેય) છોડી દેતા નથી એમ જાણીને વર્ણન કરવાવાળાઓનો ભાવ શુધ્ધોદકના જલની સમાન ગુણવાળો જાણવો. ।।૧૫-૧૫ ૧/૨।।

હવે પૂર્ણ ભગવદીઓમાં પણ જે ઉત્તમ છે તેઓની ગણના કરે છેઃ

ગુણાતીતતયા શુધ્ધાન્ સચ્ચિદાનન્દરૂપિણઃ ।।૧૬।।

સર્વાનેવ ગુણાન્ વિષ્ણોર્વર્ણયન્તિ વિચક્ષણાઃ ।।
તેઽમૃતોદાઃ સમાખ્યાતાઃ તદ્વાક્પાનં સુદુર્લભમ્ ।।૧૭।।

અન્વયાર્થ : ગુણાતીતતયા= ગુણાતીતપણાથી, શુધ્ધાન્= શુધ્ધ, સચ્ચિદાનંદરૂપિણઃ= સત્, ચિત્, આનંદરૂપ, વિષ્ણોઃ= વિષ્ણુના, સર્વાન્= સઘળા, એવ= જ, ગુણાન્= ગુણોને, વિચક્ષણાઃ= સર્વજાણનારાઓ, વર્ણયન્તિ= વર્ણવે છે, તે= તેઓ, અમૃતોદાઃ= અમૃતના સમુદ્ર (જેવા,) સમાખ્યાતાઃ= સારી રીતે કહેવાયેલા (છે,) તદ્વાક્પાનં= તેમની વાણીનું પાન, સુદુર્લભં= સુદુર્લભ (છે.)

ભાવાર્થ : ગુણથી પર તેથી જ સત્, ચિત્ તથા આનંદરૂપ એવા પ્રભુના સઘળા ગુણોને જાણીને વિચક્ષણ પુરુષ ભગવદ્ગુણવર્ણન કરવાવાળા છે તે અમૃતના સાગર સમાન છે. તેઓની વાણીનું પાન (શ્રવણ) અત્યંત દુર્લભ છે. ૧૬-૧૭

ટીકા : એટલે (''તેની સ્તુતિ કરવાવાળા'' એમ વેદના, ''જેથી

ક્ષરથી પર તથા અક્ષરથી ઉત્તમ છે'' એમ સ્મૃતિના ''મારામાં રહેલ સર્વ નિર્ગુણ જાણવું'' એમ શ્રીભાગવતના તથા ''લોકની જેમ લીલા મોક્ષરૂપ છે'' એમ વ્યાસસૂત્રના વચનથી) શ્રુતિ, સ્મૃતિ, પુરાણ તથા ન્યાય વડે પ્રભુના નામરૂપ તથા ધર્મોના નિર્ગુણપણાનો નિશ્ચય કરીને, ભગવન્નામ સચ્ચિદાનંદાત્મક છે; ભગવાન્ અક્ષરાતીત પુરુષોત્તમ છે, તેમની સઘળી સામગ્રી નિર્ગુણ છે, તેમની લીલા પણ ફલરૂપા છે, સ્મરણ કરવાથી મોક્ષ આપવાવાળી છે, એ પ્રકારે નિરૂપણ કરીને, પ્રભુના સઘળા ગુણ, નવનીતચૌર્ય (માખણચોરી,) વેણુનાદ, ગોવર્ધનઉદ્ધરણ વગેરેને પણ ગુણાતીતપણાથી જાણીને (માયા સમ્બન્ધ વિનાના, તેથી સચ્ચિદાનંદરૂપ જાણીને) વર્ણન કરવાવાળાઓનો ભાવ અમૃતના સાગર સમાન છે. તે ભગવત્કૃત ચૌર્યાદિક (લીલા)ના કારણને જાણવાવાળા છે, તેથી મૂળમાં 'વિચક્ષણ' કહ્યા છે. તેઓની વાણીનું પાન-શ્રવણ એટલે કે તેઓની વાણીને સાંભળી, મનમાં ધારણ કરવી તથા તેઓની પાસેથી ઉપદેશ ગ્રહણ કરવા. તથા જે ઉપદેશ આપે તેનું આદરપૂર્વક શ્રવણ કરવું તે અતિશય દુર્લભ છે, તેથી જ નામના સ્વરૂપ જાણવાને માટે એવા ગુરુ-ઉપદેશના શરણે જવાની વેદાદિકમાં આજ્ઞા કરી છે, આમ કર્યા વિના સ્વતઃ પ્રાપ્ત કરેલા જ્ઞાન, કર્માદિકને વ્યર્થ કહ્યા છે. ગુરુ પાસે જઈને, રહીને ભગવદ્ઉપદેશ ગ્રહણ કરીને, પ્રભુમાં પુરુષોત્તમપણાનું જ્ઞાન થાય ત્યારે જ સર્વજ્ઞતા થાય તે વાત શ્રીગીતાજીમાં આપે સ્વયં જ કહી છે ''જે વિચક્ષણ મને પુરુષોત્તમ જાણે છે તે સઘળું જાણવાવાળો, સર્વભાવવડે મારી જ સેવા કરે છે'' તે પ્રમાણે પૂર્વોક્ત ભક્ત પણ પ્રભુના ભજવાવાળા થાય છે. ।।૧૬,૧૭।।

હવે આવા વિચક્ષણ ભક્તોની વાણીની મહિમાનું વર્ણન કરે છે :

તાદશાનાં ક્વચિદ્વાક્યં દૂતાનામિવ વર્ણિતમ્ ।।
અજામિલાકર્ણનવદ્ બિંદૂપાનં પ્રકીર્તિતમ્ ।।૧૮।।

રાગાજ્ઞાનાદિભાવાનાં સર્વથા નાશનં યદા ।।
તદા લેહનમિત્યુક્તં સ્વાનંદોદ્ગમકારણમ્ ।।૧૯।।

અન્વયાર્થ : ક્વચિત્= ક્યાંક (ક્યારેક,) તાદશાનાં= તેવાઓનું (ભગવદીયોનું,) વાક્યં= વાક્ય, દૂતાનાં= (ભગવાનના) દૂતોનું, વર્ણિતં= વર્ણવેલું, ઈવ= જેવું, અજામિલાકર્ણનવત્= અજામિલના શ્રવણની જેમ, બિન્દુપાનં= (જલ) બિંદુપાન (જેવું,) પ્રકીર્તિતં= કહેલું છે. રાગાજ્ઞાનાદિભાવાનાં= રાગ અને અજ્ઞાન જેના આદિમાં છે તેવા ભાવોનો, સર્વથા= બધી રીતે, યદા= જ્યારે, નાશનં= નાશ, (થાય,) તદા= ત્યારે (તેમનું વાક્પાન,) લેહનં= ચાટણ, ઈતિ= એમ, ઉક્તં= કહેલું છે. સ્વાનન્દોદ્ગમકારણમ્= સ્વના (સ્વરૂપાત્મક કે લીલાત્મક) આનંદના ઉચ્ચતાથી પ્રાકટ્યનું કારણ (છે)

ભાવાર્થ : આવા ભગવદીઓની પ્રસન્નતાયુક્ત જે આજ્ઞા છે તે દૂતની બરાબર કહી છે. એમના વચનોનું શ્રવણ અમૃતબિંદુની બરાબર છે. જેવી રીતે અજામિલે ભગવદ્દૂતોના-પાર્ષદોના વાક્યોનું શ્રવણ કર્યું હતું તેની બરાબર તેમના વાક્ય અમૃતબિંદુના પાન સમાન છે તથા રાગ (વિષયાદિકમાં પ્રીતિ) તથા અજ્ઞાનાદિક ભાવનો જ્યારે નાશ થાય ત્યારે સ્વરૂપાનંદને પ્રકટ કરે છે. તેનું નામ 'લેહન' કહ્યું છે. ૧૮-૧૯

ટીકા : એટલે પૂર્વ શ્લોકમાં કહેલા પૂર્ણ ભગવદીય કૃપા કરીને વિના આગ્રહથી કહે છે તે વાક્યો-વચનો પ્રભુના જ સમજવા. જેવી રીતે રાજા ચાકર દ્વારા હુકમ કરે છે તેવી રીતે પ્રભુ પણ ભગવદીય દ્વારા ઉપદેશ કરે છે. દૂત જેવી રીતે રાજાના ગુણવર્ણનમાં શંકાવાળા નથી હોતા તેવી રીતે ભગવદીયોને પણ પ્રભુના ગુણવર્ણનમાં શંકા થતી નથી. તેથી પ્રભુની કૃપાવિશેષ તથા ભવિષ્યમાં ફળ મળવાનો યોગ હોય ત્યારે જ આવા ભગવદીયનો સમાગમ થાય છે (સંગ મળે છે.) તેમાંય વળી તેમના મુખથી ઉપદેશ સાંભળવો લેવો અરે, શ્લોક માત્રને સાંભળવો, શિક્ષા સાંભળવી તે અમૃતબિંદુના પાનરૂપ તથા અજામિલના શ્રવણ સમાન છે. જેવી રીતે અજામિલે (વિષ્ણુના) દૂતોના મુખથી ભગવદ્ધર્મના બલ વિશે સાંભળ્યું ત્યાર પછી તેને નર્કનો સમ્બન્ધ છૂટીને ભગવદ્ ધર્મના શ્રવણથી ઉત્તમ ફલની પ્રાપ્તિ થઈ. તેવી રીતે બિંદુપાન કરવાવાળાને પણ

ઉત્તમ ફલની પ્રાપ્તિ થવાનું સૂચન આ દૃષ્ટાંતથી થાય છે.

હવે આ બિંદુપાનથી અધિક રસાસ્વાદ જેમાં છે તે કહે છે. રાગ (ઘર, પરિવારમાં સ્નેહ) તથા અજ્ઞાન (ભગવત્સ્વરૂપને ના ઓળખવું અથવા અવિદ્યા) તે જેના આરંભમાં છે એવા જે શોકમોહ વગેરે, આ સર્વનો જ્યારે નાશ થઈ જાય એટલે કે જ્યારે (ગૃહપરિવારાદિમાં) રાગાદિ વગેરેની વાસના પણ ના રહે ત્યારે રસાસ્વાદ થાય છે. એટલે અગાઉ કહ્યું તે બિંદુપાન જ્યારે રાગાદિ વગેરેની અસ્ફૂર્તિથી કરવામાં આવે તેને લેહન (ચાટવું) કહ્યું છે. જે જીવને ભગવદ્સ્વરૂપાનંદનો અનુભવ કરાવાવાળું છે. જ્યારે શ્રવણાદિમાં વ્યસન થઈ જાય ત્યારે જે કથારસનો આસ્વાદ અનુભવમાં આવે છે તે અમૃતરૂપ હોય છે. (અગદરાજ સમાન હોય છે) ત્યારે જ જીવમાં જે આનંદનો (તિરોભાવ (સહસ્રપરિવત્સરથી) થયો છે તેનો આવિર્ભાવ થાય છે તથા પ્રભુમાં ક્રમથી પ્રેમ, આસક્તિ તથા વ્યસન થવાથી પ્રપંચની વિસ્મૃતિ થઈને જીવ કૃતકૃત્ય થઈ જાય છે. તે વાત શ્રીભાગવતના અગીઆરમા સ્કંધમાં ''ભક્તિં લબ્ધવતઃ'' આ શ્લોકથી તથા શ્રીમહાપ્રભુજીએ સ્વયં રચેલા 'ભક્તિવર્ધિની' નામના ગ્રંથમાં ''સ્નેહાદ્રાગવિનાશઃ'' આ શ્લોકથી કહી છે. તે પ્રમાણે જીવને ભક્તિનું પૂર્ણફલ ત્યારે (વ્યસન થવાથી જ) પ્રાપ્ત થાય છે. ।।૧૯।।

હવે વીસમા ભાવનું નિરૂપણ કરે છે :

ઉદ્ધૃતોદકવત્સર્વે પતિતોદકવત્તથા ।।
ઉક્તાતિરિક્તવાક્યાનિ ફલં ચાપિ તથા તતઃ ।।૨૦।।

અન્વયાર્થ : ઉક્તાદિરિક્તવાક્યાનિ= (આગળ) કહેલાથી જુદા વાક્યો (હોય તે,) સર્વે= બધાં, ઉદ્ધૃતોદકવત્= બહાર કાઢેલા પાણી જેવા, પતિતોદકવત્= (બહાર) પડેલા પાણી જેવા, ચ= અને, આત્મનઃ= પોતાનું, ફલં= ફલ, અપિ= પણ, તથા= તેવું (તેવા ભાવથી શુદ્ધ કે અશુદ્ધ થાય છે.)

ભાવાર્થ : પૂર્વમાં કહેવાયેલા ભાવોથી યુક્ત વાકય અથવા તેના કહેવાવાળા વક્તા આ બધા (જળાશયમાંથી) પાત્રમાં કાઢેલા અથવા જમીન ઉપર પડેલા જલના જેવા છે. એટલે કે કાઢેલું જલ જેમ પાત્રના (આકાર-સ્વભાવ) અનુસાર થઈ જાય તેવી જ રીતે એમનો ભાવ પણ એમના અનુસાર હોય છે. અને આવા વાક્ય અને ભાવોનું ફલ પણ તેવું જ એટલે કે અલ્પ જ હોય છે. ૨૦

ટીકા : પૂર્વમાં કહેલા અમૃતોદતુલ્ય (અમૃતના સાગરની જેમ ભાવવાળા જે વક્તાઓ છે અને અમૃત તો સદા એકરસ હોય છે, તેથી તેમને છોડીને) તે સિવાયના અન્ય (ઓગણીસ) પ્રકારના, ભિન્નભિન્ન ભાવવાળા જે વક્તાઓ કહ્યા તે બધાઓના ભાવ (અમૃતોદ્ ભાવવાળાની અપ્રત્યક્ષ દશામાં) ઉદ્ધૃતોદક સમાન ફલને સિદ્ધ કરે છે (અર્થાત્ તળાવ કે કૂવા વગેરેમાંથી લાવવામાં આવેલું જલ જે સ્થાનમાંથી લાવવામાં આવ્યું હોય તે સ્થાનના સઘળા ગુણધર્મ (તો) ધરાવે છે (ઉપરાંત) જે પાત્ર વડે જલ પ્રાપ્ત કર્યું હોય તે પાત્ર જેવડું જે કદનું હોય તેટલું જ તેમાં ભરાય, જેવું હોય તેવું બને, તથા જેવા આકારનું હોય તેવો જ આકાર પણ ગ્રહણ કરે. આમ પાત્ર સમાન ફળ, ગુણ અને સ્વરૂપ બને) આવા વક્તાઓના ભાવ ઉદ્ધૃતોદક સમાન હોય છે. આથી આવાઓમાં ભગવદ્ગુણગાનની સ્થિતિ પણ તેઓની પોતાની પાત્રતાનુસાર જ તથા તેમની પોતાની આંતરભૂમિકાનુસાર જ થાય છે. જ્યારે આવા ભાવવાળા વક્તાઓના વાક્યો શ્રવણ કરનાર પર તો પતિતોદકવત્ માત્ર ઉપરથી પડેલા જલની સમાન અસર-ફલ સિદ્ધ કરે છે. (જે બહુ બહુ તો દેહને સ્નાનની જેમ શુદ્ધ કરે છે.)

(નોંધ : (સ્વયંમાં ભાવરૂપ ફલસિદ્ધિ ઉદ્ધૃતોદકવત્, તેવાઓના વાક્યોથી શ્રોતાને ફલસિદ્ધિ પતિતોદકવત્ !) હીન તથા નિષિદ્ધ કોટિના ભાવવાળા વક્તાઓથી શ્રવણ કરાયેલાની સ્થિતિ તથા અસર બાબતમાં તો કોઈજ સ્પષ્ટતાની જરૂર લાગતી નથી.) ।।૨૦।।

હવે ગ્રંથની સમાપ્તિ કરે છે :

ઈતિ જીવેન્દ્રિયગતા નાનાભાવં ગતા ભુવિ ।।
રૂપતઃ ફલતશ્ચૈવ ગુણા વિષ્ણોર્નિરૂપિતાઃ ।।૨૧।।

અન્વયાર્થ : ઈતિ= આ પ્રકારે, ભુવિ= પૃથ્વી પર, જીવેન્દ્રિયગતાઃ= (શરીર વિશિષ્ટ) જીવો અને ઈંદ્રિયોમાં રહેલા, રૂપતઃ= રૂપથી, ચ= અને, ફલતઃ= ફલથી, નાનાભાવગતાઃ= વિવિધ ભાવને પ્રાપ્ત થયેલા, વિષ્ણોઃ= વિષ્ણુના, એવ= જ, ગુણાઃ= ધર્મો, નિરૂપિતાઃ= નિરૂપ્યા છે.

ભાવાર્થ : આ પ્રકારે સ્વરૂપ અને ફલ વડે પૃથ્વીમાં અનેક ભાવોને પ્રાપ્ત થયેલા તથા જીવોના મનમાં રહેવાવાળા જે શ્રીહરિના ગુણ છે તે અમે કહ્યા. ૨૧

ટીકા : આ પ્રમાણે જીવ તથા ઈંદ્રિયોમાં આવીને પૃથ્વીરૂપ થયા. ભગવન્નિષ્ઠપણાથી ગુણોએકરૂપ હોવા છતાંય આધાર ભેદથી તેવા લક્ષણોવાળા અને તદ્નુરૂપ ફળવાળા થાય છે. ભગવાન્ વિષ્ણુ પોતે પણ અનેકવિધભાવરૂપ થઈ ગયા છે તેઓના ગુણ સ્વરૂપ તથા ફલનું અહીં નિરૂપણ કર્યું છે. એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. જલના જે ભેદ શ્રુતિમાં કહ્યા છે તે પ્રમાણે ગુણના ભેદનું આ ગ્રંથમાં વર્ણન હોવાથી તેનું નામ 'જલભેદ' છે. ।।૨૧।।

।। ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્યવિરચિત 'જલભેદ'ગ્રંથની
ગોસ્વામી શ્રીનૃસિંહલાલજીકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

|| શ્રીકૃષ્ણાય નમઃ ||

|| શ્રીગોપીજનવલ્લભાય નમઃ ||

|| પંચપદ્યાનિ ||

જલભેદમાં વીસ પ્રકારના ભિન્ન ભક્ત (વક્તાની દૃષ્ટિએ) તથા તેઓના ભાવોને જલના દૃષ્ટાંતથી નિરૂપિત કર્યા છે તે જેમ જલ શુષ્ક વસ્તુને આર્દ્ર કરે છે કોરી વસ્તુને ભીંજવી દે છે તે પ્રકારે ઉપર લખેલા ભક્તોના ભાવ પણ શ્રવણ કરવાવાળા મનુષ્યોના હૃદયને તે પ્રકારે આર્દ્ર કરે છે. એમ જણાવવાને માટે જલનું દૃષ્ટાંત આપીને નિરૂપણ કર્યું છે. શાસ્ત્રમાં જે અઢાર વિદ્યા લખી છે તે વડે પ્રતિપાદિત એવા ભગવાનના ગુણ પણ અઢાર પ્રકારના છે તેથી તે ભક્તો પણ અઢાર વિદ્યા પ્રતિપાદિત ગુણમાં તત્પર હોવાથી કેવળ મર્યાદામાર્ગીય અઢાર પ્રકારના છે તથા પુષ્ટિમાર્ગીય શુદ્ધ તથા મિશ્ર એવા ભેદથી બે પ્રકારના છે એટલે અઢાર પ્રકારના મર્યાદા માર્ગીય ભક્ત તથા બે પ્રકારના પુષ્ટિમાર્ગીય શુદ્ધ તથા મિશ્ર મળીને ભક્તોના વીસ પ્રકાર થયા. અથવા સાત્વિકાદિક ત્રણ ગુણો છે તેના મિશ્રભાવથી નવ ભેદ થાય છે. તથા એક નિર્ગુણ મળીને દશ ભેદ થયા તે મર્યાદા તથા પુષ્ટિના દશ દશ ભેદ મળીને વીસ પ્રકારના ભક્ત થયા. તેઓના ભાવ પણ તેઓમાં જ રહ્યા છે તેથી વીસ પ્રકારથી જલભેદમાં નિરૂપિત કર્યા છે.

હવે જલભેદમાં કહ્યા એવા વીસ પ્રકારના (વક્તા) ભક્તોના વાક્ય દ્વારા તેઓના ભાવને ગ્રહણ કરવાવાળા શ્રોતાઓનું નિરૂપણ કરે છે તે પુષ્ટિ તથા મર્યાદાના ભેદથી બે પ્રકારના છે તેમાં પુષ્ટિમાર્ગીય શ્રોતા ઉત્તમ છે તે એક પ્રકારના છે તથા મર્યાદામાર્ગીય મધ્યમ, અધમ તથા ઉત્તમ એવાભેદથી ત્રણ પ્રકારના છે. એમ ચાર પ્રકારના ભક્તોનું નિરૂપણ કરવાને માટે પ્રથમ મુખ્યપણાથી પુષ્ટિમાર્ગીય શ્રોતાનું નિરૂપણ કરે છે :

શ્રીકૃષ્ણરસવિક્ષિપ્તમાનસા રતિવર્જિતાઃ ||
અનિર્વૃતા લોકવેદે તે મુખ્યાઃ શ્રવણોત્સુકાઃ ||૧||

અન્વયાર્થ : લોકવેદે= લોક તથા વેદમાં (ફલાદિના,) અનિર્વૃતા= સુખ (ની ઈચ્છા) વગરના, રતિવર્જિતાઃ= રમણ વગરના, શ્રીકૃષ્ણ-રસ-વિક્ષિપ્ત-માનસાઃ= શ્રીકૃષ્ણના રસથી વિક્ષિપ્ત મનવાળા, શ્રવણોત્સુકાઃ= શ્રવણમાં ઉત્સુક, તે= તે ભક્તો, મુખ્યાઃ= મુખ્ય (શ્રવણના અધિકારી છે)

ભાવાર્થ : શ્રીકૃષ્ણનો જે ભજનાનંદરૂપ રસ તેનાથી જેનું મન (વિક્ષિપ્ત) વિહ્વલ થઈ ગયું છે તથા તેથી ભગવાનના ચરિત્ર સાંભળવામાં અત્યંત પ્રીતિવાળા (અપ્રીતિથી વર્જિત) તથા લોક અને વેદમાં જેઓને આનંદ પ્રાપ્ત થતો નથી એવા શ્રવણમાં જે ઉત્સાહવાળા શ્રોતાજન છે તે મુખ્ય છે. ૧

ટીકા : એટલે ભગવાનના ચરિત્રને ન સાંભળવારૂપ જે અપ્રીતિ છે તે મર્યાદા તથા પુષ્ટિ એમ માર્ગના ભેદથી બે પ્રકારથી નિવૃત્ત થાય છે. તેમાં મર્યાદામાર્ગમાં જેઓને સાંભળવાની ઈચ્છા થાય તથા શ્રવણયુક્ત થાય તેને મહત્પુરુષોની સેવાથી અને પુણ્યતીર્થના સેવનથી રુચિ ઉત્પન્ન થાય છે. એમ પ્રથમ સ્કંધમાં કહ્યું છે. તે રીતિથી અપ્રીતિ નિવૃત્ત થાય છે તથા પુષ્ટિમાર્ગમાં તો રસના સ્વભાવથી જ ભ્રમરગીતમાં વ્રજભક્તોએ કહ્યું છે જે "તેમની કથાનો અર્થ દુસ્ત્યજ છે" તે પ્રમાણે સ્વભાવથી જ ભગવત્ કથામાં રસ ઉત્પન્ન થાય છે તેથી જે ભગવત્ કથામાં અરતિ વડે વર્જિત એટલે કે ભગવદ્રતિ વિરોધી ભાવથી જેઓ રહિત છે તેવા કહ્યા છે તે પુષ્ટિમાર્ગીય છે એમ સમજવાને માટે આ લક્ષણ કહ્યું છે એવા પુષ્ટિમાર્ગીય શ્રોતાઓને ભગવદ્ ચરિત્રના શ્રવણમાં અપ્રીતિ નથી એવું નિરૂપણ કરવા માટે લોકવેદમાં તેઓને આનંદ થતો નથી તે કહે છે જે પ્રવૃત્તિમાર્ગનો બોધ કરવાવાળા અથવા ભગવાન્ વિના અન્યનું ભજન બતાવવાવાળા લોક તથા વેદમાં સ્વસ્થ નથી ભગવાને તે શ્રીઉદ્ધવજીને વ્રજમાં સંદેશ લઈને મોકલ્યા ત્યારે કહ્યું છે "જેઓએ લોકના ધર્મ છોડ્યા છે તેઓનું પોષણ હું કરું છું" તેથી અત્રે "લોકવેદમાં અનિર્વૃત" એમ સમસ્ત પદ કહ્યું છે. તે ત્યાગ કરવામાં બંનેની સમાનતા દર્શાવવા

માટે છે તેથી જ પંચાધ્યાયીમાં શ્રીગોપીજનોએ કહ્યું છે ‘‘દુઃખને દેવાવાળા પતિસુતાદિકથી શું છે?’’ તથા ભ્રમરગીતમાં કહ્યું છે ‘‘દુઃખના સમુદ્રમાં ડૂબેલા વ્રજનો ઉધ્ધાર આપ કરો’’ એટલે કે દુઃખના સાગરમાં ડૂબેલા વ્રજનો ઉદ્ધાર આપ જ કરો પરંતુ આપે ઉધ્ધૃત કરેલા વેદથી અમો ઉધ્ધાર કરવા યોગ્ય નથી એવા અભિપ્રાયથી પ્રાર્થના કરી છે. આરીતે પુષ્ટિમાર્ગના પ્રકાર વડે અપ્રીતિના અભાવપૂર્વક પ્રીતિયુક્ત છે તે મુખ્ય છે.

અથવા ‘મુખ્ય’ શબ્દનો બીજો આશય કહે છે મુખરૂપ છે પુષ્ટિમાર્ગીય ભક્તિ છે તેમાં તે થયા છે એટલે ભક્તિરૂપ જે ભગવાનનું મુખારવિંદ છે તેમાં સંલગ્ન એવા અલકાવલિપણાથી કહેવામાં આવે છે. એવા પુષ્ટિમાર્ગીય જીવ કેવળ ભક્તિમાત્રનો આશ્રય કરીને જ રહે છે તે મુખ્ય છે.

ત્યાં શંકા થાય કે મૂળમાં તો ‘‘લોકવેદમાં અનિર્વૃત છે’’ એવું કહીને તેનાથી રહિત છે. ‘‘શ્રવણાદિકમાં પ્રીતિવાળા છે’’ એવો અર્થ તો ગૌણ રીતિથી આવે છે તેથી મુખ્ય શ્રોતાપણું કેવી રીતે? એવી શંકા કરીને કહે છે કે જે ભગવાનમાં પ્રીતિવાળા છે તો પણ વિયોગદશામાં શ્રવણમાં જ ઉત્સાહવાળા છે. કેમકે પરોક્ષમાં તેમનો સંદેશ લાવવાવાળામાં પ્રીતિ જોવામાં આવે છે, તેથી શ્રવણમાં ઉત્સાહ સ્પષ્ટ જણાય છે. તેથીજ ભ્રમરગીતના અધ્યાયમાં કહ્યું છે જે ‘‘ઉદ્ધવજીને જોઈને આ પ્રભુના ચરણાવિંદના આશ્રયવાળા છે એમ જાણીને બધી બાજુથી મળીને તેમને ઘેરી લીધા’’ એટલે શ્રોતાજન ભગવાનના રસમાં મગ્ન છે, ભગવાનના રસથી તેઓનું મન વિક્ષિપ્ત છે, ભગવાનનું ચરિત્ર સાંભળવામાં સહજ ભાવયુક્ત છે, ભગવાનના વિપ્રયોગની આર્તિવાળા છે તથા ભગવાનનીજ વાર્તા સાંભળવા માત્રમાં જ એકમાત્ર બુદ્ધિવાળા છે તે પુષ્ટિમાર્ગીય શ્રોતા છે (તે મુખ્ય છે.) ॥૧॥

આમ પુષ્ટિમાર્ગીય ભક્ત શ્રોતાનું નિરૂપણ કરીને મર્યાદા માર્ગીયનું નિરૂપણ કરે છે તેમાં ઉત્તમ તો અતિશય દુર્લભ છે તેથી મધ્યમનું

નિરૂપણ કરે છે :

વિક્લિન્નમનસો યે તુ ભગવત્સ્મૃતિવિહ્વલાઃ ।।
અર્થૈકનિષ્ઠાસ્તે ચાપિ મધ્યમાઃ શ્રવણોત્સુકાઃ ।।૨।।

અન્વયાર્થ : તુ= પુનઃ, યે= જે, વિક્લિન્નમનસાઃ= વિશેષ રીતે આદર્શ મનવાળા, ભગવત્ સ્મૃતિ વિહ્વલાઃ= ભગવાનના સ્મરણથી વિવશ થયેલા, શ્રવણોત્સુકાઃ= શ્રવણમાં ઉત્સુક, ચ= અને, અર્થૈક નિષ્ઠાઃ= (પોતાના) પ્રયોજનમાં મુખ્ય નિષ્ઠાવાળા, તે= તે (ભક્તો), અપિ= પણ, મધ્યમાઃ= મધ્યમ (શ્રવણાધિકારી છે.)

ભાવાર્થ : વિશેષ કરીને જેઓનું આર્દ્ર મન છે, ભગવાનની સ્મૃતિથી વિહ્વલ છે તથા (પ્રયોજન) અર્થમાં મુખ્યનિષ્ઠા છે એવા જે શ્રોતાજન છે તે મધ્યમ કહેવાય છે. ૨

ટીકા : એટલે ભગવાનમાં પરાયણ હોવાથી જેનું મન કોમળ હોય તે 'આર્દ્ર' કહેવાય છે. જેમ આર્દ્ર (ભીંજેલું) વસ્ત્ર સુકામાં ધરવાથી કોરાને પણ આર્દ્ર કરે છે તેમ જેનું મન પોતાના સંબંધવાળા રૂક્ષને પણ આર્દ્ર કરે છે તે શુકદેવજી વગેરે જેવા સમજવા. મૂલમાં 'યે' કહ્યું છે તેથી સર્વત્ર પ્રસિદ્ધ એવા મર્યાદામાર્ગીય કહ્યા છે તથા 'તુ' શબ્દથી પુષ્ટિમાર્ગીયોનું વ્યાવર્ત્તન કર્યું છે. વિક્લિન્નમનપણું તો પુષ્ટિમાર્ગીયમાં પણ હોય છે તેથી પુષ્ટિમાર્ગીયોના ધર્મથી ભિન્ન ધર્મ જે છે તે કહે છે જે ભગવાનની સ્મૃતિથી વિહ્વલ છે. એટલે શ્રવણના સમયમાં ઐશ્વર્ય વગેરે ષડ્ગુણ સંપન્ન એવા ભગવાનની સ્મૃતિ જે થાય છે તેનાથી વિહ્વલ છે. હંમેશા વિહ્વલ નથી પરંતુ જ્યારે સ્મૃતિ થઈ આવે ત્યારે જ વિહ્વલ થઈ જાય છે. ઉપર જણાવ્યા એવા બેઉ ધર્મ વડે ઉત્તમપણું તેમાં દેખાય છે તેથી સ્પષ્ટરીતિથી મધ્યમપણું બતાવવાવાળો ધર્મ કહે છે કે જે અર્થમાં જ મુખ્ય નિષ્ઠાવાળા છે. એટલે મોક્ષાદિ પુરુષાર્થ અથવા પોતાની કૃતાર્થતા થાય તેજ મુખ્ય પ્રયોજન જેનું છે, તેમાંજ નિષ્ઠાવાળા છે મુખ્યપણાથી ચરિત્રમાં નિષ્ઠાવાળા નથી અર્થાત્ ફલની અપેક્ષાવાળા છે તેથી મધ્યમ ગણ્યા છે.

જે શ્રોતાનો અર્થમાં તાત્પર્ય ના હોય એવા શ્રોતા તો હોય જ નહિ. એવી શંકા થાય ત્યાં કહે છે કે શ્રવણથી સાધ્ય એવું જે ફળ (પ્રયોજન) તેમાં તેમનું તાત્પર્ય છે. તો પણ ભગવાનના ચરિત્રમાં ઉત્કંઠાવાળા છે તેથી શ્રોતાપણાથી મધ્યમપણું છે. જેમકે પરીક્ષિત વગેરેને બીજાઓ કરતાં પૂર્ણ વૈરાગ્ય થવાથી ઉત્તમપણું છે તો પણ ઉપાધિ સહિત પ્રવૃત્તિ હોવાથી વિદુર તથા ઉદ્ધવ વગેરેની સરખામણીને મધ્યમપણું છે. (પ્રયોજન) તેથી જ ગંગાજીમાં પરીક્ષિત દેહપાત પર્યંત અન્નજલ ન લેવાનો નિર્ધાર કરીને પ્રવેશ કર્યો તે તીર્થના કારણથી કર્યો છે. જો તેના મનમાં તીર્થની અપેક્ષા ન હોત તો ભગવાનનું ચરિત્ર બીજા સાધનની અપેક્ષા ન રાખતાં જ્યાં બેસીને શ્રવણ કરે ત્યાં જ ફલને સિદ્ધ કરવાવાળું છે. કેમકે ભગવાનને જેમ તીર્થની અપેક્ષા નથી તેમ ભગવાનના ચરિત્રને પણ તીર્થની અપેક્ષા નથી હોતી અને તેથી વિદુરજી તો ચરિત્ર સાંભળવાને માટે જ જ્યાં મૈત્રેયજી હતા ત્યાં ગયા છે. એટલે વક્તાની પાસે–સમીપમાં જવાનો ઉદ્દેશ હતો. ગંગાજી પર જવાનો ઉદ્દેશ ન હતો. તેથી તેમનામાં ઉત્તમપણું છે. પરીક્ષિત તથા વિદુરજી ઉભયને મર્યાદાપણું તો સમાન છે તો પણ મર્યાદામાર્ગમાં જેટલી શુદ્ધિ થાય તેટલી ફલમાં વિશેષતા થાય તેથી વિદુરજીમાં તીર્થાટન તથા સત્સંગ વડે શ્રવણનો અધિકાર સિદ્ધ થયો છે જ્યારે પરીક્ષિતમાં તો સ્પષ્ટ જ છે તેથી જ સિદ્ધાંતમૂક્તાવલીમાં મર્યાદામાર્ગીયને ગંગાજીના તટ ઉપર શ્રીભાગવતમાં તત્પર થઈને રહેવાની આજ્ઞા કરી છે. ।।૨।।

આમ મધ્યમ શ્રોતાનું નિરૂપણ કરીને હવે અધમ શ્રોતાઓનું નિરૂપણ ભિન્નપણાથી કરવાનું પ્રયોજન નથી તેથી ઉત્તમના નિરૂપણના મધ્યમાં જ કોઈક ધર્મ વડે (કાંઈક લક્ષણો વડે) અધમનું નિરૂપણ કરવા માટે ઉત્તમોનું જ નિરૂપણ પ્રથમ કરે છે :

નિઃસંદિગ્ધં કૃષ્ણતત્વં સર્વભાવેન યે વિદુઃ ।।
તે ત્વાવેશાત્તુ વિકલા નિરોધાદ્ધા ન ચાન્યથા ।।૩।।

પૂર્ણભાવેન પૂર્ણાર્થાઃ કદાચિન્ન તુ સર્વદા ।।
અન્યાસક્તાસ્તુ યે કેચિદ્ અધમાઃ પરિકીર્તિતાઃ ।।૪।।

અન્વયાર્થ : કૃષ્ણ-તત્વં= શ્રીકૃષ્ણના તત્વને, નિઃસંદિગ્ધં= સ્પષ્ટ રીતે, સર્વભાવેન= સર્વપણાથી, એ= જે, વિદુઃ= જાણે છે, તુ= વળી, આવેશાત્= આવેશથી, વા= અથવા, નિરોધાત્= નિરોધથી, વિકલાઃ= વિહ્વલ છે, ચ= અને, તુ= પુનઃ, અન્યથા= બીજી રીતે, ન= નહિ, યે= જે, કેચિત્= કેટલાક, કદાચિત્= ક્યારેક, પૂર્ણભાવેન= પૂર્ણભાવથી, પૂર્ણાર્થાઃ= પૂર્ણ પ્રયોજનવાળા (છે,) તુ= પણ, સર્વદા= હમેશાં, ન= નહિ, તુ= પણ, અન્યાસક્તાઃ= અન્યમાં આસક્ત (છે તે,) અધમાઃ= અધમ, પરીકીર્તિતાઃ= કહેવાયેલા (છે.)

ભાવાર્થ : સંદેહ રહિત જે શ્રીકૃષ્ણરૂપ તત્વ તેને સર્વભાવથી જાણવાવાળા છે તેઓ આવેશથી અથવા નિરોધથી જ વિકળ થાય છે અન્ય પ્રકારથી થતા નથી. તથા કોઈવખતે પણ પૂર્ણ ભાવ વડે પૂર્ણ અર્થવાળા થાય પરંતુ હંમેશાં ન થાય તથા અન્યમાં આસક્તિવાળા છે તેને અધમ કહ્યા છે. ૩-૪

ટીકા : એટલે સદાનંદ શ્રીકૃષ્ણનું તત્વ જે વાસ્તવરૂપ રસાત્મકકરપાદાદિયુક્ત સાકાર તથા માયાને દૂર કરીને પ્રકટ થયું છે તેવું જે સ્વરૂપ તેને શાસ્ત્ર તથા અનુભવ વડે સંદેહ રહિત થઈને જેવું છે તેવું જાણવાવાળા શ્રવણના ઉત્તમાધિકારી છે.

અત્રે શંકા થાય કે એવા દઢ જ્ઞાનવાળાઓને શ્રવણ કરવાની અપેક્ષા ના રહે તેથી તેમને શ્રોતાપણું કેવી રીતે? એવી શંકાના નિરાકરણમાં કહે છે કે તે જ્ઞાનવાળા પણ જ્યારે જ્ઞાનવડે હૃદયમાં ભગવદાવેશ થાય ત્યારે વિકળ થઈ જાય છે ત્યારે ''અમે જાણવાવાળા છીએ'' એવી સ્ફૂર્તિ તેઓને નથી થતી હોતી ત્યારે શ્રવણ કરવાની તેને યોગ્યતા સિદ્ધ થાય છે. તેથી જ શ્રીભાગવતના પ્રથમસ્કંધમાં કહ્યું છે ''સતત ભગવદ્ભક્ત જેઓને પ્રિય છે તથા પ્રભુના ગુણોએ જેમની

મતિનું આકર્ષણ કર્યું છે એવા શ્રીશુકદેવજી શ્રીભાગવતરૂપ આખ્યાન ભણ્યા'' તેથી એવા પૂર્ણજ્ઞાનવાળાને શ્રવણની યોગ્યતા કહી છે. મૂળમાં 'તુ' શબ્દ કહ્યો છે તેથી રસાવેશવાળાને ઉપર કહ્યા પ્રમાણે મતિવિક્ષેપ નથી થતો એમ કહ્યું છે. કેમકે તેને તો નિરંતર રસાવેશ રહેવાથી જ્ઞાન ક્યારેય થતું નથી. કેમકે જ્ઞાન છે તે રસના ઉદયનું પ્રતિબંધક છે તેથી જ સર્વવ્યાપક તથા પોતાના હૃદયમાં બિરાજવાવાળા પ્રભુને શોધવાની પ્રવૃત્તિ થાય છે. તેજ વાત સિદ્ધજ્ઞાનવાળા શ્રીશુકદેવજીએ શ્રીભાગવતના દશમસ્કંધમાં ફળ પ્રકરણમાં કહી છે. તેથી જ શ્રીટિપ્પણીજીમાં શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી છે ''બહિર્મુખોને આકાશની જેમ સર્વત્ર વ્યાપ્ત છે એવું પ્રભુનું જ્ઞાન થાય છે તથા ભક્તોને તો બહાર પ્રકટ પ્રભુનો જ આનંદ અપેક્ષિત છે'', તેથી એકાદશસ્કંધમાં શ્રીભગવાને આજ્ઞા કરી છે ''જ્ઞાન, વૈરાગ્ય ઘણું કહીને ભક્તને શ્રેયઃ સાધક નથી''

અત્રે શંકા થાય કે ભગવદાવેશમાં તો ભગવાનની જેમ સર્વજ્ઞપણું થવું યોગ્ય છે, તો પછી તેને વિકલતા શાથી થાય, જેથી શ્રવણાદિકમાં પ્રવૃત્તિ થાય છે? એવી શંકા કરીને કહે છે કે તેમને પ્રભુના ગુણ વડે નિરોધ થાય છે. પ્રપંચના વિસ્મરણપૂર્વક પ્રભુમાં જે આસક્તિ છે તેને 'નિરોધ' કહે છે કે તે કેવલ ગુણ શ્રવણથી જ થાય છે. તેથી નિરોધ થવાથી વિકલતા થઈ જાય છે અન્ય રીતથી થતી નથી. આ રીતે શ્રોતાપણાનું ઉપપાદન કરીને તેને કદાચિત્ મોક્ષાદિક અર્થમાં નિષ્ઠા થાય ત્યારે, અર્થમાં નિષ્ઠા થાય તેતો મધ્યમમાં ગણાય તેથી મધ્યમપણાની નિવૃત્તિને માટે હવે કહે છે જે સર્વત્ર પૂર્ણ એવો જે ભગવદ્ભાવ (ભગવદાવેશ તથા નિરોધથી થયેલું ભગવાનનું જ્ઞાન) એટલે સર્વત્ર ભગવાનની સ્ફૂર્તિ, તેના દ્વારા જેના સર્વઅર્થ સમાપ્ત થઈ ગયા છે, તેથી તથા સ્વાર્થ તેને નથી તેથી જ (સ્વાર્થ નિષ્ઠાના અભાવથી જ) તેને મધ્યમપણું નથી પરંતુ ઉત્તમપણું જ છે. કેમકે તેઓ એક માત્ર ભગવાનમાં જ નિષ્ઠાવાળા છે.

જ્યારે આ રીતે થયું તો પુષ્ટિમાર્ગીયોથી તેમાં જુદાઈ ન થઈ કેમકે

પુષ્ટિમાર્ગીય જે રીતે પ્રભુમાં જ નિષ્ઠાવાળા છે એ રીતે તેઓ પણ છે! એવી શંકા થાય ત્યાં કહે છે કે તેઓનો તેવો ભાવ નિરંતર રહેતો નથી પરંતુ કોઈક વખત જ રહે છે. એટલે જ્યારે ભગવદ્‌ગુણનું શ્રવણ કરે ત્યારે જ નિરોધ થઈને પ્રભુનિષ્ઠ થઈ જાય છે. જ્યારે પુષ્ટિમાર્ગીય તો સદાજ સદા ભગવન્નિષ્ઠ રહેવાથી સર્વથી ન્યારા જ છે. તેથી જ શુકાદિકોને સર્વદા લીલાનુસંધાન નથી હોતું જો હોય તો 'મથુરાજીથી વ્રજ પ્રતિ ગયા' એમ તટસ્થ રહીને કહેલું અસંગત થાય. પુષ્ટિમાર્ગીયોના ભાવનું સાર્વદિકપણું તો પ્રભુએ જ અગીઆરમાં સ્કંધમાં કહ્યું છે કે "મારા વિશે જ જેઓની અનુસંગ વડે બુદ્ધિ બંધાઈ છે એવા શ્રીગોપીજનોએ પોતાનો આત્મા આ જગત્ તથા પરલોક તે સમસ્તને જાણ્યા જ નહિ. જેમ સમાધિમાં મુનિજન તથા સમુદ્રના જળમાં જેવી રીતે નદીઓ પોતાનું નામરૂપ છોડીને પ્રવેશ કરે છે બસ તેવી રીતે" અત્રે નદીના દૃષ્ટાંતથી સમુદ્રમાં પ્રવેશ કરવાવાળી નદી પોતાના પૂર્વ રૂપને કદી જ પ્રાપ્ત થતી નથી તથા સ્વરૂપથી રહે છે તો પણ ભેદથી કથન થતું નથી; તેથી જ પુષ્ટિમાર્ગીયોને વિશે ભગવદ્‌ઈતર (ભગવાન્ સિવાયની) સ્ફૂર્તિના અભાવવાળો ભાવ, ભગવદીયપણું તથા ભગવાનમાંજ ઓતપ્રોત થઈને રહેવું તે છે. તથા મર્યાદામાર્ગમાં તો શ્રવણાદિકથી ભગવદીયપણું છે તેથી પુષ્ટિમાર્ગીય તથા મર્યાદામાર્ગીયમાં ઘણું જ અંતર-ભેદ છે; આથી વિશેષ શું કહેવું?

એ રીતે બહિઃસંવેદનના અભાવની દશામાં મર્યાદામાર્ગીય ઉત્તમનું નિરૂપણ કરીને બહિઃસંવેદનાપન્નનું નિરૂપણ કરવા માટે, બહિઃસંવેદનના પ્રસંગથી જ અધમનું નિરૂપણ કરે છે. જે કેટલાક અન્યાસક્ત એટલે કે બ્રાહ્મણત્વ ક્ષત્રિયત્વ વગેરે વડે ઉત્કર્ષ અપકર્ષયુક્ત તથા ગૃહાદિકમાં આસક્ત એટલે વૃત્તિસંપાદનમાટે અથવા લોકોને સંભળાવા માટે શ્રવણ કરવાવાળા જલભેદમાં "ક્ષેત્રપ્રવિષ્ટાસ્તેચાપિ સંસારોત્પત્તિ હેતવઃ" આ શ્લોકમાં કહેલા ભાવવાળા 'અધમ' કહ્યા છે. મૂલમાં 'તુ' શબ્દ કહેવાનો એ અભિપ્રાય છે કે પ્રભુની સેવા કરવાને માટે જે ઘરમાં આસક્ત હોય તે

અધમ નથી. તેઓને તો પુષ્ટિમાર્ગીય મોક્ષરૂપપણાથી ઉત્તમપણું છે. ।।૩-૪।।

આ રીતે મધ્યમાં અધમનું નિરૂપણ કરીને હવે બહિઃસંવેદનદશા વિશે પણ જેનું અન્યત્ર મન નથી એવા ઉત્તમનું નિરૂપણ કરે છે :

અનન્યમનસો મર્ત્યા ઉત્તમાઃ શ્રવણાદિષુ ।।
દેશકાલદ્રવ્યકર્તુમંત્રકર્મપ્રકારતઃ ।।૫।।

અન્વયાર્થ : દેશ-કાલ-દ્રવ્ય-કર્તુ-મન્ત્ર-કર્મ-પ્રકારતઃ= દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, કર્મ પ્રકારને પ્રાપ્ત કરીને, અનન્ય મનસઃ= (ભગવાનમાં) અનન્ય મનવાળા, મર્ત્યાઃ= મનુષ્યો, શ્રવણાદિષુ= શ્રવણ વગેરેમાં, ઉત્તમાઃ= ઉત્તમ છે.

ભાવાર્થ : દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર તથા કર્મના પ્રકારથી જે અનન્ય મનવાળા છે તેઓ શ્રવણાદિકમાં ઉત્તમ છે. ૫

ટીકા : એટલે કે સર્વત્ર બહારના પદાર્થોનું જ્ઞાન હોવા છતાંએ પ્રભુ સિવાય અન્યત્ર જેનું મન નથી તેને 'અનન્ય' કહેવાય છે. ત્યાં શંકા થાય કે પ્રભુ સિવાય અન્યત્ર જેનું મન નથી તેને અંતઃસંવેદનમાં વિશેષ શું? એવી આ શંકા કરીને અનન્ય ચિત્તપણામાં પ્રકારભેદ જણાવે છે દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મંત્ર તથા કર્મ આટલા પ્રકારથી અનન્ય મનવાળા જોઈએ. એટલે અંતઃસંવેદનમાં ભગવદ્રૂપથી જ દેશાદિકની સ્ફૂર્તિ થાય છે. દેશાદિકપણાથી થતી નથી. કેમકે કેવળ ભગવદાકાર અંતઃકરણ થયું ત્યારે સર્વત્ર આવરણનો નાશ થઈ જાય છે. તથા બહારના પદાર્થનું જ્ઞાન થાય ત્યારે તો એ દેશાદિક સઘળું ભગવદ્રૂપ છે એવી સ્ફૂર્તિ થાય છે. તેમાં દેશાદિકોમાં ભાવનામાત્ર વડે જ ભગવદ્બુદ્ધિ થાય છે અર્થાત્ અંતઃસંવેદનમાં દેશાદિકની સ્ફૂર્તિ પણ થતી નથી તથા બહિઃસંવેદનમાં દેશાદિકની સ્ફૂર્તિની સાથે ભગવદ્બુદ્ધિ થાય તેટલી અંતઃસવેદનમાં વિશેષતા છે.

ત્યાં શંકા થાય કે અંતઃસંવેદનમાં પ્રભુપણાથી દેશાદિકમાં સ્ફૂર્તિ થાય ત્યારે બહિઃસંવેદનમાં દેશાદિકની સ્ફૂર્તિમાં ભાવનામાત્રની બુદ્ધિ રહે આટલું તારતમ્ય શાથી રહે છે? અંતઃસંવેદન તથા બહિઃસંવેદનમાં અંતઃકરણનું સ્વરૂપ તો એક જ છે! એવી શંકા કરીને કહે છે કે આ મર્ત્ય છે તેથી અંતઃસંવેદનમાં ભાવના વડે ભગવદ્રૂપ જ થઈ જવાથી અન્ય સ્ફૂર્તિ રહેતી જ નથી તથા બહિઃસંવેદનમાં મર્ત્યપણાથી દેશાદિકની સ્ફૂર્તિ રહેવાથી શાસ્ત્ર વડે તેમાં ભગવદ્ બુદ્ધિ રહે છે. આવા જે હોય તે મર્યાદામાર્ગમાં શ્રવણાદિકમાં તથા કીર્તન વગેરેમાં ઉત્તમ છે. ।।૫।।

।। ઇતિ શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ''પંચપદ્યાનિ'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

|| શ્રીકૃષ્ણાય નમઃ ||
|| સર્વત્યાગોપદેશકાય શ્રીવલ્લભાય નમઃ ||

|| સંન્યાસનિર્ણય ||

ટીકા : પશ્ચાત્તાપની નિવૃત્તિને માટે પરિત્યાગનો વિચાર કરવામાં આવે છે. અત્રે ભક્તિમાર્ગીય પરિત્યાગ છે તેથી બીજા સર્વ પદાર્થોનો વિચાર કરીને ત્યાગ કરવો, એવો વિચાર કર્યા વિના પરિત્યાગ કર્યો હોય તેથી જે પશ્ચાત્તાપ થાય તેની નિવૃત્તિને માટે ભક્તિમાર્ગીય પરિત્યાગના વિચારનો પ્રારંભ કરે છે. એક વ્યાખ્યાકાર આ રીતે આજ્ઞા કરે છે.

બીજા એવી આજ્ઞા કરે છે કે કર્મમાર્ગીઓને વૃદ્ધત્વ થાય તો પણ સંસારથી વૈરાગ્ય થવાનો સંભવ હોતો નથી, તેથી એવા કર્મમાર્ગીયિના સંગથી કદાચિત્ ભગવદીય પણ એવા ન બની જાય તેના માટે સુખરૂપ ઉપાય એવા સંન્યાસના નિરૂપણની પ્રતિજ્ઞા છે. આમ કહીને શરીર અશક્ત થાય ત્યારે પૂર્વદશાનું સ્મરણ કરીને તેના મનમાં એવો વિચાર થાય કે મેં પ્રથમથી જ (અગાઉથી) ભગવાનને માટે ભગવદ્પ્રાપ્તિને માટે પ્રયત્ન કેમ ના કર્યો? આવો તાપ જે ભગવદીયને થાય તે જ અહીંયા ‘પશ્ચાત્તાપ’ શબ્દથી કહ્યો છે.

કેટલાક એમ પણ આજ્ઞા કરે છે કે ભક્તિમાર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં સાધનદશામાં તથા સિદ્ધદશામાં પરિત્યાગને કર્તવ્યપણાથી બતાવ્યો છે. તેમાં સાધનદશામાં પૂર્વ વૈરાગ્ય નહિ હોવાથી યોગ્ય પરિત્યાગનો સંભવ નથી. તેથી પાંખડીપણું થાય અને તેને કારણે પરિત્યાગ પશ્ચાત્તાપનો હેતુ બને. આ પ્રકારની સૂક્ષ્મતા-ઝીણવટ જાણતા ન હોય એવા ભગવદીયને પણ પ્રથમ પરિત્યાગ કરીને પછીથી તેના હેતુથી તાપ થાય. તેથી એવા સંતપ્ત ભગવદીઓને જોઈને શ્રીઆચાર્યચરણને પણ પશ્ચાત્તાપ પ્રાપ્ત થાય એ રીતે બેઉ પ્રકારનો પશ્ચાત્તાપ થાય જ નહિ તે માટે આ પ્રતિજ્ઞા છે.

કેટલાક એમ પણ આજ્ઞા કરે છે કે નિબંધમાં શ્રીઆચાર્યચરણે

ત્રિદંડ ધારણ કરવાની આજ્ઞા કરી છે તે વાંચીને પુષ્ટિમાર્ગીય જીવ પણ સંન્યાસઆશ્રમપણાથી ત્રિદંડને ગ્રહણ કરે અને તેથી તેને પશ્ચાત્તાપ થાય તો તેની નિવૃત્તિને માટે પુષ્ટિમાર્ગીય સંન્યાસના વિચારનો આરંભ કરે છે.

વળી અન્ય તો એમ આજ્ઞા કરે છે કે શ્રુતિ વગેરે પ્રમાણોથી સિદ્ધ એવા રસાત્મક ભગવાન્ તેમનો વિરહાત્મક ભાવનો જે અનુભવ, તે સર્વાત્મભાવથી શરણાગતિ થાય ત્યારે જ પ્રાપ્ત થાય. તે સર્વપરિત્યાગ વિના થાય જ નહિ એવું ત્યાગનું સ્વરૂપ નહિ જાણવાવાળા જે પુષ્ટિમાર્ગીય જીવ છે તેઓને જ્ઞાનાદિમાર્ગોમાં પણ પરિત્યાગ કહ્યો છે તેથી સંશયવાળા થાય. આવા તે જીવોએ વિચાર્યા વિના પરિત્યાગ કર્યો હોય તો તેઓને પણ પશ્ચાત્તાપ થાય. તેના અભાવને માટે વિચારનો આરંભ છે.

તથા શ્રીપુરુષોત્તમજી મહારાજે તો એવો અભિપ્રાય કહ્યો છે કે અંતઃકરણપ્રબોધમાં જે 'પશ્ચાત્તાપ' તથા 'પરિત્યાગ' પદનો લેખ છે તે જે અભિપ્રાયથી-આશયથી છે તે જ આશય અત્રે લેવો જોઈએ. શ્રીપ્રભુએ ''દેહ તથા દેશ''ના ('દેહ' શબ્દ 'દિહ્' ધાતુ પરથી છે તેના કારણે ઉપચય છોડી દેવાના અર્થમાં વપરાય છે અને 'દેશ' શબ્દ 'દિશ્' ધાતુથી આવે છે તે અતિસર્જનના અર્થમાં એટલે કે તિરોહિત થઈ જવાના અર્થમાં આવે છે.) પરિત્યાગ વિષયક આજ્ઞા શ્રીઆચાર્યચરણને કરી (તે અહીં અંતઃકરણપ્રબોધના ''પશ્ચાત્તાપ'' અને ''પરિત્યાગ'' (શ્લોક ૭-૬) તે બંને પદો જેના સ્પષ્ટ ઉલ્લેખ અહીં મળે છે તે પ્રમાણે પ્રથમ શ્લોકમાં ઉલ્લેખ થવાથી વિચારવામાં આવે છે). શ્રીઆચાર્યચરણોને ''તે બેઉ આજ્ઞા સિદ્ધ ન થઈ'' એમ વિચાર થતાં અને પોતે તો સેવકપણાનો સ્વીકાર કર્યો છે તેથી પશ્ચાત્તાપ થયો ત્યારે લોકત્યાગવિષયક ત્રીજી આજ્ઞા થઈ. તે સમયે આમ વિચાર કરે છે કે ભગવાન્ મારી ઉપર પ્રસન્ન છે કે અપ્રસન્ન છે? જો અપ્રસન્ન હોય તો મારી ઉપેક્ષા જ કરે પરંતુ આ જે ત્રીજી આજ્ઞા કરી તે ન કરે. ત્રીજી

આજ્ઞા થઈ તેથી પ્રસન્ન છે મારી ઉપર અપ્રસન્ન નથી એનો તો નિશ્ચય થાય છે. પરંતુ પ્રથમ બેઉ આજ્ઞાનું ઉલ્લંઘન થયા છતાં પણ શ્રીપ્રભુજીના પ્રસન્ન રહેવાનું શું કારણ હશે? એવો વિચાર કરવા લાગ્યા ત્યારે પ્રથમઅર્થમાં શ્રીમાધવભટ્ટ કાશ્મીરીની દેહનિવૃત્તિથી વૃદ્ધિરૂપ દેહત્યાગની આજ્ઞા સિદ્ધ થઈ. આ વૃદ્ધિરૂપ દેહત્યાગ પ્રભુએ જ કરાવ્યો છે. અને બીજા અર્થમાં શ્રીભાગવતની સૂક્ષ્મ ટીકાની નિવૃત્તિથી અતિસર્જનરૂપ-તિરોધાનરૂપ દેશત્યાગની આજ્ઞા સિદ્ધ થઈ. આ દાનરૂપ દેશત્યાગ પણ પ્રભુએ કરાવ્યો છે. એટલે ઉભય ત્યાગરૂપ આજ્ઞા પાલનમાં બાધ આવ્યો નહિ. (અત્રે વૃદ્ધિ તથા દાન પદ નિત્યલીલાના સમ્બન્ધમાં પ્રયોજ્યા છે) (શ્રીમાધવભટ્ટ કાશ્મીરીની નિત્યલીલા પ્રાપ્તિ વૃદ્ધિરૂપ છે તેમજ શ્રીભાગવતની સૂક્ષ્મ ટીકાની નિત્યલીલામાં ઉપસ્થિતિ દાનરૂપ છે) આ રીતે પ્રથમની બેઉ આજ્ઞા તો પ્રભુજીએ જ સિદ્ધ કરાવી. તે રીતે ત્રીજી આજ્ઞાનો અભિપ્રાય-આશય જાણવામાં આવતો નથી એવો નિશ્ચય કરીને, જોકે બેઉ આજ્ઞા સિદ્ધ થઈ છે પ્રભુએ સિદ્ધ કરાવી છે કંઈ પોતે કરી નથી તેથી જે પશ્ચાત્તાપ થયો તેની નિવૃત્તિ કેવી રીતે થાય? આ સઘળો વિચાર કરીને ત્રીજી આજ્ઞા કયા વિષયની છે? તેનો આશય જાણવાના વિચારથી જ પ્રથમની બેઉ આજ્ઞા નહિ માન્યાનો પશ્ચાત્તાપ પણ ભગવાન્ નિવૃત્ત કરશે એવો નિશ્ચય કરીને પોતાની અવસ્થાના સૂચનપર્વક પરિત્યાગના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે.

પશ્ચાત્તાપનિવૃત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ॥

અન્વયાર્થ : પશ્ચાત્તાપનિવૃત્યર્થં= (આજ્ઞાના ઉલ્લંઘનના સંતાપરૂપ) પશ્ચાત્તાપની નિવૃત્તિ માટે, પરિત્યાગ= (લોક-પ્રસિદ્ધ) પરિત્યાગ (સંન્યાસ) વિચાર્યતે= વિચારાય છે.

ભાવાર્થ : પશ્ચાત્તાપની નિવૃત્તિને માટે જે પરિત્યાગ છે તેનો વિચાર હવે કરાય છે.

ટીકા : અથ શ્રીઆચાર્યચરણ સંન્યાસનિર્ણયગ્રંથનો પ્રારંભ કરે છે.

અત્રે વિચારનું લખ્યું છે તેથી વિધિ નિષેધ નથી. જો વિધાનની આજ્ઞા કરત તો વિધિનિષેધપણાથી સર્વને કર્તવ્યપણું આવત. તેથી વિધાનની આજ્ઞા ન કરીને વિચારની આજ્ઞા કરી છે.

સામાન્ય પરિત્યાગનું સ્વરૂપ એ તેના સ્વરૂપ, સાધન તથા ફલના વિચારથી જાણ્યું જાય તે સામાન્ય અન્યમાર્ગીય ત્યાગ તથા અત્રે જેનો વિચાર કરવામાં આવ્યો છે, તે ઉભય ત્યાગની સૂક્ષ્મતા જાણવામાં આવે તેને માટે પ્રથમ અન્યમાર્ગીય ત્યાગને કહે છે :

સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ।।૧।।

અન્વયાર્થ : સ= તે, વિશેષતઃ= વિશેષ કરીને, ભક્તૌ= ભક્તિમાં, જ્ઞાને= જ્ઞાનમાં, માર્ગ-દ્વિતયે= બે માર્ગમાં, પ્રોક્તઃ= પ્રકર્ષથી કહેલો છે.

ભાવાર્થ : ત્યાગ ભક્તિમાર્ગમાં તથા જ્ઞાનમાર્ગમાં વિશેષ કરીને એ રીતે બંને માર્ગમાં કહ્યો છે. ૧

ટીકા : વિશેષ અભિપ્રાયથી ત્યાગ, પુષ્ટિમાર્ગ વિશેષ ત્યાગ રાસમંડલમંડનભૂત-રાસમંડલની શોભારૂપ જે વ્રજભક્ત છે તેઓએ જ કર્યો છે. તેથી ‘‘સર્વ વિષયોને છોડીને અમો આપના ચરણારવિંદના મૂળપ્રતિ પ્રાપ્ત થયા છીએ’’ એ રીતે ફલપ્રકરણમાં પ્રથમાધ્યાયમાં કહ્યું છે અને તેમની લીલામાં જ ચતુર્થઅધ્યાયમાં વ્રજભક્તો પ્રતિ કહ્યું છે કે ‘‘મારે માટે જ લોક, વેદ તથા સમ્બન્ધીઓનો તમોએ ત્યાગ કર્યો છે’’ ત્યાં વિશેષથી ત્યાગ કહ્યો છે.

તે જ રીતે જ્ઞાનમાર્ગમાં પણ વિશેષથી ત્યાગ કહ્યો છે. તેમાં એક વિવિદિષા (જ્ઞાન પ્રાપ્તિની ઈચ્છા= જાણવાની ઈચ્છા) સંન્યાસ તથા એક વિદ્વત્ સંન્યાસ એવા ભેદથી જ્ઞાનમાર્ગના શાસ્ત્રમાં નિરૂપણ કર્યું છે તેથી ‘વિશેષતઃ’ એમ કહ્યું છે. ।।૧।।

જ્ઞાન, કર્મ તથા ભક્તિ એવા કલ્યાણ કરવાવાળા ત્રણ માર્ગ

એકાદશસ્કંધમાં ભગવાને કહ્યા છે. તેમાં કર્મમાર્ગ પણ ગણ્યો છે તેથી કર્મમાર્ગમાં પણ પરિત્યાગની સંન્યાસની પ્રાપ્તિ થાય છે એવી આશંકા કરીને તેનો નિષેધ કરે છે :

કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ||
અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યત્વાદ્વિચારણા ||૨||

અન્વયાર્થ : કલિકાલતઃ= કલિયુગથી, કર્મમાર્ગે= કર્મમાર્ગમાં, સુતરાં= વિશેષ રીતે, (સંન્યાસ) ન= ન, કર્તવ્યઃ= કરવો જોઈએ, અતઃ= આથી, ભક્તિમાર્ગે= ભક્તિમાર્ગમાં, આદૌ= આરંભમાં, કર્તવ્યત્વાત્= કર્તવ્યપણાથી, વિચારણા= (તેના) પ્રકારનું ચિંતન (કરવામાં આવે છે.)

ભાવાર્થ : કર્મમાર્ગમાં સંન્યાસ કરવા જેવો નથી. તેમાંય કલિકાલથી તો કર્મમાર્ગમાં પરિત્યાગ કરવા યોગ્ય છે જ નહિ. હવે રહ્યા બે જ માર્ગ. તેમાં પ્રથમ ભક્તિમાર્ગમાં કર્તવ્યપણું હોવાથી તેનો વિચાર કરાય છે. ૨

ટીકા : એટલે કર્મમાર્ગમાં જીવનપર્યંત અગ્નિહોત્ર કરવાનો વિધિ હોવાથી સંન્યાસ ગ્રહણ કરવાનો સમય આવતો જ નથી. જોકે "આયુષ્યનો ચોથો ભાગ સંન્યાસ આશ્રય વડે વ્યતીત કરવો" એ રીતે કોઈક સ્થલમાં કહ્યું છે તો પણ કલિદોષને કારણે મનુષ્યોનું અલ્પ સામર્થ્ય હોવાથી તથા ચોથોભાગ આયુષ્યનો અતિશય વૃદ્ધાવસ્થા વ્યાપ્ત હોવાથી આશ્રમ-ધર્મને અતિકષ્ટથી પણ સિદ્ધ કરી શકે નહિ, તેથી સંન્યાસમાં વિપરીત ફલસાધકપણું થાય. એ રીતે જ્ઞાનમાર્ગમાં કર્તવ્યતા અને કર્મમાર્ગમાં અકર્તવ્યતા જણાવીને ભક્તિમાર્ગમાં કર્તવ્ય પ્રકારનો વિચાર કરે છે.

ભક્તિ તથા જ્ઞાન એમ બે માર્ગમાં કર્તવ્યતા કહી છે. તેમાં પ્રથમ શ્લોકમાં પ્રથમ ભક્તિમાર્ગમાં કર્તવ્યતા કહી છે તેથી તેનો વિચાર કરે છે એટલે કે ક્યારે કરવો? કેવી રીતે કરવો? અને શા માટે કરવો? તેનો

વિચાર કરે છે. ।।૨।।

ભક્તિમાર્ગમાં શ્રવણાદિ સાધનની સિદ્ધિને માટે કર્તવ્યના પક્ષનું નિરાકરણ કરે છે :

શ્રવણાદિપ્રસિદ્ધ્યર્થં કર્તવ્યશ્ચેત્ સ નેષ્યતે ।।
સહાયસંગસાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ।।૩।।

અભિમાનાન્નિયોગાચ્ચ તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ।।
ગૃહાદેર્બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ।।૪।।

અગ્રેઽપિ તાદૃશૈરેવ સંગો ભવતિ નાન્યથા ।।
સ્વયં ચ વિષયાક્રાંતઃ પાષંડી સ્યાત્તુ કાલતઃ ।।૫।।

અન્વયાર્થ : શ્રવણાદિપ્રસિદ્ધ્યર્થં= શ્રવણ વગેરેની અખંડ સિદ્ધિ માટે, ચેત્= જો, કર્તવ્યઃ= કરવું જરૂરી હોય, સઃ= તે, ન= નથી, ઈષ્યતે= ઈચ્છેલો, સહાયસંગસાધ્યત્વાત્= સહાય સંગથી સાધ્ય હોવાથી, ચ= અને, સાધનાનાં= સાધનોના, રક્ષણાત્= રક્ષણથી, અભિમાનાત્= ગર્વથી, ચ= અને, તદ્ધર્મ-વિરોધતઃ= તે ધર્મોથી વિરોધ હોવાથી, ચ= અને, નિયોગાત્= નિયોગથી, ગૃહાદેઃ= ઘર વગેરેના, બાધકત્વેન= બાધકપણાથી, સાધનાર્થં= સાધન માટે, યદિ= જો, તથા= તેમ, અગ્રે= આગળ, અપિ= પણ, તાદૃશૈઃ= તેવાઓ સાથે, એવ= જ, સંગ= સંગ, ભવતિ= થાય છે, અન્યથા= બીજા સાથે, ન= નહિ, સ્વયં= પોતે, ચ= પણ, વિષયાકાન્ત= વિષયોથી આકર્ષાયેલો, પાષણ્ડી= પાખંડી, સ્યાત્= થાય, તુ= પુનઃ, કાલતઃ= કાલથી.

ભાવાર્થ : શ્રવણાદિકની સિદ્ધિને માટે ત્યાગ કરવો એવો પક્ષ હોય તો તે પણ યોગ્ય નથી; કેમકે શ્રવણ વગેરેની સિદ્ધિ સહાય તથા સંગથી છે, તથા ત્યાગ (સંન્યાસ)માં તો તેના (ત્યાગના) સાધન રાખવા જોઈએ, જેથી શ્રવણાદિકના સાધન થઈ શકે નહિ તથા આશ્રમની ઉત્તમતાનું અભિમાન થાય. તથા સંન્યાસના ધર્મોથી ભક્તિમાર્ગના

શ્રવણના ધર્મનો વિરોધ પણ છે, તેથી શ્રવણ વગેરે થઈ શકે નહિ. વળી ભક્તિ માટે ગૃહાદિક બાધક છે તેમ જાણી શ્રવણ વગેરેના સાધનને માટે પરિત્યાગ કરવો એવું જો હોય તો ત્યાગ કર્યા પછી પણ સંગ તો એવાઓનો જ થવાનો કે બાધક એવા જેઓને કારણે ગૃહ ત્યાગ કર્યો હોય ! ઉત્તમ એવા બીજાઓનો સંગ તો થાય નહિ તેથી જ વિષય તરફ ખેંચાયેલી ઇંદ્રિયોને કારણે પોતે પાખંડી થઈ જાય અને અધર્મનો પોષક કલિકાલ તેમાં પોષક બને. ૩-૪

ટીકા : તેમ જ ''ત્યાગી હોય તે એકલો નિઃસંગ અને શાંત થઈને ભ્રમણ કરે'' એવું શાસ્ત્રમાં વિધાન છે. પરંતુ ભક્તિમાર્ગમાં તો શ્રવણાદિકની અપેક્ષાએ સહાય તથા સંગ અવશ્ય જોઈએ અને ત્યારે જ શ્રવણ વગેરે થાય ત્યાં ત્યાગ કરવામાં જે સંગ મળે તે પોતપોતાના માર્ગ અનુસારનું જ શ્રવણ બતાવે પુષ્ટિમાર્ગીય શ્રવણને તો બતાવે નહિ.

જેવી રીતે માયાવાદી સઘળા જગતને કલ્પિત માનવાવાળા હોવાથી જગતમાં રહેલા જે વેદોને પણ કલ્પિત માને છે તથા વેદોમાં બ્રહ્મના પ્રતિ જે પ્રતિપાદક વચનો છે તે પણ વ્યવહારોપયોગી છે, પરમાર્થના નથી, તેથી તે ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે.

નૈયાયિકોના મતમાં તો જગતના કર્તાપણાથી ઈશ્વરની સિદ્ધિ છે (માત્ર નિમિત્ત કારણપણું) તથાપિ જ્ઞાન, ઇચ્છા તથા પ્રયત્નાદિ સિવાય બીજા ધર્મ ઈશ્વરમાં નથી એમ માને છે, તેથી તે પણ ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે.

મીમાંસક મંત્રમયી દેવતા માને છે, ફલદેવાવાળા બીજા ઈશ્વર છે તેને માનતા નથી, તેથી તેમના મતમાં તો શ્રવણાદિક છે જ નહિ.

આ રીતે ભિન્ન-ભિન્ન મતવાળાઓનો સંગ થવાથી ભક્તિમાર્ગીય શ્રવણ તો સિદ્ધ થાય નહિ. તેથી ''આશ્રમધર્મ રાખવા જોઈએ,'' તેનો નિર્વાહ કરવામાં પાલન કરવામાં જ સર્વકાલ વ્યતીત થઈ જાય એટલે શ્રવણ વગેરે માટે સમય મળે જ નહિ. તે રીતે સંન્યાસ આશ્રમ સર્વને

આદરણીય છે. તેને માટે પોતામાં શ્રેષ્ઠતાનું અભિમાન થાય તે પણ ભક્તિમાર્ગથી તો વિરુદ્ધ છે. ભક્તિમાર્ગીય શ્રવણના ધર્મોમાં પરસ્પર વિરોધ છે તેથી શ્રવણાદિકની સિદ્ધિને માટે સંન્યાસ કરવો તે પક્ષ તો કોઈ રીતે યોગ્ય નથી.

કદાચિત્ ભક્તિમાર્ગીય શ્રવણાદિકના સ્વરૂપને જે જાણતો હોય તેને ગૃહસ્થિતિમાં વ્યાસંગને કારણે શ્રવણ વગેરે થાય નહિ. એમ ત્યાગ કરે તો તેને પણ સાધન દશામાં જેવો પૂર્ણ ભાવ ભક્તિમાર્ગમાં જોઈએ તેવો પૂર્ણભાવ નહિ હોવાથી નિરંતર શ્રવણાદિક થઈ શકે નહિ તથા ચિત્તની ચંચલતાથી એતન્માર્ગથી જે વિજાતીય હોય તેનો જ સંગ થાય તથા જેને ભગવદ્‌ભાવ હોય નહિ તેનું ચિત્ત વિષયાક્રાંત હોવાથી એવાઓનો સંગ અલ્પસમય પણ થાય તો પણ પ્રથમના ભાવનો નાશ કરીને પોતાને પણ વિષયાક્રાંત કરી દેવાનો સંભવ થાય. એટલે પ્રથમના ભાવનો નિર્વાહ નહિ થવાથી ત્યાગ કર્યો પણ હોય તો તે મુખ્ય ફલને સિદ્ધ કરવાવાળો થયો નહિ. તેથી ભક્તિમાર્ગના વિચારમાં ત્યાગ કરવાવાળો કાલક્રમથી પાખંડી થઈ જાય ।।૩,૪,૫।।

જો કે ભાવની સ્થિતિમાં દુઃસંગ બાધક છે તથાપિ ભાવની સ્થિતિને માટે જ ત્યાગનો ઉપક્રમ કર્યો છે તેથી દુઃસંગ થશે તો પણ ભાવ ટકી રહેશે એવો પક્ષ કોઈ કહે તો તેના નિરાકરણ માટે હવે કહે છે

વિષયાક્રાંતદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ।।
અતોઽત્ર સાધને ભક્તૌ નૈવ ત્યાગઃ સુખાવહઃ ।।૬।।

અન્વયાર્થ : વિષયાક્રાંતદેહાનાં= વિષયારૂઢ સ્થૂલ, લિંગ શરીરવાળાઓને, હરેઃ= હરિનો, આવેશઃ= આવેશ, સર્વદા ન= હંમેશા નથી, અતઃ= આથી, અત્ર= આમાં, ભક્તૌ= ભક્તિમાર્ગમાં, સાધને= સાધનમાં, ત્યાગ= ગૃહ ત્યાગ, સુખાવહઃ (સુખ+આ+વહઃ)= સુખ પ્રાપક, ન= નથી, એવ= જ.

ભાવાર્થ : વિષયોથી આક્રાંત દેહવાળામાં સર્વદા હરિનો આવેશ

નથી રહેતો. (મૂળમાં 'સર્વથા' પાઠ હોય તો હરિનો આવેશ નિશ્ચય નહિ રહે તેવો અર્થ સમજવો.) તેથી સાધનરૂપ ભક્તિમાર્ગમાં અથવા ભક્તિમાર્ગમાં સાધનદશામાં ત્યાગ સુખ આપવાવાળો થતો નથી. ૬

ટીકા : એટલે નેત્ર વગેરે સર્વ ઈંદ્રિયોના રૂપ વગેરે જે વિષયો છે તેનાથી જેનો દેહ વ્યાપ્ત છે (ઘેરાયેલા છે) તેને વિષયનો આવેશ હૃદયમાં હોવાથી સર્વદા હરિનો આવેશ થતો નથી. કેમકે ઈંદ્રિયોની વિષયોમાં આસક્તિ થાય તે પ્રભુના આવેશમાં નિશ્ચય બાધક છે. તેથી શ્રવણ વગેરે જે સાધનરૂપ ભક્તિ છે તેમાં ત્યાગ કરે તે પુરુષાર્થને સિદ્ધ કરવાવાળો નથી થતો. મૂલમાં 'એવ'કાર છે તેથી સર્વથા પુરુષાર્થનું અસાધકપણું કહ્યું છે. ।।૬।।

ત્યારે ભક્તિમાર્ગમાં ત્યાગ કરવાનું પ્રયોજન નહિ હોવાથી ત્યાગની વ્યર્થતા થાય છે એવી શંકા થાય ત્યાં કહે છે :

વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ।।
સ્વીયબન્ધનિવૃત્યર્થં વેષઃ સોऽત્ર ન ચાન્યથા ।।૭।।

અન્વયાર્થ : વિરહાનુભવાર્થં= વિરહના અનુભવને માટે, તુ= તો, પરિત્યાગઃ= સંન્યાસ, પ્રશસ્યતે= પ્રશંસા યોગ્ય છે. સ્વીય-બન્ધ-નિવૃત્યર્થં= પોતાના જનોના બંધનોને દૂર કરવા માટે, અત્ર= આમાં (ભક્તિમાર્ગીય સંન્યાસમાં,) સઃ= તે (ત્રિદંડ વગેરે,) વેશઃ= (સંન્યાસીનો) વેશ (કહેલો છે,) ચ= અને, અન્યથા= બીજી રીતે, ન= નથી.

ભાવાર્થ : ભગવાનના વિરહના અનુભવને માટે તો ત્યાગને ઉત્તમ કહ્યો છે તથા ત્યાગમાં કાષાયવસ્ત્રાદિક (ભગવો) વેશ છે તે પોતાને સમ્બન્ધી છે, બંધની નિવૃત્તિ માટે છે અન્યથા નથી. ૭

ટીકા : એટલે પુષ્ટિમાર્ગીય પરિત્યાગ સંપૂર્ણ ભગવદ્ભાવ થયા પછી જ થાય, કેમકે ભગવાનના વિરહનો અનુભવ કરવો તે સંયોગ

સુખનો અનુભવ થયો હોય પછી વિયોગમાં વિરહ થાય. તેથી પ્રથમ ભાવપૂર્વક ભગવાનના શ્રીમુખનું દર્શન કરતા હોય તથા શ્રીઅંગની સેવા કરતો હોય તેમાં જે આનંદ પ્રાપ્ત થતો હોય તો વિયોગમાં દર્શન તથા તેમનું સુખ નહિ મળવાથી વિરહ થાય તેનો અનુભવ કરવાને માટે ગૃહાદિકનો ત્યાગ કરે તે તો ઉત્તમ છે. એવા ત્યાગમાં શુદ્ધપુષ્ટિમાર્ગીયભાવવાળો હોય તે જ અધિકારી છે. એવો પૂર્ણભાવવાળો જે હોય તેને સર્વાત્મભાવવાળો જે ભક્ત છે તેના સમ્બન્ધવાળી જે રાસાદિલીલા છે તેનો વિચાર અવશ્ય થાય, તેના વડે તથા આ લીલા પરમ ફલરૂપ છે તેના વડે પૂર્વે કહ્યા તેવા ભક્તને પણ એતન્માર્ગીયપણું હોવાથી એ પ્રકારનું ફલ મેળવવાની અત્યંત અભિલાષા થાય. પરંતુ આ સમયમાં તેની અભિલાષા પૂર્ણ થાય નહિ. અને પૂર્ણ કરવાવાળાનું દર્શન પણ થાય નહિ તેથી વિરહ અવશ્ય થાય. અને ગૃહમાં જે મનુષ્ય રહ્યા હોય તે સઘળા વિજાતીય ભાવવાળા હોવાથી તેઓનો સંગ તેના ભાવનો નાશ કરવાવાળો થાય તે કારણથી વિરહનો અનુભવ થાય નહિ. તેથી ઘરનો ત્યાગ કરવો આવશ્યક છે. તથા તેનો ત્યાગ જણાવવાને માટે કાષાયાદિક (ભગવા વસ્ત્ર વગેરે સંન્યાસીના ચિહ્નો) ત્યાગના વેષની કલ્પના છે. એટલે જો સંન્યાસનો વેષ ન હોય તો સ્ત્રી, પુત્રાદિક આવીને પ્રતિબંધ કરે અને વેષ જો ધારણ કર્યો હોય તો સ્ત્રીપુત્રાદિક વેષ જોઈને જ “આ તો સંન્યાસી થઈ ગયો છે” એમ જાણીને દૂર રહે તો પ્રતિબંધ ન કરી શકે તેથી સંન્યાસીનો વેષ છે. વેષમાં બીજું કશું જ પ્રયોજન નથી. ।।૭।।

મર્યાદામાર્ગમાં તથા પુષ્ટિમાર્ગમાં ઘરનો ત્યાગ સમાન છે તો પણ માર્ગના ભેદનું નિરૂપણ કરવા માટે ત્યાગનું નિમિત્ત તથા ત્યાગનો વેષ કરવાનું નિમિત્ત ભિન્ન બતાવીને ગુરુ તથા સાધનનું નિરૂપણ કરે છે :

કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ ગુરવઃ સાધનં ચ તત્ ।।
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ।।૮।।

અન્વયાર્થ : કૌંડિન્યઃ= કૌંડિન્ય મુનિ, ગોપિકાઃ=શ્રીસ્વામિનીઓ,

ગુરવઃ= ગુરુઓ (પરિત્યાગ પ્રવર્તક હોવાથી,) પ્રોક્તાઃ= કહેલા છે, ચ= અને, સાધનં= સાધન, તત્= તે (છે) (કે જે) ભાવનયા= ભાવના (નિરંતર-ચિંતન) વડે, સિદ્ધઃ= સિદ્ધ થયેલો, ભાવઃ= (ભગવાનમાં પરમ રતિ) ભાવ, સાધનં= સાધન (રૂપ છે,) અન્યત્= બીજું, ઈષ્યતે= ઇચ્છેલું, ન= નથી.

ભાવાર્થ : કૌંડિન્ય ઋષિ તથા શ્રીગોપીજનો ત્યાગના ગુરુ માન્યા છે. જે ભાવના વડે ભાવ સિદ્ધ થાય તે જ સાધન છે, અન્ય સાધન ઈષ્ટ નથી. ૮

ટીકા : એટલે અનંતવ્રતના પ્રસંગમાં કૌંડિન્યઋષિનું નિરૂપણ કરેલું છે તથા શ્રીગોપીજનો તો પ્રસિદ્ધ છે તેથી વિશેષ પ્રકાર કહ્યો નથી.

જો કે કૌંડિન્યઋષિ મર્યાદામાર્ગીય હોવાથી તેમને પુષ્ટિમાર્ગનું જ્ઞાન નહિ હોવાથી, પુષ્ટિમાર્ગનું ઉપદેશકપણું તેમને નથી તેથી ગુરુપણું સંભવે નહિ. તો પણ દત્તાત્રેયની જેમ પોતાના વૈરાગ્યમાં ઉપયોગી એવા તેમના ધર્મ શીખવાથી જેવી રીતે દત્તાત્રેયે પૃથ્વી વગેરેનો ગુરુપણામાં અંગીકાર કર્યો છે તે રીતે કૌંડિન્યને અનંતના ગુણનું શ્રવણ કરીને તેમને મળવાની આર્તિ થઈ. તેથી વિપ્રયોગભાવ થયો અને તેમ થતાં વિકલતા થવાથી પ્રશ્ન કરવામાં અયોગ્ય એવા વૃક્ષાદિકોને પણ પ્રશ્ન પૂછવા લાગ્યા. આ રીતે કૌંડિન્યનો ત્યાગ તથા એતન્માર્ગીય ત્યાગ સમાન થયા. તેથી કૌંડિન્યમાં ગુરુપણું કહ્યું છે.

તથા શ્રીગોપીજનો પણ ઉપદેશ કરવાવાળા નથી તો પણ તેમને માર્ગ પ્રકટ કરીને તથા તેમના ભાવને અનુકૂલ આચરણ કરીને તથા શ્રીપંચાધ્યાયીમાં દોહન વગેરે પ્રકારના જે જે કાર્યો કરી રહ્યાં હતાં તે તે કાર્યોને જેમના તેમ ત્યજીને-વિરહથી ત્યાગ કરીને પ્રભુની પાસે પહોંચી ગયા છે. એવો ત્યાગ અત્રે અભીષ્ટ હોવાથી પણ તે શ્રીસ્વામિનીઓનું ગુરુપણું કહ્યું છે. તથા આપણામાં શ્રીગોપીજનોના ભાવને અનુરૂપ ભાવના વડે સિદ્ધ થયેલો ભાવ તેનું સાધનપણું ઉચિત છે, બીજા (દાન,

વ્રતાદિક)નું સાધનપણું ઈષ્ટ નથી જ. ।।૮।।

આવો ભાવ ઉત્પન્ન થયા પછી જે અવસ્થા થવાવાળી છે જે બુદ્ધિને ફેરવી દે ત્યારે દુ:ખના કારણરૂપ થાય અને તેથી પ્રાકૃતપણું થઈ જાય. એવી આશંકાનો પરિહાર તેના ભાવના સ્વરૂપનું નિરૂપણ કરીને કરે છેઃ

વિકલત્વં તથાऽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।।
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવં વર્તમાનસ્ય બાધકાઃ ।।૯।।

અન્વયાર્થ : વિકલત્વં= વિકલતા, તથા= અને, અસ્વાસ્થ્યં= અવસ્વસ્થતા, પ્રકૃતિઃ= (વિરહાવસ્થાનો) સ્વભાવ (છે,) હિ= કારણ કે (તે,) પ્રાકૃતં= પ્રકૃતિના સમ્બન્ધવાળું, ન= નથી, જ્ઞાનં= (સર્વ ભગવાનના શરીર રૂપ છે તેવું) જ્ઞાન, ચ= અને, ગુણ= (શ્રવણાદિના વિષયરૂપ ભગવાનના) ગુણો, વર્તમાનસ્ય= (અંતઃકરણમાં) રહેલા, તસ્ય= તે (ભાવ)ના, એવ= જ, બાધકાઃ= નાશક (છે.)

ભાવાર્થ : વિકલતા તથા અસ્વસ્થતા વિરહભાવની પ્રકૃતિ છે, પ્રાકૃતપણું નથી. તથા એવા ભાવમાં જે રહ્યા છે તેને જ્ઞાન તથા ગુણ બાધક છે.૯

ટીકા : એટલે, તેને વિપ્રયોગ થયો છે તેને વિકલતા થાય તથા કોઈ પણ સ્થળમાં (કોઈપણ પ્રકારે) સ્વસ્થતા ન રહે તે પણ સ્વાભાવિક ધર્મ છે, લૌકિક નથી. તે અર્થયુક્ત છે યોગ્ય જ છે. તે જણાવવા માટે 'હિ' અવ્યય છે. કેમકે અગીઆરમા સ્કંધમાં જ્ઞાનના નિરૂપણના પ્રસ્તાવમાં પણ "કૈવલ્યાદિક જ્ઞાનને પણ સગુણપણું છે" એમ નિરૂપણ કરીને "મારામાં જે જ્ઞાન રહ્યું છે તે નિર્ગુણ છે" એમ કહીને સ્વવિષયક જ્ઞાનનું નિર્ગુણપણું કહ્યું છે. મર્યાદામાર્ગમાં પણ જ્યાં ભગવાનના સમ્બન્ધીપણાથી વસ્તુમાત્રનું નિર્ગુણપણું છે ત્યાં સાક્ષાત્, સર્વથી અધિક એવા ભક્તિમાર્ગસમ્બન્ધી ભગવદ્‌ભાવને કારણે જ ધર્મ અવસ્થા થાય છે તેને નિર્ગુણતા થાય તેમાં શું કહેવાનું હોય? એવો અભિપ્રાય 'હિ'

અવ્યયથી સૂચિત થાય છે.

ત્યાં શંકા થાય કે ભગવાનના સમ્બન્ધથી નિર્ગુણપણું ભલે થાય તો પણ વિપ્રયોગભાવનું દુઃખાત્મકપણું હોવાથી તેને સર્વથી ઉત્તમ કેમ માનવામાં આવ્યું? આનું સમાધાન આ રીતે કરવું પુરુષોત્તમનું જે સ્વરૂપ છે તે રસરૂપ છે અને રસ સંયોગ તથા વિપ્રયોગ એમ બે પ્રકારનો હોવાથી વિપ્રયોગને પણ રસપણું જ છે. તેથી જેમ આનંદાશ્રુ આવે તેને સુખરૂપપણું તથા શોકથી અશ્રુ આવે તેને દુઃખરૂપપણું છે; તેમાં અશ્રુપણું તો સમાન છે તો પણ ફલ સમાન નથી. આ દૃષ્ટાંત પ્રમાણે અશ્રુની જેમ વિપ્રયોગને દુઃખરૂપ પણું નથી.

એવી વિકલ અવસ્થામાં રહેલો એવો જે વિપ્રયોગભાવનાવાળો ભક્ત છે તેને સર્વ જગત્ ભગવાનનું શરીર છે એવું જ્ઞાન તથા શ્રવણ, કીર્તન તથા જ્ઞાનના વિષયરૂપ ભગવાનના ગુણ પણ બાધક છે. આમ વિપ્રયોગભાવ જ્યારે અંતઃકરણમાં રહ્યો હોય ત્યારે સર્વ જગત્ ભગવાનનું શરીર છે તથા સર્વત્ર ભગવાન્ બિરાજે છે એવા જ્ઞાનથી તો તે વિરહભાવ જતો રહે, તેવી રીતે શ્રવણ, કીર્તનાદિકના વિષયરૂપ ભગવાનના જે ગુણગાન જેને કારણે ભગવાનના વિરહથી જે વિહ્‌વળતા થઈ હોય તે પણ જતી રહે. આ પ્રકારે એવા વિપ્રયોગના ભાવવાળા ભક્તને, જ્ઞાનના વિષયરૂપ ભગવાનના ગુણ વગેરે બાધક છે. તેવી રીતે લૌકિક વસ્તુઓનું જ્ઞાન તથા મનની સ્વસ્થાતાના કારણરૂપ ભગવદ્‌ગુણ પણ વિપ્રયોગરસના અનુભવ તથા ફલમાં પ્રતિબંધક છે. ॥૯॥

જ્ઞાનમાર્ગ તથા ભક્તિમાર્ગમાં ઘરનો ત્યાગ તો સમાન છે ત્યારે જ્ઞાન તથા મનની સ્વસ્થતાને જ્ઞાનામાર્ગમાં સાધકપણું છે ત્યારે ભક્તિમાર્ગમાં બાધકપણું કેવી રીતે? એવી શંકાના સમાધાન માટે ફલભેદ વડે સમાધાન કરે છેઃ

સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ॥
ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ॥૧૦॥

અન્વયાર્થ : સંન્યાસેન= સંન્યાસ વડે, વિશેષિતાત્= વિશિષ્ટ

થયેલા, જ્ઞાનાત્= (સર્વત્ર બ્રહ્મ સ્થિતિ સમજાવતા) જ્ઞાનથી, સત્યલોકે= સત્યલોકમાં, સ્થિતિઃ= સ્થિતિ (થાય છે,) ચ= અને, યત્ર= જ્યાં, ભાવના= ભાવના, સાધનમ્= સાધન (રૂપ છે ત્યાં,) ફલં= ફલ, અપિ= પણ, તથા= તેવું (ભાવનાનુંરૂપ,) ભવેત્= થાય.

ભાવાર્થ : સંન્યાસથી ઉત્તમતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનથી સત્યલોકની ગતિ મળે છે. કેમકે જે માર્ગમાં જેવી ભાવના સાધન હોય તેનાથી ફલ પણ તેવું જ મળે છે. ૧૦

ટીકા : સંન્યાસ વડે થયેલા વિશેષ જ્ઞાનથી સત્યલોકમાં સ્થિતિ થાય, એટલે સર્વત્ર બ્રહ્મ વ્યાપક છે એવું જ્ઞાન થાય તથા તેની સાથે સંન્યાસ પણ હોય ત્યારે બ્રહ્મલોકમાં સ્થિતિ થાય. આ વિષયમાં તૈત્તિરીય શ્રુતિમાં કહ્યું છે, "વેદાન્તમાં વિજ્ઞાનથી જેણે સારી રીતે અર્થનો નિશ્ચય કર્યો છે તથા સંન્યાસયોગથી જેનું અંતઃકરણ શુદ્ધ થયું છે એવા જે સંન્યાસી લોકો છે તે બ્રહ્મલોકમાં જાય તથા જ્યારે બ્રહ્માજીની મુક્તિ થાય ત્યારે તેમની સંગે તેઓ પણ મુકત થાય છે" તથા છાંદોગ્ય શ્રુતિમાં તો "આ લોકમાં જેવી રીતે યજ્ઞવાળો પુરુષ હોય છે તેવો જ મરણાંતર (ફલ) હોય છે" (તત્ક્રતુન્યાય) એવું કહ્યું છે તેમાં તૈત્તિરીય શ્રુતિમાં બ્રહ્માની મુક્તિના સમયમાં મુક્તિ થવાનું લખ્યું છે તથા છાંદોગ્ય શ્રુતિમાં તો મરણાંતર ભાવનાનુસાર પારલૌકિક ફલ થવાનું કહ્યું છે. તેથી જે પુરુષમાં ભાવના સાધન છે ત્યાં એવું ફલ થાય. અર્થાત્ જ્ઞાનયુકત જે સંન્યાસી છે તેની જ બ્રહ્મલોકમાં સ્થિતિ થઈને બ્રહ્માને સંગે તેનો મોક્ષ થાય છે તેથી બ્રહ્મલોકમાં જવામાં જ્ઞાનની જ મુખ્યતા છે. વળી સ્વાસ્થ્ય ન હોય તો જ્ઞાન સ્થિર થાય નહિ તેથી મનની સ્વસ્થતા સિદ્ધ કરવાવાળું જ્ઞાન જ છે.

તથા ભક્તિમાર્ગમાં સાક્ષાત્ પુરુષોત્તમના સમ્બન્ધથી જ ફલપણું છે તથા પુરુષોત્તમ રસાત્મક છે એવું જ શ્રુતિમાં કહ્યું છે. તેથી તેમના સમ્બન્ધમાં વિપ્રયોગરસાત્મક ભાવને જ સાધનપણું છે. જ્ઞાન તથા મનની સ્વસ્થતા વગેરેને તો ભાવનો નાશ કરવાપણું છે; તેથી જ્યાં

ભાવનારૂપ સાધન છે ત્યાં ફલ પણ તેવું જ હોય એવો અભિપ્રાય છાંદોગ્યશ્રુતિનો છે. ।।૧૦।।

આ રીતે બેઉ માર્ગમાં પ્રકારના ભેદથી સાધન તથા ફલનું નિરૂપણ કરીને જ્ઞાનમાર્ગમાં ફલપ્રાપ્તિમાં વિલંબ થાય છે અને ભક્તિમાર્ગમાં વિલંબ થતો નથી તેનું કારણ કહે છે :

તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠંત્યેવ ન સંશયઃ ।।
બહિશ્ચેત્પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્પ્રવિશેદ્યદિ ।।૧૧।।
તદૈવ સકલો બન્ધો નાશમેતિ ન ચાન્યથા ।।૧૧ ૧/૨।।

અન્વયાર્થ : તાદશાઃ= તેવો (પ્રબળ જ્ઞાની,) સત્યલોકાદૌ= સત્ય લોક વગેરેમાં, તિષ્ઠન્તિ= વસે છે, એવ= જ (તેમાં,) સંશયઃ= સંશય, ન= નથી, વહ્નિવત્= (લાકડામાંથી) અગ્નિની જેમ, ચેત્= જો, બહિઃ= બહાર, પ્રકટઃ= પ્રકટ થયેલો, સ્વાત્મા= પોતાના આત્મા (ભગવાન્,) યદિ= જો, પ્રવિશેત્= (પુનઃ અંદર) પ્રવેશે, તદા= ત્યારે, એવ= જ, સકલઃ= બધાં, બંધ= બંધન, નાશમ્= નાશ, એતિ= પામે છે. અન્યથા= બીજી રીતે (જ્ઞાનાદિથી,) ન= નહિ.

ભાવાર્થ : સંન્યાસગ્રહણ પૂર્વક જ્ઞાની હોય તો બ્રહ્મલોક વગેરેમાંજ સ્થિતિ રહે છે. પરંતુ ભક્તિમાર્ગમાં તો જે બહાર પ્રકટ થયેલા સ્વાત્મા ભગવાન્, અગ્નિ જેમ કાષ્ઠમાં પુનઃ પ્રવેશ કરે તેમ, જ્યારે ભક્તોના અંતઃકરણમાં પ્રવેશ કરે ત્યારે જ તેના સઘળા બંધનનો નાશ થાય, બીજા કોઈપણ પ્રકારથી બન્ધનાશ સંભવ નથી. ૧૧-૧૧ ૧/૨

વિવેચન : સંન્યાસયુક્ત જે જ્ઞાની છે તે સત્યલોક વગેરેમાં જ રહે છે તેમાં સંશય નથી. તેથી જ્ઞાનમાર્ગમાં મુક્તિ થવામાં વિલંબ થાય છે. તથા ભક્તિમાર્ગમાં તો જેવી રીતે સઘળા કાષ્ટમાં અગ્નિ વ્યાપ્ત થઈને તો રહ્યો છે તો પણ કાષ્ઠને બાળવામાં સમર્થ નથી. તેથી બહારનો અગ્નિ ભીતર પ્રવિષ્ટ થઈને ભીતરના અગ્નિને મળે ત્યારે કાષ્ઠને દહન

કરીને અગ્નિરૂપ કરી દે છે. તેથી સર્વત્ર વ્યાપ્ત જે બ્રહ્મનું સ્વરૂપ છે તે ભક્તિમાર્ગમાં મુક્તિ કરવામાં સમર્થ નથી પરંતુ બહાર પ્રકટ થયેલ જે આત્મસ્વરૂપ છે તે ભીતર પ્રવિષ્ટ થઈને ભીતરના સ્વરૂપના સંગે મળે છે ત્યારે સમગ્ર બંધનોનો નાશ કરીને મુક્ત કરી દે છે, તે સિવાય ભક્તિમાર્ગીય મુક્ત થતા નથી.

એટલે સંન્યાસયુક્ત જ્ઞાનીની સ્થિતિ સત્યલોકમાં થાય છે. તેમાં પણ જે નિષ્કામ હોય તે તો સત્યલોકમાં રહે પણ જે સકામ હોય તે તો બીજા લોકમાં પણ જાય છે તેવું જણાવવા માટે મૂળમાં 'આદિ' શબ્દ કહ્યો છે. અને સત્યલોકમાં જેટલા રહે છે તે બધાની મુક્તિ તો બ્રહ્માજીની સંગે થાય છે, તેથી બે પરાર્ધ સુધી બ્રહ્માજી રહે ત્યાં સુધી તેને મુક્તિ થવામાં વિલંબ થાય છે તથા ભક્તિમાર્ગમાં તો અગ્નિનું દૃષ્ટાંત આપ્યું છે તેથી એવું જણાવ્યું છે કે જેવી રીતે કાષ્ઠમાં વિદ્યમાન અગ્નિની કાષ્ઠનો દાહ કરવામાં યોગ્યતા નથી, પરંતુ મથન કરીને તેમાંથી પણ અગ્નિ પ્રકટ થઈને ભીતરના અગ્નિને જ્યારે મળે ત્યારે તેનું કાષ્ઠપણું નિવૃત્ત થાય છે અને અગ્નિપણું સિદ્ધ થાય છે તેવી રીતે ભક્તોના હૃદયમાં જો કે ભગવાન્ વિરાજે છે તો પણ તેનું ભગવદ્રૂપપણું કરવામાં યોગ્ય નથી પરંતુ વિગાઢ ભાવ વડે બહાર પ્રકટ થઈને જ્યારે ભીતરના સ્વરૂપને મળે ત્યારે જ પ્રતિબંધને દૂર કરીને તેનું ભગવદ્રૂપપણું સંપાદન કરે છે. એવું ફલ સિદ્ધ કરવામાં આ સિવાય અન્ય કોઈ પ્રકાર નથી. ।।૧૧-૧૧$^{૧}/_{૨}$।।

ત્યાં શંકા થાય કે વિગાઢ ભાવને સાક્ષાત્ સંગના અભાવના કારણપણાથી સંગને માટે સ્વરૂપના અનુસંધાનનું પણ આવશ્યકપણું છે તેથી ગુણગાન વડે સ્વસ્થ કેમ ન થવાય? એવી શંકા થાય ત્યાં કહે છે

ગુણાસ્તુ સંગરાહિત્યાજ્જીવનાર્થં ભવન્તિ હિ ।।૧૨।।

અન્વયાર્થ : ગુણાઃ= ગુણો (ભગવાનના,) તૂ= તો, સંગરાહિત્યાત્= (ભગવાનના) સંગ વગર, હિ= નિશ્ચયપૂર્વક,

જીવનાર્થં= જીવન માટે, ભવન્તિ= (ઉપકારક) થાય છે.

ભાવાર્થ : શ્રવણકીર્તન વગેરેમાં સદા આવતા પ્રભુના ગુણ તો ભક્તોના જીવનને માટે છે, કેમકે પ્રભુનો સંગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી ભક્ત શ્રીહરિના ગુણોવડેજ પોતાનું જીવન ટકાવી શકે છે. ૧૨

ટીકા : સંગરહિતપણું છે તેથી ગુણ તો જીવનને આપનાર થાય છે એટલે જીવ જ્યારથી ભગવાનથી છૂટો પડ્યો છે ત્યારથી તેને ભગવાનનો સંગ નથી પરંતુ જ્યાં સુધી ભગવાનના વિયોગની સ્ફૂર્તિ નથી થઈ ત્યાં સુધી તેને વિયોગનું દુઃખ (પણ) નથી. જ્યારે વિયોગની સ્ફૂર્તિ થાય ત્યારે તેને વિયોગનું દુઃખ થાય તે સમયમાં તેની સ્વસ્થતા રહેવામાં ટકાવી રાખવામાં ભગવાનના ગુણ સિવાય બીજું કશું જ સાધન નથી. કેમકે ભગવાન્ પરમાનંદરૂપ છે તેમનો વિરહ થાય ત્યારે જીવન રહે નહિ તે સમયમાં પરમાનંદના ગુણોજ જીવનને ટકાવી રાખી શકે છે. તે જ વાત શ્રીગોપીજનોએ ગોપિકાગીતમાં કહી છે ‘‘આપની કથારૂપ અમૃત છે તે તપ્તનું જીવન છે’’ તથા શ્રીઅક્રુરજીના સંગે ભગવાન્ મથુરાજી પધાર્યા ત્યારે ભગવાનના રથના ધજાજી તથા રથની રજ જોવામાં આવી ત્યાં સુધી તો ચિત્રની જેમ સર્વ ગોપીજનોઓ ઉભા રહ્યાં અને પછી ભગવાન્ પાછા ફરશે તેવી આશા નિવૃત્તિ થઈ ત્યારે તેઓ ગુણગાન કરીને શોકરહિત થઈને દિવસો વ્યતિત કરતાં થયાં એવું કહ્યું છે ત્યાં પણ ગુણગાનને જ જીવન સંપાદનત્વ કહ્યું છે. તેથી જીવનને માટે ગુણગાન થાય છે પરંતુ તેથી સ્વસ્થતા રહેતી નથી. ।।૧૨।।

ત્યાં શંકા થાય કે વિપ્રયોગભાવમાં જે રહ્યા છે તેને ભગવાનના ગુણ પણ એવા ભાવમાં બાધક છે ત્યારે જેની ભાવના હોય છે તે ભગવાન્ જ વિલંબને સંપાદન કરવાવાળા હોવાથી સ્વયં બાધક કેવી રીતે નથી? ત્યાં કહે છે :

ભગવાન્ ફલરૂપત્વાન્નાત્ર બાધક ઈષ્યતે ।
સ્વાસ્થ્યવાક્યં ન કર્તવ્યં દયાલુર્ન વિરુધ્યતે ।।૧૩।।

અન્વયાર્થ : ભગવાન્ ફલરૂપત્વાત્= ભગવાન્ ફલરૂપ હોવાથી, અત્ર= અહીં, બાધક= બાધક, ન= નથી, ઈષ્યતે= ઈચ્છેલા, સ્વાસ્થ્ય વાક્યં= સ્વાસ્થ્ય અને (આશ્વાસન) વાક્ય, કર્તવ્યં= (ભગવાનને) કર્તવ્ય, ન= નથી, દયાલુ= દયાળુ (ભગવાન્,) વિરુધ્યતે= વિરુદ્ધ થતા, ન= નથી.

ભાવાર્થ : ભગવાન્ ફલરૂપ છે તેથી અત્રે બાધક નથી તથા સ્વસ્થાતાવાળું વાક્ય ભગવાન્ કરતા નથી. કેમકે ભગવાન્ દયાળુ છે તેથી દયાળુપણાથી વિરુદ્ધ થતા નથી. ૧૩

ટીકા : એટલે આ માર્ગમાં ભગવાન જ ફલરૂપ છે તથા તેમની પ્રાપ્તિમાં વિપ્રયોગભાવનું જ સાધકપણું છે, તે ન હોય તો ફલની પ્રાપ્તિ થાય નહિ તેથી ભગવાન્ જ જો પ્રતિબંધક થાય તો ફલરૂપતા સિદ્ધ થાય નહિ. તેથી ભગવાન્ બાધક નથી.

ત્યાં શંકા થાય કે ભગવાનને ફલાત્મકપણું છે તથા ફલ દેવાની તેમની ઈચ્છા પણ છે તેથી કદાચિત્ સ્વરૂપ વડે વિપ્રયોગના દુઃખને નિવૃત્ત નહિ કરે તો ભલે પરંતુ કંઈક વચનો કહીને સ્વસ્થતા કેમ કરતા નથી? (આશ્વાસન કેમ કરતા નથી?) એટલે જેવી રીતે નારદજીને દર્શન આપીને ભગવાન્ તિરોહિત થયા ત્યારે ફરી દર્શનને માટે નારદજી યત્ન કરતા હતા. તેમને જેવી રીતે આકાશવાણીથી આજ્ઞા કરી કે ‘‘નિંદિત આ લોકને છોડીને મારા જનપણાને તું પ્રાપ્ત થશે’’ એ રીતે સ્વસ્થતાનું વચન કહ્યું છે. તેવી રીતે અહીંયા વિપ્રયોગભાવવડે તપ્ત એવાને ભગવાન્ સ્વસ્થતા કેમ કરતા નથી? એવી શંકા થાય તેની નિવૃત્તિને માટે કહે છે કે સ્વસ્થતા થાય તેવું વચન ભગવાને કહેવાનું હોતું નથી કારણકે ભગવાન્ દયાળુ છે તેથી વિરુદ્ધ નહિ થાય. નારદજીના કષાય પક્વ (દુષિત મનોવિકાર) થયાં ન હતાં પરંતુ શુદ્ધભાવવાળા હતાં. તેથી સ્વસ્થતા થવાને માટે ભગવાને તિરોહિત થઈને જ વચન કહીને સ્વસ્થ કર્યા છે. જ્યારે અહીંયા તો અંતર્ગૃહગતાની જેમ તેમને પ્રતિબંધ છે તે તત્કાલ નિવૃત્ત કરવો છે. તે પ્રતિબંધ વિરહના તાપના દુઃખથી તથા અંદર

આવિર્ભાવ થયેલાના આલિંગનના સુખથી જ નિવૃત્ત કરવો છે, કેમકે તેમનો ભાવ ઉત્કટ છે તેથી એવા ભક્તોને વચનો કહીને સ્વસ્થતા કરે તો અંતર્ગૃહગતાઓને જેવી રીતે ફલ મળ્યું તેવી રીતે શીઘ્ર ફળ ન મળે તો (પ્રભુના) દયાલુપણામાં વિરોધ આવે તેથી સ્વસ્થતા થાય તેવા વચન ભગવાને કહેવા જેવા નથી. (કહેલા નથી.) ।।૧૩।।

હવે ભક્તિમાર્ગીય સંન્યાસના સ્વરૂપનું સાધન તથા ફલના પ્રકારનો વિચાર કરીને ઉપસંહાર કરે છે :

દુર્લભોઽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિદ્ધ્યતિ નાન્યથા ।
જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોઽપિ વિચારિતઃ ।।૧૪।।

અન્વયાર્થ : અયં= આ, પરિત્યાગ= પરિત્યાગ (સદ્યો મુક્તિપ્રદ) દુર્લભઃ= દુર્લભ છે, પ્રેમ્ણા= પ્રેમ વડે, સિધ્યતિ= સિદ્ધ થાય છે, અન્યથા, ન= બીજી રીતે નહિ, જ્ઞાનમાર્ગે= જ્ઞાનમાર્ગમાં તુ= તો, દ્વિવિધ= બે પ્રકારનો, અપિ= પણ, સંન્યાસઃ= સંન્યાસ (પરિત્યાગ) વિચારિતઃ= વિચારેલો છે.

ભાવાર્થ : આ પ્રકારનો આ ભક્તિમાર્ગીય સંન્યાસ દુર્લભ છે. તે પ્રેમથી જ પ્રાપ્ત થઈ શકે છે, તપ દાન વગેરે સાધનોથી દુષ્પ્રાપ્ય છે. જ્ઞાનમાર્ગમાં પણ સંન્યાસ બે પ્રકારનો વિચારવામાં આવ્યો છે .૧૪

ટીકા : આમ ભક્તિમાર્ગીય આ પરિત્યાગ અતિ દુર્લભ છે, તે પ્રેમ વડે જ સિદ્ધ થાય (તેવો છે,) અન્ય કોઈપણ પ્રકારે સિદ્ધ થાય તેમ નથી. તથા જ્ઞાનમાર્ગમાં તો વિવિદિષા તથા વિદ્વત્ એવા બે પ્રકારના સંન્યાસ છે એટલે ભક્તિમાર્ગીય સંન્યાસ છે તે વ્રત, દાન, તપ વગેરે સાધનથી પણ સિદ્ધ થાય તેવો નથી કેમકે એવા ત્યાગને સિદ્ધ કરવાના સાધન કોઈ જ શાસ્ત્રમાં કહેલા નથી. કેવળ પ્રેમ વડે જ તે સિદ્ધ થાય છે. ભગવાન્ પ્રતિ પ્રેમ ન હોય તો ભક્તિમાર્ગીય ત્યાગ સિદ્ધ ના થાય. તથા જ્ઞાનમાર્ગમાં વિવિદિષા તથા વિદ્વત્ સંન્યયાસ એવા ભેદથી બે પ્રકારના સંન્યાસ કહ્યા છે. ।।૧૪।।

હવે તે બે પ્રકારના સંન્યાસનો ભેદ બતાવે છે :

જ્ઞાનાર્થમુત્તરાંગં ચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્ ॥
જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ॥૧૫॥

અન્વયાર્થ : જ્ઞાનાર્થં= જ્ઞાન માટે, ચ= અને, ઉત્તરાંગં= જ્ઞાનના પરિણામના ભાગરૂપ (જ્ઞાન પૂર્વકનો વિદ્વત્ દશાનો,) પરમ્= પણ, સિદ્ધિ= સિદ્ધિ (સાક્ષાત્કાર,) જન્મશતૈઃ= સેંકડો જન્મે (થાય છે,) ચ= અને, જ્ઞાનં= (અપરોક્ષ) જ્ઞાન, યજ્ઞાદિશ્રવણાત્= (બ્રહ્મસૂત્રમાં) (તેમાં ઉપયોગી) યજ્ઞાદિનું શ્રવણ હોવાથી, સાધનાપેક્ષં= (કર્મ-જ્ઞાન-ભક્તિરૂપ) સાધનોની અપેક્ષાવાળું, મતમ્= માનેલું છે.

ભાવાર્થ : જ્ઞાનમાર્ગમાં જે સંન્યાસ છે તે તો જ્ઞાન મેળવવા માટે (=પૂર્વાંગ) તથા જ્ઞાન મેળવ્યા પછી (=ઉત્તરાંગ) એમ બે પ્રકારનો કહેલો છે. તે બંને સંન્યાસ તથા જ્ઞાનથી સેંકડો જન્મમાં મોક્ષ મળે છે. અને યજ્ઞ વગેરેનું શ્રવણ છે તેથી જ્ઞાન પણ સાધનની અપેક્ષા રાખે છે.૧૫

ટીકા : જ્ઞાન માટે અને ઉત્તરાંગ જેવી રીતે સિદ્ધ થાય તેવી રીતે બેય પ્રકારનો સંન્યાસ જ્ઞાનમાર્ગમાં વિચારિત છે તથા યજ્ઞાદિકનું શ્રવણ છે તેથી જ્ઞાન સાધનની અપેક્ષા રાખે છે. એટલે જ્ઞાનરૂપ ફલની સિદ્ધિને માટે વિવિદિષા સંન્યાસ હોય છે. તેથી સાક્ષાત્કારરૂપ સિદ્ધિ સેંકડો વર્ષોમાં થાય છે તે ગીતાજીમાં કહ્યું છે ‘‘જ્ઞાનવાન છે તે ઘણા જન્મોના અંતે, ‘આ સર્વ વાસુદેવ છે’ એમ જાણીને મારા શરણે આવે છે તે મહાત્મા અત્યંત દુર્લભ છે’’ તેમાં ‘બધું વાસુદેવરૂપ છે’ એવી શરણાગતિ જ્ઞાનવાનને ઘણા જન્મોને અંતે થવાનું કહ્યું છે.

વળી જ્ઞાન છે તે કર્મ, જ્ઞાન તથા ભક્તિરૂપ સાધનોની અપેક્ષા રાખે છે. આ બાબતમાં પ્રમાણ કહે છે કે ‘‘જ્ઞાનની ઉત્પત્તિમાં સર્વ સાધનોની અપેક્ષા છે જેવી રીતે કોઈ દૂરના દેશમાં જવા માટે અશ્વાદિકની અપેક્ષા છે. એવી રીતે જ્ઞાનની પ્રાપ્તિમાં સઘળા સાધનની અપેક્ષા છે’’ કેમકે

નિષ્કામને પણ યજ્ઞાદિ કરવાનું શ્રુતિમાં કહ્યું છે. તેથી કેવળ શમદમાદિક કરીને જ્ઞાન પ્રાપ્ત થતું નથી. પરંતુ આશ્રમને અનુસાર કર્મ પણ સંગમાં થાય ત્યારે જ્ઞાન પ્રાપ્ત થવાનું વ્યાસસૂત્રમાં કહ્યું છે. આ રીતે વિવિદિષા સંન્યાસની હકીકત કહીને હવે વિદ્વત્ સંન્યાસની હકીકત કહે છે કે "જ્ઞાનથી જ મોક્ષ થાય છે" એવા વચનથી જ્ઞાનની સિદ્ધિ પછી મુક્તિરૂપ ફલ સિદ્ધ થાય છે. તેથી વિદ્વત્ સંન્યાસ મુક્તિનું અંગ છે. જો કે વિદ્વત્ સંન્યાસ મુક્તિનું અંગ ભલે હોય તો પણ ગીતાજીના વાક્યમાં જ્ઞાનવાળાને ઘણા જન્મો પછી શરણાગતિ થવાનું લખ્યું તથા શરણાગતિને ભક્તિપણું છે. તેથી ભક્તિ વિના કેવળ જ્ઞાન મુક્તિનું સાધક નથી. વળી યજ્ઞ ચિત્તની શુદ્ધિનું કારણ છે એટલે નિષ્કામભાવથી (યજ્ઞ) કર્યો હોય ત્યારે જ ચિત્તની શુદ્ધિ કરે છે. એવો નિષ્કામ યજ્ઞ કરે ત્યારે જ ચિત્ત શુદ્ધ થઈને જ્ઞાન પ્રાપ્ત થાય છે. ।।૧૫।।

હવે કલિયુગમાં સંન્યાસથી કશુંજ ફલ સિદ્ધ થતું નથી તે કહે છેઃ

અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા ।।
પાષણ્ડિત્વં ભવેચ્ચાપિ તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્ ।।૧૬।।
સુતરાં કલિદોષાણાં પ્રબલત્વાદિતિ સ્થિતિઃ ।।૧૬૧/૨।।

અન્વયાર્થ : અતઃ= આથી, સઃ= તે, સંન્યાસઃ= (વિવિદિષા-દશાનો) સંન્યાસ, કલૌ= કલિયુગમાં, પશ્ચાત્તાપાય= પછીથી ખેદ માટે (થાય છે,) અન્યથા= બીજી રીતનો (વિદ્વત્ દશાનો સંન્યાસ,) ન= (સાધન ન હોવાથી યોગ્ય) નથી, ચ= અને, પાષંડિત્વં= પાખંડીપણું, અપિ= પણ, ભવેત્= થાય, તસ્માત્= તેથી, કલિ-દોષાણાં= કલિયુગના દોષોની, પ્રબલત્વાત્= પ્રબલતાથી, જ્ઞાને= જ્ઞાનમાર્ગમાં, સુતરાં= ખાસ કરીને, સંન્યસેત્= સંન્યાસ કરવો, ન= નહિ, ઈતિ= આમ, સ્થિતં= સિદ્ધ છે.

ભાવાર્થ : તેથી જ્ઞાનમાર્ગીય સંન્યાસ કલિયુગમાં પશ્ચાતાપ માટે જ થાય છે; અન્યથા નહિ. તથા પાખંડીપણું પણ થાય છે, તેથી

જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ગ્રહણ ન કરવો. કેમકે કલિનો દોષનું અતિશય પ્રબલત્વ છે તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસનું અકર્તવ્યપણું નિશ્ચિત છે. ૧૬-૧૬ ૧/૨.

ટીકા : એટલે, જ્ઞાન છે તે, કર્મ ધ્યાન તથા ભક્તિરૂપ સાધનોની અપેક્ષા રાખે છે. તેમાં પ્રમાણ કહે છે કે જ્ઞાનની ઉત્પત્તિમાં બધા સાધનોની અપેક્ષા છે. જેમ કોઈ દૂરના દેશમાં જવા માટે અશ્વવગેરેની અપેક્ષા હોય છે તેમ જ્ઞાનની પ્રાપ્તિમાં પણ બધા સાધનોની અપેક્ષા છે. કેમકે નિષ્કામને પણ શ્રુતિમાં યજ્ઞાદિ કરવાનું કહેલું છે. તેથી કેવળ શમ-દમાદિવડે જ્ઞાન પ્રાપ્ત નથી થતું; પરંતુ આશ્રમના અનુસાર સાથે કર્મ થાય ત્યારે જ્ઞાન પ્રાપ્ત થવાનું વ્યાસસૂત્રમાં કહ્યું છે. આમ વિવિદિષા સંન્યાસ વિષે કહીને વિદ્વત્સંન્યાસ વિષે કહે છે :

"જ્ઞાનથી જ મોક્ષ થાય છે." આવા વાક્યથી જ્ઞાનની સિદ્ધિ થાય તેના પછી મુક્તિરૂપ ફલ સિદ્ધ થાય છે. તેથી વિદ્વત્સંન્યાસ મુક્તિનું અંગ છે. જોકે વિદ્વત્સંન્યાસ મુક્તિનું અંગ છે છતાં પણ ગીતાજીના વાકયમાં જ્ઞાનવાળાને ઘણાં જન્મને અંતે શરણાગતિ થવાનું લખ્યું છે. અને શરણાગતિને ભક્તિપણું છે તેથી ભક્તિવિના કેવળ જ્ઞાન મુક્તિનું સાધન નથી. અને યજ્ઞ ચિત્તની શુદ્ધિનું કારણ છે. તે નિષ્કામ કરવામાં આવે ત્યારેજ ચિત્તની શુદ્ધિ કરે છે. એવો નિષ્કામ યજ્ઞ કરે ત્યારેજ ચિત્તશુદ્ધ થઈને જ્ઞાન પ્રાપ્ત થાય છે.

આમ જ્ઞાનમાર્ગમાં વિવિદિષા સંન્યાસમાં સાધનોની અપેક્ષા ઘણી રહે છે તે સિવાય જ્ઞાનનો ઉદય ન થાય. તોપણ દુરાગ્રહથી જો કોઈ સંન્યાસ ગ્રહણ કરે તો પશ્ચાત્તાપ જ થાય છે, એટલું જ નહિ પરંતુ પાખંડીપણું પણ થાય છે કેમકે શમદમાદિક કશું જ સિદ્ધ થયું ન હોય અને સંન્યાસ ગ્રહણ કરે ત્યારે ભિક્ષાદિકની શુદ્ધિ થાય નહિ. તેથી અંતઃકરણમાં અન્નદોષની સહાયતાથી અંતઃકરણની મલિનતા વિશેષ થવાથી કામ-ક્રોધાદિક થઈને ધર્મથી પતન થાય છે. તથા વિદ્વત્સંન્યાસ તો

કલિયુગમાં સંભવિત જ નથી શક્ય જ નથી થતો. તેથી કલિયુગમાં સંન્યાસનો નિષેધ કરવાવાળા શાસ્ત્રકારો એ પણ એવો નિષેધ કર્યો છે કે કલિયુગમાં સંન્યાસ કરવો નહિ. કેમકે સંન્યાસમાં આટલો પ્રયત્ન છે એમ જાણીને પણ પોતાની પ્રતિષ્ઠાની વૃદ્ધિ માટે સંન્યાસ ગ્રહણ કરે તો સંન્યાસ આશ્રમના ધર્મો નભી શકે નહિ. (તે ધર્મોનું પાલન યથોચિત થઈ શકે નહિ.) એટલે વેષમાત્રમાં સંન્યાસનું પર્યવસાન થવાથી પાખંડીપણું જ થાય. તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ગ્રહણ ન કરે. આ રીતે જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ગ્રહણ કરવામાં બાધકતા છે તથાપિ આગ્રહ કરી સંન્યાસ ગ્રહણ કરે તો કલિના દોષોની અતિશય પ્રબળતા હોવાથી તેનું પતન જ થાય એવો શાસ્ત્રકારોએ નિર્ણય કર્યો છે. એટલે શ્રીગીતાજીમાં તથા શ્રીભાગવતના અગીઆરમા સ્કંધમાં ભગવાને સંન્યાસગ્રહણની આજ્ઞા કરી છે. તેમાં વિસ્તારથી વિવેચન કર્યું છે. તેની કર્તવ્યતાના વિચારમાં એટલું સિદ્ધ થયું કે કર્મમાર્ગમાં જૈમિનીના મતમાં પરિત્યાગની અકર્તવ્યતા છે. જ્ઞાનમાર્ગમાં ચતુર્થાશ્રમની દૃષ્ટિથી પક્ષ કરીને કર્તવ્યપણું છે તો પણ કલિકાલને કારણે આશ્રમ ધર્મ નભી શકતો નથી તેથી અકર્તવ્યતા છે. તથા ભક્તિમાર્ગમાં કર્તવ્યપણાથી કહ્યું છે તો પણ સંન્યાસનું સ્વરૂપ તથા ધર્મથી વિરોધ થવાથી શ્રવણાદિકની સિદ્ધિને માટે સંન્યાસમાં સ્વરૂપથી ત્યાગ કરવાની અકર્તવ્યતા છે; તેવી રીતે પ્રભુમાં સ્નેહ સિદ્ધ કરવા માટે ત્યાગ કરવામાં પણ સંન્યાસના સ્વરૂપ તથા ધર્મથી વિરોધ છે તેથી સંન્યાસની અકર્તવ્યતા છે. અને પ્રભુમાં પ્રેમ થયા પછી તો સ્વતઃ જ ત્યાગ સિદ્ધ થાય છે. તેથી સંન્યાસની અપેક્ષા નથી. ૧૬-૧૬$^{૧}/_{૨}$

ત્યારે પ્રેમની આરંભ દશામાં પરિત્યાગ કરવો કે નહિ? તેનો વિચાર પ્રશ્નની રીતિથી કહે છે :

ભક્તિમાર્ગેઽપિ ચેદ્દોષસ્તદા કિં કાર્યમુચ્યતે ।।૧૭।।

અત્રારંભે ન નાશઃ સ્યાત્ દૃષ્ટાન્તસ્યાપ્યભાવતઃ ।।
સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાદ્ બાધઃ કેનાસ્ય સંભવેત્ ।।૧૮।।

અન્વયાર્થ : ભક્તિમાર્ગે= ભક્તિના માર્ગમાં, અપિ= પણ, ચેત્= જો, દોષઃ= દોષ (કલિથી કરાયેલા થાય,) તદા= ત્યારે (તેને દૂર કરવા,) કિં= શું, કાર્યં= કરવું?, ઉચ્યતે= તે કહેવાય છે, અત્ર= અહીં (ભક્તિમાર્ગે) આરંભે= આરંભમાં, દષ્ટાન્તસ્ય= દષ્ટાન્તનો, અપિ= પણ, અભાવતઃ= અભાવ છે, નાશઃ= નાશ (હીનભાવરૂપ,) ન= ન, સ્યાત્= થાય, સ્વાસ્થ્યહેતોઃ= સ્વાસ્થ્યના કારણના, પરિત્યાગાદ્= પરિત્યાગથી, અસ્ય= આને, બાધઃ= વિઘ્ન, કેન= કોનાથી, સંભવેત્= સંભવે?

ભાવાર્થ : ભક્તિમાર્ગમાં પણ કલિદોષ આવી જાય ત્યારે શું કરવું? એવી શંકા થાય ત્યાં કહે છે કે ભક્તિમાર્ગમાં નાશ ન થાય. કેમકે ભક્તિમાર્ગમાં જે પ્રવૃત્ત થયો તેનો નાશ થયો હોય તેવું કોઈ દષ્ટાંત મળતું નથી તથા સ્વસ્થતાના હેતુનો પરિત્યાગ છે તેથી તેને કેવી રીતે બાધ સંભવે? બાધનો સંભવ જ નથી. ૧૭-૧૮

ટીકા : જે દોષ જ્ઞાનમાર્ગમાં કહ્યો તે જ દોષ ભક્તિમાર્ગમાં આવે ત્યારે શું કરવું? એવી શંકા થાય ત્યાં કહે છે ભક્તિમાર્ગમાં ત્યાગના આરંભમાં નાશ નથી કેમકે જ્ઞાનમાર્ગમાં આરંભ કરવાવાળાને દુઃસંગ તથા સહાયાદિકવડે નાશનો સંભવ છે તથા ભક્તિમાર્ગમાં તો ત્યાગનો આરંભ કરવાવાળો અલૌકિક ભગવદ્ભાવ વડે પૂર્ણ છે. તેથી દુઃસંગની સંભાવના જ નથી. બાકી દુઃસંગ જેવો નાશક છે તેવો નાશક અન્ય કોઈ જ નથી. તેથી તેનો નાશ થતો નથી.

ત્યાં શંકા થાય કે દુઃસંગ નહિ થવાથી દુઃસંગથી જે નાશ થવાવાળો છે તેની તો સંભાવના જ નથી, પરંતુ કાલ, કર્મ તથા સ્વભાવવડે નાશ થાય તો શું કરવું? એવી શંકાની નિવૃત્તિને માટે કહે છે કે મર્યાદામાર્ગીય ત્યાગ કરવાવાળા આગ્નિધ્ર તથા ભરત વગેરેનો કાલાદિક વડે નાશ થયો છે તે જેવી રીતે જોવામાં આવ્યો છે તેવી રીતે શુદ્ધ પુષ્ટિમાર્ગીયનો નાશ થયો હોય એવું ક્યારેય સાંભળવામાં પણ આવ્યું નથી, કેમકે (એ રીતે) (પુષ્ટિમાર્ગીય) કોઈનો નાશ થયો નથી. તથા ભક્તિમાર્ગનો ત્યાગ

ભગવદ્ધર્મ છે. તે નિમીરાજાએ શ્રીભાગવત અગિયારમાસ્કંધના બીજા અધ્યાયમાં (ભગવદ્ ધર્મ કહો એવો) પ્રશ્ન કર્યો તેના ઉત્તરમાં યોગેશ્વરે કહ્યું છે કે ''ભગવાને પોતાની પ્રાપ્તિને માટે ઉપાય નહિ જાણવાવાળાઓને વિના શ્રમ પોતાની પ્રાપ્તિ થાય એવા ઉપાય જે કહ્યા છે તે જ ભગવદ્ધર્મ છે એમ જાણવું-જાણો.'' એમ કહીને ફરીથી કહ્યું છે કે ''જે ધર્મોમાં રહીને જે જીવ કોઈપણ સમયે પ્રમાદયુક્ત થતો નથી, નેત્ર બંધ કરીને દોડતો હોય તો પણ તેને ઠોકર લાગતી નથી અથવા તે પડતો પણ નથી'' અહીંથી આરંભીને ''લજ્જારહિત થઈને ભગવદ્ગુણોનું ગાન કરતાં-કરતાં અસંગ થઈને ફરે'' અહીં સુધી ભગવદ્ધર્મ કહ્યો છે. ત્યાં ત્યાગનું પણ બોધન છે. તેથી ભગવદ્ધર્મના આરંભમાં પણ નાશ નથી.

ત્યાં શંકા થાય કે ભગવદ્ધર્મના આરંભમાં ભલે નાશ ન થાય તથાપિ દેહરક્ષાને માટે ભિક્ષાદિકની આવશ્યકતા રહેવાથી ફલમાં વિલંબ થાય એવો બાધ થશે તો તે કેવી રીતે નિવૃત્ત થશે? એવી શંકાની નિવૃત્તિને માટે કહે છે કે પરિત્યાગ કરવાવાળાને સ્વસ્થતાના કારણરૂપ ચારેય વર્ણોમાં ભિક્ષાનો જ ત્યાગ (કહ્યો) છે. તથા માલાચંદન ઈત્યાદિકનો પણ ત્યાગ (કહેલો) છે, તેથી બાધ શાથી થાય! ના થાય. કેમકે ભગવાનના વિપ્રયોગના તાપથી ભક્તિમાર્ગીય ત્યાગ થાય છે તે તાપની બાહ્ય પદાર્થથી નિવૃત્તિ જ નથી થતી તેથી કોઈને પણ તેનો બાધ થાય નહિ. ।।૧૭,૧૮।।

આ રીતે દૃષ્ટ તથા અદૃષ્ટ ઉપાયથી તેનો નાશક કોઈ નથી એમ કહીને ભગવાન્ સ્વયં પણ અથવા ભગવાનની માયા પણ તેને બાધ કરી શકતા નથી તે કહે છે :

હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોऽપરે ।।
અન્યથા માતરો બાલાન્ ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્ ।।૧૯।।

અન્વયાર્થ : હરિઃ= હરિ, અત્ર= આ (પરિત્યાગ)માં, બાધાં= વિઘ્ન, કર્તું= કરવાને માટે, શક્નોતિ= શક્તિમાન થતાં, ન= નથી (તો,)

અપરે= બીજાઓ, કુતઃ= ક્યાંથી થાય? અન્યથા= નહિ તો, માતર= માતાઓ, બાલાન્= બાળકોને, સ્તન્યૈઃ= પોતાના દૂધ વડે, ક્વચિત્= ક્યાંય, પુપુષુઃ= પોષે, ન= નહિ.

ભાવાર્થ : આ માર્ગમાં તો હરિ પણ બાધ કરવામાં સમર્થ નથી તો બીજો તો કેવી રીતે (બાધ) કરી શકે? અને જો હરિ બાધા કરે ત્યારે તો (તે એવી વાત કહેવાશે કે સ્વયં) માતા પણ સ્તન વડે બાળકનું પોષણ ન કરે ! ૧૯

ટીકા : એટલે હરિ તો સર્વદુઃખહર્તા છે તો પણ આ માર્ગમાં ઈશ્વરપણાથી બાધા કરવામાં (વિઘ્ન કરવામાં) સમર્થ નથી થતા, કેમ? કે જેનું જેવું સ્વરૂપ છે તેનું તેવા પ્રકારનું જ્ઞાન ઈશ્વરને જ છે તેથી આ ભાવના નાશમાં કારણનો જ અભાવ છે. એ પ્રમાણે જ પ્રભુ જાણે છે. તથા આપ ભક્તોના ભાવને આધીન છે તે પણ જાણે છે. તેથી આપની અસમર્થતા જાણીને બાધ કરવામાં પ્રવૃત્ત જ થતા નથી (બાધ કરવાનો વિચાર પણ કરતા નથી.) જ્યાં ભગવાનથી પણ બાધ ન થાય ત્યાં બીજાથી તો કેવી રીતે બાધ થઈ શકે? ત્યાં દૃષ્ટાંત આપે છે કે જો ભગવાન્ બાધ કરે તો માતા પણ સ્તનથી બાલકનું પોષણ ન કરે. અર્થાત્ સ્વધર્મને ઉત્પન્ન કરવાવાળા તથા તેની રક્ષા કરવાવાળા પ્રભુ જ જ્યારે બાધા કરે ત્યારે બાલકને જન્મ આપવાવાળી તથા તેની રક્ષા કરવાવાળી માતા પણ સ્તનના દૂધથી પોષણ ન કરે. આથી એ પ્રકારે સિદ્ધ થયું કે કોઈથી પણ તેનો નાશ ન થાય. ||૧૯||

ત્યાં શંકા થાય કે કોઈથી તેનો નાશ તો ન થાય પરંતુ મોહના કાર્યમાં નિયુક્ત થયેલી માયા તો તેને મોહ કરશે ને ! એવી શંકાની નિવૃત્તિને માટે કહે છે :

જ્ઞાનિનામપિ વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ||
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ||૨૦||

અન્વયાર્થ : જ્ઞાનીનાં= જ્ઞાનીઓના, અપિ= પણ, વાક્યેન=

(ચિત્તને માયા પરાણે મોહ કરાવે છે એ) વાક્યથી, ભક્તં= ભક્તને, મોહયિષ્યતિ= (માયા) મોહ કરાવશે, ન= નહિ, આત્મપ્રદઃ= (ભક્ત તો) આત્માને પ્રકર્ષથી સમર્પિત કરનારો (છે) ચ= અને, પ્રિયઃ= (ભગવાનને) પ્રિય, અપિ= પણ (છે,) કિમર્થ= શા માટે?, મોહયિષ્યતિ= (ભક્તને) મોહ કરાવશે?

ભાવાર્થ : માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે જ્ઞાનીઓને માયા મોહિત કરે છે, તેથી ભક્તને મોહ કરશે નહિ કેમકે પ્રભુ ભક્તોને પોતાના આત્માને આપવાવાળા તથા પ્રિય પણ છે. તે શા માટે મોહિત કરશે? એટલે માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે ‘‘જ્ઞાનીઓના ચિત્તને પણ, સમર્થ એવી દેવી બલથી ખેંચીને મોહમાં ફેંકે છે’’ આવું વાક્ય છે. તેથી ભક્તને મોહિત નહિ કરે કેમકે વચનમાં જ્ઞાનીઓને મોહિત કરશે એવું લખ્યું છે, ભકતોને મોહિત કરશે તેવું નથી લખ્યું, તથા ભગવાન્ તો સ્વરૂપાનંદના આપવાવાળા તથા પ્રિય છે તે શા માટે મોહ કરાવશે? ૨૦

ટીકા : એટલે જે જેને પ્રિય હોય તે તેના કાર્યમાં વિલંબ થાય તેને સહન કરે ત્યારે પ્રિયપણું જ કહેવાય નહિ. તથા જ્યાં સ્વરૂપાનંદ આપવાની ઈચ્છા થાય (હોય) ત્યાં પણ જ્ઞાનીઓને મોહ કરવાવાળી માયાથી તેની રક્ષા કરે છે. જ્યાં સ્વરૂપાનંદ આપવાની ઈચ્છા નથી ત્યાં એવું નથી કરતા. જેવી રીતે દ્વિજપત્નીઓને ‘‘પ્રભુની પાસે જઈને તેમની સેવા કરશું’’ એવી બુદ્ધિથી સર્વ સામગ્રી સંપાદનપૂર્વક પતિ વગેરે સઘળા બંધુઓનો ત્યાગ કરીને આગમન થયું હતું તો પણ તેઓને સ્વરૂપાનંદ આપવાની ઈચ્છા નહિ હોવાથી ભગવાને કહ્યું કે ‘‘અહીંયાં મનુષ્યને અંગસંગ, મારામાં પ્રીતિ તથા સ્નેહનું કારણ નથી, તેથી મારામાં મન લગાવવાળા તમો બધા થોડો સમયમાં મને પ્રાપ્ત થશો.’’ આવું વચન કહીને જ્ઞાનમાર્ગ જેવો ઉપદેશ કર્યો. જ્યારે વ્રજભક્તોને સ્વરૂપાનંદ આપવાની ઈચ્છા વિશેષ હોવાથી ઘરપ્રતિ પાછા જવાના વચનો તે જ રીતે કહ્યાં તથાપિ તેમાં રાત્રિ ઘોરરૂપ છે એમ કહીને આવી ‘‘રાત્રિમાં સ્ત્રીઓથી (એકલા) પાછા જઈ ન શકાય એ રીતે, ચંદ્રમાના

કિરણોથી રંજિત એવું વન તમે જોયું'' એમ કહીને ઉદ્દીપન વિભાવને દર્શાવીને ત્યાં રહેવાનું તથા ''લોકની ઈચ્છાવાળી સ્ત્રીઓને ચાહે જેવો પતિ હોય તો પણ તેને છોડવો ન જોઈએ, તેના બંધુઓની શુશ્રૂષા તથા પ્રજાનું પોષણ કરવું જોઈએ'' એમ કહીને લૌકિક ઈચ્છાવાળાના ધર્મ બતાવીને (સ્વરૂપાનંદનું દાન કરવાની) પોતાની ઈચ્છાવાળાને ભિન્નતાથી સૂચિત કર્યા. તેથી જ દ્વિજપત્નીઓને મોહ થયો, તેથી તે ચાલી ગઈ તથા વ્રજભક્તોને મોહ ન થયો તેથી તેઓએ પ્રત્યેક વચનોનો પ્રભુને ઉત્તર આપ્યો. તે જ રીતે શ્રીઉદ્ધવજીના સંદેશના પ્રશ્નમાં પણ ભગવાને જ્ઞાનમાર્ગીય જેવો સંદેશો મોકલ્યો તો પણ વ્રજભક્તોને મોહ ન થયો. ત્યારે શ્રીઉદ્ધવજીએ શ્રીગોપીજનોની, શ્રીકૃષ્ણના આવેશવાળા આત્માની વિકલતા જોઈ ત્યારે પોતાના સંદેશ દ્વારા જે ઉપદેશ કહ્યો હતો તેની નિષ્ફળતા તથા વિપ્રયોગના તાપની અતિશય પ્રબલતા જોઈને તેઓમાં તમામથી અધિક તથા અનિર્વચનીય પ્રેમોત્કર્ષ નિહાળ્યો તથા પોતાનામાં હીનતાની સ્ફૂર્તિ થઈ, તેઓના (શ્રીગોપીજનોના) સાક્ષાત્ ચરણોનો સ્પર્શ કરીને નમન કરવાની પણ પોતાની અયોગ્યતા જાણીને, તેઓની ચરણરેણુને વંદન કર્યું. તેમાં પણ વિપુલ રેણુને (રેણુના સમૂહને) વંદન કરવામાં પોતાનો અધિકાર નહિ જાણીને એક રેણુને જ વંદન કર્યું છે. તેથી જ્યાં સ્વરૂપાનંદ આપવાની-દાન કરવાની પ્રભુની ઈચ્છા થાય ત્યાં જ્ઞાનમાર્ગીય વાક્યોથી તેઓને મોહ નથી થતો. ।।૨૦।।

આ રીતે સંન્યાસનિર્ણયનું પ્રતિપાદન કરીને તેનો ઉપસંહાર કરે છેઃ

તસ્માદુક્તપ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।।
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાત્ ઈતિ મે નિશ્ચિતા મતિઃ ।।૨૧।।

ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।।
સંન્યાસવરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્ ।।૨૨।।

અન્વયાર્થ : તસ્માત્= તેથી, ઉકતપ્રકારેણ= (ભગવાને શ્રીઉદ્ધવજીને) કહેલી રીતે, પરિત્યાગઃ= (ભક્તિમાર્ગમાં) સંન્યાસ,

વિધીયતાં= કરવો, અન્યથા= નહિ તો (બીજી રીતે,) સ્વાર્થાત્= પોતાના પ્રયોજનથી, ભ્રષ્યતે= ભ્રષ્ટ થાય છે, ઈતિ= આ પ્રકારે, મે= મારી, નિશ્ચિતા= નિશ્ચયવાણી, મતિઃ= બુદ્ધિ છે, ઈતિ= આ પ્રકારે, કૃષ્ણપ્રસાદેન= શ્રીકૃષ્ણની પ્રસન્નતાથી, વલ્લભેન= (પ્રભુ) પ્રિય (મારા શ્રીવલ્લભાચાર્યજી) વડે, ભક્તૌ= ભક્તિમાર્ગમાં, સંન્યાસવરણં= સંન્યાસનો સ્વીકાર, વિનિશ્ચિતં= વિશેષ રીતે નિશ્ચય કર્યો, અન્યથા= બીજી રીતે, પતિતઃ= પતિત, ભવેત્= થાય.

ભાવાર્થ : ભક્તિમાર્ગીય સંન્યાસનો પ્રકાર આવો છે. તેથી પ્રભુના વિરહનો અનુભવ કરવાને માટે ઉપર કહ્યા પ્રકારથી (શ્રીઉદ્ધવજી પ્રતિ કહેલા પ્રકારથી) ત્યાગ કરવો. જો એ પ્રકારે નહિ કરીએ તો સ્વાર્થથી (પોતાના લક્ષ્યથી) ભ્રષ્ટ થશું એવી મારી નિશ્ચિત મતિ છે (નિષ્કર્ષરૂપ નિર્ણય છે.) આવી રીતે શ્રીકૃષ્ણની કૃપા વડે શ્રીવલ્લભાચાર્યજીએ ભક્તિમાર્ગમાં સંન્યાસનું વરણ નિશ્ચિત કર્યું છે. આ પ્રકાર વિના બીજા કોઈપણ પ્રકારથી સંન્યાસ કરવાવાળો (નિશ્ચય) પતિત થાય. ૨૧-૨૨

ટીકા : એટલે સંન્યાસના અન્ય સઘળા પ્રકાર દોષસહિત તથા અસંભવિત છે તેથી આ જ પ્રકાર સંન્યાસનો છે જે ભગવાને શ્રીઉદ્ધવજી પ્રતિ કહ્યો છે તે જ પ્રકારથી સંન્યાસ કરવો. તથા જો એવો અધિકાર ન હોય તો પણ ત્યાગ કરે તો સ્વાર્થથી ભ્રષ્ટ થઈ જાય એવા નિશ્ચયવાળી મારી બુદ્ધિ છે (એવો નિશ્ચયપૂર્વક મારો નિર્ણય છે) કેમકે એવો ત્યાગ શ્રીઉદ્ધવજીએ કર્યો છે, તે તૃતીયસ્કંધમાં ચોથાઅધ્યાયમાં નિરૂપિત છે ''ભગવાનના વિરહ વડે જેનો આત્મા આતુર છે એવો હું અહીંયાં આવ્યો છું, તેવો હું ભગવાનના દર્શનનો આહ્લાદ તથા વિયોગની આર્તિ વડે યુક્ત છું'' એ રીતે શ્રીવિદુરજી પ્રતિ શ્રીઉદ્ધવજીના વચનથી ઉપર ત્યાગનું સ્વરૂપ શ્રીકૃષ્ણના કૃપા(પ્રસાદ)થી જ જાણ્યું જાય એવું છે તે બતાવવાને માટે મૂલમાં શ્રીકૃષ્ણના પ્રસાદથી કહેવાની શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે, તેથી ભક્તિમાર્ગમાં સંન્યાસ ભગવાનના વરણરૂપ જ છે તથા જે ભક્તિ વિના ત્યાગ કરે તો પતિત થાય. આ ઉપરથી એટલું સિદ્ધ થયું.

ગ્રંથના પ્રારંભમાં પરિત્યાગનો વિચાર કરવામાં આવે છે એવું કહ્યું છે તથા સમાપ્તિમાં ઉક્ત પ્રકારથી પરિત્યાગ કરવાનું કહ્યું છે. તે પછી શ્રીકૃષ્ણની કૃપાવડે સંન્યાસનો નિશ્ચય કર્યો છે એમ કહ્યું. તે પછી શ્રીકૃષ્ણની કૃપાવડે સંન્યાસનો નિશ્ચય કર્યો છે એમ કહ્યું તેથી એવું સૂચિત થાય છે કે શ્રીઆચાર્યચરણને દેહ અને દેશપરિત્યાગ વિષયક બેઉ આજ્ઞા ભગવાનની થઈ હતી તેમનું પાલન નહિ કર્યાનો ખેદ હતો. ત્યાં જ્યારે લોકપરિત્યાગની ત્રીજી આજ્ઞા થઈ ત્યારે તેના વાક્યાર્થનો વિચાર કરતાં જે પ્રમાણે આજ્ઞા થઈ તે જ પ્રકારથી શ્રીઆચાર્યજીએ કર્યું ત્યારે ભગવાને વિશેષ પ્રસન્ન થઈને શ્રીઆચાર્યજીના મનમાં સંન્યાસના સ્વરૂપની સ્ફૂર્તિ કરી તેનો જ બોધ છેલ્લા શ્લોકમાં છે.

તેનો આશય એવો છે કે પૂર્વોક્ત પ્રકારથી જે પરિત્યાગનો વિચાર કર્યો તેમ કહીને ભગવાનને પ્રિય એવો જે હું તેમણે ભક્તિમાર્ગમાં શ્રીઉદ્ધવજીની જેમ સંન્યાસના અંગીકારનો નિશ્ચય કર્યો છે. તથા શ્રીઉદ્ધવજીને ‘‘સઘળું છોડીને મારામાં મનને પ્રવિષ્ટ કરીને પૃથ્વીમાં ફરો’’ એવી ભગવાનની આજ્ઞા થઈ હતી તે પ્રમાણે આજ્ઞા ન થાય અને સંન્યાસ ગ્રહણ કરે તો પતિત થાય; કેમકે ભક્તિમાર્ગના તથા સંન્યાસના ધર્મ પરસ્પર વિરુદ્ધ હોવાથી ભગવાનની આજ્ઞા સિવાય તથા અંતઃકરણમાં ભગવાનના વિપ્રયોગનો ભાવ થયો ન હોય તો પણ સંન્યાસ ગ્રહણ કરે તો ભક્તિમાર્ગથી પતિત થાય. ।।૨૧,૨૨।।

।। ઈતિ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વિરચિત ‘‘સંન્યાસનિર્ણય’’ ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥
॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

॥ નિરોધલક્ષણમ્ ॥

હવે નિરોધલક્ષણ ગ્રંથમાં પ્રથમ નિરોધના સ્વરૂપનો વિચાર કરવાનો છે. તેમાં જ્ઞાનમાર્ગમાં તો વૈરાગ્યથી, ઇંદ્રિયોનો નિગ્રહ કર્યાથી, સાધન વડે તથા યમનિયમાદિકથી જ્યારે વિજ્ઞાન થાય ત્યારે નિરોધનું ફળ મળે છે. ભક્તિમાર્ગમાં યમનિયમાદિ સાધનોના અભાવથી નિરોધની સિદ્ધિ કેવી રીતે થાય? એવી શંકાના સમાધાનપૂર્વક નિરોધના સ્વરૂપ, સાધનાદિ તથા નિઃસાધનરૂપ આપણા માર્ગમાં નિરોધનું ફળ કેવી રીતે સિદ્ધ થાય? ત્યાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે તેમાં શ્રીભાગવત દશમસ્કંધનું નિરૂપણ કરતી વખતે ''નિરોધોऽસ્યાનુશયનં પ્રપંચે ક્રીડનં હરેઃ'' એટલે આ પ્રપંચમાં પ્રભુની જે ક્રીડા છે તેને 'નિરોધ' કહ્યો છે. તે નિરોધ તો લીલાસૃષ્ટિમાં સ્થિત જે ભક્ત તેને પ્રપંચવિસ્મરણપૂર્વક સકલ ઇંદ્રિયોનો પ્રભુમાં નિવેશ થયો હતો તેવી રીતે થાય ત્યારે થાય છે. એમ દશમ સ્કંધમાં ભક્તોની ચિત્તવૃત્તિના નિરોધને જ ભક્તિમાર્ગીય નિરોધ કહ્યો છે. તેમાં અવતાર-પ્રાકટ્યદશામાં જેમનો સાક્ષાત્ અંગીકાર થયો છે, પુષ્ટિમાર્ગીયભાવનો અંકુર જેમના હૃદયમાં વર્ધમાન છે તેવા પરમભાગ્યવાળા તથા વ્રજના સમ્બન્ધવાળાઓને તો સ્વરૂપથી જ પ્રભુએ નિરોધ કર્યો. હવે અનવતાર દશામાં આજકાલ આપે અંગીકાર કરેલા પુષ્ટિમાર્ગીય ભક્ત નિરોધસાધનના અજ્ઞાનથી કદાચિત્ જ્ઞાનમાર્ગીય નિરોધમાં પ્રવૃત્ત થઈ જાય તેની નિવૃત્તિને માટે સ્વમાર્ગીય નિરોધમાં જેની અપેક્ષા છે એવું જે મૂળ કારણ તેને શ્રીઆચાર્યજી નિરૂપણ કરે છે

યચ્ચ દુઃખં યશોદાયા નંદાદીનાં ચ ગોકુલે ॥
ગોપિકાનાં તુ યદ્દુઃખં તદ્દુઃખં સ્યાન્મમ ક્વચિત્ ॥૧॥

અન્વયાર્થ : ગોકુલે= શ્રીમદ્ગોકુળમાં, યશોદાયાઃ= શ્રીયશોદાજીનું, ચ= અને, નન્દાદીનાં= શ્રીનન્દરાયજી વગેરેનું, ચ= અને, યત્= જે,

દુઃખં= દુઃખ, ચ= અને, ગોપિકાનાં= શ્રીગોપીજનનું, યત્= જે, દુઃખં= દુઃખ (છે,) તત્= તે, દુઃખં= દુઃખ, મમ= મને, ક્વચિત્= ક્યાંક, સ્યાત્= હો !

ભાવાર્થ : શ્રીગોકુલમાં શ્રીયશોદાજીને, નંદાદિકને તથા શ્રીસ્વામિનીઓને જે દુઃખ થયું તે મને ક્યારેય થશે ખરું!

ટીકા : શ્રીગોકુલ તો વિધવિધ પ્રકારની વિહારની ઈચ્છાથી ઉત્પન્ન થયું છે. એવી 'કૃપા' કરીને જ સાક્ષાત્ પ્રભુએ પુષ્ટિમાર્ગમાં અંગીકૃત કર્યા છે તેથી પુષ્ટિમાર્ગમાં અંગીકારરૂપ ભાવાંકુર તેમાં હતો, તે ભાવના સ્વભાવને કારણે દુઃખ પણ તેમાં રહ્યું છે જે દુઃખરૂપ કારણથી પ્રભુનું પ્રાકટ્ય થયું છે. આગળ સુખાદિક પણ થયા છે. હમણાં-હાલમાંપણ એવો નિરોધ શોધાવાવાળા સ્વમાર્ગીઓએ એવા દુઃખની ઈચ્છા કરવી જોઈએ જે દુઃખ નિરોધને સિદ્ધ કરીને પ્રભુના પ્રાકટ્યનું સાધક બને છે. તેથી તે પ્રકારના દુઃખની સર્વદા ઉત્તમ ભાવના કરીને શ્રીમહાપ્રભુજી સ્વમાર્ગીઓને લક્ષણાવૃત્તિથી સૂચના કરે છે.

આ દુઃખ બ્રહ્માનંદને તુચ્છ કરવાવાળું હોવાથી સર્વોત્કૃષ્ટ છે, તેમજ અતિ દુર્લભ હોવાથી તેની સંભવાના માત્ર જ કરી છે પરંતુ પ્રાર્થના નથી કરી. વળી તેમાંય સર્વદા નહિ પરંતુ કદાચિત્-ક્યારેક જો થાય તો પછી શું કહેવું? એવી રીતે સર્વથા ઉત્કંઠા જ કરવી એમ સૂચન કર્યું છે.

શ્રીમાતૃચરણ, શ્રીનંદાદિકોને પુત્રોત્પત્તિ તથા ત્યારબાદ તેમનું લાલન, ક્રીડન, અવલોકન વગેરે જુદા જુદા પ્રકારના મનોરથરૂપ તથા શ્રીસ્વામિનીજી વગેરેને પ્રભુ પ્રકટ થવાની આશાથી તે તે મનોરથરૂપ, આપ પ્રકટ થયા ત્યાર પછી પણ પૂતનાદિકોની ક્રૂર દૃષ્ટિપાતરૂપ, ક્રીડામાં આસક્તિથી ભોજનાદિમાં વિલંબ થવાથી થતું દુઃખ'યત્' શબ્દથી લેવાનો અભિપ્રાય છે. આમ ઘણાં દુઃખ કહ્યાં છે તે વિસ્તારના ભયથી અત્રે નથી લખી શક્યા. ।।૧।।

આ રીતે એમના દુઃખની ઉપર કહ્યા પ્રમાણે વિવિધ મનોરથરૂપ તીવ્રતમ ઉત્કંઠા રૂપ દુઃખની સંભાવના કરીને ત્યારપછી ઉત્પન્ન થયેલા અનિર્વચનીય સુખની પણ સંભાવના બીજા શ્લોકથી કહે છે :

ગોકુલે ગોપિકાનાં ચ સર્વેષાં વ્રજવાસિનામ્ ।।
યત્સુખં સમભૂત્તન્મે ભગવાન્ કિં વિધાસ્યતિ ।।૨।।

અન્વયાર્થ : ગોકુલે= શ્રીગોકુળમાં, ગોપિકાનાં= શ્રીગોપીજનને, સર્વેષાં વ્રજવાસીનાં= બધા વ્રજવાસીઓને, તુ= તો, યત્= જે, સુખં= સુખ, સમભૂત્= સારી રીતે થયું (હતું,) તત્= તે, મે= મને, ભગવાન્= ભગવાન્ કિં= શું? વિધાસ્યતિ= કરશે.

ભાવાર્થ : શ્રીગોકુળમાં શ્રીગોપીજનોને તથા સઘળા વ્રજવાસીઓને જે સુંદર પ્રકારે સુખ થયું તેવા સુખનું દાન પ્રભુ શું મને કરશે? ૨

ટીકા : અગાઉના શ્લોકમાં વર્ણન કર્યું છે (તે પ્રકારે) તે તીવ્ર વિપ્રયોગાત્મક દુઃખ પ્રભુના પ્રાકટ્યમાં કારણ છે. કારણરૂપ દુઃખ અગાઉ થયા પછી પ્રભુ પ્રકટ્યા છે. ત્યાર પછી બધું સુખરૂપ થાય છે. તે સુખ બાલભાવથી લઈને પ્રેંખપર્યંક(પલના)માં આંદોલન-ઝૂલન, રિંગણ-ઘુંટણિયાથી આંગણામાં રમવું, દધિદુગ્ધાધિચૌર્યાદિ-માખણચોરલીલા, ગાય-વાછરડા ચરાવવા, વેણુગીત, ગોવર્ધન ઉદ્ધરણાદિ સઘળી લીલા ભક્તના મનોરથ પૂર્ણ કરવા માટે હોવાથી અતિશય સુખરૂપ છે. ત્યારપછી વિપ્રયોગ થયા પછી પણ પ્રભુની લીલાનું સ્મરણ કરવાથી (લીલામાં) તાદાત્મ્ય થવાથી દુઃખનું ભાન રહ્યું નહિ. તેથી સર્વથી વિલક્ષણ વિપ્રયોગાત્મક સુખ શ્રીસ્વામિનીજી વગેરે તથા સઘળા વ્રજવાસીઓને શ્રીગોકુળમાં સારા પ્રકારે મળ્યું હતું તે જ સુખની આ શ્લોકમાં આપશ્રી સ્વસમ્બન્ધમાં સંભાવના કરે છે. આ શ્લોકમાં વર્ણિત સુખ અતિ દુર્લભ છે તથાપિ સર્વસામર્થ્યવાન પ્રભુએ આગળ જેવી રીતે પોતે જ ભક્તોને સુખ આપ્યા છે તેવી રીતે હવે પણ આપના સામર્થ્યથી તે સુખ આપશે એમ બતાવવાને માટે મૂળમાં 'ભગવત્' પદનો પ્રયોગ

કર્યો છે. ॥૨॥

આ રીતે નિરોધને પામેલાઓના દુઃખ તથા સુખની અભિલાષાની પોતાનામાં સંભાવના કરીને જ્યારે આવું સુખ થયા પછી વિપ્રયોગજન્ય દુઃખમાં વિલક્ષણ સુખ ઉત્પન્ન કરવાવાળો કોઈક પ્રકારનો ઉત્સવ થાય છે જેની સંભાવના ત્રીજા શ્લોકમાં કરે છે :

ઉદ્ધવાગમને જાત ઉત્સવઃ સુમહાન્યથા ॥
વૃંદાવને ગોકુલે વા તથા મે મનસિ ક્વચિત્ ॥૩॥

અન્વયાર્થ : વૃન્દાવને= શ્રીવૃન્દાવનમાં, વા= અથવા, ગોકુલે= શ્રીગોકુલમાં, ઉદ્ધવાગમને= શ્રીઉદ્ધવજી આવ્યા ત્યારે, યથા= જેમ, સુમહાન્= સારી રીતે મોટો, ઉત્સવઃ= ઉત્સવ, જાતઃ= થયો, તથા= તેમ, મે= મને, મનસિ= મનમાં, ક્વચિત્= ક્યાંક (થાવ.)

ભાવાર્થ : શ્રીઉદ્ધવજીના આગમનથી વૃન્દાવન તથા શ્રીગોકુળમાં જેવી રીતે મહાન્ ઉત્સવ થયો એવો મારા મનમાં ક્યારેય થશે ખરો? ૩

ટીકા : જેવી રીતે પતિ વિદેશ ગયો હોય અને ત્યાંથી પોતાના સેવકને ઘરે મોકલે ત્યારે તેની માતા વગેરે તથા વિશેષ કરીને તેની સ્ત્રીના મનમાં પોતાના સ્વામીના સ્મરણથી ઉત્પન્ન થયેલ ઉત્સુકતા વિશેષથી, ઉત્સવ થવાની લોકમાં સહજ રીત છે. અત્રે પ્રસ્તુત-પ્રસંગમાં પણ ભગવદ્ભાવવાળા તથા પ્રભુનો સંદેશ લઈને આવવાવાળા શ્રીઉદ્ધવજી ઉત્સવરૂપ છે. તેમના આગમનથી મહાન્ ઉત્સવ થયો. આ ભગવદીયનું આગમન તથા પ્રભુનો સંદેશ આ બધું અલૌકિક હોવાથી અનિર્વચનીય ઉત્સવ થયો એમ મૂળના 'મહત્' શબ્દથી જણાય છે. તેમાં શ્રીવૃન્દાવનમાં શ્રીસ્વામિનીઓને ઉત્સવ થયો, તથા શ્રીગોકુળમાં માતૃચરણાદિકોને ઉત્સવ થયાનું સમજી લેવું. ઉત્સવ માનસ ધર્મ હોવાથી મનમાં થાય તેવી અભિલાષા રાખવાની આજ્ઞા મૂળ શ્લોકમાં કહી છે. ભગવદીયને પ્રભુના સમ્બન્ધવાળા (ભક્ત)ના સમાગમમાં સાક્ષાત્ પ્રભુ પધાર્યા એવો ઉત્સાહ સર્વપ્રકારથી રાખવો જોઈએ. એમ ન માનવાથી

ભગવદીયત્વ રહે નહિ એવો સિદ્ધાંત છે. શ્રીગોકુલવાસી બધા તથા શ્રીસ્વામિનીજી વગેરે તો સર્વદા શરણ પ્રાપ્ત કરેલા પ્રપન્ન હતાં. એમને ઉત્સવરૂપ શ્રીઉદ્ધવજીના આગમનથી પ્રથમ આ "ભગવદ્વેષધારી કોણ છે?" એવા વિસ્મયથી ઉત્કંઠારૂપ ઉત્સવ થયો, ત્યારપછી જ્યારે તેમને ભગવદીયપણાથી જાણ્યા ત્યારે "અમારા ઘેર આવ્યા તેમાંય પરમ ભક્ત છે તથા નિરંતર (પ્રભુની) પાસે જ રહેવાવાળા છે" એમ જાણ્યું, ત્યારે તો "અમારા ભાગ્ય કે આ પ્રભુના સમાચાર લઈને આવ્યા તથા પ્રભુએ જ મોકલ્યા હશે. જો એમ ન હોય તો સેવક સ્વામીના ચરણારવિંદને છોડે નહિ. તેથી પ્રભુની પણ અમારી ઉપર કૃપા છે (તેમ માન્યું,) કેમકે જો કૃપા ન હોય તો ભગવદીયનું આ રીતે આગમન થાય નહિ. તથા જેમાં ભગવદ્ભક્ત ન આવે તે ઘર જ કહેવાય નહિ. જે ઘરમાં ભક્ત આવે તેમાં ભક્તના સ્નેહથી પ્રભુ જ પધારે છે." શ્રીઉદ્ધવજીને જ્યારે ભગવદીય જાણ્યા ત્યારે તેમનો સત્કાર કરવાનો ઉત્સાહ થયો. આવો ઉત્સવ દુર્લભ હોવાથી શ્લોકમાં 'ક્વચિત્' પદ કહેલું છે. તેથી આધુનિક નિરોધમાર્ગીઓને (નિરોધમાર્ગ તે પુષ્ટિમાર્ગનો પર્યાય છે) પણ ભગવદીયના સંગના અભાવનું દુઃખ મનમાં રાખવાની શ્રીમહાપ્રભુજી (આ રીતે) આજ્ઞા કરે છે. આમ કરતાં સર્વ પ્રકારથી ચિત્તનો નિરોધ (થાય) થયો તો પ્રભુ પ્રકટ થઈને સુખનું પણ દાન કરશે એવા ભાવનું આથી જ્ઞાન થાય છે. ।।૩।।

હવે શંકા કરે છે કે જ્ઞાનમાર્ગમાં તો ચિત્તનો જ્યારે નિરોધ થાય ત્યારે ધ્યાન વગેરે કરીને આત્માનું સુખ થાય છે તથા આ ભક્તિમાર્ગમાં તો દુઃખ કરીને દુઃખવડે ચિત્તનો નિરોધ થાય તો પણ દુઃખ જ રહે છે. તેમાં કયો ઉત્કર્ષ છે? આવી શંકાનું સમાધાન હવે કરે છે :

મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ।।
તાવદાનંદસંદોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ।।૪।।

અન્વયાર્થ : મહતાં= મહાપુરુષોની, કૃપયા= કૃપા વડે, યાવત્= જ્યાં સુધી, ભગવાન્= ભગવાન્, દયયિષ્યતિ= દયા કરશે, તાવત્= ત્યાં

સુધી, કીર્ત્યમાનઃ= કીર્તન કરાતો, આનંદસંદોહઃ= આનંદનો સમૂહ, હિ= નિશ્ચયપૂર્વક, સુખાય= સુખ માટે (થાય છે.)

ભાવાર્થ : મોટાઓની કૃપાને કારણે પ્રભુ જ્યાં સુધી દયા કરશે ત્યાં સુધી કીર્તન કરાતા આનંદના નિધિ પ્રભુ સુખને માટે જ છે. ૪

ટીકા : ભગવદીયના દર્શન માત્રથી જેને મહાન્ ઉત્સવ થાય છે અને સર્વદા ભગવદાવેશથી પોતે પણ ઉત્સવરૂપ છે તેવા અંતરંગ ભક્તો મહાન્ કહેવાય છે. એઓની કૃપાથી પ્રભુ જ્યારે દયા કરે છે ત્યારે પ્રકટ થઈને સ્વરૂપાનંદનું દાન કરે છે. ત્યારે પ્રકટ થયેલા વિધવિધ પ્રકારના ભાવવાળા ભગવદીયના સંગમાં પરસ્પર જેમનું કીર્તન કરવામાં આવે છે એવા પ્રભુ સાક્ષાત્ એમના અંતઃકરણમાં પ્રકટ થઈને સકલ ઇંદ્રિયોની આસક્તિ પોતાના સ્વરૂપમાં કરાવીને સુખનું દાન કરે છે. પ્રભુનું સ્વરૂપ અને પ્રભુના ગુણ બંને એકસમાન છે. તેથી એ રીતે કીર્તન કરવાથી પણ આનંદ આપે છે. ત્યારે જ્યાં સુધી પ્રભુનું બાહ્ય પ્રાકટ્ય ન થાય ત્યાં સુધી ગુણગાન જ કરવા, બીજા કોઈ ઉપાય ન કરવા, એમ આ શ્લોકથી દર્શાવ્યું છે.

આ શ્લોકમાં પ્રભુની દયા થવામાં કારણભૂત મોટાઓની કૃપા કહી છે. 'મહત્' શબ્દથી શ્રીસ્વામિનીજી કહ્યાં છે એમ સમજવું અથવા એવા ભાવાત્મક સ્વરૂપ આપ (શ્રીઆચાર્યજી)નું સૂચન કરે છે. તેથી શ્રીમહાપ્રભુજીની કૃપા થયેથી જ પ્રભુ આનંદનું દાન કરે; અન્યથા બીજી કોઈ રીતે ના કરે એવું પણ સૂચન 'મહત્' પદથી થાય છે તેથી કીર્તન દ્વારા જ પ્રભુના ગુણ, તે પ્રકારના આનંદનું દાન કરવાવાળા છે. તેથી ગુણગાન જ કરવાં. ।।૪।।

પ્રભુના ગુણનું ગાન તો બધા જ કરે છે તેથી સર્વેને સુખ થાય છે તો પછી નિરોધવાળાને વિશેષ શું છે? એવી શંકાનું સમાધાન હવે પછીના શ્લોકથી કરે છે :

મહતાં કૃપયા યદ્વત્ કીર્તનં સુખદં સદા ।।
ન તથા લૌકિકાનાં તુ સ્નિગ્ધભોજનરૂક્ષવત્ ।।૫।।

અન્વયાર્થ : મહતાં= મોટા-પુરુષોની, કૃપયા= કૃપા વડે, યદ્વત્= જેવી રીતે, કીર્તનં= કીર્તન, સદા= હંમેશાં, સુખદં= સુખ દેનારું (થાય છે,) તથા= તેવી રીતે, લૌકિકાનાં= લૌકિક પુરુષોનું, તુ= તો, ન= (થતું)નથી, સ્નિગ્ધ-ભોજન-રુક્ષવત્= જેને સ્નિગ્ધ ભોજન મળે છે તેને રુક્ષ જેવું (સુખ ન દેનારું થાય છે.)

ભાવાર્થ : કીર્તન (ગુણગાન) જેવી રીતે મોટાઓની કૃપાદ્વારા નિરંતર સુખ આપવાવાળું છે એવી રીતે સંસારમાં આસક્ત લૌકિક વૃત્તિવાળાનું કીર્તન સુખ આપવાવાળું નથી જ. જેવી રીતે સ્નિગ્ધ ભોજન (ચકાચક ભોજન,) શરીરમાં સકલ ઇંદ્રિયોનું પોષણ કરે છે એ પ્રકારે રુક્ષ-લુખ્ખા ભોજનથી-પોષણ થતું નથી. ૫

ટીકા : પ્રથમ શ્લોકમાં કહ્યા જે મહાન્, તેઓની પોતાની ભાવ સમર્પવાવાળી કૃપાથી નિરોધમાર્ગીઓ, પરસ્પર ગુણગાનમાં ભાવ ખૂબ વધવાથી, સકલ ઇંદ્રિયોનો સ્વરૂપમાં નિરોધ થવાથી, પ્રપંચની વિસ્મૃતિપૂર્વક ભગવદાનંદમાં મગ્ન થઈ જાય છે. લૌકિક-પ્રમાણધર્મમાં નિષ્ઠાવાળા ભક્ત તથા જ્ઞાનીઓને, ઉપર કહ્યો તેવો, નિરોધમાર્ગીઓના ભાવ જેવા ભાવનો અભાવ હોવાથી કીર્તન વગેરે તેઓમાં સુખ દેવાવાળું થતું નથી. લૌકિક તથા અલૌકિકમાં જેટલું તારતમ્ય છે તેટલું નિરોધમાર્ગીય તથા જ્ઞાનીઓમાં વગેરેમાં તારતમ્ય છે. તેથી નિરુદ્ધ ભક્તોના કીર્તનમાં અતિ વિલક્ષણતા હોય છે. ।।૫।।

અહીં શંકા થાય કે કીર્તન સુખ દેવાવાળું છે તો પણ દુઃખ તો હંમેશાં રહે છે, દૂર થતું નથી તો પછી ગુણગાનમાં શો ઉત્કર્ષ છે? તેના કરતાં તો જ્ઞાનીઓને સકલ ઇંદ્રિયો વગેરેના આત્મામાં લય થવાથી અત્યંત દુઃખાભાવરૂપ સુખ થાય તે ઉત્કર્ષ પ્રમાણસિદ્ધ દેખાય છે! તેનું સમાધાન હવે કરે છે :

ગુણગાને સુખાવાપ્તિર્ગોવિન્દસ્ય પ્રજાયતે ।
યથા તથા શુકાદીનાં નૈવાત્મનિ કુતોઽન્યતઃ ।।૬।।

અન્વયાર્થ : ગોવિંદસ્ય= ગાયોના ઈંદ્રના (શ્રી વ્રજાધિપતિના,) ગુણગાને= ગુણોના કીર્તનમાં, યથા= જે પ્રકારે, સુખાવાપ્તિ= સુખની પ્રાપ્તિ, પ્રજાયતે= પ્રકર્ષથી થાય છે, તથા= તે પ્રકારે, શુકાદીનાં= શુકદેવજી વગેરેને, આત્મનિ= હૃદયમાં, ગ= નથી, એવ= જ (થતી) (તો,) અન્યતઃ= બીજાથી, કુતઃ= ક્યાંથી (થાય?)

ભાવાર્થ : ગોવિંદના ગુણગાનમાં નિરુદ્ધભક્તોને જેવું સુખ થાય છે તેવું સુખ આત્માનંદમાં શ્રીશુકાદિઓને પણ થતું નથી, તો ભક્તિ વગરનાને તો થાય જ ક્યાંથી? ૬

ટીકા : જો કે શ્રીશુકદેવજીએ આ લીલા ગાઈ છે તથા ભક્તિરસથી તે પૂર્ણ છે તો પણ આ આનંદ તેમને પ્રાપ્ત ન થયો, એમ કહેવાને માટે મૂળ શ્લોકમાં શ્રીશુકદેવજીનું નામ ગ્રહણ કર્યું છે, તેથી આ જણાય છે કે આ આનંદ પ્રભુની કૃપા વડે જ પ્રાપ્ત થાય છે, અન્ય કોઈપણ પ્રકારથી પ્રાપ્ત થતો નથી. તેમાં (આ આનંદની પ્રાપ્તિમાં) ભગવદ્વિરહજન્ય દુઃખ જ સાધક છે તેથી દુઃખ જ પરમપુરુષાર્થરૂપ છે, બીજું કશું(પરમ પુરુષાર્થરૂપ) નથી. જ્યાં આત્મસુખની અપેક્ષાએ-સરખામણીએ-તુલનામાં આ દુઃખ સર્વોત્કૃષ્ટ છે ત્યારે આ દુઃખથી સાધ્ય આનંદની ઉત્કૃષ્ટતામાં તો કહેવાનું જ શું હોય! એ રીતે કૈમુતિકન્યાયથી આ આનંદની સર્વોત્કૃષ્ટતા સિદ્ધ થાય છે. અથવા શ્રીશુક વગેરેને ગોવિંદના ગુણગાનમાં જેવી સુખપ્રાપ્તિ થાય છે તેવી આત્માનન્દમાં પણ થતી નથી, તો બીજાથી બીજા પ્રકારથી તો ક્યાંથી જ થાય? તેથી શ્રીશુકદેવજીએ કહ્યું છે કે "હું જો કે નિર્ગુણમાં નિષ્ઠાવાળો છું તો પણ ઉત્તમશ્લોક (ભગવાન)ની લીલા વડે મારું ચિત્ત ગૃહીત થયું છે તેથી શ્રીભાગવતરૂપ મહાન્ આખ્યાન ભણ્યો છું" આ ઉપરથી એવું સૂચિત થાય છે કે આત્મસુખ કરતાં ભગવદ્ગુણગાનમાં અધિકાધિક (અનેકગણો) આનંદ છે. ।।૬।।

દુઃખ પરમ પુરુષાર્થરૂપ હોવાથી સર્વદા પ્રભુ નિરોધમાર્ગીઓને દુઃખ

જ સ્થાયી (સ્થિર) રાખે છે કે કોઈ સમય સુખનું પણ દાન કરે છે? એવી શંકાનું સમાધાન હવે આગળના શ્લોકથી કરે છે :

ક્લિશ્યમાનાન્ જનાન્ દૃષ્ટ્વા કૃપાયુક્તો યદા ભવેત્ ।।
તદા સર્વં સદાનંદં હૃદિસ્થં નિર્ગતં બહિઃ ।।૭।।

અન્વયાર્થ : જનાન્= જનોને, ક્લિશ્યમાનાન્= દુઃખી (થતાં,) દૃષ્ટ્વા= જોઈને, યદા= જ્યારે, કૃપાયુક્તઃ= કૃપાવાળા, ભવેત્= થાય, તદા= ત્યારે, હૃદિસ્થં= હૃદયમાં રહેલા, સર્વં= બધું, સદાનંદં= સદાનંદ (સ્વરૂપ ભગવાન્,) બહિઃ= બહાર, નિર્ગતં= નીકળેલ (પ્રકટ થાય છે.)

ભાવાર્થ : પોતાના શરણાગતને અત્યંત ક્લેશયુક્ત જોઈને જ્યારે પ્રભુ કૃપાયુક્ત થાય છે ત્યારે (ભક્તના) હૃદયમાં બિરાજવાવાળા સદાઆનંદરૂપ પ્રભુ પોતાનું સ્વરૂપ બહાર પ્રકટ કરે છે. ૭

ટીકા : એટલે સાક્ષાત્ સ્વરૂપનો સમ્બન્ધ થવાની અભિલાષાથી ઉત્પન્ન થયેલી અતિશય આર્તિ-વિરહ-વિકલતા વડે, ક્ષણ ક્ષણમાં જાગરણાદિ અવસ્થાના ભેદ વડે ક્લેશને અનુભવવાળા પોતાના જનોને જોઈને પ્રભુ કૃપા કરે છે ત્યારે ભક્તોની તે તે ઈંદ્રિયોમાં સર્વાંશે કરીને આનંદના પોષણ માટે ભાવાત્મકતાથી સર્વાંશરૂપ સદાનંદરૂપ પ્રભુનું સ્વરૂપ ભક્તના હૃદયમાં બિરાજે છે તે પ્રભુ પોતાને બહાર પ્રકટ કરે છે. બહાર આનંદનું દાન દેવા માટે હૃદયથી બહાર પધારે છે. એ રીતે આ આનંદ એકમાત્ર કૃપા વડે જ સિદ્ધ થવાવાળો છે તેથી અત્યંત દુર્લભ છે. ।।૭।।

સર્વાનંદમયસ્યાપિ કૃપાનંદઃ સુદુર્લભઃ ।।
હૃદ્ગતઃ સ્વગુણાન્ શ્રુત્વા પૂર્ણઃ પ્લાવયતે જનાન્ ।।૮।।

અન્વયાર્થ : સર્વાનન્દમયસ્ય= સર્વ આનંદ પ્રચુર (શ્રીકૃષ્ણ)નો, અપિ= પણ, કૃપાનંદઃ= કૃપાથી થયેલો આનંદ, સુદુર્લભઃ= અતિ દુર્લભ (છે,) હૃદગતઃ= હૃદયમાં રહેલા (ભગવાન્,) સ્વગુણાન્= પોતાના

ગુણોને, શ્રુત્વા= સાંભળીને, પૂર્ણઃ= (કૃપા) પૂર્ણ (થઈને,) જનાન્= પોતાના જનોને, પ્લાવયતે= અંદર બહાર રસ વ્યાપ્ત કરે છે.

ભાવાર્થ : સર્વાનંદમય પ્રભુનો કૃપાનંદ (આનંદમાંથી આનંદનો ઉત્કર્ષ તે) તો અત્યંત દુર્લભ છે. હૃદયમાં બિરાજવાવાળા પ્રભુ પોતાના ગુણનું શ્રવણ કરીને પૂર્ણ થઈને પોતાના જનોને સ્વાનંદનિમગ્ન કરે છે.૮

ટીકા : મુક્તિ વગેરેમાં મળવાવાળાને આનંદ પણ આ આનંદનો જ અંશ છે; પરંતુ તે સાધન વડે જ લભ્ય છે જ્યારે આ આનંદ તો એકમાત્ર કૃપાથી જ પ્રાપ્ત થતો હોવાથી પ્રભુ સ્વયં દાન કરે ત્યારે જ મળે. તેથી મૂળ શ્લોકમાં 'સુદુર્લભ' કહ્યો છે. અથવા અતિશય દુઃખથી જે પ્રાપ્ત થઈ શકે તે દુર્લભ કહેવાય એટલે સાધનવાળાઓને (સાધનનો આશ્રય કરવાવાળા) નહિ મળવાવાળો પ્રાપ્ત નહિ થનારો, પરંતુ કેવળ કૃપાવાળાને જ સુલભ-સરળતાથી પ્રાપ્ત થનારો એવો અર્થ પણ થાય છે. તથા આ રીતે પ્રભુના સમ્બન્ધની અભિલાષાજનિત દુઃખથી થયેલા તાપકલેશથી ભક્ત જ્યારે પરસ્પર ગુણગાન કરે, તે શ્રવણ કરીને હૃદયમાં બિરાજવાવાળા પ્રભુ પૂર્ણ કૃપા વડે બહાર પ્રકટ થઈને પોતાના ભક્તોને તે રસના-કૃપાનંદના-સમુદ્રના તરંગમાં તરતા કરાવે છે. જેવી રીતે જે-જે ઇંદ્રિયોમાં દુઃખ થયું હોય તે તે ઇંદ્રિયોમાં તેવી તેવી રીતે સ્વઆનંદની પૂર્ણતા (પ્રભુ) કરે છે. ।।૮।।

હવે આ સઘળી વાત કહેવાનું પ્રયોજન કહે છે :

તસ્માત્ સર્વં પરિત્યજ્ય નિરુદ્ધૈઃ સર્વદા ગુણાઃ ।।
સદાનન્દપરૈર્ગેયાઃ સચ્ચિદાનંદતા તતઃ ।।૯।।

અન્વયાર્થ : તસ્માત્= તેથી, સર્વં= સઘળું, પરિત્યજ્ય= છોડીને, નિરુદ્ધૈઃ= નિરુદ્ધ થયેલા, સદાનન્દપરૈઃ= સદાનંદ પરાયણ (ભક્તો) સાથે, સર્વદા= હમેશાં, ગુણાઃ= ગુણો, ગેયાઃ= ગાવા (જરૂરી છે), તતઃ=તેનાથી, સ્વતઃ= પોતાની મેળે, સચ્ચિદાનંદતા= સચ્ચિદાનંદતા (થાય છે.)

ભાવાર્થ : તેથી સર્વનો પરિત્યાગ કરીને સદાનંદ શ્રીકૃષ્ણમાં નિષ્ઠાવાળા સત્પુરુષના સંગમાં નિરંતર ગુણગાન કરવું. એ પ્રમાણે કરવાથી સચ્ચિદાનંદત્વ થાય છે. ૯

ટીકા : એટલે સર્વથી ઉત્કૃષ્ટ કૃપાનંદ મળ્યો છે તેથી સર્વ વાતનો ત્યાગ કરીને (અર્થાત્ વાસનાયુક્ત અહંતા મમતાનો ત્યાગ કરીને) ઉદ્ભટભાવથી નિરંતર ગુણગાન કરવું તે જ સેવકનો સહજધર્મ છે. આથી ભગવદ્આનંદની અભિલાષા રાખનાર ભક્તે આ જ નિરંતર કરવું.

હવે ગુણગાન કરવાની આજ્ઞા તો કરી; પરંતુ ગુણ, લીલાના ભેદ જોતાં તે અનેક પ્રકારના હોવાથી કેવી રીતે ગુણોનું ગાન કરવાનું છે? એવી શંકાની નિવૃત્તિ માટે કહે છે કે સાક્ષાત્ રસાત્મક જે શ્રીપુરુષોત્તમ તેમાં પણ પરઉત્કૃષ્ટતમ એવા રસાત્મક રાસાદિલીલારૂપ ગુણ જ ગાન કરવા યોગ્ય છે. રસાત્મક પ્રભુમાં નિષ્ઠાવાળા ભગવદીયના સંગમાં જ ગુણગાન કરવા એવો પણ આ પદનો અર્થ થઈ શકે છે. તેથી ભગવાનમાં નિષ્ઠા ન હોય તેવાઓના સંગમાં તો ભગવદ્વાર્તા પણ નહિ કરવાનું સૂચન કરે છે. એમ દુઃસંગીની સાથે વાર્તાદિક કરવાથી પણ હાનિ જ થાય છે. એક ક્ષણ પણ ભાવ અન્યથા નહિ થવા માટે 'સર્વદા' પદ છે. તેથી એક ક્ષણ પણ ભગવદ્ ગુણગાન છોડવા નહિ. એ રીતે કરવાથી સચ્ચિદાનંદતા થાય, એટલે અંતઃકરણમાં સાક્ષાત્ પુરુષોત્તમના આવિર્ભાવની યોગ્યતા થાય. જ્યાં જ્ઞાનમાર્ગીય પરમફલ પણ આવા ગુણગાનનું આનુષંગિક ફલ છે ત્યાં (પુષ્ટિના) પરમફલની તો વાત જ શી કરવી! ।।૯।।

અત્રે શંકા કરે છે કે નિરુદ્ધોને જ સર્વપરિત્યાગપૂર્વક ગુણગાન કરવાની આજ્ઞા કરી પરંતુ સાધનમાં નિષ્ઠાવાળાને ન કરી! તેનું હવેના શ્લોકમાં નિરૂપણ કરે છે :

અહં નિરુદ્ધો રોધેન નિરોધપદવીં ગતઃ ।।
નિરુદ્ધાનાં તુ રોધાય નિરોધં વર્ણયામિ તે ।।૧૦।।

અન્વયાર્થ : નિરુદ્ધઃ= નિરોધ પામેલો, રોધેન= નિગ્રહથી, નિરોધપદવીં= નિરોધ માર્ગને, ગતઃ= પ્રાપ્ત થયેલ, અહં= હું (શ્રીમહાપ્રભુજી,) નિરુદ્ધાનાં= નિરોધ પામેલાઓના, રોધાય= સંસારઆવેશ રહિતપણા માટે, તે= તે (નિરોધને,) તુ= તો, વર્ણયામિ= વર્ણવું છું.

ભાવાર્થ : હું નિરુદ્ધ થયેલાઓના માર્ગમાં અંગીકૃત છું તથા સઘળી ઇંદ્રિયોમાં રોધ કરીને નિરોધની પદવી એટલે કે ફલદાનને પ્રાપ્ત થયો છું. તેથી આધુનિક નિરોધમાર્ગીઓને નિરોધ સિદ્ધ થાય તે માટે તારા-ભક્તના પ્રયોજનથી નિરોધનું વર્ણન કરું છું. ૧૦

ટીકા : એટલે સાક્ષાત્ પ્રભુએ મારો નિરોધમાર્ગમાં અંગીકાર કર્યો છે. ત્યાર પછી રોધ કરીને ગુણગાનવડે સકલ ઇંદ્રિયોના નિરોધના ફલને પ્રાપ્ત થયો છું. તેથી તે પ્રભુની આજ્ઞાથી આધુનિકોને નિરોધ થાય તે માટે આ તને કહું છું. તેથી મારા કહ્યા પ્રમાણે કરવાથી સર્વથા નિરોધની સિદ્ધિ થશે જ એ રીતે શ્રીમહાપ્રભુજી આ શ્લોકથી સૂચન કરે છે. કોઈક ભાગ્યવાનને ઉદ્દેશ કરીને આજ્ઞા કરે છે કે ''તારા માટે જ વર્ણન કરું છું'' કેમકે સાક્ષાત્ પ્રભુએ મારો નિરોધમાં અંગીકાર કર્યો છે, આથી જ હું આ વર્ણન કરી શકું છું, અન્યનું આ વર્ણન કરવાનું સામર્થ્ય જ નથી એવું પણ સૂચિત થાય છે. ।।૯।।

આ રીતે નિરોધના સ્વરૂપનું વર્ણન કરીને સર્વ પ્રકારથી કર્તવ્યતાનું નિરૂપણ કરે છે :

હરિણા યે વિનિર્મુક્તાસ્તે મગ્ના ભવસાગરે ।।
યે નિરુદ્ધાસ્ત એવાત્ર મોદમાયાંત્યહર્નિશમ્ ।।૧૧।।

અન્વયાર્થ : અત્ર= અહીં, યે= જે (જીવો)ને, હરિણા= હરિએ, વિનિર્મુક્તાઃ= વિશેષ રીતે ત્યજી દીધેલા (છે,) તે= તેઓ, ભવસાગરે= સંસાર સાગરમાં, મગ્નાઃ= ડૂબેલા (રહે છે,) એ= જે, નિરુદ્ધાઃ= નિરોધવાળા (છે,) તે= તે, એવ= જ, અહર્નિશં= દિવસ રાત, મોદં=

આનંદને, આયાન્તિ= પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ : પ્રભુએ જેઓને છોડી દીધા છે તેઓ સંસારસાગરમાં મગ્ન થયા છે-ડૂબી ગયા છે, પરંતુ જેમનો નિરોધ (પુષ્ટિ) માર્ગમાં અંગીકાર કર્યો છે તેઓ જ નિરંતર (પ્રભુના સ્વરૂપાનંદને પ્રાપ્ત કરીને) હર્ષને પ્રાપ્ત કરે છે. ૧૧

ટીકા : પ્રભુ સર્વના દુઃખને હરે છે તેથી આપનું નામ 'હરિ' છે. આ હરિએ (સ્વાનંદદાન આપીને દુઃખ દૂર કરવાની ઈચ્છા નહિ હોવાથી) ત્યાગ કરેલા તે સઘળા જ ભવસાગરમાં ડૂબ્યા છે. એટલે ઘણાય અન્ય સાધનોમાં પ્રવૃત્ત રહેવા છતાં પણ આ આનંદ પ્રાપ્ત નહિ થવાથી ભવસાગરમાં ડૂબી ગયા. તેમ જ સ્વાનંદનું દાન દેવાની ઈચ્છાથી જે જીવોનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કર્યો છે તથા જેઓને સ્વરૂપનિષ્ઠામાં ભાવરૂપ જ એકમાત્ર સાધન છે. એવા પોતાના જન પ્રભુ કૃપાથી જ હર્ષને નિરંતર પ્રાપ્ત થાય છે. એટલે કે અંદર તથા બહાર રસમાં પૂર્ણ થઈ આનંદના સમુદ્રમાં મગ્ન રહેલા છે તે પણ અમુક ક્ષણમાં અમુક સમય પૂરતા એવું નહિ પરંતુ દિનરાત, ક્ષણમાત્ર પણ આનંદવિચ્છેદ થતો નથી. તેથી એ સિદ્ધ થાય છે કે નિરોધમાર્ગીઓને જ આ આનંદ થાય છે, સાધનમાં નિષ્ઠાવાળાઓને થતો નથી. ॥૧૧॥

હવે કહે છે કે નિરોધમાર્ગીઓને પણ પૂર્વે રહેલો સંસાર વિદ્યમાન હોવાથી તે-તે વિષયોમાં આસક્ત ઈંદ્રિયોને વિષયનું વિસ્મરણ થવું અશક્ય જેવું જણાય છે. જ્યારે વિષયોનું વિસ્મરણ થયું નહિ ત્યારે તો ગુણગાનમાં પણ પ્રવૃત્તિ અશક્ય થશે! એવી શંકાના સમાધાનપૂર્વક કહે છે :

સંસારાવેશદુષ્ટાનામિંદ્રિયાણાં હિતાય વૈ ॥
કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ॥૧૨॥

અન્વયાર્થ : સંસારાવેશદુષ્ટાનાં= સંસારના આવેશથી દોષવાળી, ઈંદ્રિયાણાં= ઈંદ્રિયોના, હિતાય= હિત માટે, વૈ= નિશ્ચયપૂર્વક,

સર્વવસ્તૂનિ= સર્વ વસ્તુઓ, ભૂમ્નઃ= વ્યાપક, ઈશસ્ય= સર્વના નિયામક, કૃષ્ણસ્ય= કૃષ્ણને, યોજયેત્= જોડવી (સમર્પવી.)

ભાવાર્થ : સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઇંદ્રિયોના હિતને માટે સર્વ વસ્તુઓને (ઇંદ્રિયો સહિત ઐહિક તથા પારલૌકિક) સુખસ્વરૂપ અને સર્વના નિયંતા એવા શ્રીકૃષ્ણનો સમ્બન્ધ કરાવીને તેમાં વસ્તુમાત્ર લગાવે (જોડે-સમર્પે.) ૧૨

ટીકા : નિરોધનું સુખ દેવાની ઇચ્છાથી જેઓનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો છે એવા જીવોને અન્ય સાધનોમાં (પુષ્ટિમાર્ગીયસાધનો સિવાય) પ્રવૃત્તિ થાય નહિ; કેમ? કે અંગીકારના સ્વભાવના કારણે જ જેવો સ્વરૂપમાં સ્નેહ થાય તેવો વિષયાદિકમાં ન થાય તો પણ સમ્બન્ધદોષનું નિવારણ કરવાને માટે આપશ્રી (મહાપ્રભુજી) આજ્ઞા કરે છે કે સંસારાવેશ એટલે વિષયભોગાદિકમાં અહંતામમતાત્મક આવેશ, તેનાથી દુષ્ટ થયેલ તથા અહંતામમતાથી ઉત્પન્ન થયેલા બંધનના દુઃખના અજ્ઞાનથી તેની નિવૃત્તિ કરવામાં વિમુખતાવાળી ઇંદ્રિઓના હિત માટે, તે સઘળીને સંસારના અન્યધર્મોમાંથી છોડાવી શ્રીકૃષ્ણમાં જ લગાવે-જોડે અને તેમાં જ ઇંદ્રિયોની સાર્થકતા છે. ઇંદ્રિયોની (પ્રભુમાં વિનિયોગ થાય ત્યારે જ) કૃતાર્થતા થવામાં શ્રીભાગવતમાં 'અક્ષણ્વતાં ફલં' ઈત્યાદિક શ્લોકો વડે કહ્યું છે. આ રીતે ઇંદ્રિયોને સંસારના ધર્મથી છોડાવીને પ્રભુમાં જ યોજવાની આધુનિકોને આ શ્લોકથી શિક્ષા પણ કરી છે. એ રીતે પ્રભુમાં વિનિયોગ થયા પછી જ્યાં સુધી પ્રભુનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી (સાચા સંગમાં) ગુણગાનમાં જ આસક્ત રહેવું. એમ કરતાં કરતાં જ્યારે તેમાં જ આસક્ત થઈ જાય ત્યારે જ ભગવદાવેશ થાય. આ સિવાય અન્ય કોઈ રીતે (ભગવદાવેશ) થાય નહિ. ।।૧૨।।

આ રીતે સઘળા પદાર્થોનો પ્રભુમાં વિનિયોગ કર્યાથી પણ પૂર્વના સંસારના અધ્યાસથી વિષયોમાં કંઈક અહંતા મમતારૂપ સંસાર તો રહે જ તથા તે વિષયનો ત્યાગ કર્યાથી કંઈક મનમાં પણ તજ્જનિત ક્લેશ રહે તો ગુણગાનમાં સુખ જ થવાનું કેવી રીતે કહ્યું છે? એવી શંકા થાય ત્યાં કહે છેઃ

ગુણેષ્વાવિષ્ટચિત્તાનાં સર્વદા મુરવૈરિણઃ ।।
સંસારવિરહક્લેશૌ ન સ્યાતાં હરિવત્ સુખમ્ ।।૧૩।।

અન્વયાર્થ : મુરવૈરિણઃ= મુર દૈત્યના વેરીના (શ્રીકૃષ્ણના,) ગુણેષુ= ગુણોમાં, સર્વદા= હંમેશાં, આવિષ્ટચિત્તાનાં= આસક્ત ચિત્તવાળાને, સંસારવિરહક્લેશૌ= સંસાર અને વિરહ ક્લેશ, ન= નથી, સ્યાતાં= થતાં, હરિવત્= હરિની જેમ, સુખં= સુખ (થાય છે.)

ભાવાર્થ : નિરંતર મુરવૈરિ (શ્રીકૃષ્ણ)ના ગુણગાનમાં આવિષ્ટ ચિત્તવાળાઓને સંસારનો તથા વિરહનો ક્લેશ થતો નથી પરંતુ હરિની જેમ સુખ થાય છે. ૧૩

ટીકા : એટલે આસક્તિથી ગુણગાન કરે ત્યારે તેમાં ચિત્ત આવિષ્ટ થઈ જાય, ત્યારે તેને પૂર્વોક્ત સંસારત્યાગ તથા તેનાથી થનાર ક્લેશ થતો નથી; કેમકે તેને તો પ્રપંચના તિરોભાવપૂર્વક ગુણગાનમાં ચિત્તનો આવેશ થાય છે ત્યારે વિષયાદિકના અધ્યાસની સંભાવના પણ નથી થઈ શકતી તો તેનો ત્યાગથી થનાર ક્લેશ તો સંભવે જ ક્યાંથી? આ સઘળી વાત વેણુગીતના શ્રીસુબોધિનીજીમાં ''જાગૃત સ્વપ્નવસ્થામાં પણ શ્રીપ્રભુજીની ક્રીડાને જ જુએ છે'' એ રીતે વિવરણમાં આપશ્રીએ વર્ણન કર્યું છે.

અહીં શંકા કરે છે કે આસક્તિજન્ય સુખ પણ વિષયજન્ય સુખની સમાન જ હશે. એવી શંકાનો નિરાસ કરે છે કે વિષયસુખતો ભોગમાં આસક્તિ વધારવાવાળું હોવાથી તે સંસારજનક સુખ છે તથા પ્રભુમાં આસક્તિ તો જેવી રીતે પ્રભુ સર્વના દુઃખ દૂર કરવાવાળા છે, નિત્ય લૌકિક-સંસાર-નિવર્તક છે તેવી રીતે તેમાં આસક્જિન્ય સુખ પણ સંસારનિવર્તક છે તેથી પૂર્વોક્ત સંસારાસક્તિ તથા ભગવદાસક્તિના સુખમાં ઘણી જ વિલક્ષણતા હોવાથી સમાનતાની સરખામણીની સંભાવના જ થઈ શકતી નથી. તેથી 'હરિવત્ સુખમ્' એ રીતે સુખમાં હરિનું દૃષ્ટાંત આપ્યું છે. ।।૧૩।।

એ રીતે સર્વને વિષયવાસનારહિત ભગવદાસક્તિ જ્યારે દૃઢ થાય ત્યારે જે થાય તે હવે કહે છે :

તદા ભવેદ્ દયાલુત્વમ્ અન્યથા ક્રૂરતા મતા ॥
બાધશંકાપિ નાસ્ત્યત્ર તદધ્યાસોઽપિ સિધ્યતિ ॥૧૪॥

અન્વયાર્થ : તદા= ત્યારે, દયાલુત્વં= (ભગવાનનું) દયાળુપણું, ભવેત્= સંભવે, અન્યથા= નહિ તો, ક્રૂરતા= ક્રૂરતા, મતા= મનાયેલ (છે) અત્ર= અહીં (ક્રૂરતામાં,) બાધશંકા= બાધની શંકા, અપિ= પણ, અસ્તિ= છે, ન= નહિ, તદધ્યાસઃ= તે અધ્યાસ, અપિ= પણ, સિદ્ધ્યતિ= સિદ્ધ થાય છે.

ભાવાર્થ : (જ્યારે ગુણગાન સિદ્ધ થાય) ત્યારે પ્રભુની દયા થાય, એમ ન થાય તો ક્રૂરતા માનવામાં આવે. આમાં બાધની શંકા પણ નથી. નિરોધમાર્ગીને પ્રપંચની વિસ્મૃતિ થઈ જવાથી પોતાના દેહાદિક વગેરેમાં પ્રભુનો જ અધ્યાસ સિદ્ધ થાય છે, તેને પ્રભુ પોતાનાથી ભિન્ન નથી સ્ફૂરતા. ૧૪

ટીકા : એ રીતે અત્યંત વિરહજન્ય તાપરૂપ આસક્તિ વડે સકલ ઇંદ્રિય પ્રપંચના અધ્યાસરહિત થાય, જ્યારે પૂર્ણ સ્વરૂપાત્મક નિરોધ સિદ્ધ થાય, ત્યારે પ્રભુનું દયાળુપણું સિદ્ધ થાય તથા પ્રચુર તાપાત્મક ભાવની આસક્તિ થાય ત્યારે 'પ્રભુ' નારદજીની જેમ, આસક્તિવડે તાપમાં પ્રતિબંધક થાય ત્યારે તો પ્રભુની ક્રૂરતા માની જાય. અત્રે 'ક્રૂરતા' પદનો બીજો અભિપ્રાય છે સાક્ષાત્ પોતાનો કરીને જેનો અંગીકાર કર્યો છે એવો પુરુષ પ્રભુને સારો લાગે, પ્રિય લાગે, આવું સ્વધર્મરૂપ કૃત્ય જ્યાં સુધી ન કરે ત્યાં સુધી પ્રભુને પણ તે જીવ ઉપર પ્રતિ ક્રોધ રહે છે એવું 'ક્રૂરતા' પદથી સમજાય છે.

હવે શંકા કરે છે કે સર્વત્યાગ વડે તે ગુણગાનમાં પ્રવૃત્તિ કરે ત્યારે તો કાલકર્માદિકનો બાધ આવે? તેના સમાધાનમાં જણાવે છે કે ગુણગાનમાં બાધની શંકા પણ નથી હોતી. તો બાધ ક્યાંથી થાય! તમામ

ઇંદ્રિયોમાં પ્રભુના આવેશપણાથી જ સ્થિતિ હોવાથી કોનાથી બાધ થઈ શકે છે? કોણ બાધ કરી શકે? (કોઈ જ નહિ) અરે ! સ્વયં પ્રભુ પણ જ્યાં બાધ કરી શકે નહિ તો બીજાની તો શું વાત છે? આ સર્વ બાબત 'સંન્યાસનિર્ણય'માં 'અત્રારમ્ભે' ત્યાંથી લઈને 'હરિરત્ર ન શક્નોતિ' ત્યાં સુધીમાં કહી જ છે. અહીંયાં 'અત્ર' પદથી જ્ઞાનમાર્ગમાં ઘણા વિઘ્નો થવાનું સૂચન થાય છે.

અહીંયાં શંકા કરે છે કે સ્વરૂપને મળવાની અભિલાષાનું વિદ્યમાનપણું છે તેથી પ્રભુની સંગે ભેદજ્ઞાન તો રહે છે. તે તેના (દેહાદિકના) અભિમાનથી થાય છે ત્યારે બધું બાધકરૂપ જ થયું એવી શંકા થાય ત્યાં કહે છે કે જ્ઞાનમાં જેવી રીતે 'સોઽહં' એવી સ્ફૂર્તિ થાય છે પરંતુ પોતાની ભિન્નતા સ્ફુરતી નથી. જેવી રીતે સંસારમાં રહેલાને તેના દેહ વગેરેનો અધ્યાય થાય તેવો આ અવસ્થામાં સાક્ષાત્ પુરુષોત્તમનો અધ્યાસ થાય છે, પૂર્વ સ્વભાવ જ પલટાઈ જાય છે એવું 'સિધ્યતિ' પદથી જાણવામાં આવે છે. આ વાત શ્રીભાગવતમાં "તન્મનસ્કાસ્તદાલાપાઃ" આ શ્લોકના વિવરણમાં સવિસ્તાર છે તેથી જિજ્ઞાસુએ વિશેષ તેમાંથી જાણી લેવું. ।।૧૪।।

અત્રે શંકા કરે છે જો વૈરાગ્ય નહિ થવાથી પૂર્વોક્ત પ્રાકૃત-વિષયનો અધ્યાસ કેવી રીતે નિવૃત્ત થાય? તેનું સમાધાન કરે છે :

ભગવદ્ધર્મસામર્થ્યાદ્વિરાગો વિષયે સ્થિરઃ ।।
ગુણૈર્હરિઃ સુખસ્પર્શાન્ન દુઃખં ભાતિ કર્હિચિત્ ।।૧૫।।

અન્વયાર્થ : ભગવદ્ધર્મસામર્થ્યાત્= (સર્વ વસ્તુ સમર્થરૂપ) ભગવદ્ધર્મના (વિષય-વૈરાગ્યરૂપ) સામર્થ્યથી, વિષયે= વિષય (લૌકિક ભોગાદિ)માં, વિરાગઃ= વૈરાગ્ય, સ્થિરઃ= સ્થિર થાય છે. ગુણૈઃ= (ભગવાનના ગવાતા) ગુણો વડે, હરેઃ સુખસ્પર્શાત્= (દુઃખ હરનારા) હરિ સમ્બન્ધી સુખના સ્પર્શથી, દુઃખં= (લૌકિક) દુઃખ, કર્હિચિત્= ક્યારેય, ન ભાતિ= દેખાતું, સમજાતું નથી.

ભાવાર્થ : ગુણગાન કરનારા ભક્તને ભગવદ્ ધર્મના બલથી વિષયમાં દઢ વૈરાગ્ય થાય છે. પ્રભુના ગુણ વડે સુખરૂપ સ્પર્શથી દુઃખનું કદાચિત્ પણ ભાન થતું નથી. સકલ ઐશ્વર્યાદિક ગુણયુક્ત પ્રભુના ધર્મ ગુણગાન દ્વારા અંતઃકરણમાં પ્રવેશ કરે છે તેમના સામર્થ્યથી પ્રાકૃત વિષયમાં તથા પ્રાકૃતપણાથી પ્રભુમાં પણ એવા ધર્મવિશિષ્ટ-પુરુષને વિરાગ રહે જ છે. ૧૫

ટીકા : એટલે વિષયોથી તો સર્વત્ર વૈરાગ્ય છે જ પરંતુ તેને પરાકાષ્ઠાપન્ન અલૌકિકાનંદરૂપ સાક્ષાત્ પ્રભુમાં નિરૂપધિ સ્નેહ વડે કેવળ તદીયપણાની બુદ્ધિ થાય છે. તે રાસપંચાધ્યાયીમાં વ્રજભક્તોએ પ્રભુ પ્રતિ કહ્યું છે કે "આપ અમોને ઘેર પાછા જવાની આજ્ઞા કરો છો તે કંઈક લૌકિક વિષયાદિકની ઈચ્છાથી અમો આવ્યા છીએ એવી સંભાવના કરીને કરો છો (કરતા હો એવું લાગે છે) પરંતુ અમો તો સર્વ વિષયોને સારી રીતે છોડીને આપના ચરણમૂલની શરણમાં આવ્યા છીએ" ઈત્યાદિક નિરૂપણથી જણાય છે. તેથી જ પ્રભુ પણ આપ કૃપા કરીને પ્રથમ કહ્યો તેવો જ આનંદ અનુભવાવે છે.

અહીંયાં શંકા કરે છે જો પ્રભુ આનંદનો અનુભવ કરાવે છે તો પછી દુઃખ કેવી રીતે રહે છે? તેના સમાધાનમાં કહે છે કે પ્રભુના ગુણગાન (રૂપ સાધન)થી સુખનો સ્પર્શ થવાથી પૂર્ણ થયેલા એવા તેઓ (નિરોધમાર્ગીઓ)ને સર્વદા તાદાત્મ્ય (એકતા)થી દુઃખ સ્વરૂપનું ભાન જ થતું નથી તો દુઃખની સંભાવના કેવી રીતે થઈ શકે? અને જે તાપરૂપતા જોવામાં આવે છે તેની સુખરૂપતા હોવાથી સુખરૂપ જ છે. (તાપરૂપતા વાસ્તવમાં દુઃખ જ નથી તે તો સુખ જ છે.) ।।૧૫।।

હવે ઉપસંહાર કરે છે :

એવં જ્ઞાત્વા જ્ઞાનમાર્ગાત્ ઉત્કર્ષો ગુણવર્ણને ।
અમત્સરૈરલુબ્ધૈશ્ચ વર્ણનીયાઃ સદા ગુણાઃ ।।૧૬।।

અન્વયાર્થ : એવં= આ પ્રકારે (આગળ કહેલ રીતે,) ગુણ-

વર્ણને= (ભગવાનના) ગુણોના વર્ણનમાં, જ્ઞાનમાર્ગાત્= જ્ઞાનમાર્ગથી, ઉત્કર્ષો=(મોટાઈ) ઉત્તમતાને, જ્ઞાત્વા= જાણીને, અમત્સરૈઃ= અદેખાઈ વગરના, અલુબ્ધૈઃ= લોભ વગરનાએ, સદા= હંમેશાં, ગુણાઃ= (ભગવાનના) ગુણો, વર્ણનીયાઃ= વર્ણવવા (ગાવા) જરૂરી છે.

ભાવાર્થ : આવી રીતે જ્ઞાનમાર્ગથી ગુણગાનમાં ઉત્કર્ષ જાણીને, મત્સર તથા લોભરહિત થઈને, નિરંતર ગુણનું જ વર્ણન કરવું. ૧૬

ટીકા : સાક્ષાત્ ભગવદાનંદનો તમામ ઇંદ્રિયોથી સ્વાદ લેવાય છે તથા તેના સાધનરૂપ ગુણગાનનું પણ સુખરૂપપણું હોવાથી કષ્ટસાધ્ય જ્ઞાનમાર્ગીય સાધન તથા અક્ષર પર્યવસાયી જ્ઞાનના ફલથી જ્ઞાનમાર્ગથી ગુણગાનનો અતિશય ઉત્કર્ષ જાણીને, નિરોધમાર્ગીય ભગવદ્ભાવના અંગીકારથી લઈને ગુણનું જ વર્ણન કરે બીજું કશું જ સાધન ના કરે. ગુણગાન કરતાં-કરતાં દઢાસક્તિ થાય ત્યારે તો આપમેળે જ ગુણગાન થાય છે. પરંતુ આજકાલ સ્વતઃ પ્રવૃત્તિ ન હોવાથી ગુણગાન કરવાનો વિધિ કરવામાં આવે છે. તેમાં પ્રતિબંધક દોષદ્વયનું નિવારણ કરવાની આજ્ઞા કરે છે. બીજાનો ઉત્કર્ષ સહન ન થઈ શકે તેને 'માત્સર્ય' કહે છે. તે માત્સર્ય તથા લોભ એ બેઉ દોષને છોડીને ગુણગાન કરવા. તે શા માટે છોડવા? તેની પ્રતિબંધકતાનું નિરૂપણ કરે છે. (માત્સર્ય તો ભયંકર દોષ છે,) ભગવદ્ભક્તમાં માત્સર્ય હોય તો તેમાં સૌહાર્દ (મૈત્રી) ન થાય. ત્યારે પ્રભુના ગુણગાન પણ ના થઈ શકે. તેથી માત્સર્યનો ત્યાગ કરવો. તથા લોભમાં તો અર્થસંચયનું જ જ્ઞાન રહે તો પછી (એ સ્થિતિમાં) ભગવદાવેશ ક્યાંથી થાય? ભગવદાવેશ ન થાય એટલું જ નહિ પરંતુ ભગવદ્ભક્તને તો તેથી સર્વસ્વની હાનિ થાય તેથી તેનો ત્યાગ (અવશ્ય) કરવો. ૧૬

અત્રે કહે છે કે સિદ્ધાંત તો આ છે કે પ્રભુના મુખદર્શનાદિ કરવાથી ભાવની વૃદ્ધિ થાય છે તે કારણે જ સ્વરૂપ સેવા કરવાનો નિશ્ચય થાય છે. તથા પ્રકૃતમાં તો મુખ્યપણાથી ગુણગાન જ કહેવામાં આવે છે તે કેવી રીતે બને? એવી શંકા થાય તો કહે છે :

હરિમૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ ।।
દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા ।।૧૭।।
શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ।।૧૭૧/૨।।

અન્વયાર્થ :હરિ-મૂર્તિઃ= (પોતાના સેવ્ય) હરિની મૂર્તિ, સદા= હંમેશાં, ધ્યેયા= ધ્યાન કરવી જરૂરી છે, હિ= જે હેતુથી, તત્ર= ત્યાં, સંકલ્પાત્= વિચારથી, અપિ= પણ, દર્શનં= દર્શન, સ્પર્શનં= સ્પર્શ, સ્પષ્ટં= સ્ફૂટ (રીતે થાય છે,) તથા= તેમ, કૃતિ-ગતી= ક્રિયા (કરવું) અને ગતિ(=ચાલવું,) સદા= હંમેશાં (ભગવત્સમ્બન્ધી છે, તે સ્પષ્ટ છે) શ્રવણં= શ્રવણ, કીર્તનં= કીર્તન, સ્પષ્ટં= સ્પષ્ટ (છે,) કૃષ્ણપ્રિયે= કૃષ્ણને પ્રિય (કે કૃષ્ણ જેને પ્રિય છે તેવા,) પુત્રે= પુત્ર માટે, રતિઃ= વિષય ભોગ (ભગવત્સમ્બન્ધી થાય છે.)

ભાવાર્થ : શ્રીહરિના સ્વરૂપનું ધ્યાન સદાય કરતા રહેવું. કેમકે ભાવમાત્રથી હૃદયમાં પ્રકટ થયેલા તે ભગવત્સ્વરૂપના દર્શન અને સ્પર્શ તો સ્પષ્ટ હોય છે. તેવી જ રીતે કરવું, ચાલવું, શ્રવણ કરવું, કીર્તન કરવું તે પણ સ્પષ્ટ હોય છે. શ્રીહરિને પ્રિય પુત્રવગેરેમાં પ્રીતિ કરવી.૧૭-૧૭૧/૨

ટીકા : સંકલ્પથી પણ નિરંતર પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું. એ રીતે દર્શન તથા સ્પર્શન સ્પષ્ટ છે તે રીતે કૃતિ તથા ગતિ સદા કરવી. અહીં એવું લાગે છે કે પ્રભુ ઉદ્ધારને માટે સાધનમર્યાદાથી સર્વેનો અંગીકાર કરે છે તેઓને માનસીસેવા ફલરૂપ છે. તેના સાધનરૂપ માર્ગમાં નિષ્ઠાયુક્ત સેવા છે તે કરવી અતિઆવશ્યક છે તથા જેનો પુષ્ટિમાર્ગમાં નિઃસાધનપણાથી અંગીકાર થયો છે તેને તો અંગીકારથી જ પ્રભુમાં અત્યંત સ્નેહભાવ થવાથી સ્વરૂપની જ અભિલાષા રહે છે તેમ કરીને પ્રભુની સંગે સંલાપાદિરૂપ ભાવના થાય છે તે ભાવના મનના ધર્મરૂપ છે તેથી તે કરતાં-કરતાં મન જ ભગવત્પર થઈ જાય ત્યારે માનસી સેવા સિદ્ધ થાય છે. તેને હવે સેવાનું પ્રયોજકપણું નહિ હોવાથી તેની દઢતાને

માટે ગુણગાન મુખ્ય છે તેથી ગુણગાન કરવાની આગળ આજ્ઞા કરી છે. તેથી જ ભગવદ્‌વરણ પછી જ જેઓનો ભાવ અધિક વધ્યો છે એવા કુમારિકા પૂજાદિ સઘળું છોડીને ગુણગાન કરવા લાગ્યા. આ વાત વિસ્તારપૂર્વક "ભૂયાન્નંદસુતઃ પતિઃ" આ શ્લોકના શ્રીસુબોધિનીજીમાં કહી છે. સાધનમાર્ગમાં શરણ આવેલા ભકતો પણ સાધન સેવા કરે, તે પછી સ્નેહ થાય, સ્નેહ પછી વિશેષ ભાવ ઉત્પન્ન થાય, ત્યારે ગુણગાન વડે તે ભાવની દઢતાને માટે ત્યાગ કરે. તેવાઓને પણ ગૃહસ્થિતિ ભાવનાશક છે તેથી તેનો ત્યાગ કરીને પ્રભુમાં જ મન રાખીને ભાવની વૃદ્ધિનો યત્ન કરે એ રીતે ભક્તિવર્ધિનીમાં "તાદશસ્યાપિ" ત્યાંથી લઈને 'ત્યાગં કૃત્વા' પર્યંત શ્લોકમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. તથા અગાઉ કહી તે સાધનરૂપ સેવા કર્યાથી સ્નેહભાવ થાય, તેથી વિરહતાપરૂપ દુઃખ થાય, તે વિરહના દુઃખની નિવૃત્તિ ગુણગાનથી જ થાય. તેથી ગુણગાનને જ મુખ્ય કહ્યું છે.

હવે કહે છે જો તે પ્રકારથી પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો છે તેના સ્વભાવથી જ ઉત્પન્ન થયેલા ભાવાંકુર, તેના વડે ઉત્પન્ન થયેલા વિધવિધ પ્રકારના સુંદર મનોરથો, તેના વડે પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું તે સ્વરૂપ જ ભાવ કરાવવાવાળું છે તેથી વિધવિધ સુંદર સુંદર પ્રકારના મનોરથજનિત તાપની નિવૃત્તિના હેતુથી તથા ભાવની દઢતાના હેતુથી ગુણગાન જ કરવાં.

અહીં શંકા કરે છે કે આપણા માર્ગમાં પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું તથા જ્ઞાનમાર્ગમાં પણ ધ્યાન કરવું તો આપણા માર્ગમાં ધ્યાન થાય તેમાં વિશેષતા શું છે? ત્યાં કહે છે કે અગાઉ કહ્યા પ્રકારથી નૂતન ભિન્ન મનોરથ કરીને જ સ્વરૂપમાં ભાવના કરવી. એમ કરતાં ભાવાત્મક પ્રભુ તે પ્રકારના ભાવરૂપ જ બહાર પ્રકટ થઈને દર્શન આપે છે, સ્પર્શ કરાવે છે. તે સર્વનો ભકતોને અનુભવ થાય છે તે જ રીતે સઘળી ક્રિયા તથા પ્રભુની નિકટ ગમન તેવી રીતે પ્રભુના શબ્દનું શ્રવણ, કીર્તન, પ્રભુની સાથે સંલાપ ઈત્યાદિ સઘળો અનુભવ ભક્તિમાર્ગીય ભાવનામાં જ થાય

છે. જ્ઞાનમાર્ગમાં (આવો) કોઈપણ પ્રકારનો અનુભવ થતો નથી. તથા ગુણગાનમાં તો સંકલ્પમાત્રથી સ્પષ્ટ અનુભવ થાય છે એમ 'અપિ' શબ્દથી સૂચિત થાય છે. આ રીતે ભાવનાથી પ્રકટ થઈને સર્વ દુઃખ મીટાવે છે એમ 'હરિમૂર્તિઃ' આ પદથી સૂચિત થાય છે.

અહીં શંકા કરે છે કે ભગવદ્ અંગીકારપૂર્વક કૃપા થાય ત્યારે જ આ સઘળું બને એમ 'કૃપાયુક્તો યદા ભવેત્' આ શ્લોકમાં કહ્યું, પરંતુ તે પ્રભુની કૃપા તો જ્યારે મહત્પુરુષોની કૃપા થાય ત્યારે થાય, એટલે 'મહતાં કૃપયા'' આ શ્લોકમાં કહ્યું છે, તેથી મોટાઓની (મહદ્ભક્તોની–ઉચ્ચતમકોટીના ભક્તોની) કૃપા સંપાદન કર્યા વિના પ્રભુની પ્રાપ્તિ શી રીતે થાય? તેનો ખુલાસો કરે છે કે અગાઉ કહ્યા તે ભક્તતો પરમકાષ્ઠાપન્ન (શ્રીપુરુષોત્તમ)ના રસના ભોક્તા તથા માત્સર્યાદિરહિત છે. પ્રભુના કૃપાપાત્રમાં અત્યંત સ્નેહવાળા હોય છે તેથી તેને, શ્રીકૃષ્ણ જેમને પ્રિય છે અથવા ફલદાન કરવામાં તત્પર એવા શ્રીકૃષ્ણને જે પ્રિય છે, એવા ભક્તમાં પુત્રતુલ્ય પ્રીતિ થાય ત્યારે તેવા કૃષ્ણપ્રિય ભક્તમાં તે પરમકાષ્ઠાપન્ન રસના ભોક્તા ભક્તોની પિતૃતુલ્ય પ્રીતિ હોય જ તેથી તે કૃપા કરીને આધુનિકને ભાવનું દાન કરે જ છે. તથા જ્યારે તેઓએ ભાવનું દાન કર્યું ત્યારે તેઓ આ બ્રહ્મવિદ્યાના દાન વ્રત ભાવનું દાન કરવાથી ગુરુપણાને પ્રાપ્ત થયા. તેથી દાન ગ્રહણ કરનારા સાથે તેઓનું પુત્રપણું પ્રાપ્ત થયું અર્થાત્ જેને ભાવ આપ્યો તેને પુત્રપણું સિદ્ધ થયું તેથી પુત્રરૂપ પણું કહ્યું છે. આપણા માર્ગમાં તો ભાવદેવાવાળા શ્રીગોપીજનો જ છે તેથી તેઓનું ગુરુપણું તો 'સંન્યાસનિર્ણય' જેમાં 'કૌંડિન્યો ગોપિકાઃ પ્રોક્તાઃ' તે શ્લોકમાં સ્પષ્ટ કહેલ છે તથા જેવી રીતે પુત્રનું કોઈપણ પ્રકારનું દુઃખ જોઈને તેના ઉપર પ્રેમ હોવાથી તેની નિવૃત્તિના તે દુઃખને દૂર કરવાના ઉપચાર કરે છે તેવી રીતે અહીંયાં પણ એવી આર્તિ જોઈને વાત્સલ્યથી તે આર્તિની નિવૃત્તિપૂર્વક ભાવનું દાન શ્રીગોપીજનો કરે છે. તેમ વળી પુત્રને વિશે અનેક પ્રકારના તેના અપરાધ થાય (તેમાં દોષ જોવામાં આવે તો પણ) તો પણ તેનો વિચાર નહિ કરતાં વાત્સલ્ય જ રાખે છે તેવી રીતે તાદશ ભક્તોમાં પણ પ્રીતિ જ રાખે છે અને તેમની પ્રીતિ પણ ભાવાત્મિકા જ છે. એ રીતે તાદશ

ભક્તોનો ભગવદીયને વિશે પુત્રભાવ છે તેવી રીતે પુત્રોને પણ ભગવદીય પિતા-માતાને વિષે પિતૃ-માતૃભાવ રાખવો એવું અહીં સૂચિત થાય છે.

અહીંયાં ગૂઢ અભિપ્રાય તો અનુમાનથી જાણીશકાય છે. શ્રીકૃષ્ણને પ્રિય તો ઘણા છે પરંતુ 'સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતરસભરેણાતિભરિતા' આ શ્લોકમાં કહેલા આનંદરસરૂપ શ્રીકૃષ્ણનું પ્રિયત્વ તો જેવું (પ્રિયાગોપીભર્તૃ) શ્રીમહાપ્રભુજી વિશે વિલાસ પામે છે તેવું બીજાઓને વિશે નથી ન જ હોય. તે પ્રીતિના હેતુરૂપ શ્રીસ્વામિનીજીનું પ્રિયત્વ પણ શ્રીમહાપ્રભુજીના ઉપર જ છે બીજાઓને વિશે નથી. કેમકે શ્રીમદાચાર્યચરણને જ તેમનું ભાવાત્મકપણું તથા તેમના ભાવનું મધ્યપાતિત્વ અન્ય સઘળા કરતાં અતિ ઉત્કૃષ્ટ છે. તેથી શ્રીઆચાર્યજીનો અભિપ્રાય એવો છે જો શ્રીપ્રભુને હું પ્રિય છું તથા પુત્રની ઉપર જેવી પ્રીતિ થાય તેવી મારી ઉપર તેમની (વ્રજભક્તોની) પ્રીતિ છે તેથી મારો અંગીકૃત જો આવો હશે-થશે તો તેની ઉપર પણ તેઓની આવી જ પ્રીતિ થશે જ. અથવા ''શ્રીકૃષ્ણને પ્રિય એવો જે હું તેની ઉપર પ્રીતિ છે'' એમ કહેવાથી આપને તેમનું ભાવાત્મકપણું તથા તેમનામાં અંતર્ગતપણું હોવાથી આધુનિક જીવોને આપની કૃપાથી જ પ્રિયપણું થશે એમ પણ સૂચિત કર્યું છે.

આ રીતે શ્રીઆચાર્યચરણોની કૃપાથી રતિરૂપ જે ભાવ થયો છે તે સમસ્ત પ્રાકૃતઅંશને છોડાવીને ક્રમવડે અલૌકિક સાક્ષાત્ ભગવદાત્મક તે-તે વિષયને ઇંદ્રિયોમાં જોડાવી દે છે તે દૃષ્ટાંત સહિત નિરૂપણ કરે છેઃ

પાયોર્મલાંશત્યાગેન શેષભાગં તનૌ નયેત્ ।।૧૮।।

અન્વયાર્થ : પાયોઃ= પાયુ ઇંદ્રિયનો, મલાંશત્યાગેન= મલાંશના ત્યાગથી, તનૌ= દેહમાં, શેષભાવં= શેષભાવ (ગૌણતા,) નયેત્= પ્રાપ્ત કરવો.

ભાવાર્થ : પાયુ ઇન્દ્રિયનો જે મળના અંશનો ત્યાગ કરવાનો ધર્મ છે તે છોડીને શેષભાગ શરીરનો જ છે એમ સમજવું. ૧૮

ટીકા : પાયુ ઇંદ્રિયનો જે મલાંશત્યાગ કરવાનો ધર્મ છે તે છોડીને શેષભાગ શરીરનો જ છે એમ સમજવું. એવો મલાંશ ત્યાગ વડે શરીરને શુદ્ધ કરવાવાળી તે જ ઇંદ્રિય છે એમ સમજવાથી પાયુ ઇંદ્રિયનો શરીર શુદ્ધિમાં ઉપયોગ થયો. ''વાયુર્મલાંશ...'' એવો પણ પાઠ કોઈક ટીકામાં અભિપ્રેત છે. તેનો અભિપ્રાય એવો છે સર્વદેહ તથા ઇંદ્રિયોમાં વ્યાપ્ત થઈને જે વાયુ રહે છે તે ખાધેલી સઘળી વસ્તુઓના મલાંશને બહાર કાઢીને શેષ જે સારાંશ હોય તેને નાડીઓ વડે શરીરમાં જેવી રીતે લઈ જાય છે તેવી રીતે નિરોધવાળો ભક્ત પણ બધી ઇંદ્રિયોના ભાવ(તત્વ)ને પ્રભુમાં લઈ જાય છે એવી રીતે પૂર્ણ નિરોધ સિદ્ધ થાય છે. ।।૧૮।।

બધી જ ઇંદ્રિયોના જે-જે ભાવ છે તેના સ્વભાવથી જ તે-તે કાર્ય પોતાથી જ થાય છે, તેવી રીતે થશે. તેમાં ઇંદ્રિયોનો ભાવ પ્રભુમાં યોજવાની આજ્ઞા શા માટે કહે છે? એવી જીજ્ઞાસા થાય ત્યાં કહે છે :

યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં ન દશ્યતે ।।
તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્યઃ ઈતિ નિશ્ચયઃ ।।૧૯।।

અન્વયાર્થ : વા= અથવા, યસ્ય= જે (ઇંદ્રિયનું,) ભગવત્-કાર્યં= ભગવત્સમ્બન્ધી કાર્ય, યદા= જ્યારે, સ્પષ્ટં= સ્પષ્ટ, ન= નથી, દશ્યતે= દેખાતું, તદા= ત્યારે, તસ્ય= તે (ઇંદ્રિય)નો, વિનિગ્રહઃ= વિશેષ રીતે સંયમ, કર્તવ્યઃ= કરવો જરૂરી છે, ઈતિ= એવો નિશ્ચયઃ= નિશ્ચય (છે.)

ભાવાર્થ : જે-જે ઇંદ્રિયોનું ભગવત્કાર્ય સ્પષ્ટ જોવામાં નથી આવતું તે-તે ઇંદ્રિયનો નિગ્રહ કરવો એવો નિશ્ચય રાખવો. ૧૯

ટીકા : એટલે જો કે એવો ભક્ત છે તેની ઇંદ્રિયો તો તેના ભાવના સ્વભાવથી જ એવી (ભગવદ્વિનિયોગવાળી) થાય છે તો પણ લૌકિક મનુષ્યોને અનુસરવાથી જે ઇંદ્રિયનું ભગવત્કાર્ય સ્પષ્ટ જોવામાં જ્યારે નથી આવતું ત્યારે લૌકિક સર્વનો ત્યાગ કરીને ભગવદીયના સંગે ગુણગાન વડે તે ઇંદ્રિયનો નિગ્રહ કરવો. અર્થાત્ ઇંદ્રિયોને લૌકિકમાંથી

પાછી વાળીને ભગવત્સમ્બન્ધમાં લગાવવા માટે જ ઉપર કર્તવ્યનો વિધિ કહ્યો છે (શું કરવું જોઈએ તેનો સ્પષ્ટ આદેશ આપ્યો છે.) ।।૧૯।।

આવી રીતે પૂર્ણનિરોધસ્વરૂપનું નિરૂપણ કરીને ગુણગાન નિરોધને સિદ્ધ કરવાવાળો હોવાથી આ વિધિની સર્વોત્કૃષ્ટતા નિરૂપણ કરે છે :

નાતઃ પરતરો મંત્રો નાતઃ પરતરઃ સ્તવઃ ।।
નાતઃ પરતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરં ।।૨૦।।

અન્વયાર્થ : નાતઃ પરતરઃ મન્ત્રઃ= આનાથી ઉત્કૃષ્ટતર મંત્ર નથી, નાતઃ પરતરઃ સ્તવઃ= આનાથી ઉત્કૃષ્ટતર સ્તોત્ર નથી, નાતઃ પરતરા વિદ્યા= આનાથી વધારે શ્રેષ્ઠ કોઈ વિદ્યા નથી, તીર્થં નાતઃ પરાત્ પરમ્= આનાથી પરમ ઉત્કૃષ્ટ (કોઈ) તીર્થ નથી.

ભાવાર્થ : આનાથી શ્રેષ્ઠ નથી કોઈ મંત્ર, નથી કોઈ સ્તોત્ર, નથી કોઈ વિદ્યા કે નથી કોઈ તીર્થ. ૨૦

ટીકા : એટલે અન્ય મંત્ર, સ્તોત્ર વગેરે છે તે લોકવેદમાં કહેલા ફલને પ્રાપ્ત કરવાવાળા છે. તેથી લોક તથા વેદમાં જેઓ કામનાવાળા છે તેઓને મંત્રાદિકની મોટાઈ (અગત્યતા) ભલે હોય પરંતુ જેમને લોકવેદમાં કહી હોય તેવી (કોઈ) કામના નથી (પરંતુ) કેવળ ભગવદ્સ્વરૂપમાં જ આસક્તિ છે તેઓને (અન્ય) મંત્રાદિકોની (કોઈ) મહત્તા નથી, કેમકે પ્રભુના ગુણગાન છે તે લોકવેદથી વિલક્ષણ ફલ દેવાવાળા છે તથા લોકવેદથી અતીત (લોકવેદ જ્યાં પહોંચી પણ શકતા નથી લોકવેદને જેની ગમ્ય નથી) એવા ઉત્કૃષ્ટ છે તે બતાવવા માટે ફલની સ્તુતિ કરી છે. જો કે મંત્રાદિ દ્વારા ચિત્તશુદ્ધિ થવાથી ચિત્તનો નિરોધ થાય છે તથાપિ તેમાં ક્લેશ ઘણો તથા ફલ અત્યંત અલ્પ (તથા અલ્પજીવી પણ) છે. જ્યારે ગુણગાન વડે ચિત્તનો નિગ્રહ પણ સુખેથી થાય તથા ફલ અન્ય સઘળા ફળો કરતાં ઉત્કૃષ્ટ પ્રાપ્ત થાય છે તેથી ગુણગાન બધા કરતાં ઉત્તમ છે એમ જાણવું. ।।૨૦।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત "નિરોધલક્ષણ" ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

॥ સેવાફલમ્ ॥

આપણા માર્ગમાં સ્વતંત્ર પુરુષાર્થપણાથી જ સેવા કરવામાં આવે છે. તેના ફલના નિરૂપણનો આ ગ્રંથ છે. ત્યાં શંકા થાય કે આપણે સેવા કરીએ છીએ તે સ્વતંત્ર પુરુષાર્થપણાથી જ કરીએ છીએ, બીજું કાંઈક ફળ થાય એવી અપેક્ષાથી તો કરતા નથી ત્યારે સેવાફલનું નિરૂપણ વળી કેવું? આવી શંકા થાય તેનું સમાધાન એ રીતે સમજવું કે આજીવન એવી સેવા જે જીવે કરી હોય તેને અંતમાં (દેહાવસાનમાં) જે ગતિ થાય તે અત્રે ફળ પદથી કહ્યું છે. એટલે અત્રે સેવાનું ફળ થવાનું જે કહ્યું છે તે અંતમાં ગતિ થવાનું સમજવું. તે ફળ, આજના સમયમાં જે સેવારૂપ ભજન થાય છે તેમાં અનુસ્યૂત જે સર્વાત્મભાવ રહે છે તેના વડે પ્રાપ્ત થવાવાળો જે વિશેષ ભજનાનંદ છે તે (ફળ) રૂપ છે. તેથી વિશેષ ભજનાનંદરૂપ જે ફલ છે તેને સેવાથી અતિરિક્ત(બીજા)પણું નથી આવતું.

એટલે શ્રીગીતાજીમાં શ્રીકૃષ્ણે અર્જુન પ્રતિ કહ્યું છે કે ''અંતમાં જે-જે ભાવનું સ્મરણ કરતો કરતો જીવ શરીરને છોડે છે તે-તે ભાવને પ્રાપ્ત થાય છે'' તથા ''અંતમાં જેવી મતિ હોય તેવી ગતિ થાય'' એવો ન્યાય છે. તેથી સેવાનું ફળ સેવા જ છે એમ સમજવું એટલે સેવાથી બીજું ફળ હોવાની શંકા કરીને વિરોધ બતાવ્યો તે વિરોધ નથી. તે ફળ કેવું હોય? એમ જાણવાની ઈચ્છા થાય ત્યાં કહે છે :

યાદશી સેવના પ્રોક્તા તત્સિદ્ધૌ ફલમુચ્યતે ॥
અલૌકિકસ્ય દાને હિ ચાદ્યઃ સિધ્યેન્મનોરથઃ ॥૧॥
ફલં વા હ્યધિકારો વા ન કાલોઽત્રનિયામકઃ ॥૧ ૧/૨॥

અન્વયાર્થ : યાદશી= જેવા પ્રકારની, સેવના= સેવા, પ્રોક્તા= (સિદ્ધાંતમુક્તાવલી વગેરેમાં) કહી છે, તત્ સિદ્ધૌ= તેની સિદ્ધિ થતાં, ફલં= ફળ (જે પ્રાપ્યપણાથી કહેવા ઈચ્છેલું છે તે), ઉચ્યતે= કહેવાય

છે, હિ= જે કારણે, હિ= નિશ્ચિત રીતે, અલૌકિકસ્ય= અલૌકિક, દાને= દાનમાં, આદ્ય= પહેલો (ઉત્તમ ફળ વિષયનો,) મનોરથઃ= (પ્રભુ સાથે) મનોરથ, સિદ્ધયેત્= સિદ્ધ થાય (અથવા,) ફલં= ફલ (સાયુજ્ય,) વા= અથવા, અધિકારઃ= સેવોપયોગી શરીર (સિદ્ધ થાય,) વા= અથવા, અત્ર= અહીં, કાલઃ= કાલ, નિયામકઃ ન= નિયંત્રણ કરનાર નથી.

ભાવાર્થ : સિદ્ધાન્તમુકતાવલી, પુષ્ટિપ્રવાહમર્યાદા, સિદ્ધાન્તરહસ્ય, ચતુઃશ્લોકી, ભકિતવર્ધિની, સંન્યાસનિર્ણય, નિરોધલક્ષણ ગ્રંથોમાં જે પ્રકારની ભગવત્સેવાનો ઉપદેશ આપ્યો તે પ્રમાણે ભગવત્સેવા નભવાથી તેવી સેવાની ફલાવસ્થાનું નિરૂપણ હવે કરે છે. યમુનાષ્ટકમાં તનુનવત્વનો જે મનોરથ પ્રકટ કર્યો તે તો પુષ્ટિપ્રભુ જ્યારે પુષ્ટિજીવને અલૌકિકસામર્થ્યરૂપ પુષ્ટિફલનું દાન કરવા ઈચ્છે ત્યારે જ પૂર્ણ થાય છે. પરંતુ પ્રભુ દાન કરવા ઈચ્છે કે ન ઈચ્છે, આ માર્ગમાં ફલસિદ્ધિ કે પછી અધિકારસિદ્ધિમાં કાલ નિયામક નથી બનતો (કારિકાર્થ).૧-૧$^{૧}/_{૨}$

સેવા કરવાવાળા પુષ્ટિભક્તની ફલાનુભૂતિના ત્રણ પ્રકાર છે : (૧) અલૌકિકસામર્થ્ય એટલે કે માનસી સેવા, વ્યસનાત્મિકા ભક્તિ, સર્વાત્મભાવરૂપા નિરોધસિદ્ધિ, (૨) સાયુજ્ય એટલે કે સાક્ષાત્ પુરુષોત્તમમાં લીલાનુભાવની તે-તે કાલમાં સમ્ભાવનાવાળો લય. (૩) વૈકુંઠાદિ લોકોમાં સેવોપયોગીદેહની પ્રાપ્તિ (વિવરણાર્થ). ૧-૧$^{૧}/_{૨}$

ટીકા : જેવી સેવા મેં કહી છે તેવી સેવા સિદ્ધ થાય ત્યારે તેનું ફલ થાય તે આ ગ્રંથમાં કહે છે. અલૌકિકનું દાન થાય ત્યારે આદ્ય (મુખ્યફલરૂપ) મનોરથ સિદ્ધ થાય. ફલ સિદ્ધ થાય અથવા અધિકાર સિદ્ધ થાય તેમાં કાલ નિયામક નથી અર્થાત્ કાલની અપેક્ષા નથી.

સેવાફલનું વિવરણ શ્રીઆચાર્યચરણે કર્યું છે. તેમાં આજ્ઞા કરી છે કે **"સેવાયાં ફલત્રયમ્- અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય, સેવોપયોગિદેહો**

વા વૈકુંઠાદિષુ'' એટલે અલૌકિક સામર્થ્ય, સાયુજ્ય અથવા વૈકુંઠાદિ લોકમાં સેવામાં ઉપયોગી દેહ મળે, એમ એ સેવામાં ત્રણ ફળ છે. (સેવામાં ત્રણ ફલ કહ્યા; સેવાના નથી કહ્યા) અર્થાત્ શ્રીઆચાર્યચરણોએ જે પ્રકારથી સ્નેહસહિત શ્રીવ્રજભક્તોના ભાવપૂર્વક સેવા કરવાની આજ્ઞા કરી છે તે જ રીતથી જીવનપર્યંત સેવા કરે તો અંતમાં ફલ થાય તે કહે છે. તે જ વાત ભક્તિવર્ધિનીમાં **''સેવાયાં વા કથાયાં વા''** આ શ્લોકથી બતાવી છે; તેમાં એવો અભિપ્રાય છે કે 'જીવનપર્યંત સેવામાં અથવા કથામાં જેની આસક્તિ દૃઢ થાય તેનો કોઈ સ્થલમાં નાશ થતો નથી' એમ કહીને જીવન પર્યંત સેવા કરવાથી ફલ થવાનું જ દર્શાવ્યું છે.

અહીંયાં ત્રણ ફળ હોવાનો વિકલ્પ કહ્યો છે કર્યો છે. તે ભક્તિમાર્ગમાં પુષ્ટિ, મર્યાદા તથા પ્રવાહ એવા ભેદ વડે જીવોમાં ત્રણ પ્રકારના (ભગવાનનો) અંગીકાર છે; તેથી અધિકારીના ભેદ વડે ત્રણ પ્રકારની સેવા થાય છે, તેથી ફલ પણ ત્રણ પ્રકારનો ક્રમ કરીને કહ્યું છે તેમાં પ્રથમ પુષ્ટિસેવાનું ફલ કહે છે કે અલૌકિકસામર્થ્ય થાય; એટલે કેવળ સર્વાત્મભાવથી જ પ્રાપ્ત થવાવાળો જે ભજનાનંદ છે તેનો અનુભવ થાય તે અલૌકિક ફલ છે. તે પોતાના (પોતે) કહેલા કોટિ સાધનોથી પ્રાપ્ત થાય તેવું નથી. તેના અનુભવની યોગ્યતા સિદ્ધ કરવાવાળો જે અધિકાર છે તે 'અલૌકિક સામર્થ્ય' કહેવાય છે. ભગવાનના વિપ્રયોગને સહન કરી શકે (જીરવી શકે) તે 'અલૌકિક સામર્થ્ય' એવો પણ કોઈક ટીકાકારનો અભિપ્રાય છે આ રીતે બેઉ પ્રકારના અલૌકિક સામર્થ્યમાં દૃષ્ટાંતરૂપ તો વ્રજભક્તો જ છે. (આ ફળનું નામ નિરોધ અને તે ભૂતળ ઉપર જ સિદ્ધ થાય.)

બીજું ફળ સાયુજ્ય કહ્યું છે. જેનો મર્યાદામાં અંગીકાર છે તેને થાય. શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય થાય અક્ષરમાં નહિ, કેમકે અક્ષરમાં સાયુજ્ય તો કેવલ મર્યાદામાં જ્ઞાનાદિકથી થાય છે. તેની સરખામણીએ પુષ્ટિમાં વિશેષ ફલ થવું જ જોઈએ તે શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય થાય તે જ વિશેષતા સમજવી, કેમકે શ્રીપુરુષોત્તમમાં સાયુજ્યવાળા ભક્તોને તો

સમય પ્રાપ્ત થતાં બહાર પ્રકટ કરીને ભગવાન્ ભજનાનંદના અનુભવરૂપ ફળ આપે છે. તેથી પુષ્ટિમર્યાદામાં પ્રથમ સાયુજ્ય, મધ્યમાં ભજનાનંદનો અનુભવ તથા અંતમાં ફરી ત્યાં જ (શ્રીપુરુષોત્તમમાં) સાયુજ્ય થાય છે. (જેવી રીતે અંતર્ગૃહગતાઓને સાયુજ્ય આપ્યું છે તે જ્યારે તેઓની સંગે રમણ કરવાની ભગવાનની ઈચ્છા થાય ત્યારે બહાર પ્રકટ કરીને તેઓની સંગે પ્રભુ રમણ કરે છે તથા રમણ દ્વારા ભજનાનંદનું દાન કરીને ફરીથી સાયુજ્ય કરે છે).

તથા ત્રીજું ફળ વૈકુંઠાદિકમાં સેવોપયોગિક દેહની પ્રાપ્તિ રૂપ છે તે પ્રવાહમાં જેનો અંગીકાર થાય તેને થાય. અત્રે જે 'વૈકુંઠ' કહ્યું છે તે શ્રીલક્ષ્મીજીની પ્રાર્થનાથી "રમાવૈકુંઠ" લોક સિદ્ધ કર્યું છે તે સમજવું એમ કોઈ (ટીકાકાર) કહે છે; અને કોઈ (ટીકાકાર) અક્ષરાત્મક વ્યાપિવૈકુંઠ કહે છે તથાપિ મર્યાદામાં જેનો અંગીકાર થાય તેને અલૌકિક સામર્થ્ય આપીને ફળ આપવાની ઈચ્છા પ્રભુ કરે ત્યારે આદ્ય (પ્રથમ ફલરૂપ) મનોરથ સિદ્ધ થાય. તથા પ્રવાહમાં જેનો અંગીકાર થાય તેને અલૌકિકસામર્થ્યરૂપ ફળ ક્યારેય મળે નહિ. આ અભિપ્રાય તો બેઉ અર્થમાં સમાન જ છે.

આદ્યફળ તો કેવળ સ્વરૂપ વડે જ સાધ્ય છે એવું દર્શાવવા માટે મુલમાં 'હિ' અવ્યય લખ્યો છે. ત્યાં શંકા થાય કે આદ્યફળ થવાનો અધિકાર ન થાય તો પ્રભુ પણ કેવી રીતે મનોરથ પૂર્ણ કરે? એવી શંકાની નિવૃત્તિને માટે કહે છે કે 'ફલ અથવા અધિકાર સિદ્ધ કરે તેમાં કાલ નિયામક નથી.'।।૧।।

હવે આમાં ત્રણ પ્રતિબંધક છે તે કહે છે :

ઉદ્વેગઃ પ્રતિબન્ધો વા ભોગો વા સ્યાત્ તુ બાધકમ્ ।।૨।।

અન્વયાર્થ : ઉદ્વેગઃ= ઉદ્વેગ, વા= અથવા, પ્રતિબન્ધઃ= તેનો પ્રતિકૂળ અવરોધ (છે,) વા= અથવા, ભોગઃ= સુખ દુઃખના ભોગ, તુ= તો, બાધકં= પ્રતિબંધ, સ્યાત્= થાય.

ભાવાર્થ : પહેલા કહેલા ગ્રંથોમાં ઉપદેશાયેલ ભગવત્સેવાના અનુષ્ઠાનમાં, પરંતુ બાધક પણ ત્રણ છે : (૧) ઉદ્વેગ (૨) પ્રતિબન્ધ અને (૩) ભોગ. તે ત્રણેય બાધકોનો પરિત્યાગ કરવો. (કારિકાવિવરણ). ૨

ટીકા : ઉદ્વેગ, પ્રતિબંધ તથા ભોગ આ ત્રણેય સેવાફલમાં બાધક છે એટલે મનમાં ઉદ્વેગ રહે તો સેવામાં ચિત્ત જ રહે નહિ ત્યારે ભગવત્પ્રવણચિત્ત થવારૂપ જે સેવા છે તે સિધ્ધ થાય નહિ ત્યારે ફલ ક્યાંથી મળે?

બીજો બાધક પ્રતિબંધક છે તે સાધારણ તથા ભગવત્કૃત એવા ભેદથી બે પ્રકારનો છે. તેનું વિવેચન આગળ આવે છે. તથા ત્રીજો પ્રતિબંધ ભોગ છે; એટલે લૌકિકભોગમાં આસક્તિ હોય ત્યાં સુધી એકાગ્રતાથી સેવા થઈ શકે નહિ. આમ ત્રણ પ્રતિબંધ છે. તથા ભગવત્કૃત પ્રતિબંધ છે તેની તો નિવૃત્તિ થઈ શકે નહિ. તેથી ઉદ્વેગ, લૌકિક ભોગ તથા સાધારણ પ્રતિબંધ એ ત્રણેયનો ત્યાગ કરવાની વિવરણમાં આજ્ઞા કરી છે કે **"ત્રયાણાં સાધનપરિત્યાગઃ કર્તવ્યઃ"** એટલે ત્રણે પ્રતિબંધોની ઉત્પત્તિના કારણરૂપ જે હોય તેનો ત્યાગ કરવો.

ત્યાં શંકા થાય કે સેવા થાય તે સમયે લૌકિક અથવા વૈદિક કાર્ય આવી પડે ત્યારે સેવામાં પ્રતિબંધ થાય તે સાધારણ પ્રતિબંધ છે; પરંતુ આ કાર્ય લોક-વેદસિધ્ધ છે તેથી તેનો ત્યાગ તો થઈ શકે નહિ તો શું કરવું? એવી શંકાની નિવૃત્તિને માટે વિવરણમાં આજ્ઞા કરી છે કે લૌકિક ભોગ છોડી દેવો તથા સાધારણ પ્રતિબંધ છે તેનો બુધ્ધિપૂર્વક ત્યાગ કરવો; એટલે કે સેવામાં પ્રતિબંધકપણાથી લૌકિક-વૈદિક કાર્યરૂપ સાધારણ પ્રતિબંધ આવે ત્યારે સેવાના અનોસરમાં કરવાનો નિશ્ચય કરવો; અર્થાત્ પુત્રવિવાહાદિક લૌકિક આવે અથવા કશુંક વૈદિક કાર્ય આવે ત્યારે પ્રથમથી જ બુધ્ધિપૂર્વક સેવામાં પ્રતિબંધ ન થાય તેવી રીતિથી નિર્વાહ કરવો. તથા પ્રથમથી અગાઉથી નિશ્ચય થઈ શકે તેવું કોઈક જરૂરી લૌકિક-વૈદિક કાર્ય આવી પડે ત્યારે શરીરાદિકથી તે કાર્ય કરવું પરંતુ બુધ્ધિ

ભગવત્સેવામાં જ રાખવી, તે કાર્યમાં રાખવી નહિ તથા અલૌકિક ભોગ તો ત્રણેય ફલોમાં જે મધ્યમ ફળ છે તેમાં મુખ્ય છે (ત્રણેય ફલોને દષ્ટિમાં લેતાં અલૌકિક ભોગ ઉત્તમ છે) ।।૨।।

આ રીતે સાધારણ પ્રતિબંધનું નિરૂપણ કરીને હવે ભગવત્કૃત પ્રતિબંધનું નિરૂપણ કરે છે :

અકર્તવ્યં ભગવતઃ સર્વથા ચેદ્ગતિર્ન હિ ।।
યથા વા તત્વનિર્ધારો વિવેકઃ સાધનં મતમ્ ।।૩।।

અન્વયાર્થ : ભગવતઃ= ભગવાનને, સર્વથા= સર્વથા, ચેત્= જો, અકર્તવ્યં= કરવાના ન હોય, હિ= નિશ્ચયપૂર્વક, ગતિઃ= દેહમાંથી પ્રાણોનું ઉત્ક્રમણ અથવા મનની ભગવાન્ સિવાય અન્યત્ર ગતિ, ન= નથી, યથા= જે પ્રકારે, વા= અથવા, તત્વનિર્ધારઃ= તત્વનો નિર્ણય થાય તે, વિવેકઃ= વિવેક, સાધનં= સાધન, મતં= માનેલા છે.

ભાવાર્થ : ભગવાનને ફલદાન કરવાની ઈચ્છા જ્યારે ન હોય ત્યારે જીવની પાસે કોઈ ગતિ-ઉપાય રહી જતો નથી. તેથી ''આ જન્મ મારો આસુરાવેશવાળો છે'' એવો તત્ત્વનિર્ધાર કરી લેવો. આવો વિવેકજ ત્યાં શોક દૂર કરવાનું સાધન છે. ૩

ટીકા : ભગવાન્ જે જ્યારે સર્વથા કરવા માગતા ન હોય ત્યારે તો ગતિ જ નથી. ત્યારે તો જે પ્રકારથી તત્વનો નિર્ધાર થાય તે પ્રકારથી વિવેક રાખવો તે જ સાધન માન્યું છે.

એટલે જે જીવ ઉપર ભગવાનની વિશેષ કૃપા થાય તેના દ્વેષાદિક કરવાથી જો ભગવાન્ સેવામાં પ્રતિબંધ કરે તો 'ભગવત્કૃતપ્રતિબંધ' જાણવો. ત્યારે ભગવાન્ છે તે સર્વસામર્થ્ય યુક્ત છે તથા સ્વતંત્ર છે. તથા તેમની ઈચ્છા તે જીવની પાસે સેવા કરાવવાની ના થઈ ત્યારે સર્વથા ફળનો અભાવ જ છે એમ જાણવું. ત્યારે મનમાં એવો વિચાર થાય જે ભગવાને પ્રતિબંધ કર્યો તો બીજાની સેવા કરવાથી બીજું ફળ મળશે એવા વિચારની નિવૃત્તિને માટે વિવરણમાં આજ્ઞા કરી છે કે ''ભગવત્કૃત

પ્રતિબંધ થાય ત્યારે અન્યની સેવા પણ વ્યર્થ છે'' કેમકે વ્યાસસૂત્રમાં કહ્યું છે કે ''સર્વ ફળ ભગવાનથી જ મળે છે.'' એટલે બધાં જ ફલ દેવાવાળા પ્રભુ જ છે. તથા બીજા (જો) ફળ આપે (પણ) છે તે પ્રભુને આધીન છે તેથી પ્રભુની ફલ આપવાની ઈચ્છા ન હોય ત્યારે બીજા પણ ફળ આપી શકે નહિ તેથી સર્વથા તેને ફળનો અભાવ જ છે.

ત્યાં શંકા થાય કે સર્વથા ફલ આપવાની ઈચ્છા પ્રભુને ન હોય તે તો આસુરીજીવો પર હોય છે. દૈવીજીવો પ્રતિ તો તેમ ન હોય અને આ તો ભગવાનના માર્ગમાં આવ્યો છે. સેવા કરે છે. તેથી દૈવી જીવ છે તેને સર્વથા ફલનો અભાવ કેવી રીતે કહી શકાય? એવી શંકાની નિવૃત્તિ માટે વિવરણમાં આજ્ઞા કરી છે કે **''તદાસુરોઽયં જીવ ઈતિ નિર્ધારઃ''** અર્થાત્ સૃષ્ટિના આદિ(આરંભ)માં જ પ્રભુની ઈચ્છાથી આસુરી જીવ થયા તેવી રીતે જ્યારે પ્રભુની ઈચ્છા જીવને આસુર કરવાની હોય ત્યારે જીવ આસુર થાય, તેથી ભક્તનો અતિદ્વેષ કરે ત્યારે તે જીવ દૈવ થયો હોય તો પણ તેને આસુર કરે. એટલે કે સેવાદિકથી દૈવ જોવામાં આવતો પણ હોય તથા ભક્તનો દ્વેષ પણ કરતો હોય ત્યારે તો આ આસુર જીવ છે એમ જાણવું. તેથી પ્રતિબંધના સ્વરૂપને જાણવાવાળા જે વૈષ્ણવ છે એમને તો દુઃસંગાદિમાં સાવધાન જ રહેવું.

તથા જે જીવને સેવામાં ભગવત્કૃત પ્રતિબંધ થાય તેમને પછીથી પશ્ચાત્તાપ થઈને સેવા ન થઈ શકવાને કારણે શોક થાય ત્યારે પૂર્વથી તે ભક્તિમાર્ગીય છે તેથી શોક ન થાય તે માટે તત્વનિર્ધારના ઉપાયભૂત વિવેકરૂપ સાધન કહે છે કે ''જે પ્રકારથી શોકનો અભાવ થાય તે પ્રકારનું જ્ઞાન રાખવું તે જ સાધન છે''. તેમાં ઉપનિષદ્ના જ્ઞાનની અપેક્ષા નથી પરંતુ સાંખ્ય વડે, યોગ વડે અથવા અન્ય ઉપાય વડે તત્વ નિશ્ચય કરીને પ્રભુએ જ આ બધુ કર્યું છે, સર્વ જગત્ બ્રહ્માત્મક છે, હું કોણ છું? સાધન શું છે? ફળ શું છે? દાતા કોણ છે? ભોક્તા કોણ છે? ઈત્યાદિ તત્વનો નિર્ધાર કરવો. તેથી શોક નિવૃત્ત થાય. આ જ અભિપ્રાય **''તદા જ્ઞાનમાર્ગેણ સ્થાતવ્યં શોકાભાવાયેતિ વિવેકઃ''** વિવરણમાં એવી

આજ્ઞા કરીને દર્શાવ્યું છે.

અત્રે ‘‘શોકના અભાવને માટે જ્ઞાનમાર્ગ વડે રહેવું’’ એમ વિવરણમાં કહ્યું છે તેનો અભિપ્રાય એવો લાગે છે કે જ્ઞાનમાર્ગની સ્થિતિથી શોકનો અભાવ જ ફલ થાય, જ્ઞાનમાર્ગીય મુક્તિ ન થાય. પરંતુ તેનો એવો અભિપ્રાય છે કે મૂળમાં ‘‘જેવો તત્વનો નિર્ધાર થાય તેવો વિવેક રાખવો’’ એમ કહ્યું છે તેથી તે આસુરી જીવમાં પણ આવેશી તથા સહજ એવા બે ભેદ છે. તેમાં જે આવેશી છે તેને તો આવેશ રહે ત્યાં સુધી ભક્તનો દ્વેષ વગેરે કરે તથા આવેશ મટી જાય ત્યારે તેને ભક્તની ઉપર દ્વેષાદિક પણ મટી જાય. આવાને તો જ્ઞાનમાર્ગ વડે સત્યલોકમાં સ્થિતિ અથવા અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય. તથા સહજ આસુર થઈ ગયો હોય તે તો સર્વદા ભક્ત ઉપર દ્વેષ રાખીને દ્રોહ ઈર્ષ્યા કરે તેને તો જ્ઞાનમાર્ગની સ્થિતિથી પણ તે માર્ગનું ફળ ના થાય પરંતુ શોકાભાવરૂપ ફલ થાય. મતલબકે શરણે આવેલો જીવ પણ સહજઆસુર થઈ જાય તો પણ તેને શોકાભાવરૂપ ફળ તો થાય. ।।૩।।

હવે આ બાધકોનું નિરૂપણ જેમણે માટે કર્યું છે તેનું પ્રયોજન કહે છે :

બાધકાનાં પરિત્યાગો ભોગેડપ્યેકં તથાડપરમ્ ।।
નિષ્પ્રત્યૂહં મહાન્ભોગઃ પ્રથમે વિશતે સદા ।।૪।।

અન્વયાર્થ : બાધકાનાં પરિત્યાગઃ= ત્રણેય બાધકોનો (પ્રતિબંધોનો) સર્વથા ત્યાગ કરવો (ઉચિત છે,) ભોગે= ભોગમાં, અપિ= (અને પ્રતિબંધમાં) પણ, એકં= એક, તથા= અને, પરં= બીજો, નિષ્પ્રત્યૂહં= વિઘ્નરહિત છે, મહાન્= મોટો, ભોગઃ= ભોગ, પ્રથમે= પહેલા ફળમાં, વિશતે= આવે છે, સદા= હંમેશાં.

ભાવાર્થ : ઉદ્વેગ, પ્રતિબન્ધ અને ભોગના કારણોનો અથવા સાધનોનો પરિત્યાગ કરવો જોઈએ. ભોગમાં પણ ભક્તિમાં બાધક વિષયોનો પરિત્યાગ એક સાધન છે, તેવી જ રીતે નિષ્પ્રત્યુહ

(ભગવત્સમર્પિત વિષયોનો ઉપભોગ) બીજું અથવા શ્રેષ્ઠ સાધન માનવામાં આવે છે. તે શા માટે? ત્યાં કહે છે કે જે મહાન્ (ભગવત્સમર્પિત વિષયોનો) ભોગ તો અલૌકિકસામર્થ્યરૂપ પ્રથમ ફલના અંતર્ગત થાય છે. ૪

ટીકા : "ત્રણે બાધકનો પરિત્યાગ કરવો". તેમાં ભોગ જે બાધક લખ્યો છે તે લૌકિક ભોગ બાધક છે તથા અલૌકિક ભોગ (તો) ફલરૂપ છે. તેથી ભોગમાં પણ એક ફલરૂપ છે તથા એક બાધકરૂપ છે એમ જાણવું. તથા નિર્વિઘ્ન મહાન્ ભોગ છે તેનો પ્રવેશ સદા પ્રથમ ફલ(અલૌકિક સામર્થ્ય)ના રૂપમાં જ કર્યો છે. આમ ભોગમાં પણ અલૌકિકભોગરૂપફલમાં પ્રવિષ્ટ છે તેથી તે જ પ્રકારથી ભોગ કરવો તથા બેઉ પ્રતિબંધમાં 'પર' અર્થાત્ ભગવત્કૃત પ્રતિબંધ જે છે તેનો તો ત્યાગ થઈ શકે એવો નથી. તેથી તેને છોડીને બીજો પ્રતિબંધ છે તે બુદ્ધિપૂર્વક છોડવો.

ત્યાં શંકા થાય જે લૌકિકભોગ તથા અલૌકિકભોગની તો તુલ્યતા છે તેમાં તારતમ્ય તો કાંઈ જણાતું નથી! તેની નિવૃત્તિને માટે અલૌકિક ભોગમાં વિલક્ષણતા કહે છે કે અલૌકિકસામર્થ્યરૂપ પ્રથમ ફલમાં ભગવત્સ્વરૂપાનંદના અનુભવરૂપ ભોગ જ્યારે કરવામાં આવે છે ત્યારે તેમાં કાલાદિક વડે પણ અંતરાય થઈ શકતો નથી, એમ નિર્વિઘ્ન અલૌકિક ભોગ સિદ્ધ થાય છે. જ્યારે લૌકિક ભોગમાં તો હંમેશાં વિઘ્ન આવ્યા જ કરે છે તેથી નિર્વિઘ્નતાનો સર્વથા અભાવ જ છે. એમ લૌકિક તથા અલૌકિક ભોગમાં ઘણો ભેદ છે. તેથી જ સંન્યાસનિર્ણયમાં આજ્ઞા કરી છે કે "તેમાં વિઘ્ન કરવા હરિ સ્વયં પણ સમર્થ નથી તો બીજો તો કોણ કરી શકે?" તેવી રીતે આ ભોગ સ્વરૂપથી, ફળથી તથા સાધનથી સર્વ પ્રકારે મહાન્ છે, કેમકે વિષયાનંદ તથા બ્રહ્માનંદની સરખામણીએ ભજનાનંદ મહાન્ શ્રેષ્ઠ છે. તેથી જ ત્રણેય ફલમાં અલૌકિકસામર્થ્ય રૂપ જે પ્રથમ ફળ છે તેમાં તેનો (ભજનાનંદનો) પ્રવેશ છે. ।।૪।।

આમ અલૌકિક ભોગમાં વિલક્ષણતા નિરૂપણ કરીને લૌકિક ભોગ

તથા સાધારણ પ્રતિબંધને એક કરીને તેના ધર્મની નિરૂપણ સહિત વિલક્ષણતાનું પ્રતિપાદન કરે છે :

સવિઘ્નોઽલ્પો ઘાતકઃ સ્યાદ્‌બલાદેતૌ સદા મતૌ ।।
દ્વિતીયે સર્વથા ચિંતા ત્યાજ્યા સંસારનિશ્ચયાત્ ।।૫।।

અન્વયાર્થ : સવિઘ્નઃ= વિઘ્નયુક્ત, અલ્પઃ= અલ્પ, ઘાતકઃ= ઘાતક (છે,) એતૌ= લૌકિક ભોગ અને ભગવત્કૃત પ્રતિબંધ, સદા= હંમેશાં, બલાત્= દઢતાથી, મતૌ= માનેલા છે, દ્વિતીયે= બીજામાં (ભગવત્કૃત પ્રતિબંધમાં), સંસારનિશ્ચયાત્= સંસારનો નિશ્ચય હોવાથી, સર્વથા= બધા પ્રકારે, ચિંતા= ચિંતા, ત્યાજ્યા= છોડવી.

ભાવાર્થ : તેવી જ રીતે અલ્પભોગ એટલે કે લૌકિકભોગ તો હંમેશા ક્ષુદ્ર સેખ દેવાવાળો, તે પણ અનેક વિઘ્નની સાથે છે, એવું સમજાય ત્યારે જ છૂટી શકે છે. અન્યથા લૌકિકભોગ અને ભગવત્કૃત પંતિબન્ધ ભક્તિભાવના બળવાન બાધક બની જાય છે, એમ માનીને ચાલવું જોઈએ. ભગવત્કૃત પ્રતિબન્ધ થાય ત્યારે તો આપણી સંસારાસક્તિ તુટવાવાળી નથી, એવો નિશ્ચય કરીને ચિંતાનો ત્યાગ કરવો એ જ ઉપાય છે. ૫ (કારિકાર્થ)

ટીકા : લૌકિક ભોગ વિઘ્નસહિત છે તથા અલ્પ છે તથા ભગવત્કૃત પ્રતિબંધ પ્રબળતાથી ઘાતક છે તેથી એ બેઉ પ્રતિબંધ માન્યા છે. તે પ્રથમ (લૌકિકભોગ) ત્યાગ કરવા યોગ્ય છે તથા બીજો (ભગવત્કૃત) પ્રતિબંધ થાય ત્યારે તો સંસારનો જ નિશ્ચય છે. તેથી સર્વથા ચિંતા છોડવી.

એટલે લૌકિક ભોગમાં આધિ-વ્યાધિરૂપી વિઘ્ન ઘણા છે, તેવી જ રીતે કર્મ તથા કાલાદિકથી પણ વિઘ્ન થવાનો સંભવ છે. તથા સ્વરૂપથી, ફલથી અને સાધનથી પણ અલ્પ છે. તથા ભગવત્કૃત પ્રતિબંધ સેવા સમયમાં પ્રતિબંધ કરવાવાળો હોવાથી ઘાતક છે. આ રીતે બેઉ સદા પ્રતિબંધક માન્યા છે. તે પ્રથમ ત્યાગ કરવા યોગ્ય છે અને બીજામાં કોઈ

ઉપાય નથી એવા અભિપ્રાયથી વિવરણમાં આજ્ઞા કહી છે કે **"એતૌ સદા પ્રતિબંધકૌ"** આ બેઉ સદા પ્રતિબંધક છે. એ રીતે લૌકિક ભોગ તથા સાધારણ પ્રતિબંધ ત્યાગ કરવા યોગ્ય છે. આ રીતે જણાવીને ભગવત્કૃત પ્રતિબંધનો ત્યાગ થઈ શકે નહિ. અને જ્ઞાનમાર્ગની સ્થિતિમાં અધિકાર (થાય) છે નહિ તેવો મંદમતિ હોય ત્યારે તેને ફલની ચિંતાથી શોક થાય તેની નિવૃત્તિને માટે કહે છે કે બીજો ભગવત્કૃત પ્રતિબંધ થાય ત્યારે સર્વપ્રકારથી બીજાથી પણ સર્વથા ફળના સમ્બન્ધનો અભાવ છે. તેથી ફલવિષયક ચિંતા છોડવી, કેમકે અહંતા-મમતાત્મક જે સંસાર છે તે સર્વથા અનર્થનું મૂળ છે તેનો નિશ્ચય છે (તે વાત ચોક્કસ છે); એટલે કે ભગવત્કૃત પ્રતિબંધ થાય ત્યારે સંસાર જ ફળ છે. બીજું ફલ નથી એમ નક્કી સમજવું. ।।૫।।

આવી રીતે પ્રતિબંધનો વિચાર અત્યંત કરવા યોગ્ય છે એમ નિરૂપણ કરીને ઉદ્વેગરૂપ પ્રથમ પ્રતિબંધ વડે ફલનો અભાવ થાય ત્યારે તેમાં ભગવાનની ફળ આપવામાં ઈચ્છાનો અભાવ કારણરૂપ છે એમ નિરૂપણ કરે છે :

ન ત્વાદ્યે દાતૃતા નાસ્તિ તૃતીયે બાધકં ગૃહમ્ ।
અવશ્યેયં સદા ભાવ્યા સર્વમન્યન્ મનોભ્રમઃ ।।૬।।

અન્વયાર્થ : આદ્યે= પહેલામાં, નુ= નિશ્ચયપૂર્વક, ન= નહિ, દાતૃતા= ભગવાનનું દાતાપણું (આપવાની ઈચ્છા,) અસ્તિ= છે, ન= નહિ, તૃતીયે= ત્રીજામાં (લૌકિક ભોગ,) બાધકે= બાધકરૂપ, ગૃહં= ઘર (છે તેનો ત્યાગ કરવો.) ઈયં= આ, અવશ્યા= અવશ્ય, સદા= હંમેશાં, ભાવ્યા= ભાવના કરવી જરૂરી છે, અન્યત્= બીજું, સર્વં= બધું, મનોભ્રમઃ= મનનો ભ્રમ છે.

ભાવાર્થ : સેવા કરવા છતાં પણ સેવકની ભીતર જ્યારે અલૌકિક સામર્થ્ય પ્રકટ થતું નથી ત્યારે તેને પ્રતિબન્ધ જ માની લેવો ઉચિત નથી પરંતુ અલૌકિક સેવ્ય-પ્રભુ સેવકદ્વારા કરવામાં આવતી સેવામાં

આધિદૈવિકતા પ્રકટ થવા દેવા ઈચ્છતા નથી એમ સમજવું. લૌકિકભોગ કોઈપણ રીતથી છૂટતો ન હોય તો ગૃહત્યાગ કરી દેવો જ સારો (કારિકાર્થ) ભગવાન્‌ની ફલદાતૃતા કોઈના વશમાં નથી. તેથી જે કાંઈ વિચાર મનમાં પેદા થાય તેને મનનો ભ્રમ જ સમજવો. ૬

ટીકા : ભગવત્સેવા કરવા છતાં 'આદ્ય' અલૌકિકસામર્થ્યની અનુભૂતિ ન થાય ત્યારે ભગવાનની ફલ આપવાની ઈચ્છા નથી એમ સમજવું. તથા ત્રીજો પ્રતિબંધ જે લૌકિક ભોગ છે તેમાં ઘર બાધક છે.

સેવામાં ત્રણ પ્રકારના ફળ તથા ત્રણ પ્રકારના પ્રતિબંધ અવશ્ય વિચારવા યોગ્ય છે અને તેના કરતાં અન્ય સઘળું છે તે મનનો ભ્રમ છે. આથી વિવરણમાં આજ્ઞા કરી છે કે "આદ્ય અલૌકિક સામર્થ્યરૂપ ફલનો અભાવ થાય ત્યારે ભગવાનની ફલ આપવાની ઈચ્છા નથી ત્યારે સેવાનું આધિદૈવિકત્વ સિદ્ધ થતું નથી. તથા ઘરનો પરિત્યાગ થાય ત્યારે જ લૌકિક ભોગનો અભાવ થાય" એમ આજ્ઞા કરી છે તેનો અભિપ્રાય એવો છે કે ભગવાન્ સર્વરીતે સમર્થ છે તથા અંતઃકરણના સમ્બન્ધવાળા છે તો પણ ચિત્તમાં વિક્ષેપરૂપ ઉદ્વેગ કરે ત્યારે માનસી સેવા સિદ્ધ ન થવાથી સેવાનું આધિદૈવિકત્વ સિદ્ધ થાય નહિ ત્યારે ભગવાનની ફલ આપવાની ઈચ્છાનો અભાવ છે. આ રીતે ઉદ્વેગરૂપ બાધકને કહીને ભોગરૂપ બાધકનો વિચાર કરે છે કે લૌકિક ભોગમાં ઘર જ બાધક છે. કેમકે જે લૌકિક ભોગ છે તે ભગવાનથી બહિર્મુખતા સંપાદન કરે છે એટલે જ્યાં સુધી ઘરમાં સ્થિતિ હોય ત્યાં સુધી નિવૃત્ત કરો તો પણ નિવૃત્ત થઈ શકે નહિ. તેથી જ શ્રીમદ્‌આચાર્યચરણેએ નિબંધમાં આજ્ઞા કરી છે કે "ઘર સર્વાત્મા(સર્વ પ્રકાર)થી છોડવું, તે છૂટી શકે નહિ તો શ્રીકૃષ્ણને માટે ઘરને જોડી દેવું કેમકે શ્રીકૃષ્ણ છે તે અહંતામમતારૂપ સંસારને છોડાવવાવાળા છે."

આમ ત્રણ ફલ તથા ત્રણ પ્રતિબંધનું નિરૂપણ કરીને પોતાના સેવકોએ તેનો રાત્રિ-દિવસ વિચાર કરવા જેવો છે એમ જણાવવાને માટે આજ્ઞા કરે છે કે આ ફલત્રયી તથા પ્રતિબંધત્રયી હંમેશાં અવશ્ય

વિચારણીય છે. તેનો જો નિરંતર વિચાર થાય તો ભક્તિમાર્ગમાં બીજો પ્રતિબંધ થશે નહિ એવું જણાવવાને માટે કહે છે કે આ ત્રણ ફળ તથા ત્રણ પ્રતિબંધ છોડીને બીજું બધું મનનો ભ્રમ છે; અર્થાત્ બીજા ફલની તથા બીજા પ્રતિબંધની કલ્પના પણ કરવી તે મનની ભ્રાંતિ જ છે. ॥૬॥

હવે અહીં શંકા થાય કે ફલ તથા પ્રતિબંધનું જે ઉપર નિરૂપણ કર્યું તે જે આપના આશ્રિત છે તેને સંભવે નહિ, કેમકે તેના દેહ તથા ઇંદ્રિયાદિક સર્વે પ્રભુને સમર્પિત છે. તેથી સર્વને ફલરૂપ પ્રભુનો સમ્બન્ધ છે, તેથી તેમને તો ફળ થયું જ છે તો તેમને માટે ફલ તથા પ્રતિબંધનું નિરૂપણ કરવું તે વ્યર્થ છે એવી આશંકા થાય ત્યાં કહે છે :

તદીયૈરપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલંબયેત્ ॥
ગુણક્ષોભેऽપિ દ્રષ્ટવ્યમ્ એતદેવેતિ મે મતિઃ ॥૭॥

અન્વયાર્થ : તદીયૈઃ= ભગવદીયો વડે, અપિ= પણ, તત્= તે (ભાવના,) કાર્યં= કરવી (જરૂરી છે,) પુષ્ટૌ= કૃપા વિષયમાં, ન= નહિ, એવ= જ, વિલંબયેત્= વિલંબ કરાવે કે કરે. ગુણક્ષોભે= ગુણોના ક્ષોભમાં, અપિ= પણ, એતત્= આ, એવ= જ દ્રષ્ટવ્યં= જાણવું જોઈએ, ઈતિ= એ પ્રકારે, મે= મારી (શ્રીમહાપ્રભુજીની,) મતિઃ= સમજ છે.

ભાવાર્થ : ભગવત્સમ્બન્ધી જીવોને પણ ફલ અને પ્રતિબન્ધનો વિચાર રાખવો જોઈએ. અનુગ્રહ કરવામાં શ્રીહરિ ક્યારેય વિલંબ નહીં કરે. સત્વ વગેરે ગુણો વડે જ્યારે કોઈ પ્રકારનો વિકાર ઉત્પન્ન થાય તો તે સમયે જ "પ્રભુએજ ફલઆપવામાં વિલંબ વિચાર્યો છે." એમ સમજવું એવી મારી બુદ્ધિ છે. ૭

ટીકા : તદીયોએ પણ ફળ તથા પ્રતિબંધાદિકની ભાવના કરવી એટલે કે વિચાર કરવો. કેવલ પુષ્ટિમાં અંગીકાર થાય ત્યારે તો ફલમાં વિલંબ કરે નહિ અને ગુણનો ક્ષોભ થાય ત્યારે પણ સાધન આજ જોવું

એવી મારી મતિ છે.

એટલે કે જેઓએ બ્રહ્મસંબંધ કર્યું છે તેઓને પણ ફલ તથા પ્રતિબંધનું ભાવન કરવું કેમકે જેનો કેવળ પુષ્ટિમાં અંગીકાર છે તેઓને તો ફલ આપવામાં પ્રભુ વિલંબ કરતા નથી પરંતુ આધુનિક જીવોનો તો પુષ્ટિમર્યાદામાં જ અંગીકાર થવાથી ફલસિદ્ધિમાં વિલંબ થાય છે. ત્યારે પ્રોષિતભર્તૃકાની જેમ (જેનો પતિ પરદેશ ગયો હોય તેવી સ્ત્રીની જેમ) ફલના પ્રતિબંધની ભાવના સર્વદા કરવી. તેવી રીતે સાત્વિકાદિક ગુણો વડે અંતઃકરણમાં ક્ષોભ થાય ત્યારે પણ પ્રતિબંધાદિકની જ ભાવના કરવી. તેની નિવૃત્તિને માટે બીજા કશાં સાધન કરવા નહીં એવી મારી મતિ છે. અત્રે 'મારી મતિ છે' એમ કહેવાનો આશય એ છે કે આ વિષયમાં સર્વ બાજુથી વિચાર કરતાં કરતાં મારી બુદ્ધિ અહીં જ આ નિર્ણય પર જ નિશ્ચલ થઈને રહી છે. તે સિવાય બીજું સાધન મારી બુદ્ધિમાં આવતું નથી. (આ સિવાય અન્ય કંઈ કરવા જેવું મને લાગતું નથી.) ।।૭।।

અહીંયા શંકા થાય કે આમ કરવામાં દૂષણનો આભાસ થાય ત્યારે મનમાં એવો વિચાર આવે કે આપણે સમર્પણ કરીને તદીય થયા ત્યારે ફલ થવાનો સંભવ છે તેથી પ્રતિબંધાદિકનું નિરૂપણ કર્યું તે વ્યર્થ છે એવી શંકા થાય ત્યાં કહે છે :

કુસૃષ્ટિરત્ર વા કાચિદુત્પદ્યેત સ વૈ ભ્રમઃ ।।$૭^{૧}/_{૨}$।।

અન્વયાર્થ : કુસૃષ્ટિઃ= કુસૃષ્ટિ, કાચિત્= કોઈક, અત્ર= અહીં, વા= અથવા, ઉત્પદ્યેત= ઉત્પન્ન થાય, સઃ= તે, વૈ= નિશ્ચયપૂર્વક, ભ્રમઃ= ભ્રમ (છે.)

ભાવાર્થ : આ ઉક્તિમાં જો કોઈને સંદેહ વગેરે ઉત્પન્ન થાય તો તે ભ્રમમાત્ર છે. $૭^{૧}/_{૨}$

વિવેચન : અત્રે કોઈ પણ જાતની કુસૃષ્ટિ ઉત્પન્ન થાય છે તે

નિશ્ચય ભ્રમરૂપ થાય છે; એટલે જે તદીય છે તેઓને તો નિયમથી જ ફલ પ્રાપ્તિનો સંભવ છે તેથી સત્વાદિક ગુણ વડે મનમાં અન્યથાભાવ થાય તે ભ્રમ છે. કેમકે પ્રભુ તો સ્વતંત્ર ઈચ્છાવાળા છે એમ નિરૂપણ કર્યું છે, તેથી પ્રભુ ફલ નહિ આપે એવી અનુપપત્તિ (એવો અયોગ્ય વિચાર) મનમાં આવે તેનો પરિહાર તો પ્રથમ જ કર્યો છે તેની ભાવના રાખવી. ।।૭ $^{૧}/_{૨}$।।

।। ઈતિ શ્રીમદ્વલ્લભાચાર્યવિરચિત ''સેવાફલમ્'' ગ્રંથની ગોસ્વામી શ્રીનૃસિંહલલાજીકૃત ટીકા સંપૂર્ણ થઈ ।।